પરમકૃપાળુ, ચરમતીર્થપતિ, આસન્નોપકારી, દેવાધિદેવ, શ્રમણ, ભગવાન, મહાવીરદેવના શાસનની સાધિક ૨૫૦૦ વર્ષથી ચાલી આવતી અવિચ્છિન્ન પરંપરાને આગળ ધપાવનારી



# સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ

માત્ર સાધુ-સાધ્વીજી ભગવંતો માટે

ભાગ-૧

લેખક : પં. ચન્દ્રશેખરવિજયજી

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પરમકૃપાલુ, ચરમતીર્થપતિ, આસન્નોપકારી દેવાધિદેવ
શ્રમણભગવાન મહાવીરદેવના શાસનની સાધિક
૨૫૦૦ વર્ષથી ચાલી આવતી
અવિચ્છિન્ન પરંપરાને આગળ ધપાવનારી

# સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ

: લેખક :

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ




**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક-પરિચય :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૩૦૦૦
તા. ૨૫-૩-૨૦૦૫

મૂલ્ય રૂા. ૬૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

**મુદ્રક :**

**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૪

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ચાલો, શાસનની રક્ષા અને પ્રભાવના કરીએ ! | ૧ |
| ૨. | આ ક્રિયોધ્ધાર નથી | ૭ |
| ૩. | દોષોની ચંડાળ ચોકડી (આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના) | ૧૧ |
| ૪. | અભિગ્રહોની આવશ્યકતા | ૧૮ |
| ૫. | સંયમીઓને ચેતવણી | ૨૧ |
| ૬. | સંવિગ્નસંયમીઓના નિયમો-અભિગ્રહોનું વિવેચન | ૨૪ |
| ૭. | પરમોપકારી શ્રીસંઘ ઉપર અપકાર શી રીતે કરાય ? | ૨૨૬ |
| ૮. | છેવટે કટ્ટર જિનાજ્ઞા-પક્ષપાતી બનીએ | ૨૩૪ |
| ૯. | શાસનપતિ, ત્રિલોકગુરુ આસન્નોપકારી, દેવાધિદેવ, શ્રમણ ભગવાન મહાવીરદેવને કદિ ન ભુલીએ ! | ૨૩૮ |
| ૧૦. | પરિશિષ્ટ-શાસ્ત્રપાઠો (અર્થસહિત) | ૨૪૪ |


નોંધ : પુસ્તકમાં જ્યાં (૧) (૨)....વગેરે નંબરો આપેલા છે, એ તે પદાર્થને લગતા શાસ્ત્રપાઠોના નંબરો છે. પરિશિષ્ટમાં એ નંબરમાં એ પદાર્થ સંબંધી શાસ્ત્રપાઠ ટુંકાણમાં આપેલ છે, એ ખ્યાલ રાખવો. જરૂરિયાત પુરતા થોડાંક શાસ્ત્રપાઠો પરિશિષ્ટમાં લીધેલા છે.

**સૌજન્ય**

તપસ્વીસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની સ્વાધ્યાયલીના પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના ૨૫ વર્ષ સંયમપર્યાયની અનુમોદનાર્થે

## શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

રથ ગલ્લી, પારોલા-૪૨૫૧૧૧. (જી. જલગામ)
મહારાષ્ટ્ર. ફોન : (૦૨૫૯૭) ૨૨૪૪૯

**સૌજન્ય**

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ આદિ જિનબિંબની પુનઃપ્રતિષ્ઠા વૈશાખ વદ-૧૦ નિમિત્તે પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભ સૂરિશ્વરજી મ.સા. (વાગડ સમુદાય)ના સદ ઉપદેશથી

## શ્રી તપાગચ્છ જૈન સંઘ

મુંદ્રા - કચ્છ

# પ્રસ્તાવના

કલિકાલસર્વજ્ઞ, કરોડો શ્લોકોના રચયિતા ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજાના આ શબ્દો ઉપર કદી ધ્યાન દીધું છે ખરું ? કે "**वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं**" (પરમાત્મા મહાવીરદેવ દ્વારા આ અતુલ=અજોડ= કોઈની સાથે તુલના ન કરી શકાય એવું શાસન=તીર્થ પ્રવર્તેલું છે.)

કદી મહોપાધ્યાય, પરમશાસનભક્ત યશોવિજયજી મહારાજાના આ શબ્દો શ્રવણે સાંભળ્યા છે ખરા ? કે **"શાસન તાહરું, અતિ ભલું. જગ નહિ કોઈ તસ સરખું રે. તિમ તિમ રાગ ઘણો વધે, જેમ જેમ જુગતિ શું પરખું રે."** હે વીર ! તારું શાસન ખૂબ ખૂબ ભલું છે. આ ચૌદરાજ લોકમાં તારા શાસન જેવું કોઈ શાસન નથી. જેમ જેમ યુક્તિઓ પૂર્વક તારા શાસનની પરીક્ષા કરું છું. તેમ તેમ મારો તારા શાસન પરનો રાગ વધતો જ જાય છે.

જરાક એ મહામહોપાધ્યાયજીના નીચેના વચનો પણ ધ્યાનથી સાંભળજો.

(૧) **તુજ વચનરાગ સુખસાગર હું ગણું, સકલ સુર-મનુજ-સુખ એક બિંદુ.**

અર્થ : હે વીર ! તારા વચનો ઉપરનો, તારા શાસન ઉપરનો જે મારા હૃદયમાં રાગ પડ્યો છે, એનું સુખ હું સાગર જેટલું ગણું છું. એની સામે તમામ માનવીય સુખો અને તમામ દૈવિક સુખો મારા માટે બિંદુ સમાન છે.

(૨) **સર્વ દરિસણ તણું મૂલ તુજ શાસનં, તેણે તે એક સુવિવેક થુણિએ.**

આ સાંખ્યો, બૌદ્ધો, વેદાંતીઓ, નૈયાયિકો વગેરે તમામ દર્શનોનું મૂલ તો હે પરમાત્મન્ ! તારું શાસન છે. માટે જ તારા એ શાસનની અમે અત્યંત વિવેકપૂર્વક સ્તુતિ કરીએ છીએ.

(૩) **તે ગુણ વીરનો હું કદિ ન વિસારું, સંભારું દિન-રાત.**
**પશુ ટાળી સુરરૂપ કરે જે, સમક્તિને અવદાત.**

હે વીર ! તારા તો અનંતા ગુણો છે. કેટલા યાદ કરું ? પણ મને ઉપયોગી થનારો તારો આ ગુણ, તારો ઉપકાર હું કદિ ભુલી શકતો નથી. દિવસ-રાત હું એને યાદ કરું છું. તે મને સમ્યગ્દર્શનની ભેટ આપી મારી પશુતાને દૂર કરી. મને માનવ નહિ પણ દેવ બનાવી દીધો. એ તારો ઉપકાર હું કદિ ભુલી ન શકું.

(૪) **આણા તાહરી જો મેં શિર ધારી, તો શું કુમતિનું જોર.**
**તિહાં નહિ પ્રસરે રે બલ વિષધર તણું, કિંગારે જિહાં મોર.**

તારું શાસન, તારી આજ્ઞા મેં મસ્તકે ધારી છે. હવે કુમતિઓનું જોર શી રીતે હોઈ શકે ? ભલા, જ્યાં મોરલો ટહુકાર કરતો હોય ત્યાં ભયંકર સાપોનું બળ પ્રસરે જ શી રીતે ?

જિનશાસન, જિનાજ્ઞા, ભગવાન મહાવીર દેવ પ્રત્યેની ઉંચા આભને આંબતી આવી બેનમૂન સેંકડો કડીઓ એ મહોપાધ્યાયજીના અંતરનો-નાભિનો વણથંભ્યો નાદ છે.

તો શાસનપ્રભાવક સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજાનો ધ્વનિ પણ જુઓ.

**यदीयसम्यक्त्वबलात्प्रतीमः भवादृशानां परमाप्तभावम् ।**
**कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै जिनशासनाय ॥**

જે જિનશાસનના સમ્યક્ત્વના પ્રતાપે આપના જેવાના પરમ-આપ્તભાવને અમે અનુભવીએ છીએ. તે કુવાસનાઓ રૂપી પાશને ખતમ કરનારા તે જિનશાસનને નમસ્કાર થાઓ.

કવિ ખીમાવિજયજીના ખુમારી ભરેલા શબ્દો !

**કલિકાલે પણ પ્રભુ ! તુજશાસન, વર્તે છે અવિરોધજી.** હે વીર ! આ હળહળતા કળિકાળમાં પણ તમારું જિનશાસન કોઈપણ વાંધા-વિરોધ વિના સ્થિર વિદ્યમાન છે.

મંત્રીશ્વર વસ્તુપાળની ભાવના કેવી !

**यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवनात् । जिनशासनसेवैव तेन मेऽस्तु भवे भवे ।**

આ જન્મમાં જિનશાસનની સેવા કરવા દ્વારા મેં જે પુણ્યનું ઉપાર્જન કર્યું છે. તેના પ્રતાપે મને ભવોભવ જિનશાસનની સેવા કરવાનો લાભ સંપ્રાપ્ત થાઓ.

હજારો શાસ્ત્રો અને હાજરો ગુજરાતી કાવ્યોમાં દષ્ટિપાત કરીએ તો એ પ્રાચીન સેંકડો મહાપુરુષોના માનસપટ ઉપર જિનશાસન માટેનો અથાગ, અતાગ, અદ્વિતીય બહુમાનભાવ સ્પષ્ટ જોવા મળશે. "જિનશાસન મળ્યાની અને ફળ્યાની ધગધગતી ખુમારી એ મહાપુરુષના રોમેરોમે કેવી વસી હશે ?" એ તેઓના મુખમાંથી સ્વાભાવિક રીતે સરકી પડેલા કે કલમમાંથી લખાઈ ગયેલા શબ્દો ઉપરથી અનુભવવા મળશે.

૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં જિનશાસન રૂપી નભોમંડળમાં સેંકડો-હજારો મહાપુરુષો સૂર્યની જેમ ઝળહળ્યા અને એ પ્રત્યેકના રગેરગમાં જિનશાસન મળ્યા બદલનો પરમાનંદ પણ પ્રગટી રહ્યો. આ બધું જોતા આપણને લાગે કે આપણે ય કેવા પ્રચંડ પુણ્યોદયના સ્વામી ! આવા મહાપુરુષોને જે શાસન પ્રાણપ્રિય હતું તે શાસન આપણને પણ મળ્યું.

ભલે આજે જૈન શ્રમણ સંસ્થામાં અનેક જુદા જુદા ગચ્છો હોય, અનેક ગચ્છાચાર્યો હોય, અનેક સામાચારીભેદ અને મતભેદ હોય પણ એ વાત તો નક્કી છે કે તમામ સાચા સંયમીઓ પોતાની સામાચારી, પોતાના ગુરુ, પોતાના ગચ્છ કરતા પણ જિનશાસનને વધુ ચાહે છે. જિનશાસનને વધુ મહાન, સૌથી મહાન ગણે છે. મહાયોગી આનંદઘનજી મહારાજે કહ્યું છે ને ? કે **'જિનમતમાં સઘળા દર્શન છે, દરિસને જિનમત ભજના રે.'** જિનશાસન વિરાટ સમુદ્ર છે. એમાં વિશ્વના સર્વદર્શનો રૂપી નદીઓ સમાઈ જાય છે. પણ એ દર્શનોમાં જિનશાસન ન સમાય.

(અલબત્ત, જિનશાસન અણુમાં અણુ, મહાનમાં મહાન છે. જે સામાન્ય જીવ પણ સંપૂર્ણ રીતે પ્રભુની આજ્ઞાને વફાદાર છે એ નાનામાં ય જિનશાસન છે અને આ જિનશાસન સર્વ દ્રવ્ય-ક્ષેત્રાદિને વ્યાપીને હોવાથી વિરાટ છે.)

એ જ વાત અહીં પણ લાગુ પડે કે જિનશાસનમાં સઘળાય ગચ્છો સમાઈ જાય પણ કોઈ એક ગચ્છમાં આખું જિનશાસન ન સમાય, કેમકે ગચ્છનું સ્વરૂપ નાનકડું છે. જિનશાસન અતિ-અતિ વિરાટ છે.

માટે જ જિનશાસનને સમજેલા મહાત્માઓની દષ્ટિ પણ જિનશાસન જેવી જ અતિ વિરાટ હોય છે. એ મહાત્માઓ ગચ્છભેદ, મતભેદ, સમાચારી ભેદ ને વચ્ચે લાવ્યા વિના જિનશાસન માટે જે કંઈ કરી

છૂટવું પડે એ કરવા સદૈવ તૈયાર હોય જ.

જેમ પિતૃભક્ત ચારભાઈઓ જુદા જુદા રહેતા હોય, કદાચ મનમેળ ઓછા હોય તો ય જ્યારે પિતાની સેવા કરવાનો અવસર આવે, પિતાને સમાધિ આપવાનો વખત આવે ત્યારે બધું ભૂલી જઈ પિતાની સેવા કરે, સમાધિ આપે.

એમ શાસનભક્ત મહાત્માઓ ભલે પરસ્પર જુદા જુદા ગચ્છના હોય, ભલે કદાચ કંઈક મનમેળ ન હોય, છતાં જ્યારે શાસનસેવા, શાસન રક્ષા કરવાનો અવસર આવે ત્યારે તો બધું ભુલી જઈ પરસ્પર ખભે ખભા મિલાવીને કામે લાગે.

જો શ્રમણસંસ્થામાં વધુમાં વધુ આચાર-એકતા પ્રતિષ્ઠિત થાય તો એનો લાભ જિનશાસનને ખૂબ જ થાય. ભલે જ્યાં સામાચારીભેદ હોય ત્યાં આચાર-એકતા ન થાય, પણ એવી બાબતો તો ઘણી ઓછી છે. ૯૫% આચારસંબંધી બાબતો એવી છે કે જે તમામ ગચ્છો માન્ય રાખે જ છે. એમાં સામાચારીભેદ નથી, પણ સંયમીઓની શિથિલતાઓ, પ્રમાદ વગેરેને કારણે એ આચારો એક સરખી રીતે પળાતા નથી.

જો સંયમીઓ કટ્ટર બનીને એ સર્વમાન્ય બનનારા ૯૫% આચારો જીવનમાં અપનાવી લે, પ્રરૂપણામાં ઉતારી દે તો આટલી વિશાળ આચાર-એકતા, પ્રરૂપણા-એકતા જિનશાસનને અત્યંત લાભદાયી બનશે.

કલિકાલસર્વજ્ઞ ભગવંતે જિનશાસનને લાભ થતો જોઈ પુનમનું પક્ખિ પ્રતિક્રમણ સ્વીકારવાની=પુનમિયા ગચ્છને અનુસરવાની તૈયારી બતાવી.

અત્યારે પણ જો કોઈ સાધુ કતલખાનાઓ બંધ કરવાનો સક્રિય પ્રયત્ન કરે તો તમામ ગચ્છના તમામ સંયમીઓ એ બાબતમાં એક મતે સંમત હોય જ. અને પોતાની શક્તિ પ્રમાણે સહાય પણ કરે જ.

જો ધાર્મિક ટ્રસ્ટોની રકમો જપ્ત કરી લેવાનો કોઈ કાયદો ઘડાય અને કો'ક સંયમી એની સામે સખત લડત ઉપાડે તો એમાં ય ગચ્છભેદ ભુલીને બધા સંયમીઓ શક્તિ પ્રમાણે સહાય કરવા તત્પર બને જ.

જો 'ભારત સરકાર જ બિભત્સ પિક્ચરો-ટી.વી.-વીડિયો ઉપર પ્રતિબંધ મૂકી દે.' એવા પ્રકારની કોઈ સંયમી સખત મહેનત કરતો હોય તો કોઈપણ ગચ્છના કોઈપણ સંયમીઓ એ કાર્યમાં સફળતા મેળવવા માટે પોતાના તરફથી બનતી મદદ કરવા તૈયાર જ હોય.

આમ એક વાત તો નક્કી કે જિનશાસનનું કોઈ કામ થતું હોય તો તમામ ગચ્છોના પીઢ-પરિપક્વ મહાત્માઓ ગચ્છભેદ જોયા વિના એમાં સહાય કરે જ. કદાચ પોતાની પાસે શક્તિ-સમજણ ન હોય તો સહાય ભલે ન કરે. પણ એ કામ તોડી પાડવાનું કામ તો કદિ ન જ કરે.

આ અત્યંત આનંદની વાત છે કે જિનશાસન માટે આવી વિરાટ ભાવના ધરાવનારા સંયમીઓ લગભગ દરેક ગચ્છોમાં છે. કલિકાળરૂપી ઝેરી સર્પના મસ્તક ઉપર આવા મહાત્માઓ વિષહર મણિની માફક શોભી રહ્યા છે.

આ પુસ્તક લખવા પાછળનો આશય એ જ છે કે શ્રમણ-શ્રમણીઓમાં જે મોટા પાયા ઉપર આચારભેદ-પ્રરૂપણાભેદ પડેલો છે, એ ઘણો ઘટી જાય. સામાચારી ભેદ વગેરેવાળી ૫% બાબતો છોડીને બાકીની ૯૫% બાબતમાં તમામ શ્રમણ-શ્રમણીઓ એક બને. આચારભેદ દૂર કરી એ ૯૫% બાબતમાં એક આચારવાળા

બને. કદાચ શારીરિક નબળાઈ વગેરે કારણોસર આ પુસ્તકના નિયમો પાળી ન શકે તો ય તે શાસ્ત્રીય પદાર્થોની પ્રરૂપણા કટ્ટરતાપૂર્વક કરી પ્રરૂપણાભેદ તો દૂર કરી જ દે.

તમામ સંયમીઓ એ ધ્યાન આપે કે આ આખું ય પુસ્તક માત્ર જિનશાસનને નજર સામે રાખીને લખાયું છે. માટે જ આ નિયમાવલિમાં એવો પુષ્કળ પ્રયત્ન કર્યો છે કે, "જે બાબતો સામાચારીભેદવાળી, ગચ્છભેદને સ્પર્શનારી છે, એ ન આવે. જે તમામ ગચ્છોને માન્ય બને એવી જ કેટલીક બાબતોનો, એવા જ કેટલાક નિયમોનો આમાં સમાવેશ કર્યો છે. આમ છતાં ઉપયોગ ન રહેવાથી કે અજ્ઞાણપણામાં કોઈને પણ દુઃખ થાય એવી બાબતો લખાઈ હોય, શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા થઈ હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના કરું છું. ભુલથી પણ જે નિયમો એવા લખાયા હોય કે જે નિયમો કોઈક ગચ્છની સામાચારીથી વિરુદ્ધ હોય તો તે તે ગચ્છના સંયમીઓએ તે નિયમો રદ સમજવા, કેમકે ગચ્છની સામાચારીનું પાલન તે તે ગચ્છના સંયમીઓ માટે કર્તવ્યરૂપ છે. એની વિરુદ્ધના નિયમો તેઓ ન સ્વીકારે.

**સંયમીઓ પાસે એક અપેક્ષા :**

આ પુસ્તકના પ્રારંભમાં જ એક સાથે બધા નિયમો આપેલા છે. પુસ્તક વાંચ્યા બાદ નિયમો લીધા હોય અને એ નિયમો જ પાસે રાખવા હોય તો એ શરૂઆતના ૧૦-૧૨ પાના ફાડીને પાસે રાખી શકાય, આખું પુસ્તક પછી ઉંચકવું ન પડે.

આ પુસ્તક વાંચ્યા બાદ સંયમીઓ જે કોઈપણ અભિગ્રહો ધારણ કરે તે તેઓ લખીને અમને મોકલાવે. નામ લખીને કે નામ વિના કોઈપણ રીતે મોકલાવશે તો ચાલશે. ૨૦૦માંથી માત્ર ૧૦ અભિગ્રહ લે તો પણ લેશ પણ શરમ રાખ્યા વિના એ અભિગ્રહો પણ લખીને અમને મોકલાવે. ઉપરાંત એ સિવાય પણ સંયમીઓએ પોતાની મેળે જે અભિગ્રહો પૂર્વે ધારેલા હોય એ પણ અવશ્ય લખે. એ વાંચીને અનુમોદના કરવાની, બીજા સંયમીઓને પ્રોત્સાહિત કરવાની તક મળે.

કેટલાંક સંયમીઓ 'પોતાની આરાધના બીજાને ન કહેવાની' ટેકવાળા હોય છે. પણ તેઓ પોતાના નામ વિના જ 'પોતાના આરાધના-અભિગ્રહો જણાવી શકે છે. એમાં એમનો આશય જળવાઈ રહે છે.

આ પુસ્તકની કિંમત સંયમીઓએ માત્ર આટલી જ ચૂકવવાની છે. જો, જો ! પ્રમાદ આળસમાં આ વાત વીસરાઈ ન જાય.

**સરનામું : કમલ પ્રકાશન ટ્રસ્ટ, ૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ.**

એ કવર ઉપર (અભિગ્રહોનું લીસ્ટ) એમ ખાસ લખવું. જેથી એ ગમે ત્યાં ન જતું રહે.

કદાચ કોઈપણ અભિગ્રહ ન લે તો પણ આ પુસ્તક અંગે તમારો અભિપ્રાય શું છે ? એ પણ જણાવશો. અભિગ્રહ લો તો એમાં ય તમારો અભિપ્રાય અવશ્ય જણાવશો.

આ નિયમો સિવાય હજુ પણ સેંકડો બીજા નિયમો હોઈ શકે છે. પણ એ બધા લખું તો પુસ્તક ઘણું જ મોટું થઈ જાય. એટલે જે ઉપયોગી લાગ્યા, એ નિયમો લીધા છે. એ સિવાય પણ બીજા જે કોઈ નિયમો હોય તે સંયમીઓ સ્વયં લઈ શકે છે. "આ જ નિયમો લેવા" એવો કોઈ જ આગ્રહ નથી.

પુસ્તકમાં છેલ્લે પરિશિષ્ટ તરીકે જરૂરી શાસ્ત્રપાઠો આપ્યા છે. અને પુસ્તકના લખાણમાં ઠેર-ઠેર એ

પાઠોના નંબરો આપ્યા છે. એ નંબર પ્રમાણે પાછળ શાસ્ત્રપાઠ જોવાથી એ પદાર્થ ક્યાંનો છે ? વગેરે સમજાઈ જશે.

ફરી યાદ કરાવું છું કે આ પુસ્તક વાંચ્યા બાદ નિયમો લેવાનું અને બતાવેલ સરનામે એ નિયમો લખીને મોકલવાનું ન ભુલશો.

"પુસ્તકમાં લખેલા આ બધા અભિગ્રહો હું પાળું છું." એવું કોઈ ન માનશો. "મારા બધા શિષ્યો આ બધા અભિગ્રહો પાળતા હશે." એવું પણ કોઈ ન માનશો. આ પુસ્તક શાસ્ત્રના પદાર્થોની સ્પષ્ટ નિરૂપણા સ્વરૂપ છે. અને હું શાસ્ત્રાજ્ઞા ન પાળતો હોઉં તો પણ મારે સાચી શાસ્ત્રાજ્ઞા બતાવવી જોઈએ. એ જ મારું કર્તવ્ય છે. હું નથી પાળતો માટે એ વાત છૂપાવી દઉં તો હું મોટો દોષનો ભાગીદાર બનું છું. એટલે પુસ્તકના લેખક ઉપર ધ્યાન આપવાના બદલે પુસ્તકના પદાર્થોની શાસ્ત્રાનુસારિતા તરફ જ લક્ષ્ય આપવું.

આ પુસ્તકમાં શાસ્ત્રીય પદાર્થોની દૃષ્ટિએ કોઈ ક્ષતિ ન રહી જાય એ માટે વિદ્વાન પંન્યાસ અજીતશેખર વિજયજીને સંપૂર્ણ લખાણ જોઈ લેવા જણાવ્યું અને એમણે ખૂબ જ ઉત્સાહથી માત્ર ત્રણ-ચાર દિવસમાં જ સંપૂર્ણ લખાણ સૂક્ષ્મદૃષ્ટિથી જોઈ આપ્યું. એમનો આ નિમિત્તે આભાર માનું છું.

**ખાસ સૂચન :** અલબત્ત વર્તમાનકાળની કેટલીક બાબતો એવી પણ છે કે જેનો નિર્દેશ શાસ્ત્રોમાં ન મળે. એવા કેટલાંક મુદ્દાઓ ઉપર બધા ગીતાર્થ-સંવિગ્ન મહાપુરુષોનો અભિપ્રાય એકસરખો જ હોય એવું શક્ય નથી. એટલે એવા મુદ્દાઓ ઉપર બીજા મહાત્માઓના આ પુસ્તકમાં જણાવ્યા કરતા બીજા અભિપ્રાય પણ હોઈ શકે છે. અને કદાચ એમની દૃષ્ટિથી એ સાચા પણ હોઈ શકે છે. છેવટે હું પણ છદ્મસ્થ છું. મારા ક્ષયોપશમ અને અનુભવ પ્રમાણે તે તે મુદ્દાઓ ઉપર મેં મારા અભિપ્રાયો દર્શાવ્યા છે. મને મારી દૃષ્ટિથી મારા અભિપ્રાયો યોગ્ય લાગ્યા છે. જો બીજા મહાત્માઓના એનાથી વિપરીત અભિપ્રાયો હોય તો તેઓ પોતાની દૃષ્ટિ દર્શાવવાપૂર્વક એ અભિપ્રાયો પણ મને જણાવે જેથી એ તરફ પણ દૃષ્ટિપાત થઈ શકે. અને આમ થાય તો જ છેવટે સાચા, હિતકારી નિર્ણયો લેવાય. "આ પુસ્તકમાં જે નિર્ણયો કર્યા છે, એ કદિ ન બદલવા" એવો મારો લેશ પણ આગ્રહ નથી. "આત્માને અને શાસનને હિત થાય એવા જ નિર્ણયો લેવા" એ મારો આગ્રહ ખરો. બીજાના વિચારો, અપેક્ષાઓ જાણ્યા બાદ ચોક્કસ આ પુસ્તકના નિર્ણયોમાં ફેરફાર પણ કરવો પડે.

હા ! જે પદાર્થો શાસ્ત્રોમાં સિધ્ધાન્ત તરીકે સ્થાપિત થઈ ચૂક્યા છે એ તો સૌ કોઈ મહાત્માઓ એક મતે સ્વીકારશે જ.

એટલે જે કંઈ સૂચનો કરવા હોય, અભિપ્રાયો અનુકૂળ કે પ્રતિકૂળ દર્શાવવા હોય તે ઉપરના સરનામે લખી મોકલવાની સૌ પ્રત્યે અપેક્ષા છે.

અંતે પરમપાવન, ત્રિલોકપૂજ્ય જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના માંગીને વિરમું છું.

ફાગણ વદ ૧૫ — પં. ચન્દ્રશેખરવિજય

વડોદરા.

# સંશોધકની કલમે....

## નિયમ દર્પણમાં આપણું પ્રતિબિંબ કેવું ?

એક ઠેકાણે સુંદર ચિત્રોનું પ્રદર્શન ભરાયું હતું. પોતાને કુશળ વિવેચક માનતા એક ભાઈ એ પ્રદર્શન જોવા ગયા. આશય હતો - તે - તે ચિત્રમાંથી ભૂલ કાઢવાનો. પણ એક એક ચિત્ર એવા અદ્ભુત હતા કે પોતાનો આશય સફળ ન થયો. પણ છેવટનું ચિત્ર જોતાં જ બરાડી ઊઠ્યો - આ ચિત્ર કેટલું કદમ છે ? ચહેરો કેટલો ભદ્દો છે ? ત્યાં જ ત્યાંના સુપરવાઈઝરે કહ્યું - મિત્ર ! આ ચિત્ર નથી, અરીસો છે.

જેમની ધગધગતી શાસનદાઝ પ્રાયઃ દરેક જૈનને સુપેરે પરિચિત છે, અને જેમના માટે શાસન એટલે માત્ર સ્થાવર તીર્થો નહીં, માત્ર શ્રાવકો નહીં, માત્ર પોતાનું ગૃપ નહીં, પણ પ્રભુ વીરને પોતાના ભગવાન માનતા દરેકમાં શાસન છે, અને તેથી જ જેમના હૈયે શાસનના આ દરેક અંગની ઉજ્જવળતા, ઉત્કૃષ્ટતા, રક્ષા સજ્જડ વસી ગઈ છે એવા પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર મહારાજે (કે જેમના માટે પૂજ્ય 'પંન્યાસજી મહારાજ' કે આજના યુવાનના મુખેથી નીકળતો 'ગુરુદેવ' આટલો શબ્દ જ ઓળખાણ માટે પર્યાપ્ત છે.) વર્તમાનકાલીન સાધુ-સાધ્વી ભગવંતો વર્તમાનકાળની અપેક્ષાએ શક્ય એટલું ઉત્તમ ચારિત્રજીવન-જીવી આત્મકલ્યાણ કરે, સંઘની ઉન્નતિ કરે અને અન્યોમાં પણ શાસનપ્રભાવના કરે એ હેતુથી શાસ્ત્રપાઠોના આધારે કેટલાક નિયમો તૈયાર કર્યા છે અને એ દરેક નિયમની મહત્તા સૂચવતું સુંદર વિવેચન કર્યું છે. નિયમોની આવશ્યકતા-ઉપાદેયતા પણ બતાવી છે.

આ નિયમોના સંકલનનું મેટર મારે જોવામાં આવ્યું, ત્યારે મને ઉપરોક્ત ટુચકો યાદ આવી ગયો. પેલા પોતાને વિવેચક તરીકે માનતા ભાઈના સ્થાને મારી જાત દેખાઈ. બીજા સાધુ-સાધ્વીઓ રૂપી સુંદર ચિત્રોમાંથી કઈ ભૂલ હું કાઢી શકું ? છેવટે મને એક ઠેકાણે બધી ભૂલો દેખાઈ. પણ રે ! એ તો અરીસો હતો. એમાં તો મારો જ ચહેરો દેખાતો હતો. આ નિયમો વાંચ્યા પછી મને ખબર પડી કે મારી જાત કેટલી બધી નિઃસત્ત્વ છે કે આમાં ઘણા સાવ સરળ દેખાતા નિયમોની પણ મૂડી મારી પાસે નથી.

ખરેખર આ નિયમો એટલા કંઈ અઘરા નથી. એવા પણ મહાન સાધુ-સાધ્વી ભગવંતો વર્તમાનમાં પણ હશે જ કે જે માત્ર આ નિયમો નહીં, આથી પણ વધુ વિશિષ્ટ નિયમોવાળું જીવન જીવતા હશે.

આ પુસ્તક નૂતનથી માંડી ચિરદીક્ષિત સુધી બધાએ વાંચવા, વિચારવા-અપનાવવા યોગ્ય છે. એક કામ થઈ શકે. દરેક ગૃપવાળા પોતાના ગૃપમાં આ નિયમાવલી વાંચી, કેટલાક નિયમો તો આખું ગૃપ જ કોમનરૂપે લઈ લે. તેથી કેટલાક આચારમાં એકવાક્યતા રહે, તો શાસનશોભા ય વધે, પરસ્પર પાલનમાં અનુકૂળતા ય રહે, ને ચૂકે ત્યાં સાવધાની પણ અપાય. હા, જે કેટલાક વ્યક્તિગત નિયમ છે, તે વ્યક્તિગત લેવાવા જોઈએ.

એક આશ્વાસનની વાત એ છે કે સાધુ-સાધ્વીના સુંદર ચારિત્રની ખેવના કરનારા મહાપુરુષો આજે પણ છે કે જેમના કારણે આ પડતા કાળમાં ય કાંઈક સુંદર આલંબન રહે છે.

વિશેષ, શ્રી સંઘના આપણા પરના ઉપકારોનું વર્ણન (પરમોપકારી શ્રીસંઘ ઉપર અપકાર શી રીતે કરાય ?' એ વિષયનું વર્ણન) તો આપણે દરેક સાધુ-સાધ્વીએ વારંવાર વાંચવા જેવું છે. આ વાંચ્યા પછી આપણો શ્રીસંઘ પ્રત્યેનો અભિગમ ચોક્કસ બદલાઈ જશે એવું મને લાગે છે.

અંતે મને આવા સુંદર સ્વાધ્યાયનો, આત્મનિરીક્ષણનો, નિયમોના દર્પણમાં જાતને જોવાનો મોકો આપવા બદલ પૂજ્યશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આ નિયમો શ્રમણવર્ગમાં પ્રચલિત થાય ને એની શરૂઆત મારાથી થાય એવી પ્રભુને પ્રાર્થના !

ચૈ.વ. પાંચમ
સં. ૨૦૬૧

- અજિતશેખર વિજય

# સંયમીઓના નિયમો-અભિગ્રહો

૧. હું રોજ ઓછામાં ઓછી એક/બે/ત્રણ ગાથા ગોખ્યા પછી જ ગોચરી-પાણી વાપરીશ.
૨. હું કાળે-સજ્ઝાય અવસરે જ સ્વાધ્યાય કરીશ.
૩. હું રોજ ૬/૮/૧૦ કલાકનો સ્વાધ્યાય કરીશ.
૪. હું કાજો લીધેલી જગ્યાએ જ સ્વાધ્યાય કરીશ.
૫. હું દંડાસનથી જ કાજો લઈશ, અને સુપડીમાં ભેગો કરીને જોઈને પરઠવીશ.
૬. હું મને પાઠ આપનારા સંયમીનું ઓછામાં ઓછું એક વસ્ત્ર સવાર-સાંજ પ્રતિલેખન કરીશ.
૭. હું સ્થાપનાચાર્યજીની હાજરીમાં જ પાઠ લઈશ / આપીશ.
૮. હું કોઈપણ ગ્રંથ ગુરુની કે નિશ્રાદાતાની રજા લઈને જ ભણીશ. સ્તવન-સજ્ઝાય પણ ગુરુની રજા લઈને જ ગોખીશ.
૯. હું ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર વગેરે કોઈપણ પ્રકારના છાપાઓ વાંચીશ નહિ :
૯. હું ચિત્રલેખા, અભિયાન વગેરે મેગેઝીનો, નવલકથાઓ વાંચીશ નહિ.
૧૦. હું એંઠા મુખે બોલીશ નહિ.
૧૧. માત્રાનો પ્યાલો કે સ્થંડિલનો પ્યાલો હાથમાં હોય ત્યારે હું નહિ બોલું.
૧૨. હું પુસ્તકોને કે વડીલોને પીઠ થાય એ રીતે નહિ બેસું.
૧૩. હું પુસ્તકોને કે વડીલોને પગ થાય એ રીતે નહિ બેસું, નહિ ઊંઘું.
૧૪. હું જ્ઞાનની કોઈપણ વસ્તુ જમીન ઉપર નહિ મૂકું.
૧૫. હું ગોચરી વાપરતાં વાપરતાં પુસ્તક વગેરે કંઈપણ વાંચીશ નહિ.
૧૬. હું જેટલી ટપાલ લખીશ, એટલા લોગસ્સનો ઉભા ઉભા કાઉસગ્ગ કરીશ / અથવા જેટલી ટપાલ લખીશ એટલી નવી ગાથાઓ ગોખીશ.
૧૭. હું પશુ-પંખીઓના અવાજ નહિ કરું અને તોતડા-બોબડા વગેરેના ચાળા નહિ પાડું.
૧૮. હું મારા કાગળોની પારિઠાવણી વિધિપૂર્વક કરીશ. ગમે ત્યાં નાંખી દઈશ નહિ.
૧૯. હું ઓછામાં ઓછા દશવૈકાલિકસૂત્ર, આવશ્યક નિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગસૂત્ર આ પાંચ શાસ્ત્રો ટીકાપૂર્વક વાંચ્યા પહેલા તો વ્યાખ્યાન આપવાનું શરૂ નહિ જ કરું.
૨૦. હું પાંચતિથિ ઉપાશ્રયથી એક કી.મી.ની અંદર રહેલા ઓછામાં ઓછા એક દેરાસરે ચૈત્યપરિપાટી માટે જઈશ.
૨૧. વિહારમાં જે ગામ-શહેરમાં જે દેરાસરોના દર્શન પૂર્વે કદિ ન કર્યા હોય, તે તમામ દેરાસરોની ચૈત્યપરિપાટી કરીશ.
૨૨. હું ઉપાશ્રયથી ૧૦૦ ડગલાની અંદર રહેલા દેરાસરમાં સાંજે દર્શન કરીશ.

૨૩. હું ઉપાશ્રય કે દેરાસરમાં પ્રવેશ કરતી વખતે નિસીહિ બોલીશ.

૨૪. હું ઉપાશ્રયમાંથી કે દેરાસરમાંથી નીકળતી વખતે આવસ્સહિ બોલીશ.

૨૫. હું રત્નાધિકના પાત્રા, આસન, લુણું વગેરે ઉપધિ વાપરીશ નહિ.

૨૬. મારા ગ્રુપમાં રહેલા કોઈપણ સંયમીની (રોજિંદી આરાધના કરતાં કંઈક) વિશેષ પ્રકારની આરાધનાની હું વાચિક અનુમોદના-પ્રશંસા કરીશ.

૨૭. મારી આંખ દ્વારા જે સ્થાપનાજી દેખાતા હોય એ સ્થાપનાજી કરતાં ઊંચા આસને હું બેસીશ નહિ.

૨૮. હું મારા ગુરુના કોઈપણ આદેશને=નિર્ણયને સહર્ષ સ્વીકારીશ. કદાચ મને એ નિર્ણય બરાબર નહિ લાગે તો પણ હું માત્ર મારા ગુરુને જ એ અંગે જણાવીશ. પણ બીજા કોઈપણ સામે 'એ નિર્ણય બરાબર નથી લાગતો, ખોટો છે, ગુરુએ ભુલ કરી છે.' એમ નહિ બોલું.

૨૯. હું વાપર્યા બાદ તરત જ ચૈત્યવંદન કરી લઈશ, પછી જ બીજા કામ કરીશ.

૩૦. હું દેરાસરમાં જે ચૈત્યવંદન કરું એના ત્રણ ખમાસમણા પંચાંગ પ્રણિપાતપૂર્વક ઉભા-ઉભા આપીશ.

૩૧. હું વિહારમાં ચાલતી વખતે કોઈપણ સાથે વાતચીત નહિ કરું.

૩૨. હું મુહપત્તીનો ઉપયોગ રાખીને જ બોલીશ.

૩૩. જ્યારે કારણસર આધાકર્મી ગોચરી વાપરવી પડે, ત્યારે એમાં મીઠાઈ-તળેલું વગેરે વિશિષ્ટ વસ્તુઓ હું નહિ વાપરું.

૩૪. જ્યારે કારણસર આધાકર્મી વાપરવી પડે, ત્યારે પ્રત્યેક ટંક દીઠ બે/ત્રણ/ચાર દ્રવ્ય જ વાપરીશ.

૩૫. સંસારી બા-બાપુજી, સગા ભાઈ-બહેન વંદન કરવા માટે આવે અને ગોચરીનો લાભ આપવા માટેનો આગ્રહ કરે તો ના-છૂટકે એમને લાભ આપવાની છૂટ, તે સિવાય બહારગામથી કે સ્થાનિકગામથી કોઈપણ ભક્તો કે સ્વજનોએ લાવેલી ગોચરી હું વહોરીશ નહિ કે વાપરીશ નહિ.

૩૬. ગોચરીમાં જો સંઘાટક વ્યવસ્થા ગોઠવાતી હશે તો હું નિષેધ નહિ કરું. એ સંઘાટક વ્યવસ્થામાં મદદગાર થઈશ.

૩૭. હું સૂર્યોદય પછી જ ઘડાઓનું પ્રતિલેખન કરીશ અને એને બરાબર પ્રકાશમાં જોઈ પુંજણીથી પૂંજીને પછી જ એમાં પાણી વહોરીશ.

૩૮. હું પાણીની પરાતો પૂંજીને જ પછી એમાં પાણી ઠારીશ. જમીન પણ બરાબર પૂંજી લઈશ:

૩૯. જો હું ઘડો વાપરીશ તો ઘડો સીધો જમીન ઉપર નહિ રાખી મૂકું અને ઘડામાંથી પાણી લેતી વખતે ઘડો નમાવીને પાણી નહિ લઉં. પણ ઘડો ઊંચકીને પાણી લઈશ.

૪૦. હું ૫૦ કે તેથી વધારે માણસોના રસોડામાંથી મીષ્ટાન્ન + ફરસાણ નહિ વાપરું.

૪૧. હું રોજ એકાસણું કરીશ. ઉપવાસના પારણે એક દિવસ બેસણું કરીશ.

૪૨. હું એકાસણામાં રોજ ૬/૭ દ્રવ્યથી વધારે નહિ વાપરું. જો બેસણું કે નવકારશી કરું તો દરેક ટંક દીઠ ૪થી વધારે દ્રવ્ય નહિ વાપરું.

૪૩. હું મહિનામાં પાંચ-સાત દિવસથી વધારે વાર મિષ્ટાન્ન નહિ વાપરું.

૪૪. મિષ્ટાન્નની છૂટના દિવસે પણ ચેતનો / છ ટુકડા / દોઢ ટોકસીથી વધારે મિષ્ટ નહિ વાપરું.

૪૫. હું મહિનામાં પાંચથી વધારે દિવસ તળેલું નહિ વાપરું.

૪૬. હું કેળા સિવાય કોઈપણ ફળ વાપરીશ નહિ.
૪૭. હું ખજુર અને બદામ સિવાય કોઈપણ પ્રકારનો મેવો વાપરીશ નહિ.
૪૮. હું કાચો ગોળ, કાજુ અને અડદની વસ્તુઓ નહિ વાપરીશ.
૪૯. હું વાપર્યા પછી પાત્રાઓ-તરપણીઓ ત્રણવાર પાણીથી ધોઈશ. એક-બે વાર નહિ.
૫૦. હું એંઠા થયેલા લીલા મરચાં, પાંદડા, કોકમ વગેરે જો વાપરી ન શકું તો એને જાતે જ રેતીમાં-રાખમાં ઘસી-ઘસીને પરઠવીશ. ગમે ત્યાં નાંખી નહિ દઉં કે માંડલીમાં મૂકીને નહિ જાઉં.
૫૧. હું કોઈના પણ એંઠા પાતરામાં કોઈપણ વસ્તુ નાંખીશ નહિ.
૫૨. હું માંડલીમાં આવેલી વસ્તુ મારી જાતે વાપરવા નહિ લઉં. પણ વડીલના (માંડલી વ્યવસ્થાપક) હાથે જ લઈશ.
૫૩. હું પોણો ચેતનો કરતા વધારે દૂધ નહિં વાપરું અને પોણો ચેતનો કરતા વધારે ચાહ નહિ વાપરું.
૫૪. 'વાપરું છું' એ પ્રમાણે બોલ્યા પછી જ હું વાપરવાનું શરૂ કરીશ.
૫૫. હું ગોચરી વાપર્યા બાદ માંડલી વ્યવસ્થાપક પાસે પચ્ચક્ખાણ લઈશ. જાતે પચ્ચક્ખાણ નહિ લઉં.
૫૬. હું ગોચરીમાં મારું પાણી જાતે લઈને બેસીશ. પછી જ વાપરવાનું શરૂ કરીશ.
૫૭. હું એંઠી પાતરીમાં ઘડામાંથી પાણી નહિ લઉં.
૫૮. હું એંઠા થયેલા તપેલામાં કે પરાતમાં સીધું ચોખ્ખા તપેલા-પરાતમાંથી પાણી નહિ લઉં.
૫૯. હું બારી-બારણાઓ બરાબર પૂંજીને જ ખોલ-બંધ કરીશ.
૬૦. ઉપાશ્રયમાંથી વિહાર કરતી વખતે મેં જેટલા બારી-બારણા ખોલ્યા હોય એ બધા જાતે બંધ કરી દઈશ. જે વસ્તુ જ્યાંથી લીધી હોય, તે વસ્તુ ત્યાં પાછી મૂકી દઈશ.
૬૧. હું પાટ-પાટલા-ટેબલ ખસેડતી વખતે એના પાયાના નીચેના ભાગો, જમીન પુંજ્યા પછી જ ખસેડીશ.
૬૨. હું અંધારામાં પ્યાલો ઉંધો કરી, પુંજણી કે દંડાસનથી બરાબર અંદરનો ભાગ પુંજીને પછી જ માત્રાદિ માટે એનો ઉપયોગ કરીશ.
૬૩. હું દાંડો લેતી વખતે જે ભાગથી દાંડો લેવાનો હોય એ ભાગને જોઈને, પુંજ્યા પછી જ દાંડો લઈશ. એમ દાંડો મૂકતી વખતે પણ ભીંત વગેરેને પૂંજ્યા પછી જ દાંડો મૂકીશ.
૬૪. હું મોડામાં મોડું સૂર્યાસ્તથી પંદર મિનિટ સુધીમાં માત્રુ પરઠવવાની વસતિ જોઈ લઈશ.
૬૫. હું મારો માત્રાનો પ્યાલો જાતે જ પરઠવીશ.
૬૬. હું માત્રુ કર્યા પછી તરત જ પ્યાલો પરઠવી આવીશ. રાખી મૂકીશ નહિ.
૬૭. હું વધુમાં વધુ જમીનથી ૪-૬ આંગળ જ પ્યાલો ઉંચો રાખીને માત્રુ પરઠવીશ.
૬૮. હું સ્થંડિલ કે માત્રુ પરઠવતા પહેલા 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલીશ અને પરઠવ્યા બાદ 'વોસિરે' બોલીશ.
૬૯. હું એક / દોઢ / બે કિલોમીટરની અંદર જો સ્થંડિલ જવાની જગ્યા હશે તો બહાર જ સ્થંડિલ જઈશ પણ વાડાનો ઉપયોગ નહિ કરું.

૭૦. હું મારા પાત્રા, ટોક્સી, દોરા વિગેરેનું દિવસમાં બે ટાઈમ પ્રતિલેખન કરીશ.

૭૧. હું વધારાની ઉપધિનું પ્રતિલેખન દર ચૌદશે કરી લઈશ.

૭૨. હું માત્રાનો પ્યાલો ૪૮ મિનિટમાં સુકાઈ જાય એની પાકી કાળજી રાખીશ.

૭૩. હું પ્યાલો ખુલ્લા આકાશમાં નહિ મૂકી રાખુ.

૭૪. હું બે ટાઈમ ઓઘાનું પ્રતિલેખન કરીશ, બાંધીશ.

૭૫. હું ચાલુ પડિલેહણમાં કોઈની પણ સાથે વાતચીત નહિ કરું. સંપૂર્ણ મૌન રાખીશ.

૭૬. હું પ્રતિક્રમણાદિ કોઈપણ ક્રિયામાં વચ્ચે કંઈપણ બોલીશ નહિ. જો બોલવું પડે તો બોલ્યા બાદ ઈરિયાવહિ કરીને ફરી બાકીની ક્રિયા કરીશ.

૭૭. હું બધા ખમાસમણા પંચાંગ પ્રણિપાતપૂર્વક ઉભા ઉભા આપીશ. માંદગી કે મોટા વિહારના થાકને લીધે ઉભા ઉભા ન આપી શકું તો બેઠા-બેઠા પણ મસ્તક બરાબર નમાવીશ.

૭૮. હું પાણીનો ઘડો, તરપણી, પાત્રા ચૂનાના તપેલા વિગેરે ખુલ્લા નહિ રાખું, ઢાંકેલા રાખીશ.

૭૯. હું રોજ કાનમાં કુંડલ નાંખીને કે માથાબંધન બાંધીને જ સંથારો કરીશ.

૮૦. હું સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરીને જ સંથારો કરીશ

૮૧. હું દિવસે ઉંઘીશ નહિ. કારણસર વધુમાં વધુ ૨૦ મિનિટ જ આરામ કરીશ.

૮૨. હું સવારે પાત્રા પોરિસી સમયસર ભણાવીશ. બહુ મોડી-વહેલી નહિ ભણાવું.

૮૩. હું દર્પણમાં, પાણીમાં, સ્ટીલની પરાત વગેરેમાં મારું મુખ જોઈશ નહિ.

૮૪. હું ધાર્મિક ફોટાઓના પણ આલ્બમો જોઈશ નહિ.

૮૫. હું ફોટાઓ પડાવીશ નહિ. મારા ફોટા પાડનારા ગૃહસ્થને અટકાવીશ. જો ન જ અટકાવી શકું તો કામળી-કપડાદિ દ્વારા મુખ ઢાંકી દેવાનો, મુખ છુપાવવાનો પ્રયત્ન કરીશ.

૮૬. હું મારા ઉપર વીડિયો ઉતરવા નહિ દઉં. એને અટકાવીશ. છેવટે મુખ ઢાંકી દેવાનો પ્રયત્ન કરીશ.

૮૭. હું મારા વ્યાખ્યાનો છાપાઓમાં નહિ આપું.

૮૮. હું મારા વ્યાખ્યાનોની ઓડિયો કેસેટ નહિ ઉતરાવું.

૮૯. હું મોબાઈલ વિગેરે કોઈપણ પ્રકારના ફોન કરાવીશ નહિ. જો ગાઢ કારણસર કરાવવા જ પડે તો એક ફોન દીઠ ત્રણ દ્રવ્યના એક-એક ટંક કરીશ.

૯૦. હું ફેક્સ કરાવીશ નહિ. ગાઢ કારણસર કરાવું તો ફેક્સની સંખ્યા પ્રમાણે એટલા ટંક ત્રણ દ્રવ્ય કરીશ.

૯૧. હું લોચ કરાવ્યા બાદ સાબુ દ્વારા, એકલા પાણી દ્વારા કે પાણીના પોતા દ્વારા પણ મોઢું વિગેરે સાફ નહિ કરાવું. કોરા વસ્ત્રથી ઘસી ઘસીને ચોંટેલી રાખ વિગેરે કાઢી નાંખીશ. છેવટે સાબુ તો નહિ જ વાપરું.

૯૨. હું શિયાળા અને ચોમાસામાં ૨૫ દિવસ પૂર્વે આખો કાપ નહિ કાઢું અને ૧૫ દિવસ પૂર્વે અડધો કાપ નહિ કાઢું.

૯૩. હું ઉનાળામાં ૧૫ દિવસ પહેલા આખો કાપ અને ૭ દિવસ પહેલા અડધો કાપ નહિ કાઢું.

૯૪. હું માત્ર પાણી અને ધોવાનો સોડા (ખાર) આ બે જ વસ્તુથી કાપ કાઢીશ. સાબુ-સર્ફ વિગેરે નહિ વાપરું. છેવટે સાદો સાબુ અને સાદો સર્ફ સિવાય મોંઘા સાબુ-પાવડર તો નહિ જ વાપરું.

૯૫. હું મારા કાપમાં કોઈપણ વડીલ મહાત્માનું એક નાનકડું વસ્ત્ર પણ કાપ કાઢીશ.

૯૬. હું મારો કાપ જાતે જ કાઢીશ. (કપડા સુકવવા માટે બીજાને આપવાની છૂટ)

૯૭. હું સાધ્વીજીઓ સાથે વાતચીત નહિ કરું.

૯૮. હું એકલા બહેનો સાથે વાતચીત નહિ કરું.

૯૯. હું સૂર્યાસ્ત બાદ ભાઈઓ હાજર હોય તો પણ બહેનોને વિદાય આપી દઈશ. એમને ઉપાશ્રયમાં બેસવા નહિ દઉં.

૧૦૦. હું (સાધુ) શ્રાવકોને કે વંદનાદિ સિવાય સાધુઓને પણ સ્પર્શ નહિ કરું.

૧૦૧. હું ઝેરોક્ષ નહિ કરાવું. કારણસર કરાવું તો જેટલા પાનાની ઝેરોક્ષ કરાવું એટલા ત્રણ દ્રવ્યના ટંક કરીશ.

૧૦૨. હું કોઈની પણ પાસે કોઈપણ કાર્ય માટે પૈસા નહિ માંગુ. માત્ર વ્યાખ્યાનની પાટ ઉપરથી દાનધર્મની પ્રેરણા કરીશ.

૧૦૩. હું ટ્રસ્ટ બનાવીશ નહિ.

૧૦૪. હું કોઈપણ સંસ્થા કે તીર્થ સ્થાપીશ નહિ.

૧૦૫. હું વિહારમાં માણસ સાથે રાખીશ નહિ. મારી ઉપધિ જાતે ઉંચકીશ.

૧૦૬. હું દવા વિગેરેની સંનિધિ નહિ રાખુ. સાંજે એની પોટલી ગૃહસ્થને ભળાવી દઈશ અને કોઈપણ દવા વહોરીને વાપરીશ.

૧૦૭. હું કોઈપણ વસ્તુ ગુરુ/વડીલને બતાવ્યા વિના નહિ વાપરું.

૧૦૮. હું ગોચરી માંડલીમાં ગોચરી સંબંધી અગત્યની વાત સિવાય કંઈપણ બોલીશ નહિ.

૧૦૯. હું ચાહ-કોફી વિગેરે વ્યસનકારક દ્રવ્યો નહિ વાપરું.

૧૧૦. હું દાંડો રાખ્યા વિના ગોચરી-પાણી કોઈપણ વસ્તુ નહિ વહોરું.

૧૧૧. હું પડિલેહણ બાદ મારો કાજો જાતે લઈ, સુપડીમાં લઈને પરઠવીશ.

૧૧૨. હું રોજ ગુરુદેવનું પડિલેહણ અવશ્ય કરીશ. ગુરુદેવ ન હોય તો મુખ્યવડીલનું પડિલેહણ અવશ્ય કરીશ.

૧૧૩. હું માત્રાનો પ્યાલો ઢાંકીને જ પરઠવવા લઈ જઈશ.

૧૧૪. હું મારા કાપનું પાણી જાતે લાવીશ. બીજા પાસે મંગાવીશ નહિ કે માંડલીનું પાણી વાપરીશ નહિ.

૧૧૫. હું સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં જ કરીશ.

૧૧૬. હું સવારે પ્રતિક્રમણ કર્યા બાદ ઉંઘીશ નહિ.

૧૧૭. હું રાત્રે સંથારા પોરિસી ભણાવ્યા પછી જ ઉંઘીશ.

૧૧૮. હું દર પંદર દિવસે / મહીને / ચાર મહિને સૂક્ષ્મ આલોચના કરીશ.

૧૧૯. હું મારી માલિકીના પુસ્તકો, એના પોટલા રાખીશ નહિ.

૧૨૦. હું ઉપધિના પોટલા, કબાટ નહિ રાખું.

૧૨૧. હું બે બોલપેન + ૧ પેન્સીલથી વધારે બોલપેન - પેન્સીલ નહિ રાખું.

૧૨૨. હું ૧૫/૨૦ રૂપિયા કરતા વધારે કિંમતની બોલપેન નહિ વાપરું.

૧૨૩. હું રંગબેરંગી પાકિટ નહિ વાપરું.

૧૨૪. હું પાકીટમાં ખાનાઓ નહિ કરાવું.

૧૨૫. હું પાકીટમાં પાટીયાઓ નહિ મૂકાવું.

૧૨૬. હું મારા વસ્ત્રોમાં રંગબેરંગી દોરાઓ નહિ નંખાવું.

૧૨૭. હું ઓઘાનો પાટો (સફેદ અને) કોઈપણ પ્રકારના ભરતકામ=ડીઝાઈનો વિનાનો રાખીશઃ

૧૨૮. હું દાંડા ઉપર કાળો રંગ કે ભૂખરો રંગ નહિ કરાવું. માત્ર દંડા ઉપર પોલીસ કરવાની છૂટ રાખીશ.

૧૨૯. વરસાદ ચાલુ હોય અને સમાધિ ન ટકવાથી ગોચરી વાપરવી પડે તો હું ઉપાશ્રયે ગોચરી નહિ મંગાવું. પણ જાતે ગૃહસ્થોના ઘરોમાં લેવા જઈશ.

૧૩૦. હું શિયાળા અને ચોમાસામાં પાણી ઉકાળવાનો સમય બરાબર પૂછીશ અને એ રીતે ચૂનો નાંખવામાં જાગ્રત રહીશ.

૧૩૧. હું વિહારમાં ચૂનો, સાબુ-સર્ફ, કપડા સુકવવાની દોરી, લૂંછણિયું, પ્યાલો અવશ્ય સાથે રાખીશ.

૧૩૨. હું બાંધેલીદોરી સૂર્યાસ્ત સમયે છોડી જ દઈશ.

૧૩૩. હું ઓઘામાં શુદ્ધ ઉનની દશીઓ રાખીશ.

૧૩૪. હું ઓઘારિયું તથા ઝોળીના ગુચ્છા+પાત્રાસન શુદ્ધ ઉનના રાખીશ.

૧૩૫. હું શુદ્ધ ઉનની કામળી વાપરીશ.

૧૩૬. હું ઓઘા માટેનું પ્લાસ્ટીક સીવ્યા વિનાનું જ વાપરીશ.

૧૩૭. હું પ્લાસ્ટીકના ઘડા અને ટોકસી વાપરીશ નહિ.

૧૩૮. હું ગૃહસ્થના કે સંઘના ધાબડાઓ વાપરીશ નહિ.

૧૩૯. હું લુંછણિયું આગળ-પાછળ બરાબર જોયા પછી, સહેજ ખંખેર્યા બાદ જ વાપરીશ.

૧૪૦. હું ઉંઘતી વખતે મસ્તક નીચે વીંટીયો વગેરે કોઈપણ વસ્તુ રાખીશ નહિ.

૧૪૧. હું લાઈટમાં કે એની પ્રભામાં વાંચન-લેખન કરીશ નહિ.

૧૪૨. હું જેટલા મેડીકલ રિપોર્ટ કઢાવું એટલા આયંબિલ અથવા એના કરતા બમણા બે દ્રવ્યના એકાસણા કરીશ.

૧૪૩. જો મને સ્થંડિલમાં કરમિયા નીકળશે તો એના ઉપર ૪૮ મિનિટ સુધી તડકો ન પડે એમ કરીશ.

૧૪૪. મારા કોઈપણ વસ્ત્રો સુકાઈ જતાની સાથે જ "એનો છેડો પણ ઉડ્યા ન કરે" એની કાળજી કરીશ.

૧૪૫. હું મારા પુસ્તકો, નોટો વગેરેના કાગળો પવનથી ઉડ્યા ન કરે એની પુરતી કાળજી રાખીશ.

૧૪૬. માંડલી વ્યવસ્થાપક મને જે કામ સોંપે એમાં હું કદિ ના નહિ પાડું, શારીરિક મુશ્કેલી હશે તો પણ સ્પષ્ટ ના નહિ જ પાડું.

૧૪૭. હું દર પંદર દિવસે પાક્ષિક અતિચાર, પક્ખિસૂત્ર, અજિતશાંતિ, મોટી શાંતિ, સકલાર્હત્‌નો પાઠ કરીશ.

૧૪૮. હું ખુલ્લા હોલમાં જ બેસીશ. રૂમમાં બેસવું પડે તો પણ બારણું ખુલ્લુ રાખીને બેસીશ.

૧૪૯. હું સાધ્વીજીઓએ લાવેલા ગોચરી-પાણી વાપરીશ નહિ અને મારા ગોચરી-પાણી સાધ્વીજીઓને આપીશ નહિ.

૧૫૦. હું એકલા સાધ્વીજીઓને-એકલા બહેનોને એક ગાથા આપવા જેટલું પણ ભણાવીશ નહિ :

૧૫૧. હું ગોચરી વહોરવા જઈશ ત્યારે કોઈને ધર્મોપદેશ-બાધા આપીશ નહિ.

૧૫૨. હું હાથ દ્વારા ટેબલ-પાટ વગેરે ઉપર સંગીતધ્વનિ ઉત્પન્ન કરીશ નહિ.

૧૫૩. હું ડગડગતા ટેબલ-પાટ નહિ વાપરું, એને સ્થિર કર્યા બાદ વાપરીશ.

૧૫૪. હું બપોરે ગોચરી વાપર્યા બાદ તરત પાત્રાઓ બાંધી લઈશ.

૧૫૫. હું માણસો પાસે પાણીના ઘડા મંગાવીશ નહિ, કોઈ લાવશે તો વહોરીશ નહિ.

૧૫૬. હું આકર્ષક ચશ્માની ફ્રેમ નહિ રાખું અને વધુમાં વધુ બે જ ચશ્માની ફ્રેમ રાખીશ.

૧૫૭. હું વડીલો કરતા ઉંચા આસને બેસીશ નહિ.

૧૫૮. હું ખુરશી પર નહિ બેસું.

૧૫૯. હું ચોમાસા વિના પાટનો ઉપયોગ નહિ કરું.

૧૬૦. હું રોજ સાથે રહેલા તમામ વડીલ સંયમીઓને વંદન કરીશ, રહી જાય તો છેવટે સ્થાપનાજી સામે તેમને વંદન કરી લઈશ.

૧૬૧. હું મારી પ્રશંસા નહિ કરું, થઈ જાય તો બે દ્રવ્યનું એક ટંક કરીશ.

૧૬૨. હું કોઈની પણ નિંદા નહિ કરું, થઈ જાય તો બે દ્રવ્યનું એક ટંક કરીશ.

૧૬૩. હું મારી જાતે મારો કોઈપણ શિષ્ય નહિ બનાવું. ગુરુજી મને જે શિષ્ય કરી આપે એનો જ સ્વીકાર કરીશ. મારી પાસે કોઈપણ મુમુક્ષુ તૈયાર થાય તો "એ મારો શિષ્ય થાય" એવી લેશપણ અપેક્ષા વિના મારા ગુરુજીને જ એ સમર્પિત કરી દઈશ.

૧૬૪. ઉપાશ્રયમાં આવેલા ગૃહસ્થો ગુરુને કે વડીલને મળી લે એ પછી જ એ ગૃહસ્થો સાથે વાતચીત કરીશ.

૧૬૫. મને મળવા આવેલા ગૃહસ્થોને પણ સૌ પ્રથમ ગુરુ / વડીલ પાસે મોકલીશ, પછી જ એમને મળીશ.

૧૬૬. વિજાતીય પરિચય થવાના ભયને લીધે હું ગૃહસ્થોને રક્ષાપોટલીઓ આપીશ નહિ.

૧૬૭. હું ગુરુની રજા વિના વાસક્ષેપ નાંખીશ નહિ.

૧૬૮. મારા કરતા વડીલ સંયમી સાથે હોય તો હું સ્થાપનાચાર્યજી રાખીશ નહિ.

૧૬૯. જે સ્થાનેથી ગૃહસ્થોના ઘરમાં દૃષ્ટિ પડે તે સ્થાને હું બેસીશ નહિ.

૧૭૦. હું સારી ગોચરીની પ્રશંસા કે ખરાબ ગોચરીની નિંદા કરીશ નહિ.

૧૭૧. હું જે ટપાલ લખું એ અને મારી ઉપર જે ટપાલ આવે તે ગુરુ / વડીલને વંચાવીશ - એ પછી જ મોકલીશ / વાંચીશ.

૧૭૨. હું ગૃહસ્થો પાસે સીધી કોઈપણ વસ્તુ મંગાવીશ નહિ, પણ ગુરુ / વડીલ દ્વારા જ એ વસ્તુ મેળવીશ.

૧૭૩. જો મારી નાની કોઈપણ વસ્તુ ખોવાય તો બે દ્રવ્યનું એકાસણું કરીશ અને મોટી કોઈપણ વસ્તુ ખોવાય તો એક આંબિલ કરીશ.

૧૭૪. જો મારાથી કોઈપણ પાત્રુ-ઘડો તુટે તો હું બે દ્રવ્યનું એકાસણું / આંબિલ કરીશ.

૧૭૫. હું પાત્રા-તરપણી નીચે બેસીને જ લુછીશ, ઉભા ઉભા લુછીશ નહિ.

૧૭૬. હું કોઈપણ વસ્તુ ફેંકીશ નહિ કે ઘસડીશ નહિ.

૧૭૭. હું દેરાસરમાં ઓછામાં ઓછી ત્રણ સ્તુતિ ભાવપૂર્વક બોલીશ અને ઉવસગ્ગહરં સિવાયનું કોઈપણ એક સ્તવન ભાવપૂર્વક બોલીશ.

૧૭૮. હું રોજ સંથારો કરતી વખતે દિવસ દરમ્યાનની આરાધના-વિરાધનાઓનો હિસાબ કરીશ.

૧૭૯. હું રોજેરોજના અતિચારો સાંજે આલોચનાબુકમાં નોંધી લઈશ.

૧૮૦. હું નખ સમારીને એને ચૂનામાં ઘસીને પોટલી બનાવી રેતીમાં દાટી દઈશ. પણ ગમે ત્યાં નાંખીશ નહિ.

૧૮૧. શક્યતા હોય તો હું આર્દ્રાનક્ષત્ર સુધીમાં ચોમાસાના સ્થાનની નજીકના ૨૦ કિ.મી.ના સ્થાનમાં પહોંચી જઈશ.

૧૮૨. હું રોજ એક રોટલી / એક ખાખરો સંયોજના કર્યા વિના વાપરીશ.

૧૮૩. હું કોઈપણ સંયમીની વસ્તુ એની રજા લીધા વિના લઈશ નહિ, વાપરીશ નહિ.

૧૮૪. હું રાત્રે ૬/૭ કલાકથી વધારે ઉંઘ લઈશ નહિ.

૧૮૫. મારા ગુરુ આવતા દેખાય કે ઉભા થાય કે તરત હું મારા સ્થાને ઉભો થઈ જઈશ. એમના દર્શન થતાની સાથે જ મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' બોલીશ.

૧૮૬. મારા સ્થાન ઉપર કોઈપણ વડીલ આવે તો હું ઉભો થઈશ અને એમને આસન પ્રદાન કરીશ.

૧૮૭. ગોચરી માંડલીમાં અને પ્રતિક્રમણ માંડલીમાં હું ક્રમ પ્રમાણે જ બેસીશ.

૧૮૮. કોઈપણ સંયમીઓ વિહાર કરીને પધારતા હોય તો જો પહેલેથી સમાચાર મળે તો હું ઓછામાં ઓછો ૧૦૦ ડગલા સામે લેવા જઈશ. દોરી બાંધી આપી એમના વસ્ત્રો સુકવીશ.

૧૮૯. હું સ્ટેપલર વાપરીશ નહિ કે રાખીશ નહિ.

૧૯૦. હું ગમે તેવી ગરમીમાં કોઈપણ વસ્તુને પંખા તરીકે વાપરીશ નહિ.

૧૯૧. હું મારી કોઈપણ વસ્તુ ઉજઈમાં કે કામળીકાળમાં ખુલ્લા આકાશમાં રહેવા દઈશ નહિ.

૧૯૨. હું ગાઢ કારણ વિના કામળી ઓઢીને પણ ઉજઈવાળા સ્થાને કે કામળીકાળમાં ખુલ્લા આકાશમાં નહિ ઉભો રહું.

૧૯૩. જ્યારે ડોળી કે વ્હીલચેરમાં જ બેસીને બધા વિહારો કરવાનો અવસર ઉભો થશે ત્યારે હું સ્થિરવાસ કરીશ.

૧૯૪. હું જાહેરમાં કોઈપણ સંઘ કે ટ્રસ્ટીની વિરુદ્ધમાં બોલીશ નહિ.

૧૯૫. હું મારી માલિકીવાળો ફ્લેટ રાખીશ નહિ.

૧૯૬. હું ક્યાંય શરતી ચોમાસા કરીશ નહિ.

૧૯૭. હું મારા ચાતુર્માસ પ્રવેશમાં કોઈને બોલાવીશ નહિ.

૧૯૮. હું મારા ચાતુર્માસપ્રવેશની કે તપના પારણાદિ અંગેની પત્રિકાઓ છપાવીશ નહિ.

૧૯૯. હું પ્રતિક્રમણમાં સ્પષ્ટ ઉચ્ચાર સાથે **નમોઽસ્તુ વર્ધમાનાય** સ્તુતિ બોલીશ.

૨૦૦. હું પ્રતિક્રમણ બાદ શ્રાવકો પાસે કોઈપણ પ્રકારની સ્તુતિઓ બોલાવવાનો આગ્રહ રાખીશ નહિ કે વધારાની કોઈપણ ક્રિયાનો ઉમેરો કરીશ નહિ.

૨૦૧. હું લીધેલા નિયમો દર પાંચમ-આઠમ-ચૌદશે એકવાર વાંચી જઈશ.

૨૦૨. હું જપ કરવા માટે રેશમી-રંગીન ચોલપટ્ટો, અત્તરાદિ રાખીશ નહિ.

૨૦૩. ઉપાશ્રયમાં જ્યાં સુધી મારા કરતા વડીલ મહાત્માને બેસવાની જગ્યા-ટેબલાદિની જરૂર હોય ત્યાં સુધી હું જગ્યા-ટેબલાદિ લઈશ નહિ.

૨૦૪. હું ઉપાશ્રયમાં બહેનોને કચરા-પોતા કરવા આવવાની ના પાડીશ.

૨૦૫. હું મોડામાં મોડો સૂર્યાસ્ત સમયે તમામ સંયમીઓને વંદન કરવા નીકળી જઈશ. વંદનના ખમાસમણા પંચાંગપ્રણિપાત દઈશ.

૨૦૬. હું ભીંત વગેરેને ટેકો દઈને બેસીશ-કે ઊભો રહીશ નહિ.

૨૦૭. હું ઘડિયાળ રાખીશ નહિ, સેલવાળી ઘડિયાળને અડીશ નહિ, કોઈપણ સ્થાનમાં ઘડિયાળ મૂકાવીશ નહિ.

૨૦૮. હું ઉપાશ્રયમાં મચ્છરો ભગાડવા માટે ધૂપ-ધૂમાડો કરાવીશ નહિ.

૨૦૯. હું ઉપાશ્રયમાં કચરા-પોતા કરાવીશ નહિ. સંયમી નિમિત્તે સંઘ કચરા-પોતા કરાવતો હશે તો એની ના પાડીશ.

૨૧૦. હું મારા નામના પેડ-સ્ટીકરો છપાવીશ નહિ અને રંગબેરંગી-મોંઘા પેડો વાપરીશ નહિ.

૨૧૧. હું ઉપાશ્રયમાં ખીલીઓ નહિ ઠોકાવું.

૨૧૨. હું ઉપાશ્રયમાં કોઈપણ પ્રકારના ફોટાઓ મૂકાવડાવીશ નહિ.

૨૧૩. જે કામ મારાથી થઈ શકે તે કામ હું ગૃહસ્થોને સોંપીશ નહિ.

૨૧૪. હું ગુરુની સહર્ષ રજા વિના કોઈપણ પુસ્તક છપાવીશ નહિ કે મેગેઝીન શરૂ કરીશ નહિ.

૨૧૫. હું કોઈપણ દીક્ષા મહોત્સવ સંઘથી છૂટા પાડીને નહિ કરાવું. તથા એ મહોત્સવની આવક સ્થાનિક સંઘના ટ્રસ્ટીઓને સોંપાવડાવીશ.

૨૧૬. હું ઉભા-ઉભા ગોચરી કે પાણી નહિ વાપરું.

૨૧૭. હું કામળીકાળમાં કામળીની અંદર સુતરાઉ કપડો નાંખ્યા બાદ જ એ કામળી વાપરીશ. સુતરાઉ કપડા વિનાની કામળી નહિ વાપરું.

•

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ
સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

---

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

---

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ,** મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૭૬૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

---

**નોંધ :** પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

# ૧. ચાલો, શાસનની રક્ષા અને પ્રભાવના કરીએ !

જિનશાસનનું એવું તો પ્રચંડ પુણ્ય છે કે તે તે કાળે એને વિશિષ્ટ પુરુષરત્નોની પ્રાપ્તિ થતી જ રહી છે. હજી હમણાં જ ૩૦૦ વર્ષ પૂર્વે અણમોલ, અદ્વિતીય સાધુરત્ન જિનશાસનમાં ચમકી ઊઠ્યું. જેનું નામ હતું **મહામહોપાધ્યાય યશોવિજયજી મ. સાહેબ !** એ રત્નની વિશિષ્ટતા તો જુઓ કે આજે એ રત્ન હાજર ન હોવા છતાં ૩૦૦ વર્ષ પછી પણ એ રત્નોનો વચનરૂપી પ્રકાશ આખાય જિનશાસન ઉપર ફેલાયેલો જોવા મળે છે.

આગમોનું રહસ્ય કાઢીને એમણે એ બધું ભરી દીધું પોતાના ગ્રંથોમાં ! સંસ્કૃત અને ગુજરાતીમાં હજારો કૃતિઓ બનાવીને એમણે આપણને શું નથી આપ્યું એ જ પ્રશ્ન છે. આજે એવી પરિસ્થિતિ સર્જાણી છે કે એમના વચનો શાસ્ત્રવચન તરીકે લગભગ તમામ શિષ્ટ પુરુષો રાખે છે. **"મહોપાધ્યાયજીનું વચન એટલે સર્વજ્ઞતુલ્ય વચન"** એ રીતની પ્રતિભા જિનશાસનમાં એમની ફેલાયેલી જોવા મળે છે.

આજે તેઓશ્રીના જ એક વચનરત્ન ઉપર દૃષ્ટિપાત કરીએ. ૩૫૦ ગાથાના સ્તવનની એક ઢાળમાં તેઓશ્રી ફરમાવે છે કે **અપુનર્બંધકથી માંડીને જાવ ચરમગુણઠાણ, ભાવ-અપેક્ષાએ જિનઆણા, મારગ ભાખે જાણ.**

જિનશાસનનું વિરાટ સ્વરૂપ તેઓએ આમાં દર્શાવ્યું છે.

ભારતના માત્ર ૭૦ થી ૮૦ લાખ જૈનોમાં જ શું જિનશાસન વસેલું છે ? શું જેઓ 'જૈન' નામ ધરાવે છે, જેઓ જૈન કુટુંબમાં જન્મ્યા છે, એ જ બધા જિનશાસનના સભ્યો છે ?

જિનેશ્વરદેવની પૂજા કરે એ જિનશાસનના સભ્યો અને એ સિવાયના તમામ આત્માઓ જિનશાસનની બહાર ! શું આ વાત સાચી છે ?

'જે માત્ર જિનેશ્વરદેવને જ દેવ તરીકે માને તે જ જિનશાસનમાં ગણાય. બાકી બધા જ જિનશાસનથી બહાર ફેંકાઈ ગયેલા જાણવા' આ વાત શું અક્ષરશઃ સાચી છે ?

ભલે, વ્યવહારમાં આ વાત બોલાતી હોય ! ભલે એ વાતો વ્યવહારની દૃષ્ટિએ સાચી પણ હોય ! પણ ઉપાધ્યાયજી તો સો ટચના સોના જેવું વાસ્તવિક તત્ત્વ આપણને બતાવી રહ્યા છે.

સૌ પ્રથમ ટુંકાણમાં જિનશાસનનું સ્વરૂપ સમજી લઈએ.

(૧) કોઈપણ આત્માના જે શુભ અધ્યવસાયો એને મોક્ષ તરફ આગળ પ્રેરતા હોય, તે તમામ શુભ અધ્યવસાયો, આત્માના મોક્ષાનુકૂળ પરિણામો વાસ્તવિક જિનશાસન છે.

(૨) આ શુભ અધ્યવસાયોને ઉત્પન્ન કરવામાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવનારા, દેવાધિદેવે બતાવેલા શુભ આચારો, ક્રિયાઓ, અનુષ્ઠાનો એ પણ વ્યવહારથી જિનશાસન કહેવાય.

હવે આ જ વાતને વિસ્તારથી સમજીએ.

સામાન્યથી એમ કહેવાય કે અપુનર્બંધક અવસ્થાથી જીવનો વિકાસ, મોક્ષ તરફ ગમન પ્રારંભાય છે. (અપુનર્બંધક એટલે જે હવે કદિ એવું ભયાનક પાપ નથી જ કરવાનો કે જેનાથી એ મોહનીયકર્મની સર્વોત્કૃષ્ટ સ્થિતિ બાંધે. બીજી ભાષામાં કહીએ તો (૧) જે પાપ કરે તો પણ તીવ્રભાવે ન કરે, (૨) સર્વત્ર ઉચિતપ્રવૃત્તિનું સેવન કરે, (૩) આ સંસાર ઉપર જેને ઘણો રાગ ન હોય. (મિથ્યાત્વ હોવાથી થોડોક રાગ તો રહેવાનો જ.)

આ પ્રથમ ગુણસ્થાનકે રહેલા અપુનર્બંધક કક્ષાના આત્માઓમાં જે શુભ અધ્યવસાયો પ્રગટે છે, તે જિનશાસનનો પ્રારંભ છે. ત્યારથી માંડીને છેક ચૌદમા ગુણસ્થાને રહેલા અયોગીકેવલીઓમાં જે ચરમ શુક્લ ધ્યાન છે. એ જિનશાસનની પરાકાષ્ઠા છે.

મિથ્યાત્વે રહેલા આત્માઓને પણ ક્યારેક પોતાના પાપો ઉપર ધિક્કાર છૂટે, ક્યારેક ગરીબોને જોઈને કરૂણા પ્રગટે, ક્યારેક સાધુ-સંતોને જોઈને એમના ચરણોમાં આળોટી જવાનું મન થાય, ક્યારેક ભુખે મરતા પશુઓને જોઈને એમને ભોજન કરાવવાનું મન થાય. ક્યારેક આત્મશુદ્ધિ માટે તપ-ત્યાગાદિ કરવાના વિચારો આવે.

આવા તો અબજો પ્રકારના અધ્યવસાયો એવા છે કે જે અધ્યવસાયો એ જીવોના મોહનીય કર્મને નબળું પાડે અને એ જીવો મોક્ષમાર્ગ તરફ આગળ વધે. આ તમામ અધ્યવસાયો એ જિનેશ્વરોની ભાવાજ્ઞા છે. અર્થાત્ એ જ જિનશાસન છે.

સમ્યગ્દષ્ટિ આત્માઓમાં આ જિનશાસન ઘણું સ્પષ્ટપણે જોવા મળે, કેમકે તેઓમાં તો જિનેશ્વરદેવો પ્રત્યેનો અગાધ બહુમાનભાવ, સુગુરુ પ્રત્યેનો અસીમ સદ્ભાવ, શાસ્ત્રોક્ત ક્રિયાઓ પ્રત્યે ખૂબ જ અહોભાવ વગેરે અનેક ગુણો જોવા મળે એટલે તેઓમાં તો જિનશાસન ઘણું સ્પષ્ટ દેખાય.

તો સર્વવિરતિ વગેરે ગુણસ્થાનોમાં તો જિનશાસન પુરબહારમાં ખીલેલું હોય. શું એ ગુણસ્થાનકના આત્માઓની મસ્તી ! શું એમના નિર્મળ પરિણામો ! નીચેના જીવો કરતા અનંત-અનંતગણી આત્મશુદ્ધિના માલિક આ મહાત્માઓમાં રહેલા જિનશાસનને જોઈને તો અંતરથી ઓવારી જવાય !

આમ કોઈ પણ આત્મામાં પડેલો શુભ પરિણામ, નિર્મળ અધ્યવસાય એ પારમાર્થિક જિનશાસન છે.

હવે જુઓ ! આ જિનશાસન તો કેટલું વિશાળ ! ચૌદરાજલોકવ્યાપી છે આ જિનશાસન ! સાતમી નારકીથી માંડીને અનુત્તરવિમાન સુધી સર્વત્ર અપુનર્બંધકો, સમ્યગ્દષ્ટિ મહાત્માઓ ફેલાયેલા છે. એ તમામના આત્મામાં આ જિનશાસન જીવંત છે.

રે ! પોતાના પાપ બદલ ખરો પશ્ચાત્તાપ અનુભવનાર મુસલમાન પણ પરમાર્થથી તો જૈન જ છે. એ આત્મા વ્યવહારમાં ખ્રિસ્તી હોય કે મુસ્લિમ ! બૌદ્ધ હોય કે પારસી ! સ્વામીનારાયણનો ભક્ત હોય કે શિવભક્ત હોય ! એ ગમે તે હોય પણ જો એનામાં માર્ગાનુસારિતા પ્રગટી હોય, જો

એનામાં સાચા અર્થમાં કરૂણા વગેરે કોઈપણ ગુણોનો વાસ્તવિક વિકાસ થયો હોય તો નિશ્ચયથી વીતરાગશાસનનો જ સભ્ય છે. એ જૈન જ છે અને ભવિષ્યમાં એ મહાન જૈન બનશે જ. જેમ ક્રિશ્ચન જીવનશૈલિ અપનાવનારાઓ વ્યવહારમાં જૈન, હિંદુ હોવા છતાં જીવનશૈલિથી ક્રિશ્ચન જ બની ગયા કહેવાય. એમ માર્ગાનુસારી બનેલા આત્માઓ વ્યવહારમાં ગમે તે હોય, પરમાર્થથી તેઓ જૈન છે. શાસનસભ્ય છે.

સાતમી નારકના જે આત્માઓ પોતાના પૂર્વભવોના પાપોને યાદ કરીને ઘોર પશ્ચાત્તાપ કરે છે, અરિહંતોને યાદ કરી ભાવભર્યા વંદન વેદનામાં પણ કરે છે. આજુબાજુના નારકીઓ દ્વારા ઉત્પન્ન કરતા દુઃખોમાં સહનશીલતાને કેળવીને કર્મો ખપાવે છે. કોઈને ય પીડા ન કરવા માટે કટિબદ્ધ બને છે. એ બધાંયના આતમમાં જિનશાસનરૂપી તારલો ટમટમી રહ્યો છે.

તો પછી સતત જિનવચનોનું જ ચિંતન કરવામાં લીન બનેલા, મહાસમ્યક્ત્વી એવા સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની તો વાત જ શી કરવી ?

જિનશાસન ચારેય ગતિમાં છે.

સાચું જિનશાસન આ જ છે. શાસ્ત્રકારો જે જિનશાસનની રક્ષા કે પ્રભાવનાની વાત કરે છે. એનો તાત્પર્યાર્થ તો આ જ શુભ-શુદ્ધ અધ્યવસાયો રૂપી જિનશાસનની જ રક્ષા અને પ્રભાવના કરવાનો છે. વ્યવહારમાં જે જે કાર્યો જિનશાસનની રક્ષા-પ્રભાવનાના કાર્યો તરીકે ઓળખાય છે. તે પણ જો આ વાસ્તવિક જિનશાસનની રક્ષા-પ્રભાવનાનું કારણ બનતા હોય તો જ શાસ્ત્રકારો એ કાર્યોને પ્રશંસનીય ગણે છે.

તમે જ કહો ! દીક્ષા-વર્ષીદાનની શોભાયાત્રા, ભા.સુદ પાંચમની રથયાત્રા, ચૈત્રસુદ તેરસની રથયાત્રા વગેરે જે જે કાર્યો શાસનપ્રભાવનાના કાર્યો તરીકે પ્રસિદ્ધ છે. એ કાર્ય કરવાના દિવસે જ જો દેશના વડાપ્રધાનનું મૃત્યુ થાય અને આખા દેશમાં શોક જાહેર થાય તે દિવસે આ કાર્યો કરાય ખરાં ? શા માટે ન કરાય ? "કરોડો લોકો જિનશાસનની નિંદા કરવા દ્વારા દુર્લભબોધિ થાય" માટે જ ને ? એટલે બીજાઓના પરિણામો દુર્ગતિદાયક બની જાય છે, વાસ્તવિક શાસનને નુકસાન પહોંચે છે. માટે જ આ વ્યવહારમાન્ય શાસનકાર્યો બંધ કરીએ છીએ ને ?

(૧) તો બીજી બાજુ દુકાળમાં સદાવ્રતખાતું ખોલવું, રોગચાળો ફાટી નીકળે ત્યારે જૈનસંઘ તરફથી સારવાર કેન્દ્ર વગેરેની વ્યવસ્થા કરવી, ઠાઠમાઠથી વર્ષીદાનાદિના વરઘોડા કાઢવા આ બધું જ જિનશાસનપ્રભાવનાનું કાર્ય ત્યારે જ કહેવાય છે કે આ બધું જોનારાઓ જિનશાસન પ્રત્યે ખૂબ અહોભાવવાળા બને. આ અહોભાવ એ જ જિનશાસન છે, બોધિબીજ છે. એ અનેક આત્માઓના અનંતસંસારના ક્ષયનું કારણ છે.

ઉપાધ્યાયજી તો વૈરાગ્યકલ્પલતામાં કહે છે કે આ પરમાત્માના સ્નાત્ર મહોત્સવો, રથયાત્રાઓ વગેરે જે ભક્તિથી કરાય છે તે બધા કાર્યો જોનારાઓના આત્મામાં બોધિબીજનું વાવેતર કરતા હોવાથી જ મહાપુરુષો એ કાર્યોને અનુમોદે છે. **बाह्याण्युदाराणि जिनेन्द्रयात्रास्नात्रादि-**

कर्माण्यत एव भक्त्या । बुधैः समालोककलोकबीजाधानावहत्वादुपबृंहितानि ।

હવે જ્યારે આ વાત નક્કી છે કે નિશ્ચયથી શાસન તો જીવોમાં રહેલા મોક્ષમાર્ગને અનુકૂળ શુભ અધ્યવસાયો જ છે. ત્યારે હવે શાસનરક્ષા કે પ્રભાવના કરનારાઓએ આ ઉપયોગ ખાસ મૂકવો પડશે કે, "આપણા કાર્યો સ્વ-પરના આત્મપરિણામોને શુભ-શુદ્ધ બનાવે છે કે નહિ ?" જો બનાવે તો એ કાર્યો કરવા.

જો કોઈપણ કાર્યો કરવાથી સ્વ-પરના અધ્યવસાયો ખરાબ થતા હોય, બગડતા હોય તો એ કાર્યો ન કરવા.

આમ "સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામો (અપુનર્બંધકાદિના પણ) એ નિશ્ચયનયને માન્ય જિનશાસન છે" એ આપણે જોયું.

આ પરિણામોને ઉત્પન્ન કરવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવનારા પરમાત્માએ કહેલા આચારો એ વ્યવહારમાન્ય જિનશાસન છે.

જિનપૂજા, તીર્થયાત્રા, સાધર્મિક ભક્તિ, દીક્ષા, સુપાત્રદાન, ધર્મદેશના, વ્યાખ્યાન શ્રવણ વગેરે વગેરે ઘણા આચારો પ્રભુએ બતાવ્યા છે કે જે આચારો આત્મામાં શુભપરિણામોને ઉત્પન્ન કરે છે, ઉત્પન્ન થઈ ચૂકેલાને વધારે છે અને તેને સ્થિર કરે છે.

એટલે જેઓએ વાસ્તવિક જિનશાસનની રક્ષા-પ્રભાવના કરવી હોય તેઓએ આ તમામ જિનાજ્ઞાઓને વફાદાર રહેવું પડે. એને ખૂબ આદરથી પાળવી પડે. એના માટે શક્ય એટલો ભોગ આપવાની તૈયારી બતાવવી જ પડે.

શાસ્ત્રકારોએ પ્રાવચનિક, વાદી, કવિ, જ્યોતિષી વગેરે આઠ પ્રકારના પ્રભાવકો બતાવ્યા છે. આ બધા પ્રભાવકો પોતાને અને બહુ મોટી સંખ્યામાં અનેક જીવોને ભાવશાસન પમાડતા હોવાથી તેઓ શાસનપ્રભાવક કહેવાય એ સ્વાભાવિક છે.

પણ આગળ વધીને શાસ્ત્રકારો કહે છે કે – **જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ પૂર્વ અનેક. જાત્રાપૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક** – (સમક્તિના સડસઠબોલની સજ્ઝાય)

આ પ્રભાવકોની ગેરહાજરીમાં તીર્થયાત્રા, જિનપૂજાદિ (શ્રાવકો માટે) કરનારા સામાન્ય શ્રાવકો પણ પ્રભાવક તો કહેવાય જ.

હકીકત એ છે કે કો'ક ખૂણામાં બેસીને આત્મમસ્તીમાં લીન બનેલ મહાત્મા પણ એ વખતે પોતાના આત્માને નિર્મળપરિણામની પ્રભાવના કરતા હોવાથી તે પ્રભાવક જ છે. પણ વ્યવહારમાં એ પ્રભાવક કહેવાતા નથી.

વ્યવહારમાં એ જ પ્રભાવક કહેવાય છે કે જેઓ બીજાને પણ પુષ્કળ ધર્મ પમાડે.

આ ભૂમિકા બનાવ્યા બાદ હવે મૂળ વાત પર આવું.

ભારતમાં રહેલા આશરે ૧૦ હજાર સંયમીઓની એ અંગત ફરજ છે કે જે જિનશાસનના પ્રતાપે તેઓ મસ્તીથી જીવે છે, એ જિનશાસનની રક્ષા અને પ્રભાવના કોઈપણ ભોગે કરવી જ રહી.

સાવધાન ! અહીં મારે હજારો લોકોને દેશના આપવા દ્વારા શાસનપ્રભાવના કરવાની વાત નથી કરવી. રખે કોઈ એમ સમજે કે આ દેશના આપવાનો ઉપદેશ અપાઈ રહ્યો છે. ના, બિલકુલ નહિ. એ કામ તો અત્યંત સુપાત્ર વિરલ મહાપુરુષો જ કરી શકે, બધા નહિ.

મારે તો આપણા જીવનમાં પ્રતિપળે વણાઈ ગયેલ શાસનપ્રભાવના અને શાસનરક્ષાની વાત કરવી છે.

જે પળે જે સંયમી પ્રમાદ, આસક્તિ વગેરે દોષોને પરવશ બનીને જિનાજ્ઞાવિરુદ્ધ વર્તન કરી બેસે છે એ સમયે એ સંયમીએ જિનાજ્ઞારૂપી શાસનની રક્ષાને ગુમાવી દીધી ન કહેવાય ?

જરાક દૃષ્ટાંત આપીને સમજાવું.

બે સંયમીઓ પરસ્પર ઝઘડી પડે તો તેઓ 'કલહ ન કરવો' એ રૂપ જિનાજ્ઞાને તોડે છે. આત્મામાં ક્રોધપરિણામ ઉત્પન્ન કરી શુભપરિણામ રૂપ ભાવશાસનને પણ હણે છે. અને બે સંયમીઓને લડતા જોઈ કદાચ દીક્ષા લેવાની ભાવનાવાળા મુમુક્ષુનો ભાવ તુટી જાય, સંસાર તરફ પાછો વળી જાય, બીજા ય ગૃહસ્થો સંયમીઓ પ્રત્યે અસદ્‌ભાવવાળા બને તો એ તમામ જીવોમાં સંભવતા ભાવશાસનનો નાશ કરવાનું પાપ આ બે સંયમીઓને લાગે.

એમ જે સંયમીઓ રોજેરોજ નિષ્કારણ આધાકર્માદિ ગોચરી વાપરે, તેઓ 'નિર્દોષ ગોચરી'રૂપ જિનાજ્ઞાને તોડે છે. પોતાના કોમળ પરિણામ રૂપ ભાવાજ્ઞાને પણ હણે છે અને રોજેરોજ આધાકર્માદિ બનાવવાથી કંટાળેલા ગૃહસ્થો સંયમીસમાજ પ્રત્યે તિરસ્કારવાળા બને તો તેઓના શુભપરિણામોને પણ હણે છે.

આવા તો હજારો પ્રસંગો છે કે જેમાં સંયમી બાહ્ય જિનાજ્ઞારૂપ શાસનની રક્ષા નથી કરતો અને પરિણામે પોતાના અને બીજાના ભાવશાસનને મરણતોલ ઘા મારી દે છે.

અનંતસંસાર પણ વધારી દેવાની શક્તિવાળી આ ભુલ શું નાનકડી કહેવાય ? શું એની ઉપેક્ષા કરી શકાય ? ઉપકારી દેવાધિદેવની જિનાજ્ઞાઓના ભાંગીને ભુક્કા કરવા એ શું કૃતઘ્નતા ન કહેવાય? શું ખાનદાન સંયમીઓ કૃતઘ્ની બની શકે ? બેશક ! ન જ બને.

એને બદલે જો સંયમીઓ પોતાના જીવનમાં પરમાત્માની પ્રત્યેક આજ્ઞાનું શક્તિ પ્રમાણે બરાબર પાલન કરે તો એમને અમાન-સમાન લાભો થાય.

(૧) એ જિનાજ્ઞા રૂપી શાસનની રક્ષા કરવાનો લાભ થાય.

(૨) જિનાજ્ઞા પાળવાથી પોતાનામાં જે શુભ-શુભતર પરિણામો પ્રગટે એનાથી પ્રચંડ પુણ્ય અને પુષ્કળ નિર્જરા પ્રાપ્ત થાય. પોતાના આત્માને જ ભાવશાસનની પ્રભાવના કરવાનો લાભ મળે.

(૩) જિનાજ્ઞાના વિશુદ્ધ પાલક સંયમીઓને જોઈને જોનારાઓ બોલી જ ઉઠવાના. "અહો ! શું આ સંયમી છે ! જિનધર્મના સંયમીઓની સદાચાર-સંપન્નતા તો જુઓ !...." આમ અનેક આત્માઓ જૈનધર્મને, ચારિત્રધર્મને સન્મુખ થાય. તેઓમાં દીક્ષા લેવાના ભાવો ય પ્રગટે. એક સંયમીની વિશુદ્ધ જિનાજ્ઞાને જોઈને અનેક સંયમીઓ પણ એ જ રીતે એ આજ્ઞાને પાળવા માટે

કટિબદ્ધ બને. આમ એ જિનાજ્ઞાનું પાલન ચારેબાજુ પ્રસરતું જાય. જિનાજ્ઞારૂપ શાસનની આ કેવી અદ્ભુત પ્રભાવના ! વળી અનેક આત્માઓમાં શુભભાવો ઉત્પન્ન કરનાર આ સંયમી ભાવશાસનનો પણ પ્રભાવક બને.

જો મન સ્વચ્છ હોય તો આ ગણિત સાવ જ સીધું છે. પ્રત્યેક સંયમી પોતાની તમામ શક્તિ ફોરવીને જિનાજ્ઞાઓને પાળે. એના દ્વારા અનેકોને જિનાજ્ઞા પાળતા કરે. (વગર ઉપદેશે) પોતાના અને બીજાના આત્માઓમાં શુભપરિણામોની ધારાને પ્રગટાવે. અર્થાત્ વાસ્તવિક શાસનની પણ અનેકોને પ્રભાવના કરે.

આ રીતે પોતાનામાં અને બીજાઓમાં શાસનની રક્ષા અને પ્રભાવના કરનાર સંયમી પુષ્કળ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે. આત્મપરિણતિને વિશુદ્ધતમ બનાવી મુક્તિનગરીનો સૌથી નજીક રહેલો મુસાફર બને.

(ર) એટલે જ હવે એ અત્યંત આવશ્યક છે કે પ્રત્યેક સંયમીઓ આત્મ કલ્યાણ માટે અને સાચા પરકલ્યાણ માટે વધુ ને વધુ સારી રીતે જિનાજ્ઞાઓને જીવનારા બને.

પણ અનાદિના સંસ્કારો જિનાજ્ઞા પાળવા દેવામાં ઉપેક્ષા કરાવે એ ય શક્ય છે. એ માટે જરૂર છે, અભિગ્રહોની ! નિયમાવલિની ! સંયમીઓ જો ૨૦૦-૩૦૦ નિયમો દૃઢતાપૂર્વક લઈ લે અને એનું અપૂર્વ વીર્યોલ્લાસ સાથે પાલન કરે તો નિ:સંદેહ બનીને કહી શકાય કે જિનશાસનની રક્ષા અને પ્રભાવના આસમાનને આંબ્યા વિના ન રહે.

એટલે જેઓને શાસનનો રાગ છે, માટે જ જેઓના રૂંવાડે રૂંવાડે શાસન રક્ષા અને શાસનપ્રભાવનાની ભાવના પડી છે. તેઓએ અભિગ્રહો લઈને શાસનના ઋણમાંથી અંશત: પણ મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

•

# ૨. આ ક્રિયોદ્ધાર નથી

ક્યારેક સગા કાને સાંભળવા મળે છે કે કો'ક સંયમી લાખો રૂપિયા દેરાસરના નામે ભેગા કરીને, દીક્ષા છોડીને ભાગી ગયો. અને અંતરમાં દાહ ઉપડે છે. "ઓ ભગવાન ! જિનશાસનના સંયમીના નામે આવી અવહેલના !"

ક્યારેક જાણવા મળે છે કે 'લાખો લોકો જે છાપાઓ વાંચે છે, એ છાપાઓમાં જૈન સંયમીના કૌભાંડના સમાચારો પાના ભરી ભરીને છપાયા છે.' અને આંખમાંથી ટપક ટપક આંસુ ટપકે છે. લાખો લોકો આ વાંચીને જિનશાસનને કેવી ગાળો દેશે ? પરમકૃપાળુ પરમાત્મા મહાવીરદેવના અદ્વિતીય શાસનને કેવું કાળું કલંક લાગશે ? એ લાખો લોકો નિંદાઓ કરી કરીને કેવા દીર્ઘસંસારી બનશે ? અનંતાનંત ઉપકારી એવા "પ્રભુવીર અને વીરશાસન" આ બેયની હીલના શું અમે ન અટકાવી શકીએ ?

કો'ક અત્યંત ધર્મિષ્ઠ શ્રાવક કહી જાય છે કે 'હવે મેં જૈન સાધુઓ પાસે જવાનું લગભગ બંધ કર્યું છે કેમકે જ્યાં જાઉં છું, ત્યાં બધા જ સાધુઓ પોત-પોતાના પ્રોજેક્ટ માટે માત્ર પૈસા જ માંગે છે. અમારા આત્મવિકાસની તો કોઈ પૃચ્છા પણ કરતું નથી. શું અમે શ્રીમંત છીએ, એ અમારો ગુન્હો છે ? સાધુઓ પાસે જઈને એમના પ્રત્યે તિરસ્કાર જ થવાનો હોય તો બહેતર છે કે ઘરે રહીને શક્ય એટલી આરાધના કરવી." અને આ સાંભળતાં જ હૃદયમાં આંચકો લાગે છે. શું મારી શ્રમણસંસ્થાની આ દશા છે કે જેના કારણે સુશ્રાવકો પણ અધર્મ પામે ?

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જૈન સાધુ-સાધ્વીજીઓ વિરુદ્ધ ઘણા કેસ નોંધાયા છે કે 'તેઓ ગમે ત્યાં માત્રુ-સ્થંડિલ પરઠવી ગયા છે.' આનો શું જવાબ દેવો ?

સુરતમાં આ જ લઘુનીતિ-વડીનીતિ માટે મુસલમાનોએ સંયમીઓને ગાળો દીધી. શું કરવું ?

મોટા શહેરોમાં સંયમીઓના કુલ ૫૦૦ થી ૬૦૦ પોતાની માલિકીના ફલેટો છે. જ્યાં વર્ષોથી સંયમી રહે છે અને કેટલાક શ્રાવકો અનિચ્છાએ, મોઢું મચકોડીને એમને સાચવે છે. કોને કહેવું ?

સંયમીઓને ઘરે વહોરવા આવતા જોઈને ખુલ્લા બારણાઓ પણ હવે જૈનો ય બંધ કરવા લાગ્યા છે. એવા પ્રસંગો સાંભળીને શું હૈયું ન કંપે ?

આવી તો સેંકડો ન કહી શકાય એવી બાબતો છે. નથી કોઈ સંઘાધિપતિ ! નથી કોઈ આ બધાને અટકાવનાર મહાપુણ્યવાન યુગપ્રધાન ! આ ભયંકર કાળની કેવી ભયંકર લપડાક છે, આપણને !

ભલે આ સંયમીઓની શિથિલતા માત્ર ૧૦ થી ૨૦% જ હોય. પણ મોટા સફેદ વસ્ત્રમાં નાનકડો પણ કાળો ડાઘ હોય તો એ જ નજરમાં આવે અને બાકીની સફેદાઈ તરફ લક્ષ્ય ન જ જાય. એમ આ શિથિલતાઓ કદાચ ઓછી હોય તો ય એવી છે કે જે આંખે ઊડીને વળગે છે અને માટે જ તેનો કોઈ ઉપાય શોધવો જ રહ્યો.

શ્રમણ ભગવાન મહાવીરદેવના ૨૫૦૦ વર્ષના શાસનકાળ દરમ્યાન જિનશાસનની ઘણી ચડતી-પડતીઓ થઈ છે. એમાં તે તે કાળે તે તે મહાપુરુષોએ શાસનનું અહિત થતું અટકાવવા નિયમાવલિઓ

બનાવી જ છે. જે પટ્ટકના નામથી ઓળખાય છે. જે જે કાળમાં જે જે શિથિલાચારો શાસનને નુકસાન કરનારા ઉત્પન્ન થયા. તે તે કાળે તે તે શિથિલાચારોને દૂર કરવા મહાપુરુષોએ સંયમીઓ માટેના નિયમો ઘડી કાઢ્યા. (જુઓ, પુસ્તક-**સામાચારી પટ્ટક સંગ્રહ**) અને તમામ સંયમીઓમાં એ નિયમો ફરજિયાત પળાવીને શાસનરક્ષા કરી, શાસનની અમૂલ્ય પરંપરાને જીવંત રાખી.

એમાં પૂજ્યપાદ આચાર્ય શ્રી સોમસુંદરસૂરિ કૃત **સંવિગ્નસાધુ યોગ્ય કુલક** ખૂબ જ સુંદર છે. એમાં તેઓશ્રીએ ગાથા રૂપે અનેક નિયમો ગુંથી કાઢ્યા છે. એ બધા નિયમો બતાવ્યા બાદ તેઓશ્રી જણાવે છે કે

**संपइकाले वि इमे काउं सक्के करेइ णो नियमे ।**

**सो साहुत्तगिहित्तणउभयभट्ठो मुणेयव्वो ॥**

**અર્થ :** મેં જે નિયમો બનાવેલા છે એ વર્તમાનકાળમાં પણ પાળવા શક્ય છે. આમ છતાં જે સંયમીઓ આ નિયમોને નહિ પાળે તે સાધુપણાથી અને શ્રાવકપણાથી ઉભયથી ભ્રષ્ટ જાણવો. (શ્રાવક તો એ છે જ નહિ અને સાધુપણાના નિયમો પાળતો ન હોવાથી એ સાધુ પણ નથી.)

તેઓશ્રી કહે છે કે –

**दुब्बलसंघयणाण वि एए नियमा सुहावहा पायं ।**

**किं चि वि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं ॥**

આ કાળમાં જેઓ દુર્બળ સંઘયણવાળા છે. તેઓ માટે પણ મેં બનાવેલા નિયમો પ્રાયઃ સરળ જ છે. પણ એક શરત છે કે 'સંયમીએ જ્યારે સંસાર છોડ્યો ત્યારે એની પાસે સાચા અર્થમાં પણ કંઈક વૈરાગ્ય હશે તો જ એ આ નિયમોને પાળશે. એને જ આ નિયમો સહેલા લાગશે.'

આમ કહીને તેઓ ગર્ભિત રીતે એમ કહે છે કે 'જે સંયમીઓ આ નિયમો પાળવા તૈયાર ન થાય. તેઓ વૈરાગ્યહીન જાણવા.'

અલબત્ત, આજે તો એ કુલક બન્યાને પણ કેટલીય સદીઓ વીતી ગઈ. એટલે અત્યારે એ કુલકના નિયમો લેવા શક્ય ન પણ બને. છતાં વર્તમાન પરિસ્થિતિમાં આ કાર્ય તો અત્યંત આવશ્યક બની જ ગયું છે કે ૨૦૦ થી ૩૦૦ નિયમો બનાવવામાં આવે. એની વિસ્તૃત માહિતી પ્રત્યેક સંયમીઓને આપવામાં આવે. એ પછી સંયમીઓ જેટલા નિયમ લઈ શકે એટલા લે. છેવટે એ પણ લાભમાં જ છે.

મહામહોપાધ્યાયજીના કાળમાં પૂ.પંન્યાસ સત્યવિજયજી મ.એ ક્રિયોદ્ધાર કરેલો. એમાં ઉપાધ્યાયજી મ. પણ સાથે હતા. પણ આજે એવા મહાપુરુષો હાજર ન હોવાથી એવો ક્રિયોદ્ધાર તો કોણ કરી શકે? એટલે આ નિયમાવલિ જે હું લખી રહ્યો છું. એ કંઇ ક્રિયોદ્ધાર નથી. એ તો માત્ર સંયમીઓને બોધ આપવા માટે જ છે કે 'સંયમીઓએ આ નિયમો પાળવા જોઈએ.' "કોણે કેટલા પાળવા ?" એ તો સંયમીઓ જ નક્કી કરે. એમાં દબાણ શી રીતે કરાય ?

વળી એ વાત ધ્યાનમાં રાખવી કે આ જે કોઇ નિયમો બતાવું છું. 'એ બધા જ હું પાળું છું.' એવું કોઈ ન સમજી બેસે. કેટલાંક નિયમો હું ખુદ પણ નથી પાળતો. પણ હું નથી પાળતો એટલે મારે એ

સાચી વાત બીજાઓને પણ ન કરવી ? સંવિગ્નપાક્ષિકો શિથિલાચારી હોવા છતાં શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરે જ છે. અને એના જ કારણે શિથિલાચારી હોવા છતાં આત્મકલ્યાણ સાધે છે. એમ આજે સંવિગ્નપાક્ષિકની જેમ હું બધા નિયમો પાળતો ન હોવા છતાં પણ એ વાસ્તવિક હકીકતો સંયમીઓ સામે રજુ કરું છું. જેઓની જેટલી ભાવના-શક્તિ હશે, તેઓ એટલા નિયમ સ્વીકારશે. જેનાથી ઘણા ય ને ઘણો જ ફાયદો થશે.

કોઈ એવું પણ ન સમજી બેસે કે, "મારા શિષ્યો આ બધા નિયમ પાળતા હશે." આ બધું વાંચ્યા પછી મારા શિષ્યોમાં પણ જેઓને જેટલી ભાવના થશે તેઓ તેટલા નિયમો સ્વીકારશે.

એટલે દરેક સંયમીઓ આ વાત ધ્યાનમાં રાખે કે આ નિયમો એ ક્રિયોદ્ધાર નથી. પણ 'સંયમજીવન શું હોઈ શકે ? સંયમજીવન કેવું હોવું જોઈએ ? વર્તમાનકાળની વિષમ પરિસ્થિતિઓમાં સંયમીઓએ ઓછામાં ઓછું પણ કેટલું સુંદર જીવન જીવવું જોઈએ ?' એની ખબર પ્રત્યેક સંયમીને પડે એ માટે આ નિયમાવલી બનાવી છે.

આ નિયમાવલી વર્તમાનકાળની વિષમ પરિસ્થિતિને નજર સામે રાખીને બનાવી છે. એટલે એમાં અપવાદરૂપે પણ કેટલાંક નિયમો હશે, એ સૌ કોઈ ધ્યાનમાં રાખે. દા.ત. **"પોણા ચેતનાથી વધારે દૂધ ન વાપરવું"** આ નિયમમાં ગર્ભિત રીતે પોણો ચેતનો દૂધ વાપરવાની છુટ છે. શાસ્ત્રમાં તો દૂધ વાપરવાનો નિષેધ છે. તો આ અનુમતિ શી રીતે અપાય ? પણ હકીકત એ છે કે આમાં પોણો ચેતનો દૂધ પીવાની છૂટ ઉપર ભાર નથી. એનાથી વધારે દૂધનો ત્યાગ કરવાની વાત ઉપર ભાર છે. આ બધા ખુલાસા તે તે નિયમોના વિવેચનમાં કરીશ. ટૂંકમાં કેટલાંક નિયમો એવા હશે કે જેમાં મોટા શિથિલાચારને અટકાવવા માટે ગર્ભિત રીતે નાના શૈથિલ્યની અનુમતિ હશે. પણ એમાં બધો ભાર તો મોટા શિથિલાચારના ત્યાગ ઉપર જ સમજવો.

આ તમામ નિયમો એવા છે કે જેમાં કોઈપણ સમુદાયને વિરોધ ન આવે. અર્થાત્ જે નિયમો પ્રત્યેક સંયમીને લાગુ પડે જ, એવા આ નિયમો છે. એટલે સામાચારીભેદ હોય તો ય આ નિયમો લેવામાં કોઈને મુશ્કેલી નહિ પડે. જરૂર પડશે માત્ર સત્ત્વની ! વીર્યોલ્લાસની ! સંયમજીવન સુંદરતમ જીવવાની નિર્મળ ભાવનાની ! એ હશે તો આ નિયમો સહેલાઈથી પાળી શકાશે.

**અત્યંત મહત્ત્વની વાત એ કરી લઉં કે આ નિયમો દરેક સંયમીએ પોતાના આત્મકલ્યાણની એકમાત્ર ભાવનાથી કરવાના છે. એટલે જે સંયમીઓ આ નિયમો ન લે, ન પાળે એમના પ્રત્યે લેશ પણ તિરસ્કારભાવ ન જ થવો જોઈએ. એમની નિંદા સ્વપ્નમાં પણ ન જ થવી જોઈએ. જો નિયમધારી સંયમીઓ નિયમ વિનાના બાકીના સંયમીઓનો તિરસ્કાર કે નિંદાદિ કરશે, તો એ નિયમધારી સંયમીઓ પુષ્કળ આત્મ-અહિત પામશે એ નિશ્ચિત હકીકત છે.**

ગુણાનુરાગકુલકમાં કહ્યું છે કે –

**पासत्थाइसु अहुणा संजमसिढिलेसु मुक्कजोगेसु । नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे ।**

**અર્થ :** વર્તમાનકાળમાં સંયમમાં શિથિલ, સંયમયોગોને છોડી ચૂકેલા પાર્શ્વસ્થાદિની (અહીં

અત્યારે પાંચ મહાવ્રતોમાં ગરબડવાળા માટે વાત સમજવી). સભાની વચ્ચે નિંદા ન કરવી કે એમની પ્રશંસા પણ ન કરવી.

**काऊण तेसु करूणं, जइ मन्नए तो पयासए मग्गं । अह रुसई, तो नियमा न तेसिं दोसं पयासेइ ।** તે શિથિલો ઉપર કરુણા કરવી. અને જો એમ લાગે કે તેઓ આપણી વાત માનશે તો એમને સાચી વાત સમજાવવી. પણ એમ કરવા જતાં જો એ શિથિલો ક્રોધે ભરાતા હોય તો ચૂપ રહેવું. પણ બધે એમના દોષો કહેતા ન ફરવું.

વળી કાળના પ્રભાવે પ્રાયઃ તમામ સંયમીઓમાં નાની મોટી શિથિલતાઓ તો છે જ. એટલે આવી પરિસ્થિતિમાં આ નિયમોને ન પાળનારાઓની નિંદા કરવી એ તો અપરિપક્વતા, અહંકારદોષની નિશાની ગણાય.

•



# ૩. દોષોની ચંડાળ ચોકડી

## (આજ્ઞાભંગ+અનવસ્થા+મિથ્યાત્વ+વિરાધના)

ઉપદેશમાળામાં તદન વાસ્તવિક હકીકત પ્રગટ કરતા કહ્યું છે કે **अवि नाम चक्कवट्टी चइज्ज सव्वंपि चक्कवट्टीसुहं । न य ओसन्नविहारी दुहिओ ओसन्नयं चयइ ।** ચક્રવર્તી પોતાના તમામ ચક્રવર્તીસુખોને છોડીને દીક્ષા લેવા તૈયાર થાય એ હજી બને. પણ દીક્ષા લીધા બાદ શિથિલ બની ચૂકેલા સંયમીઓ એ શિથિલતાઓ છોડવા તૈયાર ન થાય.

કેટલું નગ્ન સત્ય ! જાતને તપાસીએ તો સ્પષ્ટ દેખાય છે કે જે શિથિલતાઓ જીવનમાં ઘુસી છે, એને છોડી દેવા માટે મન કેમે ય તૈયાર થતું નથી. બધા ઉપદેશો, બધું શાસ્ત્રજ્ઞાન, બધી ભક્તિ અહીં નકામી બની જાય છે. નવકારશી, વિગઈ સેવન, અંધારાના વિહારો, બપોરે ઉંઘવું વગેરે વગેરે કેટલીય બાબતો એવી છે કે જેને છોડવા, છોડવાનો પ્રયત્ન કરવા પણ મન તૈયાર થતું નથી.

આવી પરિસ્થિતિમાં આ નિયમો વાંચ્યા પછી પણ મન તો એ નિયમો લેવાની ના જ પાડશે. "આટલા વર્ષોથી નિયમ વિના જ જીવ્યા છીએ. છતાં ક્યાં તકલીફ પડી છે ? તો હવે આ નિયમો લઈને ક્યાં હેરાન થવું ?" એવી ગૂઢ નાસ્તિકતા મનમાં પડેલી છે જે મોહનીયના ક્ષયોપશમ વિના જણાતી પણ નથી.

સંયમજીવનના ઘણા પુસ્તકો વાંચ્યા. ઘણી વાચનાઓ સાંભળી. ઘણા શાસ્ત્રો વાંચ્યા અને વંચાવ્યા. છતાં જીવનમાં પેસી ગયેલા શિથિલાચારો છોડવા શક્ય હોવા છતાં પણ આ જીવે છોડ્યા નથી એ બધાની પાછળ ઐહિક સુખશીલતાની ભયંકર ગુલામી જ નજરે ચડે છે. "પરલોક છે કે કેમ ?" એવી નાસ્તિકતા જ મનમાં સંતાકુકડી રમતી દેખાય છે. "આ લોક મીઠાં, તો પરલોક કોણે દીઠાં ?" એવી હળાહળ મિથ્યાત્વથી ભરેલી માન્યતાએ મન ઉપર કાબુ જમાવી દીધો હોય એમ દેખાય છે.

આ બધી પરિસ્થિતિમાં શી રીતે નિયમ લેવાનો વીર્યોલ્લાસ પ્રગટે ? એ પ્રશ્ન તો છે જ. એટલે એ બતાવવું આવશ્યક થઈ પડ્યું છે કે આ નિયમો ન પાળવામાં કેટલા ભયંકર દોષો લાગે છે. એ જાણ્યા પછી કદાચ વીર્યોલ્લાસ પ્રગટી જાય તો આતમની મુક્તિના ભણકારા ય વાગવા મંડે.

**(અ) આજ્ઞાભંગ :** આ પ્રત્યેક નિયમો સર્વજ્ઞ ભગવંત મહાવીરદેવની પવિત્ર આજ્ઞા સ્વરૂપ છે. જો નગરના રાજાની આજ્ઞા ન માનીએ તો મરણ સુધીના વિપાકો ભોગવવા પડતા હોય તો ત્રિલોકગુરુની આજ્ઞાની ઉપેક્ષા કરનારની શી હાલત થાય ?

જેઓ આ નિયમો ન પાળે, તેઓ આજ્ઞાભંગ નામના મોટા દોષના ભાગીદાર બને છે. જીવહિંસા કરતા પણ આજ્ઞાભંગનું પાપ શાસ્ત્રકારોએ મોટું ગણ્યું છે. એકાદ કીડી મરે તો એમાં નાનું પ્રાયશ્ચિત્ત, પણ ક્યાંય પણ આજ્ઞાભંગ કરો તો એકેય જીવ ન મરે તો ય મોટું પ્રાયશ્ચિત્ત આવે. દા.ત. નીચે જોયા વિના ચાલીએ, તો આ આજ્ઞાભંગ કર્યો કહેવાય, એનું મોટું પ્રાયશ્ચિત્ત આવે. એ વખતે કીડી મરે તો એનું પ્રાયશ્ચિત્ત નાનું આવે.

એટલે કોઈપણ નિયમનો પ્રમાદ, આસક્તિ વગેરે દોષોના કારણે સ્વીકાર ન કરો કે સ્વીકાર્યા બાદ ભંગ કરો તો આજ્ઞાભંગ દોષ લાગે જ.

ખાનદાન આત્માઓ વર્તમાન ગુરુની આજ્ઞાને પણ ભાંગી નાંખવા જો તૈયાર ન થાય તો ત્રિલોકગુરુની આજ્ઞાનો ભંગ કરવા શી રીતે તૈયાર થાય ?

(બ) **અનવસ્થા :** મારી દૃષ્ટિએ ચારે ય દોષોમાં આ દોષ સૌથી વધુ નુકશાનકારી છે, કેમકે તે અનેકોને નુકશાન પહોંચાડે છે. અતિદીર્ઘકાળ સુધી નુકશાન પહોંચાડે છે.

એક સંયમી કોઈક દોષ સેવે અને જો એને કોઈ ન અટકાવે, તો ધીમે ધીમે બીજા સંયમીઓ પણ એનું દોષસેવન જોઈને ધીમે ધીમે એ દોષ સેવતા થાય. આમ બધા સંયમીઓ દોષસેવી બને. પરમાત્માની આજ્ઞા મૂળથી જ વિચ્છેદ પામે. આગળની પેઢીમાં તો એ આજ્ઞાની જાણકારી સુદ્ધાં પણ ન રહે.

આજે લગભગ ૧૦,૦૦૦ સંયમીઓમાં સંયોજના વિના (રોટલી+શાક, રોટલી+દાળ, દાળ+ભાત વગેરે દ્રવ્યોનો સંયોગ કર્યા વિના જ બધા દ્રવ્યો સ્વતંત્ર એક-એક જ ખાવા એવી પ્રભુની આજ્ઞા છે.) ગોચરી વાપરનારા શું ૧૦૦ સંયમી પણ મળે ખરા ? મોટો ગણાતો એવો પણ આ દોષ આજે ૯૦ થી ૯૫% સંયમીઓમાં ફેલાઈ ગયો. હાલત તો એ થઈ કે, ન રહ્યો એ દોષનો ડંખ, ન રહ્યા એ દોષ બદલ પશ્ચાત્તાપના આંસુ ! બધા ય દોષ સેવે એટલે એ દોષ કોઈને દોષ લાગતો જ નથી. રોજે રોજ આ મોટા દોષથી સંયમ મલિન બને છે.

પણ આ દોષ આટલો બધો વ્યાપક કેમ બન્યો ? એનું કારણ શોધશો તો એવું જ લાગશે કે આ અનવસ્થાએ કાળો કેર વર્તાવ્યો છે.

તે આ પ્રમાણે –

ઓઘનિર્યુક્તિમાં લખ્યું છે કે "ગચ્છના જે સાધુ સંયોજના કરીને વાપરતા હોય એમની વધી પડેલી ગોચરી બીજા કોઈપણ સાધુઓએ ન ખપાવવી. જો કોઈ ખપાવે, તો આચાર્ય બે ય જણને સખત ઠપકો આપે. ગચ્છમાંથી બહાર કાઢી મૂકે. જો બે ય જણ પશ્ચાત્તાપ કરી ફરી એવી ભુલ ન કરવા માટે કટિબદ્ધ બને તો પ્રાયશ્ચિત્ત આપીને ગચ્છમાં રાખે."

સંયોજનાદોષ આટલો બધો ભયંકર ગણાતો કે જેના કારણે સાધુઓને ગચ્છમાંથી કાઢી મૂકવા સુધીની શિક્ષા થતી.

પણ કાળદોષને હિસાબે એવું બન્યું હશે કે, એક સાધુ સંયોજનાપૂર્વક વાપરતો હોવા છતાં ગુરુએ એને શિક્ષા નહિ કરી હોય એટલે ધીમે ધીમે બીજા સાધુઓ પણ વાપરતા થઈ ગયા હોય. અને વર્ષો પછી એવી પરિસ્થિતિ ઉભી થઈ કે 'સંયોજના એ દોષ છે' એ જિનાજ્ઞા જ જાણે કે અલોપ થઈ.

આ તો માત્ર એક દૃષ્ટાન્ત આપ્યું. આવી સેંકડો બાબતો આજે જોવા મળશે. રોજ વિગઈઓ વાપરવાનું લગભગ સામાન્ય થઈ ગયું. અંધારાના વિહારો વ્યાપક બન્યા. ઈલેક્ટ્રીક ઘડિયાળો સંયમીઓને દીક્ષાના પ્રથમ દિવસથી જ ઉપધિ તરીકે અપાવાની પણ શરૂઆત થઈ ગઈ. દર ત્રણ-ત્રણ દિવસે કે ૭ દિવસે કાપ કાઢી કાઢીને ધોળા-ધબ કપડા પહેરવા એ સાવ સામાન્ય બાબત બની ગઈ.

વિહારમાં માણસ રાખવો, એની પાસે જ બધો સામાન ઉંચકાવવો વગેરે ચારેબાજુ ફેલાવા માંડ્યું. વ્હીલચેર વાપરવાનો ક્ષોભ નષ્ટ થયો અને કોઈ કારણ વિના પણ વ્હીલચેરના વિહારો ખૂબ વધી ગયા. છાપાઓનું વાંચન શાસ્ત્રસ્વાધ્યાય કરતા પણ વધારે આદરણીય બન્યું. મોંઘીદાટ વસ્તુઓનો વપરાશ સંયમીઓ માટે શોભરૂપ બનવા લાગ્યો. ગૃહસ્થોનો પરિચય તો એટલો બધો વધ્યો કે સંયમીઓ પ્રત્યેના વાત્સલ્ય કરતા ગૃહસ્થો પ્રત્યેનું વાત્સલ્ય અનેકગણું દેખાવા લાગ્યું.

આવી કેટલી બધી બાબતો કોણ નથી જાણતું ? આ બધું જ **અનવસ્થા** દોષનું તોફાન છે. આ દરેક દોષની સૌ પ્રથમ શરૂઆત કરનાર કો'ક સંયમી તો હશે જ ને ? કે જેના પૂર્વે કોઈએ પણ એ દોષ નહિ સેવ્યા હોય અને એ સંયમી દોષ સેવતો થયો હોય. અને છતાં દંડ લીધો ન હોય એટલે પછી ધીમે ધીમે બીજાઓ પણ એ દોષો સેવતા થયા હશે. કોઈ એમને અટકાવી નહિ શક્યું હોય. એ રીતે એ દોષોના સેવનનો વિસ્તાર થતો જ ગયો અને આજે એ દોષો એવા તો ઘર કરી ગયા છે કે નૂતન દીક્ષિતો તો એને પોતાનો આચાર જ સમજે છે. એને દોષ માનતા જ નથી.

બોલો તો ખરાં, એકલા ગોચરી જવું, રે ! સાધ્વીઓમાં બે જણ ભેગા ગોચરી જાય એ પણ જિનાજ્ઞાવિરુદ્ધ છે એવી ખબર બધાને છે ખરી ?

'એકાસણામાં દૂધ વાપરવું એ પણ શાસ્ત્રાજ્ઞા તો નથી જ' (ભલે, કદાચ અપવાદે વાપરતા હોઈએ) એવો ઉપયોગ બધા ય સંયમીઓને છે ખરો ?

'ઘડિયાળના વપરાશમાં તેજસ્કાય અને વાયુકાયની વિરાધના છે' એવું તમામ સંયમીઓ જાણે છે ?

'ગોચરીમાં દૂધમાં ખાંડ નંખાવીએ કે વહોરેલી રોટલી ઉપર ઘી નંખાવીએ કે ઘી-ગોળ ભેગા કરીએ એ બધું જિનેશ્વરદેવોને માન્ય નથી.' એવું બધા જાણે છે ?

આ બધા દોષો વર્ષોથી એવા તો ઘર કરી ગયા છે કે એ દોષોનો દોષ તરીકે ખટકો તો દૂરની વાત રહી, દોષ તરીકેનો બોધ પણ દુર્લભ બન્યો.

આ કેટલું બધું નુકસાન ! અનંતાનંત કર્મોનો ક્ષય કરી આપવા માટે સમર્થ એ જિનાજ્ઞાઓ અનવસ્થાના કારણે લગભગ જડમૂળથી ઉખેડાઈ ગઈ. જે સંયમીના શિથિલાચારને કારણે આ અનવસ્થા ફેલાઈ હશે એને કેટલું પાપ લાગે ? લાખો-કરોડો જીવોમાં થનારું જિનાજ્ઞાપાલન આ સંયમીના શિથિલાચારને કારણે અટકી પડ્યું. કરોડો આત્માઓએ અનંત નિર્જરા ગુમાવી. શિથિલાચારને વશ થઈને અનંત કર્મો બાંધ્યા. અરેરે ! શું દશા થાય એ સંયમીની કે જેના કારણે આ બધી અનવસ્થા ફેલાઈ?

જે ગ્રુપમાં બપોરે ઉંઘનારાને એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત અપાતું એ ગ્રુપમાં કેટલાંક સંયમીઓ કાયમી બપોરે ઉંઘતા થયા, પ્રાયશ્ચિત્ત છોડી દીધા અને ઘણાં ય સંયમીઓનું બપોરે ઉંઘવાનું કાયમ થઈ ગયું.

જે ગ્રુપમાં કોઈ સાધુ ફોન તો શું ? પણ ટપાલ સુદ્ધાં ય લખતા નહિ એ ગ્રુપમાં કેટલાંક સંયમીઓના કારણે ફોન, ફેક્સ વગેરે પુષ્કળ પ્રમાણમાં શરૂ થઈ ગયા.

જે ગ્રુપોમાં વિજાતીયનો પડછાયો પણ લેવાતો ન હતો, એ ગ્રુપોમાં વિજાતીય સાથે કલાકો સુધીની વાતચીતો પણ શરૂ થઈ.

અતિભયાનક નિષ્ઠુરતા છે આ ! કે આપણા દ્વારા ઊભી થતી અનવસ્થા સામે ઘોર ઉપેક્ષા કરી જેમ તેમ જીવન જીવવું. આ રીતે શિથિલ આચાર પાળવા દ્વારા સંયમી પોતાને તો નુકશાન પહોંચાડે જ છે, પણ એ સાથે સેંકડો, હજારો કદાચ લાખો, કરોડો લોકોને દુર્ગતિની પ્રભાવના કરી દે છે.

હવે તો પ્રત્યેક સંયમીએ આ વિચારવું જ પડશે કે "મારી કોઈ પણ પ્રવૃત્તિ એવી તો નથી ને? કે જેની બીજાઓ ઉપર ખોટી અસર પડતી હોય. બીજાઓમાં પણ મારા ખોટા આચારના સંસ્કારો પડતા હોય." જો એવું દેખાય તો વહેલી તકે એ આચારથી પાછા હટીને પોતાને અને બીજાઓને પણ બચાવી લેવા જોઈએ.

કદાચ શારીરિક નબળાઈ વગેરે કારણોસર એ દોષ સેવવો અનિવાર્ય હોય તો એ દોષ એ રીતે જ સેવવો જોઈએ કે જેથી કોઈને પણ એના ખોટા સંસ્કારો ન પડે. દા.ત. કોઈક સંયમીએ શારીરિક કારણોસર રોજ દૂધમાં ઘી નાંખીને લેવું પડતું હોય તો એ બીજા અપરિપક્વ સંયમીઓને ખબર જ ન પડે એ રીતે ઘી લઈ લે. કદાચ ખબર પડે તો એ સંયમી વેદના સાથે કહે કે, "આ ભયંકર દોષ છે. મારે ગાઢ કારણોસર જ આ પાપ સેવવું પડે છે. મહેરબાની કરીને તમે આ દોષ ન સેવશો. નહિ તો તમને પુષ્કળ નુકશાન થશે."

આ રીતે કે બીજી કોઈ પણ રીતે અનવસ્થાદોષને અટકાવે.

અનવસ્થા અટકાવવાનો સીધો ઉપાય તો આ જ છે કે સંયમી સ્વયં એ દોષ સેવવાનું જ છોડી દે. દા.ત. કોઈક ગુરુ શ્રાવિકાઓ સાથે ઘણીવાર વાતચીત વગેરે કરતા હોય તો એમના શિષ્યોમાં પણ આ દોષ ઘુસી જવાની પાકી શક્યતા છે. હવે ગુરુ જો શિષ્યોમાં આ દોષ ઘુસતો અટકાવવા માંગતા હોય તો સરળ માર્ગ આ જ છે કે તેઓ પોતે જ બહેનો સાથેના પરિચયનો સંપૂર્ણ ત્યાગ કરે. એ પછી શિષ્યોમાં એ દોષ પેસી જવાનો ભય ન રહે. એવું દરેક બાબતમાં સમજવું.

પણ અપવાદ માર્ગે આધાકર્માદિ દોષો સેવવા જ પડતાં હોય તો પછી ઉપર કહ્યું તેમ એ દોષો એવી રીતે જ સેવે કે જેથી શિષ્યોમાં એ દોષો ઘર કરી ન જાય. (અલબત્ત આ બીજો માર્ગ ખૂબ અઘરો છે.)

મુળ વાત પર આવીએ.

અહીં જે અભિગ્રહો બતાવાશે, એ જે સંયમી નહિ પાળે અને એ અભિગ્રહોથી વિપરીત આચરણ કરશે તેઓ ઉપર મુજબ પોતે તો નુકશાન પામશે જ, સાથે બીજા અનેકોમાં એ અનવસ્થાનું કારણ બનીને વધુ પાપના ભાગીદાર બનશે.

આપણે ગુણવાન ન બનીને, બીજાઓને ગુણોની ભેટ ન આપીએ, રે ! સ્વયં દોષત્યાગ પણ ન કરીએ પણ બીજાઓને દોષોની ભેટ આપવા રૂપ અતિ હીન કામ તો શી રીતે થાય ?

માટે જ સંયમીઓ મનને દઢ રીતે સમજાવે કે 'મારા નિમિત્તે બીજાઓમાં આ દોષની અનવસ્થા મારે નથી જ ચાલવા દેવી અને તે માટે હું ગમે તે રીતે પણ આ અભિગ્રહો પાળીશ.'

(ક) **મિથ્યાત્વ :** મિથ્યાત્વની સ્થૂલ વ્યાખ્યા એટલી જ કે પરમાત્માએ જે પદાર્થો જે રીતે કહ્યા છે, એના કરતા વિપરીત રીતે તે પદાર્થો માનવા. એક પણ પદાર્થ ઊંધી રીતે માનવો એ મિથ્યાત્વ છે.

જે સંયમીઓ કોઈ કારણ વિના દોષ સેવતા હોય, તેઓ 'આ દોષો હેય છે' એવા પ્રભુના પદાર્થને માનવાને બદલે 'આ દોષો ઉપાદેય છે' એવું જ માની રહ્યા છે. એટલે એમાં મિથ્યાત્વદોષ સ્પષ્ટ જ છે.

પ્રભુ કહે છે કે 'સંયમીઓએ વિભૂષા ન કરવી જોઈએ.' અને એ જાણવા છતાં જો સંયમી ૩/૭ દિવસે કાપ કાઢીને અત્યંત ચોખ્ખા વસ્ત્રો પહેરતો હોય. એની પાછળ વિભૂષા સિવાય કોઈ જ કારણ ન હોય. તો એ સંયમી આ વિભૂષાને સારી=ઉપાદેય માની રહ્યો છે એવું સ્પષ્ટ દેખાય છે. એ એનામાં રહેલું મિથ્યાત્વ છે.

એમ પ્રભુએ ધર્મોપકરણ સિવાય એકપણ વસ્તુ રાખવાનો નિષેધ કર્યો હોય છતાં જો સંયમી પોટલી, પોટલા નહિ પણ કબાટો ય ભરતો થઈ જાય તો એ સંયમી પરિગ્રહને સારો માને છે એ જણાઈ જ જાય છે. આ જ એનું મિથ્યાત્વ છે.

આમ પ્રભુએ સેંકડો શિથિલાચારોને ખરાબ બતાવ્યા છે. છતાં એ આચારોને નિષ્કારણ જે સંયમી સેવે, એ સંયમી તે તે તમામ બાબતોમાં મિથ્યાત્વદોષનો ભાગીદાર બને. કેવી બિહામણી આ ઘટના ! વેષ અણગારનો, ૬-૭માં ગુણસ્થાનનો ! અને વાસ્તવિકતામાં દેશવિરતિ, સમ્યક્ત્વ તો નહિ પણ મિથ્યાત્વ જ.

રે ! કદાચ એવું બને કે સંયમી અંદરખાને તે તે દોષોને ખરાબ માનતો હોવા છતાં પ્રમાદ, આસક્તિ, કર્મોદયને પરવશ બનીને તે દોષો સેવતો હોય, આવી અવસ્થામાં એનામાં સમ્યક્ત્વ હોય. પણ એ વખતે ય એ બીજાઓને તો મિથ્યાત્વ પમાડવાનું કામ કરે જ છે.

દા.ત. 'સંયમીએ પોતાની સાથે કામ કરનારો માણસ, સાઈકલ ન રખાય.' આવી વાત કેટલા જૈનો માનતા હશે ? મોટા ભાગના જૈનો ઘણા સંયમીઓ પાસે કામદાર માણસ વગેરેને જોઈને એમ જ માને છે કે 'આ રીતે માણસ રાખવામાં કોઈ દોષ નથી. એ તો ભગવાનને માન્ય જ છે.' આ એની માન્યતા જિનવચનથી વિપરીત હોવાથી મિથ્યાત્વરૂપ બને છે.

કેટલા જૈનો એમ માને છે ? કે 'સંયમીઓએ કેરી, કેળા વગેરે ફળો ન ખવાય. એ ભયંકર પાપ છે. એક એક કોળિયે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત છે.' તેઓ તો સંયમીઓને આ બધું વહોરતા જોઈને એમ જ માને છે કે "સંયમીઓ ફળાદિ ખાઈ શકે છે. એમાં કોઈ દોષ નથી."

આવી ઢગલાબંધ ઘટનાઓ છે કે જેમાં સંયમીઓના વિપરીત આચારને જોઈને હજારો જૈનો ઊંધી માન્યતાવાળા, ઊંધી સમજણવાળા બની ગયા છે. હવે તો એવી હાલત થઈ છે કે ધાર્મિક ગણાતા ક્ષેત્રોમાં પણ કેટલાંક જૈનો ઘરે આવેલા સંયમીને ચોકલેટ, કેડબરી, આખું સફરજન, આઈસ્ક્રીમ વગેરેની પણ વિનંતી કરે છે. સંયમી ના પાડે, સમજાવે ત્યારે માંડ સમજે છે.

આ બધી ભ્રમણાઓનું કારણ જો સંયમીઓના શિથિલાચારો જ હોય તો એ સંયમીઓને બીજાઓને મિથ્યાત્વની પ્રભાવના કરવાને લીધે પુષ્કળ દોષ લાગે એ સ્વાભાવિક છે.

અષ્ટકપ્રકરણકાર કહે છે કે, [૩] "જે સંયમી બીજાઓને મિથ્યાત્વ પમાડે, તે પોતે તે સમયે મિથ્યાત્વ બાંધે."

અલબત્ત, શિથિલાચારી છતાં સમ્યક્ત્વી એવો સંયમી પોતાના દોષોનો એકરાર કરે. બીજાઓને ચેતવે એટલે એના દ્વારા મિથ્યાત્વની પ્રભાવના અટકે ખરી. પણ એમાં ય દરેક શિથિલાચાર વખતે જોનારાઓને ખુલાસા આપવા, સાચી વાત જણાવવી એ તો સમ્યક્ત્વી સંયમી માટે ય શક્ય ન બને. એટલે એમાં મિથ્યાત્વની પ્રભાવના થવાનો ભય તો ઉભો જ છે.

કદાચ આ જ કારણ હોઈ શકે કે શિથિલાચારી સંયમીને (દોષોનો પશ્ચાત્તાપ હોય તો પણ) શાસ્ત્રકારોએ દીક્ષા છોડીને શ્રાવક બની જવાની સલાહ આપી છે. [૪] સમ્યગ્દર્શન હોવા છતાં સાધુવેષ સાથે શિથિલાચારસેવન અતિભયંકર વસ્તુ છે. બીજાઓને મિથ્યાત્વ પમાડવામાં આ દોષો અગત્યનો ભાગ ભજવી જાય એવી શક્યતા છે. એના બદલે એ સંયમી શ્રાવક બની જાય તો પછી કોઈ વાંધો ન આવે.

આ જ કારણસર જે શિથિલાચારી સંયમી સંયમરાગને કારણે દીક્ષા છોડવા તૈયાર ન થાય એને શાસ્ત્રકારો કહે છે કે, [૫] "જો શિથિલાચાર સાથે સાધુજીવન જીવવું હોય તો તારે કોઈના પણ વંદન નહિ લેવાય. બધાને વંદન કરવા પડશે. તારા શિથિલાચારની નિંદા અને વાસ્તવિકમાર્ગની પ્રરૂપણા કરવી પડશે."

જો એ સંયમી સાચી વાત ન બોલે, પોતાના શિથિલાચારને ન વખોડે અને સમ્યગ્ આચારને ન પ્રરૂપે તો અનેકોના મિથ્યાત્વમાં નિમિત્ત બને. એટલે એનાથી બચવા માટે છેલ્લો આ માર્ગ શાસ્ત્રકારોએ અપનાવ્યો.

એટલે સંયમીઓએ આ પણ વિચારવું કે, "જો આ બતાવાતા અભિગ્રહો હું નહિ પાળું તો મને તો નુકશાન થશે જ. સાથે જ બીજાઓને મિથ્યાત્વ પમાડવામાં હું જો નિમિત્ત બનીશ તો કદાચ હું ય દુર્લભબોધિ થઈશ. માટે વહાલા જિનશાસનને ગુમાવી દેવાનો વખત ન આવે એ માટે હું આ અભિગ્રહો બરાબર પાળીશ."

(ક) **વિરાધના :** જિનાજ્ઞા વિરુદ્ધ આચાર પાળો એટલે બે વિરાધના સંભવે : (૧) આત્મવિરાધના (૨) સંયમવિરાધના.

દા.ત. અંધારામાં વિહાર કરવાની આજ્ઞા નથી. છતાં સંયમી જો રાત્રે વિહાર કરે તો રસ્તામાં અંધારાને લીધે સર્પ ન દેખાય અને એ ડંખ મારી દે તો મરી જવું પડે. આમ આત્માની=શરીરની વિરાધના થાય. એમ અંધારામાં અકસ્માત થવાથી પણ આત્મવિરાધના થાય.

અંધારામાં કીડી-પાણી-નિગોદાદિ કંઈ ન દેખાય. એટલે એના ઉપર પગ પડી જવાથી એ જીવોને કિલામણા થાય, મરી જાય. આમ સંયમવિરાધના થાય.

'મુહપત્તીનો ઉપયોગ રાખીને બોલવું' એ જિનાજ્ઞા છે. જે સંયમી ખુલ્લા મોઢે બોલે. એના મોઢામાં પુષ્કળ મચ્છરવાળા સ્થાનમાં મચ્છરો ઘુસી જાય. એનાથી ગળા વગેરેને નુકશાન થાય. એ આત્મવિરાધના કહેવાય. અને એ મચ્છરાદિજીવો મરી જાય એ સંયમવિરાધના કહેવાય.

પ્રાયઃ કરીને પરમાત્માની તમામ આજ્ઞાઓ એવી છે કે જેની સામે બળવો પોકારનાર સંયમી આ બે ય વિરાધનાનો હકદાર બન્યા વિના રહેતો નથી. એટલે શરીરને બચાવવું હોય અને બીજા જીવોને આપણા નિમિત્તે કોઈપણ દુઃખ ન થવા દેવું હોય તો દરેક સંયમીએ જિનાજ્ઞાઓના પાલનમાં અત્યંત કટિબદ્ધ બનવું જોઈએ.

શાસ્ત્રકારો કહે છે કે કોઈપણ જિનાજ્ઞાનો ભંગ કરવામાં આ ચાર દોષો લાગી જવાની પાકી શક્યતાઓ છે. "મોટો જિનાજ્ઞાભંગ કરીએ તો જ આ ચાર દોષો લાગે અને નાનો જિનાજ્ઞાભંગ કરીએ તો આ ચાર દોષો ન લાગે" એવી મિથ્યા માન્યતામાં કોઈએ રમવું નહિ.

જેમ આ વાત સર્વને માન્ય છે કે "જિનશાસનમાં બતાવેલા અબજો શુભયોગો=જિનાજ્ઞાઓ એવી છે કે એ પ્રત્યેક જિનાજ્ઞાનું પાલન કરવાના પ્રતાપે અનંતા આત્માઓ મોક્ષે ગયા છે."

તેમ આ વાત પણ હૃદય ઉપર કોતરી લેવા જેવી છે એવો એકપણ જિનાજ્ઞાભંગ નથી કે જેના પ્રતાપે અનંત આત્માઓ અનંતસંસારના ભાગી ન બન્યા હોય.

સંયમી બનીને પંચેન્દ્રિયવધાદિ કરનારાઓ જો અનંતસંસારી થયા છે. તો સંયમી બનીને મુહપત્તીનો ઉપયોગ ન રાખવા રૂપ આજ્ઞાભંગને લીધે પણ અનંત જીવો અનંતસંસારી બન્યા જ છે. (બે ય માં એકાંત તો નથી જ.)

એટલે જ નાની જિનાજ્ઞાઓની ઉપેક્ષા કરવાનો વિચાર કોઈપણ બુદ્ધિમાન સંયમી ન જ કરે.

એટલે જે સંયમીઓ આ ચાર દોષોમાંથી બચવા માંગતા હોય એમણે શક્તિ પ્રમાણે દર્શાવાતા નિયમોને સ્વીકારીને તેનું પાલન કરવું જોઈએ.

•

# ૪. અભિગ્રહોની આવશ્યકતા

ઘણાને મનમાં એવું પણ થાય કે, "હવે પાંચ મહાવ્રતો રૂપી મોટા નિયમો લીધા પછી બીજા વળી કયા નિયમો લેવાના બાકી છે ?"

કોઈકને એવાય વિચારો આવે કે 'દીક્ષા લીધી એટલે એમાં આ પ્રતિજ્ઞા હતી જ કે 'મારી શક્તિ પ્રમાણે તમામ જિનાજ્ઞાઓ પાળીશ જ.' એટલે એમાં બધા જ નિયમો પાળવાની બાધા ગર્ભિત રીતે આવી જ ગઈ હોવાથી હવે આ નવા નિયમો લેવાની કોઈ જ જરૂર નથી.'

આની સામે ચર્ચા-વિચારણા કરવાને બદલે આગમરહસ્યોનું પુષ્કળ પાન કરી ચૂકેલા મહામહોપાધ્યાય યશોવિજયજી મ.સાહેબ શું કહે છે ? એ જ જોઈ લઈએ.

ઉપદેશ રહસ્યમાં તેઓ જણાવે છે [૯]**"સંયમીઓએ એક પળ પણ અભિગ્રહો લીધા વિના જીવવું કલ્યાણકારી નથી."** અર્થાત્ સંયમીનું આખું જીવન અનેક અભિગ્રહોથી એવું તો ઘેરાયેલું હોય કે એમાં કોઈ પણ પાપો પ્રવેશ કરી જ ન શકે.

ગચ્છાચારમાં પણ કહ્યું છે કે [૧૦]"સંયમીઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સંબંધી અનેક અભિગ્રહોને ધારણ કરનારા હોય."

ખુદ શ્રમણ ભગવાન મહાવીરદેવે સર્વવિરતિ લીધા બાદ એક પ્રસંગ બનવાને લીધે (૧) જ્યાં અપ્રીતિ થાય ત્યાં ન રહેવું, (૨) ગૃહસ્થોનો આદર ન કરવો, (૩) મૌન રાખવું વગેરે અભિગ્રહો લીધા છે. શું પ્રભુએ સર્વવિરતિ લીધી ત્યારે એમાં 'અપ્રીતિવાળા સ્થાને ન રહેવું...' વગેરે નિયમો આવી નથી જતા ? તો પછી પ્રભુએ શા માટે આ બધા અભિગ્રહો લીધા ?

એટલે વધુ પ્રમાણમાં નિશ્ચયનયની વાત કરો તો તો સર્વ પાપોની વિરતિ એ જ સર્વવિરતિ છે. એમાં બધા પાપોના ત્યાગના નિયમ આવી જાય છે. પણ એ રીતે સ્થૂલ રીતે લીધેલી પ્રતિજ્ઞામાં નાના મોટા વ્યક્તિગત પાપોનો ત્યાગ કરવાનો પરિણામ ઉત્પન્ન નથી થતો એ પણ અનુભવાય છે.

સર્વવિરતિમાં વિગઈત્યાગનો નિયમ આવી જ જાય છે, છતાં સંયમીઓ વિગઈ વાપરે જ છે. પણ જો 'મારે વિગઈ ન વાપરવી અથવા અમુક પ્રમાણમાં વાપરવી" ઈત્યાદિ નિયમ લેવાય તો પછી એમાં અપ્રમત્તતા ખૂબ રહે.

વધુ ચર્ચા અટકાવીને ટૂંકમાં એટલું જ જણાવું કે પ્રત્યેક પળે આપણી જાગ્રત અવસ્થા રહે. પ્રત્યેક પળે નિયમોનું સ્મરણ આપણને પાપોમાંથી બચાવતું રહે એ માટે આવા અભિગ્રહો ખૂબ ઉપયોગી છે.

**યોગશતક** કાર કહે છે કે [૧૧]પરમાત્મા મહાવીરદેવ તે જ ભવમાં મોક્ષે જવાના હતા એટલે એમને અભિગ્રહો લેવાની કોઈ જ જરૂર ન હતી. છતાં તેઓએ ગોચરી સંબંધી અભિગ્રહોથી માંડીને જાત-જાતના અભિગ્રહો લીધા તે એટલા જ માટે કે તેઓ પોતાની શ્રમણસંસ્થાને એ ઉપદેશ આપવા માંગે છે કે "સાવધાન ! સંયમીઓ ! જો તમારા દેવાધિદેવને પણ મોક્ષની સાધના માટે અભિગ્રહો લેવા જરૂરી લાગતા હોય તો તમારે તો અવશ્ય લેવા જ જોઈએ. જો પ્રતિપળ અપ્રમાદદશાને અનુભવનારા એવા પણ ભગવાનને અભિગ્રહોની કિલ્લેબંધી જરૂરી હોય તો પછી ડગલે ને પગલે પ્રમાદ તરફ ઢળી જનારા

તમારા માટે તો અભિગ્રહો વિના ક્ષણ માત્ર પણ જીવવું યોગ્ય નથી જ."

એટલે જો સંયમીઓના મનમાં એવી કોઈ ભ્રમણાઓ હોય કે "અભિગ્રહો લેવાની જરૂર નથી. અભિગ્રહો લીધા વિના જ આપણે સારું સંયમ પાળશું" તો એ ભ્રમણા ભાંગી નાંખવા જેવી છે.

એમ કોઈકને એવી પણ ભ્રમણા હોય કે,"આ બધા અભિગ્રહો તો નૂતનદીક્ષિતો, મુમુક્ષુઓ, નાના સંયમીઓ માટે છે. ૨૦ વર્ષના દીક્ષા પર્યાયવાળાઓ, પદવીધરો, તપસ્વીઓ, વિશિષ્ટ સ્વાધ્યાયીઓ, વૈયાવચ્ચીઓ વગેરેએ આ બધા નિયમો લેવાની જરૂર નથી."

તો એ સંયમીઓએ પણ એ વાત વિચારવી જ જોઈએ કે "જો એ બધાઓને આત્મસાધના માટે અભિગ્રહોની આવશ્યકતા ન હોય તો પછી શું આ બધા કરતા અનંતગુણી આત્મશુદ્ધિના સ્વામી ભગવાન મહાવીરદેવને અભિગ્રહો લેવાની આવશ્યકતા ખરી ? એમણે શા માટે અભિગ્રહો લીધા ?"

જરાક આ વાત પણ સંયમીઓ વિચારે કે છેલ્લા ભવમાં તો તીર્થંકરનો આત્મા કેટલો બધો જાગ્રત હોય ? છતાં અત્યારના કાળના સામાન્ય સંયમીઓએ પણ જે ભુલ નહિ કરી હોય તે ભુલ તેઓ કરી બેઠા. દીક્ષા પૂર્વે મા-બાપને રોજ પગે લાગનારા સંયમીઓએ દીક્ષા દિનથી માંડી આજ સુધી પ્રાયઃ ક્યારેય ભુલથી પણ મા-બાપને નમસ્કાર કરી દેવાની ભુલ નહિ કરી હોય. જ્યારે ભગવાન પોતાના પિતાના મિત્રને ભેટવા માટે (દીક્ષા લીધા બાદ પણ) હાથ લંબાવી બેઠા. એ પિતાના મિત્ર તો ક્યારેક જ ક્ષત્રિયકુંડમાં આવતા અને એટલે ક્યારેક જ એમને ભેટવાનો પ્રસંગ બનતો. છતાં એવા નબળા સંસ્કારો પણ પ્રભુને દીક્ષા પછી જાગ્રત થયા. આ જ કારણસર પ્રભુએ **'ગૃહસ્થનો વિનય ન કરવો'** એવી પ્રતિજ્ઞા લીધી.

તો આપણા કુસંસ્કારો તો કેટલા બધા કાતિલ છે ! નિમિત્ત મળતાની સાથે માનસિક, વાચિક, કાયિક પાપો ઉભા થઈ જાય છે. ચોમાસાનો વરસાદ પડે અને ધડાધડ બધે નિગોદો ઉભી થઈ જાય એમ નાના-મોટા નિમિત્તો મળતાની સાથે જ આપણામાં પાપી વિચારો, આચારો ઊભા થઈ જાય છે. એ બધાથી બચવા માટે પ્રભુ કરતા પણ ઘણી બધી વધારે જરૂર અભિગ્રહોની આપણને છે.

જો મોક્ષ માટે આતમના પ્રત્યેક પ્રદેશો ખૂબ તલસતા હોય, જો પરલોકનો ભય અંગે અંગે વ્યાપી ગયો હોય, જો પાપ-ધ્રુજારો હૈયાને ધ્રુજાવતો હોય તો વહેલી તકે આ અભિગ્રહોને આત્મસાત કરી લઈને પરમસમાધિને પ્રાપ્ત કરી લેવી જોઈએ.

અભિગ્રહો આપણને શી રીતે બચાવે છે ? એ દૃષ્ટાન્તપૂર્વક સમજાવું.

ધારોકે રોજ પાંચ જ દ્રવ્ય વાપરવાનો અભિગ્રહ લીધો. હવે એક દિવસ પાંચ દ્રવ્ય વપરાઈ ગયા પછી બાસુંદી વગેરે રૂપ કોઈક આસક્તિકારક દ્રવ્ય આવ્યું. ખાનદાન સંયમીને સામાન્યથી એ વાપરવાની ઈચ્છા થશે તો પણ એ કહેશે કે "મારે પાંચ દ્રવ્ય થઈ ગયા છે, મારે આ ન ચાલે." અને આમ એ બાસુંદી વાપરવા દ્વારા પુષ્કળ રાગ કરીને જે ભયંકર કર્મબંધ કરવાનો હતો એ અટકી જશે. એ સંયમીમાં થોડોક પણ વૈરાગ્ય હશે તો એને આનંદ જ થશે કે "ખૂબ સારું થયું કે આ નિયમ લીધો. નિયમ ન હોત તો હું અવશ્ય બાસુંદી વાપરત. પણ નિયમ હતો એટલે આ પાપથી બચી ગયો."

એક સંયમીને નિયમ હતો કે 'બહારગામથી ગૃહસ્થોએ લાવેલી કોઈપણ ચીજ વાપરું તો મારે

બીજા દિવસે ઉપવાસ કરવો.' એક વાર એ સંયમીના સંસારી સ્વજનો મળવા આવ્યા, મિષ્ટાન્નાદિનો લાભ આપવા માટે ખૂબ જીદે ચડ્યા. ગુરુએ એ સંયમીને કહ્યું કે "તું જઈને આ બધું વહોરી આવ." સંયમીએ કહ્યું કે "ગુરુદેવ ! વહોરી તો લાવું. પણ એ વાપરું તો મારે આવતીકાલે ઉપવાસ કરવો પડે." આ સાંભળતા જ ગુરુએ ના પાડી અને સ્વજનોએ પણ જીદ છોડી દીધી. એક રીતે સ્વજનોને આ સંયમીની નિઃસ્પૃહતા માટે ખૂબ જ આનંદ થયો.

આમ આ નિયમે સંયમીને અભ્યાહૃતદોષ, વિગઈ ભોજન, આસક્તિ વગેરે અનેક દોષોમાંથી બચાવી લીધો.

એક પ્રમાદી સંયમીએ રાત્રે પ્યાલો પૂંજ્યા વિના જ સીધું એમાં માત્રુ કરવાનું શરૂ કર્યું. એ પ્યાલામાં એક વીંછી આવીને રહેલો હતો. માત્રાનો સ્પર્શ થતા જ વીંછીએ સંયમીને ડંખ મારી દીધો. મહામુશ્કેલીએ પ્રાણ બચ્યા.

એ વખતે જો એ સંયમીને નિયમ હોત કે,"રાત્રે પ્યાલો પૂંજ્યા પછી જ માત્રુ કરવું." તો આ પરિસ્થિતિ કદાચ ન સર્જાત.

આવી સેંકડો બાબતો છે. અભિગ્રહોનું પાલન અનેક નુકસાનોથી આપણને બચાવે છે. આપણા વિરતિપરિણામોની રક્ષા કરે છે અને એને વધારે છે.

વધુ તો શું કહું ? જાતે જ આવા અનેક અનુભવો અભિગ્રહધારી સંયમીઓને થશે જ એટલે મારે વધારે કંઈ કહેવાની જરૂર નથી.

•

# ૫. સંયમીઓને ચેતવણી

આચારાંગસૂત્રકાર કહે છે [૯]શિથિલાચારનું સેવન કરવું એ પહેલા નંબરની મૂર્ખતા છે. પણ શિથિલાચારના સેવનની સાથે સાથે સારા આચારસંપન્ન સંયમીઓની નિંદા કરવી, મશ્કરી કરવી, અવહેલના કરવી એ બીજા નંબરની મૂર્ખતા છે. [૧૦]જેઓ સ્વયં શિથિલાચારી હોવા છતાં એના પશ્ચાત્તાપવાળા છે અને માટે જ જેઓ આચારસંપન્ન સંયમીઓ ઉપર અતિશય બહુમાનવાળા છે, એમના ખૂબ ગુણગાન ગાનારા છે. એમને બધી રીતે સહાય કરવા તલસે છે. તેઓ પ્રથમકક્ષાની મૂર્ખતાવાળા હોવા છતાં બીજી મુર્ખતાવાળા નથી. આ લોકો ભલે શિથિલ હોય છતાં તેઓ પાસે આ જે ગુણાનુરાગ છે, આચારસંપન્નસંયમીઓ પ્રત્યેનો જે આદર-સત્કાર, સન્માન છે. એ એમને આત્મિકવિકાસ કરાવવામાં મહત્વનું સાધન બની જાય છે. આ એક જ ગુણના પ્રતાપે તે શિથિલાચારીઓ ભવિષ્યમાં સાચા સંયમી બની સિદ્ધપદને પામે છે.

પણ જેઓ પહેલી મૂર્ખતાની સાથે સાથે બીજી મૂર્ખતાના પણ ધારક બને છે તેઓની પરિસ્થિતિ તો અત્યંત દયનીય બને છે. મોક્ષમાર્ગથી તેઓ ખૂબ જ દૂર ધકેલાઈ જાય છે.

સંવિગ્નપાક્ષિકો શિથિલાચારી હોવા છતાં સંવિગ્નસંયમીઓના કટ્ટર પક્ષપાતી હોય છે અને એમનો આ ગુણાનુરાગ, પક્ષપાત એટલો બધો જ્વલંત હોય છે કે એ સંવિગ્નપાક્ષિકો ૨૦,૩૦,૪૦ વર્ષના દીક્ષાપર્યાયવાળા હોય તો પણ આજે જ દીક્ષિત થયેલા એવા સુવિહિતસંયમીને ભાવભરીને જાહેરમાં વંદન કરે. કોઈ એમને વંદન કરવા જાય તો કહે કે,"અમે આજ્ઞાભંજક છીએ, માટે જ અવંદનીય છીએ. અમને વંદન ન કરશો."

સંવિગ્ન સાધુઓની સેવા-ભક્તિ કરવા મળે તો આ સંવિગ્નપાક્ષિકો ગાંડા-ઘેલા બની જાય. સંવિગ્નોની સેવા એ જ એમના માટે જાણે કે સંસાર તરવા માટેનું જહાજ બની જાય.

એ સંવિગ્નપાક્ષિકો ગમે એટલા જ્ઞાની હોય તો પણ કોઈપણ આત્માને પોતાનો શિષ્ય ન બનાવે. જે દીક્ષા લેવા આવે એ બધાને સંવિગ્નોની પાસે મોકલે.

એમની એક આંખમાં પોતાના શિથિલાચાર બદલ પશ્ચાત્તાપના આંસુઓ વહે અને બીજી આંખમાં સંવિગ્નોના ગુણો બદલ હર્ષના આંસુ વહે. આ બે આંસુઓ રૂપી પાણી ભેગું કરીને જ તેઓ પોતાના આત્માના મેલને ધોઇને સાફ કરવાનું કામ કરે.

અલબત્ત આજે સંવિગ્નપાક્ષિકનો વ્યવહાર થતો નથી. પણ એ તો હકીકત છે કે જે શિથિલાચારી સંયમીઓ આચારસંપન્ન સંયમીઓ પ્રત્યે ભક્તિ-બહુમાનવાળા હશે, તેમની નિંદા કદિ ન કરનારા હશે, એમના પક્ષપાતી હશે તેઓ ભાવથી ત્રીજા નંબરના મોક્ષમાર્ગના મુસાફર ગણાશે.

પણ જેઓ આચારસંપન્ન સંયમીઓ પ્રત્યે ઈર્ષ્યાવાળા બનીને કે આચાર સંપન્ન સંયમીઓના વધતા જતા માન-સન્માન જોઈને અસહિષ્ણુ બનીને એમની નિંદા-મશ્કરી કરનારા બનશે તેઓ માટે મોક્ષપ્રાપ્તિ ઘણી ઘણી અઘરી બની રહેશે, એમ શાસ્ત્રકારોનું વચન છે.

આ વાત મારે એટલા માટે કરવી પડી કે અહીં અપાતા અભિગ્રહો બધા સંયમીઓ તો લેવાના

નથી જ. કેટલા સંયમીઓ લેશે ? એ મને પણ ખબર નથી. પણ ક્યારેક એવું બનતું હોય છે કે જેઓ સ્વયં આચારસંપન્ન નથી બનતા તેઓ જે બીજાઓ આચારસંપન્ન બનતા હોય એની નિંદા-મશ્કરી કરવા લાગી પડે છે. દા.ત. કેટલાંક સંયમીઓ એવો નિયમ લે કે 'મહિનામાં એક જ વાર કાપ કાઢવો.' એટલે ત્રણ-સાત દિવસે કાપ કાઢનારાઓ વારંવાર બોલે કે 'જુઓ ! મલધારી હેમચંદ્રસૂરિના વારસદારોનો જન્મ થયો છે.'

કોઈક સંયમીઓ એવો નિયમ લે કે 'વિજાતીયતત્ત્વ સાથે વાતચીત કરવી નહિ.' એટલે વિજાતીયતત્ત્વ સાથે વાતચીત કરનારા સંયમીઓ બોલે કે,"અહોહો ! તમે તો અમારા ગ્રુપના સ્થૂલભદ્રજી થશો.'

કેટલાંક સંયમીઓ ગુરુને અત્યંત સમર્પિત હોય, ગુરુની ગમે તેવી આજ્ઞાને ગમે તે પળે ઝીલવા અત્યંત કટિબદ્ધ હોય. એ બધાના કારણે ગુરુની આજ્ઞા પાળવામાં પાછી-પાની કરનારા, ઉંચુ-નીચુ કરીને ગુરુની આજ્ઞાને અભરાઈ પર ચડાવનારાઓને અણગમો થાય અને એટલે તેઓ મશ્કરી કરે કે,"તમે બધા તો ગૌતમસ્વામી છો હોં ! તમે ન હોત તો આપણા ગુરુની આજ્ઞા કોણ માનત ?"

"આ બધી મશ્કરીઓ ઉચિત નથી, આત્મહિતકારી નથી" એવું કહેવાની જરૂર ખરી ?

કેટલાંકો મશ્કરીથી ય વધુ ખરાબ નિંદા પણ કરે. દા.ત. મહીને મહીને કાપ કાઢનારા સંયમીથી કો'ક દિવસ ક્રોધ થઈ ગયો હોય કે આસક્તિથી મિષ્ટાન્નાદિ વધારે ખવાઈ ગયું હોય એટલે કેટલાંકો પરસ્પર નિંદા ય કરે કે "આ બધા મેલા કપડાવાળાઓ અંદરથી ય મેલા છે. ક્રોધ અને આસક્તિ તો જતી નથી. એમાં આ મેલા કપડાથી કાંઇ મોક્ષ થઈ જવાનો છે ? એમને કોણ સમજાવે કે અંદરના મેલ ધુઓ. મેલા કપડા પહેરવાથી કંઇ મોક્ષ નથી થવાનો. એ બધા કરતા તો અમે સારા."

"ક્રોધાદિ પ્રસંગે મેલા કપડાને કોઇ સંબંધ ન હોવા છતાં આવા પ્રસંગોને લઈને એમની નિંદાદિ કરવામાં ગર્ભિત રીતે પોતાના વિભૂષા રૂપ શૈથિલ્યને સારું-સાચું માનવાનો અભિપ્રાય પડેલો છે" એ એમને કોણ સમજાવે ?

અરે ભાઈ ! જ્યાં સુધી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી કોઈપણ સંયમીની જાત-જાતની ભુલો થવાની શક્યતા છે જ. કર્મોનો ઉદય વિચિત્ર હોય છે. એટલે ખરેખર તો જે નાનકડો પણ ગુણ દેખાય એની અનુમોદના કરવી જોઈએ. જે દોષો એણે સેવ્યા છે એ તો દોષ છે જ. પણ એટલા માત્રથી એના ગુણો ય દોષ ન જ બની જાય. શ્રાવકો અનેક દોષોવાળા હોય છે, શું એટલા માત્રથી એમની પ્રભુભક્તિ, ગુરુ ભક્તિ નકામી બની જાય ખરી ? ઊલટું આપણે ત્યાં એમ કહીએ કે,"શ્રાવકો ! ભલે તમે ઘણા પાપ કરતા હો. પણ દેવ-ગુરુની ભક્તિ નામના ગુણના પ્રતાપે તમારો ઉદ્ધાર થઇ જશે.' એમ અહીં પણ એ ન્યાય કેમ ન લાગે ? કે "ભલે આ સંયમી ક્રોધ-આસક્તિ કરી બેઠો. કર્મોદયથી દોષ સેવાઇ જાય. પણ એનામાં બીજા જે અનેક ગુણો સાચા અર્થમાં છે, એ કંઈ નકામા નથી બની જતા. એ જ એમને મોક્ષ તરફ આગળ ધપાવશે."

પણ આવી સંવિગ્નોમાં રહેલા નાના-નાના દોષોને ગૌણ કરીને એમનામાં રહેલ સાધુતાને=ગુણોને જ જોવાની, આગળ કરવાની અને એને જોઈને હર્ષિત થવાની પરિણતિ તો સંવિગ્ન

કે સંવિગ્નપાક્ષિક સિવાય બીજા કોઈમાં ન સંભવે.

એટલે સંયમીઓ આ ખૂબ ગંભીરતાથી જાણી લે કે નિયમો લઈને આત્મકલ્યાણ વધુ નજીક ન લવાય તો ય આચારસંપન્ન સંયમીઓની નિંદા-મશ્કરી તો ન જ કરાય. એમના દોષોને આગળ કરીને એમના ગુણોને ઢાંકવાનું કે એ ગુણોને પણ વખોડી નાંખવાનું કૃત્ય ન કરાય.

દા.ત. "અરે ! આ સંયમી રોજ ત્રણ ટાઈમ વાપરે છે. એ દિવસની ૨૦ ગાથા ગોખતો હોય તો એ શા કામની ?" અહીં ત્રણ ટાઈમ ભોજન રૂપ દોષને આગળ કરીને ૨૦ ગાથા ગોખવા રૂપ ગુણને વખોડવામાં આવે છે.

"આ વ્યાખ્યાનકાર તો છાપાઓ વાંચે છે. એ હવે વ્યાખ્યાન દ્વારા ઘણાઓને ધર્મમાર્ગે જોડતો હોય તો ય એના વ્યાખ્યાનની કાણીકોડીની પણ કિંમત નથી." અહીં પણ એના વાંચવા રૂપ દોષને આગળ કરીને એના પરોપકાર=ધર્મદેશના રૂપ ગુણને વખોડવામાં આવે છે.

કેવું આશ્ચર્ય છે કે માત્ર દોષ જ વખોડવા લાયક છે એના બદલે ગુણોની નિંદા કરાય છે. ખરેખર તો સાચા ગુણવાન વ્યક્તિમાં જો કોઈ દોષો દેખાઈ જાય તો પણ એ જાહેરમાં બોલવા ન જોઈએ. વધુમાં વધુ તો એ જ વ્યક્તિને એ દોષો પ્રેમથી જણાવીને એ દૂર કરવાનો પ્રયત્ન કરાય. પણ એ સાચા ગુણવાન વ્યક્તિના દોષોને બધાની સામે બોલીને, એની નિંદા કરીને એને હલકો ચીતરવાનું કામ ન કરાય.

એટલે તમામ સંયમીઓ આ ખાસ ધ્યાનમાં લે કે શક્તિ પ્રમાણે વધુમાં વધુ નિયમો લેવા. છતાં જો એ ન લેવાય તો બાકીના આચારસંપન્ન સંયમીઓની ખૂબ અનુમોદના કરવી. બીજાઓને આચારસંપન્ન બનવાની પ્રેરણા કરવી. એમના પક્ષપાતી-ગુણરાગી બનવું. આટલું હશે તો ય તમે મોક્ષમાર્ગના મુસાફર બનશો.

•

# ૬. સંયમીઓના નિયમો-અભિગ્રહો

**૧. હું રોજ ઓછામાં ઓછી એક/બે/ત્રણ ગાથા ગોખ્યા પછી જ ગોચરી-પાણી વાપરીશ :**

શાસ્ત્રકારો લખે છે કે [૧૧]"૫૦,૦૦૦ કેવલજ્ઞાનીઓના ગુરુ, મહાજ્ઞાની, છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારા એવા ભગવાન ગૌતમસ્વામી પારણાના દિવસે પણ સવારે પ્રથમ પ્રહરમાં સૂત્રપોરિસી કરતા." (અર્થાત સૂત્ર પાઠ કરતા. પુનરાવર્તન કરતા.) એટલે સૂત્રપાઠનું મહત્ત્વ ખૂબ જ છે.

એમાંય આપણી પાસે તો એક-એકથી ચડિયાતા ગ્રન્થરત્નો છે કે જેના પ્રત્યેક શ્લોકો આત્માને જગાડી મૂકવા માટે સમર્થ છે. એમ કહી શકાય કે જે સંયમીને જેટલા શ્લોકો કંઠસ્થ હોય તે સંયમીના એટલા ગુરુ છે, કેમકે પ્રત્યેક શ્લોક ગીતાર્થ-સંવિગ્ન ગુરુની જેમ સંયમીને પતન પામતા અટકાવે છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે શાસ્ત્રોમાં કોઈક પદાર્થ ઉપર પાનાઓના પાનાઓ ભરીને ચર્ચા કર્યા બાદ જે છેલ્લો સાર નીકળ્યો હોય છે, એ સારને જ એ મહાપુરુષો શ્લોક તરીકે ગૂંથી લેતા હોય છે. એટલે જો એ શ્લોકો કંઠસ્થ હોય તો તમામ શાસ્ત્રોનો સાર આપણા હાથમાં આવી જાય.

મહોપાધ્યાયજી મ.ના ગ્રંથો વાંચતા એવો અનુભવ ઘણીવાર થયો છે કે તેઓ પુષ્કળ ચર્ચા બાદ છેલ્લે જે નિષ્કર્ષ આપે એ એમના જ્ઞાનસારાદિ ગ્રંથોના એક-બે શ્લોકોમાં જ એમણે ગૂંથી દીધો હોય છે.

શ્રાવકો માટે પૈસો-ધન એ આવશ્યક છે. એમ સંયમીઓ માટે શ્લોકોરૂપી ધન અત્યંત આવશ્યક છે. પૈસા વિનાનો શ્રાવક અને શ્લોકો વિનાનો સંયમી કિંમત વિનાના બની જાય.

માટે દરેક સંયમીએ રોજ ઓછામાં ઓછી એક-બે કે ત્રણ ગાથા ગોખવી જ જોઈએ.

મહાનીશીથ સૂત્રમાં કહ્યું છે કે, [૧૨]"સંયમી રોજ દિવસ-રાત શ્લોકો ગોખવાની મહેનત સખત કરે અને છતાં એક વર્ષે માંડ અડધો શ્લોક કંઠસ્થ કરી શકે તો પણ એણે એ મહેનત ચાલુ રાખવી અને સખત ગોખવું. જો રોજ સખત મહેનત કરવા છતાં પણ એક વર્ષે પણ અડધી ગાથા ગોખી ન શકે તો જ છેવટે સ્વાધ્યાય છોડી નમસ્કારમહામંત્રના જપ વગેરેમાં મનને પરોવવું."

આજે તો પ્રાયઃ કોઈ સંયમી એવો નથી દેખાતો કે જે એક કલાકમાં એક ગાથા પણ ગોખી ન શકે. રે ! કલાકમાં ૫-૧૦ ગાથા ગોખવાની શક્તિ ધરાવનારા પુષ્કળ સંયમીઓ નજરે પડે છે. એ સંયમીઓ જો ન ગોખે, પ્રમાદ કરે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે.

વર્તમાનકાળને અનુલક્ષીને કહું તો પ્રત્યેક સંયમી પાસે ઓછામાં ઓછા ૨૦૦૦ શ્લોકો તો કંઠસ્થ હોવા જ જોઈએ. આજ કારણસર મેં ૧૪ શાસ્ત્રોમાંથી અણમોલ શ્લોકો ચૂંટી ચૂંટીને **"જૈનશાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ ૧-૨"** તૈયાર કરાવેલ છે. વૈરાગ્ય શતક, ઈન્દ્રિયપરાજયશતક અને સંબોધસિત્તરી આ ત્રણ ગ્રંથો આખા ગોખ્યા બાદ પ્રત્યેક સંયમી કમ સે કમ આ બે પુસ્તકોના ૧૨૦૦ શ્લોકો ગોખી લે તો પણ ઘણું, જેની વધુ શક્તિ-ઉલ્લાસ હોય તે વધારે પણ ગોખે.

આ નિયમ લીધા બાદ ધારો કે કોઈક દિવસ ગાથા ગોખવાની રહી જાય. (માંદગી વગેરેના

કારણે) તો અઠવાડિયામાં જ ગાથા વધારે ગોખીને એ નિયમ વાળી આપવો.

સાગરસમુદાયના એક વિદ્વાન આચાર્યભગવંતશ્રીએ મને કહેલું કે "હું જ્યારે વ્યાકરણ ભણતો હતો ત્યારે મારા ગુરુદેવ જ્યાં સુધી હું બે પાના ભરીને સંસ્કૃત વ્યાકરણસૂત્રો ગોખીને ન સંભળાવું, ત્યાં સુધી મને ગોચરી વાપરવા ન દે."

કેવો સુંદર આદર્શ ! એ ગુરુને અને એ શિષ્યને પણ કરોડો ધન્યવાદ છે. જો શિષ્ય સામે થાત તો ગુરુ શું આવી કડકાઈ કરી શકત ?

મારા ગુરુદેવશ્રી પણ ઘણીવાર બાધાઓ લઈ લેતા કે "મારા અમુક શિષ્યો આજે આટલી ગાથા ન ગોખે તો મારે આવતીકાલે દૂધ બંધ..." અને ગુરુબહુમાની શિષ્યો ગુરુને દૂધ બંધ ન કરવું પડે એ માથે ગાથા ગોખવા મંડી પડતા.

ગાથાઓ સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક ગોખવી. મનમાં ને મનમાં ગાથા ન ગોખવી. ઉચ્ચારપૂર્વક ગોખેલી ગાથાઓ હોઠ ઉપર ઝડપથી ચડે અને વર્ષો સુધી ટકે.

ગાથાઓ મંદસ્વરે ગોખવી. આજુબાજુના સંયમીઓને ખલેલ પડે એ રીતે ગાથાઓ મોટા સ્વરે ન ગોખવી અને રાત્રે અવશ્ય એનો પાઠ કરવો. કોઈપણ નવી ગોખેલી ગાથા શરૂઆતમાં કાચી હોય પણ જો રોજ પાઠ કરવામાં આવે તો દસ-પંદર દિવસમાં તો એકદમ કડકડાટ થઈ જાય.

<u>૨. હું અકાળમાં-અસજ્ઝાયમાં સૂત્રપાઠ નહિ કરું :</u>

સૂર્યોદય પહેલાની ૪૮ મિનિટ, સૂર્યાસ્ત પછીની ૪૮ મિનિટ અને પુરિમઢના પચ્ચક્ખાણના સમયથી આગળ-પાછળની ૨૪-૨૪ મિનિટ આટલો કાળ સ્વાધ્યાય માટે અકાળ કહેવાય છે. આ અકાળમાં પૂર્વધરોએ રચેલા કોઈપણ સૂત્રનો પાઠ ન થઈ શકે. દા.ત. દશવૈકાલિક, તત્ત્વાર્થ, પ્રશમરતિ, ઉત્તરાધ્યયન વગેરે પૂર્વધરોએ રચેલા ગ્રંથો છે. તો એના શ્લોકોનો પાઠ ન થાય. પણ જે ગ્રંથો એક પૂર્વ કરતા ઓછા જ્ઞાનવાળાએ બનાવેલા હોય તેઓના ગ્રંથોનો પાઠ થઈ શકે. (આ બાબતમાં જુદા જુદા સમુદાયોમાં જુદી જુદી સામાચારી હોઈ શકે છે. અમુક સમુદાયોમાં આ અકાળમાં કોઈપણ પ્રકારના સ્વાધ્યાયનો નિષેધ છે. આમાં પ્રત્યેક સંયમીઓએ પોત-પોતાના સમુદાયની સામાચારી પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી. સમુદાયની મર્યાદાનું ઉલ્લંઘન ન કરાય.)

દા.ત. જ્ઞાનસાર, ષોડશક, વૈરાગ્યશતકાદિ ગ્રંથોનો પાઠ થઈ શકે છે.

કેટલાંક સ્વાધ્યાયના વધારે રસવાળા સંયમીઓ વહેલી સવારે સૂર્યોદય પહેલા પણ ગોખવા બેસી જતા હોય છે. એમ સાંજે સૂર્યાસ્ત પછી પણ એ ગાથાઓનો પાઠ કરતા હોય છે. એમાં ઉપર મુજબ નિષેધ કરાયેલા શ્લોકોનો પાઠ તો ન જ કરાય. સ્વાધ્યાયનો રસ સારો, પણ એના કારણે જિનાજ્ઞાઓનું ઉલ્લંઘન ન થાય. એટલે સંયમીઓએ એકદમ ઉપયોગવાળા બનીને આ ત્રણ અકાળમાં ઉપર પ્રમાણે સૂત્રપાઠનો ત્યાગ કરવો. આ અકાળમાં ઉપર બતાવેલા ગ્રંથોના શ્લોકો નવા પણ ન ગોખાય કે જૂના ગોખેલા શ્લોકોનું પુનરાવર્તન પણ ન થાય.

આ કાળમાં સૂત્રપાઠ કરવાનો નિષેધ કરવા પાછળનું કારણ એ છે કે હલકા દેવો આ અકાળમાં ઉપર્યુક્ત સૂત્રપાઠ કરનારાઓને પરેશાન કરે, વળગી પડે. આવું જો ૧૦-૨૦ વર્ષમાં એકાદવાર પણ

બને તો પછી બાકીનું સંયમજીવન એ વળગાડ વગેરેને કારણે આરાધના વિનાનું નિષ્ફળ થઈ જાય. એટલે જ આ અકાળમાં ઉપરોક્ત શ્લોકોનો સ્વાધ્યાય ન કરવાનો નિયમ કડક રીતે પાળવો જોઈએ.

અકાળની જેમ અસજ્ઝાયમાં પણ ઉપરના ગ્રંથોનો સ્વાધ્યાય ન થાય. ચૈત્ર-આસો મહિનાની ઓળીના બાર-બાર દિવસો, ત્રણ ચોમાસી ચૌદશના અઢી-અઢી દિવસો, વગેરે અસજ્ઝાયના દિવસો પોત-પોતાની પરંપરા પ્રમાણે જાણીને એમાં ય સ્વાધ્યાયનો ત્યાગ કરવો. આ ઉપરાંત ૧૦૦ ડગલાની અંદર લોહી, હાડકા, માંસ વગેરે સંબંધી અસજ્ઝાય અંગે પણ ગુરુજનો પાસેથી જાણકારી મેળવીને એ સમય દરમ્યાન સ્વાધ્યાય ન કરવો.

<u>૩. હું રોજ ૬/૮/૧૦ કલાકનો સ્વાધ્યાય કરીશ :</u>

સ્વાધ્યાય એ તો સંયમજીવનનો પ્રાણ છે. સંયમજીવનમાં કોઈપણ ખાલી પડતો સમય સ્વાધ્યાયયોગથી પુરી દેવાનો છે. પ્રાચીનકાળમાં દૃષ્ટિપાત કરીએ તો પ્રાયઃ પ્રત્યેક સંયમીઓ ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછા ૧૦-૧૨ કલાક તો સ્વાધ્યાય કરતા જ.

આજની પરિસ્થિતિ બદલાઈ છે તો પણ ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછા ૬ કલાક તો સ્વાધ્યાય માટે નીકળી જ શકે. આમાં સંયમીઓ સંઘને વ્યાખ્યાન આપે, સાધ્વીજીઓ બહેનોને એક-બે કલાક ધર્મોપદેશ આપે, સંયમીઓ પોતાના શિષ્યાદિને પાઠ આપે કે વાચના આપે, એ બધું જ સ્વાધ્યાયમાં ગણી શકાય.

ઉપરાંત ગાથાઓ ગોખીએ, સંસ્કૃતવાંચનાદિ કરીએ, ધાર્મિક મેગેઝીનો વાંચીએ, ધાર્મિક પુસ્તકો વાંચીએ એ બધો સમય પણ આ કાળમાં સ્વાધ્યાય તરીકે ગણશો તો ચાલશે.

પણ એક ખ્યાલ રાખવો કે ઓછામાં ઓછો અડધો કલાક એક સાથે સ્વાધ્યાય કરીએ એ જ આ સ્વાધ્યાયના કલાકોમાં ગણવો. કોઈક સંયમી ૧૦ મિનિટ સ્વાધ્યાય કરે, પછી ગોચરી વાપરવા જાય. વળી પાછો ૧૫ મિનિટ સ્વાધ્યાય કરે અને પાછો ઊભો થઈ સ્થંડિલ જાય... તો આવી રીતની ૧૦-૧૫ મિનિટ સ્વાધ્યાયમાં ન ગણવી. ઉપરાંત ૧૫-૨૦ મિનિટ સ્વાધ્યાય થાય અને ત્યાં કોઈ ગૃહસ્થ મળવા આવે અને એની સાથે પાંચ મિનિટ વાતો કરે અને એ પછી પાછો ૧૦ મિનિટ સ્વાધ્યાય કરે તો એ રીતે એ અડધો કલાક સ્વાધ્યાયમાં ન ગણવો.

એમ વચ્ચે વચ્ચે બીજા સંયમીઓ સાથે પણ આડી-અવળી વાતો કરે તો એ વખતનો અડધો કલાક પણ સ્વાધ્યાયમાં ન ગણવો.

હા ! અડધો કલાક દરમ્યાન કોઈક સંયમીના સ્વાધ્યાય અંગેના જ પ્રશ્નનો ઉત્તર આપીએ તો ચાલે. એમ સ્વયં સ્વાધ્યાય અંગેના જ પ્રશ્નો કોઈકને પુછીએ તો ચાલે. માંડલી વ્યવસ્થાપક ગોચરી નોંધવા આવે અને ગોચરી નોંધાવવી પડે તો એ પણ હજી ચાલે. વડીલો કંઈક પૂછે તો ઔચિત્ય-વિનય માટે ઉત્તર આપવો પડે તો ચાલે. પણ એ સિવાય આડી-અવળી વાતો ન ચાલે. એક સાથે અડધો કલાક સ્વાધ્યાય થાય તો જ આ સ્વાધ્યાયના કલાકોમાં એની ગણતરી કરવી.

પ્રાચીનકાળની વાત કરું તો સાંજે પ્રતિક્રમણ કર્યા બાદ સંથારાપોરિસી આવે ત્યાં સુધી આચાર્ય, ઉપાધ્યાયાદિ તમામે તમામ સંયમીઓ સ્વાધ્યાય કરતા. સંથારાપોરિસી આવે એટલે નવા દીક્ષિતો અને

આચાર્ય સંથારી જતા. પણ જે ૧૫-૨૦ વર્ષના દીક્ષાપર્યાયવાળા, પરિપક્વ સ્થવિરો હોય એ બધા તો રાત્રિનો આખો બીજો પ્રહર પણ સ્વાધ્યાય કરતા. (અર્થચિંતન વગેરે) એ પછી ત્રીજા પ્રહરની શરૂઆતમાં આચાર્ય જાગી જતા અને આખો ત્રીજો પ્રહર પન્નવણાસૂત્ર વગેરે આગમોના અદ્ભુત પદાર્થોનું ચિંતન કરતા. ચોથો પ્રહર શરૂ થાય એટલે ત્રીજા પ્રહરની શરૂઆતમાં જ ઉંઘેલા સ્થવિરોથી માંડીને તમામે તમામ સંયમીઓ જાગી જતા. અને આચાર્યશ્રીએ થોડોક જ આરામ કરેલો હોવાથી શરીર સાચવવા માટે વળી થોડોક કાળ આરામ કરતા.

આમ સંયમીઓ રાત્રિના ૪ પ્રહરમાંથી માત્ર બે પ્રહર જ વધુમાં વધુ ઉંઘ લેતા. સ્થવિરો માત્ર એક જ પ્રહરની ઉંઘ લેતા. આચાર્યશ્રી સવા-દોઢ પ્રહરની ઉંઘ લેતા. બાકીનો બધો સમય સ્વાધ્યાયમાં કાઢતા.

મારા ગુરુદેવ તો આચાર્ય બન્યા પછી પણ રોજ રાત્રે અઢી-ત્રણ વાગે ઊઠી જઈને કમ્મપયડિ વગેરેનો સ્વાધ્યાય કરતા.

એક મુનિરાજ તો હદ કરતા. સાંજનું પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરવા બેસે કે છેક સવારના પ્રતિક્રમણનો ટાઈમ થાય ત્યાં સુધી બિલકુલ ઉંઘ્યા વિના સ્વાધ્યાય કરતા. (અલબત્ત આવું ક્યારેક જ કરતા.)

યુવાન સંયમીઓએ તો બરાબર સ્વાધ્યાયમાં લાગી પડવું જોઈએ. રોજ ૧૦ કલાકનો સ્વાધ્યાય યુવાન સંયમીઓ સહેલાઈથી કરી શકે અને શરૂઆતના વર્ષોમાં જો સખત સ્વાધ્યાય કરશો તો પછી એના અત્યંત મીઠાફળો ભવિષ્યમાં ચાખવા મળશે. સ્વાધ્યાયના ફાયદા અપરંપાર છે.

વળી દિવસ અને રાત બે ય ના ભેગા મળીને આ સ્વાધ્યાયના કલાક ગણવાના છે. દિવસે ૭-૮ કલાક સ્વાધ્યાય થાય અને રાત્રે બે-ત્રણ કલાક થાય તો એ રીતે ૧૦ કલાક થઈ જાય. છેવટે જેની જેટલી શક્તિ તે પ્રમાણે એમણે આ સ્વાધ્યાયનો નિયમ લેવો જોઈએ.

સ્વાધ્યાયમાં જો સાથીદાર સાથે હોય તો ખૂબ અનુકૂળ રહે. રાત્રે પણ બે-ત્રણ સંયમીઓ ભેગા બેસીને મસ્તીથી સ્વાધ્યાય કરી શકે. શ્લોકો બોલવા, પદાર્થોની વિચારણા કરવી એ બધું જ સ્વાધ્યાયમાં ગણી લેવું.

<u>૪. હું કાજો લીધેલી જગ્યાએ જ સ્વાધ્યાય કરવા બેસીશ :</u>

વિશાળ ઉપાશ્રયમાં કોઈપણ જગ્યાએ સ્વાધ્યાય કરવા બેસવું હોય, તો ત્યાં ઈરિયાવહિ કરી કાજો લઈ, સુપડીમાં ભેગો કરીને પરઠવ્યા બાદ જ ત્યાં સ્વાધ્યાય કરવા બેસાય. કેટલાંક સંયમીઓ આળસ, પ્રમાદને કારણે કાજો ન લીધો હોય તો ય ત્યાં સ્વાધ્યાય કરવા બેસી જાય. ઉપાધ્યાયજી કહે છે કે, "**ज्ञानाचारो हि चारित्राचाराविरोधेनैव श्रेयान्, अन्यथा तु अनाचार एव ।**" કાજો લેવો એ ચારિત્રચાર છે એનું પાલન કર્યા વિના સ્વાધ્યાય કરવા રૂપ જ્ઞાનાચારનું પાલન એ અનાચાર જ ગણાય.

એટલે સંયમીઓએ આ બાબતમાં ઉપેક્ષા ન કરવી. આવી રીતે કરાયેલો સ્વાધ્યાય આત્મહિતકારી નહિ બને. વળી આ તો બે મિનિટનું જ કામ છે. શા માટે કોઈપણ કારણ વિના

જિનાજ્ઞાનો ભંગ કરવો ?

<u>૫. હું દંડાસનથી જ કાજો લઈશ, અને સુપડીમાં ભેગો કરીને પરઠવીશ :</u>

કેટલાંક સંયમીઓ એવું પણ કરે છે કે ઇરિયાવહિ કરીને પછી ઓઘાથી કાજો લે છે. ઓઘાથી કાજો ન લેવાય. કાજો દંડાસનથી જ લેવાય. વળી કેટલાંકો દંડાસનથી કાજો તો લે, પણ એને હવામાં જ ઉડાડી દે છે. એને ભેગો કરીને સુપડીમાં લઈને નથી પરઠવતા. કેટલાંકો તો વિશાળ હોલમાં કાજો લેવાનો હોય તો માત્ર દંડાસન જ જોર-જોરથી ફેરવી દે છે. આ કાજો લીધેલો કહેવાય ? કે કાજો ઉડાડેલો કહેવાય ?

સમ્યગ્ આચાર આ છે કે દંડાસન દ્વારા એક જગ્યાએ બધો કાજો ભેગો કરવો અને પછી સુપડીમાં લઈને એને યોગ્ય સ્થાને પરઠવવો. સુપડી રાખવી જ ન પડે એ માટે સુપડીનો ઉપયોગ જ બંધ કરી દેવો એ ઉચિત નથી જ.

જો કાજો બરાબર લેવામાં આવે તો ઉપાશ્રય સ્વચ્છ રહે. અને તો પછી ઉપધિ મેલી ન થાય. વારંવાર ઉપધિનો કાપ કાઢવો ન પડે. (અલબત્ત આજે ઉપાશ્રયો સ્વચ્છ રહે છે ખરાં. પણ એ નોકરોના કચરા-પોતા દ્વારા સ્વચ્છ રહે છે. નોકરો સંયમી નિમિત્તે કચરા-પોતા કરે એટલે એમાં જે કંઈ પણ કીડી વગેરે જીવોની, કાચા-પાણી વગેરેની વિરાધના થાય એની અનુમોદનાનો દોષ સંયમીને લાગે.)

માત્ર સ્વાધ્યાય જ નહિ, કોઈપણ ક્રિયા કાજો લીધા વિનાના સ્થાનમાં ન કરાય. વિહાર કરીને આવેલા કેટલાંક સંયમીઓ કાજો લીધા વિનાના સ્થાનમાં જ બપોરે આરામ કરતા હોય છે એવું પણ જોયું છે. એમ કેટલાંકો કાજા વિનાના સ્થાનમાં જ ગોચરી વગેરે વાપરતા પણ જોયા છે. આ બધું ઉચિત નથી જ. પ્રત્યેક સંયમીમાં આ સાવ સામાન્ય બાબતની કટ્ટરતા તો હોવી જ જોઈએ. આવી નાની-નાની વાતોમાં બાંધછોડ કરનારાઓ છેલ્લે મોટી બાબતોમાં પણ છૂટછાટવાળા બનીને આત્માને દીર્ઘસંસારી બનાવી દેતા હોય છે. હા ! સાંજે રસ્તામાં પાણી ચૂકવવાદિ માટે બેસવું પડે તો એ વખતે કાજો ન લે તો હજી ચાલે.

<u>૬. હું મને પાઠ આપનારા સંયમીનું ઓછામાં ઓછું એક વસ્ત્ર સવાર-સાંજ પ્રતિલેખન કરીશ :</u>

દશવૈકાલિકમાં કહ્યું છે કે [૧૩] "જે આપણને વિદ્યા આપે, શ્રુતજ્ઞાનનું દાન કરે. એ વિદ્યાગુરુનો આપણે આખી જિંદગી સુધી વિનય કરવાનો. એમનો સત્કાર કરવાનો. એમના દર્શન થતાની સાથે મસ્તક નમાવીને હાથ જોડીને નમસ્કાર કરવાના. હૃદયમાં એમના પ્રત્યે ખૂબ ઉછળતો બહુમાનભાવ ધારણ કરવાનો."

હવે જ્યારે શાસ્ત્રકારોનું આવું વચન હોય ત્યારે તો વિદ્યાદાતા ગુરુના તમામ કાર્યો સંયમીએ કરી લેવા જોઈએ. એમનું બે ટાઈમનું પ્રતિલેખન, ગોચરી-પાણી વગેરે બધી જ ભક્તિ ખૂબ ઉલ્લાસ સાથે કરવી જોઈએ.

વર્તમાનકાળના એક અતિવિદ્વાન સંયમીએ મને કહ્યું કે "જ્યારે હું વિદ્યાગુરુ પાસે ભણતો હતો. ત્યારે બેય ટાઈમ એમનો ઓઘો બાંધતો. રાત્રે એમનો વ્યવસ્થિત સંથારો પાથરી દેતો. એવી બીજી પણ સારામાં સારી ભક્તિ કરતો. એ બધાના પ્રતાપે આજે આવી સંસ્કૃત ટીકાઓ રચવા જેટલી શક્તિને

પામ્યો છું."

જો સંયમી વિદ્યાગુરુ પાસેથી ઉંચામાં ઉંચી કક્ષાનું શ્રુતજ્ઞાન મેળવતો જાય. પણ સામે એમની સેવા-ભક્તિમાં ઉપેક્ષા કરે, કંટાળો લાવે તો એને એ શ્રુતજ્ઞાન કદિ ન ફળે. એ શ્રુતજ્ઞાન ચિંતા અને ભાવનાજ્ઞાન રૂપે કદિ ન બને. શ્રુતજ્ઞાનની કિંમત અબજો રૂપિયાની છે, જ્યારે સંયમી જે કંઈપણ સેવા-ભક્તિ કરે એ બધાની કિંમત માંડ હજાર રૂપિયા જેટલી છે. વિદ્યાગુરુ જો અબજો રૂપિયાની કિંમતનું શ્રુતજ્ઞાન આપે તો સંયમી હજાર રૂપિયા જેટલી સેવા-ભક્તિ પણ ન આપે ?

એટલે સંયમીએ વિદ્યાગુરુની ભક્તિ મન મૂકીને કરવી જોઈએ. એમને બધી રીતે પ્રસન્ન રાખવા જોઈએ. ઉનાળામાં ઠંડુ પાણી, ગોચરીમાં અનુકૂળ દ્રવ્યો, વસ્ત્રોનો કાપ, વિહારમાં ઉપધિ ઉંચકવી વગેરે વગેરે શક્ય એટલી બધી જ ભક્તિ કરવી.

પણ આજની પરિસ્થિતિ બદલાઈ છે. પૂર્વે તો ઘણા મોટા દીક્ષાપર્યાયવાળા, ગીતાર્થ, પરિપક્વ સંયમીઓ વિદ્યાગુરુ બનતા, આજે તો એક-બે વર્ષના પર્યાયવાળા સંયમી પણ બીજા સંયમીઓને ભણાવતા હોય છે. ચાર પ્રકરણ ભણી ચૂકેલો સંયમી કર્મગ્રંથ ભણતો હોય અને બીજા સંયમીને જીવવિચારાદિ ભણાવતો પણ હોય.

આ પરિસ્થિતિમાં એ નાનકડા વિદ્યાગુરુની પાઠ લેનારો સંયમી ઉપર મુજબ ભક્તિ કરે એ સંભવિત નથી. કદાચ કરે તો પણ એ ઉચિત ન દેખાય. આ નાનો વિદ્યાગુરુ એ બધું પચાવી ન પણ શકે. કદાચ બીજાઓની ઈર્ષ્યાનો ભોગ બને.

આવા અનેક કારણોસર જો વિદ્યાગુરુની ઉંચી કક્ષાની ભક્તિ કરવી શક્ય ન હોય તો છેવટે આટલો નિયમ તો રાખવો જ કે સવાર-સાંજ વિદ્યાગુરુના કોઈપણ એક વસ્ત્રનું પ્રતિલેખન કરવું. જો ભણનારો સંયમી વિદ્યાગુરુનો આટલો પણ વિનય ન કરે તો પછી એ શ્રુતજ્ઞાન એને ફૂટી નીકળે એવી શક્યતા ઘણી છે. એટલે જ આ નાનકડા વિનયમાં તો ખાડો ન જ પડવો જોઈએ. એમાં ઉપેક્ષા-આળસ ન જ થવી જોઈએ. રોજ બે ય ટાઈમ ઉચિતકાળે વિદ્યાગુરુના વસ્ત્રનું પ્રતિલેખન થઈ જ જવું જોઈએ.

હવે જ્યારે બાહ્ય ભક્તિ વધારે ન કરી શકાય ત્યારે આંતરિક બહુમાન તો પુષ્કળ વધારવું જ જોઈએ. વિદ્યાગુરુ છદ્મસ્થ હોવાથી એમનામાં પણ અનેક પ્રકારના દોષો હોવાના જ. એ બધાને નજરમાં લાવ્યા વિના એમના શ્રુતદાન નામના એક જ ગુણને નજર સામે રાખવો.

એક જોરદાર શાસનપ્રભાવક સંયમીએ પોતાના કરતા અડધા દીક્ષાપર્યાયવાળા સંયમી પાસે પાઠ લેવાની શરૂઆત કરી ત્યારથી શાસનપ્રભાવક દીર્ઘસંયમપર્યાયવાળા એ મહાત્માએ નિર્ણય કર્યો કે "આ વિદ્યાગુરુ મને વસ્ત્રોનું પ્રતિલેખન તો નહિ જ કરવા દે. પણ એ મારા વિદ્યાગુરુ છે એટલે હવે રાત્રે સંથારો કરતી વખતે એમના તરફ પગ ન થઈ જાય એની કાળજી અચૂક રાખીશ અને આમ તો મારો માત્રાનો પ્યાલો નાના સાધુઓને પરઠવવા આપું છું. પણ આ વિદ્યાગુરુ નાના હોવા છતાં ય એમને તો મારા માત્રાનો પ્યાલો નહિ જ આપું." અને ખરેખર કડકાઈપૂર્વક એમણે એ નિર્ણયનો અમલ કર્યો.

વિદ્યાગુરુ પ્રત્યેનો કેવો જબરદસ્ત બહુમાનભાવ !

કેટલાંક સંયમીઓ વિદ્યાગુરુની સેવા-ભક્તિ તો ન કરે, ઊલટી એમની નિંદા-મશ્કરી કરે.

અરેરે ! આ ઘોરાતિઘોર પાપ કદિ ન કરાય. જો એ વિદ્યાગુરુની નિંદા-મશ્કરી ન જ છોડવાની હોય તો બહેતર છે કે એમની પાસે વિદ્યા જ ન લેવી. જેથી આ ઘોર પાપ ન બંધાય.

આ નિયમમાં તો ઓછામાં ઓછી સેવા-ભક્તિ બતાવી છે. વધુમાં વધુ તો જે સંયમી જેટલી કરી શકે એટલી એણે કરવી જ.

<u>૭. હું સ્થાપનાચાર્યજીની હાજરી વિના પાઠ આપીશ નહિ કે લઈશ નહિ :</u>

શાસ્ત્રીય નિયમ છે કે [૧૪]પાઠ-વાચના વગેરે વખતે સ્થાપનાચાર્યજી=ભગવાન અવશ્ય હોવા જ જોઈએ. થોડાક ઉંચા સ્થાને બહુમાનપૂર્વક ભગવાનને મૂકીને પછી જ પાઠ શરૂ કરાય. ખરેખર તો પાઠ-વાચના લેનારાઓએ જ આ કાળજી રાખવાની છે કે પાઠ-વાચના શરૂ થતા પહેલા જ ત્યાં ભગવાન પધરાવવા. પણ કદાચ તેઓ ન લાવેલા હોય તો પાઠ-વાચના આપનારાએ ભગવાનની ગેરહાજરીમાં પાઠ શરૂ ન કરવો.

ગ્રુપમાં ભગવાન ઓછા હોય અને તેથી પાઠની જગ્યાએથી થોડેક દૂર ભગવાન હોય તો પણ જો બધાની નજર ત્યાં પડી શકતી હોય તો પછી એ વખતે પાઠ-વાચના કરી શકાય એમ ઉચિત લાગે છે. ક્યારેક એવું બને છે કે મોટા હોલમાં દૂર-દૂર બે ગ્રુપો પાઠ લેતા હોય અને ભગવાન એક જ હોય તો બે ય ગ્રુપો ભગવાન પોતાની પાસે = નજીકમાં શી રીતે રાખી શકે ? આવા વખતે દૂર રહેલા ભગવાનને અનુસરીને પણ વાચના-પાઠાદિ કરાય.

બે પાઠ ઉપર-નીચે લેવાના હોય અને ભગવાન એક હોય તો પછી એ વખતે ઉપર કે નીચેવાળું ગ્રુપ નવકાર પંચિંદિય વડે સ્થાપનાજી સ્થાપીને પાઠ લે એ ઉચિત લાગે છે. પણ એ વિના તો પાઠ ન જ લેવાય. આમાં સ્થાપનાચાર્યજી પ્રત્યેનો આદર-બહુમાન ભાવ સૂચિત થાય છે. નમ્રતા પ્રગટે છે.

<u>૮. હું કોઈપણ ગ્રંથ ગુરુની રજા લઈને જ ભણીશ. સ્તવન-સજ્ઝાય પણ ગુરુની રજા લઈને જ ગોખીશ :</u>

સંયમી મન ફાવે એ રીતે કોઈપણ પુસ્તક, શાસ્ત્ર, મેગેઝીન વાંચી શકતો નથી જ. ધાર્મિક વાંચન પણ ગુરુની રજા વિના ન જ કરાય. ક્યારેક કહેવાતા ધાર્મિક પુસ્તકોમાં પણ એવું વિચિત્ર લખાણ આવતું હોય છે કે જે સંયમીને નુકસાન કરનારું બની જાય. દા.ત. 'જૈન સમાચાર' નામના છાપામાં ઘણું બધું ખરાબ, શાસ્ત્રવિરુદ્ધ, મિથ્યાત્વપોષક લખાણ આવે છે. હવે 'જૈન સમાચાર' નામ વાંચીને કોઈ નવો સંયમી ગુરુને પૂછ્યાં વિના એ વાંચવા માંડે તો મનમાં ઘણા ખોટા વિચારો ઘુસી જવાની પાકી શક્યતા છે જ. એમાં સંયમીને ઘણું નુકશાન થાય.

રે ! સંપૂર્ણ સાચા ગ્રંથો પણ બધા સંયમીઓ માટે હિતકારી નથી હોતા. નિશ્ચયનયની ઉંચી વાતોથી ભરેલા ગ્રંથો વ્યવહારમાર્ગમાં શિથિલ સંયમીના હાથમાં જાય તો શું થાય ? વાંદરાને દારૂ પીવડાવવા જેવી દશા થાય.

વળી આજે ગુરુને પૂછ્યા વિના ધાર્મિક પુસ્તકાદિ વાંચનારો સંયમી આવતીકાલે ગુરુને પૂછ્યાં વિના છાપાઓ, ખરાબ સાહિત્ય વાંચતો થઈ જાય એવી શક્યતા ઘણી છે. એ ન થાય તો ય આમાં સ્વચ્છંદતા તો પોષાય જ છે.

પરમાત્મભક્ત, સ્વર્ગસ્થ પૂજ્યપાદ એક આચાર્યદેવ આચાર્યપદવી થયા બાદ અધ્યાત્મયોગની પ્રાપ્તિ માટે પોતાનાથી પદવીમાં નાના એવા યોગીપુરુષ એક પંન્યાસજી પાસે ત્રણ વર્ષ રોકાયા. ત્યારે આચાર્યદેવ દેરાસર જાય તો પણ પંન્યાસજીને પુછીને જાય. વ્યાખ્યાન કરવા જાય તો પણ પંન્યાસજી મ.ને પુછીને જાય. નાનામાં નાનું કાર્ય પણ આ મહાન આચાર્ય ભગવંત પંન્યાસજીને પુછીને કરતા. ખરેખર તો એમની લઘુતા એ જ સાચી મહાનતા હતી.

જો આવા મહાન આચાર્ય ભગવંતને પણ ગુરુને પુછી-પુછીને જ કામ કરવું અત્યંત આવશ્યક લાગ્યું. તો એમના કરતા ઘણી ઓછી આત્મશુદ્ધિવાળા, પ્રમાદમાં લપેટાઇ જવાની વધારે શક્યતાવાળા આપણા જેવાઓએ તો ગુરુને પૂછ્યા વિના કોઈપણ કામ કરી જ કેમ શકાય ?

પૂ.પાદ આચાર્ય ભગવંતશ્રીનો આ પ્રસંગ વાંચ્યા પછી પણ જે સંયમીઓ ગુરુને પૂછ્યા વિના જ કામ કરશે, તેઓ કાં તો એ મહાપુરુષ કરતા પણ ઘણા મહાન હશે કે જેથી એમને ગુરુપૃચ્છાદિની જરૂર નથી લાગતી. અને જો એમ ન હોય તો પછી તેઓમાં નિષ્ઠુરતાદિ દોષો હશે કે આ જાણવા છતાં પણ જીવનપરિવર્તન કરવાની તમન્ના સુદ્ધાં નથી જાગતી.

અહીં તો સ્તવન-સજ્ઝાયાદિ માટેની જ વાત કરી છે. પણ એ સમજી જ લેવું કે કોઈપણ કામ ગુરુને પૂછ્યા વિના ન જ કરવું. "માત્રુ-સ્થંડિલ જવું હોય તો પણ ગુરુની રજા લેવી પડે" આટલી વાતમાં બધું જ આવી જાય છે.

<u>૯. હું ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર વગેરે કોઈપણ પ્રકારના છાપાઓ વાંચીશ નહિ :</u>

વર્તમાનકાળમાં સૌથી મોટું અનર્થદંડ તરીકેનું જો કોઈ પાપ હોય તો એ આ છાપાઓ છે. સંયમીને હિતકારી બને એવી એકે ય વસ્તુ આમાં આવતી નથી છતાં સંયમીઓ શા માટે વાંચે છે ? એ ખબર પડતી નથી.

રે ! ગીતાર્થસંયમીઓ વર્તમાન પરિસ્થિતિ જાણવા માટે અને એ દ્વારા શાસન-સંઘાદિના હિત માટેના મહત્ત્વના નિર્ણયો લેવા માટે આ છાપાઓ ઉપર નજર કરે તો તો હજી ય બરાબર. પણ જે સંયમીઓ આ વાંચ્યા પછી પણ કાંઈપણ સુધારી શકવાની શક્તિવાળા નથી. માત્ર વાંચવા, જાણવા કે કોઈકને એ સમાચાર કહેવા સિવાય જેઓ કંઈ જ કરી શકવાના નથી. તેઓ શા માટે આ પાપમાં પડે છે ? એ સમજાતું નથી.

હવે તો વાત ઘણી આગળ વધી છે. છાપાઓમાં માત્ર રાજકારણ કે સમાજના સમાચારો જ નથી આવતા, પણ ગંદા ચિત્રોવાળી પૂર્તિઓ આવે છે. કોઈપણ સંયમીના શુભપરિણામોને સળગાવીને રાખ બનાવી દે, એવા ઢગલાબંધ ચિત્રોથી ભરપૂર આ છાપાઓનો ઉપાશ્રયમાં પ્રવેશ જ અતિભયંકર છે.

કોઈ વળી કહે છે કે "અમે માત્ર સમાચારો જ વાંચશું. પૂર્તિઓ નહિ વાંચીએ." પણ શું આવો વિવેક શક્ય છે ? છાની રીતે શું સંયમીઓ એ ખરાબ ચિત્રાદિ ઉપર દૃષ્ટિ નહિ પાડી દે ? શું ક્યારેક એ બધું જોવાની ઈચ્છાઓ નહિ પ્રગટે ?

શાસ્ત્રકારોએ [૧૫]"ઉપાશ્રયમાં સજાતીયનો કે વિજાતીયનો ફોટો સુદ્ધાં ન જોઈએ" એવા

ખુલ્લેઆમ વિધાનો કરેલા છે. કોઈપણ શાસ્ત્રમાં એવું નથી લખ્યું કે, "જે ગીતાર્થ સંવિગ્ન સંયમીઓ હોય, તેમના ઉપાશ્રયમાં બહેનોના / ભાઈઓના ફોટાઓ હોય તો પણ વાંધો નહિ, કેમકે એ બધા તો એ ફોટાઓને જોશે જ નહિ. અને કદાચ જોશે તો પણ એમને ખરાબ વિચારો નહિ આવે."

આવું લખવાની હિંમત શાસ્ત્રકારો નથી કરતા તો "અમે છાપાની સાથે રહેલી પૂર્તિઓ નહિ જોઈએ. ભલે એ ભેગી આવતી." એવું કહેવાની હિંમત કોણ કરી શકે ?

આજે તો બધા જ સમુદાયોમાં નવી દીક્ષાઓ ખૂબ થઈ રહી છે. બધે જ યુવાન સંયમીઓની મોટી સંખ્યા જોઈને હર્ષ થાય છે. પણ સાથે એ કહેવાનું ય મન થાય છે કે આવી વિશાળ યુવા શ્રમણસંસ્થાનું રક્ષણ કોણ કરશે ? જો ઉપાશ્રયમાં છાપાઓ આવશે, એમાં ખરાબ ચિત્રોવાળી પૂર્તિઓ આવશે, ખરાબ લેખો આવશે તો આ અપરિપક્વ, અનાદિ કુસંસ્કારોના માલિક સંયમીઓની રક્ષા કેવી રીતે થશે ?

ક્યારેક છાપાની પસ્તીઓમાંથી એવા લેખો, ચિત્રો કાઢી કાઢીને વાંચનારા અને જોનારા યુવાન સંયમીઓને જોઈને મારું હૈયું ધ્રુજી ઊઠ્યું છે.

સંયમીઓના હિત ખાતર પણ ઉપાશ્રયમાં છાપાઓનો પ્રવેશ અટકાવવો જ જોઈએ.

જે શાસનપ્રભાવક ગણાતા સંયમીઓએ છાપા વાંચવા જ હોય એણે છાપા લાવનાર શ્રાવકને પહેલેથી જ કહી દેવું જોઈએ કે 'પૂર્તિઓ વગેરે ખરાબ ચિત્રો, લેખો કાઢી નાંખીને જ તારે મને છાપું આપવા આવવું." અને એ છાપું વંચાઈ જતાની સાથે જ એક મિનિટનો પણ વિલંબ કર્યા વિના ઉપાશ્રયની બહાર જ એ છાપું મોકલી દેવું. ઉપાશ્રયની પસ્તીમાં પણ એ છાપું હોવું ન જોઈએ. (ભલે એ છાપામાં પૂર્તિ વગેરે નથી. પણ જે છે એ પણ રાજકારણાદિ બધું જ બાકીના સંયમીઓ માટે તદ્દન નકામું જ છે. જો એ પણ ઉપાશ્રયમાં હશે તો કો'ક સંયમીને આ રાજકારણાદિ વાંચવાનું પણ મન થશે. અને એ રીતે જો એને રસ પડી જશે, ટેવ પડશે તો ગુરુની ગેરહાજરીમાં છાપા મંગાવતો થઈ જ જશે. એ વખતે એ તો આવો કોઈ વિવેક કરવાનો જ નથી કે 'પૂર્તિ વગેરે ન લાવવી' એટલે એને પુષ્કળ નુકસાનો થવાના.)

પણ જો વડીલો ઉપર પ્રમાણેની કોઈપણ વ્યવસ્થા ન જ ગોઠવે તો પછી બાકીના સંયમીઓએ પોતાના પુરુષાર્થ ઉપર સંયમ પાળવું પડશે. તેઓએ મક્કમ બનવું પડશે કે "મારી સામે છાપું પડ્યું હશે તો પણ હું એમાં નજર નહિ કરું. રાજકારણના સમાચાર પણ નહિ વાંચું. અગ્નિથી ભડકીને જેમ દૂર ભાગું છું એમ છાપાઓથી ભડકીને દૂર ભાગીશ."

ખૂબ વિદ્વાન, અનેક ટીકાઓની રચના કરનારા, તપસ્વી અને શાસનપ્રભાવક એક ગણિવરે ૨૦ વર્ષના દીક્ષા પર્યાયમાં ક્યારેય છાપું વાંચ્યું નથી. છાપાના હેડીંગ ઉપર નજર સુદ્ધાં કરી નથી. આ એક શ્રેષ્ઠ આદર્શ છે. આવા મહાત્મા પણ જો છાપાઓથી દૂર ભાગતા હોય તો બાકીના મહાત્માઓએ તો અત્યંત મક્કમ બનીને આ પાપ દૂર ફગાવી જ દેવું.

સાધ્વીજીઓને તો આ છાપાઓ બધી રીતે નકામા જ છે. એટલે તેઓએ તો વહેલી તકે એને તિલાંજલિ આપવી.

વધુ દુઃખ તો એ વાતનું થાય છે કે સેંકડો શાસ્ત્રકારોએ શાસ્ત્રરચના કરતી વખતે એવી ભાવના

ભાવેલી કે 'ભવિષ્યમાં થનારા સંયમીઓ અમારા શાસ્ત્રો વાંચી આત્મહિત સાધશે." પણ એમની ભાવના અત્યારે તો નિષ્ફળ બનતી દેખાઈ રહી છે.

એ મહાપુરુષો કદાચ સ્વર્ગમાં હશે તો વિચારતા હશે કે "અરેરે ! અમે આ હજારો સંયમીઓ માટે સખત મહેનત કરીને શાસ્ત્રો રચ્યા અને તેઓ શાસ્ત્રો છોડીને આ છાપાંઓ વાંચવામાં પડ્યા ? અમારી શરમ પણ એમને ન નડી ?"

વધુ પુણ્યશાળી કોણ ? એ જ સમજાતું નથી. આ છાપા બહાર પાડનારાઓ ? કે જેમના છાપાઓ સંયમીઓ હોંશથી વાંચે છે. કે પછી એ શાસ્ત્રકારો ? કે જેમના લખેલા હજારો શાસ્ત્રો એવા છે કે જે પોથીમાંથી ય બહાર નીકળવાના બાકી છે.

## ૯. હું ચિત્રલેખા, અભિયાન વગેરે મેગેઝીનો, નવલકથાઓ વાંચીશ નહિ :

છાપાઓ રોજે રોજ બહાર પાડે. જ્યારે આ ચિત્રલેખા, અભિયાન વગેરે પુષ્કળ મેગેઝીનો અઠવાડિયે, પંદર દિવસે કે મહિને બહાર પડે છે. આ બધા મેગેઝીનો પણ ઓછા ખરાબ નથી.

આ ઉપરાંત કેટલાંક સંયમીઓ વ્યવસાયી જૈન-જૈનતર લેખકોએ લખેલી ધાર્મિક (!) નવલકથાઓ વાંચે છે. અલબત્ત એ નવલકથાના મુખ્ય પાત્રો રાજા વિક્રમ, ઇલાચિકુમાર વગેરે ધાર્મિક પાત્રો જ છે. એમાં અંતે જૈનધર્મનું સારું જ બતાવેલું છે. પણ એ પહેલાના પાનાઓમાં ક્યાંક શૃંગારનું, તો ક્યાંક રહસ્યમય ઘટનાઓનું વર્ણન હોય છે. આ બધું જ આત્મવિકાસ માટે તદન પ્રતિકૂળ છે. આખા પુસ્તકના ૩-૪ પાનાઓ સિવાય બાકીનું તમામ લખાણ લગભગ વિકથારૂપ જ હોય છે. આવા તો બીજા ઘણાં નવલકથા જેવા પુસ્તકો હોય છે. આવા કોઈપણ પ્રકારના પુસ્તકો સંયમીએ ન વાંચવા.

આ ઉપરાંત જોક્સના પુસ્તકો, કોમીક્સ વગેરે પણ સદંતર ત્યાગી દેવા.

ખરેખર તો સંયમીઓ સંસ્કૃત કે પ્રાકૃત સિવાય બીજું કંઈ જ ન વાંચે એ શ્રેષ્ઠ છે. વર્તમાનકાળમાં આચાર્ય ભગવંતો વગેરે દ્વારા લખાતા પુસ્તકો, મેગેઝીનો વાંચે એ ય સારું છે. જિનાજ્ઞા-શાંતિ સૌરભ વાંચે એનો ય વાંધો ભલે ન લઈએ, એ સિવાયના બાકીના સાહિત્યોથી સંયમીઓએ બાર ગાઉ છેટા રહેવું.

ઉપદેશરહસ્યમાં ઉપાધ્યાયજી મ. એ કહ્યું છે [१८] "વિકથાપૂર્વકના શાસ્ત્રાભ્યાસને સ્વાધ્યાય ન કહેવાય." અર્થાત વિકથાઓ સ્વરૂપ વાંચન કરનારાઓ બાકીના કાળમાં સ્વાધ્યાય કરે તો પણ એ સાચો સ્વાધ્યાય નથી. જેમાં બાકીના કાળમાં પણ વિકથાનું વાંચનાદિ ન હોય એ જ સ્વાધ્યાય સ્વાધ્યાય કહેવાય.

## ૧૦. હું એંઠા મુખે બોલીશ નહિ :

લગભગ ૭૦ વર્ષની વૃદ્ધ ઉંમરે એક સુવિહિત, ગીતાર્થ આચાર્યદેવ એકવાર બપોરની ગોચરી બાદ ભગવાનની સામે પંચાંગ પ્રણિપાત ખમાસમણા આપતા હતા. શિષ્યે આ દૃશ્ય પહેલી વાર જોયું. "આટલા બધા ખમાસમણા શા માટે આપતા હશે ?" શિષ્યે પૂ. ગુરુદેવશ્રીને પૂછ્યું. તેઓશ્રી કહે, "૫૦ વર્ષ પૂર્વે મેં નિયમ લીધેલો કે જો એંઠા મોઢે બોલાઈ જાય તો ૧૫ ખમાસમણા આપવા." આજે પહેલીવાર હું ભુલમાં એંઠા મોઢે બોલ્યો. આ કારણસર ખમાસમણા આપું છું.

૫૦ વર્ષ પૂર્વેનો નિયમ યાદ હોવો, ૫૦ વર્ષમાં એક પણ વાર ભુલ ન થવી અને આજે ભુલ

થઈ તો એની શિક્ષા ભોગવવી આ બધી વિશિષ્ટતાઓ જોઈ શિષ્ય તો આભો જ બની ગયો.

કેટલાંક સંયમીઓને એવી ટેવ હોય છે કે ગોચરી માંડલીમાં વાપરતા જાય અને વાપરતા વાપરતા વાતચીત પણ કરતા જાય. આમાં પુષ્કળ જ્ઞાનાવરણીય કર્મ બંધાય. જૂના વડીલો તો એટલા બધા કટ્ટર હતા કે ગોચરી વાપરતા કંઈક એકાદ વાક્ય બોલવાની જરૂર પડે તો ત્રણ-ત્રણ વાર પાણીના કોગળાથી મોઢું બરાબર સ્વચ્છ કરી, "મોઢામાં એકપણ દાણો રહી ગયો નથી ને ?" એની ભારે ચીવટ કર્યા બાદ જ બોલે. આ ખૂબ સુંદર પરંપરા આપણે બધાએ જાળવવી જોઈએ.

આમાં બીજો લાભ એ થાય કે ગોચરી વાપરતી વખતે બોલવાનું ન હોવાથી શાંતિ રહે, ગોચરી ઝડપથી વપરાય એટલે ૪૮ મિનિટમાં સંમૂર્ચ્છિમ થવાની શક્યતા પણ ન રહે. બાકી વાતો કરવામાં તો ક્યારેક કલાક-દોઢ કલાક થઈ જાય તો ય ખબર ન પડે. સંમૂર્ચ્છિમની વિરાધના થાય. જેટલું ઓછું બોલાય એટલું સારું જ છે.

**૧૧. માત્રાનો પ્યાલો કે સ્થંડિલનો પ્યાલો હાથમાં હોય ત્યારે હું નહિ બોલું :**

માત્રાનો કે સ્થંડિલનો પ્યાલો ખાલી હોય કે ભરેલો હોય તો પણ એ અશુચિનું સાધન હોવાથી એ હાથમાં હોય તો બોલાય નહિ. બોલવાની જરૂર પડે તો પ્યાલો જમીન ઉપર મૂકી પછી બોલી શકાય.

એમ એક હાથમાં પ્યાલો હોય અને બીજા હાથમાં પુસ્તક ઉપાડીએ તો એ પણ ઉચિત નથી લાગતું. છતાં આ બાબતમાં જે સમુદાયમાં જે વ્યવહાર હોય, તે સમુદાયના સંયમીઓએ તે જ પ્રમાણે વ્યવહાર કરવો. આ વાંચીને સમુદાયનો વ્યવહાર તોડવાનું કામ કોઈએ ન કરવું.

**૧૨. હું પુસ્તકોને કે વડીલોને પીઠ થાય એ રીતે નહિ બેસું :**

દેવ અને ગુરુને આપણે કદિ પીઠ નથી કરતા. તો પુસ્તકો પણ એટલા જ મહાન છે. શાસ્ત્રકારોએ તો દ્વાદશાંગી=શ્રુતજ્ઞાનને જ તીર્થ કહ્યું છે. અને ખુદ તીર્થંકર દેવો એ શ્રુતજ્ઞાન રૂપ તીર્થને નમસ્કાર કરે છે. એટલે પુસ્તકો, પ્રતોને પીઠ ન જ કરાય.

ઉપાશ્રયમાં ચારે બાજુ સંયમીઓ બેઠેલા હોય અને બધાના સ્થાને પુસ્તકાદિ પડેલા હોય. દરેક સંયમીએ બેસતી વખતે ઉપયોગ મૂકવો કે "મારી પીઠ પુસ્તકો સામે તો નથી થતી ને ?"

ઘણીવાર ઉપાશ્રયમાં જ જ્ઞાનભંડારના કબાટો હોય છે. એમાં જો બંધ કબાટો હોય તો એની સામે પીઠ કરવામાં હજી વાંધો નથી. પણ જો એ કબાટો કાચવાળા હોય અને એટલે પુસ્તકો દેખાતા હોય તો પછી એ તરફ પીઠ ન કરાય.

પુસ્તકની જેમ આપણા કરતા વડીલ કોઈપણ સંયમી આપણા માટે વંદનીય છે. એમને પણ પીઠ ન કરાય. એટલે ઉપાશ્રયમાં એવી રીતે જ બેસવું કે વડીલ મુનિઓને પીઠ ન થાય.

વડીલો પ્રત્યે હૃદયમાં બહુમાન હોય તો જ આ શક્ય બને. નહિ તો પછી ઉપેક્ષા થાય. વડીલોને પીઠ કરનાર સંયમી ચારિત્રની આશાતના કરનારો બને. માટે જ વડીલની આગળ ચાલવાનો પણ નિષેધ છે કેમકે એ રીતે ચાલવામાં વડીલને પીઠ થાય અને લોકમાં પણ ખરાબ લાગે. (રસ્તો બતાવવા વગેરે કારણસર આગળ ચાલવું પડે તો એનો વાંધો નથી.)

**૧૩. હું પુસ્તકોને કે વડીલોને પગ થાય એ રીતે નહિ બેસું, નહિ ઊંઘું :**

જો પુસ્તકો કે વડીલોને પીઠ ન કરાય તો પગ તો ન જ કરાય એ સ્વાભાવિક છે. ઘણીવાર નાના ઉપાશ્રયોમાં રાત્રે સંથારો કરતી વખતે આ મુશ્કેલી ઉભી થતી હોય છે. જગ્યા જ એવી હોય કે વડીલો તરફ પગ થાય એ રીતે સંથારો કરવો પડે. પણ એ વખતે ગમે તે વ્યવસ્થા કરીને આ આશાતના ટાળવી. એક ભવભીરુ આચાર્યદેવ વાસણાના ઉપાશ્રયમાં પાટ ઉપર સંથારો કરતી વખતે સાથેના સાધુને કહ્યું કે, "દૂર જે પેલો દરવાજો છે, એના ઉપર કોઈક સ્ટીકરો ચોંટાડેલા મેં જોયા હતા. એટલે એ તરફ પગ રાખું તો જ્ઞાનની આશાતના થાય." અને એમ કહી પોતાની જગ્યા ફેરવી.

૨૫ ડગલા દૂર રહેલા સ્ટીકરના અક્ષરો તરફ પણ પગ ન કરવાની કેટલી બધી સૂક્ષ્મ કાળજી!

નાના સંયમીઓએ સંથારો કરતી વખતે પહેલેથી જ આ ઉપયોગ રાખવો કે પોતાના પગ વડીલ-જ્ઞાન તરફ ન થાય.

એમ સ્થાપનાચાર્યજી તરફ પણ પગ ન થવા દેવા. દેરાસર તરફ પણ પગ ન થવા દેવા.

હા ! આપણા પગ અને પુસ્તક / વડીલ વચ્ચે ટેબલ વગેરે કંઈક મૂકી દઈએ તો પછી વાંધો નહિ. વચ્ચે ટેબલની આડશ આવી જવાથી આશાતનાનો દોષ ન લાગે.

**૧૪. હું જ્ઞાનની કોઈપણ વસ્તુ જમીન ઉપર નહિ મૂકું :**

ખરેખર તો સંયમીઓને આ સાવ સામાન્ય વાત કહેવાની જરૂર જ નથી. સંયમીઓ પુસ્તકાદિને જમીન ઉપર મૂકે એ શક્ય જ નથી. છતાં કેટલાંક પ્રસંગો જોયા છે એટલે આવો નિયમ પણ લખવો પડ્યો.

કેટલાંક સંયમીઓ પુસ્તક પણ સીધું જમીન ઉપર મૂકી દેતા હોય છે. કેટલાંકો વળી પુસ્તક તો જમીન ઉપર ન મૂકે. પણ છાપાઓ જમીન ઉપર પાથરીને વાંચતા હોય છે. કેટલાંકો વળી પોસ્ટરો, પત્રિકાઓ, પોસ્ટકાર્ડાદિ સ્ટેશનરીઓ, બોલપેન, પેન્સિલ વગેરેને જમીન ઉપર મૂકતા હોય છે.

જ્ઞાનના કોઈપણ સાધનો જમીન ઉપર ન મૂકાય. એને ટેબલ વગેરે ઉપર મૂકવા જોઈએ.

નવકારવાળી, નવકારવાળીનું ઝોળીયું, પ્રતની પોથી આ બધા માટે પણ ઉપરની વાત સમજી લેવી.

**૧૫. હું ગોચરી વાપરતાં વાપરતાં પુસ્તક-પાના નહિ વાંચુ :**

કેટલાંકોને આવી પણ ટેવ હોય છે કે જે કોઈ ટપાલો, પત્રિકાઓ આવી હોય એ ખોળામાં રાખીને વાંચતા જાય અને બીજી બાજુ ગોચરી વાપરતા જાય અથવા એક હાથમાં ટપાલાદિ પકડીને વાંચે અને બીજા હાથથી ગોચરી વાપરે.

જો કે આ વખતે સંયમી બોલતો નથી એ સાચી વાત. છતાં મોઢું એઠું હોવાને લીધે આ રીતે વાંચવું ઉચિત તો નથી.

બીજી વાત એ છે કે ગોચરી વાપરતી વખતે ગોચરીના પ્રત્યેક કોળીયામાં ઉપયોગ રાખવાનો છે. કદાચ કોઈ જીવ એમાં આવી ગયો હોય, કદાચ સચિત્ત દાણો આવી ગયો હોય તો એ ઉપયોગપૂર્વક

વાપરનારને ખબર પડે અને એનો ત્યાગ કરી શકે. પણ જો વાપરતી વખતે વાંચનાદિમાં ઉપયોગ રાખે તો ગોચરીની વસ્તુઓમાં તો ઉપયોગ ન જ રહે.પરિણામે સચિત્ત, અભક્ષ્યાદિ વપરાઈ જવાથી સંયમવિરાધના થાય.

ઘણીવાર પાત્રામાં ઉડતા જીવો પડતા હોય છે. કીડીઓ ચડી જતી હોય છે. ક્યારેક ઉડતી માખીઓ પણ પડતી હોય છે. એટલે ઉપયોગ વિના વાપરનારને આ બધી વિરાધનાનું પાપ લાગે. એટલે સંયમ વિરાધના ન થાય એ માટે પણ ગોચરી વાપરતી વખતે પુસ્તકો-પ્રતો-ટપાલો-પત્રિકાઓ વગેરે કંઈ જ ન વંચાય.

સૂક્ષ્મ રીતે જોઈએ તો ગોચરી વાપરતી વખતે બીજા કોઈની વાતોમાં પણ ધ્યાન ન અપાય. જો મન બીજાની વાતો સાંભળવામાં એકાગ્ર બને તો પાછી ઉપર કહ્યા પ્રણામેની સંયમવિરાધના ઉભી થાય.

ખાતા ખાતા વાંચવું એ તો આજના મોર્ડન ગૃહસ્થોની ટેવ છે. સંસારીઓ સવારે ચા પીતા પીતા છાપાઓ વાંચતા જોવા મળે છે. આ રીત સંયમીઓમાં શી રીતે શોભાસ્પદ બને ?

<u>૧૬. હું જેટલી ટપાલ લખીશ, એટલા લોગસ્સનો ઉભા ઉભા કાઉસગ્ગ કરીશ અથવા જેટલી ટપાલ લખીશ એટલી નવી ગાથાઓ ગોખીશ :</u>

'આ હુંડા અવસર્પિણી કાળે કેવો કાળો કેર વર્તાવ્યો છે' એ જોઈએ. શાસ્ત્રકારો યતિજીતકલ્પ વગેરે ગ્રંથોમાં લખે છે કે [૧૭]એક એક અક્ષર લખવાનું પ્રાયશ્ચિત્ત એક એક આંબિલ આવે. જો સંયમી એક ટપાલમાં ૧૦૦ અક્ષર લખે તો એને ૧૦૦ આંબિલનું પ્રાયશ્ચિત્ત આવે.

એમ જેટલીવાર પુસ્તક કે પ્રત ખોલ-બંધ કરે એટલા આંબિલ આવે. દિવસમાં ૧૦ વાર પુસ્તક ખોલ-બંધ કર્યું. તો ૧૦ આંબિલનું પ્રાયશ્ચિત્ત આવે.

અક્ષરો લખવા એ ભયંકર પાપ ગણાતું. પુસ્તકો લખવા એ ય ભયંકર પાપ ગણાતું.

અલબત્ત જે કાળમાં સંયમીઓ ખૂબ વિશિષ્ટ ક્ષયોપશમવાળા હતા અને માટે બધું મૌખિક જ ભણવાનું ચાલતું હતું. બાર અંગો વગેરે કોઈપણ શ્રુતજ્ઞાન અક્ષરદેહે લખાયું ન હતું એ કાળના આ ઉત્સર્ગમાર્ગના નિયમો હતા.

કાળ પડતો ગયો અને છેવટે સંયમીઓના ક્ષયોપશમાદિની મંદતાને જોઈને મહાપુરુષોએ બધુ શ્રુતજ્ઞાન અક્ષરદેહે ઉતાર્યું. ગ્રંથો-પ્રતો લખાવા લાગ્યા. એ કાળમાં માત્ર શ્રુતજ્ઞાન જ લખાતું. પત્ર વ્યવહારાદિ પ્રાયઃ સંયમીઓ ન કરતા. તેઓ જાણતા કે આ મોટું પાપ છે.

ધીમે ધીમે પત્રવ્યવહાર પણ શરૂ થયો. શરૂઆતમાં ગાઢ કારણોસર જ પત્રો લખાતા. પણ પછી એ વિવેક પણ ઘટતો ગયો. પોસ્ટકાર્ડ, આંતરદેશીય, આંગડિયા, કુરિયર વગેરે સગવડો ખૂબ વધી ગઈ અને ખેદની વાત છે કે શ્રમણ ભગવાન મહાવીર દેવના શ્રમણસંઘમાં આ દૂષણ ખૂબ વ્યાપક બન્યું.

હા ! ગાઢ કારણોસર આંગડિયાદિ કરવામાં આવે એની તો શાસ્ત્રકારો પણ મંજુરી આપે જ છે. દા.ત. કોઈ શ્રાવક કે સંયમી સાથે વધારે મનદુઃખ થયું હોય તો સંવત્સરી વખતે ક્ષમાપનાનો પત્ર લખીએ એ હજી યોગ્ય ગણાય. ગચ્છાધિપતિશ્રી વગેરેને આલોચના મોકલવાની હોય અને એ અતિમહત્ત્વની હોય, તો અંગત માણસ મોકલીને ય આલોચના મોકલાય, કુરિયરાદિ કરાય એ ય હજી

યોગ્ય ગણાય. સંસારી સ્વજનોની તબિયત ઘણી વધારે ગંભીર હોય ત્યારે એમને સમાધિ-શાતા મળે એ માટે સંયમી પત્ર લખે તો એ ય હજી યોગ્ય ગણાય. કોઈક ગૃહસ્થોએ કે સંયમીએ શાસનનું વિશિષ્ટ કામ કર્યું હોય, માસક્ષપણાદિ ઉગ્ર તપશ્ચર્યા કરી હોય અને એની અનુમોદના માટે પત્ર લખીએ એ પણ બરાબર. ભણતા ભણતા ઉભા થયેલા પ્રશ્નોના સમાધાન મેળવવા માટે દૂર રહેલા વિદ્વાનોને પત્ર દ્વારા પ્રશ્નો લખીને મોકલવા પડે એ પણ બરાબર... આવા અનેક પુષ્ટ કારણોસર ટપાલાદિ લખવામાં અપવાદમાર્ગે શાસ્ત્રકારોની સંમતિ મળે એમ સમજી શકાય છે.

પરંતુ સંયમીઓ ગૃહસ્થોની જેમ બધા સંયમીઓને કે ઓળખાણવાળા સંયમીઓને નૂતન વર્ષાભિનંદનના કાર્ડ મોકલે તો ?

ઘણા ગૃહસ્થો સાંવત્સરિક ક્ષમાપનાના કાર્ડ છપાવીને સ્વજનાદિને મોકલતા હોય છે એમ સંયમી "જે સંયમીઓ છેલ્લા વર્ષમાં મળ્યા સુધ્ધાં નથી અને એટલે જેમની સાથે કોઈપણ જાતનો અણબનાવ બન્યો નથી." એવા સંયમીઓ વગેરેને પણ ક્ષમાપનાના કાગળો દર વર્ષે મોકલે તો ?

એમ સ્વજનોને, ભક્તોને પણ કોઈ કારણ વિના ઉપદેશ વગેરેના કાગળો લખે તો ?

"તમે કેમ મને છેલ્લા ચાર મહિનાથી મળવા નથી આવ્યા ? આ પત્ર મળે એટલે મને મળવા આવો." એવા અને એવી જાતના બીજા પત્રો લખે તો ?

જ્યાં પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર લેશ પણ વૃદ્ધિ ન પામે એવી કોઈપણ પ્રવૃત્તિ શું જિનશાસનનો સુવિહિત અણગાર આદરી શકે ખરો ? અને આવી પ્રવૃત્તિ કરનારો અણગાર શાસનનો શણગાર બની શકે ખરો ?

ગૃહસ્થો પોતાની મેળે ભક્તિભાવથી સંયમીને વંદન કરવા આવે તો એમાં સંયમીને કોઈ દોષ નથી. પણ સંયમી સામે ચાલીને ગૃહસ્થોને પોતાને મળવા માટે બોલાવે, તેઓ આવે એમાં રાજી થાય તો એમના દ્વારા મુસાફરી વગેરેમાં જે કોઈ વિરાધના-હિંસા થઈ, એ બધાની અનુમોદનાનું પાપ સંયમીને લાગે. અને તો પછી રોજ નવ વાર બોલાતા 'કરેમિ ભંતે' સૂત્રની શું હાલત ? એમાં કરણ-કરાવણ-અનુમોદન ત્રણે ય પાપોનો નિષેધ છે. શું સંયમી આ બધું જાણવા છતાં પ્રતિજ્ઞાભંગ કરવા તૈયાર છે ? એમાં રંજ કે પશ્ચાત્તાપ નથી ?

એક વિશાળ સમુદાયના ૧૫૦ ઉપર વર્ધમાન તપની ઓળીના આરાધક આચાર્ય ભગવંતે મને વાત કરેલી કે "તેઓ આખા વર્ષમાં માંડ બે કે ત્રણ પોસ્ટકાર્ડ લખે છે. એ પણ અત્યંત આવશ્યક ગણાય તે જ. એ સિવાય પત્ર લખવાનું પાપ એ કરતા નથી. હા ! કોઈ પ્રશ્નો પુછાવે તો એના જવાબો આપે છે."

આચાર્યપદવી પર રહેલા મહાત્માને જો પત્રો લખવાના નહિવત્ હોય તો શું બાકીના સંયમીઓ કમસેકમ એમના જેટલી અંતર્મુખતા ન કેળવી શકે ?

આજે પણ એવા ઘણા મહાત્માઓ છે કે જેઓ પોતાના ચાતુર્માસ પ્રવેશની પત્રિકા તો નથી જ છપાવતા, પણ પોતાના બા-બાપુજી સુદ્ધાંને પણ પત્ર દ્વારા એટલું જણાવતા નથી કે 'મારો આ દિવસે આ સ્થળે ચાતુર્માસ પ્રવેશ છે' પછી બીજા ભક્તો કે શ્રાવકોને જણાવવાની વાત તો સાવ દૂર જ રહી !

પોસ્ટકાર્ડ પોસ્ટમેન લઈ જાય અને છેક સરનામે પહોંચાડે, ત્યાં સુધીમાં થનારી બધી વિરાધનાની અનુમોદના પોસ્ટકાર્ડ લખનારા સંયમીને લાગે.

આ બધી વાસ્તવિકતા હોવાથી જ સંયમીઓએ બાહ્ય બધા સંબંધો ત્યાગીને એક પણ પત્ર લખવો જ ન પડે એવી અંતર્મુખતા સાધી લેવી જોઈએ.

છતાં એટલી બધી અંતર્મુખતા સાધી ન જ શકાય તો છેવટે સાપેક્ષભાવ તરીકે આ નિયમ લેવો કે જેટલા પત્રો હું લખું એટલા લોગસ્સનો મારે ઉભા ઉભા કાઉસ્સગ્ગ કરવો.

ઘણીવાર તો ચોમાસામાં સંયમીઓ પોસ્ટકાર્ડ, ટિકીટ વગેરે જે સ્ટેશનરીઓ વહોરે છે, એ જોઈને શ્રાવકો ય હેબતાઈ જાય છે. ભક્તિથી વહોરાવે તો ખરા પણ મનમાં વિચારે ય ખરાં કે "સંસારી કોણ? જેને બાહ્ય પદાર્થો સાથે વધુ સંબંધ હોય એ સંસારી. જેને બાહ્ય પદાર્થો સાથે ઓછામાં ઓછા સંબંધો થાય એ સારામાં સારો સંયમી. અહીં તો અમે આખા વર્ષમાં જેટલા પત્રો નહિ લખતા હોઈએ એટલા સંયમીઓ લખે છે. શું સમજવું ?"

માટે ફરી ભારપૂર્વક કહું છું કે શક્ય હોય એટલા પત્રવ્યવહાર બંધ જ કરવા. છતાં જે પત્રવ્યવહાર કરવા જ પડેસ એના સાપેક્ષભાવ રૂપે આ નિયમ કે એના જેવો કોઈ બીજો નિયમ (બાંધી નવકારવાળી વગેરે રૂપ) સ્વીકારવો.

**<u>૧૭. હું પશુ-પંખીઓના અવાજ નહિ કરું અને તોતડા-બોબડા વગેરેના ચાળા નહિ પાડું :</u>**

મશ્કરી કરવાના સ્વભાવવાળા સંયમીઓ કેટલીકવાર બાળકોને ગભરાવવા માટે 'ભો ભો !' એમ કુતરના અવાજો કરે. ક્યારેક વળી 'મ્યાઉં...' બિલાડીના અવાજો કરે. કોઈ ડરપોક સંયમીને ગભરાવવા માટે ભૂત-પ્રેતનો રોલ પણ ક્યારેક કો'ક સંયમી ભજવી લેતા હોય છે.

એમ કાગડા, ચકલીના અવાજો ય હોંશિયાર (!) સંયમીઓને આવડતા હોય છે.

તો કેટલાંક સંયમીઓ કોઈક તોતડા-બોબડા સંયમી વગેરેની મશ્કરી કરવા માટે પોતે પણ એની જેમ જાણી જોઈને તોતડું બોલે. કોઈકને હસાવવા માટે ય તોતડું બોલે. કોઈક સંયમીની ચાલવાની પદ્ધતિ જરાક વિચિત્ર હોય તો બીજો સંયમી બાકીનાઓને પેલા સંયમીની ચાલવાની એક્શન પોતે એવી રીતે ચાલીને બતાવે. બધા હસે. કોઈકની વળી ગોચરી વાપરવાની પદ્ધતિ વિચિત્ર હોય તો બીજો સંયમી એના ચાળા પાડી, એના જેવી જ એક્શન કરી બધાને હસાવે.

એક ગ્રુપમાં વૃદ્ધ સાધુને વાયુ પ્રકોપના કારણે ચાલુ પ્રતિક્રમણમાં પણ મોટા મોટા બગાસા રોજ આવતા. એ વખતે બીજો એક સંયમી જેવા આમના બગાસા શરૂ થાય એટલે એમના તરફ મોઢું કરી પોતે પણ જોર-જોરથી બગાસા ખાવા માંડે. શ્રાવકો જુએ પણ શું બોલે ?

સરકસના જોકરોને શોભે એવી પ્રવૃત્તિ જો સંયમીઓ કરતા થઈ જાય તો પછી આ મહાન શાસનની રખેવાળી કોણ કરશે ?

પ્રત્યેક સંયમી જૈનશાસનનો સુભટ છે. એણે તો પ્રત્યેક પળે ગંભીર બની અત્યંત જાગ્રત રહીને શાસનની-સ્વસંયમની રક્ષા કરવાની છે. એ આવી ઠઠ્ઠા-મશ્કરીનો બાદશાહ બને તે શી રીતે પરવડે ? મુખ્યત્વે સંયમીઓના મુખ ઉપર બે હાવભાવ ખૂબ શોભે છે : (૧) પોતાના દોષો બદલ, શાસનની ચિંતા

બદલ, પોતાના મોક્ષની ચિંતા બદલ બેચેનીનો ભાવ ! ચિંતાતુરતાનો, ગંભીરતાનો ભાવ ! (૨) મળેલા સંયમ-શાસન બદલ, શાસનરાગ બદલ ધગધગતી ખુમારીનો ભાવ !

એ સિવાય આ ચેન-ચાળા વગેરે વખોડવા લાયક છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે [૧૮]"આવા વાણી અને કાયાથી વિચિત્ર પ્રવૃત્તિઓ કરીને બીજાઓને હસાવનારા સંયમીઓ કાંદર્પિકી ભાવનાવાળા કહેવાય. આવા સંયમીઓ ત્યાંથી મરીને કાંદર્પિક કક્ષાના હલકા દેવોમાં ઉત્પન્ન થાય અને ત્યાંથી પછી એમની દીર્ઘસંસારની ભ્રમણયાત્રા શરૂ થાય."

એટલે 'આ દોષો નાના-સુના છે' એવું ન માનવું.

વળી આ બધામાં કોઈ ફાયદો તો દેખાતો નથી. આ તો સાવ જ અનર્થદંડના પાપો છે. સમજુ શ્રાવકો પણ અનર્થદંડના પાપો ન કરે તો પંચ મહાવ્રતધારી સંયમી તો શી રીતે કરે ? માટે પ્રત્યેક સંયમીઓએ આવા પશુ-પંખીઓના અવાજો કાઢવા, કે કોઈની પણ ચેષ્ટાઓના ચેનચાળાદિ કરવાના પાપો સદંતર છોડી જ દેવા જોઈએ. દૃઢતાપૂર્વક આ પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ.

વળી આવા ચાળાઓ કરવામાં ક્યારેક પરસ્પર સંયમીઓમાં મોટા ઝઘડા ઉભા થઈ જતા હોય છે. જેના ચાળા કરવામાં આવે એ સંયમી ગુસ્સે થઈને જેમતેમ બોલે અને એ રીતે પછી ઝઘડાઓ થાય.

**૧૮. હું મારા કાગળોની પારિઠાવણી વિધિપૂર્વક કરીશ. ગમે ત્યાં નાંખી દઈશ નહિ :**

સંયમી પોતે જે કંઈપણ લખી લખીને નોટો બનાવે, ભણતી વખતે રફપાનામાં બધું લખે, સંયમી ઉપર બીજાઓના પત્રો આવે આ બધા જ કાગળો ગમે ત્યાં નાંખી ન દેવાય, કેમકે જો ગમે ત્યાં નાંખી દઈએ તો પછી એ કાગળો વાયુના કારણે કાયમ આમતેમ ઉડ્યા કરે. પુષ્કળ વાયુકાયની વિરાધના થાય. ઉડતા ઉડતા એ કાગળો નદી-તળાવમાં જઈને પડે તો અપ્કાયની વિરાધના થાય. ક્યારેક કોઈ એનો તાપણામાં ઉપયોગ કરે તો તેજસ્કાયની વિરાધના થાય. વળી આ રીતે જ્ઞાનનું સાધન કાગળો ગમે તેમ ઉડ્યા કરે એટલે જ્ઞાનની વિરાધના તો ખરી જ.

એટલે આ બધા નકામા, પોતાના કાગળો ભેગા કરી એના ટુકડા કરી એને વિધિપૂર્વક પરઠવવા પડે.

કોઈક જગ્યાએ પાણી વિનાના અવાવરા કુવા હોય છે. એ જો ઊંડા હોય તો પછી કાગળની પારિઠાવણીનું પોટલું બાંધી, દોરી વડે નીચે ઉતારી દોરી ધીરે ધીરે હલાવીને બધા કાગળો કુવામાં પરઠવવા. સીધા ઉપરથી નાંખી ન દેવાય, કેમકે એમાં વાયુ વિગેરેની વધુ વિરાધના થાય. એ કુવામાં નિગોદ વગેરે ન હોવા જોઈએ. આ રીતે કુવામાં પોટલું ઉતારતા કરોળિયાના જાળા વગેરે તુટી ન જવા જોઈએ. ટૂંકમાં વિરાધના ન થાય એની કાળજી રાખવી પડે.

આવા કુવા ન મળે તો જ્યાં ખાડાઓ ખોદાયેલા હોય એમાં પણ કાગળની પારિઠાવણી કરી શકાય. દેરાસર, ઉપાશ્રયના ખાડા ખોદાતા હોય, ક્યાંક નવા મકાન વગેરે બનતા હોય તો એના ખાડા ખોદાયેલા હોય. ક્યાંક જમીનમાં પાઈપલાઈન વગેરેના ખાડાઓ ખોદાતા હોય. આ બધી જગ્યાએ કાગળ પરઠવી શકાય.

એમાં કાળજી એ રાખવી કે ખાડો જે દિવસે ખોદાય, ઓછામાં ઓછા ત્યારથી ૭૨ કલાક બાદ

જ ત્યાં કાગળો પરઠવી શકાય ત્યાં સુધી કદાચ એ માટી સચિત્ત હોય. ૭૨ કલાકમાં એ માટી અચિત્ત થઈ જાય એવો વ્યવહાર અમારા સમુદાયમાં છે. (બીજા સમુદાયના સંયમીઓએ પોતપોતાની રીતે પોતપોતાના સમુદાયનો વ્યવહાર જાણી લેવો.)

ચોમાસા વગેરેમાં ભેજવાળું વાતાવરણ હોય અને સૂર્યનો તડકો ન પડતો હોય તો પછી ત્રણ કરતા વધારે દિવસ રાહ જોવી પડે. શિયાળા-ઉનાળામાં વાંધો લાગતો નથી.

નદીના સુકા તટની રેતીમાં પણ પરઠવી શકાય. પણ ત્યાં જો ગામના લોકો સ્થંડિલ-માત્રુ કરતા હોય તો એ માત્રુ નીચે દાટેલા કાગળ વગેરેને અડતા જ્ઞાનની આશાતના થાય. એટલે જ્યાં કોઈ સ્થંડિલ વગેરે ન જ બેસતા હોય ત્યાં ઉપરની અચિત્ત રેતી દૂર કરી નીચે કાગળો ઢાંકી પછી ઉપર અચિત્ત રેતી ઢાંકી દેવી.

આ બધું સંયમીઓએ જાતે જ કરવાનું છે. ગૃહસ્થોને આ કામ ન સોંપાય. પણ જો સંયમીઓને આ બધું કરતા જોઈને અજૈનો કંઈક ઉંધુ-ચત્તુ વિચારતા હોય, જો તે તે સ્થાને સંયમીઓની આવી પ્રવૃત્તિ ઉચિત ન લાગતી હોય તો પછી અપવાદમાર્ગે પરિપક્વ શ્રાવકને બધું સમજાવી દઈને વિરાધના ન થાય એ રીતે એના દ્વારા પારિઠાવણી કરાવવી ઉચિત લાગે છે.

છાપાઓ કે પત્રિકાઓ વગેરેની પારિઠાવણી સંયમીઓએ કરવાની જરૂર નથી. એની જવાબદારી સંયમીઓની નથી.

જેટલો વધારે પત્ર વ્યવહાર રાખશો એટલા વધારે કાગળો પરઠવવાના આવશે. અને કાગળ પરઠવવાની જગ્યા જલ્દી જલ્દી મળતી નથી. એટલે જો સંયમનો ખપ હોય તો લખવાનું ખૂબ ઓછું કરી દેવું. નોટ વગેરેમાં પણ કોઈપણ જગ્યા ખાલી ન જવા દેવી. બધાનો ઉપયોગ કરી લેવો. કેટલાંકો પાનાની એક જ બાજુ લખતા હોય છે, બીજી બાજુ આખી ખાલી છોડી દે. કેટલાંકો માત્ર બે લીટીનો પત્ર લખે તો ય આખું પાનું ફાડીને આપી દે. કેટલાંકોને મહિને મહિને બે-ચાર પેડ ખાલી થઈ જાય.

"આ બધું ઉચિત છે કે કેમ ?" એ દરેકે જાતે જ વિચારી લેવું.

એક મહાન આચાર્ય ભગવંત છાપાઓની ચારે બાજુની કિનારની ખાલી પટ્ટીઓ કાપી લઈને એમાં લખતા, પણ ચોકખા-નવા કાગળો ન લેતા, ન બગાડતા.

આજે આવા આદર્શ સંયમીઓની ખૂબ જરૂર છે.

<u>૧૯. હું ઓછામાં ઓછા દશવૈકાલિકસૂત્ર, આવશ્યક નિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગસૂત્ર આ પાંચ શાસ્ત્રો ટીકાપૂર્વક વાંચ્યા પહેલા તો વ્યાખ્યાન આપવાના શરૂ નહિ જ કરું :</u>

અત્યારે જો શાસ્ત્રની વાતો કરવા જઈએ તો મશ્કરીને પાત્ર બનવા જેવું થાય છે. શાસ્ત્રકારો કહે છે કે, [૧૯]"અગીતાર્થને તો બોલવાનો પણ નિષેધ છે, તો પછી અગીતાર્થ દેશના તો શી રીતે આપી શકે ?"

ઉપદેશરહસ્ય, આચારાંગ વગેરેમાં 'દેશના આપવાને સુપાત્ર કોણ ?' એ માટેના અનેક ગુણો બતાવ્યા છે. જેમાં ગીતાર્થતા અને સંવિગ્નતા મુખ્ય છે.

મહોપાધ્યાયજી ૩૫૦ ગાથાના સ્તવનમાં કહે છે કે [૨૦]"જે ગીતાર્થ હોય, યતનાવંત=સંવિગ્ન હોય, ગંભીર હોય, બીજા પણ અનેક ગુણોવાળો હોય તેના વચનના સહારે સંસાર તરાય. બાકી જે ઉપદેશકમાં આ ગુણો નથી. એ તો દેશના આપીને બીજાઓને સંસારમાં ડુબાડનારો બને છે. એવા નિર્ગુણીઓના ટોળાઓ હોય તો પણ શું કામના ? મહાનિશીથમાં આવા ઉપદેશકોને **ભાષાકુશીલ** કહેલા છે."

ગીતાર્થ એટલે ઉપરના ગ્રંથો ઉપરાંત બીજા અનેક ગ્રંથોનો અભ્યાસ કરી ચૂકેલો અને ઓછામાં ઓછી નિશીથપીઠિકા, બૃહત્કલ્પપીઠિકા અને વ્યવહારસૂત્રપીઠિકાનો સાંગોપાંગ અભ્યાસ કરી ચૂકેલો મહાત્મા.

આ તો જઘન્યમાં જઘન્ય ગીતાર્થ કહેવાય. આવા સંયમીને હજી ય દેશના આપવાનો અધિકાર માની શકાય. પણ એ સિવાય બીજાઓને દેશનાનો અધિકાર નથી.

આજે તો બે બુક પણ નહિ ભણેલા, ચાર પ્રકરણાદિના પણ બોધ વિનાના સંયમીઓને ગુજરાતીના સહારે વ્યાખ્યાનો કરતા જોઉં છું ત્યારે મનમાં પ્રકંપ થાય છે કે શું આજે આ પરિસ્થિતિ ઊભી થઈ ?

સંઘો સાચવવા, સંઘના આરાધકોની આરાધનાઓ ટકાવવા આજે આ નવા, અપરિપક્વ, અગીતાર્થ સંયમીઓને પણ વ્યાખ્યાનાદિની અનુમતિ અપાય છે. પણ "એ યોગ્ય છે કે કેમ ?" એ તો વર્તમાનકાળના ગીતાર્થપુરુષો ભેગા મળીને નક્કી કરે.

ભલે વધુ અભ્યાસ ન થાય પણ કમસે કમ બે બુક ભણ્યા બાદ થોડું-ઘણું વાંચન કરીને દશવૈકાલિક (હારિભદ્રી ટીકા અથવા સુમતિસાધુ ટીકા), આવશ્યકનિર્યુક્તિ (મલયગિરિ ટીકા, અથવા હારિભદ્રી ટીકા) ઓઘનિર્યુક્તિ (દ્રોણાચાર્ય ટીકા), પિંડનિર્યુક્તિ (મલયગિરિ ટીકા), આચારાંગ (શીલાંકાચાર્ય ટીકા).... આ પાંચ ગ્રંથો કોઈક પીઢ વ્યક્તિ પાસે સારી રીતે ભણ્યા બાદ એ બધા પદાર્થો વ્યવસ્થિત સમજ્યા બાદ જ ધર્મોપદેશ આપવો એવો નિયમ જો સંયમીઓ લે તો પણ ઘણું બચી જવાય. આ બધા ગ્રંથો વાંચવાને લીધે ઘણી પરિપક્વતા આવશે અને આ કાળમાં જાતની રક્ષા કરવી શક્ય બનશે.

મેં આ પાંચ શાસ્ત્રો બતાવ્યા, કોઈ બીજા ગીતાર્થ મહાપુરુષ બીજા કોઈ ગ્રંથો સૂચવે તો ભલે એ ગ્રંથો ય ભણો. પણ બિલકુલ શાસ્ત્રબોધ વિના વ્યાખ્યાન કરવા લાગી જવું એમાં આત્મહિત ઘણું બધું જોખમમાં છે એવું માન્યા વિના છૂટકો નથી. બીજાઓ આ પાળે કે ન પાળે પણ આત્માર્થી સંયમીઓ સ્વયં આના માટે કટિબદ્ધ બને.

વ્યાખ્યાનકારને માન-સન્માનાદિ વધુ મળે, અને બીજાઓને ઓછા મળે એ વાત સાચી, પણ સંયમીઓએ એ તુચ્છ માન-સન્માનાદિની ઉપેક્ષા કરીને પરલોક, જિનાજ્ઞા, આત્મહિત તરફ જ મીટ માંડવી જોઈએ.

હોસ્પીટલના બારણા પાસે ઉભેલા ગુરખાને કોઈ બિમાર આવીને પૂછે કે 'ડોક્ટર છે ?' ગુરખો ના પાડે અને પેલો બિમાર (મૂર્ખ હોય તો) કહે કે "તું જ દવા આપી દે ને ?" તો ગુરખો સારો હશે

તો કહેશે તો 'સાહેબ ! હું દવા કરવા લાગું તો બિમાર માણસની બિમારી વધી જાય, ઘટે નહિ અને મારે નોકરીમાંથી હાથ ધોઈ નાંખવા પડે."

એમ સમજુ સંયમી તો વ્યાખ્યાન માટે આગ્રહ કરનારા સંઘને નમ્રતાપૂર્વક કહી દે કે, "જ્યાં સુધી હું વ્યાખ્યાન આપવાનો અધિકારી ન બનું, ત્યાં સુધી મારાથી વ્યાખ્યાન ન અપાય."

ક્યારેક ગુરુજનો જ સંયમીને વ્યાખ્યાનાદિ કરવાનો આગ્રહ કરતા હોય છે. આ વખતે સંયમીઓએ ભારપૂર્વક ગુરુજનને વિનંતિ કરી શકાય કે "આપ મને વ્યાખ્યાનમાં ન પાડશો." છતાં ગુરુજન આગ્રહ રાખે તો પછી છેવટે ગુર્વાજ્ઞા એ જ પ્રમાણ કરવી રહી.

વ્યાખ્યાન શ્રેષ્ઠ વસ્તુ છે. પણ એ અકાળે કરવાનો જ નિષેધ છે. પાત્રતા આવી જાય પછી તો શાસ્ત્રાનુસારે વ્યાખ્યાન આપવાનો કોઈ નિષેધ નથી.

આ અભિગ્રહ ઘણાને અઘરો પડશે એવું લાગે છે. છતાં એ અત્યંત જરૂરી લાગવાથી લખ્યો છે. છેવટે સંયમીઓ આ અંગે પોતપોતાની રીતે બીજા પણ ઉચિત નિયમ લઈ શકે.

<u>૨૦. હું પાંચતિથિ ઉપાશ્રયથી એક કી.મી.ની અંદર રહેલા ઓછામાં ઓછા એક દેરાસરે ચૈત્યપરિપાટી માટે જઈશ :</u>

બે આઠમ, બે ચૌદશ અને સુદ પાંચમ આ પાંચ તિથિઓમાં ચૈત્યપરિપાટી કરવી જોઈએ. જ્યાં આપણે રહ્યા હોઈએ ત્યાંના દેરાસરે તો રોજ દર્શન કરવા જઈએ જ. પણ આ પાંચ તિથિઓમાં બીજા પણ એકાદ દેરાસરે દર્શન કરવા જવું જોઈએ.

આમ તો ઉપાશ્રયથી બે-ત્રણ કી.મી. દૂર દેરાસર હોય તો પણ ત્યાં દર્શન માટે જઈ શકાય. પણ એટલું દૂર જવું કદાચ સંયમીઓને ન ફાવતું હોય તો કમસેકમ એક કી.મી.ની અંદરના દેરાસરમાં જવાનો નિયમ તો રાખવો જ. મહિનાના ૨૫ દિવસ સામાન્યથી સંયમીઓ જ્ઞાન-ચારિત્રની આરાધના વિશેષ કરતા હોય છે તો આ પાંચ દિવસ સમ્યગ્દર્શનની આરાધના પણ કરવી. એક કિ.મી.ની અંદર ત્રણ-ચાર દેરાસર હોય તો બધે જાઓ એ સારું જ છે. છતાં કોઈપણ એકાદ દેરાસરે દર્શન કરી આવીએ તો પણ ચાલે.

દર્શન કરવા માટે સંયમી એકલો જાય એના કરતા બે-ત્રણ-ચાર જણ ભેગા જાય એ વધુ ઉચિત છે.

જો ગૃહમંદિરમાં દર્શન કરવા જવું હોય તો ઓછામાં ઓછા બે સંયમી જાય એ વધુ સારું. અને ઘર દેરાસરમાં યોગ્ય સમયે જવું કે જેમાં તેઓને અપ્રીતિ વગેરે ન થાય.

જે વૃદ્ધ સંયમીઓ એક કિ.મી. દૂર જઈ શકે એમ ન હોય. તેઓ મુખ્ય દેરાસરમાં જ ઉપર-નીચે દર્શન કરી લે, છેવટે કોઈપણ એક જિનપ્રતિમા સામે રોજ કરતા એક વધારે અરિહંત ચેઈઆણં કરી લે તો પણ ચૈત્યપરિપાટીનો સાપેક્ષભાવ જળવાઈ રહે છે.

જે અરિહંતદેવોએ આપણને આ સંયમ આપ્યું છે એમના ઉપકારની સ્મૃતિમાં, એમના પ્રત્યેના

ભક્તિ-બહુમાનના પ્રતીક તરીકે આ ચૈત્યપરિપાટી છે. એટલે એમાં ઉપેક્ષા, પ્રમાદ કરવો ઉચિત નથી.

**૨૧. વિહારમાં જે ગામ-શહેરમાં જે દેરાસરોના દર્શન પૂર્વે કદિ ન કર્યા હોય તે તમામ દેરાસરોની ચૈત્યપરિપાટી કરીશ :**

પાટણ, ખંભાત, સુરત, અમદાવાદ વગેરે ઘણા ક્ષેત્રો એવા છે કે જેમાં સેંકડો જિનમંદિરો છે. કેટલાંક તો અતિપ્રાચીન છે. સંયમીઓ વિહારમાં જે ગામ-શહેરમાં પહોંચે, તે સ્થળે શ્રાવકો પાસે જાણી લેવું કે 'ત્યાં કેટલા ગામ-દેરાસરો છે ?' અને પછી અનુકૂળતા પ્રમાણે બધા દેરાસરોના દર્શન કરી લેવા. તીર્થસ્વરૂપ એ પ્રતિમાઓના દર્શન આંતરમેલને ધોઈ નાંખવાનું કામ કરે છે. આવા વખતે સ્વાધ્યાય ગૌણ બનાવવો. આવી જિનપ્રતિમાઓના દર્શન વારંવાર ક્યાં મળે છે ?

એવા કેટલાંક આચાર્ય ભગવંતોની વાતો મેં સાંભળી છે કે ચાલુ વિહારમાં એમને ખબર પડે કે "આડા રસ્તે બે-ત્રણ કિ.મી. દૂર દેરાસર છે" તો તેઓ ત્રણ-ચાર-પાંચ કિ.મી. વધતા હોય તો પણ એ રસ્તે જઈ દર્શન કરી પછી ઉપાશ્રયે પહોંચે. વળી દેરાસરમાં જઈને માત્ર બે મિનિટમાં બહાર નીકળી જાય એમ નહિ. પણ અડધો કલાક-કલાક પરમાત્મભક્તિમાં લીન બની જાય. ભર ઉનાળામાં ૧૨-૧૫ કિ.મી. ચાલીને આવેલા હોય, થાક-તરસ મોઢા ઉપર સ્પષ્ટ દેખાતા હોય. છતાં દેરાસરમાં પરમાત્માને જોઈને બધું જ વિસરી જાય. શિષ્યો ઉપાશ્રયમાં રાહ જુએ અને એ આચાર્ય ભગવંતો લાંબો સમય આત્મ મસ્તીમાં લીન બને.

અલબત્ત આવો ભાવ, આવી વધારે વિહાર કરવાની શક્તિ બધા પાસે ન હોય એ સ્વાભાવિક છે. પણ જે ગામ-શહેરમાં રોકાયા છીએ ત્યાંના દેરાસરોની ચૈત્યપરિપાટી તો લગભગ બધા જ કરી શકે.

હા ! વિહાર કરીને આવ્યા હોઈએ અને ખૂબ થાક લાગ્યો હોય અને પાછો સાંજે જ કે બીજા દિવસે સવારે જ વિહાર હોય તો પછી દર્શન કરવા ન જવાય એ શક્ય છે. એમ એ દેરાસરોના દર્શન પૂર્વે કરેલા હોય અને માટે દર્શન કરવા ન જઈએ તો હજી ચાલે. (બીજીવાર દર્શન માટે જઈએ, એ તો સારું જ છે.)

પણ એવો કોઈ થાક ન લાગ્યો હોય, બે-ત્રણ દિવસનું રોકાણ હોય, પૂર્વે જે દેરાસરના દર્શન કદિ ન કર્યા હોય એવા દેરાસરોના દર્શન માટે તો ચાલીને જવું જોઈએ.

આજે મારા એક શિષ્યને એવો નિયમ છે કે જેટલી નવી જિનપ્રતિમાઓ હોય કે જે પહેલીવાર જ જોઈ હોય એ તમામ જિનપ્રતિમાઓને ત્રણ-ત્રણ પંચાંગપ્રણિપાત ખમાસમણા આપવા. (એકવાર આપી દીધા હોય તો પછી બીજીવાર જરૂર નહિ.) શત્રુંજય પરની હજારો પ્રતિમાઓને એ શિષ્યે ત્રણ-ત્રણ ખમાસમણા દીધા છે. એવું તો સેંકડો દેરાસરોની હજારો પ્રતિમાઓ માટે સમજવું.

'બધા એવું કરે' એવું મારે નથી કહેવું. પણ ઉપર બતાવ્યા પ્રમાણે ઔચિત્યરૂપ સમ્યગ્દર્શનનો આચાર તો પાળવો જ જોઈએ.

**૨૨. હું ઉપાશ્રયથી ૧૦૦ ડગલાની અંદર રહેલા દેરાસરમાં સાંજે દર્શન કરીશ :**

સંયમીઓએ સાંજે જિનદર્શન કરવા જ પડે એવો નિયમ નથી. પણ ઉપાશ્રયની નજીકમાં જ દેરાસર હોય તો સાંજે દર્શન કરવા ઉચિત જણાય છે.

સાંજે છેક સૂર્યાસ્ત થઈ ગયા બાદ અંધારામાં દર્શન કરવા જવું ઉચિત જણાતું નથી. મોડામાં મોડું સૂર્યાસ્ત પૂર્વે પાણી ચૂકવીને તરત જ દર્શન કરી આવવા એ જ યોગ્ય છે.

ઘણા સ્થળે મોડી સાંજથી વિવિધ વેશભૂષાવાળા ઘણા બહેનો દર્શન કરવા આવતા હોય છે. તેઓથી બચવા માટે પણ થોડા વહેલા દર્શન કરી આવવા યોગ્ય છે.

જો શાસ્ત્રીયદૃષ્ટિએ વિચારીએ તો દેરાસરમાં દીવાઓ શરૂ થઈ ગયા પછી દર્શન કરવા જવામાં તેજસકાયની વિરાધનાની સંભાવના છે. કેમકે સૂર્યાસ્ત બાદ બહાર ભલે થોડોક પ્રકાશ હોય પણ ગભારાની પાસેના ભાગમાં તો લગભગ બધા દેરાસરોમાં અંધારું થઈ જ ગયું હોય છે અને માટે જ શરૂ કરેલા દીવાનો પ્રકાશ ત્યાં સ્પષ્ટ જણાતો હોય છે. એટલે એ વાત તો નક્કી છે કે આ સમયે સૂર્યપ્રકાશ દીવાની જ્યોતના પ્રકાશને હણી શકતો નથી. અર્થાત એ પ્રકાશ સચિત્ત છે અને શાસ્ત્રકારોએ [૩૬]શરીર ઉપર સચિત્ત પ્રકાશ પડતો હોય તો કામળી ઓઢીને પણ હલન-ચલન કરવાની ના પાડી છે. હોઠ ફફડાવવાની પણ ના પાડી છે. એટલે આ સમયે જો ત્યાં ઉભા રહીને સ્તુતિ બોલીએ તો આપણા મુખ પર પડતા દીવાના સચિત્ત પ્રકાશના જીવોની શબ્દ વગેરે દ્વારા વિરાધના થાય. ખમાસમણાદિ આપવામાં પણ એ જીવોની વિરાધના થાય.

સંયમી તો ષટ્કાયની માતા છે. એ શી રીતે આ તેજસકાયની વિરાધના ચલાવી લે ? એટલે ખરેખર તો દીવા શરૂ થાય એ પૂર્વે જ દર્શન કરીને નીકળી જવું જોઈએ.

છતાં આવો સૂક્ષ્મ આચાર અઘરો પડતો હોય તો પણ છેલ્લે આવી ટેક તો રાખવી જ કે સૂર્યાસ્ત સમયે પાણી ચૂકવતાની સાથે જ તરત જ દર્શન કરવા જતા રહેવું. જેથી અજવાળામાં જ પાછા ઉપાશ્રયમાં આવી જવાય.

દેરાસરમાં મોડા જવું, પછી ત્યાં ભક્તિ કરવી અને ઘણું અંધારું થઈ ગયા પછી ઉપાશ્રયમાં પાછા આવવું એ જિનાજ્ઞા હોઈ શકે નહિ.

કેટલાંક સંયમીઓ સાંજે વાતચીત વગેરેમાં પડી જઈને દર્શન કરવા જવાનું ટાળતા હોય છે. એવું ન થાય એ માટે આ નિયમ ઘડવામાં આવ્યો છે.

**૨૩. હું ઉપાશ્રય કે દેરાસરમાં પ્રવેશ કરતી વખતે નિસીહિ બોલીશ :**

નિસીહિસામાચારીના વર્ણનમાં બધી વાત વિસ્તારથી જણાવેલી જ છે. ટૂંકાણમાં નિસીહિ એટલે સર્વ પાપોનો, આશાતનાનો ત્યાગ. દેરાસરમાં પ્રવેશ કરતી વખતે સંયમીએ ઉપયોગ મૂકવાનો છે કે 'હવે હું દેવાધિદેવ પાસે જઉં છું. એટલે એમની આશાતના ન થાય એ માટે મારે સાવધ રહેવાનું છે.' અને આ આશાતનાદિના ત્યાગની પ્રતિજ્ઞા રૂપે જ નિસીહિ બોલવાની છે.

એમ ઉપાશ્રયમાં, ગુરુની નજીક જતી વખતે પણ ગુરુની આશાતના ન થાય એ માટે એકદમ સાવધ રહેવા માટેની પ્રતિજ્ઞારૂપે નિસીહિ શબ્દ બોલવાનો છે.

જેમ વડાપ્રધાનની ઓફિસમાં પ્રવેશ કરતા પહેલા કર્મચારીઓ, મળવા આવેલા માણસો વાળ સરખા કરી લે, વસ્ત્રો વ્યવસ્થિત કરી લે, ધુળ પડી હોય તો ખંખેરી નાંખે અને એકદમ સાવધ બનીને વડાપ્રધાનની ઓફિસમાં પ્રવેશ કરે. વડાપ્રધાનનો લેશ પણ અવિનય ન થાય એ માટેની બધી પૂર્વ તૈયારી રાખે.

એ જ રીતે ત્રિલોકગુરુની પાસે જતા અને અનંતોપકારી ગુરુજનની પાસે જતા આવી સાવધાની રાખવાની પ્રતિજ્ઞા રૂપે 'નિસીહિ' શબ્દ ઉચ્ચારવાનો છે. આ શબ્દ મનમાં નથી બોલવાનો, પણ સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક બોલવાનો છે. આ નિયમ પાળવો કોઈને માટે અઘરો નથી. વ્યવહારથી તો માત્ર નિસીહિ શબ્દ જ બોલવાનો છે. છતાં આટલા માટે પણ જે સંયમીઓ તૈયારી ન બતાવે તેઓએ પોતાના જિનાજ્ઞાબહુમાનાદિ ગુણોની ચકાસણી કરવાની ખાસ જરૂર છે.

<u>૨૪. હું ઉપાશ્રયમાંથી કે દેરાસરમાંથી નીકળતી વખતે આવસ્સહિ બોલીશ :</u>

સિદ્ધ બનવા માટે અયોગી=મન-વચન-કાયાના યોગ વિનાના બનવું એ આપણું સૌનું અંતિમ લક્ષ્ય છે. અને એને સિદ્ધ કરવા માટે સંયમીએ મુખ્યત્વે તો મન-વચન-કાયાનો નિરોધ કરવાની જ સાધના કરવાની છે. પણ ગોચરી, પાણી, સ્થંડિલ, વિહારાદિ ના-છૂટકાના કાર્યો માટે ઉપાશ્રયમાંથી બહાર જવાદિ ક્રિયા કરવી જ પડે ત્યારે સંયમી ઉપાશ્રયમાંથી નીકળતા પહેલા આત્માને સાવધ કરે છે કે,"આત્મન્ ! ધ્યાન રાખજે. તારે ખરેખર તો કોઈપણ પ્રવૃત્તિ=યોગ કરવાનો જ નથી. આ તો તને આવશ્યક કામ આવી પડ્યું છે એટલે અપવાદ માર્ગે તું પ્રવૃત્તિ કરવા જઈ રહ્યો છે. પણ હવે એમાં બીજા કોઈ અનાવશ્યક-બિનજરૂરી કાર્ય કરી ન બેસતો. જે જરૂરી કામ છે, એ પતાવીને તરત પાછો ફરી જજે." અને એ માટે 'આવશ્યક જ કામ કરીશ.' એવી પ્રતિજ્ઞા સ્વરૂપે 'આવસ્સહિ' શબ્દો બોલવાના છે.

દેરાસરમાંથી બહાર નીકળતી વખતે પણ આ જ વાત સમજવી.

જેમ માંદો સંયમી 'ગોળી લેવી જ પડે તો' ઓછામાં ઓછી ગોળીથી સાજા થવાનું પસંદ કરે. "માંદગી દૂર કરવા ગોળી લેવાની જ છે, તો લાવ ને ! બીજી નકામી વધારે ગોળીઓ પણ ખાઈ લઉં." એવો વિચાર કે પ્રવૃત્તિ કોઈ સંયમી ન કરે.

એ જ રીતે અશાતોદય (ભુખ લાગવી) વગેરે રૂપ માંદગી દૂર કરવા ગોચરી જવા વગેરે રૂપ ગોળી ખાવી જ પડે તો પ્રાજ્ઞ સંયમી જરૂરિયાત પુરતી જ પ્રવૃત્તિ કરે. બિનજરૂરી પ્રવૃત્તિ કરવા રૂપ નકામી ગોળી ખાવાનું કામ ન કરે.

આ નિયમ પણ વ્યવહારથી તો બધા માટે શક્ય જ છે. માત્ર 'આવસ્સહિ' શબ્દ જ બોલવાનો છે, સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક !

<u>૨૫. હું રત્નાધિકની પાત્રી, આસન, લુણું, કામળી, દાંડો વગેરે ઉપધિ વાપરીશ નહિ :</u>

દીક્ષાપર્યાયમાં એક સેકંડ પણ જે મોટો હોય એ નાના માટે રત્નાધિક કહેવાય. એ નાના સંયમીએ રત્નાધિકનો શાસ્ત્રાનુસારી વિનય સાચવવો જ જોઈએ. પોતાની પાત્રીને બદલે રત્નાધિકની પાત્રી લઈ એમાં પાણી વાપરી લે, પોતાનું આસન દૂર હોવાના કારણે લેવા જવાના કંટાળાથી ત્યાં જ રહેલા વડીલના આસન ઉપર બેસીને પાણી વાપરે કે એ વડીલના આસન ઉપર બેસીને વાતચીત કરે, એમ ક્યારેક દર્શનાદિ કરવા જવું હોય, પોતાનો કપડો ઉપર પડ્યો હોય... વગેરે નજીવા કારણસર રત્નાધિકનો કપડો-કામળી ઓઢીને દર્શનાદિ માટે જતા રહે.......તો આ બધી રત્નાધિકની આશાતના છે. એમના વસ્ત્રો નાનો પહેરે એટલે નાના સાધુના શરીરનો મેલ, પરસેવો એ કપડાને લાગે. પછી એ જ કપડો રત્નાધિક પહેરે એમાં ચોક્ખી આશાતના છે.

રે ! ખરેખર તો સંયમીએ નાના સંયમીની વસ્તુઓ પણ ન વાપરવી જોઈએ. એની પાસે પોતાની ઉપધિ છે જ. પછી બીજાની વસ્તુઓ વાપરવાની જરૂર શી ? ૧૦-૨૦ ડગલા પોતાની વસ્તુ લેવા માટે જવું પડે એટલા માટે બીજાઓની વસ્તુઓ વાપરવી એ ઉચિત ન જ ગણાય. છતાં હજી કદાચ નાના સંયમીની વસ્તુ વાપરીએ પણ વડીલ સંયમીની વસ્તુ તો ન જ વપરાય.

ક્યારેક તો એવું બને છે કે નાના સંયમીઓ રત્નાધિકો દ્વારા વારંવાર પોતાની વસ્તુ વપરાતી જોઈને કંટાળે છે અને સહનશીલતા ગુમાવીને સ્પષ્ટ સંભળાવી દે છે કે "તમારે મારી વસ્તુ લેવી નહિ. તમારી જ વસ્તુ તમે વાપરો ને ?" અને ત્યારે એ કડવા ઘુંટડા રત્નાધિકે ગળવા પડે છે.

નાનો સંયમી વડીલના આસન ઉપર બેસે એટલે પોતાના પગની ધુળ-મેલ વગેરે આસનને લાગે. આ પણ આશાતના જ છે ને ?

એટલે ખાસ ખ્યાલમાં લેવું કે રત્નાધિકોના વસ્ત્રો, પાત્રી, આસન, કામળી, દાંડો વગેરે ઉપધિ નાનાઓએ વાપરવી નહિ.

હા ! ગોચરી માંડલીમાં બધાના પાત્રા બધા પાસે જતા હોય છે. એટલે ત્યાં આ નિયમ પાળવાનો નથી. ત્યાં તો ગમે તેની પાસે ગમે તેનું પાત્રુ આવે.

એમ ક્યારેક ખૂબ ઉતાવળ હોય, પોતાની વસ્તુ મળતી જ ન હોય વગેરે ગાઢ કારણસર વડીલની વસ્તુ વાપરવી પડે તો એ હજી ચાલે. વાંધો પ્રમાદ-આળસ-ઉપેક્ષાનો છે.

બે સંયમી પરસ્પર ગાઢ મિત્ર હોય તો એમાં નાનો સંયમી મોટા સંયમી મિત્રનો રત્નાધિક તરીકે વિનય ન સાચવે, એની વસ્તુઓ જાણે કે પોતાની જ છે એ રીતે વાપરે એવું ય જોવા મળે છે. પણ આવી મૈત્રીને જિનશાસનમાં સ્થાન નથી. આજ્ઞા-ઉલ્લંઘન કરીને કોઈપણ પ્રવૃત્તિ માન્ય ન બને. ભલે ગમે એટલી મિત્રતા હોય, ગાઢ સંબંધ હોય તો પણ જિનાજ્ઞા પ્રમાણે નાના સંયમીએ રત્નાધિકનો વિનય સાચવવો જ પડે.

એમ રત્નાધિકના આસન વગેરેને પગ લાગી ન જાય. વાતચીત કરતા એમના ઉપર થુંક ન ઉડે, રત્નાધિક સામે ઉદ્ધતાઈ ભરેલું, તોછડાઈ ભરેલું વર્તન, ઉચ્ચારણ ન થઈ જાય એની કાળજી મોક્ષાર્થી સંયમીએ ખાસ રાખવાની છે.

વડીલો પણ નાનાઓની ઉપધિ ન વાપરવાદિનો નિયમ ઉચિત રીતે લે તો એ ખોટું તો નથી જ.

<u>૨૬. મારા ગ્રુપમાં રહેલા કોઈપણ સંયમીની રોજિંદી આરાધના કરતાં કંઈક વિશેષ પ્રકારની આરાધનાની હું વાચિક અનુમોદના-પ્રશંસા કરીશ.</u>

ઉપબૃંહણા નામનો સમ્યગ્દર્શનનો ખૂબ જ સુંદર આચાર પાળવાનો આ નિયમ છે. તે તે સંયમીઓની રોજીંદી આરાધનાઓની રોજે રોજ અનુમોદના-પ્રશંસા શક્ય ન પણ બને, કેમકે એવી અનુમોદના કરવી હોય તો બધા જ સંયમીઓની બધી જ રોજીંદી આરાધનાઓની પ્રશંસા કરવા કલાકો જોઈએ.

પણ કોઈ પણ સંયમી રોજ કરતા કંઈક વિશિષ્ટ આરાધના કરે તેની તો વાચિક અનુમોદના કરવી જ જોઈએ.

એમાં બે લાભ છે. અનુમોદના કરનાર સંયમી આ ગુણપ્રશંસા દ્વારા મોહનીયકર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત કરે. એ ગુણ-આરાધના પોતાનામાં ન હોય તો એ પ્રાપ્ત થાય અને સામેવાળો સંયમી પોતાની આરાધનાની પ્રશંસા સાંભળીને વધુ આરાધના કરવા માટે ઉત્સાહિત બને. કદાચ એનો તે આરાધના કરવાનો પરિણામ મંદ પડી ગયો હોય તો એ પાછો જોરદાર બને. આમ આ ગુણપ્રશંસા સામેવાળા સંયમીને તે આરાધનામાં સ્થિર કરવાનું કામ પણ કરે. આ રીતે બીજાને ધર્મમાં ઉત્સાહી-સ્થિર કરનાર પ્રશંસક સંયમી પુષ્કળ કર્મક્ષય પ્રાપ્ત કરે એ સ્વાભાવિક છે. આવી પ્રશંસામાં આડે આવનાર કોઈ તત્ત્વ હોય તો એ છે ઈર્ષ્યા ! ઈર્ષ્યાળુ સંયમી બીજા સંયમીની આરાધના જોઈને સળગશે. એ તેની પ્રશંસા કરી તો નહિ જ શકે, પણ કોઈ કરતું હશે તો સાંભળી પણ નહિ શકે. દુઃખી દુઃખી બની જશે.

દા.ત. બે સંયમીઓને ૩રમી ઓળી ચાલે છે. એક સંયમી આધાકર્મી ઢોકળા વગેરે પણ લે છે અને સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ બીજી કોઈ વિશેષ આરાધના કરતો નથી. જ્યારે બીજા સંયમી નિર્દોષ રોટલી-દાળ વગેરે ઉપર ઓળી ચલાવે છે અને એ ઉપરાંત જોરદાર સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ કરે છે. એ વખતે ગુરુ કે બાકીઓના સંયમીઓ સહજ રીતે આ સંયમીની અનુમોદના કરે જ કે 'ઓળીમાં નિર્દોષ વાપરવું અને સાથે આવો જોરદાર સ્વાધ્યાય, વૈયાવચ્ચ....ખરેખર તમે તો જોરદાર આરાધના કરો છો." આ શબ્દો બીજા ઈર્ષ્યાળુ તપસ્વી સંયમી માટે અસહ્ય બની જાય. એ પ્રશંસાના શબ્દો બોલી જ ન શકે. કદાચ વ્યવહાર ખાતર પ્રશંસા કરશે તો પણ એના મનમાં તો ખૂબ જ ખેદ હશે.

એમ સ્વાધ્યાયાદિ દરેક બાબતોમાં સમજી લેવું. ગુરુ કોઈક વ્યાખ્યાનકારના જોરદાર વ્યાખ્યાનોની પ્રશંસા કરે તો બીજા વ્યાખ્યાનકારો સહન ન કરી શકે. કોઈક ગુરુના ચાર-પાંચ શિષ્યોને તપસ્વી, સ્વાધ્યાયી, ગુણસંપન્ન જોઈ, શિષ્યો વિનાના કે વિચિત્ર શિષ્યોવાળા બીજા સંયમીઓ એ ગુરુની અનુમોદના ન કરી શકે.

ઈર્ષ્યાને કારણે ગુણપ્રશંસા ન કરનારા સંયમીઓ વર્તમાનકાળમાં તો મોહોદયના ગુલામ છે જ. પણ નવું પાછું એવું ચીકણું કર્મ બાંધે કે ભવિષ્યમાં પણ એમને એ ગુણોની પ્રાપ્તિ ન થાય.

એના બદલે જો કોઈપણ સંયમીના કોઈપણ ગુણની ભરપેટ પ્રશંસા કરવામાં આવે. ખરા હૃદયથી, અતિશય બહુમાન સાથે પ્રશંસા કરવામાં આવે તો એ તમામ ગુણો પ્રશંસક સંયમીના આત્મામાં બહુ જ ઝડપથી ખીલવા માંડે.

શાંતસુધારસકાર કહે છે કે [૨૨]"બીજાના ગુણો જોઈને આનંદિત થનારા આત્માઓમાં એ જ ગુણો દેદિપ્યમાન બનીને ઝળકી ઊઠે છે."

બહુમાનપૂર્વક સંયમીઓના ગુણોની પ્રશંસા કરનારો સંયમી વર્તમાનમાં તો મોહનીયના ક્ષયોપશમવાળો છે જ. પણ ભવિષ્યમાં પણ વધુ ને વધુ ગુણવાન બનવાનો જ.

એટલે અહંકાર છોડી, ઈર્ષ્યા છોડી, જાતનું અસ્તિત્વ જ ભુલી જઈ સંયમીઓની વિશિષ્ટ આરાધનાઓને ભાવપૂર્વક અનુમોદો, પ્રશંસો.

કોઈક સંયમી એક જ દિવસમાં ૨૦-૩૦ ગાથા ગોખે, કો'ક સંયમી ૪૦-૫૦મી ઓળી ઉપાડે, કો'ક સંયમી સુંદર અભિગ્રહો ધારણ કરે. કો'ક સંયમી ગુરુની અપૂર્વ સેવા કરે. કો'ક સંયમી સંઘના

ઝઘડા મીટાવી દે. કો'ક સંયમી ગુરુના સખત ઠપકાને અમૃત સમજીને ગળી જાય. કો'ક સંયમી ગુરુની અત્યંત કપરી આજ્ઞાને પળવારમાં સ્વીકારી લે... કો'ક સંયમી માંડલીની જોરદાર ભક્તિ કરે... આવા અનેક પ્રકારના સંયમીઓના તે તે વિશિષ્ટ ગુણોને ખુલ્લા હૃદયે, ઉત્કૃષ્ટ શબ્દોથી વધાવવા જોઈએ. અને એ પણ એ સંયમીના કાને સંભળાય એ રીતે એની હાજરીમાં અનુમોદના કરવી.

કેટલાંકોને બીજા સંયમીઓ પ્રત્યે ઈર્ષ્યા નથી હોતી. પણ છતાં એ સંયમીઓને આવો ક્ષયોપશમ, સમજણ જ નથી હોતી કે 'મારે આ વખતે આ સંયમીના આ ગુણોની અનુમોદના કરવી જોઈએ.' એટલે એ સંયમીઓ બીજા પ્રત્યે ઈર્ષ્યા ન હોવા છતાં, એના પ્રત્યે બહુમાન હોવા છતાં ય શાબ્દિક અનુમોદના ન કરે. આ પણ યોગ્ય નથી. ઉચિત પ્રવૃત્તિ એ પુણ્યાનુબંધિપુણ્યના ઉદયવાળાઓને પ્રાપ્ત થાય. હવે જો સંયમી આવી ઉચિત પ્રવૃત્તિ ન કરે તો એના પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયમાં નક્કી ખામી માનવી પડે.

એટલે વિહારમાં ચાલતી વખતે જેમ એક્સીડન્ટ ન થઈ જાય એ માટે સાવધ રહીએ છીએ. શિયાળામાં શરદી ન થાય એ માટે જાગ્રત રહીએ છીએ એમ ક્યારેક પણ યોગ્ય સ્થાને, યોગ્ય કાળે, યોગ્ય વ્યક્તિના યોગ્ય ગુણોની પ્રશંસા રહી ન જાય એ માટે અત્યંત ઉપયોગવાળા બનવું જોઈએ. અને માટે જ આ નિયમ પ્રત્યેક સંયમીએ લેવો જોઈએ.

ખાસ ધ્યાનમાં રાખવું કે રુક્ષભોજનથી સાધુઓની ભક્તિ ન કરાય એમ રુક્ષ=ભાવહીન શબ્દોથી કરાયેલી પ્રશંસા અસરકારક હોતી નથી. મહેમાન સંયમીઓની ભક્તિ કરવા કોઈ સંયમી લુખી રોટલીઓ લઈ આવે અને પછી બધા સંયમીઓને વપરાવે તો એ કેવું ગણાય ? એમ હૃદયના ભાવો જેમાં ન ભળે એવા શબ્દોથી કરાતી પ્રશંસા મશ્કા રૂપે ગણાઈ જાય છે.

<u>૨૭. મારી આંખ દ્વારા જે સ્થાપનાજી દેખાતા હોય એ સ્થાપનાજી કરતાં ઊંચા આસને હું બેસીશ નહિ :</u>

પાટ ઉપર બેસનારા સંયમીઓએ આ કાળજી ખાસ કરવી પડે. ઉપાશ્રયમાં સ્થાપનાજી ઠવણી ઉપર કે નાના ટેબલ ઉપર મૂકેલા હોય અને પાટ એના કરતા ઊંચી હોય તો જો સંયમી એ પાટ ઉપર બેસે તો સ્થાપનાચાર્યજીની આશાતનાનો દોષ લાગે.

જેમ ગુરુ કે વડીલની સામે એમના કરતા ઉંચા આસને ન બેસાય એ જ રીતે વંદનીય સ્થાપનાજીની સામે ઉંચા આસન ઉપર ન જ બેસાય એ સ્વાભાવિક છે.

પ્રાચીનકાળમાં તો મોટા સમુદાયમાં પણ સ્થાપનાજી બે-ચાર જ રહેતા. મુખ્યત્વે આચાર્ય ભગવંત પાસે જ સ્થાપનાજી હોય અને એ ઉંચા સ્થાને રાખે એટલે અવિનય થવાનો પ્રસંગ ન આવે. વળી પ્રાચીનકાળમાં આચાર્ય ભગવંતો શેષકાળમાં પાટનો ઉપયોગ કદિ ન કરતા. ચાતુર્માસમાં પણ રાત્રે સંથારો કરવા સિવાય પાટનો ઉપયોગ ન કરતા. નીચે જ બેસતા. પણ આજે આચાર્યભગવંતો, ગણિવરો, ઉપાધ્યાયો, પંન્યાસભગવંતો, વાયુની તકલીફવાળા વૃદ્ધસંયમીઓ વગેરે પાટનો ઉપયોગ કરે છે.

તો એમણે આટલો ઉપયોગ રાખવાનો છે કે 'જ્યારે તેઓ પાટ ઉપર બેસે ત્યારે કોઈપણ સ્થાપનાજી પાટ કરતા નીચા સ્થાને નથી ને ?' એ જોઈ લેવું. જો હોય તો ઉંચા સ્થાને મૂકાવવા અથવા

પોતાને ન દેખાય એ રીતે ભીંત વગેરેની આડશમાં મૂકાવી દેવા. એમ કર્યા પછી પાટ ઉપર બેસે તો પછી સ્થાપનાજીની આશાતનાનો દોષ ન લાગે.

વર્તમાનમાં તો નાના સંયમીઓ પણ પોત-પોતાના સ્વતંત્ર સ્થાપનાજી રાખતા દેખાય છે. તો આચાર્ય ભગવંતાદિઓ જો કદાચ પેલો ઉપયોગ ન મૂકી શકે તો સંયમીઓએ સ્વયં આ કાળજી કરવી કે પોતાના સ્થાપનાજી કરતા જો કોઈક સંયમી ઉંચે આસને બેઠેલ દેખાય તો પોતાના સ્થાપનાજી વધુ ઉંચે સ્થાને કે ભીંત વગેરેની આડશમાં મૂકી દેવા.

ધારો કે માત્ર પાંચ આંગળ ઉંચી પાટ હોય અને ૮-૧૦ આંગળ ઉંચી ઠવણી ઉપર સ્થાપનાજી હોય તો વાંધો નહિ. "ઠવણી ઉંચી નથી રાખવાની. સ્થાપનાજી ઉંચા રાખવાના છે" એ ખ્યાલ રાખવો.

<u>૨૮. હું મારા ગુરુના કોઈપણ આદેશને=નિર્ણયને સહર્ષ સ્વીકારીશ. કદાચ મને એ નિર્ણય બરાબર નહિ લાગે તો પણ હું માત્ર મારા ગુરુને જ એની સૂચના કરીશ. પણ બીજા કોઈપણ સામે "એ નિર્ણય બરાબર નથી લાગતો, ખોટો છે, ગુરુએ ભુલ કરી છે." એમ નહિ બોલું :</u>

આ બાધા લખવી પડે છે એ પણ આ ભયંકર હુંડા-અવસર્પિણીકાળની બલિહારી છે. શું જે જિનશાસનનું મૂળ જ ગુરુવિનય હોય એ શાસનના સૌથી ટોચના સ્થાને બેઠેલા સંયમીઓને કહેવું પડે ખરું ? કે "તમારે તમારા ગુરુનો આદેશ માનવો. એની સામે કોઈ વિચાર-ઉચ્ચાર ન કરવો."

પણ પરિસ્થિતિ ઘણી જ વિચિત્ર ઊભી થઈ છે. શિષ્યો સ્વચ્છંદી, સ્વમતિથી ચાલનારા, ગુરુના નિર્ણય સામે પોતાની બુદ્ધિપ્રતિભા (!) નો વિકાસ કરનારા બને એટલે પછી તેઓ ગુરુના આદેશનું ઉલ્લંઘન કરનારા થાય.

તો બીજી બાજુ અત્યારે ગીતાર્થ-સંવિગ્ન-ગંભીર સંયમીઓ સિવાયના પણ કેટલાંક અગીતાર્થ-અસંવિગ્ન-અપરિપક્વ સંયમીઓ ગુરુપદવી પામે છે. તેઓ યોગ્ય નિર્ણયો, આદેશો કરી શકતા નથી. ક્યારેક પક્ષપાત ભરેલા, ક્યારેક સંયમને ઘા પહોંચાડનારા, ક્યારેક શિષ્યના આત્માનું જ મોટું અહિત થાય એવા નિર્ણયો લઈ લે તો શિષ્યોને પણ એ નિર્ણય ન સ્વીકારવાના વિચારો આવે એ શક્ય છે.

એટલે દોષ શિષ્યોનો ગણો કે ગુરુનો ગણો પણ એ હકીકત તો છે જ કે વર્તમાનકાળમાં ગુરુ-શિષ્ય વચ્ચેનો શાસ્ત્રમાન્ય લોકોત્તર વ્યવહાર ખોરંભાયો છે. ગુરુએ બોલવું જ ન પડે અને શિષ્ય ગુરુની ઈચ્છા જાણીને બધા કાર્યો કરી લે એ પ્રાચીન કાળ હવે લગભગ સ્વપ્નનો વિષય છે. હવે તો ગુરુ ઘણું સમજાવે, ઘણી મિટિંગો કરે ત્યારે ય માંડ માંડ શિષ્યો માને કે ન ય માને એવો ઘાટ જોવા મળે છે.

પણ વર્તમાનકાળને નજર સામે રાખીને આ તો નક્કી માનવું જ પડશે કે જો સંયમીઓના ગુરુ મૂલગુણમાં કોઈ ખામીવાળા ન હોય. (અર્થાત્ વાચિક-કાયિક બ્રહ્મચર્ય બરાબર પાળતા હોય, સાક્ષાત્ પૈસા-સોના-ચાંદી ન રાખતા હોય, બેંકમાં જેમના નામના ખાતા ન હોય, જે જાણવા છતાં સચિત્ત વસ્તુઓ, આઈસ્ક્રીમ-ઈંડાના રસવાળી કેડબરીઓ વગેરે શ્રાવકોને પણ અભક્ષ્ય વસ્તુઓ વાપરતા ન હોય...) તો એ ગુરુના રોજ-બરોજના નિર્ણયોને-આદેશોને તો પ્રત્યેક સંયમીએ સ્વીકારવા જ જોઈએ.

મૂલગુણમાં વ્યવસ્થિત ગુરુના નિર્ણયો પક્ષપાતવાળા દેખાય, નાની-નાની ભૂલોવાળા દેખાય તો પણ સંયમીએ એ સ્વીકારી જ લેવા જોઈએ. દા.ત. વિહાર ક્યારે કરવો ? ક્યાં કેટલા દિવસ રોકાવું?

ચોમાસું ક્યાં કરવું ? કયા ક્ષેત્રમાં કોને ચોમાસું મોકલવા ? પદવી કોને આપવી ? કોને શું ભણાવવું કે ન ભણાવવું ? કયા મુમુક્ષુને કોનો શિષ્ય બનાવવો ? કોને દીક્ષા આપવી કે ન આપવી ? કોને વ્યાખ્યાન કરવાની રજા આપવી ? માંડલીના કયા કામ કોણે કરવા ?.... વગેરે સેંકડો નિર્ણયો એવા છે કે જેમાં ગુરુની નાની નાની ભૂલો હોય પણ ખરી, પક્ષપાતાદિ પણ હોય, પણ જો એ નિર્ણયોમાં સંયમીને એમ લાગે કે "આમાં મારા મહાવ્રતો ભાંગી જાય એવું તો નથી જ." તો પછી એ નાના દોષોને ગૌણ સમજીને સહર્ષ ગુરુની આજ્ઞા સ્વીકારી જ લેવી.

ખેદ તો એ વાતનો છે કે ગુરુના જે નિર્ણયો જે કેટલાંક સંયમીઓને બિલકુલ લાગુ ન પડતા હોય તે સંયમીઓ પણ એ નિર્ણય ઉપર ચર્ચાઓ કરે. એ નિર્ણયમાં દોષો દેખાડે. બીજા સંયમીઓને પણ ગુરુના નિર્ણયમાં દોષો દેખાડીને એ નિર્ણય પ્રત્યે અસદ્ભાવ ઉત્પન્ન કરાવે. ગુરુનો નિર્ણય અમલમાં આવતા પહેલા જ ભાંગીને ભુક્કો કરાવે.

દા.ત. ગુરુએ ત્રણ સંયમીની એક ટુકડીને અમુક ગામમાં ચોમાસું મોકલવાનો નિર્ણય કર્યો. હવે એ ગામમાં ઘરો ઓછા હોય અથવા ત્યાંના શ્રાવકોમાં આરાધનાનો ઉલ્લાસ ઓછો હોય, વ્યાખ્યાનમાં માણસો આવતા જ ન હોય એવું હોવાને લીધે આ નિર્ણય ધારો કે ભૂલ ભરેલો હોય તો પણ એ નિર્ણય એવો તો નથી જ કે "પેલા ત્રણ સંયમીઓને મૂલગુણોમાં કંઈ ઘા લાગે." "ચોમાસાના વ્યાખ્યાનાદિ બરાબર ન જામે" એ સિવાય એમાં કોઈ દોષ નથી. છતાં જેઓએ ત્યાં ચોમાસું જવાનું નથી. તેઓ પણ જો ભેગા મળીને વાતો કરે કે, "આ ક્ષેત્રમાં ચોમાસું મોકલાય જ નહિ. તદ્દન નકામું ક્ષેત્ર છે. આ બિચારા ત્રણ જણ કંટાળી જશે. ગુરુ ખોટો નિર્ણય લે છે..." તો આ બધું સાંભળીને કદાચ પેલા ત્રણ સંયમીઓ પણ ગુરુને ત્યાં જવાની ના પાડી દે. ગુરુને કેટલો આઘાત લાગે ?

અને મુખ્ય વાત તો એ છે કે શિષ્યોના મનમાં આવો વિચાર દૃઢ બન્યો કે "ગુરુની ભૂલ હોઈ શકે છે. ગુરુના વિચારો કરતા અમારા વિચારો વધુ સાચા-સારા હોઈ શકે છે." એ જ શિષ્યના પતનનું પ્રથમ સોપાન છે. કેમકે એકવાર ગુરુના નિર્ણય સામે બંડ પોકારનારા કે ગમે તેમ વિચારનારા શિષ્યો હવે તો પ્રત્યેક નિર્ણય સામે જાત-જાતના કુતર્કો કરનારા બનવાના જ એ નિશ્ચિત વાત છે. ગુરુના સાચા નિર્ણયોને પણ કુતર્કોના સહારે ખોટો સાબિત કરવાની તીવ્ર બુદ્ધિ (!) શિષ્યોમાં પ્રગટ થવાની. અને આવું થાય તો આખો ગચ્છ સ્વચ્છંદી બને. ગુરુની મર્યાદા, આમન્યાનો ભાંગીને ભુક્કો થાય. અને આ રીતે વિનયહીન બનેલા ગચ્છમાં પછી વિનયમૂલક શાસનના દર્શન ન જ થાય એ સ્વાભાવિક છે.

ટૂંકમાં પ્રત્યેક સંયમીઓ નીચેની બાબતો હૃદયમાં બરાબર કોતરી લે : (૧) મારા ગુરુ મૂલગુણોમાં ગરબડવાળા તો નથી જ ને ? કાયિકબ્રહ્મચર્યાદિ બરાબર પાળે છે ને ? જો હા ! (૨) તો પછી હવે એ જે આદેશ કરે, જે નિર્ણય કરે એ મને લાગુ પડતો હોય કે લાગુ પડતો ન હોય, એ મને ગમે કે મને ન ગમે હું એ નિર્ણયની વિરુદ્ધમાં બાકીના એકપણ સંયમી પાસે એકપણ અક્ષર નહિ જ બોલું. ઊલટું મને એ નિર્ણય નહિ ગમ્યો હોય તો પણ બધા જ સંયમીઓ પાસે 'એ નિર્ણય બરાબર જ છે. ગુરુએ જે કર્યું છે એ ખોટું ન જ હોય." એમ જ કહીશ. કદાચ આવી ગુરુના નિર્ણયની તરફેણ નહિ કરું તો ભલે પણ બીજા સંયમીઓ સામે એનો વિરોધ-નિષેધ-અણગમો તો કદિ વ્યક્ત નહિ જ કરું. "ગુરુનો નિર્ણય બરાબર નથી" એવા બીજા સંયમીઓના વિચારોને દૃઢ કરવાનું પાપ કદિ નહિ કરું.

(૨) છતાં મારાથી નહિ રહેવાય તો વધુમાં વધુ એ મારા ગુરુને જ કહીશ કે "આ નિર્ણય આટલા કારણોસર મને બરાબર નથી લાગતો. આપ ફેર વિચાર કરો એવી મારી વિનંતી છે. મને એમ લાગે છે કે આ નિર્ણયમાં ફેરવિચાર થાય તો સારું. પછી તો આપ જે કહો તે પ્રમાણ." પણ ગુરુ સિવાય ગામમાં એ બધી જાહેરાત કરવાનું પાપ નહિ કરું.

અપેક્ષાએ આ નિયમ ઘણો સહેલો હોવા છતાં મનની સ્વચ્છંદતા, ગુરુ પ્રત્યેનો અસદ્ભાવ વગેરે દોષોના નાશ વિના આ નિયમનું પાલન શક્ય નથી અને માટે જ એ દૃષ્ટિએ આ નિયમ કપરો છે. જોઈએ હવે ! વિજય કોનો થાય છે ! શાસનસુભટ સંયમીનો ? કે શાસનશત્રુ મોહરાજનો ?

<u>૨૯. હું વાપર્યા બાદ તરત જ ચૈત્યવંદન કરી લઈશ, પછી જ બીજા કામ કરીશ :</u>

સંયમીઓનો આચાર છે કે ગોચરી વાપરી લીધા બાદ જગચિંતામણિ... ચૈત્યવંદન કરવું. એમાં જેઓ નવકારશી, બેસણું કરતા હોય તેઓએ સવારે વાપર્યા પછી તરત જ ચૈત્યવંદન કરી લેવું જોઈએ. બપોરે બીજીવાર વાપરે તો પછી બીજીવાર ચૈત્યવંદન કરવાની જરૂર નથી. ટૂંકમાં દિવસમાં ગમે એટલી વાર વાપરો તો પણ ગોચરી પછીનું ચૈત્યવંદન તો એક જ વાર કરવાનું હોય છે. અને એટલે આખા દિવસમાં સૌપ્રથમવાર જ્યારે ગોચરી વાપરીએ, ત્યારે એ પછી તરત જ ચૈત્યવંદન કરી લેવું.

કેટલાંક સંયમીઓને એવી ટેવ હોય છે કે આ ચૈત્યવંદન ગમે ત્યારે કરે. છેક સૂર્યાસ્ત બાદ પણ કરે. પણ આવી રીતે અનિશ્ચિતકાળે આ વિધિ કરનારાઓ ઘણીવાર ચૈત્યવંદન કરવાનું ભુલી જ જતા હોય છે. વળી આ રીતે ઈચ્છા પડે ત્યારે કરવું એ તો એ વિધિ પ્રત્યેનો અનાદર જ દેખાય છે. માટે જ આ આચાર કરવાનો ચોક્કસ સમય નક્કી રાખવો જ જોઈએ. અને એ સમય આ છે કે સૌપ્રથમ ગોચરી વાપરી લીધા પછી તરત જ ચૈત્યવંદન કરી લેવું.

કેટલાંક ગ્રુપોમાં તો એવો પણ નિયમ છે કે 'ગોચરી વાપર્યા પછી જ્યાં સુધી ચૈત્ય. ન કરે ત્યાં સુધી પાણી પણ વાપરી શકાય નહિ.' આ નિયમ ખૂબ જ પ્રશંસનીય છે. આવો નિયમ હોય તો પછી આ આચાર બરાબર પળાય. પૌષધ કરનારા શ્રાવકો પણ આ નિયમ બરાબર પાળતા હોય છે.

એકાસણું-આંબિલ કરનારાઓએ પણ બપોરે વાપર્યા પછી તરત ચૈત્યવંદન કર્યા બાદ જ બીજી વિધિઓ કરવી. ઘણીવાર કેટલાંક સંયમીઓ વાપર્યા પછી તરત પડિલેહણ શરૂ કરી દે છે. મનમાં વિચારે છે કે 'ચૈત્ય. પછી કરીશ.' પણ આવું કરનારાઓ એક તો ક્રમનું ઉલ્લંઘન કરે છે અને બીજું આમાં ઘણીવાર તેઓ ચૈત્ય. કરવાનું ભુલી પણ જતા હોય છે. માટે આવું કરવું યોગ્ય નથી.

કેટલાક સમુદાયમાં એવો આચાર પણ છે કે દિવસમાં જેટલીવાર વાપરે એટલી વાર વાપર્યા પછીનું ચૈત્યવંદન કરે.

<u>૩૦. હું દેરાસરમાં જે ચૈત્યવંદન કરું એના ત્રણ ખમાસમણા પંચાંગ પ્રણિપાત ઉભા-ઉભા આપીશ :</u>

દેવાધિદેવને બેઠા બેઠા ખમાસમણા દેવા એ તો તેઓ પ્રત્યેના આપણા બહુમાનની ખામી સૂચવી જાય છે. ઉભા જ ન થઈ શકે, ચાલી જ ન શકે એવા સંયમીઓ બેઠા બેઠા ખમાસમણા દે એ તો હજી ય બરાબર. પણ બાકીના સંયમીઓ પ્રમાદ, આળસ, સામાન્ય થાક, કંટાળો વગેરેને આગળ કરી વિધિ

પતાવવાની જ ઈચ્છા રાખે એ તો શી રીતે ચાલે ? આમાં તો એ સંયમીના મનમાં એવા વિચારો રમતા હોય એમ માનવું ? કે 'આ છેવટે ક્યાં પરમાત્મા છે ? પત્થરમાંથી ઘડી કાઢેલો એક આકાર છે ને ? એને બેઠા બેઠા ખમાસમણા આપીએ તો ક્યાં એ કંઈ ઠપકો આપવાના છે ?'

જો પ્રતિમામાં પરમાત્મા તરીકેનો સ્વીકાર હોય તો માત્ર ત્રણ ખમાસમણા પણ ઉભા થઈને ન આપી શકાય ? આમાં કંઈ બધા ભગવાનને ઉભા ઉભા ખમાસમણા દેવાની વાત નથી. માત્ર જે ચૈત્યવંદન સંબંધી ત્રણ ખમાસમણા છે, એની જ વાત છે. ખરેખર તો જેટલા ખમાસમણા દઈએ એ બધા જ સત્તર સંડાસાપૂર્વક જ આપવા જોઈએ, છેવટે એ શક્ય ન હોય તો ઉભા થઈને પંચાંગપ્રણિપાતપૂર્વક આપવા જોઈએ. (બે હાથ, બે ઘુંટણ અને મસ્તક જમીનને લાગે ત્યારે પંચાંગ પ્રણિપાત કહેવાય.) પણ લાંબા વિહારને કારણે થાક લાગ્યો હોય, એવો વીર્યોલ્લાસ ઉછળતો ન હોય ત્યારે એક ઉચિતપ્રવૃત્તિ તરીકે ય આટલી પ્રતિજ્ઞા તો હોવી જ જોઈએ.

કેટલાંકો વળી ઉભા-ઉભા ખમાસમણા તો આપે પણ કાં તો અડધા જ ઉભા થઈને પાછા વળી જાય, કાં તો મસ્તક નીચે જમીનને અડાડ્યા વિના અધવચ્ચેથી જ પાછા ઉભા થઈ જાય, કાં તો બે ઘુંટણને બદલે એક જ ઘુંટણ જમીનને સ્પર્શાવીને ઉભા થાય. આવી જાતજાતની વિચિત્ર અવિધિઓ જોવા મળે છે.

સાચા સંયમીએ આ બધી અવિધિ છોડી દેવી અને મનને બરાબર સમજાવવું કે 'માત્ર ૧-૨ મિનિટની જ આ ક્રિયા છે. પરમકૃપાળુ પરમાત્માને આ વંદન છે. એમાં આળસ શેની ? લાંબા વિહારનો થાક હોય તો ય ત્રણ ખમાસમણામાં શું વાંધો આવે ? શું એટલો વીર્યોલ્લાસ ફોરવી ન શકાય ? હું તો બરોબર ઉભો થઈશ અને બે ઘુંટણ-બે હાથ-મસ્તક પાંચ અંગો બરાબર જમીનને લગાડવા પૂર્વક જ ખમાસમણા આપીશ. દેવાધિદેવે મારી કાળજી કરવામાં જો વેઠ નથી ઉતારી તો મારે એમને વંદન કરવામાં વેઠ શી રીતે ઉતારાય ?"

એ સિવાય જે અરિહંત ચેઈયાણં વગેરે કરો એમાં દરેકે પોતાની શક્તિ ગોપવ્યા વિના ઉચિત આચાર સેવવો.

**<u>૩૧. હું વિહારમાં ચાલતી વખતે કોઈની પણ સાથે વાતચીત નહિ કરું :</u>**

ઉત્તરાધ્યયનમાં ઈર્યાસમિતિનું નિરૂપણ કરતા જણાવ્યું છે કે,[૨૭] "સંયમી આત્મા જ્યારે ચાલે ત્યારે (૧) આજુબાજુ જોવાનું છોડી દે, કોઈના શબ્દો સાંભળવાનું ય છોડી દે. (૨) રે ! ગાથાઓનું પુનરાવર્તન, નવી ગાથા ગોખવી, નવકાર ગણવા, શાસ્ત્રીય પદાર્થો ઉપર ચિંતન કરવું, સાથે ચાલનારાને ધર્મોપદેશ આપવો વગેરે ધાર્મિક કહેવાતી પણ કોઈપણ પ્રવૃત્તિ ન કરે. (૩) માત્ર જીવોની રક્ષા માટે જમીન ઉપર જ નજર રાખીને ચાલે. એનો ઉપયોગ સતત જીવરક્ષામાં જ હોય.

આજની હાલત કંઈક જુદી જ છે. આજે ઘણાઓની ફરિયાદ છે કે 'અમારો ઈર્યાસમિતિનો ઉપયોગ રહેતો નથી.' અને ખરેખર એવું દેખાય છે કે ધારી-ધારીને નીચે જોઈ જોઈને ચાલનારા સંયમીઓ કો'ક જ જોવા મળે છે. એમાં ય ૧૦-૧૦ કિ.મી.ના વિહારોમાં, એક ધાર્યા બે-ત્રણ કલાક ચાલવાનું હોય ત્યારે તો અવિરતપણે ઈર્યાસમિતિનો ઉપયોગ પ્રાયઃ અશક્ય જ બની ગયો લાગે છે.

હવે જ્યારે નીચે જોઈને જ ચાલવાનો આચાર લગભગ વિલોપ થવા આવ્યો ત્યારે કેટલાંક ગીતાર્થોઓ એવી પણ સંમતિ આપી કે, "સંયમીઓ ! તમે વિહારમાં મનમાં નવકાર ગણશો, જુની ગાથાઓનું પુનરાવર્તનાદિ કરશો તો ચાલશે. અમારી સંમતિ છે."

પણ દુ:ષમકાળ કોનું નામ ? સંયમીઓએ ઈર્યાસમિતિનો ઉપયોગ છોડ્યો, ગીતાર્થોએ અપવાદ માર્ગે જેની રજા આપી છે એ સ્વાધ્યાય પણ છોડ્યો અને આખા વિહારમાં અલકમલકની વાતો કરતા કરતા ચાલવાની શરૂઆત કરી. એ વાતોમાં નિંદા, મશ્કરી, વિકથા વગેરે બધું જ શરૂ થયું. શાસ્ત્રકારોએ તો [૨૭]રસ્તામાં બે સંયમીઓને સાથે સાથે (આજુ બાજુમાં) ચાલવાની પણ ના પાડી છે. જ્યારે આજે તો કલાકો સુધી અવિરતપણે વાતચીતો સાથે માર્ગ કપાય.

[૨૮]અષ્ટપ્રવચનમાતાને તો સંયમરૂપી બાળકને જન્મ આપનારી, રક્ષણ અને વર્ધન કરનારી માતા કહી છે. આજે એમાંની પહેલી માતા ઈર્યાસમિતિના દર્શન જ દુર્લભ બન્યા છે. શી રીતે હવે સોહામણો સંયમ-બાળક જન્મ પામશે ?

ખેર ! આ પરિસ્થિતિને ના-છુટકે સ્વીકારી લઈને હવે જિનાજ્ઞા પ્રત્યે સાપેક્ષભાવ જાળવવા માટે સંયમીઓ નક્કી કરે કે, "હું ભલે ઈર્યાસમિતિના ઉપયોગપૂર્વક ચાલી શકતો નથી. પણ નિષ્ઠુર બનીને વાતો કરતો કરતો ન ચાલું તો ય જિનાજ્ઞા પ્રત્યે મારો આદરભાવ અકબંધ રહેશે. અને માટે જ ઉપયોગ રહે કે ન રહે, સ્વાધ્યાય કરું કે ન કરું પણ ચાલુ વિહારમાં વાતચીત તો નહિ જ કરું."

જો આટલું પાળવામાં આવે તો પણ ઘણું. આજ કારણસર એક ગણિવરે પોતાના શિષ્યોને ત્યાં સુધી રજા આપી છે કે, "જો તમે વિહાર કરતી વખતે ઈરિયાવહિ કરીને નીકળશો અને પછી વિહારમાં સ્વાધ્યાય કરશો. (પુનરાવર્તન વગેરે) તો તમારા એ કલાકો પ્રાયશ્ચિત્તમાં વાળી આપીશ."

હા ! બે સંયમીઓ સાથે ચાલે અને કર્મગ્રંથાદિના પદાર્થોનો પાઠ પરસ્પર બોલતા બોલતા ચાલે તો એની પણ આ બાધામાં છૂટ સમજી લેવી. પણ એ સ્વાધ્યાયમાં બીજી કોઈપણ વાતચીત આવવી ન જોઈએ.

કોઈક સંયમી સ્વાધ્યાય કે વાતચીત કંઈપણ કર્યા વિના માત્ર ઈર્યાસમિતિના જ ઉપયોગપૂર્વક ચાલી શકતો હોય તો એ શ્રેષ્ઠ માર્ગ છે. એ જ અપનાવવા જેવો છે. આ નિયમ તો મધ્યમમાર્ગનો જાણવો.

<u>૩૨. હું મુહપત્તીનો ઉપયોગ રાખીને જ બોલીશ :</u>

જે સંયમી મુહપત્તીનો ઉપયોગ રાખ્યા વિના બોલે એને ષટ્કાયનો વિરાધક ગણ્યો છે. ભલે ષટ્કાયની વિરાધના થાય કે ન થાય પણ એ સંયમીમાં મુહપત્તી વિના બોલતી વખતે ચોખ્ખો પ્રમાદ હોવાથી ભાવથી તો ષટ્કાયની વિરાધનાનો દોષ લાગી જ જાય.

એક શ્રીમંતે કોઈક સાધર્મિકને પૂજાની જોડ ભેટ આપીને કહ્યું કે, "જો. આ મોંઘી પૂજા જોડ તને પૂજા માટે આપું છું. હવે રોજ જિનપૂજા કરજે. તારું પુણ્ય વધી જશે." બે મહિના પછી શ્રીમંતે ખાનગીમાં તપાસ કરી તો ખબર પડી કે પેલા સાધર્મિકે બે-મહિનામાં માંડ પાંચ-દસ વાર જ જિનપૂજા કરેલી. શ્રીમંત ગુસ્સે થઈ ગયો 'અલા ! તને પૂજાની જોડ પ્રભુની પૂજા માટે આપી છે. ઘરે મૂકી રાખીને એ પૂજાજોડની

પૂજા નથી કરવાની. લાવ, પૂજા ન કરવી હોય તો જોડ પાછી આપી દે."

સદ્ગુરુઓએ જિનેશ્વરદેવોની આજ્ઞાને અનુસરીને દીક્ષા દિવસે આપણને બધાને મુહપત્તી આપી, અને કહ્યું કે, "જુઓ. આ મુહપત્તીની લોકોત્તર શાસનમાં કિંમત ઘણી મોટી છે. જ્યારે પણ તમે બોલો ત્યારે મોઢા આગળ બરાબર મુહપત્તી રાખીને જ બોલવું. મોઢાનો એકપણ ભાગ મુહપત્તી વિનાનો, ખુલ્લો રહેવો ન જોઈએ. તમને આ માટે જ મુહપત્તી આપવામાં આવે છે." હવે જો દીક્ષા બાદ સંયમી મુહપત્તીનો ઉપયોગ જ ન કરે. ખુલ્લા મોઢે જ બોલવાની ટેવવાળો બને તો શું સદ્ગુરુ પણ એને કહી ન શકે ? કે "શિષ્ય ! તારે મુહપત્તીનો ઉપયોગ કરવો જ ન હોય તો મને પાછી આપી દે. મારે બીજાને આપવા માટે કામ આવશે."

મારા ગુરુદેવ મુહપત્તી વિના બોલનારા સંયમીઓને મીઠી ભાષામાં કહેતા ય ખરાં કે, "તારી મુહપત્તી મને આપી દે ને ? મને કામ આવશે..." અને ત્યારે એ સંયમી શરમાઈ જતો.

જ્યારે કારણસર બોલવું જ પડે ત્યારે જો મુહપત્તી વિના બોલે તો (૧) વાયુનો વેગ વધારે જવાથી વધુ વિરાધના થાય. (૨) ખુલ્લા મોઢામાં મચ્છર-માખી વગેરે જીવો ઘુસીને મરી જાય. (એવું ઘણીવાર બનતું અનુભવ્યું છે.) (૩) સામે ગુરુ કે વડીલ વગેરે ઉપર મોઢાનું થુંક ઊડે એટલે એમની આશાતના થાય. તેઓને પછી આપણી સાથે વાત કરવાનું પણ મન ન થાય. (૪) વધારે પ્રમાણમાં મોઢામાંથી ઊડેલું થૂંક જમીનની ટાઈલ્સ વગેરે પર પડે અને લુંછવાનું રહી જાય તો સંમૂર્ચ્છિમની વિરાધના થાય. (મુહપત્તીમાં એ થુંક ચૂસાઈ જવાથી વિરાધના ન થાય.) (૫) નજીકમાં જ દીવો વગેરે હોય તો મોઢાના પવનની થાપટ લાગવાથી તેજસકાયની વિરાધના થાય. (૬) કદાચ આજુબાજુમાં સચિત્ત પાણી ઢોળાયેલું પડ્યું હોય તો મોઢાનું થુંક એ પાણીમાં પડવાથી અપ્કાયની પણ વિરાધના થાય. (૭) જિનાજ્ઞાનો ભંગ તો છે, છે ને છે જ.

ખરેખર તો સંયમી મુહપત્તી વિના બોલે એ જ બેહુદું લાગે છે. મુખ પાસે મુહપત્તી રાખી હોય અને સંયમી બોલતો હોય એ દશ્ય જ ખૂબ જ શોભાસ્પદ છે.

એક અપરિપક્વ સંયમીએ વડીલ-વ્યાખ્યાનકાર સાથે મુહપત્તી વિના વાતચીત કરતાં કરતાં પાંચ મિનિટમાં તો વડીલનું મોઢું થુંકની વર્ષાથી ભરી દીધું. વડીલ શું બોલે ? વસ્ત્ર રાખીને થુંક લુંછતા ગયા.

ગૃહસ્થપણામાં જ્યારે હું મારા ગુરુદેવ પાસે કર્મગ્રંથાદિ ભણતો ત્યારે જે પળે મારો મુહપત્તીનો ઉપયોગ જાય, તે જ પળે મને ગાલ પર ટપલી મારીને ઠપકો આપે અને મુહપત્તીનો ઉપયોગ રખાવડાવે.

કેટલાંક શ્રાવકો ય એવા ચૂસ્ત હોય છે કે સંયમી સાથે વાતચીત કરતી વખતે અવશ્ય રૂમાલાદિનો ઉપયોગ રાખીને જ બોલે.

ભગવાન સુધર્મસ્વામીથી માંડીને આપણા અતિમહાન સેંકડો મહાપુરુષોએ જે આચાર ખૂબ નિષ્ઠાથી પાળ્યો. એમાં કોઈ ઉણપ ન આવવા દીધી. એ આચારને અભરાઈ પર ચડાવી દઈને નવી પેઢીમાં એ પરંપરા જ તોડી નાંખવાનું ગોઝારું પાપ કયો બુદ્ધિમાન સંયમી પોતાના માથે લે ? એ મહાપુરુષો મુહપત્તીનો ઉપયોગ અત્યંત આવશ્યક સમજતા અને આપણે એને ઉપેક્ષીએ તો શું એ યોગ્ય ગણાય ?

વળી આમાં શું નડે છે ? આમાં આંબિલાદિ કરવાની વાત જ ક્યાં છે ? કે 'વિગઈઓ છોડી દેવી

પડશે' એવો ભય સતાવે. આ નિયમમાં કંઈ જ છોડવાનું નથી. કંઈ જ દુઃખ વેઠવાનું નથી. માત્ર પાસે જ રહેલી મુહપત્તીને મોઢે લગાડવાની છે. શું એટલું પણ આપણે ન કરી શકીએ ?

છેવટે મુહપત્તીને બદલે પાંગરણીનો છેડો, કપડાનો છેડો, પસીનાનો ટુકડો પણ બરાબર મોઢા પાસે ઢાંકી દઈને બોલીએ તો પણ એ આ બાધામાં ગણાશે.

ગોચરીમાં બે ય હાથમાં તરપણી વગેરે હોવાને લીધે મુહપત્તીનો ઉપયોગ રાખીને બોલવું શક્ય ન હોય તો એટલા પુરતી આ નિયમમાં છૂટ લઈ શકાય. એમ પ્રતિક્રમણમાં વાંદણા વખતે મુહપત્તિનો ઉપયોગ ન રાખીએ તો પણ એ શાસ્ત્રીયવિધિ જ હોવાથી એમાં કોઈ દોષ નથી. કાઉસ્સગ્ગ પારતી વખતે હાથ સીધા રાખીને જ **'णमो अरिहंताणं'** બોલવાનું છે અને પછી જ હાથ ઉંચા કરવાના છે. એટલે એ વખતે એ **'णमो अरिहंताणं'** પદ પણ મુહપત્તીના ઉપયોગ વિના બોલવાની શાસ્ત્રીય વિધિ જ હોવાથી એમાં પણ કોઈ દોષ ન સમજવો.

આ બાધા હોય તો વગર કામના બોલાતા ઘણા શબ્દો ઓછા થઈ જાય. મન ઉપર સતત ભાર હોય કે 'મુહપત્તી વિના બોલવાનું નથી.' એટલે પછી જ્યારે મુહપત્તી હાથમાં ન હોય ત્યારે બોલવાનું અટકી જ જાય.

વળી સંયમીઓ જરાક ધ્યાન આપશે તો એમને ખ્યાલ આવશે કે જ્યારે કોઈપણ સંયમી ઠઠ્ઠા-મશ્કરી, હસી-મજાક કરતો હોય છે. ત્યારે એના મુખ પાસે પ્રાયઃ મુહપત્તી હોતી નથી. અર્થાત મુહપત્તીના ઉપયોગપૂર્વક ઠઠ્ઠા-મશ્કરી વગેરે કરવા લગભગ અશક્ય છે. એમ કોઈ સંયમી ક્રોધમાં હોય, ગમે તેમ બોલતો હોય તો એ વખતે પણ પ્રાયઃ મુહપત્તીનો ઉપયોગ હોતો નથી.' એટલે કે મુહપત્તીના ઉપયોગપૂર્વક બોલવાની ક્રિયા જ એવી છે કે એ આત્માના ક્રોધ-કષાય-અતિહાસ્યાદિ પરિણામોને વધતા અટકાવે છે.

એટલે આ નિયમને કડકાઈથી પાળનારાઓમાંથી અતિહાસ્ય-અતિક્રોધ વગેરે દોષો ઘણા ઓછા થઈ જશે.

<u>૩૩. જ્યારે કારણસર આધાકર્મી ગોચરી વાપરવી પડે, ત્યારે એમાં મીઠાઈ-તળેલું વગેરે વિશિષ્ટ વસ્તુઓ નહિ વાપરું :</u>

ગોચરીના ૪૨ દોષોમાંથી સૌથી મોટી કક્ષાના દોષોમાં ગણાતો એક દોષ એટલે આધાકર્મી ગોચરી. (મૂલદોષ એનાથી પણ મોટો છે. પણ એ દોષ સેવન પ્રાયઃ નહિવત હોય છે.) પિંડનિર્યુક્તિમાં એનો અર્થ કર્યો છે કે [૨૯]'સાધુને વહોરાવવા માટે જ જે વસ્તુઓ બનાવવામાં આવે તે બધી વસ્તુઓ આધાકર્મી કહેવાય.'

સંયમીએ પોતાના માટે રસોઈ વગેરે બનાવવાનું ન કહ્યું હોય છતાં કોઈક શ્રાવક ભક્તિભાવથી સંયમીનો લાભ લેવા માટે શીરો-રોટલી-શાક વગેરે કંઈપણ બનાવે તો પણ એ આધાકર્મી જ કહેવાય.

કેટલાંક સંયમીઓના મનમાં એવી ભ્રમણા છે કે, "અમે જ્યારે સામે ચાલીને કોઈપણ વસ્તુ ગૃહસ્થો પાસે બનાવડાવીએ, ત્યારે જ તે જ વસ્તુ આધાકર્મી કહેવાય. અને એટલે ગૃહસ્થો પોતાની મેળે જ સંયમીઓ પ્રત્યેના ભક્તિભાવથી કંઈક બનાવે તો એ આધાકર્મી ન કહેવાય."

કેટલાંકો વળી એને આધાકર્મી તો માને છે પણ આગળ એમ બોલે છે કે, "એ વસ્તુ આધાકર્મી હોય તો પણ આપણે વહોરવી જોઈએ, કેમકે જો આપણે ન વહોરીએ તો એ શ્રાવકના ભાવ તુટી જશે. પછી એ સંયમીઓની ભક્તિ કરતો બંધ થઈ જશે. માટે આપણે જાતે કોઈ આધાકર્મી વસ્તુ ન કરાવવી. પણ કોઈક એની મેળે જ બનાવી દે તો એ વહોરવામાં કોઈ વાંધો નથી."

કેટલાંક વળી ભક્તિભાવવાળા (!) સંયમીઓ એમ પણ કહે છે કે "આપણે આપણા વાપરવા માટે આધાકર્મી વસ્તુ ન લવાય. પણ આપણા ગુરુજનો, ગુરુભાઈઓ વગેરેની ભક્તિ કરવા માટે તો આધાકર્મી લવાય. એ વસ્તુ લાવનારા સંયમીએ નહિ વાપરવાની. એટલે એને કોઈ દોષ ન લાગે. અને જે બાકીના સંયમીઓ વાપરશે તેઓ તો એ વસ્તુને નિર્દોષ સમજીને જ વાપરતા હોવાથી એમને પણ કોઈ દોષ ન લાગે. આધાકર્મી તરીકે જાણીને વાપરે તો જ દોષ લાગે. એટલે આ રીતે કરવાથી મહાત્માઓની ભક્તિ કરવાનો લાભ મળે."

કેટલાંક સંયમીઓ એવા તો ભોળા (!) હોય છે કે ત્રણ-ચાર સભ્યવાળા ઘરમાં રોટલીનો થપ્પો જોઈને, શાકના તપેલાઓ ભરેલા જોઈને, શીરાની કઢાઈ ભરેલી જોઈને પુછે તો ખરા કે, "આ બધું કોના માટે છે ?" અને શ્રાવકો બોલે, "આ તો બધું અમારા માટે જ છે !" અને શ્રાવકના વચન ઉપર વિશ્વાસ(!) મૂકીને બધું વહોરી લાવે અને નિર્દોષ માની, નિર્દોષ જાહેર કરી પોતે પણ વાપરે અને બીજાને પણ વપરાવે.

આવી તો જાત-જાતની ભ્રમણાઓ આધાકર્મી વિશે જોવા મળે છે. આ બધાનો ઉત્તર આપવા માટે ઘણું લખવું પડે. એટલે એની ઉપેક્ષા કરીને એટલું જ જણાવીશ કે ઉપરની બધી માન્યતાઓ શાસ્ત્રવિરુદ્ધ છે. માંદગી વગેરે ગાઢ કારણસર આધાકર્મી વાપરવાની રજા ભલે હોય પણ બાકી એ સિવાય તો સંયમી આધાકર્મીનો પડછાયો પણ ન લે. આધાકર્મી નામ સાંભળીને ય ભડકે એવો દોષભીરુ હોય. પોતે જાતે આધાકર્મી કરાવે નહિ. કોઈ શ્રાવક સ્વયં આધાકર્મી બનાવી દે તો એનું ટીપું પણ ન વહોરે. અને જ્યાં સહેજ પણ શંકા પડે કે આ આધાકર્મી છે ત્યાં સૂક્ષ્મ રીતે બધી તપાસ કરી, પ્રશ્નો પૂછી પાકો વિશ્વાસ થાય કે 'આ નિર્દોષ જ છે' ત્યારે જ વહોરે. બાકી એક ટકા જેટલી પણ આધાકર્મીની શંકા હોય તો ન જ વહોરે.

આજે પણ નિર્દોષ ગોચરીના કટ્ટર આગ્રહવાળા સેંકડો સંયમીઓ છે. ૧૫-૨૦ કિ.મી.નો વિહાર કરીને બપોરે સ્થાને પહોંચ્યા પછી પણ નિર્દોષ ગોચરી માટે વળી બે-ચાર કિ.મી.નું પરિભ્રમણ કરી તદન નિર્દોષ ગોચરી લાવીને આંબિલો કરનારા અત્યંત વંદનીય, પ્રાતઃશ્રમણીય શ્રમણ ભગવાન મહાવીરના શાસનના તેજસ્વી રત્નો સમાન, અણગારો આજે પણ છે. જ્યારે આજે ચારેબાજુ વિહારધામો બની ચૂક્યા છે. દરેકે દરેક વિહારધામોમાં આધાકર્મી ગોચરી-પાણીની સંપૂર્ણ સગવડો છે. જ્યાં જૈનોના એકેય ઘર નથી. જ્યાં અજૈનગામો પણ દોઢ-બે કિ.મી. દૂર રહેલા છે. ત્યાં પણ આ મહાસંયમીઓ અજૈનગામોમાં જઈને લુખા રોટલાદિ લાવીને, વાપરીને મસ્તીથી જીવન જીવે છે.

આવા સંયમીઓ એક-બે નથી, પણ સેંકડો છે. કોઈ એકા'દ સમુદાયમાં નથી, લગભગ તમામ સમુદાયોમાં આવા રત્નો છે. એટલે એવું કોઈ વિચારતું હોય કે, "આ કાળમાં તો વિહારોમાં આધાકર્મી વિના ન જ ચાલે..." તો એ માન્યતા વહેલી તકે દૂર કરી દેવી જોઈએ.

જો વિહારો એવી રીતે જ ગોઠવાય કે વચ્ચેના બધા ગામડાઓને લાભ મળે તો તેઓના પણ ધર્મભાવ ટકે. વ્યાખ્યાનશ્રવણાદિ દ્વારા તેઓ ધર્મમાં સ્થિર થાય. પણ આ માટે સંયમીઓએ ઝડપી, હાઈ-વે વિહારો છોડી, ગામડાના વિહારો શરૂ કરવા પડે.

શાસ્ત્રકારોએ આધાકર્મી માટે બીજો પણ એક શબ્દ વાપર્યો છે **અધઃકર્મ.** [૨૭]જે ગોચરી સંયમીને અધોગતિમાં=તિર્યંચ-નરકગતિમાં લઈ જાય એ ગોચરી અધઃકર્મ=આધાકર્મી કહેવાય. એટલે આ દોષ અતિભયંકર કક્ષાનો છે.

વળી નિષ્કારણ આધાકર્મી વાપરનારાઓની બુદ્ધિ ભ્રષ્ટ થાય. પરિણામો નિષ્ઠુર બને. જીવો પ્રત્યેની કરૂણા લગભગ ખતમ થઈ જાય.

જો સંયમીઓને ખૂબ કષાય જાગતો હોય, ખૂબ ખરાબ વિચારો આવતા હોય, જિનશાસન માટે કોઈ શુભભાવની ધારા પ્રગટતી ન હોય, સંયમમાં જ અરુચિ થતી હોય તો એની પાછળના અનેક કારણોમાં એક અતિમહત્ત્વનું કારણ આધાકર્મી ભોજન છે. રે ! આધાકર્મી વાપરનારાઓને આ વાંચ્યા પછી પણ જો કંઈ જ અસર નહિ થાય તો એ પણ એ આધાકર્મીનું જ પાપ છે.

એટલે પ્રત્યેક સંયમી સાવધ બનીને પ્રતિજ્ઞા કરી લે કે,"અત્યંત ગાઢ કારણો સિવાય મારે આધાકર્મી વાપરવું નથી. ગમે તે રીતે ચલાવી લઈશ. પણ આધાકર્મીના પનારે નહિ પડું. વિહારધામોમાં પણ આજુબાજુના ગામડાઓમાંથી ગોચરી લઈશ. થોડુંક સહન કરીશ. એ જ મારી સાધના છે. કદાચ રોટલો અને ગોળ મળશે તો પણ ચલાવી લઈશ. ભલે, દાળ-શાક ન મળે. રે ! આજે કેટલાય સંયમીઓ રોટલો ચોળી નાંખીને એમાં પાણી નાંખી દઈ રોટલા અને પાણીથી આંબિલો કરીને પણ ચલાવે જ છે ને ? તો મને તો ગોળ મળ્યો જ છે. થોડાક દિવસ દાળ-શાક ન મળે તો શું વાંધો છે ? વર્ષમાં માંડ ૧૫-૨૦ દિવસ પણ એવા નથી આવવાના કે જેમાં આવું સહન કરવું પડે. તો પછી શા માટે હું મારા સત્ત્વને ન ફોરવું ?"

પણ આ આદર્શનું પાલન દસ હજાર સંયમીઓ સ્વીકારી જ લે એ શક્ય નથી લાગતું. શરીરની નબળાઈ, મનની નબળાઈ વગેરે ઘણા કારણોસર આવો ઉંચો માર્ગ પાળવો બધા માટે શક્ય ન બને અને એટલે તેઓએ તો વિહારધામ વગેરેમાં આધાકર્મી ગોચરી વાપરવી જ પડે છે. વાપર્યા વિના તો ચાલવાનું જ નથી. તો આવા કારણોસર આધાકર્મી વાપરનારા સંયમીઓને નજર સામે રાખીને આ નિયમ બનાવ્યો છે.

મોટો દોષ સેવવાનો જ છે, એ નક્કી છે તો એ દોષ જેટલો ઓછો સેવાય એટલો કર્મક્ષય પ્રાપ્ત થાય. જો સંયમીને કારણસર દોષ સેવતી વખતે પણ દોષ ઓછો સેવવાના વિચારો હોય, પ્રયત્નો હોય તો દોષ સેવવા છતાં પણ કર્મક્ષયની પ્રાપ્તિ થાય.

આધાકર્મી વાપરવું જ છે તો રોટલી, શાક, દાળ, ભાત (વધુમાં વધુ દૂધ) વાપરે અને બાકીના સ્વાદપોષક, મીઠાઈ-ફરસાણાદિ આધાકર્મી દ્રવ્યો છોડી દે તો એ મોટો સાપેક્ષ ભાવ કહેવાય. આ વિશિષ્ટ વસ્તુ ન લેવાની દૃઢતા કેળવવી જોઈએ.

<u>૩૪. જ્યારે કારણસર આધાકર્મી વાપરવું પડે, ત્યારે પ્રત્યેક ટંક દીઠ બે/ત્રણ/ચાર દ્રવ્ય જ વાપરીશ :</u>

ઉપરના નિયમમાં મિષ્ટાન્નાદિ સ્વાદપોષક વસ્તુઓના ત્યાગની વાત હતી. અહીં એ પદાર્થ છે

કે જ્યારે વિહારધામાદિમાં આધાકર્મી વાપરવાનું જ હોય ત્યારે દ્રવ્યો પણ ઓછામાં ઓછા વાપરવા જોઈએ. એમાં જે એકાસણા-આંબિલ કરનારા હશે તેઓ તો બપોરે એક જ વાર વાપરશે એટલે તેઓ ત્રણ/ચાર દ્રવ્યોનો અભિગ્રહ કરી શકે. (છેવટે એકાસણાદિ હોવાથી દૂધ સહિત પાંચ દ્રવ્યોનો અભિગ્રહ કરે.)

પણ જેઓ બે કે ત્રણ ટાઈમ વાપરનારા છે, તેઓએ વધુ દ્રવ્યસંક્ષેપ કરવો જોઈએ. દા.ત. સવારે દૂધ અને ખાખરા, અથવા ચાહ અને ખાખરા, અથવા એકલું દૂધ કે એકલી ચાહ અથવા ચાહ-દૂધ-ખાખરા એમ પોતાની શક્તિ પ્રમાણે એક, બે કે ત્રણ દ્રવ્ય જ વાપરીને સવારની ગોચરી પતાવે.

એમ બપોરે પણ રોટલી, શાક કે રોટલી, દાળ કે રોટલી, શાક, દાળ (છેવટે રોટલી, શાક, દાળ, ભાત) એમ બે, ત્રણ દ્રવ્ય જ વાપરે.

એમ સાંજે પણ ભાખરી-શાક વગેરે કોઈપણ બે/ત્રણ દ્રવ્ય જ વાપરે.

આમ ત્રણ ટંકમાં દ્રવ્ય સંક્ષેપ કરીને જિનાજ્ઞા પ્રત્યેનો આદરભાવ અકબંધ રાખે. પરિણામોની કોમળતાને જાળવે.

શક્ય હોય તો આવા દોષિત વાપરવાના પ્રસંગમાં ત્રણ ટંકને બદલે બે ટંકમાં પતાવવાનો પ્રયત્ન કરે. (આમાં જે દવાઓ લેવી પડે કે દવા માટે ઉકાળો, અનુપાનાદિ જે લેવું પડે એની પહેલેથી છૂટ રાખી શકાય.)

એક તપસ્વીરત્ન પંન્યાસજી તો નિર્દોષ ગોચરીના એવા આગ્રહી છે કે જો એ ન મળે તો ઉપવાસ કરી લે. એમનું શરીરબળ પણ એમને સહાય કરે છે. એક વાર આજ કારણસર તેઓ વડીલ પાસે ઉપવાસનું પચ્ચ. લેવા ગયા ત્યારે વડીલે કહ્યું કે, "તમારે ઉપવાસ નથી કરવાનો. આ સાધુ બે કિ.મી. દૂર ગોચરી માટે જવાનો જ છે. એ તમારા માટે નિર્દોષ ગોચરી લઈ આવશે."

આ બધા આદર્શોને નજર સામે રાખીને સંયમીઓ કમસેકમ આ દ્રવ્ય સંક્ષેપ કરવા રૂપ સાપેક્ષભાવને તો જીવનમાં ઉતારે જ.

**૩૫. સંસારી બા-બાપુજી, સગા ભાઈ-બહેન વંદન કરવા માટે આવે અને ગોચરીનો લાભ આપવા માટેનો આગ્રહ કરે તો ના-છૂટકે એમને લાભ આપવાની છૂટ સિવાય બહારગામથી કે સ્થાનિકગામથી કોઈપણ ભક્તો કે સ્વજનોએ લાવેલી ગોચરી હું વહોરીશ નહિ કે વાપરીશ નહિ :**

સરકારી કાયદા પ્રમાણે એમ સાંભળ્યું છે કે, "સંસારત્યાગી કોઈપણ વ્યક્તિ સંસાર માટે મરી ગયેલો જ ગણાય છે." અર્થાત સંયમી માટે હવે કોઈ બા નથી કે બાપુજી નથી. ભાઈ નથી કે બહેન નથી. સંયમી માટે સંસારના બધા સંબંધો કપાઈ જ ગયેલા છે.

સંયમીને તો હવે માત્ર એક જ વસ્તુ સાથે સંબંધ હોય, જિનાજ્ઞા ! જિનાજ્ઞા સિવાય એણે કોઈ સાથે સંપર્ક કરવાનો નથી. દેવ અને ગુરુતત્ત્વ પણ એ જિનાજ્ઞામાં સમાઈ જ જાય છે અને જિનાજ્ઞા તો સ્પષ્ટ જ છે કે આ-ગામ કે બહારગામથી ઉપાશ્રયે લવાયેલી કોઈપણ વસ્તુ સંયમી વાપરી ન શકે.

આ રીતે લવાયેલી ગોચરી અભ્યાહૃત પિંડ કહેવાય. એમાં ઘણા દોષો છે : (૧) સ્વજનાદિઓ સંયમી પ્રત્યેના ભક્તિભાવથી સારી-સારી વસ્તુ બનાવીને પણ લાવે. એટલે આજના કાળમાં તો

અભ્યાહૃત ગોચરી લગભગ આધાકર્મી હોય છે. (૨) ધારો કે આધાકર્મી ન હોય પણ સંયમીને વહોરવવાના ઉદ્દેશથી જ નિર્દોષ સુખડી-મીઠાઈ વગેરે લાવે તો એ અવર-જવરમાં ગૃહસ્થો દ્વારા થયેલી બધી વિરાધનાની અનુમોદનાનો દોષ સંયમીને લાગે. (૩) ધારો કે એ ગૃહસ્થો મળવા આવવાના જ હોય. એમાં ગોચરી વહોરાવવા લાવવી એ ગૌણ હોય તો કદાચ ઉપરના બે ય દોષ ન લાગે. પણ સંયમી આવી સ્વાદિષ્ટ વસ્તુઓ વહોરે, વાપરે. એમાં ભયંકર આસક્તિ થાય, કેમકે ભક્તો, સ્વજનો દ્વારા વહોરવા માટે લવાયેલી વસ્તુ તરીકે મીઠાઈઓ, મેવો, ફરસાણ, ફળાદિ જ વધારે જોવા મળે છે. કોઈ રોટલી-શાક-દાળ-ભાત વહોરાવવા લઈ આવે એ ઓછું જોવા મળે છે. (વિહારસ્થાનોમાં એવું પણ બને.) એટલે આ બધું વહોરવામાં પુષ્કળ આસક્તિ પોષાય. (૪) સંસ્કાર ખોટા પડે. પછી તો જેટલા શ્રાવક વિનંતિ કરે, એ બધાને લાભ આપી આપીને આસક્તિ પોષવાનું પાપ કાયમી બની જાય. બાકીના સંયમીઓમાં પણ આ સંસ્કાર પડે. ૪૨ દોષથી નિર્દોષ ગોચરીની આખી વ્યવસ્થાના ભાંગીને ભુક્કા થઈ જાય.

એટલે જ બા-બાપુજીથી માંડીને કોઈને પણ આ રીતે અભ્યાહૃત ગોચરીનો લાભ આપવો શાસ્ત્રમાન્ય ન જ બને.

એક ઊંચો આદર્શ બતાવું.

એક સંયમીને નિયમ છે કે "જો બહારગામથી આવેલા સ્વજનો, શ્રાવકાદિએ વહોરાવેલી ગોચરી વાપરું તો બીજા દિવસે મારે ઉપવાસ કરવો."

આ નિયમ બાદ એ સંયમીના સ્વજનોએ એવા લાભ આપવાનો આગ્રહ જ છોડી દીધો.

એનાથી તદ્દન ઉંધો એક પ્રસંગ કહું. એક મહાત્મા જૈનોની ભરપૂર વસતિવાળા સ્થાનોમાં ઉતરે તો પણ રોજ એમને વહોરાવવા માટે આજુ-બાજુના વિસ્તારોમાંથી એમના ભક્તો ઉપાશ્રયમાં ટિફીન લઈને આવે. અને મહાત્મા ઉપાશ્રયમાં જ ત્રણ ટાઈમની ગોચરી વહોરે. ભક્તોને લાભ (!) આપે.

આ જોઈને શ્રીસંઘના એક પરિણત શ્રાવકને ખૂબ આઘાત લાગ્યો. કરોડપતિ એ શ્રાવકે ખાનગીમાં મહાત્મા પાસે જઈને પગે પડીને વિનંતિ કરી કે સાહેબ ! આપ જ્યારે વિહારમાં હો, જ્યાં જૈનોના કોઈ ઘર ન હોય ત્યાં આપ આવી રીતે ભક્તોએ લાવેલી ગોચરી વહોરો તો એ આપ જાણો. પણ અહીં તો આજુબાજુમાં જ ૫૦૦ ઘરો છે. બીજા લોકો જાણશે તો એમ વિચારશે કે, "શું આ સંઘના શ્રાવકો સાધુઓને ગોચરી નહિ વહોરાવતા હોય ? કે જેથી એ સાધુઓને ગોચરી વહોરાવવા માટે દૂરના વિસ્તારના શ્રાવકોએ આવવું પડે." અને એ સ્થાનમાં તો એ શ્રાવકે આ અભ્યાહૃતગોચરી બંધ કરાવી.

પણ શું આ પ્રવૃત્તિ ઉચિત હોઈ શકે ? સંયમીની નિઃસ્પૃહતા, અનાસક્તિ વગેરે ગુણોનું અવમૂલ્યન જ આ બધી પ્રવૃત્તિમાં નથી દેખાતું ?

ખરેખર તો આ લાભ આપવામાં ગૃહસ્થોને જેટલો ફાયદો થશે, એના કરતા જો સંયમીઓ એકપણ વસ્તુ નહિ વહોરે તો છેલ્લે તો એ ગૃહસ્થોનું સંયમીઓ પ્રત્યેનું બહુમાન અનેકગણું વધી જ જશે. જેનો ફાયદો ઘણો જ મોટો છે.

એટલે ખરેખર તો કોઈપણ સ્વજનાદિનું અભ્યાહૃત પિંડ ન જ લેવું. છતાં માતા-પિતા વગેરે પ્રત્યેના સ્નેહભાવને કારણે આટલી બધી સાત્વિકતા ન કેળવી શકાતી હોય તો છેવટે આટલું નક્કી કરવું કે માતા-પિતા, સગા ભાઈબહેન (કાકા, મામા, માસા, ફુઆ વગેરે કે એમના દીકરા વગેરે બધાનો નિષેધ) જે ગોચરી લાવે એનો જ લાભ આપવો. બીજા કોઈને પણ લાભ ન આપવો. ભક્તશ્રાવકો વગેરેને પણ નહિ.

ભગવાન બપ્પભટ્ટસૂરિજીએ તો ભક્તોના ઘરની નિર્દોષ ગોચરીનો પણ ત્યાગ કરેલો, એની પાછળ આસક્તિ વગેરેથી બચવાનો જ એકમાત્ર ઉદ્દેશ હતો.

એ મહાપુરુષ ભક્તોના ઘરની નિર્દોષ ગોચરી પણ છોડી દે તો આપણે ભક્તોએ અભ્યાહૃતાદિ દોષવાળી લાવેલી ગોચરીનો ત્યાગ ન કરવો જોઈએ ?

વળી તેઓ આપણને ગોચરી વહોરાવવા માટે જ સ્કુટર-ગાડીમાં આવતા હોય અને એમાં અકસ્માત થાય તો મુશ્કેલીનો પાર ન રહે. આવા પ્રસંગો પણ બન્યા છે.

હા ! જે જગ્યાએ જૈનોના ઘરો જ ન હોય, રસોડા વગેરેમાંથી આધાકર્મી વહોરવાનું હોય એ વખતે અભ્યાહૃત ગોચરી લેવામાં આવે તો ચાલે. એમાં ય શક્ય હોય તો આસક્તિકારક વસ્તુઓ તો ન જ વહોરવી. જે ખાખરા વગેરે હોય એ લઈને ચલાવી શકાય.

આમાં એટલી વિશેષતા છે કે કોઈક વિહારધામમાં આધાકર્મી ગોચરી વાપરવાની હોય અને એ વખતે એને બદલે બાજુના ગામમાંથી શ્રાવકો પાસે સ્પેશ્યલ ગોચરી મંગાવીએ તો એમાં વિરાધના વધારે લાગે છે. ભલે તેઓ ઘરે જ પડેલી સુકી-પાકી વસ્તુઓ લાવે તો પણ ગાડીમાં આવવું-જવું વગેરેને લીધે સાધુના કારણે ખૂબ વિરાધના થાય. એના બદલે રસોડામાંથી આધાકર્મી લેવામાં ઓછો દોષ લાગે.

હા ! જો એ શ્રાવકો પોતાના જ કામ માટે ત્યાં આવવાના હોય. ગોચરી વહોરાવવા માટેના મુખ્ય ઉદ્દેશથી ન આવવાના હોય. તો પછી એમની પાસે એમના ઘરે પડેલી સુકી-પાકી વસ્તુઓ મંગાવીએ અને રસોડાની ગોચરી ન વાપરીએ તો ઓછો દોષ લાગે એવું જણાય છે. પણ આપણા માટે જ સ્પેશ્યલ ગોચરી તો ન જ મંગાવાય.

<u>૩૬. ગોચરીમાં જો સંઘાટક વ્યવસ્થા ગોઠવાતી હશે તો હું નિષેધ નહિ કરું. એ સંઘાટક વ્યવસ્થામાં મદદગાર થઈશ :</u>

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે [૨૮]'દેવકીના છ પુત્રો ચૌદપૂર્વી હતા. અને છ ય પુત્રો બે-બેની જોડી કરીને ગોચરી જતા હતા." અર્થાત ચૌદ પૂર્વધર જેવા મહાન સંયમીઓ કે 'જેમનું પૂર્વની હાજરીમાં પતન થવાનું જ નથી.' તેઓ પણ સંઘાટક ગોચરી જ જતા હતા. એ મહાત્માઓ તો એવા હોય કે કોઈ સ્ત્રીનો ભયંકર ઉપદ્રવ થાય તો પણ તેઓ નિશ્ચિત પતન ન જ પામે. (ચૌદપૂર્વની હાજરીમાં પતન ન થાય. પૂર્વો ભુલાતા જાય ત્યારે ૧૦ થી ઓછા પૂર્વની હાજરીમાં પતનની શક્યતાઓ ઊભી થાય.) આમ છતાં તેઓ સંઘાટકગોચરી જતા.

સંયમીઓ એકલા ગોચરી જાય એમાં ઘણા નુકસાનો છે : (૧) સંયમી એકલો હોય એટલે નાના-મોટા દોષોવાળી ગોચરી પણ વહોરી લે. એનો ત્યાગ ન કરે. જો સંઘાટક સાથે હોય તો એની શરમના

કારણે પણ ગોચરીના દોષો સેવતો અટકે. (૨) સંયમી એકલો હોય તો બહેનો વગેરે સાથે વાતચીત કરવા લાગી પડે. 'સાધ્વીજીઓ પણ વહોરવા જાય ત્યારે બહેનો સાથે અડધો કલાક વાતચીત કરતા હોય છે' એવું સાંભળ્યું છે. આ બધુ ઉચિત નથી. આમાં સાધુને તો બ્રહ્મચર્યની દૃષ્ટિએ મોટું નુકસાન થાય. સાથે સંઘાટક હોય તો સંયમી બહેનો સાથે વાતચીત વગેરે ન કરી શકે. (૩) એકલો સંયમી પોતે નિર્વિકારી હોય તો પણ ક્યારેક સામેનું તત્ત્વ જ ખરાબ હોય અને સંયમીને ફસાવી દે એવું બને. પણ જો સંઘાટક સાથે હોય તો પછી ખરાબ તત્ત્વ પણ કંઈ ન કરી શકે. કપિલાના પ્રસંગ બાદ સુદર્શન શ્રાવકે પણ પ્રતિજ્ઞા કરેલી કે 'કોઈના પણ ઘરે એકલા ન જવું.' તો સંયમીની ફરજ શું ? (૪) એકલો ગોચરી ગયેલો સંયમી ક્યારેક ચક્કર વગેરે આવવાથી પડી જાય તો એને કોણ મદદ કરે ? હમણાં જ એક સંયમીનું આખું શાકનું પાત્રુ રસ્તા ઉપર પડીને ઢોળાઈ ગયું. શું થાય ? એક સંયમીની દૂધની તરપણી શ્રાવકના ઘરમાં જ પગ લાગવાથી ઢોળાઈ ગઈ.

આવા પ્રસંગમાં એકલો સંયમી મૂંઝાઈ જાય. પણ સાથે બીજો સંયમી હોય તો ઘણા રસ્તા નીકળે.

એટલે કોઈપણ ભોગે સંઘાટક વ્યવસ્થા ફરી શરૂ થવી જ જોઈએ.

પણ આજે જ્યારે પણ સંઘાટક વ્યવસ્થાની વાત આવે એટલે સંયમીઓ અરુચિ દર્શાવતા હોય છે. એના ઘણા કારણો છે : (૧) ગોચરી એકલા જવાનું હોય તો માત્ર ત્રણ-ચાર સંયમીઓને જ ગોચરી મોકલવાના રહે. જ્યારે સંઘાટક ગોચરી મોકલીએ એટલે છ-આઠ સંયમીઓને મોકલવા પડે. એટલે પછી પાણી લાવવું-કાજો-લુણા વગેરે બાકીના કામોમાં સાધુની ખોટ પડે. હવે જો સંઘાટક વ્યવસ્થા ગોઠવવી હોય તો બધાને બે-બે કામ સોંપવા પડે. અને આજે કેટલાંક સંયમીઓને આ બે-બે કામ કરવા ગમતા નથી. વર્ષોથી એક જ કામ કરવાની ટેવ હોવાથી હવે બે કામ કરવા મનને ભારે પાડે છે. કદાચ સંસારમાં હોત તો દિવસના આઠ કલાક-દસ કલાક સખત કામ કરત. જ્યારે આજે દિવસના કલાક કે દોઢ કલાકનું જિનાજ્ઞાપાલનરૂપ, સંયમીઓની ભક્તિરૂપ, પ્રચંડ કર્મક્ષયના કારણભૂત એવું પણ કામ કરવા કેટલાંક સંયમીઓ તૈયાર થતા નથી.

(૨) કેટલાંક સંયમીઓ દોષિત વહોરતા જ હોય છે. એમાંય સચિત્તનો સંઘટ્ટો, મિશ્રદોષ વગેરે નાના-મોટા દોષો તો તેઓ ગણતા જ નથી હોતા. "વ્યવસ્થાપકે જેટલી ગોચરી મંગાવી એટલી લાવીને માંડલીમાં મૂકી દેવી" એ જ તેઓ કર્તવ્ય સમજે છે. પણ "એ ગોચરી જિનાજ્ઞા પ્રમાણે નિર્દોષ જ લાવવી" એને કર્તવ્ય સમજતા નથી. અને માટે જ કેટલાંક સંયમીઓ ગૃહસ્થોના ઘરમાં મોટા પ્રમાણમાં લાભ (!) આપી (કે ધાડ પાડી ?) ઝડપથી આવી જતા હોય છે અને આવી રીતે જલદી ગોચરી વહોરીને આવી જનારાઓની બીજા સંયમીઓ પ્રશંસા પણ કરતા હોય છે. પરિણામે પેલા સંયમીને દોષિત વહોરવા વગેરેની ટેવ વધુ દૃઢ બનતી જાય છે. હવે આ સંયમીને સંઘાટકગોચરી ન જ ફાવે એ સ્વાભાવિક છે, કેમકે એમાં તો સાથેનો સંયમી એની અશાસ્ત્રીય પ્રવૃત્તિ જોઈ આખા ગચ્છમાં પણ વાત કરે એટલે પોતાની અસંયમી તરીકેની છાપ પડે. આ બધું અટકાવવા આવા સંયમીઓ સંઘાટક ગોચરી ન જ ઈચ્છે. (૩) ક્યારેય એવું બને કે સાથે જે સંઘાટક સંયમી આવવાનો હોય એ વૃદ્ધ હોય અથવા તો યુવાન હોવા છતાં ધીમે ધીમે ચાલનારો હોય તો પેલા ઝડપી સંયમીને આની સાથે ગોચરી જવું ન ગમે. અને એ કારણસર પણ એ ના પાડે. (૪) ગોચરીના બહાને બહેનો વગેરે સાથે પરિચય કરવાની

ઈચ્છાવાળા કેટલાંક સંયમીઓ પણ સંઘાટકની ના પાડે.

આમાં (૨) અને (૪) નંબરના કારણો તો અત્યંત વખોડવા લાયક છે. (૧) અને (૩) નંબરના કારણોમાં પણ સંયમીઓએ સહિષ્ણુ બનીને જિનાજ્ઞા ખાતર ભોગ આપવાની તૈયારી બતાવવી જોઈએ. જો બધા જ ગ્રુપમાં સંઘાટક વ્યવસ્થા શરૂ થાય તો ઘણા બધા દોષોથી ઘણા બધા સંયમીઓ બચી જાય. હવે સંઘાટક વ્યવસ્થા ગોઠવવાથી માંડલીના બાકીના કામોમાં જે ખેંચ પડે એ માટે તો ગોચરી જનારા સંયમીઓને જ એ કામોમાં ગોઠવી શકાય. થોડુંક વધારે કામ કરવાની તૈયારી રાખવી પડે.

અથવા ગચ્છમાં જે ભક્તિવાળો, વૈયાવચ્ચી સંયમી હોય એણે એક - બે કામ વધારે કરવાની તૈયારી બતાવી આ વ્યવસ્થામાં સહકાર આપવો જોઈએ.

અથવા ગોચરી જનારા સંયમીઓ જ એક-એક ઘડો પાણી લેતા આવે તો પાણી લાવવાનું માંડલીનું કામ જ રદ થઈ જાય. પછી વાંધો ન આવે.

ટૂંકમાં કોઈપણ રીતે સંઘાટક ગોચરીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

પણ બધા બધી સારી વાતો સ્વીકારી જ લેતા હોત તો આ હળાહળ કળિયુગ શી રીતે કહેવાત? એટલે જ અહીં એવો નિયમ નથી આપ્યો કે "હું અવશ્ય સંઘાટક ગોચરી જઈશ." કેમકે પોતે સંઘાટક ગોચરી જવા તૈયાર હોય પણ કોઈ સાથે આવવા જ તૈયાર ન હોય તો ? તો પછી નિયમનું પાલન શક્ય ન બને.

એટલે જ નિયમ એવો રાખ્યો છે કે "જો ગ્રુપમાં સંઘાટક વ્યવસ્થા ગોઠવાતી હશે તો મારા નિમિત્તે એમાં મુશ્કેલી નહિ ઉભી થવા દઉં. હું બે કામ કરવાની તૈયારી રાખીશ. હું બધી રીતે આ વ્યવસ્થા માટે મારી અનુકૂળતા મુજબ સહાય કરીશ. પણ ઉપરના ચાર કારણોસર એનો વિરોધ કરવાનું કે તોડી પાડવાનું કામ નહિ કરું."

સ્વાધ્યાય ઓછો કરીને પણ આ વ્યવસ્થા પાળવી એ શ્રેષ્ઠ માર્ગ છે.

ખરેખર તો પાણીમાં પણ સંઘાટક વ્યવસ્થા જોઈએ. પણ અત્યારે એ બોલવાનો કોઈ અર્થ જ નથી દેખાતો.

બૃહત્કલ્પ ભાષ્યમાં [૨૯]સાધ્વીજીઓની સંઘાટકવ્યવસ્થા બે-બેની નહિ, પણ ત્રણ-ત્રણની બતાવી છે. અર્થાત્ સાધ્વીજીઓએ ત્રણ-ત્રણના ગ્રુપમાં ગોચરી વહોરવા જવાનું છે. એમાં ય બે સાધ્વીજીઓ પીઢ (અંદાજે ૪૦થી ઉપરની ઉંમરવાળા) અને એક જ સાધ્વીજી યુવાન (૨૦ થી ૪૦ની ઉંમરવાળા) એ રીતે ગોચરી જવાનું કહ્યું છે. એના અનેક કારણો ત્યાં બતાવ્યા છે. એમાં બ્રહ્મચર્યની રક્ષાને મુખ્ય કારણ તરીકે બતાવેલ છે.

હવે જો બે પીઢ અને એક યુવાન એ રીતે ત્રણ-ત્રણ સાધ્વીજીઓના ગ્રુપે ગોચરી જવાનું હોય, એ જ શાસ્ત્રાજ્ઞા હોય તો આજે ત્રણ તો નહિ, બે પણ નહિ એકલા ભરયુવાન સાધ્વીજીઓ ગોચરી જાય એ કેટલી હદનો શાસ્ત્રાજ્ઞાભંગ કહેવાય ?

સાધ્વીજીઓએ તો બે-બે સંઘાટકની વ્યવસ્થા કોઈપણ ભોગે ગોઠવવી જ જોઈએ. છેવટે એકલા યુવાન સાધ્વીજીને તો ગોચરી ન જ મોકલવા જોઈએ. ૪૦થી ઉપરની ઉંમરવાળા સાધ્વીજીઓએ જ જવું

જોઈએ. એકબીજાના સંયમની રક્ષામાં સહાય કરવી એ આપણી સૌની અત્યંત મહત્ત્વની ફરજ છે.

**૩૭. હું સૂર્યોદય પછી જ ઘડાઓનું પ્રતિલેખન કરીશ અને એને બરાબર પ્રકાશમાં જોઈ પુંજણીથી પુંજીને પછી જ એમાં પાણી લઈશ :**

આ નિયમ પણ આપવો પડે છે એ આશ્ચર્ય તો છે જ. જે સ્થાનોમાં પુષ્કળ સાધુ-સાધ્વીજીઓ હોય છે અને જ્યાં બે-ત્રણ સ્થાને જ પાણી ઉકળતું હોય છે ત્યાં સંયમીઓ (૧) પોતે પાણી વહોરવામાં મોડા ન પડી જાય, (૨) પાણી ખલાસ થઈ જાય અને પોતે રહી જાય તેવું ન બને એ માટે અંધારામાં જ, સૂર્યોદય પહેલા જ ઘડાઓનું પ્રતિલેખન કરી પાણી લેવા પહોંચી જાય. કેટલાંકો તો સૂર્યોદય પૂર્વે જ પાણી વહોરી પણ લે.

(૩૭)સૂર્યોદય પૂર્વે પાણી વહોરે અને પછી નવકારશીના સમયે વાપરે તો પણ શાસ્ત્રકારોએ એમાં રાત્રિભોજનનો દોષ બતાવેલો છે.

સૂર્યોદય પૂર્વે જ ઘટાદિનું પ્રતિલેખન કરવામાં કયા દોષો લાગે છે ? એ જોઈએ. (૧) ઘડા વગેરેની ઠંડકના કારણે કીડી, મચ્છર વગેરે જંતુઓ રાત્રે એમાં ભરાઈ જતા હોય છે. અંધારામાં પ્રતિલેખનાદિ કરીએ તો ઘણા જંતુ અંદર રહી જાય છે અને પછી ધગધગતું પાણી એમાં પડે એટલે તે જીવો ભયંકર રિબામણ સાથે મૃત્યુ પામે. એક સંયમીએ પ્રમાદના કારણે ઘડો બરાબર જોયા વિના જ પાણી વહોર્યું. એ ઘડામાં ગિરોળી ભરાઈ ગયેલી. ધગધગતા પાણીમાં મરી ગઈ. આ તો સારું થયું કે પાછળથી કો'કની નજર એ ઘડામાં ગઈ અને ગરોળી મરેલી દેખાઈ એટલે એ પાણી પરઠવી દીધું. બાકી એ પાણી સાધુઓ વાપરત તો ગરોળીનું ઝેર બધાને ચડત.

(૨) આજ્ઞાભંગ તો થાય જ.

કેટલાંકો સૂર્યોદય પછી પડિલેહણ તો કરે પરંતુ ઘડાની ઉપર સીધી પુંજણી ફેરવી દે અને તરત પાણી વહોરવા લઈ જાય. ખરેખર તો સવારનો પ્રકાશ ઝાંખો હોવાથી ઘડાઓ બારી વગેરે પાસે લઈ જઈ વધુ પ્રકાશમાં જોવા જોઈએ. ધ્યાનથી જોઈએ ત્યારે ખબર પડે કે ઘડાની માટીના રંગના લીધે ન દેખાતા કેટલાંક જીવો એમાં હોય છે. એવા જીવો દેખાય કે ન દેખાય તો પણ બરાબર પૂંજણી ફેરવી એ ઘડાને ખંખેરી દેવા જોઈએ. કદાચ પહેલા આખા ઘડામાં પૂંજણી ફેરવી દીધી હોય તો પણ પછી એ ઘડાઓ પ્રકાશમાં જોવા જ જોઈએ. પ્રકાશમાં જોયા વિના ઘડાઓનો ઉપયોગ ન જ કરવો.

કેટલાક ઠેકાણે સાધ્વીજીઓના ઘડાઓ લાઈનમાં ગોઠવવામાં આવે છે. પછી ક્રમસર બધાના ઘડા ભરાય. આવા સ્થળે જ્યારે જે સાધ્વીજીના ઘડાનો નંબર આવે ત્યારે તે સાધ્વીજીએ પુનઃ ઘડામાં નજર કરી લેવી. કેમકે વચ્ચેના સમયમાં મચ્છરાદિ ઘુસી ગયા હોવાની શક્યતા છે. ઘડા ઉપર ટોક્સી ઢાંકેલી જ હોય તો પછી પ્રશ્ન નથી.

**૩૮. હું પાણીની પરાતો પૂંજીને જ પછી એમાં પાણી ઠારીશ. જમીન પણ બરાબર પૂંજી લઈશ :**

ગરમ પાણી લાવ્યા પછી ઉનાળાદિમાં એને પરાતોમાં ઠારવું પડે છે. કેટલાંક સંયમીઓ આગલા દિવસની ભીંતને ટેકે મૂકેલી પરાતો જોયા વિના, પૂંજ્યા વિના જ સીધી જમીન ઉપર મૂકી દઈ અને ધડાધડ એમાં પાણી ઠારવા માંડે છે. "કોઈપણ ગાડી સંયમીએ ન પકડવાની હોવા છતાં આટલી બધી

ઉતાવળ શા માટે ?" એ ખબર નથી પડતી.

રાત્રિના સમયે પરાતોમાં નાના નાના જાત જાતનાં જંતુઓ ભરાઈ જતા હોય છે. પરાતો પૂંજ્યા વિના ગરમ પાણી ઠારીએ એટલે આ બધા જંતુઓને દેહાંતદંડની સજા ફરમાવેલી થાય. આમાં પહેલું મહાવ્રત શી રીતે ટકે ?

વળી જે જમીન ઉપર પરાતો મૂકીએ એ સ્થલે જો કીડી વગેરે જીવો હોય તો એ જમીન પૂંજ્યા વિના જ ત્યાં પાણી ઠારવાથી ગરમપાણીથી ગરમ થયેલી પરાતના કારણે નીચેના જીવો પણ મરી જાય.

એટલે વિધિ આ પ્રમાણે જાળવવી કે સૌ પ્રથમ જે જગ્યાએ બધી પરાતો મૂકવાની હોય એ જગ્યાને ઓઘા કે દંડાસનથી બરાબર પૂંજી લેવી અને પછી પૂંજણી લઈ વારાફરતી એક-એક પરાતો પુંજી-પુંજીને એ જમીન ઉપર મૂકવી અને પછી એમાં પાણી ઠારવું.

ખરી હકીકત તો એ છે કે પરાતોમાં પાણી ઠારવું એ જ અસંયમ છે. ખુલ્લી પરાતમાં પા-અડધો કલાક ગરમ પાણી ઠરે ત્યારે એ ખુલ્લી પરાતમાં ઉડતા જીવો પડી-પડીને મરી જતા જોવા મળે છે. ભમરાઓ, કીડીઓ, માખીઓ, મચ્છરો વગેરેના કલેવરો આ રીતે પાણી ઠારેલી પરાતોમાં ઘણીવાર જોયા છે. પ્રાચીનકાળમાં પાણી ઠારવા માટે પરાતોનો ઉપયોગ ન હતો. (જો કે પૂર્વકાળમાં અનેક પ્રકારના પાણી વપરાતા હોવાથી ઠંડુ પાણી જ વાપરવાનો અવસર આવતો. ધગધગતું પાણી વાપરવાનો પ્રસંગ ઓછો બનતો.)

અત્યારે ખાસ કરીને ઉનાળામાં ઠંડા પાણી વિના કોઈને ચાલતું નથી. રે ! પાણી થોડું ઓછું ઠંડુ થાય તો પણ બુમ પડે છે. હવે એ સુખશીલતા ગણો કે ગમે તે ગણો પણ એ હકીકત છે કે ઠંડા પાણીનો વપરાશ જ પ્રાયઃ બધા કરવાના. અને એ માટે પરાતોનો ઉપયોગ થવાનો જ. એ બંધ થાય એવી શક્યતા ઓછી દેખાય છે.

હા ! જેણે આદર્શ સંયમ જીવવું હોય એણે તો પરાતોમાં ઠારેલું પાણી વાપરવાનું બંધ જ કરી દેવું જોઈએ. ઘડામાં જ પાણી રાખી મૂકી જેવું તેવું પણ એ જ પાણી વાપરવું જોઈએ. પણ જેઓ એ આદર્શ ન કેળવી શકે તેઓ છેવટે આટલી જયણા તો પાળે જ.

આદર્શ સંયમ પાળનારાઓ પણ બીજા સંયમીઓને અનુકૂળતા કરી આપવામાં તો તત્પર રહેવાનું જ છે. પોતે પરાત વિના ચલાવે એટલે બધા પાસે પરાતોના ત્યાગનો આગ્રહ રાખે એ તો યોગ્ય નથી. પરાતો વાપરનારાઓ પ્રત્યે અસદ્ભાવાદિ કરે એ ય યોગ્ય નથી.

<u>૩૯. જો હું ઘડો વાપરીશ તો ઘડો સીધો જમીન ઉપર નહિ રાખી મૂકું અને ઘડામાંથી પાણી લેતી વખતે ઘડો નમાવીને પાણી નહિ લઉં. પણ ઘડો ઊંચકીને પાણી લઈશ :</u>

શાસ્ત્રીય દૃષ્ટિએ ઘડો વર્તમાનકાળમાં પણ [31]અસંયમનું સાધન જ છે. કેમકે (૧) ઘડાનો અંદરનો રંગ ભૂખરો હોવાથી એમાં જીવની દયા પાળવી ખૂબ દુષ્કર છે.

(૨) ઘડાનું મોઢું નાનું અને પેટ મોટું છે. આવું સાધન શાસ્ત્રમાં નિષિધ્ધ છે. જે ઘડાનું મોઢું એટલું પહોળું હોય કે એમાં હાથ નાંખો અને બહાર કાઢો તો પણ આજુબાજુના મોઢાના ભાગને ન અડે તેવા મુખવાળું સાધન ચાલે. ઘડો લગભગ આવો નથી હોતો.

(૩) ઘડો ડગડગતો હોવાથી, અસ્થિર હોવાથી શાસ્ત્રમાં નિષિધ્ધ છે. ઘણીવાર ઘડાની અસ્થિરતાને લીધે પાણી ઢોળાઈ જવા વગેરે રૂપ વિરાધનાઓ થતી જોવા મળે છે. માટે જ ઘડાઓને સ્થિર કરવા માટે કાઠાઓ મૂકાય છે.

(૪) શિયાળામાં અને પુષ્કળ ભેજમાં ઘડો સૂકાય નહિ. પાણીનો કાળ પૂર્ણ થઈ ગયા પછી પણ ઘડો ભીનો ભીનો રહે છે. એમાં અપ્કાયની (સચિત્ત થઈ જવા રૂપ) વિરાધના શક્ય છે.

(૫) ઘડાનું અતિ ઠંડુ પાણી સ્વાસ્થ્ય માટે પણ પ્રતિકૂળ છે.

એટલે પ્રથમ નંબરમાં તો તુંબડું જ વાપરવું. એનું મોઢું મોટું હોય, નીચેથી સ્થિર હોય અને એમાં જીવદયા ખૂબ સારી રીતે પાળી શકાતી હોવાથી લગભગ કોઈ દોષ ન રહે. તુંબડું ન ફાવે તો પછી બીજા નંબરમાં લાકડાના લોટ વાપરી શકાય.

પણ આ બે સાધનો વાપરવામાં મુશ્કેલી એ પડે છે કે એમાં પાણી ઠંડુ ન થાય. હજી શિયાળામાં તો ચાલી રહે. પણ ભરઉનાળામાં આ બે સાધનોના નવાયા પાણી વાપરવા સંયમીઓ માટે દુષ્કર થઈ ગયા છે. રે ! ઉનાળામાં તો અઠવાડિયે - અઠવાડિયે રીઢા થયેલા ઘડાઓ કાઢી નાંખી નવા-નવા ઘડાઓ સંયમીઓ લેતા હોય છે. તો પછી આ લોટ કે તુંબડું તો શી રીતે ચાલશે ?

એટલે હવે જો ઘડા વાપરવાના જ હોય તો પછી આટલો નિયમ ધારણ કરવો કે આ ઘડા કોઈક ડીસમાં, નાનકડી પરાત વગેરેમાં મૂકવા. સીધા જમીન ઉપર ન મૂકવા. માટીના ઘડાઓમાંથી લગભગ પાણી ઝરતું હોય છે. એટલે જો જમીન ઉપર ઘડો મૂકો તો એ ઝરતું પાણી આજુબાજુ ફેલાય. કીડી વગેરે એની ઠંડકથી ખેંચાતી અને પછી એમાં જ ડુબી મરતી પણ દેખાઈ છે.

વળી જમીન ઉપર પડેલા ઘડામાંથી કોઈક સંયમી પાત્રીમાં પાણી લે ત્યારે લગભગ થોડું-ઘણું પાણી જમીન ઉપર ઢોળાતું જ હોય છે. અને એ પાણી નાના જંતુઓ માટે મોટા પૂરનો ભાગ ભજવતું હોય છે.

એટલે ઘડો પરાતાદિમાં જ મૂકવો. જેથી પાણી ઢોળાય તો પણ એ પરાતમાં જ ઢોળાય. (એ ય જો કે ખોટું છે, છતાં એમાં ઓછો દોષ છે.)

એકવાર પાટ વગેરે ઉંચા સ્થાન ઉપર ઘડો મૂકીએ તો પણ ચાલે.

બીજી વાત એ કે ધારો કે ઘડો જમીન ઉપર જ પડ્યો છે અને એમાંથી પાણી લેવું છે તો સામાન્યથી સંયમીઓ ઘડાને નમાવીને પાત્રીમાં પાણી લેતા હોય છે. પણ આ યોગ્ય નથી. ઉનાળા વગેરે કાળમાં કીડી વગેરે જીવો ઠંડક માટે એ ઘડાની બરાબર નીચે આવીને રહ્યા હોય છે. સંયમી જેવો ઘડો નમાવે કે તરત જ એ નીચે રહેલા જીવો ઉપર ઘડાનું જોરદાર વજન આવે અને એ મરી જાય. ઘણીવાર ઘડાના તળીયા ઉપર જંતુઓના કલેવરો જોવા મળે છે.

જો મોઢાના ભાગથી ઘડો ઊંચો ઉંચકી લઈએ અને પછી ઘડાના તળીયા ઉપર નજર કરી લઈએ તો ઉપરની વિરાધના ન થાય. જો તળીયે જીવો દેખાય તો ઓઘા વગેરેથી પુંજી લઈને પછી એ ઘડો નીચો મૂકીને પછી પાણી લઈ શકાય.

એટલે (૧) શક્ય હોય તો ઘડાનો ત્યાગ કરી તુંબડું કે લોટ સ્વીકારવો. (૨) એ શક્ય ન હોય

તો ભરેલો ઘડો સીધો જમીન ઉપર મુકવાનો બંધ કરવો. (૩) અને જ્યારે જમીન પરના ઘડામાંથી પાણી લેવું પડે ત્યારે એ ઘડો સીધો નમાવવાને બદલે ઉંચો ઉંચકી લઈ, નીચે જોઈ જીવો દૂર કરી પછી પાણી લેવાનું રાખવું.

આ બધું સૂક્ષ્મ સંયમ પાળવામાં જો કંટાળો આવે તો સમજી લેવું કે હજી મોક્ષ સહેલો થયો નથી.

ખરેખર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીએ સાચું જ કહ્યું છે **'यतिधर्मोऽतिदुष्करः'**

એક ધ્યાન દેવા જેવી બાબત એ કે ઠંડા પાણી માટે સંયમીઓમાં મોટા પ્રમાણમાં વપરાતા અમદાવાદી ઘડાઓ લગભગ આધાકર્મી છે. એ ઘડાઓ બનાવનારે જ મને કહ્યું છે "સાહેબ ! અમે તો આવા પાતળા ઘડા બનાવતા જ નથી. અમે જાડા ઘડા જ બનાવીએ, કેમકે જાડા ઘડા બનાવવામાં તુટે ઓછા, પાતળા ઘડા બનાવવામાં ઘણા તુટે. પણ બધા મહારાજ સાહેબો પાતળા ઘડા જ લે છે. એટલે સંઘોવાળા પણ લગભગ એ જ ઘડા મંગાવે છે."

જો આ વાત સાચી હોય અને અમદાવાદી ઘડા આધાકર્મી હોય તો એ ઘડાઓ અગ્નિમાં પકાવવામાં, એ ઘડાની માટી ખુંદવામાં, એમાં કાચા પાણીનો વપરાશ કરવામાં જે બધી વિરાધનાઓ થાય એ બધાયની અનુમોદનાનો દોષ અમદાવાદી ઘડા વાપરનારા સંયમીઓને લાગે. એ ભાઈનું કહેવું હતું કે,"ગૃહસ્થો ફુટી જવાના ભયથી પાતળા ઘડાઓ લગભગ વાપરતા નથી."

<u>૪૦. હું ૫૦ કે તેથી વધારે માણસોના રસોડામાંથી મીષ્ટાન્ન + ફરસાણ નહિ વાપરું :</u>

જ્યાં ઘણા માણસો એક સાથે ભેગા થઈને જમે તે **સંખડિ** કહેવાય છે. શાસ્ત્રોમાં સંખડિની ગોચરી વાપરવાનો નિષેધ છે. આચારાંગસુત્રકાર તો એટલે સુધી કહે છે કે [૩૨]"સંખડિમાં તો ગોચરી વહોરવા ન જ જવું. પણ જે દિશામાં સંખડિ હોય એ દિશામાં પણ ગોચરી વહોરવા ન જવું. જો સંયમીને ખબર પડે કે પૂર્વદિશામાં મોટો જમણવાર છે તો સંયમી પૂર્વદિશા જ છોડી દે. પશ્ચિમમાં જ વહોરવા જતો રહે."

(૧) સંખડિમાં સારી સારી આસક્તિકારક વસ્તુઓ મળે, પુષ્કળ પ્રમાણમાં મળે. એ વાપરવામાં પુષ્કળ રાગ થાય એમાં જો આયુષ્યકર્મનો બંધ પડે તો તિર્યંચ-આયુષ્ય પણ બંધાઈ જાય. સાધુપણું ખાવાના પાપે નિષ્ફળ જાય.

(૨) સંખડિમાં વધારે પ્રમાણ મળવાથી જો સંયમી ખૂબ વધારે વાપરે, તો એ પચે નહિ, અપચો થાય, રોગો ઉત્પન્ન થાય. પછી દવાઓ શરૂ થાય. આખી જિંદગી દવાના ચક્કરમાં સંયમી ફસાય. અનુભવી સંયમીઓ એમ કહે છે કે,"અત્યારે સંયમીઓમાં માંદગીનું પ્રમાણ પુષ્કળ પ્રમાણમાં વધ્યું છે. લગભગ બધા સંયમીઓ પાસે વૈદ્ય કે ડોક્ટરની દવાના ઝોળીઆઓ જોવા મળે છે. આના બે કારણ છે. (અ) આસક્તિ વગેરેને લીધે વધારે પ્રમાણમાં વાપરવું તે (બ) આસક્તિ વગેરેને કારણે શરીરને પ્રતિકુળ વસ્તુઓ પણ વાપરવી તે.

(૩) સંખડિમાં પાત્રાઓ ભરવા માટે ટેવાયેલો સંયમી પછી ઘરોમાં દીર્ઘકાલીન ગોચરીચર્યા કરવા માટે લાચાર બને છે. સંખડિની જ શોધખોળ કરવાની વૃત્તિ જાગ્રત થાય છે.

આવા અનેક દોષો સંખડિની ગોચરીમાં છે.

આજે એવા કેટલાંક મહાસંયમીઓ છે કે જેઓ ઉપધાન કે સંઘના રસોડામાંથી એક દાણો પણ વહોરતા નથી. ગમે ત્યાંથી નિર્દોષ ગોચરી લાવીને વાપરે છે. શ્રાવકો ખૂબ ખૂબ વિનંતિ કરે તો પણ નમ્રતાપૂર્વક એમને પાછા વાળીને પોતાનો આચાર બરાબર પાળે છે.

પણ આવા આદર્શો કેટલા ?

જો સત્ત્વ ઉછળે તો સૌ પ્રથમ આ જ પ્રતિજ્ઞા કરવી કે, "સંખડિની કોઈપણ વસ્તુ હું નહિ વાપરું." (જો આજુ બાજુમાંથી બીજી ગોચરી મળી શકતી હોય તો.)

પણ એ શક્ય ન હોય તો પછી આ નિયમ લેવો કે "સંખડિમાંથી રોટલી, શાક, દાળ, ભાત વગેરે લેવાય. પણ મીષ્ટાન્ન અને ફરસાણ નહિ લઉં."

આ પણ અઘરું પડે તો ફરસાણની છૂટ રાખી મીષ્ટાન્ન બંધ કરવું.

એટલા માટે પણ મન તૈયાર ન હોય તો પછી 'પ્રવાહી મીષ્ટાન્ન પોણા ચેતનાથી વધારે, મોહનથાળ વગેરે રૂપ મિષ્ટાન્ન ૪ ટુકડાથી વધારે અને શીરો વગેરે રૂપ મિષ્ટાન્ન એક ટોક્સીથી વધારે નહિ વાપરું." એવો નિયમ લેવો.

હજી આનાથી પણ સહેલો નિયમ લઈ શકાય. પણ એ પછી દરેકે દરેક સંયમીઓએ જાતે જ વિચારી લેવું. મારી દૃષ્ટિએ છેલ્લામાં છેલ્લો આ નિયમ તો લેવો જ જોઈએ.

એક સંયમીને કોઈક ધાર્મિક, શ્રીમંત શ્રાવકે જે વાત કરેલી, એ વાત તે સંયમીએ મને કરેલી. જે સાંભળીને ખૂબ જ ખેદ થયો. એ શ્રાવકે એ સંયમીને કહેલું કે "સાહેબ ! આ છ'રી પાલિત સંઘમાં હું રોજ રસોડામાં જઈને સંયમીઓને વહોરાવતો હતો. ખૂબ ભાવ સાથે સુપાત્રદાનનો લાભ લેતો હતો. પણ થોડાક દિવસ બાદ મેં હવે વહોરાવવા જવાનું છોડી દીધું છે. એનું કારણ એ છે કે સંયમીઓ પુષ્કળ પ્રમાણમાં મીઠાઈ ફરસાણ વહોરે છે. પણ રોટલી-પુરી, શાક, ભાત, દાળ તો લગભગ નામ પુરતાં જ વહોરે છે. ૮૦% ગોચરી મીષ્ટાન્નની અને ૨૦% ગોચરી સાદી જોઈને મારા પરિણામો ઘટી ગયા. સાહેબ ! કદાચ તમે એવું કહો કે → સંયમીઓ એકાસણા કરતા હોય, એમાં આ છ'રી પાલિત સંઘમાં રોજના મોટા-મોટા વિહારો થાય એટલે શરીરને ટકાવવા માટે સંયમીઓએ પોષ્ટિક વાપરવું તો પડે જ ને ? એટલે તેઓ રોટલી વગેરે ન વાપરે અને મીષ્ટ વાપરે એમાં ખોટું શું છે ? ← તો તમારી વાત મને માન્ય જ છે. પણ એક વાત પૂછું ? ગુંદરની ઘેંસ, મગની દાળનો શીરો, ચોખ્ખા ઘીનો મોહનથાળ આ બધી સાત્ત્વિક વસ્તુઓ શરીરને વધારે પોષણ આપનારી છે ? કે દૂધ ફાડી નાંખીને બનાવાતી, વૈદ્યોની દૃષ્ટિએ શરીરને પ્રતિકૂળ એવી રસગુલ્લા વગેરે બંગાળી મીઠાઈઓ ?

સંયમીઓ ગુંદરની ઘેંસ વગેરે લગભગ વહોરતા જ નથી. બંગાળી મીઠાઈઓ જ વહોરે છે. હવે મારે શું સમજવું ?"

આ પ્રસંગ સાંભળીને હું ધ્રુજી ઊઠ્યો. આપણી ગોચરી વહોરવાની ક્રિયા કેવી ? કે જેમાં શ્રાવકો અધર્મ પામે, સંયમીઓથી દૂર થાય. સંયમપરિણામો તુટી જાય.

અલબત્ત મોટાભાગના સંયમીઓ આ બાબતમાં અત્યંત સજાગ હશે જ. પણ આવા એકાદ-બે પ્રસંગો પણ ન બને એ જરૂરી છે.

સંખડિમાંથી મોટા પ્રમાણમાં વસ્તુઓ વહોરતી વખતે ક્યારેય સામેવાળા શ્રાવકાદિના મુખ ઉપર દષ્ટિપાત કર્યો છે ખરો ? એના વિચારોમાં આવતા પરિવર્તનને નિહાળ્યું છે ખરું ? શું બીજાને દુર્લભબોધિ બનાવે, સંયમીઓ પ્રત્યે અસદ્ભાવ જન્માવે એવી ગોચરી વહોરવાની પ્રવૃત્તિ ઘોર પાપ બંધાવનારી ન બને ?

આ બધું જાણ્યા પછી પણ જો મન આ પ્રતિજ્ઞા લેવા તૈયાર ન હોય તો એને પરલોકભીતિ, મોક્ષપ્રીતિ શી રીતે માની શકાય ?

છેવટે સૌથી છેલ્લો વિકલ્પ આપ્યો જ છે કે, "એક ટોક્સી, પોણો ચેતનો કે ચાર ટુકડા કરતા વધુ મીષ્ટાન્ન સંખડિમાંથી ન લેવું."

**૪૧. હું રોજ એકાસણું કરીશ. ઉપવાસના પારણે એક દિવસ બેસણું કરીશ :**

દશવૈકાલિક સૂત્રમાં પરમાત્માની આજ્ઞા બતાવી છે કે "સંયમીઓએ રોજ એક જ ટંક વાપરવું. અર્થાત્ એકાસણું કરવું."

ત્યાં **अहो णिच्चं तवोकम्मं** શબ્દ લખીને શાસ્ત્રકારોએ એકાસણાને નિત્ય તપ કહ્યો છે. અને **अहो** શબ્દ દ્વારા અહોભાવ વ્યક્ત કર્યું છે કે અહો ! પ્રભુએ આ કેટલી બધી સુંદર આજ્ઞા ફરમાવી છે. નિત્ય એકાસણા ઘણા દોષોનો ખાત્મો કરનારી બેનમૂન જિનાજ્ઞા છે. (આંબિલ એ પણ એકાસણું જ કહેવાય, કેમકે દિવસમાં એકવાર વાપરવું એ એકાસણું છે. પછી એ ભોજન વિગઈ વિનાનું હોય તો આંબિલ ગણાય..)

ઉપદેશપદકારે તો નિત્યએકાસણાનું રહસ્ય ખૂબ જ અદ્ભુત રીતે દર્શાવ્યું છે. ત્યાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે [૩૩]"શાસ્ત્રકારોએ એકાસણાની પ્રશંસા કરી અને ઉપવાસની પ્રશંસા ન કરી ? આવું શા માટે? આમ તો ઉપવાસ જ શ્રેષ્ઠ તપ ગણાય ને ?"

એની સામે ભગવાન હરિભદ્રસૂરિજીએ ઉત્તર આપ્યો કે ઉપવાસ તો વૈયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે ગુણોનો ઘાત કરનાર તપ છે. જો ઉપવાસ જ કર્યા કરવામાં આવે તો અનંતગુણી નિર્જરા કરાવનારા વૈયાવચ્ચાદિ ગુણો ખલાસ થઈ જાય. લોકમાં એ ઉપવાસ કરનારો ભલે ઘોર તપસ્વી તરીકે પંકાય. પણ તપનું વાસ્તવિક ફળ નિર્જરા તો એને ન જ મળે. જ્યારે જેઓ રોજ એકાસણા કરીને સંયમના સેંકડો યોગોને સુંદર રીતે આરાધે છે તેઓ લોકમાં ભલે તપસ્વી ન કહેવાય પણ એમને ખૂબ-ખૂબ કર્મક્ષયની પ્રાપ્તિ થાય.

એટલે આત્માને વધુ ઉપકારી તરીકે એકાસણાનો તપ છે. માટે શય્યંભવસૂરિજીએ ઉપવાસની પ્રશંસા કરવાને બદલે એકાસણાની પ્રશંસા કરી. (હા, એનો અર્થ એવો નથી કે ઉપવાસ ન જ કરવા. જ્ઞાનપાંચમ, મૌન એકાદશી, ચૌદશ, આઠમ વગેરે તિથિઓએ ઉપવાસ કરવા એ પણ શાસ્ત્રાજ્ઞા જ છે. [૩૪]ટૂંકમાં સ્વાધ્યાય, વૈયાવચ્ચ, સંયમાદિ યોગો બિલકુલ હાનિ ન પામે એ રીતે પ્રવૃત્તિ કરવી એ જ વાસ્તવિક તત્ત્વ છે.)

**એકાસણા કરવાના લાભો :**

(૧) જેઓ નવકારશી કરે તેઓનો 'સવારે દેરાસર જવું, ગોચરી જવું, ગોચરી વાપરવી'

વગેરેમાં જ બધો સમય પસાર થઈ જાય. એટલે સ્વાધ્યાય ઘણો જ ઘટી જાય. એકાસણા કરનારાને પુષ્કળ સ્વાધ્યાય કરવાનો સમય મળે.

(૨) નવકારશીમાં ચાહ લગભગ દોષિત જ હોય છે. સાંજની ગોચરી તો પ્રાયઃ દોષિત જ સમજવી, કેમકે ધારો કે ૭ વાગે સૂર્યાસ્ત થતો હોય તો રાત્રિભોજનત્યાગી શ્રાવકો ૫ સાડા છ વાગે જમવા બેસતા હોય છે. એટલે એમને ત્યાં રસોઈ પણ એટલા વાગે જ તૈયાર થાય. જ્યારે સંયમીઓ તો સાડાપાંચે ગોચરી વહોરવા નીકળી જ જાય. મોડા નીકળે તો સંયમીઓ પહોંચી જ ન વળે. એટલે રાત્રિભોજનત્યાગીઓને ત્યાં પણ જો સૂર્યાસ્ત કરતા દોઢ-બે કલાક પહેલા ગોચરી તૈયાર થઈ જતી હોય તો એમાં સંયમીઓનું લક્ષ્ય આવી જાય છે, માટે એમાં દોષ લાગે જ છે. વળી રાત્રિભોજનના ત્યાગી ગૃહસ્થો કેટલા મળે ? એકાસણામાં આવા કોઈપણ દોષ ન લાગે. સાંજે વાપરનારાઓ તો ઘણીવાર ગૃહસ્થોને સામેથી કહી દેતા હોય છે કે,"આજે તમારે ત્યાં આટલા વાગે વહોરવા આવીશું. રસોઈ તૈયાર રાખવી." હવે આમાં આધાકર્મીનો દોષ સ્પષ્ટ જ છે.

(૩) ત્રણ ટાઈમ વાપરનારાઓની લેશ્યા પણ લગભગ ગોચરી અંગેની થઈ જાય છે. સવાર-બપોર-સાંજની ચિંતા રહે કે "ગોચરી ક્યાં જશું ?...." વગેરે. (હા, દોષિત જ લેવું હોય તેઓને એ ચિંતા (!) ન રહે.) એકાસણા કરનારાઓ તો આખો દિવસ સ્વાધ્યાયાદિમાં તલ્લીન બની જાય.

(૪) શ્રેષ્ઠકક્ષાની જિનાજ્ઞાનું પાલન કરવાનો લાભ મળે.

મારી દૃષ્ટિએ સંયમી ઉપવાસ-બેસણું.... વગેરે કરે એના કરતાં ય રોજ એકાસણા કરે એ શ્રેષ્ઠ છે. મારા ગુરુદેવે છેલ્લા માંદગીના વર્ષો સિવાય કાયમ એકાસણા કર્યા છે. અઠ્ઠાઈના પારણે પણ એકાસણા કરતા.

ગયા વર્ષે એક વિદ્વાન આચાર્ય ભગવંતના ત્રણ સાધુઓએ માસક્ષમણના પારણે પણ એકાસણા ચાલુ રાખ્યા. કોઈપણ મુશ્કેલી વિના અખંડ એકાસણા કરે છે.

મારા એક શિષ્યને છેલ્લા ૧૭ વર્ષથી અખંડ એકાસણા ચાલે છે. એમાં જ ૭૨ ઓળીઓ કરી છે. ઓળીના પારણે પણ એકાસણા છોડ્યા નથી.

૯૫ વર્ષના એક સાધ્વીજી છેલ્લા ૫૫ વર્ષથી અખંડ પુરિમઢ એકાસણા કરે છે.

આવા તો સેંકડો સંયમીઓ આજે પણ એકાસણાનો તપ ખૂબ જ સારી રીતે કરે છે.

શરૂઆતમાં થોડીક તકલીફ પડે, પરંતુ જો બે-ચાર મહિના ગમે તે રીતે એકાસણાનો પ્રયત્ન કરાય તો પછી કોઈ મુશ્કેલી ન પડે.

જે દિવસે ઉપવાસ કરીએ એ પછીના દિવસે એકાસણું કરવાની શક્તિ ન હોય તો બેસણું કરી શકાય.

<u>૪૨. હું એકાસણામાં રોજ ૪/૫/૬/૭ દ્રવ્યથી વધારે નહિ વાપરું. જો બેસણું કે નવકારશી કરું તો દરેક ટંક દીઠ ચારથી વધારે દ્રવ્ય નહિ વાપરું :</u>

એકાસણા કરીએ એટલે બધું જ વાપરવાની છૂટ મળી જતી નથી. શક્ય એટલો દ્રવ્યસંક્ષેપ કરવો જોઈએ. એક આચાર્ય ભગવંત રોજ બે જ દ્રવ્ય રોટલી-દાળ કે રોટલી-દૂધ જ વાપરતા. એમ વર્ષો સુધી

એકાસણા કર્યા. ઘણા સંયમીઓ માત્ર ત્રણ કે ચાર દ્રવ્યના એકાસણા કરનારાઓ છે.

આમાં રોટલી, પુરી, થેપલા, ભાખરી, પરોઠા વગેરે એક જ દ્રવ્ય ગણાય. અડદદાળ, મગની દાળ, તુવેરની દાળ, કઢી વગેરે પણ એક જ દ્રવ્ય ગણાય. જુદા જુદા અનેક પ્રકારના શાક લો તો પણ એક જ દ્રવ્ય ગણાય. બધા બાફેલા ફરસાણો (ઢોકળા પુડલા વગેરે) એક દ્રવ્ય ગણાય. ભાત-ખીચડી એક દ્રવ્ય ગણાય. દૂધ એક દ્રવ્ય ગણાય.

આમાં બધાની જુદી જુદી વિવક્ષાઓ હોય છે. કેટલાંકો બે જુદા જુદા મીષ્ટ હોય તો એને જુદા જુદા દ્રવ્ય ગણે છે. આ બધું બાધા લેતી વખતે મનથી ધારી લેવું. જેટલો ત્યાગ વધે એટલો સારા માટે જ છે.

દૂધ અને રાબ, દૂધ અને ખીર, દૂધ અને દૂધપાક એ બધા જુદા દ્રવ્યો ગણાય. એમ તમામ વસ્તુઓમાં સુપના વ્યવહાર પ્રમાણે જાણીને એ પ્રમાણે આ બાધા લઈ શકાય.

જેઓ એકાસણું ન કરતા હોય તેઓએ દ્રવ્યસંક્ષેપ વધારે કરવો જોઈએ. એટલે તેઓ દરેક ટંક દીઠ ચાર દ્રવ્યની બાધા લઈ શકે. છેવટે જેવો જેનો વીર્યોલ્લાસ !

એકાસણા ન થાય એટલે નવકારશી જ કરવી એ તો યોગ્ય નથી. એકાસણાને બદલે બેસણા થઈ શકે. બેસણા ન થાય તો ય ધારણા-અભિગ્રહ કરીને ત્રણ ટંકનો નિયમ લઈ શકાય. પોરિસીનું પચ્ચક્ખાણ કરી શકાય. કેટલાંક સંયમીઓ છુટ્ટી નવકારશી કરે. ગમે ત્યારે મન થાય ત્યારે વાપરે. દિવસમાં પાંચ-સાત ટંક કરી લે. વાપરતા-વાપરતા પણ ઉભા થઈને આમ તેમ જઈ આવે. નવકારશી હોવાથી પચ્ચક્ખાણભંગ થવાનો નથી. પણ આમાં ઔચિત્ય દેખાતું નથી. જેમ બેસણામાં બે ટંક કરીએ, એમ નવકારશીમાં ત્રણ ટંક કરવા. બાકીના ટંક બંધ કરવા. વાપરતા વાપરતા ઉભા થવું વગેરે પણ બંધ કરી શકાય. આ પણ એક પ્રકારનો વિરતિપરિણામ છે.

છેવટે જેવી જેની જેટલી શારીરિક જરૂરિયાત એ પ્રમાણે એણે નિયમ ધારણ કરવો.

<u>૪૩. હું મહિનામાં પાંચ દિવસથી વધારે વાર મીષ્ટાન્ન નહિ વાપરું :</u>

'જે આવો તે ખપે, બાવો બેઠો જપે.' એ સૂત્ર અજૈન સંન્યાસીઓ માટે છે અને એ પણ મશ્કરી રૂપે છે. જૈન શ્રમણો માટે આ સૂત્ર નથી. સંયમીઓ તો ખૂબ-ખૂબ ત્યાગી હોય.

શાસ્ત્રોમાં વિગઈઓનો ત્યાગ કરવા ઉપર ખૂબ જ ભાર મૂકાયો છે. રે ! નિવીયાતાઓનો પણ ત્યાગ કરવાની ભારપૂર્વક પ્રેરણા પ્રવચનસારોધ્ધાર [૩૭]વગેરે ગ્રંથોમાં કરી છે. 'સંયમીઓ એકાસણા કરનારા હોય છે' એવું જાણવા છતાં મહાપુરુષોએ વિગઈ કે નિવીયાતાનો ભોગ કરવાની બિલકુલ સંમતિ આપી નથી. ના-છૂટકે અપવાદ માર્ગે એ વાપરવાની રજા આપી છે.

એટલે જ 'એકાસણામાં આ બધું વાપરવાની છૂટ' એવું માની ન શકાય.

આજે ય આપણી સામે કેવા આદર્શો છે !

એક સ્વર્ગસ્થ આચાર્યદેવે ૨૬૮ ઓળીઓ કરી. એક બીજા સ્વર્ગસ્થ આચાર્યદેવે ૧૦૮ ઓળીઓ કરી. એક ત્રીજા આચાર્યદેવે તો આંબિલો અને ઉપવાસોનો રેકોર્ડ સર્જ્યો છે. આજે જૈનસંઘમાં

૨૫૦ થી ૩૦૦ મહાત્માઓ ૧૦૦ ઓળી પૂર્ણ કરનારા બનવાની તૈયારીમાં છે.

આવા ઘોર તપસ્વીઓ નજર સામે જ છે, વિશાળ સંખ્યામાં છે એટલે આજે પણ વિગઈ ત્યાગ કરીને મસ્તીથી જીવન જીવી જ શકાય છે.

છતાં બધામાં આવો ઘોરાતિઘોર વૈરાગ્ય ન પ્રગટે તો તેઓ આવી બાધા લઈ શકે કે મહિનામાં પાંચ જ દિવસ મીષ્ટાન્ન વાપરીશ.

વધુમાં વધુ ૭ દિવસની છૂટ રખાય. એથી વધારે છૂટ ન રખાય.

અથવા જો મીષ્ટાન્ન ત્યાગ ન જ કરી શકાય તો પછી આવી બાધા પણ લેવાય કે 'રોજ બે ટુકડાથી વધારે નહિ લઉં.' આવી બાધા લઈએ તો પણ ઘણું બચી જવાય. પુષ્કળ મળતું હોય તો પણ બે ટુકડાથી વધારે નહિ વાપરવાનો નિયમ એ વધારાના મીષ્ટનો ત્યાગ કરાવે.

સંયમીઓ ગમે તે રીતે આ બાધાને સ્વીકારે.

**૪૪. મીષ્ટાન્નની છૂટના દિવસે પણ એક ચેતનો / છ ટુકડા / દોઢ ટોક્સીથી વધારે મીષ્ટ નહિ વાપરૂં :**

જે દિવસે છૂટ હોય એ દિવસે જો અતિ વધારે પ્રમાણમાં મિષ્ટાન્ન વાપરીએ તો પછી અપચો થાય. શરીરમાં શક્તિ ઉત્પન્ન થવાને બદલે માંદગી ઉત્પન્ન થાય. એટલે પ્રમાણ જાળવવું જરૂરી છે.

માંડલીના પાંચ મોટા દોષોમાં 'અધિક પ્રમાણમાં વાપરવું' એ પણ એક દોષ ગણેલો છે. એમાં ય મિષ્ટાન્ન અધિક પ્રમાણમાં વપરાય તો તો નક્કી અપચો વગેરે ઘણા નુકસાન થતા જોવા મળે છે.

એટલે છૂટના દિવસે પણ દૂધપાક વગેરે મિષ્ટ એક ચેતનાથી વધારે નહિ. મોહનથાળ વગેરે મિષ્ટ ૬ ટુકડાથી વધારે નહિ અને શીરો વગેરે મિષ્ટ દોઢ ટોક્સીથી વધારે નહિ. એવો નિયમ લેવો.

આમાં શક્તિ અને વૈરાગ્યની વૃદ્ધિ-હાનિને અનુસારે ઉપરોક્ત પ્રમાણ કરતા ઓછું કે વધારે પ્રમાણ સ્વયં ધારી શકાય.

આ પ્રતિજ્ઞા મહિનાના પાંચ/સાત દિવસની છૂટવાળા સંયમીઓ માટે છે. જેઓને કાયમી છૂટ છે. તેઓએ તો એક / બે ટુકડાથી વધુ મિષ્ટ ન વાપરવાની બાધા લેવી જ ઉચિત છે.

**૪૫. હું મહિનામાં પાંચથી વધારે દિવસ તળેલું નહિ વાપરૂં :**

તેલમાં તળીને જે બનાવવામાં આવે એ ભજીયા, ચેવડો વગેરે તળેલી વસ્તુઓ વૈદ્યોની દૃષ્ટિએ પણ શરીરને અત્યંત નુકશાનકારક છે. મીષ્ટાન્ન તો હજી શરીરને પોષણ આપે. આ તળેલી વસ્તુઓ તો શરીર માટે પણ હાનિકારક ગણી છે.

એટલે ઘણા સંયમીઓ તળેલી વસ્તુઓનો સંપૂર્ણ ત્યાગ કરે છે. છતાં એવી પ્રતિજ્ઞા લેવા મન તૈયાર ન થાય તો પછી મહિનાના પાંચ-સાત દિવસની છૂટવાળી આ બાધા લેવાય. (પૌંઆ, ઉપમા, ઢોકળા વગેરે બાફેલી વસ્તુઓ આ તળેલામાં ન ગણાય. એમ સેકેલા પૌંઆ વગેરે પણ આમાં ન ગણાય.)

અથવા તો આમાં પણ પ્રમાણ નક્કી કરીને એ રીતની બાધા લઈ શકાય.

૪૬. હું કેળા સિવાય કોઈપણ ફળ વાપરીશ નહિ :

શાસ્ત્રોનો આદર્શ તો એ છે કે (૭૬)માત્ર ફળો જ નહિ, જ્યાં ભીંડા-વટાણા-કારેલા-તુરિયા વગેરે લીલા શાકભાજીઓ વપરાતા હોય તેવા સ્થાનમાં પણ સંયમીઓએ ન રહેવું. જ્યાં આવા લીલા શાકભાજીઓ કોઈ વાપરતા નથી એવા સ્થાનોમાં જ સંયમીઓએ રહેવું. (કેટલાંક ગામડાઓમાં ગોચરી જઈએ ત્યારે ખ્યાલ આવે છે કે ત્યાં કોઈ લીલા શાકભાજી વગેરે વપરાતા નથી.)

જો લીલું શાક ખાતા ખાતા રાગ થાય. "આ સ્વાદિષ્ટ છે." એવી આસક્તિ પ્રગટે તો સંયમીને એ શાકભાજીની જે કંઈપણ હિંસા ગૃહસ્થોએ કરેલી હોય તે બધાની અનુમોદનાનું પાપ લાગે.

શાસ્ત્રકારોએ 'લીલા શાકભાજી ન વાપરવા.' એમ કહેવા ઉપરાંત 'લીલા શાકભાજી ખાનારા લોકોના સ્થાનમાં ન રહેવું' એમ પણ કહ્યું છે કેમકે તેઓ જાણે છે કે 'ત્યાં રહ્યા પછી તો લીલા શાકભાજીને જોઈને સંયમીને ઈચ્છા થશે અને એ વાપરશે.' એને બદલે ત્યાં રહે જ નહિ તો પછી ઈચ્છા થવાનો કે વાપરવાનો પ્રશ્ન જ ઉભો ન થાય.

હવે જો લીલા શાકભાજીવાળા સ્થાનમાં રહેવાય પણ નહિ, તો એના કરતા વધારે આસક્તિ કરાવનારા ફળો વગેરેનો વપરાશ જ્યાં હોય ત્યાં શી રીતે રહેવાય ? અને તો પછી એ ફળો વાપરવાનો તો વિચાર પણ શી રીતે કરી શકાય ?

(૭૭)ફળના એક-એક કોળીયે એક-એક લઘુમાસનું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે. ફળનો રસ વાપરો તો એક-એક ઘુંટડે એક-એક લઘુમાસનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે.

માટે જ જ્યારે અપવાદમાર્ગે ફળ કે ફળનો રસ વાપરવો પડે ત્યારે ઓછા કોળીયા અને ઓછા ઘુંટડા કરવાની વિધિ શાસ્ત્રકારોએ (૭૮)બતાવી છે. દા.ત. પાત્રીમાં કેરીનો રસ લીધા પછી મોઢામાં એક ઘુંટડો ઉતાર્યો, પાત્રી મોઢા પાસેથી દૂર કરી. વળી બીજો ઘુંટડો ઉતાર્યો, પાછી પાત્રી દૂર કરી... તો ઘુંટડા દીઠ ઉપવાસ આવે. પણ પાત્રી દૂર કર્યા વિના એકી સાથે બધો રસ વાપરી લે તો એ એક જ ઘુંટડો ગણાય અને એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે.

એક સાથે બધો રસ વાપરી જવામાં વધુ રસાસ્વાદ ન માણી શકાય અને પરિણામે રાગ ઓછો થાય એટલે પ્રાયશ્ચિત્ત ઓછું આવે. પણ ઘુંટડે-ઘુંટડે ધીમે ધીમે વાપરવામાં પુષ્કળ રાગ થાય, પુષ્કળ કર્મબંધ થાય એટલે પ્રાયશ્ચિત્ત વધારે આવે.

આ વાત ખરેખર તો ફળ, મીષ્ટાન્ન વગેરે બધામાં સમજવાની છે. જેટલા ઓછા કોળીયા વાપરો એટલું પ્રાયશ્ચિત્ત ઓછું આવે.

શાસ્ત્રકારો ફરમાવે છે કે (૭૯)જ્યાં બધા લોકો માત્ર ફળ જ વાપરતા હોય એવા સ્થાનમાં ગાઢ કારણસર રોકાઈ જવું પડે તો ત્યાં ઉપવાસો કરવા. પણ ફળ ન વાપરવા. ૧૮૦ ઉપવાસ થઈ જાય તો ય ફળ ન વાપરવા.

આવા અનેક નિરૂપણો જોયા પછી એમ જ કહેવાનું મન થાય કે પ્રત્યેક સંયમી તમામે તમામ ફળો સંપૂર્ણપણે છોડી દે. એમાં કોઈ જ છૂટ ન રાખે.

પણ કળિકાળને, જીવોના પરિણામોની વિચિત્રતાઓને નજર સામે રાખ્યા વિના છૂટકો નથી. તો

હવે માત્ર કદલી-કેળાની છૂટ રાખી બાકીના તમામ ફળોનો સંપૂર્ણ ત્યાગ કરી દેવાનો નિયમ અપાય.

કદલીમાં કે કદલી સિવાયના બાકીના ફળો ખાવામાં આજ્ઞાભંગ, આસક્તિ વગેરે દોષો તો છે જ. પણ કદલી સિવાયના ફળોમાં એનાથી ય વધુ નુકસાન એ છે કે કદલી માટે ૪૮ મિનિટ પછી વાપરવાનો નિયમ નથી. કદલી તો છાલ ઉતારીને તરત વાપરી શકાય છે. જ્યારે પ્રાયઃ બાકીના તમામ ફળો સમાર્યા બાદ ૪૮ મિનિટ પછી જ વાપરી શકાય છે.

એટલે જ બાકીના ફળોમાં આધાકર્માદિ દોષો લાગવાની શક્યતા ઘણી છે. આજે શ્રાવક-શ્રાવિકાઓ એકાસણા-બેસણા વગેરે તપ સિવાય તો ફળોને સમારી સમારીને ત્યારે જ વાપરી લેતા હોય છે. ૪૮ મિનિટ પછી ફળભોજન તો એકાસણાદિ તપ સિવાય પ્રાયઃ કોઈપણ શ્રાવકો વગેરે નથી કરતા. અને એકાસણાદિ તપ કરનારા શ્રાવકો તો કેટલા ?

જે તપ કરતા હોય છે, તેઓ પાછા મોટા ભાગે તિથિઓના દિવસે કરે. અને એ દિવસે તો લીલોતરી વપરાય નહિ.

તિથિ સિવાય પણ તપ કરનારાઓ અત્યંત ધાર્મિક હોય છે અને તેથી તેઓ પોતાના માટે ફળાદિ સમારે ત્યારે સંયમીઓના માટે વધારે સમારી દે, સંયમીઓનો પણ ઉદ્દેશ રાખીને સમારી દે... આ બધી શક્યતાઓ ઘણી છે. એટલે એમાં આધાકર્મી - મિશ્ર વગેરે દોષોની શક્યતા ઘણી જ રહે છે.

તપ કરનારા એક -બે શ્રાવિકાઓને કેટલું ફળ વાપરવા જોઈએ ? અને છતાં જો પ્રમાણ વધારે દેખાય તો એ સમજી જ શકાય છે કે કંઈક ગરબડ છે. દોષોનો ભય હોય તો આવી શંકાસ્પદ વસ્તુઓથી સંયમી બારકોશ દૂર જ ભાગે.

માટે ફળોનો ત્યાગ આવશ્યક છે. આસક્તિ ત્યાગ માટે, સંયમરક્ષા માટે.

બીજા બધા ફળો તો લગભગ સંયમીઓ ઓછા જ વાપરે છે, કે નથી જ વાપરતા. પણ કેરીનો રસ વાપરવાનો પ્રસંગ ઘણીવાર આવે.

"કેરીનો રસ નિર્દોષ હોય કે દોષિત ?" એ માટે નીચેના મુદ્દાઓ વિચારવા.

(૧) કેરી ખૂબ જ મોઘું ફળ છે. એક કેરી ઓછામાં ઓછી ૮-૧૦ રૂપિયાની હોય. એટલે સામાન્યવર્ગ કે મધ્યમવર્ગને આ કેરીનો રસ લગભગ ન જ પરવડે. એટલે એમના ઘરે જો હોંશે હોંશે કેરીના રસની વિનંતિ થાય તો એ તે ગૃહસ્થોના ભક્તિભાવનો પ્રભાવ સમજવો. અર્થાત ભક્તિ માટે તેઓએ આધાકર્મી રસ કાઢ્યો હોવાની શક્યતા ઘણી વધે છે.

(૨) કેરીનો રસ જો બહાર પડ્યો રહે તો એ બગડી જાય. એનો સ્વાદ ખરાબ થઈ જાય. એ વાયુકારક બને. આવા અનેક કારણોસર કેરીનો રસ કાઢી કાઢીને તરત જ વપરાય છે. અથવા ફ્રીજમાં જ રાખવામાં આવે છે.

કેરીનો રસ કાઢ્યા પછી, ફ્રીજની બહાર ૪૮ મિનિટ સુધી રાખ્યા પછી જ વાપરનારા શ્રાવકો-શ્રાવિકાઓ કેટલા ? જે દિવસે સંયમી ઘરે વહોરવા આવવાનો હોય જો એ જ દિવસે તેઓ કેરીનો રસ બહાર રાખતા હોય, એ સિવાય રોજ ફ્રીજમાં જ રાખતા હોય. તો એમાં ગોચરીના અનેક દોષો ચોખ્ખા લાગે છે.

(૩) ઉનાળામાં ગોચરી વહોરવા નીકળેલા સંયમીને એક ચેતનો પયસ વહોરવાનું હતું. શ્રાવિકાઓએ બધી વિનંતિ કરી પણ દૂધની કે કેરીના રસની ન કરી... સંયમી પૂછતો જ ગયો કે બીજું શું છે ? બીજું શું છે ?... અને છેવટે શ્રાવિકાએ જવાબ આપ્યો કે "સાહેબ ! કેરીનો રસ ફ્રીજમાં છે." સંયમી સમજી ગયો કે, "આ શ્રાવિકા એમ સમજે છે કે મહારાજ સાહેબ કેરીના રસ માટે ફરી રહ્યા છે." આવી ખરાબ છાપ ભૂંસવા માટે સ્પષ્ટતા કરવી પડી કે, "મારે દૂધનો ખપ છે, કેરીના રસનો નહિ."

ઘણા ઘરોમાં શ્રાવિકાઓ બીજી બધી વસ્તુઓ વહોરાવ્યા પછી ખુલાસા કરે છે કે, "રસ ફ્રીજમાં છે." ત્યારે આઘાત લાગે કે, "શ્રાવિકાઓના મનમાં સંયમીઓ માટે આવા ભાવ છે કે તેઓને ઉનાળામાં કેરીનો રસ જોઈએ જ."

આ વાત શું વિચારણીય નથી ?

એટલે જ કદલી સિવાયના તમામ ફળો ત્યાગી દેવાય તો ખૂબ સરસ ! છતાં છેવટે કદલી+કેરી સિવાયના બધા ફળોનો ત્યાગ કરાય.

૫૫ વર્ષના વિશાળ દીક્ષાપર્યાયમાં કેરીનો સ્વાદ સુદ્ધાં ન ચાખ્યો હોય એવા પણ મહાત્માઓ નજીકના જ કાળમાં થઈ ગયા છે. વર્તમાનમાં પણ આખી જિંદગી માટે કેરીના ત્યાગવાળા સેંકડો મહાત્માઓ હશે એવું મને લાગે છે.

કદલીમાં પણ એક વાત ધ્યાનમાં લેવી કે જો આપણને વહોરાવવા માટે કદલીની આખી છાલ ઉતારે તો એ છાલ તેઓ કચરામાં નાંખે. સંયમી નિમિત્તે જ આ છાલ ઉતારાઈ અને કચરામાં નંખાઈ એટલે ત્યાં પછી એના દ્વારા જે જીવવિરાધના થાય એનો દોષ સંયમીને પણ લાગે. એટલે દરેક કેળાની અડધી જ છાલ ઉતારવા દેવી અને પછી એક-એક કેળામાંથી અડધું કેળું વહોરવું. વધેલું અડધું કેળું (છાલ સાથેનું) એ ગૃહસ્થો પાસે જ રહેશે. એ અડધું કેળું જ્યારે તેઓ ખાવાના હશે, ત્યારે પોતાના નિમિત્તે છાલ ઉતારીને કચરામાં નાંખશે એટલે એ વિરાધના એમના નિમિત્તે થશે. સંયમી નિમિત્તે નહિ. એટલે એ દોષ સંયમીને ન લાગે.

આ પ્રમાણે અમારા સમુદાયની મર્યાદા છે. દરેક સંયમીએ પોતપોતાના સમુદાયની મર્યાદાઓ જાણીને એ પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

<u>૪૭. હું ખજુર અને બદામ સિવાય કોઈપણ પ્રકારનો મેવો વાપરીશ નહિ :</u>

ખજુર, બદામ, દ્રાક્ષ, અખરોટ, જરદાળુ, પીસ્તા, કાજુ વગેરે મેવો આસક્તિપોષક છે એતો પ્રસિદ્ધ વાત છે. ગૃહસ્થો આ બધી વસ્તુઓ શરીરમાં પુષ્કળ શક્તિ વધારવા માટે વાપરતા હોય છે. સંયમીઓ માટે સંયમને અનુલક્ષીને વિચારીએ તો આ વસ્તુઓ ઉપયોગી નથી.

છતાં વર્તમાનકાળમાં શારીરિક નબળાઈ વગેરેને કારણે વાપરવું પડે તો માત્ર ખજુર અને બદામ આ બે વસ્તુની છૂટ રાખી બાકીનો તમામ મેવો ત્યાગી શકાય. બદામ મગજ માટે અને ખજુર પાચનશક્તિ વગેરે માટે અનુકૂળ ગણાય છે.

અંજીર અભક્ષ્ય હોવાથી એનો વપરાશ પ્રાયઃ કોઈપણ સંયમીઓ કરતા નથી. દ્રાક્ષ અભક્ષ્ય ન હોવા છતાં અતિ-આસક્તિનું કારણ લાગવાથી પૂ.પાદ દાનસૂરીશ્વરજી મ.સાહેબે પોતાના સમુદાયમાં

એનો વપરાશ બંધ કરાવ્યો હતો.

કાજુ તો કોઈપણ ભોગે ન જ વપરાય એ સારું છે, કેમકે "એ ખરાબ વિચારોના ઉત્પાદક છે" એમ મહાપુરુષો કહી ગયા છે. કાજુકતરીમાં એ નિવીયાતું બની જવાથી કાજુની વિકારતા ઘણી ઘટી જાય છે.

**૪૮. હું કાચો ગોળ, કાજુ અને અડદની વસ્તુઓ નહિ વાપરીશ :**

યોગી પુરુષ ભદ્રંકર વિજય પંન્યાસજી મ. સાહેબ કહેતા હતા કે "આ ત્રણ વસ્તુઓ અત્યંત ખરાબ છે. આ વસ્તુઓ ન જ વાપરવી જોઈએ."

કેટલાંક સંયમીઓને ગોચરીમાં ગોળ વાપરવાની ટેવ હોય છે. શિયાળામાં કેટલાંક સંયમીઓ કાજુ વાપરતા હોય છે. અને આંબિલો કરનારા કેટલાક સંયમીઓને આંબિલની અડદની દાળ ખૂબ જ ભાવતી હોય છે. એ ઉપરાંત અડદના ઢોકળા, અડદીયાપાક વગેરે અડદની વસ્તુઓ પણ વાપરતા હોય છે. યોગીપુરુષ તો કહેતા કે આટલી વસ્તુઓનો બધાએ સદંતર ત્યાગ કરવો જોઈએ.

અહીં બાધાનો ભાવાર્થ આ પ્રમાણે છે કે ગોળનું પાણી, ગોળની બનેલી વસ્તુઓનો નિષેધ નથી. પણ કાચા ગોળનો નિષેધ છે. અને એ પણ રોજીંદા વપરાશમાં, જૈનોની વસતિવાળા સ્થાનોમાં વાપરવાનો નિષેધ છે. ગામડાઓમાં અજૈનોની ગોચરી વાપરવાનો પ્રસંગ આવે ત્યારે દાળ-શાકાદિ ન મળવાથી ગોળ-રોટલી, ગોળ-રોટલાથી જ ચલાવવું પડે. એ વખતે નિર્દોષ ગોળ પ્રમાણસર વાપરવાનો નિષેધ નથી. ટુંકમાં નિર્દોષ ગોચરી માટે ગોળ વાપરવો આવશ્યક હોય તો એની ના નથી. પણ એ સિવાય ગોળ વાપરવાનો નિષેધ છે.

એમ ચોખ્ખા કાજુની જ આ બાધા સમજવી. કાજુની બનેલી વસ્તુઓનો આમાં નિષેધ નથી.

અડદની દાળ ક્યારેક વાપરવાનો નિષેધ નથી. મોટા રસોડામાં ક્યારેક અડદની દાળ જ બનાવેલી હોય તો એ જ વાપરવી પડે. એટલે એની ના નથી. પણ મોટી ઓળી કરનારાઓ રોજેરોજ આંબિલ ખાતાની અડદની દાળ જ વાપરે એ યોગ્ય નથી. માટે એની બાધા સમજવી. એ જ વાત અડદના ઢોકળા વગેરે માટે સમજવી.

છતાં સંયમીઓ પોત-પોતાની વિવક્ષા પ્રમાણે છૂટ રાખી-ન રાખીને બાધાઓ લઈ શકે છે.

**૪૯. હું વાપર્યા પછી પાત્રાઓ-તરપણીઓ ત્રણવાર પાણીથી ધોઈશ. એક-બે વાર નહિ :**

ગચ્છાચારમાં કહ્યું છે કે [૪૦]લુખા ખાખરા, લુખા ચણા જેવી અલેપકૃત વસ્તુઓ વાપરી હોય તો એ પાત્રા ત્રણ પાણીથી ધોવા. અલ્પલેપવાળી વસ્તુઓ વાપરી હોય. (આંબિલની દાળ વગેરે) તો એ પાત્રા પાંચ વાર ધોવાના. અને દૂધ-ઘી, તેલ વગેરે વિગઈઓ કે વિગઈઓવાળા પદાર્થો વાપર્યા હોય તો એ પાત્રા સાતવાર ધોવા. (ઘી ચોપડેલી રોટલી, ઘી કે તેલના વઘારવાળું શાક વગેરે બધું આમાં સમજી લેવું.)

આજે મોટાભાગે આપણી ગોચરી અલ્પલેપકૃત કે બહુલેપકૃત હોય છે. એકાસણા-બેસણાદિ કરનારાઓએ તો વિગઈનો વપરાશ હોવાથી સાત પાણીથી પાત્રા ધોવા પડે.

જો પાત્રાઓ બરાબર ન ધોવાય તો એ ખોરાકની ગંધ એમાં રહી જાય. એ ગંધને કારણે ઉનાળા વગેરેમાં તથા એ સિવાય પણ કીડી વગેરે જીવો ખેંચાય, એમાં ચોંટે. આમા પાત્રાઓ જીવોથી વ્યાપ્ત

બને. અને પછી સંયમી લેશપણ પ્રમાદ કરે તો એ બધા જીવોની વિરાધના થાય. આવું ઘણીવાર જોવામાં આવ્યું છે કે ગંધવાળા પાત્રા-તરપણી વગેરે ઉપર જીવો આવી જાય છે અને આપણા પ્રમાદાદિથી એની વિરાધના થાય છે.

જેમાં દાળ લાવી હોય એ તરપણીમાં પીવાનું પાણી ભર્યા પછી એક કલાક બાદ જો એ પાણી વાપરશો તો એ પાણી તીખું લાગશે. ઘુંટડો ગળતી વખતે ગળામાં બળતરા થશે. આનો અર્થ જ એ કે તરપણી ધોઈ હોવા છતાં એમાં મરચા વગેરેના અવયવો રહી જ ગયા હતા માટે જ પાણી તીખું બની ગયું. એટલે શાસ્ત્રકારોની વાત એકદમ વ્યાજબી છે.

કેટલાંકો તો એક કે બે પાણીથી જ પાત્રા ધોઈને લુણાથી લુંછી લેતા હોય છે. એ જ્યારે લુણાથી પાત્રા લુંછે ત્યારે પાત્રા ઉપર દાળ-શાકના અવયવો ચોખ્ખા દેખાતા પણ હોય છે. છતાં લુણાથી લુંછીને પાત્રા મૂકી દે. આવા પાત્રા ચીકાશવાળા રહી જાય. અને એ લુણાઓ પણ દાળ-શાકના ડાઘાવાળા, તેલ-ઘીની ચીકાશવાળા બને. પછી એ લુણા ધોવા માટે પુષ્કળ સાબુ-સર્ફ-પાણીનો ઉપયોગ કરવો પડે. પાત્રા બરાબર ન ધોવાના કારણે પાછળ કેટલી બધી વિરાધનાઓ થાય ?

શાસ્ત્રીયવિધિ વિચારીએ તો (જ)સંયમી બધુ વાપરી લીધા બાદ ત્રણ કોળીયા દ્વારા તથા આંગળી વડે ઘસી-ઘસીને પાત્રામાં ચોંટેલા બધા જ ખોરાકના અવયવો કાઢીને વાપરી લે. એટલે પ્રથમ તો પાણી વિના જ એ પાત્રુ ચોખ્ખું થઈ જાય. એક મહાત્મા તો પોતે ગોચરી વાપર્યા બાદ વગર પાણીએ એ પાત્રુ એટલું ચોખ્ખું કરી લે કે, "જોનારાને સામાન્યથી અંદાજ પણ ન આવે કે આ પાત્રું એંઠું છે. ગોચરી વાપરેલું છે."

આવું પાત્રુ કર્યા બાદ ત્રણ પાણીથી ધોવામાં આવે એટલે એમાં ગંધ સુદ્ધાં પણ પ્રાયઃ ન રહે. એટલે પછી જીવોની વિરાધના થવા વગેરે રૂપ કોઈપણ ભય રહેતો નથી. એ પાત્રા એવા તો ચોખ્ખા હોય કે જેમ પાણી વાપર્યા બાદ લુણાથી એ પાત્રુ લુંછીએ, તો એ લુણા ધોવાની જરૂર નથી પડતી. એમ આ ગોચરી વાપરેલા પાત્રા લુંછ્યા પછી પણ એ લુણા ધોવાની જરૂર જ ન પડે. સર્ફ-સાબુ-પાણી વગેરે વાપરવા જ ન પડે. વધુમાં વધુ એક પાણીમાં કાઢી લઈએ તો પણ ચાલે.

પણ આ ત્યારે જ શક્ય બને જો પાણીથી પાત્રા ધોતા પહેલા જ બરાબર એ પાત્રુ આંગળી દ્વારા જ સ્વચ્છ કરી લેવામાં આવે.

માત્ર એક કે બે પાણીથી પાત્રા ધોઈને લુંછી નાંખવા એ તો સંયમને હાનિકારક છે. કમ સે કમ ત્રણ પાણીથી પાત્રા ધોવા જ પડે.

ઘી વગેરે ચીકાશવાળી વસ્તુઓની ચીકાશ જો ન નીકળે તો ગરમ પાણી, ગરમ દાળ વગેરેથી ઘસવાથી એ બધી ચીકાસ નીકળી જાય. કોરા ભાત ઘસવાથી પણ એ ચીકાશ નિકાળી શકાય.

ત્રણવાર પાણીથી ધોયા પછી પણ જો ચીકાશ લાગે તો ચોથી-પાંચમી વાર પણ પાણીથી ધોવા જરૂરી છે. ટૂંકમાં પાત્રાઓમાં ચીકાસ કે ગંધ ન રહી જાય એ અત્યંત આવશ્યક છે.

**૫૦. હું એંઠા થયેલા લીલા મરચા, પાંદડા, કોકમ વગેરે જો વાપરી ન શકું તો એને જાતે જ રેતીમાં-રાખમાં ઘસી-ઘસીને પરઠવીશ. ગમે ત્યાં નાંખી નહિ દઉં કે માંડલીમાં મૂકીને નહિ જાઉં :**

શાસ્ત્રકારો કહે છે કે : "**सुगंधं वा दुगंधं वा सव्वं भुंजे न छड्डए**" ગોચરીમાં આવેલી

વસ્તુઓ સુગંધી હોય કે દુર્ગંધી હોય. ઉપલક્ષણથી સ્વાદિષ્ટ હોય કે સ્વાદ વિનાની હોય. સારા દેખાવવાળી હોય કે વિચિત્ર લાગતી હોય, બધી વસ્તુ વાપરી જવી. કોઈપણ વસ્તુ પરઠવવી નહિ.

એટલે દાળ-શાકમાં આવતા મરચા, પાંદડાં, કોકમ વગેરે વાપરી જ જવા જોઈએ. એને પરઠવવા નહિ. પણ મરચાં તીખાં લાગવાના કારણે વાપરી ન પણ શકાય. પાંદડા કે આંબોળિયા પણ કો'ક સંયમી વાપરી શકતો ન હોય, અરુચિ થતી હોય અને માટે આ વસ્તુઓ પરઠવવી જ પડે, તો ગોચરી વાપર્યા બાદ એ વસ્તુઓ જાતે લઈ જઈ રાખ-રેતીમાં બરાબર ઘસી લેવી કે જેથી એની ગંધથી ત્રસજીવો ન આવે અને વિરાધના ન થાય.

એક સંયમી તો આવા મરચા વગેરેને સીધા જ બારીમાંથી બહાર પતરા ઉપર ફેંકી દેતો, ક્યારેક કચરાની ડોલમાં નાંખી આવતો. આ બધું ઘૃણાસ્પદ છે.

એંઠા થયેલા એ મરચા વગેરે ત્યાં જ મૂકી રાખીએ તો કાજો કાઢનારો સંયમી ઘણીવાર મોડો પણ કાજો કાઢે. એમાં જો ૪૮ મિનિટ થઈ જાય તો મરચા વગેરેમાં સમૂર્ચ્છિમની ઉત્પત્તિ થવાથી પુષ્કળ વિરાધનાનો દોષ સંયમીને લાગે.

એટલે સૌ પ્રથમ તો આ બધી વસ્તુઓ વાપરી જ જવાની ટેવ રાખવી. છેવટે ન જ વપરાય તો બીજા વિકલ્પમાં જાતે જ આ બધી વસ્તુઓ સંમૂર્ચ્છિમ થાય એ પહેલા બરાબર પરઠવી દેવાની કાળજી કરવી.

**૫૧. હું કોઈના પણ એંઠા પાતરામાં કોઈપણ વસ્તુ નાંખીશ નહિ :**

કેટલાંક સંયમીઓ બીજાઓની ભક્તિ કરવા માટે એમના એંઠા પાતરામાં વસ્તુ નાંખી દેતા હોય છે. એમાં એમનો ભાવ સારો હોવા છતાં કેટલીકવાર આમાં ઝઘડાઓ થતા હોય છે. (૧) એ સંયમીને ગોચરી વધી પડેલી હોય, માંડ માંડ વાપરતો હોય એમાં જો બીજો સંયમી એના પાત્રામાં વસ્તુ નાંખી દે એટલે પેલો સંયમી ગુસ્સે થાય. જેમ તેમ બોલે. કદાચ એ વસ્તુ પરઠવી પણ દે. (૨) સંયમીએ જે વસ્તુ બીજાના એંઠા પાત્રામાં નાંખી હોય. એ વસ્તુની તે બીજા સંયમીને બાધા હોય. કદાચ દ્રવ્યસંખ્યા થઈ ગઈ હોય. એટલે એને તો બાધા તુટવાથી દુઃખ થાય, ઝઘડો પણ કરી બેસે. બીજાની પ્રતિજ્ઞાનો ભંગ કરાવવામાં આપણને પણ મોહનીયકર્મ બંધાય.

આવા અનેક કારણોસર સારામાં સારી વસ્તુ પણ, ભક્તિભાવથી પણ કોઈના એંઠા પાત્રામાં ન નાંખવી.

કેટલાંકો પોતાની વધી પડેલી વસ્તુ ખપાવવા માટે બીજાના એંઠા પાત્રામાં નાંખતા હોય છે. એમાં તો વધુ મુશ્કેલી થાય. એક સંયમીએ ગુસ્સે થઈને આવી એંઠી કરાવેલી વસ્તુને જુદા પાત્રામાં કાઢી જોરથી એ પાત્રુ ઘસડીને દૂર ફેંકી દીધું. આમાં પરસ્પર કેટલો બધો સંક્લેશ વધે ?

કોઈક સંયમી માટે કોઈક વસ્તુ સારી હોવા છતાં પણ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પ્રતિકૂળ હોય. એ માટે પણ એને આવી એંઠી કરાવેલી વસ્તુ ન ગમે.

એટલે ભક્તિભાવથી કે વધેલું ખપાવવાના ઉદ્દેશથી કોઈપણ રીતે કોઈના પણ પાત્રામાં વસ્તુ એંઠી ન કરવી. એને ચોખ્ખા પાત્રામાં જ આપવી. સંયમી રજા આપે તો એંઠા પાતરામાં નાંખી શકાય.

બધા સંયમીઓ વાપરતી વખતે પોતાની પાસે એક ચોખ્ખું પાત્રુ રાખે તો પ્રાયઃ વાંધો ન આવે.

**૫૨. હું માંડલીમાં આવેલી વસ્તુ મારી જાતે વાપરવા નહિ લઉં. પણ વડીલના હાથે જ લઈશ:**

માંડલીમાં આવેલી તમામ વસ્તુઓની માલિકી ગુરુની હોય છે ઉપરાંત ગુરુએ જેને માંડલીમાં ગોચરી વહેંચવા નીમેલા હોય તેઓની પણ અપેક્ષાએ એ વસ્તુઓની માલિકી ગણાય. એટલે માંડલીમાં આવેલી વસ્તુઓ જો સંયમી પોતાની જાતે લઈને વાપરે તો ગુરુ-અદત્તાદાનનો દોષ લાગે, કેમકે ગુરુએ નહિ આપેલી વસ્તુ એ સંયમી લઈ રહ્યો છે.

વળી જો બધા સંયમીઓ પોતાની જાતે જ વસ્તુઓ લેતા થઈ જાય તો પછી વ્યવસ્થા જ તૂટી જાય. બધા સંયમીઓ પોત-પોતાને અનુકૂળ વસ્તુ લેવા માંડે એટલે પરસ્પર સંક્લેશ પણ થાય. "પેલા સંયમીએ સારી સારી વસ્તુ લઈ લીધી. હવે ભંગાર જ બાકી રહ્યો છે." આવા વિચારો પણ કેટલાંકોને આવે.

આવા ઘણા કારણોસર માંડલીમાં આવેલી ગોચરીમાંથી કોઈપણ વસ્તુ સંયમીએ પોતાની જાતે ન લેવી. પરંતુ માંડલીમાં ગોચરી વહેંચનારાઓના હાથે જ લેવી.

એક ગ્રુપમાં અમુક સંયમીઓ ગોચરીમાં સારા સારા શાક જુદી ટોક્સી વગેરેમાં લાવી તરત જ એ શાક પોતાની જગ્યાએ જ મૂકી દેતા. આ વાતની બીજાઓને ખબર પડતા પરસ્પર ઘણો સંક્લેશ પણ થયો. વળી આમાં નાના સંયમીઓને પણ દુઃખ થાય કે વડીલોએ વીણી-વીણીને વસ્તુ લઈ લીધી. અમને તો કાંઈ ન મળ્યું.

એક સંયમીએ એકવાર પોતાની જાતે જ માંડલીની કોઈક વસ્તુ લીધી. એ વાપરવા જ જતો હતો કે ત્યાં વ્યવસ્થાપકે બૂમ પાડી. "તમને કોણે સત્તા આપી, આ રીતે જાતે ગોચરી લેવાની. મૂકી દો એ વસ્તુ !"

એટલે પ્રથમ વિકલ્પ તો આ જ છે કે વ્યવસ્થાપકના હાથે જ ગોચરી લેવી. ધારો કે વ્યવસ્થાપક કંઈક કામમાં હોય, તો છેવટે વ્યવસ્થાપકની અનુમતિ લઈને એ વસ્તુ લેવાય. પણ એમાં ય રોટલી, શાક, દાળ, ભાત, દૂધ એ પાંચ જ વસ્તુ જાતે લેવી. મિષ્ટાન્નાદિ જાતે ન લેવા.

કોઈક સંયમીને શારીરિક કારણોસર અમુક જ વસ્તુઓ ચાલતી હોય. બાકીની વસ્તુઓ ન ચાલતી હોય તો પણ એણે વ્યવસ્થાપકને જ એ બધી વાત કરી દેવી. વ્યવસ્થાપક એ બાબતની કાળજી રાખી એ વસ્તુઓ એ જ સંયમીને પહોંચાડે.

**૫૩. હું પોણો ચેતનો કરતા વધારે દૂધ નહિ વાપરું અને પોણો ચેતનો કરતા વધારે ચાહ નહિ વાપરું :**

એક પ્રાચીન આચાર્યભગવંતના ગ્રુપમાં એકાસણા કરનારા સાધુઓને પણ માત્ર અડધી ટોક્સી જ દૂધ વાપરવા મળતું. આચાર્યદેવ ખુદ દૂધ વહેંચવા નીકળતા. અડધી ટોક્સીથી વધારે દૂધ કોઈને ન મળતું. જેમને ચાહનું વ્યસન હોય તેઓને એક જ ટોક્સી ચાહ મળતી. (ચાહ નિવીયાતું હોવાથી એમાં દૂધની અપેક્ષાએ વિકારતા ઓછી, પણ વ્યસનની દૃષ્ટિએ ચાહ ઘણી જ ખરાબ.) અને જે ચાહ લે એને

દૂધ ન જ મળે. બેમાંથી એક જ વસ્તુ મળતી.

આજે તો આ વાતને દસકાઓ થઈ ગયા. સંયમીઓના માપ ઘણા જ વધી ગયા. તરપણી ભરીને ચાહ પીનારા પણ મહાત્માઓ થઈ ગયા. પ્રમાણનો નિયમ જ ખલાસ થઈ ગયો.

સંયમીઓએ ખૂબ જ જાગ્રત બનવાની જરૂર છે. જો જરાક પણ અસાવધ રહ્યા, તો તરત જ નાના મોટા દોષો જીવનમાં ઘૂસી ગયા વિના ન રહે.

એક નૂતન દીક્ષિત ખબર ન હોવાથી રોજ એક ચેતનો દૂધ મંગાવતો. છેવટે ગીતાર્થ ગુરુએ એને સમજણ આપીને અડધો ચેતનો નક્કી કરાવ્યો.

ગૃહસ્થો જે કપમાં ચાહ પીએ છે, એના માપ પ્રમાણે તો પા કે અડધો ચેતનો પણ માંડ થાય એને બદલે ચેતના-બે ચેતના દૂધ-ચાહ પીવા એ તો શી રીતે યોગ્ય ગણાય ? વળી વધારે વાપરવાથી તો ઉલ્ટું શરીરને વધારે નુકસાન થાય.

જો શક્ય હોય તો ચાહનું વ્યસન તો છોડી જ દેવું જોઈએ. છેવટે ન જ છોડાય તો પોણા ચેતનાથી વધારે ચાહ ન જ વાપરવી. એમ દૂધ પણ પોણા ચેતનાથી વધારે ન જ વાપરવું.

<u>૫૪. હું 'વાપરું છું' એ પ્રમાણે બોલ્યા પછી જ વાપરવાનું શરૂ કરીશ :</u>

શાસ્ત્રીય નિયમ એવો છે કે [૪૩]વાપરતા પૂર્વે ગુરુની રજા લેવી પડે કે 'ગુરુદેવ ! હું વાપરું ?' ગુરુ રજા આપે પછી વાપરી શકાય.

આજે બધા શિષ્યો એક-એક કરીને ગુરુની રજા લેવા જાય એ શક્ય નથી. એવો વ્યવહાર પણ દેખાતો નથી. એટલે સાપેક્ષભાવ રૂપે આ નિયમ છે કે વાપરવાની શરૂઆત કરતા પહેલા સંયમી સ્પષ્ટ અવાજે બોલે કે, "વાપરું છું." અને એ રીતે ગુરુમહારાજની રજા લીધી હોવાનો ભાવ વ્યક્ત કરીને પછી જ વાપરવાની શરૂઆત કરે.

વળી આ રીતે બોલવામાં ફાયદો પણ થાય, સંયમી 'વાપરું છું' બોલે અને અચાનક જ એ વખતે ગુરુને કંઈક અગત્યનું કામ યાદ આવે તો એને કહી શકે કે 'ઉભો રહે. વાપરતો નહિ. પહેલા આ કામ પતાવી આવ. પછી વાપરવા બેસજે.' તો ગુરુની સેવા-ભક્તિનો પણ લાભ મળે.

એટલે આ નિયમ બે ય રીતે ઉપયોગી છે.

<u>૫૫. હું ગોચરી વાપર્યા બાદ માંડલી વ્યવસ્થાપકની રજા મળે પછી જ પચ્ચક્ખાણ લઈશ. જાતે પુછ્યા વિના પચ્ચક્ખાણ નહિ લઉં :</u>

વિશાળ માંડલીમાં વધ-ઘટનો પ્રશ્ન લગભગ રોજનો જ હોય છે. બધું વહેંચાઈ જાય, વધેલી વસ્તુ પણ એક-બે વાર માંડલીમાં ફરી વળે ત્યારે માંડ ખબર પડે કે અમુક વસ્તુ વધી છે કે ઘટી છે ? કેટલાંક સંયમીઓ ઝડપથી વાપરનારા હોય તો એમની ગોચરી જલ્દી પતી જાય. અને હજી આ બાજુ ગોચરીની વસ્તુઓની સંપૂર્ણ વ્યવસ્થા થઈ ન હોય અને આ સંયમીઓ જો જાતે પચ્ચક્ખાણ લઈને ઉભા થઈ જાય તો મુશ્કેલી થાય. કેમકે પછી જો ગોચરી વધી પડે તો એ બધાએ ખપાવવા લેવી પડે. બધાને

એમ થાય કે "પેલા સંયમી ઉઠી ગયા, એટલે એમને ખપાવવું ન પડ્યું. અને અમારે હેરાન થવું પડ્યું." આમ બધાને ઉભા થઈ જનારા સંયમી પ્રત્યે અરુચિ થાય.

ઘણીવાર એવું બને કે એ વહેલા ઉભા થઈ જનારા સંયમીની જ ખપાવવાની શક્તિ વધારે હોય એ ઉભો થઈ જાય એટલે બીજા બધા, ઓછી શક્તિવાળાઓ ખૂબ હેરાન થાય. આમ ઉભા થઈ જનારા સંયમીને બાકીનાઓને સહાયક બનવાનો લાભ ન મળે.

એકવાર એક-બે સંયમી જાતે પચ્ચ. લઈને ઉભા થઈ ગયા. વ્યવસ્થાપકને ખબર પડતા એમને પણ ગુસ્સો આવ્યો. તરત કહી દીધું કે 'હવે જેટલું વધે એ બધું તમારે જ રાખમાં પરઠવવું પડશે. બીજું કોઈ નહિ પરઠવે.'

કેટલાંક સંયમીઓ તો એવી ખબર પડે કે "ગોચરી વધી પડવાની છે." એટલે ખપાવવું ન પડે એ માટે ઊભા થઈ જાય. પચ્ચ. જાતે લઈ લે. પાછળથી ઉપર મુજબ જ પરસ્પર સંક્લેશ થાય.

કેટલાંકો ચાલાકી એવી કરે કે આજુબાજુમાં બેઠેલા વડીલો પાસે પચ્ચ. લઈ લે. એ વડીલોને વધઘટનો ખ્યાલ ન હોવાથી પચ્ચ. આપી દે. પેલા સંયમીને બચાવની તક મળે કે "મેં તો વડીલ પાસે પચ્ચ. લીધું છે."

ખરેખર તો વડીલોએ જ નહિ, પણ સાક્ષાત્ ગુરુએ પણ માંડલી વ્યવસ્થાપકને પુછ્યા વિના પચ્ચ. ન અપાય, કેમકે વધઘટની બધી ખબર વ્યવસ્થાપકને હોય. ગુરુ પણ એ વાત જાણતા ન હોય. એટલે ગુરુ જો પચ્ચ. આપી દે તો પછી વ્યવસ્થાપકને ઘણી મુશ્કેલી ઉભી થાય.

એટલે જ આ નિયમ લેવો જોઈએ. પચ્ચ. જાતે તો ન જ લેવું. માંડલી વ્યવસ્થાપકની રજા સિવાય બીજા પાસે પણ ન લેવું. માંડલી વ્યવસ્થાપકની રજા લઈને બીજા પાસે પચ્ચ. લેવામાં વાંધો નથી.

<u>પ૬. હું ગોચરીમાં મારું પાણી જાતે લઈને બેસીશ. પછી જ વાપરવાનું શરૂ કરીશ :</u>

કેટલાંક સંયમીઓ પ્રમાદ, ઉતાવળ વગેરેને કારણે પાણી લીધા વિના વાપરવાનું શરૂ કરી દે અને પછી જ્યારે પાણીની જરૂર પડે એટલે બીજા સંયમીઓ પાસે માંગે. ક્યારેક તો નાના સંયમીઓ ન હોય તો વડીલો પાસે પાણી માંગવાનો વારો આવે. વડીલો તો પાણી આપીને વૈયાવચ્ચનો લાભ મેળવે પણ નાના સંયમીઓ પાણી માંગીને, વડીલોને કામ સોંપીને આશાતનાના ભાગીદાર બને.

શાસ્ત્રકારોએ તો [૭૭]નાના કે મોટા કોઈપણ સંયમીને કોઈપણ પ્રકારનું કામ સોંપવાનો સ્પષ્ટ નિષેધ કરેલો છે. હજી કદાચ નાનાઓને કામ સોંપીએ પણ મોટાઓને સોંપવામાં તો વધુ દોષ લાગે જ.

વળી જો રોજ જ આવું બને કે સંયમી વાપરવા બેસી ગયા બાદ રોજ પાણી માંગે. તો આપનારાઓ પણ કંટાળે. ક્યારેક સંભળાવી પણ દે કે "જાતે પાણી લઈને બેસો ને ? રોજેરોજ શું માંગો છો ?" આવા શબ્દો સાંભળવા પડે કે આપણા માટે કોઈને અરુચિ થાય એ પહેલા જ આપણી પ્રવૃત્તિ સુધારી લઈએ તો એ આપણા હિતમાં જ છે.

<u>પ૭. હું એંઠી પાતરીમાં ઘડામાંથી પાણી નહિ લઉં :</u>

સંમૂર્ચ્છિમની વિરાધનાનું મોટું શક્ય સ્થાન આ છે 'એંઠી પાતરીમાં ઘડામાંથી પાણી લેવું.'

સંયમીઓ ગોચરીમાં કે એ સિવાય પણ પાતરીમાં પાણી વાપર્યા બાદ બીજી વાર પાણી લેવા માટે એ પાતરી લુંછ્યા વિના જ એમાં ઘડામાંથી પાણી લેતા હોય છે. હવે ઘણીવાર એવું સ્પષ્ટ જોવા મળે છે કે ઘડામાંથી પાતરીમાં પડતા પાણીમાંથી ટીપાઓ ઉછળીને પાછા ઘડામાં ય પડે છે. ઝીણવટથી જોશો, ધ્યાન આપશો તો આ દેખાશે. એંઠી પાતરીમાં ગયેલા ટીપા ઘડામાં જાય એટલે ઘડાનું બધું પાણી એંઠુ થાય. ૪૮ મિનિટ બાદ એમાં સંમૂર્ચ્છિમની વિરાધના થવાની પૂર્ણ શક્યતા રહે.

માટે જ એંઠી પાતરીમાં જો પાણી લેવું હોય તો એ પાતરી બરાબર લુંછી લીધા બાદ જ એમાં ઘડામાંથી પાણી લેવું.

હા ! કેટલાંક ગ્રુપોમાં એવું પણ દેખાય છે કે મોટા પાતરામાં પાણી કાઢવામાં આવે છે. અને પછી એ પાતરામાંથી જ બધા નાની નાની પાતરીઓમાં પાણી લે છે. આ મોટા પાતરાનું પાણી વાપરી જ લેવામાં આવે છે. જો વધે તો કાજા કે લુણામાં વાપરી લેવામાં આવે છે. અને જો આવું હોય તો પછી ત્યાં સંમૂર્ચ્છિમની વિરાધનાનો ભય ન રહે. પણ એ અંગે પાકો વિચાર કર્યા બાદ જ પ્રવૃત્તિ કરવી.

<u>૫૮. હું એંઠા થયેલા તપેલામાં કે પરાતમાં ચોખ્ખા તપેલા-પરાતમાંથી પાણી નહિ લઉં :</u>

કાપ કાઢવા બેસીએ ત્યારે તપેલામાં બધું પાણી લઈ રાખીએ. પણ પાછળથી જો એ પાણી ખૂટી પડે તો પછી ચૂનાના તપેલામાંથી કે ચોખ્ખા પાણીના ઘડામાંથી પાણી લેતા હોઈએ છીએ. આ વખતે પણ ૫૭માં નિયમમાં બતાવ્યા પ્રમાણે જ વિરાધનાની શક્યતાઓ છે. જો એંઠા તપેલા-પરાતમાં ચૂનાના તપેલા કે ચોખ્ખા પાણીવાળા ઘડામાંથી પાણી નાંખીએ, તો ટીપાઓ ઉડીને પાછા ચોખ્ખા પાણીવાળા તપેલા-ઘડામાં પણ પડે છે. અને એ રીતે સંમૂર્ચ્છિમની વિરાધનાનો ભય ઉત્પન્ન થાય છે.

હા ! જો ચૂનાના તપેલાનું બધું પાણી લઈ લેવાનું હોય. તપેલું ખાલી જ કરવાનું હોય તો ઠીક છે. એ તપેલું સુકવવા મૂકી દઈએ એટલે પછી કોઈ દોષ ન રહે. હા, એ તપેલું ૪૮ મિનિટમાં સુકાઈ જવું જોઈએ. પણ જો થોડુંક પણ પાણી તપેલામાં રાખી મૂકવાનું હોય તો પછી એ પાણી ચોખ્ખા પાતરા, ટબ, ડોલમાં લઈને જ એનો વપરાશ કરવો પડે.

કાપ વગેરે કાઢવાની જગ્યા પણ જો એવી હોય કે કાપ કાઢતાં કાઢતાં ઉડતા છાંટા પરાતમાં ઠારેલા પાણીમાં કે ઘડામાં કે ચૂનાના તપેલાદિમાં પડે તો પાછી ત્યાં પણ વિરાધના ઉભી થવાની જ. સૂક્ષ્મબુદ્ધિથી આ બધી કાળજી કરવાની છે.

<u>૫૯. હું બારી-બારણાઓ બરાબર પૂંજીને જ ખોલ બંધ કરીશ :</u>

મહાસંયમી આત્માઓ તો બારી-બારણા ખોલ-બંધ કરવામાં પણ વિરાધના જાણીને એનો ત્યાગ જ કરે છે. ખુલ્લા હોય તો ખુલ્લા રહેવા દે અને બંધ હોય તો બંધ રહેવા દે પણ પોતે ખોલ-બંધ ન કરે.

ઓઘનિર્યુક્તિ વગેરેમાં જણાવ્યું છે [૪૪]જો મકાન, રૂમ, હોલ વગેરેના બંધ બારણા-બારીઓ ખોલવામાં આવે તો અંદરનો વાયુ અને બહારનો વાયુ જુદા જુદા પ્રકારનો હોવાથી બે ય વાયુઓ પરસ્પર એકબીજાના શસ્ત્ર બને છે. માટે વાયુકાયની વિરાધના અટકાવવા માટે સંયમીઓને બારી-બારણા ખોલ-બંધ કરવાનો નિષેધ કર્યો છે. જેઓ ઉનાળામાં પવન ખાવા વગેરે માટે બારી-બારણા ખોલે એમને પ્રાયશ્ચિત્ત આપેલ છે.

બારી-બારણાના અંદરના ભાગમાં કે બહારના ભાગમાં કરોળીયાઓએ જાળા બાંધેલા હોય તો એ બારી વગેરે ખોલવાથી જાળા તુટી જાય. કરોળીયાઓનો ઘર ભંગ થાય. રે ! પુંજીને કરીએ તો ય આ વિરાધના અટકતી નથી. ઉલટું ઓઘાને લીધે જ એ જાળા તુટી જાય.

બારી-બારણા ઉપર ગરોળીઓ ફરતી હોય છે. જોરથી બારી ખોલતા કે ઓઘા વડે પુંજીને ખોલતા કદાચ એ ગરોળી ઓઘામાં આવીને સંયમી ઉપર પડે તો સંયમી ચીસ પાડી ઊઠે, ગભરાઈ જાય, ગરોળીને ગમે ત્યાં ફેંકી દેવા પ્રયત્ન કરે.........વગેરે ઘણા દોષો લાગે.

જો પુંજ્યા વિના બંધ કરો તો સાંધાના ભાગ ઉપર રહેલી ગરોળી કપાઈ જાય. એમ ત્યાં જો કીડી વગેરે હોય તો એ પણ પુંજ્યા વિના બારી-બારણા બંધ કરવાથી મરી જાય.

એટલે બારી-બારણા ખોલ-બંધ કરવામાં પણ વિરાધના છે જ. ચોમાસામાં બારીમાંથી અંદર પાણીની વાછટ આવતી અટકાવવા બારી બંધ કરીએ તો પાણીના જીવો એ બારી સાથે અથડાઈને મરે. અંદર પાણી ન આવવા દેવા બારી બંધ કરી, પણ એમાં ય જીવોની વિરાધના તો થઈ જ. (અલબત્ત પુષ્ટકારણસર બંધ કરવી પડે એ જુદી વાત.)

એટલે બને ત્યાં સુધી તો બારી-બારણા ખોલ-બંધ કરવા જ ન પડે એવી સ્થિતિમાં જ જીવવું. ગરમી-ઠંડી સહન કરવાનું સામર્થ્ય હોય તો જ આ શક્ય બને.

વર્તમાનમાં એવું જોરદાર સત્ત્વ તો વિરલ સંયમીઓ જ ફોરવી શકે. એટલે ઠંડીમાં બધા બારી-બારણાઓ બંધ કરવાની અને ગરમીમાં ખોલવાની પ્રવૃત્તિઓ મોટા ભાગના સંયમીઓ કરવાના જ. તો એ વખતે આ નિયમનું પાલન કરવાનું છે.

સૌ પ્રથમ તો બારી-બારણાના બધા ભાગો આંખથી બરાબર જોઈ લેવા. જો કરોળીયાના જાળા, નિગોદ વગેરે હોય તો તો પછી એ ન જ ખોલાય. એટલે વગર જોયે ખોલવાની ક્રિયા ન કરવી. પણ જોયા પછી લાગે કે બારી-બારણા ઉપર કોઈ જાળા-નિગોદાદિ નથી. તો પછી બરાબર પુંજીને પછી ખોલ-બંધ કરવા.

કેટલાંકો 'જાણે કે બારીને મંત્રિત કરતા હોય' એમ બારીને ઓઘો અડે જ નહિ એ રીતે ઓઘો હવામાં ફેરવીને બારી ખોલતા હોય છે. આનો શું અર્થ ? અહીં એવો તો કોઈ મંત્ર શાસ્ત્રોમાં બતાવ્યો નથી કે જેનાથી મંત્રિત કરેલી બારીમાં પછી કોઈ વિરાધના જ ન થાય.

કેટલાકો વળી ઓઘાને બારીઓ સાથે સ્પર્શાવે તો ખરા, પણ બારીના પ્રત્યેક ભાગો પુંજાય એવી સૂક્ષ્મતા ન જાળવે. ઉપરછલ્લી પુંજવાની ક્રિયા કરે. એ પણ ન ચાલે. કેમકે કીડી-મંકોડા વિગેરે નાના જીવો તો એમાં રહી જ જવાના અને મરી જવાના. એટલે બારી-બારણાના પ્રત્યેક ખૂણાઓ, પ્રત્યેક સાંધાઓને ઓઘો બરાબર અડે, બરાબર ફેરવાય એ રીતે પુંજવું જોઈએ.

કેટલાકોને ઓઘાની દસી જ એટલી બધી ઓછી હોય કે જો તેઓ બરાબર પુંજવા જાય તો ઓઘાની દસીને બદલે ઓઘાની દાંડી જ બધા ભાગોમાં ઘસાય. આમાં તો આરાધનાને બદલે વિરાધના જ ઊભી થાય છે.

ઓઘામાં પ્રમાણસર દસીઓ હોવી જોઈએ. જેથી એનાથી બરાબર પુંજી શકાય.

જો રાત્રે અંધારામાં કો'ક ઉપાશ્રયમાં પહોંચીએ તો પછી બારી-બારણાદિમાં કરોળીયાના જાળા વિગેરેનો વિવેક કરવો અશક્ય બને. એ વખતે પુંજીને કે પુંજ્યા વિના બારી-બારણા ખોલવા ઉચિત નથી.

જો આ પ્રતિજ્ઞા હોય તો જે નકામી બારી-બારણા ખોલબંધ કરવાની પ્રવૃત્તિ થતી હોય તે એની મેળે જ અટકી જાય. કેમકે દરેકે દરેક બારી-બારણા બરાબર પુંજીને ખોલબંધ કરવાની ક્રિયામાં ઘણો સમય લાગે. એટલે સ્વાભાવિક રીતે વધારાની એ ક્રિયા ઓછી થઈ જ જાય.

કેટલાંક સંયમીઓ એટલા જોરથી બારી-બારણા ખોલે કે એ બારી-બારણા બહારની બાજુ જોરથી અથડાય. ક્યારેક કાચ પણ ફુટે, ક્યારેક પાછળની દિવાલ ઉપરના જીવ પણ મરે.

આવી અનેક અજયણાઓ જાણી લઈ સંયમના ખપી મહાત્માઓએ તેનો ત્યાગ કરવો જોઈએ.

<u>૬૦. ઉપાશ્રયમાંથી વિહાર કરતી વખતે મેં જેટલા બારી-બારણા ખોલ્યા હોય એ બધા જાતે બંધ કરી દઈશ. જે વસ્તુ જ્યાંથી લીધી હોય, તે વસ્તુ ત્યાં પાછી મૂકી દઈશ.</u>

સંયમીઓ ઉપાશ્રયમાં ઉતરે ત્યારે હવા-ઉજાસ માટે બારી-બારણાઓ ખોલે. પણ પછી બે-ચાર દિવસમાં વિહાર કરે ત્યારે એ બધુ બંધ કરવાની તસ્દી જો ન લે તો સંયમીના ગયા બાદ ઉપાશ્રયનો નોકર જ બધા બારી-બારણા બંધ કરે. હવે એ તો તે વખતે પુંજવા વિગેરે રૂપ કોઈ જયણા સાચવવાનો જ નથી'. એટલે ત્યાં જે વિરાધના થાય એનો દોષ બારી-બારણા ખોલનારા સંયમીઓને લાગે.

વળી આ રીતે ઉપાશ્રય ગમે તેમ ખુલ્લો મૂકીને જનારા પ્રત્યે ત્યાંના વ્યવસ્થાપકોને પણ અસદ્ભાવ થાય. એક ગામમાં સાંજે ૨૦-૨૫ સાધુઓ રોકાયા. સવારે બધા સાધુઓએ બારી-બારણા બંધ કર્યા વિના વિહાર કરી દીધો. સાધુઓ થોડુંક ચાલ્યા, પણ રસ્તો કાચો અને ભુલા પડાય તેવો હોવાથી રસ્તો દેખાડનારની જરૂર પડી. આગલા દિવસે ત્યાંના વ્યવસ્થાપકે કહેલું જ કે "હું રસ્તો બતાવવા સમયસર આવી જઈશ." પણ એ આવ્યો ન હતો. ૧૦-૧૫ મિનિટ પછી એ માણસ આવ્યો. સાધુઓ એને ઠપકો આપવા માંગતા હતા કે, "તું કેમ મોડો પડ્યો ?" પણ એને બદલે પેલો માણસ જ ઉકળી પડ્યો, "તમે બધા બારી-બારણા ખુલ્લા મૂકીને નીકળી ગયા ? અંદરથી ચોરી વિગેરે થાય તો? આટલો પણ વિવેક તમારામાં નથી ?"..... સાધુઓએ માફી માંગવી પડી.

એમ પરાતો, ઘડાઓ, ટેબલો, પાટ, ધાબળા વિગેરે ઉપાશ્રયની જે જે વસ્તુઓ જ્યાંથી લીધી હોય, ત્યાં જ ગોઠવી દઈએ તો આપણા ગયા બાદ નોકર દ્વારા એ બધું ગોઠવવામાં થનારી વિરાધનાઓનો દોષ આપણને ન લાગે. અને એ નોકર વિગેરેને સાધુઓ પ્રત્યે અપ્રીતિ થવાને બદલે સદ્ભાવની લાગણી પ્રગટે.

વળી આ તો લોકમાં પણ શિષ્ટાચાર છે કે લીધેલી વસ્તુ પાછી યોગ્યસ્થાને મૂકવી. લોકોત્તર શાસનને વરેલા સંયમીઓ લૌકિક શિષ્ટાચાર પણ ન પાળે તો તો થઈ રહ્યું.

<u>૬૧. હું પાટ-પાટલા-ટેબલ ખસેડતી વખતે એના પાયાના નીચેના ભાગો, જમીન પુંજ્યા પછી જ ખસેડીશ.</u>

પાટ, ટેબલ વિગેરેના ચાર પાયાઓ હોય છે. જ્યારે એને ખસેડીએ ત્યારે એ ચારેય પાયાઓ જે જમીન ઉપર ઘસડાવાના હોય તે જમીન પુંજવી જ પડે. જો ન પુંજીએ તો ત્યાં રહેલા કીડી વિગેરે

જીવો એ પાયાની સાથે ઘસડાઈને મરી જાય. એટલે બે આંગળ જેટલા પણ પાટ-ટેબલ હટાવવા હોય ત્યારે બધા પાયાઓની જગ્યા પુંજવી જોઈએ.

કેટલાંકો વળી એક બાજુના બે પાયાઓ પુંજે અને બીજી બાજુના ન પુંજે અને એ રીતે પાટાદિને હટાવે. આમાં પણ દોષ લાગે.

ખરેખર તો પાટ-ટેબલ ઘસડીને હટાવાય જ નહિ. પાટ કે ટેબલ ઊંચકીને જ મૂકવા જોઈએ. અને જ્યાં મૂકવાના હોય ત્યાંની જગ્યા પહેલા પુંજી લઈ પછી પાટ-ટેબલ ત્યાં મૂકવા જોઈએ. પાટ-ટેબલ ઊંચકતી વખતે જે જગ્યાએથી એ પાટ-ટેબલ પકડવાના હોય તે જગ્યાએ ઓઘા કે મુહપત્તીથી પુંજી લેવું જોઈએ. પાટ-ટેબલની અંદરની તરફનો ભાગ જ પકડવાનો હોય છે અને એ ભાગ આંખથી દેખાતો હોતો નથી. એટલે એ ભાગને પુંજી લેવો આવશ્યક છે.

પણ પાટ ઉંચકાવનાર કોઈ ન હોય, ત્યારે બે-પાંચ આંગળ પાટ ઘસડવી પણ પડે છે. એમ ટેબલ ભારે હોય તો એ પણ ઘસડવું પડે છે. (વધુ ઘસડવું પડે એ તો ન ચાલે.) બેઠા-બેઠા જ જરાક દૂરનું ટેબલ નજીક લાવવું હોય ત્યારે પણ એ ટેબલ સહેજ ઘસડવાનું થાય છે. આ દરેક વખતે જે જમીન ઉપરથી એ પાટ-ટેબલના પાયા પસાર થવાના હોય એ જમીન પુંજાઈ ગયા પછી જ આ ઘસડવાની ક્રિયા કરી શકાય.

એક આચાર્ય ભગવંત ઘોર તપસ્વી, શાસનપ્રભાવક, અનેક શિષ્યોના ગુરુ હોવા છતાં આ બાબતમાં એમની કાળજી ખૂબ હતી. એકવાર એમના માટે કોઈક સ્થાને પાટ મૂકવાની હતી અને મેં એ પાટ એક બાજુથી ઉંચકી કે તરત મને કહ્યું કે "ચન્દ્રશેખર ! પહેલા પેલી જગ્યા તો પુંજી લે. પછી પાટ મૂકજે." કેટલી બધી નિર્મળ પરિણતિ !

કવિકુલકિરિટ બિરુદને ધારણ કરનારા એક આચાર્ય ભગવંત ! એકવાર એક મુનિ કોઈક કામ માટે એમને મળવા ગયા. શિષ્યે કહ્યું કે 'સાહેબ, આરામમાં છે.' એ મુનિ પાછા જ ફરતા હતા પણ એ જ વખતે આચાર્ય મ.સાહેબ જાગી ગયા. આગંતુક મુનિએ જોયું કે જાગતાની સાથે આચાર્યશ્રીએ મુહપત્તી હાથમાં લીધી, પછી મુહપત્તીથી ઓઘાનો ભાગ પુંજીને એને વ્યવસ્થિત કર્યો. પછી મુહપત્તીથી ચશ્માનું બોક્સ પુંજીને બોક્સ ખોલ્યું. પછી મુહપત્તીથી ચશ્મા પુંજી ચશ્મા હાથમાં લીધા. પછી મુહપત્તીથી ચશ્માની બે ય બાજુના બે સાંધાના ભાગો પુંજી ચશ્મા ખોલ્યા. પછી મુહપત્તીથી પોતાના બે ય કાન વિગેરે ભાગો પુંજીને ચશ્મા પહેર્યા. આ બધી ક્રિયા ખૂબ ઝડપથી એકદમ સ્વાભાવિક રીતે થઈ. આગંતુક મુનિ તો સ્તબ્ધ થઈ ગયો. આવા મહાન આચાર્યની કેવી સુંદર સંયમ પરિણતિ ! કેવું પુંજવા-પ્રમાર્જવાનું અદ્ભૂત વર્તન !

ખરેખર તો પાટ-પાટલા જ આ નિયમમાં લખ્યા છે. ઉપલક્ષણથી આ વાત બધી જ વસ્તુઓમાં સમજી લેવાની છે. કોઈપણ વસ્તુ લેતા કે મૂકતા એ વસ્તુ અને તે જગ્યાને પુંજવાનું ન જ ચૂકાવું જોઈએ.

**૬૨. હું અંધારામાં પ્યાલો ઉંધો કરી, પુંજણી કે દંડાસનથી બરાબર અંદરનો ભાગ પુંજીને પછી જ માત્રાદિ માટે એનો ઉપયોગ કરીશ :**

પ્લાસ્ટીકના કે ટીનના પ્યાલામાં ય કીડી, કરોળીયા વિગેરે જીવો ચોંટી જતા હોય છે. કોઈક સંયમી પ્યાલામાં મંજન કરતો હોય તો એની ગંધના કારણે પણ જીવો ખેંચાતા હોય છે. અજવાળામાં

તો બરાબર જોઈને પછી માત્રુ કરી શકાય. પણ રાત્રે (કે દિવસે પણ અંધારાવાળા સ્થાનમાં જો એ પ્યાલામાં જીવનું દર્શન સ્પષ્ટ ન થતું હોય તો પછી ત્યાં) પુંજ્યા વિના એ પ્યાલાનો વપરાશ ન થાય.

પ્યાલો પુંજવા માટે જો પુંજણી વાપરો તો એ પુંજણી પાતરાદિનું પ્રતિલેખન કરવામાં વપરાતી પુંજણી ન જ હોવી જોઈએ. પ્યાલો પુંજવાની પુંજણી સ્વતંત્ર જ રાખવી પડે. મારા ગુરુદેવશ્રીને પ્યાલા પાસે પુંજણી અવશ્ય જોઈએ. પુંજણીથી પુંજ્યા વિના માત્રુ ન કરે.

પણ પુંજણીને બદલે દંડાસનથી બરાબર પુંજી લો તો પણ ચાલી શકે. ખ્યાલ રાખવો કે પ્યાલો સીધો જ રાખીને દંડાસન ફેરવો તો એનો ઝાઝો અર્થ ન સરે. કેમકે જીવ બહાર તો નીકળશે જ નહિ. પ્યાલો આડો / ઉંધો કરીને પુંજો તો જ એ જીવો બહાર પડી જતા પછી એમની વિરાધના ન થાય.

એક મહાત્માએ પ્રમાદના કારણે એકવાર પુંજ્યા વિના જ પ્યાલામાં માત્રુ કરવાની શરુઆત કરી અને એ વખતે પ્યાલામાં ભરાયેલા વીંછીએ ડંખ મારી દીધો. મહામુશ્કેલીએ એનું ઝેર ઉતાર્યું.

<u>૬૩. હું દાંડો લેતી વખતે જે ભાગથી દાંડો લેવાનો હોય એ ભાગને જોઈને, પુંજ્યા પછી જ દાંડો લઈશ. એમ દાંડો મૂકતી વખતે પણ ભીંત વગેરેને પુંજ્યા પછી જ દાંડો મૂકીશ.</u>

"દાંડો લેતી વખતે ન પુંજીએ કે મૂકતી વખતે ન પુંજીએ તો એમાં કયુ મોટું પાપ લાગી જવાનું છે ?" આવી શંકા જિનવચનને નહિ સમજેલા મુગ્ધ આત્માઓને થાય એ સ્વાભાવિક છે. એનો ઉત્તર આપતા પહેલા શાસ્ત્રકારો આ દોષને કેટલો ભયંકર ગણે છે એ જોઈ લઈએ.

(૪૫)કોઈક સાધુ બીજા ગચ્છમાં ભણવા વગેરે માટે ગયો. એ ગચ્છના સાધુઓ દાંડો લેતી-મૂકતી વખતે પુંજવાદિ ક્રિયા કરતા ન હતા, એ આ સાધુએ જોયું. શાસ્ત્રકારો કહે છે કે આ સાધુએ તે ગચ્છના આચાર્યને ટકોર કરવી કે "આપના સાધુઓ આવું અસંયમ પાળે છે એ ન ચાલે." એમ કહ્યા બાદ થોડા દિવસ પછી પણ એ જ અસંયમ જોવા મળે તો બીજીવાર આચાર્યશ્રીને કહેવું. એમ ત્રીજીવાર કહેવું. છતાં જો પછી પણ એ અસંયમ જોવા મળે તો આ સાધુએ તે ગચ્છનો ત્યાગ કરવો. કેમકે ત્યાં એનું સંયમ જોખમમાં મૂકાવાની શક્યતા છે.

જો ગચ્છના આચાર્ય આ સાધુને કહે કે "તારે શું વાંધો છે ? તું તારું સંયમજીવન જીવ ને ? બીજાઓની શું પંચાત કરે છે ?" તો એ પણ અત્યંત અનુચિત ગણ્યું છે. કેમકે આજુબાજુના નિમિત્તો અસર કર્યા વિના રહેતા નથી.

દાંડો લેતી-મૂકતી વખતે ન પુંજવામાં આવે તો જીવવિરાધનાની શક્યતા છે. આ વાત જાણ્યા પછી પણ જો સંયમી આ આચાર ન પાળે તો ગર્ભિત અર્થ એ જ નીકળે કે એ જીવો મરે તો ય આ સંયમીને ઝાઝો વાંધો નથી. હવે શરુઆતમાં પ્રમાદાદિને કારણે આ આચાર ન પાળે તો અતિચારાદિ જ લાગે. પણ આવું વારંવાર કરે તો પછી નિષ્ઠુરતા જ આવેલી ગણાય. અને એટલે એ સાધુ વિરતિ ગુણસ્થાન ગુમાવે. કદાચ મિથ્યાત્વ પામે.

એટલે આ નાનો દોષ કહી શકાય નહિ. માત્ર આ જ દોષ માટે નહિ, કોઈપણ દોષ માટે આ વાત સમજવી.

દાંડો લેતી વખતે જે ભાગથી દાંડો પકડવાનો હોય એ ભાગ જો ન પુંજીએ અને જો સીધો પકડી લઈએ તો કદાચ એના ઉપર કીડી, મચ્છર વિગેરે હોય તો મરી પણ જાય. અંધારામાં પુંજ્યા વિના દાંડો પકડતા મચ્છર મરી જવાના પ્રસંગો બન્યા છે. ક્યારેક ગરોળી વિગેરે ચડી હોય તો એ હાથ દ્વારા દબાય. એમાં સંયમી ગભરાઈને દાંડો ફેંકી દે... વિગેરે નુકશાનો પણ થાય.

ખરેખર તો દાંડો લેતી વખતે આખો દાંડો અને એના સ્પર્શવાળો ભીંત, જમીનનો ભાગ પણ ધ્યાનથી જોઈ લેવો જોઈએ. ક્યારેક એવું બને કે ત્યાં જ કોઈપણ રીતે કાચું પાણી ઢોળાયું હોય અને એ દાંડાની આજુબાજુ ફેલાયેલું હોય. હવે એ દાંડો લેવામાં એ પાણી હલે... વિગેરે વિરાધના થાય. ક્યારેક ભીંતમાંથી પાણી ટપકતું હોય અને એ દાંડાના ઉપરના ભાગને લાગેલું હોય તો જોયા વિના દાંડો લેવામાં એ પાણીની પણ વિરાધના થાય.

એમ દાંડો મૂકતી વખતે દાંડાનો ઉપર-નીચેનો ભાગ તથા 'જ્યાં એ બે ભાગ અડવાના છે' એ ભીંત-જમીનના ભાગને પુંજીને જ પછી દાંડો મૂકવો પડે. નહિ તો કદાચ ભીંતના એ ભાગ ઉપર કરોળીયા વિગેરે હોય તો મરી જાય.

પુંજતા પહેલા જોઈ લેવું આવશ્યક છે. વગર જોયે પુંજવામાં તો ઓઘાથી જ જાળા વિગેરે ભાંગી પડે. ક્યારેક ભીંત વિગેરે પર નિગોદ થયેલી હોય તો ઓઘાથી એની વિરાધના થાય. જો પહેલા જોઈ લઈએ તો એ નિગોદ દેખાવાથી ત્યાં દાંડો જ ન મૂકીએ, પુંજીએ પણ નહિ એટલે વિરાધના થવાનો પ્રસંગ ન બને. (આનું વિસ્તારથી વર્ણન વિરતિદૂત માસિકમાં આપશું.)

"સાવ સહેલો કહેવાતો એવો પણ આ નિયમ લગભગ ગણ્યા ગાંઠ્યા સંયમીઓ જ પાળતા હશે." એવું લાગે છે. કેમકે આના માટે ઘોર અપ્રમત્તભાવ જરૂરી છે અને આજે એવી અપ્રમત્તતાના દર્શન ભાગ્યે જ થાય છે.

માસક્ષપણ શક્ય છે. કેમકે એમાં શારીરિક શક્તિ અને વૈરાગ્યની જરૂર છે. જે છઠ્ઠા ગુણસ્થાન સુધી મળે છે. રે ! ચોથે પણ વૈરાગ્ય માનેલો જ છે.

શાસન પ્રભાવના શક્ય છે. કેમકે એના માટે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ, વાક્પટુતાદિની જરૂર છે.

પણ અપ્રમત્તતાથી જ સાધ્ય આવા સૂક્ષ્મ યોગો એ અપ્રમત્તતા વિના શી રીતે સાધી શકાય ?

<u>૬૪. હું મોડામાં મોડું સુર્યાસ્તથી પંદર મિનિટ સુધીમાં સ્થંડિલ-માત્રુ પરઠવવાની વસતિ જોઈ લઈશ.</u>

શાસ્ત્રીય વિધિ પ્રમાણે પ્રત્યેક સંયમીએ રોજેરોજ સ્થંડિલ માટેની ૧૨ અને માત્રુ માટેની ૧૨ એમ ૨૪ ભૂમિઓ જોવાની છે. અને એ પણ આશરે સૂર્યાસ્ત થાય, એના કરતા પહેલા લગભગ ૪૫ મિનિટ બાકી હોય ત્યારે જોઈ લેવાની છે.

આ વસતિઓ જોવા પાછળનો આશય એ છે કે આમ તો રાત્રે ઠલ્લે-માત્રુ જવું જ ન પડે તો શ્રેષ્ઠ કહેવાય. કેમકે રાત્રે 'જીવો છે કે નહિ ?' એ દેખાય નહિ. એટલે એમની જયણા પાળવી કઠિન પડે. પણ શરીરનો સ્વભાવ તો કેવી રીતે બદલાય ? હજી ઠલ્લે જવું ન પડે એ શક્ય છે. પણ રાત્રે માત્રુ તો લગભગ બધાએ જવું પડે.

હવે જો અજવાળામાં એવું સ્થાન જોઈ રાખીએ કે જ્યાં ઘાસ ઉગ્યું ન હોય. કીડીઓના નગરા, દર વિગેરે ન હોય. નિગોદ થયેલી ન હોય. તો પછી રાત્રે જ્યારે માત્રુ કરવું પડે ત્યારે એ જ સ્થાને પરઠવી શકાય. એટલે વિરાધના ન થાય. (હા. એ જ વખતે ત્યાં કીડી વિગેરે આવી ગયા હોય તો એમને કિલામણા થવાનો સંભવ તો છે જ. પણ જો કીડીના નગરા હોત, તો તો હજારો કીડીઓની વિરાધના થાત. એ નગરાના કાણા દ્વારા જમીનમાં = કીડીના ઘરમાં ગયેલું માત્રુ કેટલાંય જીવોની વિરાધનાનું કારણ બનત. પણ સવારે નગરા વિનાની જગ્યા જોયેલી હોવાથી, રાત્રે માત્રુ પરઠવતી વખતે કદાચ કોઈક કીડીઓ આમતેમથી ત્યાં આવેલી હોય તો પણ પેલી મોટી વિરાધનાઓ તો ન જ થાય.)

જો અજવાળામાં કોઈ સ્થાન જોઈ રાખ્યું ન હોય તો રાત્રે જ્યારે માત્રુ કરવા જવું પડે અને ગમે ત્યાં, નહિ જોયેલી જગ્યાએ પરઠવીએ તો કદાચ ત્યાં ઘાસ હોય, કદાચ નિગોદ હોય કદાચ કીડીઓના મોટા દર હોય, આ બધાની વિરાધના થાય. એટલે રાત્રિમાં માત્રુ-ઠલ્લે પરઠવવા માટે અજવાળામાં વસતિ જોઈ રાખવાની વિધિ છે.

વસતિમાં મુખ્યત્વે આ જ જોવાનું છે કે એ સ્થાનમાં નિગોદ નથી ને ? કીડીઓના દર નથી ને? ઘાસ કે નાના નાના ફણગા ફુટેલા નથી ને ? કોઈ અનાજના સચિત્ત દાણા વિગેરે પડેલા નથી ને ? એમાં ય કીડીના દર તો સૂક્ષ્મદૃષ્ટિથી જોવાથી જ પકડી શકાય. જમીનમાં સોયના અગ્રભાગ કરતા જરાક જાડું એવું કાણું હોય તો એ ય લાખો કીડીનું દર હોઈ શકે છે. નીચે નમીને ઉપયોગ મૂકીને આ હકીકત ચકાસવી પડે. ઉપરછલ્લી દૃષ્ટિએ તો એ વસતિ ચોક્ખી જ લાગે.

અત્યારે જે જમીનમાં ખાડા ખોદાવીને, ઈંટ-કપચી વિગેરે પાથરીને માત્રુ પરઠવવાની કુંડી તૈયાર કરાય છે. એમાં સંયમનું પાલન દુર્લભ છે. કારણ કે એ કુંડીમાં ઉપર ભલેને કોઈ જીવો ન દેખાય. અંદરથી એ કુંડીમાં ઘણું પોલાણ હોવાથી પુષ્કળ ત્રસ જીવો હોવાની સંભાવના છે. એકવાર મેં એક કુંડીમાંથી અડધી વેંત જેટલી કપચી દૂર કરી તો તરત જ નીચે ખદબદતા કીડાઓ દેખાયા. આવી પોલાણવાળી જગ્યાને શાસ્ત્રમાં 'ઝૂષિર' કહે છે. અને એમાં માત્રુ વિગેરે પરઠવવાનો નિષેધ છે. અંદર પોલાણ છે, માટે જ માત્રુ પરઠવતાની સાથે જ એ ઝડપથી જમીનમાં ઉતરી જાય છે. જો ખોદ્યા વિનાની સીધી જમીન ઉપર પરઠવશો તો એમાં માત્રુ ઝડપથી નીચે નહિ ઉતરે. કેમકે એ જમીનમાં ઝૂષિર=પોલાણ ન હોવાથી (વ્યવહારથી) એમાં પાણી ઝડપથી જઈ શકતું નથી.

જ્યાં એક જ કુંડીમાં ૧૫-૨૦ સંયમીઓના માત્રા પરઠવાતા હોય ત્યાં ૧૫ દિવસ કે મહિના બાદ એ કપચી અડધા-એક વેંત જેટલી દૂર કરીને જોશો તો પ્રાયઃ નીચે ખદબદતા કીડાઓ દેખાશે.

એટલે જો સીધી જમીન મળતી હોય તો આવી કપચીવાળી કુંડીઓ, રેતી વાળી કુંડીઓ વિગેરેનો ઉપયોગ ન કરવો. ચોમાસામાં બધી જમીનો નિગોદવાળી થવાને લીધે કે એવા કોઈ કારણસર પછી કુંડી વિગેરેમાં પણ પરઠવવું પડે.

આમાં ઘણી બાબતો છે. એ અમે વિરતિદૂતમાં જણાવીશું.

શક્ય હોય તો સૂર્યાસ્ત કરતા ૪૫ મિનિટ પૂર્વે આ વસતિ જોઈ લેવી. છેવટે મોડામાં મોડું

સૂર્યાસ્ત થાય ત્યાર પછી ૧૫ મિનિટ સુધીમાં તો વસતિઓ જોઈ જ લેવી. એ પછી પ્રકાશ ન રહેવાથી વસતિ જોવાનો કોઈ અર્થ સરતો નથી.

**૬૫. હું મારો માત્રાનો પ્યાલો જાતે જ પરઠવીશ.**

પ્રાચીનકાળમાં સાધુઓમાં શેષકાળમાં પ્યાલાનો ઉપયોગ જ ન હતો. અપવાદમાર્ગે જ શેષકાળમાં સાધુઓ પ્યાલાનો વપરાશ કરતા. સાધ્વીજીઓ ૧૨ માસ પ્યાલાનો વપરાશ કરતા. ઉપાશ્રય વિગેરેના વિશાળ વરંડામાં કે એવી કોઈ જગ્યામાં જ માત્રુ જઈ આવતા. સાધુઓ એટલે "માત્રાનો પ્યાલો કોણ પરઠવે ?" એવો પ્રશ્ન જ ઉભો ન થતો.

પણ આજે જે રીતે ઉપાશ્રયાદિની વ્યવસ્થા હોય છે એ મુજબ તો પ્યાલાનો ઉપયોગ આવશ્યક બન્યો છે. હવે કેટલાક સંયમીઓ આળસને કારણે પ્યાલો બીજાને પરઠવવા આપી દે છે. ચાર-આઠ વર્ષના પર્યાયવાળા સંયમીઓ પણ પોતાનાથી નાનાને પ્યાલો પરઠવવા આપી દેતા હોય છે. નાનાઓ ભક્તિભાવથી આ વૈયાવચ્ચ સ્વીકારતા હોય છે.

આમાં નાનાઓને તો નિર્જરા થવાની જ. પણ જે સંયમીઓ આ રીતે બીજાને જ પ્યાલો આપી દેવાની ટેવવાળા બને છે. તેઓ ધીમે ધીમે એવા આળસ કે પ્રમાદના ભોગ બને કે જ્યારે કોઈ નાનો સંયમી એ પ્યાલો લઈ જવા માટે ઉભો ન હોય ત્યારે પણ વડીલ સંયમી પ્યાલામાં માત્રુ કરીને મૂકી રાખે. મનમાં વિચારે કે "કો'ક માત્રુ કરવા જશે, ત્યારે લઈ જશે." અને આવી રીતે ઘણીવાર ૪૮ મિનિટ સુધી પ્યાલા પડ્યા રહે. સંમૂર્ચ્છિમની વિરાધના થાય.

અથવા તો વડીલ સંયમી પ્યાલામાં માત્રુ કરીને જાતે પરઠવવા જવાની આળસને કારણે નાનાઓને આદેશ કરી દે કે "મારો પ્યાલો પરઠવી આવો." પેલા નાના સંયમી કામમાં, સ્વાધ્યાયાદિમાં હોવા છતાં ના-છૂટકે જાય. પણ ધીમે ધીમે એમનો સદ્ભાવ તુટતો જાય.

જે વડીલ સંયમીઓને અનેક શિષ્યો હોય, બધા સેવા માટે દોડધામ કરવાના ઉલ્લાસવાળા હોય એ વડીલ સંયમીઓ પ્યાલો બીજાને આપી દે એ હજી ચાલે. પણ જેઓને કોઈ શિષ્ય નથી. શિષ્ય છે, તો એવા ઉલ્લાસ, ભક્તિભાવવાળો નથી. જે વડીલોનો વિશિષ્ટ દીક્ષાપર્યાય પણ નથી. રે ! પર્યાય હોય તો પણ એવું પુણ્ય નથી. તેઓ જો શિષ્યને કે બીજાઓને પ્યાલો આપતા થશે, તો તેઓ અપ્રીતિનું ભાજન બનવાની શક્યતા વધુ છે.

ચાતુર્માસમાં એક ગુરુ અને બે શિષ્યો સાથે હતા. ગુરુજી રોજ રાત્રે અગિયાર વાગ્યા સુધી શ્રાવકો સાથે ચર્ચા-વિચારણા કરે. વિનયી શિષ્યો દસ-સાડાદસ સુધી પાઠ કર્યા પછી સંથારો કરતા પહેલા છેલ્લીવાર માત્રુ જાય અને ગુરુજીને વિનંતિ કરે કે "પધારો, માત્રુ કરી લો." ગુરુજી જવાબ આપે. "હમણાં મારે મીટીંગ ચાલે છે." અને શિષ્યો માત્રુ પરઠવી દઈ આખા દિવસના પરિશ્રમને લીધે સાડાદસ વાગે સંથારી જાય. એ પછી ગુરુ અગિયાર વાગે મીટીંગ પુરી કરીને પ્યાલામાં માત્રુ કરે. હવે પરઠવવા કોણ જાય ? ગુરુજી અડધો કલાક પહેલા જ થાકીને ઘસઘસાટ ઉંઘી ગયેલા શિષ્યને ઉઠાડે અને માત્રુ પરઠવવા જવાનો આદેશ કરે. પણ થોડુંક ચાલીને પોતે માત્રુ પરઠવવા ન જાય. પેલો શિષ્ય ! ઊંઘ બગડે, કંટાળે છતાં ના-છૂટકે પ્યાલો પરઠવી આવે.

માત્ર મુનિપદવીવાળા ગુરુજીના આવા વર્તન પછી શું એ શિષ્યો ગુરુ પ્રત્યે સદ્ભાવ ટકાવી શકે ખરા ? શિષ્યો પાસે સાચા શિષ્યત્વની અપેક્ષા રાખનારા ગુરુઓએ પોતાના સાચા ગુરુત્વને વિકસાવવુ ન જોઈએ ? શિષ્યની ઉંઘ ન બગડે એ માટે શિષ્ય પ્રત્યેના વાત્સલ્યભાવથી પ્રેરાઈને, આખો દિવસ એકપણ કામ ન કરનારા ગુરુજી શું એક પ્યાલો પરઠવી ન શકે ?

એની સામે આજે એવા ય ગુરુઓ છે કે જેમનું માત્રુ પરઠવવા બીજા સાધુઓ ખૂબ ઈંતેજાર હોવા છતાં, ઘોર તપસ્વી હોવા છતાં ય એ ગુરુઓ પોતાનું માત્રુ જાતે પરઠવે છે.

સુખી થવું હોય, આદેય બનવું હોય તો સ્વાધીનતા કેળવવી જ પડશે.

એક મહાન આચાર્ય ભગવંત એકવાર રૂમમાં બેસી સંઘના શ્રાવક સાથે અગત્યની ચર્ચા કરતા હતા. ત્યાં જ બાજુમાં આરામ કરતો બાળ સાધુ ઉઠીને કહે "મારે માત્રુ જવું છે." બહારના હોલમાં ૪૦-૫૦ સાધુઓ હોવા છતાં આચાર્યદેવ જાતે ઉભા થયા. પ્યાલો લઈ બાળસાધુને આપ્યો અને પછી પાછળના રસ્તેથી જાતે માત્રુ પરઠવી આવ્યા. આશ્ચર્ય પામેલા સંઘના અગ્રણી શ્રાવકે પુછયું કે "સાહેબ! બહાર હોલમાં ૪૦-૫૦ સાધુ હાજર છે. આપે બુમ મારી હોત તો ય કોઈપણ સાધુ આવીને માત્રુ પરઠવી આવત. આપ આચાર્ય થઈને માત્રુ પરઠવવા ગયા ?"

ત્યારે ગુરુદેવ બોલ્યા "મને બાળસાધુની વૈયાવચ્ચનો લાભ ક્યાંથી મળે ?"

મારી દૃષ્ટિએ તો જે સંયમીઓની સેવા કરવા માટે એમના ઘણાં શિષ્યો તલપાપડ છે. એવા સંયમીઓ સિવાયના બાકીના નાના-મોટા, તમામ સંયમીઓએ પોતાનો માત્રાનો પ્યાલો જાતે જ પરઠવવાની દૃઢ પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ.

<u>૬૬. હું માત્રુ કર્યા પછી તરત જ પ્યાલો પરઠવી આવીશ. રાખી મૂકીશ નહિ.</u>

કેટલાંક સંયમીઓ પ્યાલામાં માત્રુ કર્યા બાદ બીજું કોઈક કામ યાદ આવતા એમ વિચારે કે "આ કામ પતાવીને પછી પ્યાલો પરઠવી આવીશ." દા.ત. થોડાક સાધુઓને વંદન બાકી છે. કે થોડુંક જ લખવાનું બાકી છે કે ૧૦-૧૫ મિનિટમાં જ પાઠ પતી જશે, પાઠ પતાવી દઉં. કે ૧૦-૨૦ મિનિટ આરામ કરી લઉં. કે ગુરુમહારાજે સોંપેલું કામ પતાવી દઉં.

આવા અનેક કારણસર માત્રુ કર્યા પછી તરત જ પરઠવવાને બદલે મૂકી રાખે. મનમાં વિચારે કે "પછી પરઠવી દઈશ."

પણ વર્તમાનકાળના જીવોની યાદશક્તિ, ઉપયોગદશા, અપ્રમત્તતા કેટલી ? એટલે પછી એ સંયમી પ્યાલો પરઠવવાનો ભુલી જાય. કલાક-બે કલાક પણ થઈ જાય. પછી જ્યારે કો'કની નજરમાં એ પ્યાલો આવે. બુમો પાડે ત્યારે પેલા સંયમીને યાદ આવે કે 'મારો પ્યાલો રહી ગયો.' પણ હવે શું? સંમૂર્ચ્છિમની વિરાધના તો થઈ જ ગઈ.

ઘણીવાર તો આખી રાત સુધી પ્યાલો પડ્યો રહે અને છેક સવારે ય પ્યાલો પરઠવાય. એક સંયમી અડધી રાત્રે માત્રાની તીવ્ર શંકા થવાથી અડધી ઉંઘમાં ઉભો થઈને પ્યાલામાં માત્રુ તો કરી આવ્યો. પણ પછી "થોડી વાર ઉંઘીને પરઠવીશ." એમ વિચારી ઉંઘી ગયો અને સીધી સવાર જ પડી.

અસંખ્ય સંમૂર્ચ્છિમજીવોની વિરાધના કોઈપણ ભોગે ન જ થવા દેવાય. માટે જ બીજા બધા કામ

પડતા મૂકીને માત્રુ કરતાની સાથે જ પ્યાલો પરઠવવા જતા રહેવું. રે ! એક મિનિટ કોઈકની સાથે વાત કરવા પણ ઉભા રહેશો તો એમાં ય ઉપયોગ જતો રહેશે અને વિરાધના થશે. એટલે બીજું બધું બાજુ પર રાખીને માત્રુ કરતાની સાથે જ પ્યાલો પરઠવવા જવાની આ પ્રતિજ્ઞા ધારણ કરવી.

<u>૯૭. હું જમીનથી વધુમાં વધુ ૪-૬ આંગળ જ પ્યાલો ઉંચો રાખીને માત્રુ પરઠવીશ.</u>

કેટલાંકો દાદરા નીચે ઉતર્યા વિના જ બે-ત્રણ હાથ ઉપરથી પણ માત્રુ નીચે પરઠવે. કેટલાંકો છેક પહેલે માળેથી પણ માત્રુ નીચે પરઠવે. નીચે રહેલી નિગોદની વિરાધનાની, આવી રીતે નાંખવાથી થતી વાયુકાયની વિરાધનાની જેને કોઈ પરવા ન હોય તેઓ જ આવી રીતે માત્રુ પરઠવી શકે.

વિધિ તો આ જ છે કે જમીનની એકદમ નજીક પ્યાલો લઈ જઈને માત્રુ પરઠવવું. બે આંગળીનું જ જમીન અને પ્યાલા વચ્ચે અંતર હોય તો એ શ્રેષ્ઠ જયણા કહેવાય. વધુમાં વધુ ૪-૬ આંગળ હજી ય ચલાવીએ. પણ ક્રિકેટ મેચમાં ક્રિકેટરો જેમ બોલ ફેંકે એમ સંયમીઓ માત્રુ ફેંકે તો એ અત્યંત નિંદનીય કાર્ય બને.

અલબત્ત પ્રાયઃ આવું કોઈ સંયમીઓ કરતા નહિ જ હોય. છતાં કોઈકમાં પણ આવા ખરાબ સંસ્કાર ઘુસી ન જાય એ માટે આ કાળજી - સૂચના કરવી જરૂરી છે.

<u>૯૮. હું સ્થંડિલ કે માત્રુ પરઠવતા પહેલા 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલીશ અને પરઠવ્યા બાદ 'વોસિરે' બોલીશ.</u>

જ્યાં માત્રુ પરઠવીએ તે સ્થાનના જે માલિક હોય, તે દેવોની રજા લેવા માટે પ્રથમ શબ્દ છે કે "જે દેવનો આ અવગ્રહ હોય. તે મને અનુમતિ આપો. જેથી હું અહીં માત્રુ પરઠવું." આ રીતે દેવની અનુજ્ઞા લીધા બાદ માત્રુ પરઠવીએ તો તે તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ કોઈપણ પ્રકારની હેરાનગતિ ન કરે. પણ જો આ રજા લીધા વિના પરઠવીએ તો એક તો ચોરીનો દોષ લાગે. ઉપરાંત જો તે દેવ વીફરે તો આપણને ઘણું નુકશાન પણ કરે. રસ્તામાં ગમે ત્યાં માત્રુ - ઠલ્લે બેઠેલા સંયમીઓને ભૂત-પ્રેત વળગી ગયા હોવાના ઘણા પ્રસંગો સાંભળવા મળે જ છે.

હાથમાં માત્રાનો પ્યાલો હોય ત્યારે તો કંઈપણ બોલી ન શકાય એટલે પ્યાલો જમીન ઉપર મૂકી પછી સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલી પછી પ્યાલો પરઠવવો. એ પછી પાછો પ્યાલો નીચે મૂકી 'વોસિરે' (કેટલાંકો ત્રણવાર પણ બોલે છે) બોલવું. પછી પ્યાલો લઈ શકાય.

કેટલાંક વળી આ રીતે પ્યાલો લે-મૂક કરવાને બદલે મનમાં જ ઉપર પ્રમાણે શબ્દો બોલી દે છે. "એ ચાલે કે કેમ ?" એ પોત-પોતાના સમુદાયના અગ્રણી મહાત્માઓને પુછીને નક્કી કરવું.

જેમ માત્રુ પરઠવતી વખતે આદેશ માંગીએ છીએ. એમ જ્યાં ઉતરીએ ત્યાં શ્રાવકોને પણ પુછી લેવું જોઈએ કે "અહીંયા ક્યાં ક્યાં માત્રુ પરઠવી શકાશે ?" વર્ષોથી તે સ્થાનના અનુભવી શ્રાવકો માત્રુ માટેના યોગ્ય સ્થાન બતાવશે અને જો કો'ક સ્થાને પરઠવવામાં પૂર્વે ઝઘડા વિગેરે થયા હશે તો તેનો નિષેધ પણ કરશે એટલે પછી સંયમીઓ દ્વારા શાસનહીલનાની પ્રવૃત્તિ નહિ થાય.

પાનોલી જેવા સંપૂર્ણ મુસ્લિમ વસતિ ધરાવનારા ગામમાં જૈનોનું જે વિહાર ધામ છે ત્યાં આવું બોર્ડ પણ મૂકાયું છે કે "સાધુ-સાધ્વીજીઓએ કંપાઉન્ડની બહાર ક્યાંય ઠલ્લે-માત્રુ પરઠવવા નહિ."

આવા બોર્ડો હવે તો ઘણી જગ્યાએ જોવા મળે છે.

આ રીતે શ્રાવકોને પુછીને માત્રુ માટેના સ્થાનો જાણી લેવા એ પણ એક જાતની "અણુજાણહ જસ્સુગ્ગહો"ની જ ક્રિયા થયેલી ગણાય.

<u>૬૯. હું એક / દોઢ / બે કિલોમીટરની અંદર જો સ્થંડિલ જવાની જગ્યા હશે તો બહાર જ સ્થંડિલ જઈશ પણ વાડાનો ઉપયોગ નહિ કરું.</u>

પ્રાચીનકાળમાં ગામડાઓમાં જ મોટા ભાગે રહેનારા સંયમીઓને સ્થંડિલની જગ્યા માટેનો પ્રશ્ન લગભગ સતાવતો ન હતો.

આજે સાચા કે ખોટા પણ અનેક કારણોસર સંયમીઓનો રહેવાસ શહેરોમાં, ભરચક વસ્તીમાં વધતો ગયો. સ્થંડિલની જગ્યાની મુશ્કેલીઓ ઉભી થવા માંડી. છતાં આજે અનેક સાધુઓ બોમ્બે, અમદાવાદ, સુરત જેવા સ્થાનમાં પણ નિર્દોષ સ્થંડિલભૂમિમાં જ સ્થંડિલ જાય છે. ઘણા સાધુઓએ કહ્યું કે "બોમ્બેના દરેકે દરેક સ્થાનોમાં સ્થંડિલ જવા માટેની જગ્યા મળે છે."

પણ એ બધી જગ્યાઓમાં જરાક પણ શાસનહીલના ન થાય એની કાળજી કરવી ખૂબ જરૂરી છે. પ્રાચીનકાળમાં સંડાસની વ્યવસ્થા ન હોવાથી બધા લોકો ખુલ્લામાં જ સ્થંડિલ જતા. પણ વર્તમાનકાળમાં સંડાસમાં જ જનારા અજૈન શહેરીઓ સાધુ-સાધ્વીઓની ખુલ્લામાં ઠલ્લે જવાની પ્રવૃત્તિને અત્યંત ઘૃણાસ્પદ ગણે છે. સંમૂર્ચ્છિમની વિરાધના, અપ્કાયની વિરાધના વિગેરે ગણિતો એ મિથ્યાત્વીઓને કોણ સમજાવે ? અને એટલે જ એ બધામાં સંયમીઓની સ્થંડિલ પ્રવૃત્તિ નિમિત્તે પુષ્કળ હીલના થવા પામી છે. "આ પ્રશ્નનો ઉકેલ કેવી રીતે આવશે ?" એ જ સમજાતું નથી.

'સંડાસમાં ન જ જવાય.' એવો નિયમ લગભગ બધા સંયમીઓ જાણે જ છે અને મોટાભાગે પાળે પણ છે. પણ એ નિયમ સાચવવા માટે વિકલ્પરૂપે ત્રણ વસ્તુઓ છે. (૧) ખુલ્લામાં સ્થંડિલ જવું (૨) પ્યાલામાં કરી તે તે યોગ્યસ્થાને પરઠવી દેવું. (૩) વાડામાં જ જવું. ભંગી વિગેરે એને સાફ કરી દે.

જો સંયમીઓ શહેરો છોડી દે તો શ્રેષ્ઠકક્ષાનો પ્રથમ વિકલ્પ છે. અલબત્ત, શહેરોમાં આ વિકલ્પ પળાય છે ખરો. પણ એ ખૂબ જોખમમાં છે. અવનવા પ્રસંગો બને છે અને એ રીતે ખુલ્લામાં સ્થંડિલ જવું શહેરોમાં કપરું બનતું જાય છે. બે વર્ષ પહેલા જ એક સંયમી બોમ્બેમાં રેલ્વેના ડબ્બાઓની પાછળ સ્થંડિલ બેઠો. બે-ત્રણ પોલીસો ત્યાં ફરતા ફરતા આવ્યા. સંયમીને જોઈ ગુસ્સે થઈ જેમ તેમ બોલ્યા, "તમે અહીં બધી જગ્યા બગાડો છો ? અમારા બુટ બગડે છે, અહીં ચાલવાથી..."

ખુલ્લામાં સ્થંડિલ ગયેલા એક સંયમી ઉપર ગુસ્સે ભરાયેલા જૈન બહેને વહેલી સવારે ઉપરથી ડોલ ભરીને પાણી રેડ્યું. એક અતિવિરાટ બગીચામાં ઠલ્લે જતા સંયમીઓને કેટલાંક દિવસ બાદ ત્યાંની વ્યક્તિઓએ ધમકી આપી કે, "જો હવે અહીં ઠલ્લે આવ્યા છો, તો તમને માર મારશું."

આવા તો અનેક અનુભવો અનેકોને થયા છે. એટલે આ નિયમમાં જે બહાર સ્થંડિલ જવાનો આગ્રહ બતાવાયો છે એમાં એ જગ્યાએ જવામાં લેશ માત્ર પણ શાસનહીલનાનો ભય ન હોય તો જ સમજવો.

જો સીધા ઠલ્લે જવામાં આવી મુશ્કેલીઓ પડતી હોય તો બીજો વિકલ્પ "પ્યાલામાં જઈને પરઠવી

આવવાનો." પણ ઘણા સંયમીઓ અપનાવે છે. અલ્પ અવરજવરવાળા સ્થાનોમાં આ વિકલ્પ હજી માન્ય બને. પણ ભરચક સ્થાનોમાં આ વિકલ્પ કદિ ન અપનાવાય.

બોમ્બેમાં સ્થંડિલનો પ્યાલો લઈને એક સંયમી રસ્તો ઓળંગતો હતો. ઘણી ભીડને કારણે એક વાહન સાથે અથડાયો. પડ્યો, બેભાન થયો. પછી શું થયું ? એ મને ય ખબર નથી. પણ આવા વખતે પ્યાલો પડે, એમાંથી સ્થંડિલ બહાર પડે. હજારો લોકો જુએ તો શાસનની કેવી ઘોર અપભ્રાજના થાય?

પ્યાલામાં સ્થંડિલ જઈને કો'ક નિર્જન દેખાતા ઘરની બહાર ઠલ્લે પરઠવતા સંયમીને એ જ ઘરના માલિક જોઈ ગયા અને ઉપાશ્રયે આવી લાકડીઓ મારીને સંયમીને લોહી કાઢ્યા હોવાના પ્રસંગો પણ છે.

એક મોટા શહેરમાં હલકી કોમના રહેઠાણોની વચ્ચેથી પસાર થઈને સંયમીઓ પરઠવવા જતા હતા. આ ખબર એ હલકા માણસોને ખબર પડી અને તેઓ ઘોર નિંદા કરવા લાગ્યા. "છી ! આ બધા કેવા ગંદા છે. સંડાસ ઉંચકીને જાય છે."

આવા ઢગલાબંધ પ્રસંગો જાણ્યા બાદ પ્યાલામાં જઈને સ્થંડિલ પરઠવવા જવામાં પણ ખૂબ જ જોખમ લાગે છે. હા ! જ્યાં લોકોની અવરજવર ઓછી હોય અને ઉપર બતાવેલા કોઈપણ દોષની શક્યતા ન હોય ત્યાં જવામાં હજી વાંધો નથી. પણ સંયમીઓ વિવેક ન રાખે અને 'દૂર ન જવું પડે માટે' ગમે ત્યાં સ્થંડિલ નાંખી દે તો તો ક્યારેક હાહાકાર મચી જવાની પાકી શક્યતા છે.

એટલે જો બહાર જવાની જગ્યા કે પ્યાલો પરઠવવાની જગ્યા પણ ન મળે તો પછી છેવટે ત્રીજો વિકલ્પ છે 'વાડાનો' પણ એમાં ય સંયમ વિરાધના ઓછી નથી. (૧) કેટલાંય દિવસો સુધી એ સ્થંડિલના ટબ વાડામાં પડ્યા રહે. એમાં સંમૂર્ચ્છિમની વિરાધના તો ખરી જ. ઉપરાંત કીડાઓ પણ ઉત્પન્ન થતા હોય છે. (૨) ભંગી એ બધું છેવટે સંડાસમાં કે ગમે તેવા કચરાવાળા સ્થાનમાં નાંખે એટલે અપૂકાય વિગેરેની ભયંકર વિરાધના થાય. (૩) પ્રાયઃ અત્યારે જે નવા કાયદા આવ્યા છે એ પ્રમાણે માણસો પાસે આવા ગંદા ઉપડાવવાના કામ કરાવનારને જેલ વિગેરે સજાઓ થાય. એટલે હવે પુષ્કળ પૈસા આપીને પણ માણસો પાસે આ કામ કરાવવામાં ઘણું જ જોખમ છે. (૪) દેરાસરની બહાર ભીખ માંગતા ભિખારીને ટ્રસ્ટીએ કહ્યું કે, "બોલ ! તું આ સ્થંડિલના પ્યાલાઓ નાંખી આવવાનું કામ કરતો હોય તો મહીનાના ૧૫૦૦ - ૨૦૦૦ રૂા. આપું." ભિખારીએ ઘસીને ના પાડી દીધી. આનો અર્થ એ કે કો'ક માણસો આ કામ કરતા હોય તો પણ અંદર તો એમને દુગંછા, સાધુઓ પ્રત્યે અરુચિ વિગેરે થવાની ઘણી સંભાવનાઓ છે.

એટલે હવે "શું કરવું ?" એ તો સંયમીઓ જાતે જ વિચારે. એક વાત નક્કી છે કે જીવ વિરાધના વિગેરે બધા દોષો કરતા શાસનહીલના, લોકોમાં સાધુઓની નિંદા એ સૌથી ભયંકર પાપ છે. એ ન જ થવું જોઈએ. એ માટે બીજા જે રસ્તા અપનાવાય એ અપનાવવા.

જો ગામડાઓ કે નાના શહેરો પકડી લેવામાં આવે તો ત્યાં પુષ્કળ સ્થંડિલભૂમિ મળતી હોય છે. પરઠવવાનો પણ કોઈ વાંધો આવતો નથી. (જો કે ત્યાં હવે જૈનોની વસ્તી ઘટી છે.)

જો મોટા શહેરમાં રહો તો જો એક-બે કિ.મી. દૂર જવાની તૈયારી રાખો તો મોટા શહેરોમાં પણ એટલે દૂર તો લગભગ જગ્યા મળી રહે છે. એમાં હીલના પણ થતી નથી. એટલે એ અપેક્ષાએ આ

નિયમ બનાવેલો છે.

આ નિયમ સાધ્વીજીઓ માટે નથી. સાધ્વીજીઓએ શીલરક્ષાને પ્રધાન રાખી એ પ્રમાણે પ્રવૃત્તિ કરવી. જો બહાર તેવા તેવા સ્થાનોમાં ઠલ્લે જવામાં જોખમ જણાતા હોય તો એ હિંમત કરવા જેવી નથી. બે વર્ષ પૂર્વે વહેલી સવારે રેલ્વેના પાટે ઠલ્લે ગયેલા નૂતનદીક્ષિત (કે જેમના હાથની મહેંદીના રંગ પણ સુકાયા ન હતા) સાધ્વીજી ચાર ગુંડાઓનો ભોગ બન્યા, મૃત્યુ પામ્યા.

સાધ્વીજીઓએ બહાર સ્થંડિલ જવું જ હોય તો પણ એકલા તો ન જ જવાય. ગમે તે રીતે ઓછામાં ઓછા બે સાધ્વીજીઓએ સાથે જવું પડે. જો થોડોક પણ ભય ઊભો હોય તો વાડાનો ઉપયોગ કરવામાં ઓછો દોષ છે એવું લાગે છે.

આજે મુંબઈમાં ઘણે ઠેકાણે વાડાઓને બદલે સાધુ-સાધ્વીજીઓ માટે સંડાસની જ વ્યવસ્થા શરૂ થઈ ચૂકી છે અને કેટલાંક સંયમીઓ સંડાસનો ઉપયોગ કરતા પણ થઈ ગયા છે. શહેરમાં રહેવાના કોઈ પુષ્ટ કારણ ન હોવા છતાં શહેર છોડવું નથી અને આવા અનેક અસંયમનો ભોગ બનવું છે.

ખબર નથી પડતી કે ભવિષ્ય શું હશે ? ધીરે ધીરે કરતાં સાધ્વાચારનો સમૂળગો વિચ્છેદ થઈ રહેલો જોઈને અતિશય ખેદ થાય છે. પણ શું કરવું ? કોની આગળ જઈને ફરિયાદ કરવી ? કોણ માનશે આ સત્ય હકીકત !

ખેર ! જેઓ આત્મહિત ઈચ્છતા હોય તેઓ વહેલી તકે શહેરોને છેલ્લી સલામ ભરી મધ્યમ શહેરો-ગામડામાં જતા રહે એવી શિખામણ આપવાનું મન થાય છે.

<u>૭૦. હું મારા પાત્રા, ટોક્સી, દોરા વિગેરેનું દિવસમાં બે ટાઈમ પ્રતિલેખન કરીશ.</u>

જે ઉપધિનો ઉપયોગ ન થતો હોય એવી ઉપધિનું પણ દર પંદર દિવસે પ્રતિલેખન કરવું પડે. પણ રોજીંદા વપરાશની તમામ વસ્તુઓનું રોજ બે ટાઈમ પ્રતિલેખન કરવું જ પડે. એમાં પાત્રા, ઝોળી અને પલ્લાનું પ્રતિલેખન તો બધા કરે જ. પણ તરપણીના દોરા, ઘડાના દોરા, ટોક્સીઓ કે નાની પાતરીઓ વિગેરે વસ્તુઓનું પ્રતિલેખન ઘણીવાર રહી જતું હોય છે. આ બધી વસ્તુઓ કો'ક સંયમી વાપરવા લઈ જાય, પછી ગમે ત્યાં મૂકી દે વિગેરે કારણસર જલ્દી આડી-અવળી થઈ જાય. પણ પાત્રા પ્રતિલેખન વખતે એ બધી જ વસ્તુઓ ભેગી કરી લેવી જોઈએ. અને બધાનું પ્રતિલેખન થવું જોઈએ.

કેટલાંકો તો પોતાના દોરા-ટોક્સી વિગેરેને શોધવા ય ન નીકળે. "એનું પ્રતિલેખન થયું છે કે નહિ ?" એની કોઈ તપાસ, કાળજી ન કરે. વિહાર કરવાનો વખત આવે ત્યારે પછી શોધવા નીકળે અને એ વખતે પ્રતિલેખન કરે.

એક આચાર્યદેવની તરપણીની ટોક્સી સાંધવાદિ કોઈક કારણસર એમના શિષ્યે બહાર આપી અને એના બદલે બીજી ટોક્સી મૂકી. સાહેબજીએ તરત પુછ્યું કે 'ટોક્સી ક્યાં ગઈ ?' શિષ્યે કહ્યું કે 'સાંધવાદિ માટે શ્રાવકને આપેલ છે.' એટલે સાહેબે ઠપકો આપ્યો, "એનું પ્રતિલેખન કોણ કરશે ? આ રીતે આપણી વસ્તુ લાંબા ટાઈમ માટે શ્રાવકોને કેવી રીતે અપાય ?" અને પ્રાયશ્ચિત્ત રૂપે સાહેબે આંબિલ કર્યું.

કોઈપણ વસ્તુનું પ્રતિલેખન રહી જાય તો શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત બતાવેલ છે.

ખરેખર તો આપણે જે સંયમીની જે કોઈપણ વસ્તુ લીધી હોય આપણે જ એને એ વસ્તુ પહોંચાડવાની ટેવ પાડવી જોઈએ. ગોચરીમાં પણ આપણી પાસે બીજા કોઈના પાત્રા-તરપણી આવ્યા હોય તો એ તે તે સંયમીને પહોંચાડી દઈએ તો ઉપરની મુશ્કેલીઓ ઘણી ઘટી જાય.

<u>૭૧. હું વધારાની ઉપધિનું પ્રતિલેખન દર ચૌદશે કરી લઈશ.</u>

શિયાળામાં વાપરવાની કામળી શેષ આઠ મહિના વાપરવાની ન હોવાથી એનો વીંટીયો બનાવી દેવામાં આવે છે. એમ જ્યારે વિહાર ન હોય ત્યારે ઉપધિ બાંધવાનું વસ્ત્ર, પ્લાસ્ટીક, ઓઘો બાંધવાનું સાધન, થેલાં વિગેરે પણ વપરાશ વિનાના જ પડ્યા હોય. ચોમાસામાં ઝોળી ઉપરના બે ગરમ વસ્ત્રો પણ વધારાના હોય છે. એ બાંધવાના નથી હોતા. આ ઉપરાંત કોઈક વસ્ત્ર ફાટી ગયેલું હોય તો એ પણ વપરાશ વિના રાખી મૂકવામાં આવે છે. (ભવિષ્યમાં વપરાશ થશે એ આશયથી) એમ મોટા ગ્રુપોમાં માંડલીની ઉપધિ પણ હોય. જેમાં વધારાની કામળીઓ, કાપડના તાકાઓ, સ્ટેશનરીઓ વિગેરે પણ હોય છે.

આવી બધી વસ્તુઓનું રોજેરોજ પ્રતિલેખન કરવાની જરૂર નથી. પણ દર પંદર દિવસે એટલે કે ચૌદશને દિવસે એ વધારાની તમામે તમામ ઉપધિઓનું પ્રતિલેખન કરવું પડે.

આપણે પાક્ષિક અતિચારમાં બોલીએ જ છીએ કે "અધિકો ઉપકરણ વાપર્યાં. **પર્વતિથિએ પડિલેહવો વિસાર્યો.**" અહીં વધારાની ઉપધિનું દર ચૌદશે પ્રતિલેખન ન કરેલ હોય તો એની ક્ષમાપના માંગી છે.

કદાચ ચૌદશના દિવસે બીજા કામો હોવાના કારણે વધારાની ઉપધિનું પ્રતિલેખન ન કરી શકાય. ભુલી જવાય તો પછી પુનમ/અમાસ, એકમના દિવસે પણ પ્રતિલેખન કરી લેવાથી સાપેક્ષભાવ જળવાઈ રહે.

ધારો કે નોમના દિવસે વિહાર હોવાથી ત્યારે વીંટીયા બંધન વિગેરેનું પ્રતિલેખન કર્યું હોય અને પછી મહીના સુધી વિહાર ન હોવાથી એ બધું એકબાજુ મૂકી દીધું હોય. હવે સંયમી ચૌદશના દિવસે વિચારે કે "ચાર-પાંચ દિવસ પહેલા જ પ્રતિલેખન કર્યું જ છે તો પછી આજે કરવાની શી જરૂર ?" તો એ ન ચાલે. એણે પ્રતિલેખન કરવું જ પડે. (ખરેખર તો તેરસના દિવસે પ્રતિલેખન કર્યું હોય અને ચૌદશથી વિહાર બંધ થતો હોય તો પણ ચૌદશના દિવસે પ્રતિલેખન કરવું જ પડે એ જ વધુ યોગ્ય જણાય છે. પર્વતિથિએ કોઈપણ વસ્તુનું પ્રતિલેખન બાકી રહેવું ન જોઈએ એ આનો સાર છે. છતાં એ માટે વડીલોને પુછી લેવું.)

<u>૭૨. માત્રાનો પ્યાલો ૪૮ મિનિટમાં સુકાઈ જાય એની હું પાકી કાળજી રાખીશ.</u>

સંયમીઓ માત્રુ પરઠવ્યા બાદ પ્યાલાને ત્યાં જ સુકવવા મૂકી દેતા હોય છે. હવે જો (૧) એ પ્યાલો પ્લાસ્ટીકનો હોય તો ૪૮ મિનિટ પછી પણ એમાં માત્રાના ટીપાઓ ચોકખા જોવા મળતા હોય છે. એટલે સંમૂર્ચ્છિમની વિરાધનાની શક્યતા છે. (૨) પ્યાલો ધાતુનો બનેલો હોય તો એ ઉનાળામાં સુકાઈ જાય પણ શિયાળા કે ચોમાસાના વાતાવરણમાં એ પ્યાલો ૪૮ મિનિટે પણ સુકાતો નથી એવું ય જોવા મળે છે. (૩) પ્યાલો પરઠવતી વખતે બરાબર નીતારીને પરઠવ્યો ન હોય અને પછી પાળી વિગેરેના ટેકા ઉપર મૂકી રાખ્યો હોય તો ૪૮ મિનિટ પછી એ પ્યાલા ઉપર નજર કરશો તો ક્યારેક

(ચોમાસા - શિયાળામાં ખાસ) એવું જોવા મળશે કે પ્યાલો સુકાઈ ગયો હોય, પણ પ્યાલાનું જે માત્રુ નીતરી-નીતરીને ધાર પાસે જમીન ઉપર ભેગુ થયું હોય. તે સુકાયા વિના પડેલું હોય. એટલે એમાં સંમૂર્ચ્છિમની વિરાધના થાય.

એટલે જ માત્રુ પરઠવ્યા બાદ પ્યાલાઓને એમને એમ મૂકી દેવામાં સંયમહાનિ થવાની શક્યતા દેખાય છે.

કેટલાંક ગ્રુપોમાં આ વિરાધના અટકાવવા માટે જુનું મોટું વસ્ત્ર (સુતરાઉનું) રાખવામાં આવે છે. જેને **માતરીયું** કહે છે. માત્રુ પરઠવ્યા બાદ એ વસ્ત્રથી જ પ્યાલો લુંછી લેવાય છે એટલે સંમૂર્ચ્છિમની વિરાધના ન થાય. એ વસ્ત્ર જ્યાં બહુ પવન ન વાતો હોય ત્યાં બાંધી દેવામાં આવે છે. એટલે એની મેળે એ વસ્ત્ર સુકાઈ જાય. થોડીક વાયુકાયની વિરાધના થાય પણ સંમૂર્ચ્છિમની મોટી વિરાધનામાંથી બચી જવાય.

પ્રાચીનકાળમાં તો સંયમીઓ પ્યાલાનો ઉપયોગ જ લગભગ ન કરતા. વળી "તેઓના પ્યાલા માટીના હશે એવો મારો ખ્યાલ છે. કેમકે તે વખતે પ્લાસ્ટીક ન હતું. અને ધાતુઓની વસ્તુનો ઉપયોગ કરાતો ન હતો. એટલે તુટેલા ઘડાના ઠીકરા વિગેરે પ્યાલા તરીકે વપરાતા હોય એ શક્ય છે. એમાં તો માટી પોતે જ પાણીને ચૂસી લે એટલે પછી સંમૂર્ચ્છિમ થવાની શક્યતા લાગતી નથી.

કેટલાંક સંયમીઓને આવી રીતે પ્યાલાઓને માતરીયાથી લુંછવા વિગેરેમાં જુગુપ્સા થતી હોય છે. પણ એ ઉચિત નથી. આશય એ જ છે કે "કોઈપણ હિસાબે વિરાધના ન જ થવી જોઈએ." "માતરીયાનો ઉપયોગ કરવો જ પડે" એવો ભાર નથી. પણ સંમૂર્ચ્છિમની વિરાધના ન જ થવી જોઈએ એ વસ્તુ મહત્ત્વની છે.

કેટલાકો ઈંટ ઉપર પ્યાલાઓ મૂકીને સુકવે છે. એમાં લગભગ સુકાઈ જાય છે. પણ ભેજના વાતાવરણમાં પ્યાલાની અંદર ટીપાઓ રહી જવાનો પ્રશ્ન ઈંટ દ્વારા ઉકેલાતો નથી.

મારા ગ્રુપમાં તો દરેક છૂટા છૂટા ગ્રુપો માતરીયું રાખતા જ હોય છે.

<u>૭૩. હું પ્યાલો ખુલ્લા આકાશમાં નહિ મૂકી રાખું :</u>

પ્યાલો પરઠવીને પછી કુંડી ઉપર જ પ્યાલો સુકવી દઈએ તો જ્યારે કામળીકાળ થાય ત્યારે ઉપરથી પડતા સૂક્ષ્મ અપ્કાયની આપણા પ્યાલાના નિમિત્તે વિરાધના થાય એટલે સંયમીને દોષ લાગે. ભલે પ્યાલો મૂકતી વખતે કામળી કાળ ન હોય. પણ કલાક બે કલાકાદિ બાદ જ્યારે કામળીકાળ થશે ત્યારે તો સૂક્ષ્મ અપ્કાયની વિરાધના થવાની જ.

એટલે પ્યાલો કે કોઈપણ વસ્તુ ખુલ્લામાં ન મૂકતા અંદરના સ્થાનમાં જ મૂકવી.

વર્તમાનમાં એક એવા વિદ્વાન આચાર્ય છે કે જ્યારે તેઓ બહાર સ્થંડિલ જતા ત્યારે તરપણી, હાથ, હાથની આંગળીઓ વિગેરે જેટલી વસ્તુ વધુમાં વધુ કામળીની અંદર રહી શકે એનો પ્રયત્ન કરતા. બધું ગુપ્ત રીતે રાખતા. કામળીકાળની જયણા સાચવવા માટે 'હાથ સુદ્ધાં પણ બહાર ન રહી જાય.' એની કાળજી કરનારા મહાત્માઓ પણ જો આજે હોય તો પછી પ્યાલા વિગેરે વસ્તુઓ ખુલ્લા કામળીકાળમાં તો મૂકાય જ શી રીતે ?

કેટલાંક મહાસંયમી મહાત્માઓ કામળીકાળમાં દેરાસર પણ નથી જતા. ના-છૂટકે ઠલ્લે જવું પડે કે માત્રુ જવું પડે તો જાય.

એક મહાત્માએ તો કામળીકાળના જીવોની જયણા માટે પોતાનો થેલો, પ્યાલાબંધન વિગેરે પણ કામળી=ગરમ વસ્ત્રના જ જાતે જ તૈયાર કરી દીધા છે.

૭૪. હું બે ટાઈમ ઓઘાનું પ્રતિલેખન કરીશ, બાંધીશ.

સવારે અને સાંજે બે ય વખત ઓઘો આખો ખોલી, પ્રતિલેખન કરી ફરી પાછો બાંધવો જોઈએ. માત્ર ઉપરથી જ ઓઘાનું પ્રતિલેખન કરીએ તે ન ચાલે.

કેટલાંક સંયમીઓ એવું કરતા સાંભળ્યા છે કે પંદર દિવસ તો માત્ર ઉપરથી મુહપત્તી જ ફેરવીને ઓઘાનું પ્રતિલેખન કરી લે. છેક ચૌદશે આખો ઓઘો ખોલીને પ્રતિલેખન કરે. આ શાસ્ત્રીયવિધિ નથી. યતિદિનચર્યામાં કહ્યું છે કે મુહપત્તી, ઓઘો, બે નિષદ્યા (ઓઘારિયું-નિષેધિયું) ચોલપટ્ટો, ત્રણ કપડા (બે કપડા+એક કામળી) સંથારો+ ઉત્તરપટ્ટો આ ૧૦ વસ્તુ સૂર્ય ઉગ્યા પહેલા પ્રતિલેખન કરી લેવી. હવે જો ઓઘો ખોલીએ જ નહિ, તો ઓઘાના પાટાનું, બે નિષદ્યોનું પ્રતિલેખન ન થયું હોવાથી જિનાજ્ઞાભંગનો દોષ લાગે. [૪૪]ઓઘો બે ટાઈમ આખો ખોલીને પ્રતિલેખન કરવો, પાછો બાંધવો એ આચાર છે. આમ છતાં જો કોઈક સમુદાયની સામાચારી આવી જ હોય કે દર પંદર દિવસે ઓઘો બાંધવો તો તે સમુદાયના મહાત્માઓ એ પ્રમાણે કરી શકે. જો એ મહાત્માઓ પોતાના ગચ્છના ગીતાર્થ-સંવિગ્ન મહાપુરુષોએ પ્રવર્તાવેલી સામાચારી પ્રમાણે પ્રવૃત્તિ કરતા હોય તો એમને દોષ ન લાગે. બધા સંયમીઓએ પોત-પોતાના ગચ્છની સામાચારી પ્રમાણે વર્તવું હિતાવહ છે. પણ ગીતાર્થ સંવિગ્ન મહાત્માને ઉપરના શાસ્ત્રપાઠ અંગે પૃચ્છા કરી લેવી.

કેટલાંકો વળી એવું પણ કરે કે સાડા અગ્યાર વાગે ઓઘો ખોલી પ્રતિલેખન કરે અને પછી બાંધે નહિ. સાડાબાર પછી બપોરનું પ્રતિલેખન કરીને બાંધે. આમ બે ટાઈમ પ્રતિલેખન કરે પણ બે ટાઈમ બાંધે નહિ. એક જ વાર બાંધે. આ પણ ન ચાલે.

સવારે પાંચ વાના કરતી વખતે જ ઓઘો ખોલીને બાંધવો જોઈએ અને બપોરે બધી ઉપધિનું પ્રતિલેખન કર્યા બાદ ઓઘો બાંધવો જોઈએ.

સવારે વહેલો વિહાર હોય, ઉતાવળ હોય અને તેથી બાંધી ન શકાય. તો મોડામાં મોડી પાતરાના પ્રતિલેખન વખતે તો ઓઘો ખોલીને બાંધી જ લેવો. છેક ૧૧-૧૨ વાગે ઓઘો બાંધવો એ તો ઉચિત નથી જ લાગતું.

૭૫. હું ચાલુ પડિલેહણમાં કોઈની પણ સાથે વાતચીત નહિ કરું. સંપૂર્ણ મૌન રાખીશ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે [૪૫]પ્રતિલેખન કરતી વખતે જે સંયમી પરસ્પર વાતચીત કરે. કોઈકને સૂત્રાદિ આપે કે કોઈકના સૂત્રાદિ સાંભળે. રે ! કોઈકને પચ્ચક્ખાણ આપે તો પણ એ તેનો પ્રમાદ કહેવાય અને એ સંયમી ષટ્કાયનો વિરાધક ગણાય."

હવે જો ચાલુ પ્રતિલેખનમાં પચ્ચક્ખાણ આપવાનો કે સૂત્ર-અર્થ લેવા-આપવાનો પણ નિષેધ હોય તો બાકીની ચીલાચાલુ વાતચીતો કરવાનો તો નિષેધ હોય જ.

નિષેધનું કારણ પણ સ્પષ્ટ છે કે પ્રતિલેખન મુખ્યત્વે ઉપધિમાં રહેલા જીવો વિગેરેને સમ્યગ્ રીતે દૂર કરી એમની રક્ષા કરવા માટે કરાય છે. હવે જો એ વખતે સંયમી બીજી બધી વાતોમાં ધ્યાન આપે તો પ્રતિલેખનમાં બે-ધ્યાન બને અને તો પછી યોગ્ય જયણાનું પાલન ન કરી શકાય.

આમાં કેટલાંક સંયમીઓ એમ પણ કહે છે કે ધારો કે આઠ-દસ વસ્ત્રોનું પ્રતિલેખન કરવાનું હોય અને એમાં એક વસ્ત્રનું પ્રતિલેખન ચાલુ હોય તે વખતે કંઈ ન બોલાય. પણ એક વસ્ત્રનું પ્રતિલેખન કર્યા બાદ બીજા વસ્ત્રનું પ્રતિલેખન શરુ કરતા પૂર્વે બોલવામાં કોઈ વાંધો નથી. કેમકે આમાં પ્રતિલેખન બરાબર ન થાય કે બેધ્યાનતા રહે, એવું તો બનવાનું જ નથી. એટલે પ્રતિલેખનમાં બોલવાનો જે નિષેધ કર્યો છે, તેનો અર્થ આવો સમજવો કે એક વસ્ત્રનું પ્રતિલેખન ચાલતું હોય ત્યારે ન બોલવું."

આ વાત ઉચિત નથી લાગતી. કેમકે આવી રીતે તો પછી બધી ક્રિયાઓમાં અધવચ્ચે ક્રિયા અટકાવીને બોલવાની છૂટ માનવી પડશે. ચાલુ પ્રતિક્રમણમાં સૂત્રો બોલવાના બંધ કરીને વચ્ચે વાતચીત કરી શકાય અને વાતચીત પુરી થાય એટલે પાછી એ ક્રિયા શરૂ કરી શકાય. એટલે સૂત્રોમાં ઉપયોગ ન રહેવા રૂપ દોષ તો લાગવાનો જ નથી.

વળી હવે તો કોઈ એમ પણ કહે કે "એક વસ્ત્રનું અડધું પ્રતિલેખન થઈ ગયું અને એ વખતે કો'ક સંયમી એ પ્રતિલેખન અટકાવી દઈ વચ્ચે વાતચીત કરે અને એ પછી પાછું એ વસ્ત્રનું બાકી રહેલું અડધું પ્રતિલેખન કરે તો એ પણ ચાલી શકે."

પણ આવું તો માન્ય ન જ બને. એમ શરુ કરેલી પ્રતિલેખન ક્રિયા ત્યારે જ પૂર્ણ થયેલી ગણાય જ્યારે બધા વસ્ત્રોનું પ્રતિલેખન થઈ જાય એ પછી જ કંઈપણ બોલી શકાય.

હજી કદાચ વડીલોએ પુછેલા પ્રશ્નનો ઉત્તર આપવો વિગેરે અત્યંત આવશ્યક કારણોસર બોલવું જ પડે તેમ હોય તો ઉપરનો વિકલ્પ અપનાવાય કે એક વસ્ત્રનું પ્રતિલેખન પૂર્ણ કરી વચ્ચે ટુંકાણમાં ઉત્તર આપીને બીજું પ્રતિલેખન શરુ કરે.

એમ કોઈક પચ્ચક્ખાણ માંગે, કોઈ સવારના આદેશો માંગે, શ્રાવકો પૌષધના આદેશો માંગે... વિગેરે બધામાં આ સમજી લેવું. પણ લાંબી વાતચીત કરવી પડે તેમ હોય, એક કરતા વધારે વાક્યો બોલવા પડે તેમ હોય ત્યારે તો આ રીતે વચ્ચે બોલવાની છૂટ ન જ લેવાય.

આમ છતાં જો વચ્ચે બોલવું પડે, બોલાઈ જાય તો પછી ઇરિયાવહિ કરીને જ ફરી પ્રતિલેખન કરવું.

ચાલુ પ્રતિલેખનમાં ઠઠ્ઠા-મશ્કરી, હસી-મજાક જો કરાતી હોય તો એ તો અત્યંત ઘૃણાસ્પદ બાબત કહેવાય.

<u>૭૬. હું પ્રતિક્રમણાદિ કોઈપણ ક્રિયામાં વચ્ચે કંઈપણ બોલીશ નહિ. જો બોલવું પડે તો બોલ્યા બાદ ઈરિયાવહિ કરીને પછી બાકીની ક્રિયા કરીશ.</u>

કેટલાક સંયમીઓને એવી ટેવ હોય છે કે ચાલુક્રિયામાં પણ વચ્ચે વચ્ચે બીજાઓની સાથે વાતચીત કર્યા કરે. એમનું જગચિંતામણીથી જયવીયરાય સુધીનું ચૈત્યવંદન પુરું થતા સુધીમાં તો આઠ-દસ સ્ટેશનો થઈ જાય. દસ-પંદર મિનિટ એમાં પસાર થઈ જાય. આ કેવી ભયંકર ઉપેક્ષા કહેવાય,

જિનાજ્ઞા પ્રત્યેની ! બે-પાંચ મિનિટની નાનકડી ક્રિયા પણ વાતચીતોથી ભરી દેવામાં આવે એ કેટલું બધું અનુચિત ગણાય ?

ક્રિયાના પ્રત્યેક શબ્દોમાં ભાવોલ્લાસ ઉછળવાની વાત તો દૂર રહી પણ દ્રવ્યથી પણ જો શુદ્ધ ક્રિયા આપણે ન કરી શકીએ એ તો શોકનું જ કારણ છે.

શાસ્ત્રો કહે છે કે (૪૮)સંવિગ્નપાક્ષિકો=અવંદનીય મહાત્માઓ પણ પ્રતિક્રમણાદિ ક્રિયામાં ખૂબ ભાવોલ્લાસને પામીને કર્મોનો ખાત્મો બોલાવતા હોય છે.

આપણે તો બધા સંવિગ્ન કહેવાઈએ છીએ. વંદનીય કહેવાઈએ છીએ. આપણને પ્રતિક્રમણાદિ ક્રિયામાં ભાવોલ્લાસ ન આવે ? રે ! દ્રવ્યથી = બાહ્યથી પણ શુદ્ધક્રિયા આપણી ન હોય ?

તો પછી મહાન કોણ ? એ અવંદનીય સંવિગ્નપાક્ષિકો ? કે સંવિગ્ન તરીકે જગતવંદનીય કહેવાતા વર્તમાનકાલીન આપણે બધા ?

કોઈપણ ભોગે આવી લોકોત્તર પ્રતિક્રમણાદિ ક્રિયામાં, ચૈત્યવંદનાદિમાં, ઈરિયાવહિમાં વચ્ચે વચ્ચે બોલવાની, વાતચીતો કરવાની ટેવ છોડવી જ જોઈએ.

અત્યંત ગાઢ કારણસર બોલવું પડે તો પછી બોલ્યા પછી ઈરિયાવહિ કરીને જ આગળની ક્રિયા કરવી એવો નિયમ ધારણ કરવો.

**૭૭. હું બધા ખમાસમણા પંચાંગ પ્રણિપાતપૂર્વક ઉભા ઉભા આપીશ. માંદગી કે મોટા વિહારના થાકને લીધે ઉભા ઉભા ન આપી શકું તો બેઠા-બેઠા પણ મસ્તક બરાબર નમાવીશ :**

પ્રત્યેક ખમાસમણા સત્તર સંડાસા પૂર્વક આપવાની જિનાજ્ઞા છે. ખમાસમણા વખતે શરીરના જે સાંધાના ભાગો ભેગા થવાના હોય એ જો ઓઘાથી પુંજી લેવામાં ન આવે તો ત્યાં રહેલા ખૂબ જ નાના નાના જીવોની વિરાધના થવાની શક્યતા રહે. દા.ત. સંયમી જ્યારે ઉભો હોય ત્યારે પગનાં ઘુંટણનો પાછળનો ભાગ સીધો હોય છે અને એના ઉપર ધારો કે મચ્છરાદિ કોઈ જીવ હોય. સંયમી જો એ ભાગને પુંજ્યા વિના જ ખમાસમણું આપે તો એ ભાગ ખમાસમણા વખતે બે ય બાજુથી દબાઈ જવાથી જીવ વિરાધના થાય. આમ સત્તર સંડાસા જે કહ્યા છે, એ પ્રથમ મહાવ્રતની રક્ષા કરવા માટે છે. એમાં કપાળનો ભાગ પણ પુંજવામાં આવે છે. કેમકે એ ભાગ જમીનને લાગવાનો છે. એમ પગની પાની, બગલનો ભાગ વિગેરે બધા માટે સમજી લેવું.

એટલે હકીકત તો એ છે કે જો એકપણ ખમાસમણું સત્તર સંડાસા વિના આપીએ કે સત્તરને બદલે માત્ર સોળ સંડાસાવાળું આપીએ તો પણ એમાં અતિચાર લાગે.

પણ ચોથા આરાનું આવું નિરતિચાર સંયમજીવન આજે તો ક્યાંથી લાવવું ? અલબત્ત આજે પણ ઘણા મહાત્માઓ સત્તર સંડાસાપૂર્વક પ્રતિક્રમણાદિ ક્રિયા કરનારા છે જ. પણ એમની સંખ્યા આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલી જ હશે.

એટલે એને આદર્શ તરીકે રાખીને સંયમીએ આ પ્રતિજ્ઞા લેવી જોઈએ કે "હું ભલે સત્તર સંડાસાપૂર્વક ખમાસમણા ન આપુ. પણ કોઈપણ ખમાસમણા ઉભા થઈને જ આપીશ અને પ્રત્યેક ખમાસમણામાં બે ઘુંટણ + બે હાથ + મસ્તક આ પાંચ જમીનને સ્પર્શાવીશ. ઉભા થઈને અપાતા કે

બેઠા-બેઠા અપાતા ખમાસમણા પણ જમીનને મસ્તક અડકાવ્યા વિનાના તો નહિ જ આપું."

કેટલાક સંયમીઓ તો તાવમાં કે મોટા વિહારમાં પણ ઉભા-ઉભા પ્રતિક્રમણાદિ કરવાની દૃઢ ટેકવાળા હોય છે. તેઓ અત્યંત વંદનીય છે.

જો માંદગી કે પુષ્કળ થાકને કારણે બેઠા-બેઠાં પ્રતિક્રમણ કરવું પડે તો એ વખતે પણ બેઠા બેઠા મસ્તક નમાવી શકાય, જમીનને અડકાવી શકાય. એ વખતે મસ્તક બિલકુલ નમાવ્યા વિના જ બધા ખમાસમણાઓ આપવા એ તો ઉચિત નથી.

કેટલાક સંયમીઓને તો એવી ટેવ હોય છે કે તબિયત સારી હોય, વિહારનો થાક વિગેરે કંઈ જ ન હોય તો પણ તેઓ ખમાસમણા બેઠા બેઠા આપે, મસ્તક નમાવ્યા વિનાના આપે. આ બધાની અસર આજુ બાજુના સંયમીઓમાં પણ ખૂબ જ ખરાબ પડે. માંદગી-થાકાદિ ન હોય તો તો ઉભા થઈને પંચાંગ પ્રણિપાત જ ખમાસમણા આપવા જોઈએ. ભલે, ઉત્કૃષ્ટ આજ્ઞાઓ ન પાળી શકીએ, પણ એ ઉત્કૃષ્ટ આજ્ઞાઓને નજર સામે રાખીને, આ કાળમાં સંઘયણ પ્રમાણે પાળવી સાવ સરળ એવી આજ્ઞાઓ તો પાળીએ. આ સાપેક્ષભાવ જ ભવાંતરમાં ઉત્કૃષ્ટ આજ્ઞાઓ અપાવશે. [૪૫]પણ અત્યારે યથાશક્તિ પણ આ બધી આજ્ઞાઓ જો નહિ પળાય તો ભવાંતરમાં ઉત્કૃષ્ટ આજ્ઞાઓ તો દૂરની વાત; જિનધર્મ સુદ્ધા નહિ મળે.

કોઈક વળી એવો કુતર્ક પણ કરે કે, "હું સત્તર સંડાસા પ્રમાર્જ્યા વિના જ ખમાસમણા આપવાનો છું. હવે જો હું ઉભા થઈને આપીશ તો સાંધાના ભાગમાં વિરાધનાની શક્યતા રહે. એના બદલે બેઠા-બેઠા જ આપું તો ?"

આને શું કહેવું ? સત્તરસંડાસા ન સચવાય તો ય ઉભા ઉભા જ ખમાસમણા આપવા કેમકે (૧) જેમને ખમાસમણા અપાય છે એમનું બહુમાન જળવાય. (૨) વીર્યાન્તરાયનો ક્ષયોપશમ થાય. (૩) આજ્ઞાનો પક્ષપાત ઉભો રહે. સૂક્ષ્મબુદ્ધિથી આ વાત વિચારવી.

<u>૭૮. હું પાણીનો ઘડો, તરપણી, પાત્રા, ચૂનાના તપેલા વિગેરે ખુલ્લા નહિ રાખું, ઢાંકેલા રાખીશ :</u>

ખુલ્લી, ઉંડી કોઈપણ વસ્તુ બીજા નાના જીવો માટે તો મોતનો કૂવો બની રહે છે. ઘડામાં ઠંડુ કે ગરમ પાણી પડ્યું હોય અને એ ઢાંકેલો ન હોય તો એમાં મચ્છરો, માખીઓ, મસીઓ પણ પડે અને મરે. એમ તરપણીમાં દૂધ-પાણી વિગેરે પડ્યું હોય. પાત્રામાં શાક-રોટલી વિગેરે પડ્યા હોય. આ બધામાં જીવો પડી પડીને મરી જવાની શક્યતા ઘણી બધી છે.

એક આચાર્યદેવ તો ટોકસીમાં પાણીનું ટીપું જ માત્ર પડેલું હોય તો પણ શિષ્યને ભારપૂર્વક પૂછે કે "પેલું ટીપું લુંછી નાંખ્યું. એ ટીપાને પણ જો નાનકડા જીવો સ્પર્શશે તો મરી જશે." આવી સૂક્ષ્મ કાળજી એ મહાપુરુષ કરતા.

એની સામે આપણે પાણી ભરેલા ઘડાઓ, ડોલો, તપેલાઓ, તરપણીઓ માત્રાવાળા પ્યાલાઓ ખુલ્લા જ મૂકી દઈએ એ તો કેવું બેહુદું કહેવાય ?

કોઈપણ સાધન ખુલ્લું ન જ રહેવા દેવું. ઘડા ઉપર પાત્રી કે ટોકસી ઢાંકવા. ચૂનાના પાણી વાળી ડોલ કે તપેલા ઉપર છીબું કે પરાત વિગેરે ઢાંકીને જ રાખવા.

એક ખુલ્લી પાણીવાળી તરપણીમાં ઘણી બધી કીડીઓ પ્રવેશીને મરી ગઈ હોવાનો પ્રસંગ પણ જોયો છે.

હા ! બીજા સંયમીઓ આ વસ્તુઓ ખુલ્લી મૂકી દે તો એમાં આપણને દોષ ન લાગે. પણ આપણને જો દેખાય કે ઘડા વિગેરે ખુલ્લા પડ્યા છે. તો છેવટે આપણા પરિણામની કોમળતા સાચવવા એ ઢાંકી દેવા જોઈએ.

ઘડા ખાલી હોય તો એમાં પ્રવેશેલા જીવો મરી ન જાય. છતાં પ્રવેશ્યા બાદ બહાર નીકળવું અઘરું પડે એવું કદાચ બને. એટલે ઘડાઓ ખાલી હોય તો આડા મૂકવા પણ ઉભા ખુલ્લા ન મૂકવા એ યોગ્ય છે.

<u>૭૯. હું રોજ કાનમાં કુંડલ નાંખીને કે માથાબંધન બાંધીને જ સંથારો કરીશ.</u>

જો ઉંઘતી વખતે કાન ખુલ્લા રાખીને ઉંઘીએ તો કદાચ એવા નિર્જન ઉપાશ્રય વિગેરેમાં કાનખજુરા વિગેરે જીવો કાનમાં પ્રવેશી જાય. મોટી મુશ્કેલી ઉભી થાય. એમ ખુલ્લા કાન દ્વારા જો વાયુ ભરાઈ જાય તો શર્દી, કફ વિગેરે પણ થાય. એટલે રાત્રે સંથારો કરીએ ત્યારે કાનમાં કુંડલ કે માથાબંધનનો ઉપયોગ કરવો જ પડે.

કેટલાકો પ્રમાદ, કંટાળો વિગેરેને લીધે રાત્રે કુંડલાદિ નાંખતા જ નથી. એક સંયમીએ મને કહેલું કે "એણે દીક્ષા બાદ ચાર વર્ષ સુધી કુંડલાદિનો ઉપયોગ જ કર્યો ન હતો. એ પછી એને સમજણ આવતા કુંડલાદિ વાપરવાનું શરૂ કર્યું."

શિયાળામાં કુંડલ કરતા માથાબંધન વધુ સારું પડે. ત્રણ-ચાર પડવાળું માથા બંધન બાંધવામાં આવે તો એમાં કાનમાં બિલકુલ પવન ન જતા ઠંડી-શર્દી ઓછી થાય. જ્યારે ઉનાળામાં પતલું માથાબંધન બાંધીએ તો ય આખું ભીનું થઈ જાય. ઊંઘમાં નીકળી પણ જાય. એટલે ઉનાળામાં કુંડલ અનુકૂળ પડતા હોય છે.

છેવટે જેવી જેની અનુકૂળતા ! કુંડલ પણ રોજ કાનમાંથી કાઢીને પડિલેહણ કરવા જોઈએ. પછી પાછા કાનમાં નાંખી શકાય. કેટલાંકો વળી કાનમાં નાંખેલા કુંડલ પંદર દિવસે પ્રતિલેખન કરે છે. એ બાબતમાં પોતપોતાની સામાચારી જાણીને પ્રવૃત્તિ કરવી. પણ સંથારો કરતી વખતે કાન બંધ કરવાની આજ્ઞા તો દરેકે પાળવી જ રહી.

<u>૮૦. હું સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરીને જ સંથારો કરીશ.</u>

ગરમવસ્ત્ર (ઉનનું વસ્ત્ર)સીધું શરીરને સ્પર્શવું ન જોઈએ[૫૯] એવી જિનાજ્ઞા છે. કેમકે ગરમવસ્ત્રનો સીધો શરીર દ્વારા સ્પર્શ થાય તો શરીરના મેલ વિગેરે લાગવાથી ગરમવસ્ત્ર મેલું થાય. અને એટલે એનો જલ્દી કાપ કાઢવો પડે. જ્યારે ઉનના ગરમવસ્ત્રોનો કાપ કાઢવામાં પુષ્કળ પાણીનો વપરાશ, ખૂબ મહેનત પડવી વિગેરે નુકશાનો બધા જાણે જ છે.

વળી શરીર સાથે ગરમવસ્ત્રોનો સ્પર્શ થાય તો એમાં નિગોદની ઉત્પત્તિ વિગેરે અનેક પ્રકારની વિરાધનાઓ થવાની પણ સંભાવના છે. માટે ઉનના ગરમ સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથર્યા વિના ઉંઘાય નહિ.

અલબત્ત ઉંઘતી વખતે સંયમીએ પહેરેલા સુતરાઉ વસ્ત્રોને લીધે ગરમ વસ્ત્રને શરીરનો સીધો સ્પર્શ નથી થતો. છતાં ય હાથ-પગ-મસ્તક વિગેરે ભાગો તો ખુલ્લા હોય અને એનો સીધો સ્પર્શ થાય

છે. એટલે એ રીતે ઉત્તરપટ્ટા વિનાના સંથારા ઉપર ન ઉંઘાય.

બપોરે પણ આરામ કરવો હોય તો સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરીને જ આરામ કરાય.

આ ન્યાય પ્રમાણે તો બેસવા માટે વપરાતા ઉનના આસન ઉપર પણ કોઈક સુતરાઉ વસ્ત્ર પાથરીને જ બેસવું યોગ્ય ગણાય અને કેટલાંક સંયમીઓ એ રીતે કરે પણ છે. પણ એમાં આસનને બદલે યતિની ગાદી ન બની જાય એનો ખ્યાલ રાખવો. છેવટે સંથારા માટે તો આ નિયમ પાળવો જ જોઈએ.

કોઈક સંયમીઓ ઉત્તરપટ્ટાને બદલે ચોલપટ્ટાનો પણ ઉપયોગ કરતા હોય છે. એ ન ચાલે. સંથારા ઉપર ચોલપટ્ટો પાથરીને ન સુવાય. દિવસે આરામ કરતી વખતે પાંગરણી કે કપડો પાથરીને ૧૦-૨૦ મિનિટ આરામ કરીએ એ હજીય કદાચ ચાલે. પણ સામાન્ય રીતે રાત્રે પણ ઉત્તરપટ્ટાને બદલે બીજા કોઈ વસ્ત્રને પાથરીને સંથારો ન કરાય.

<u>૮૧. હું દિવસે ઉંઘીશ નહિ. કારણસર વધુમાં વધુ ૨૦ મિનિટ જ આરામ કરીશ.</u>

દિવસે ઉંઘનારા સંયમીને શાસ્ત્રકારોએ [૫૦]એક લઘુમાસનું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે. યોગોદ્વહનમાં તો બપોરે ઉંઘનારાનો દિવસ પણ પડાય છે. દિવસે સંયમીને ઉંઘતો જોઈ ગૃહસ્થોને સંયમીઓ માટે ખરાબ શંકા પણ થાય. તેઓ એમ પણ વિચારે કે "આ સાધુઓને તો કંઈ ધંધા-પાણી નથી એટલે આરામથી ઉંઘે છે. અમે બધા તન-તોડ મહેનત કરીએ. અને આ બધા એક તો મફતનું ખાય અને પછી કોઈપણ કામ કર્યા વિના આરામ જ કર્યા કરે છે." આવા શબ્દો બોલનારા અને વિચારનારા પણ હોય છે.

વળી ઉંઘ અને ખોરાક એ બે વસ્તુ એવી છે કે જેટલી વધારો એટલી વધે અને જેટલી ઘટાડો એટલી ઘટે. (અલબત્ત અમુક પ્રમાણમાં સમજવું.) એટલે જ શક્ય હોય ત્યાં સુધી દિવસના સમયમાં આરામ ન કરવો એ જ શ્રેષ્ઠમાર્ગ છે.

પણ માંદગી કે લાંબા વિહારના પુષ્કળ થાકને કારણે બપોરે ઉંઘવું જરૂરી બને તો પછી ગૃહસ્થો ન જુએ એવા સ્થાનમાં આરામ કરવો. આવા વખતે અડધો કલાક - કલાક, જેટલો આરામ જરૂરી હોય એટલો કરી શકાય.

પણ આ બધા કારણો ન હોય તો ય ઘણીવાર એવું અનુભવાય છે કે બપોરે વાપર્યા પછી જો ૧૦-૨૦ મિનિટ આરામ કરી લેવામાં આવે તો પછી આખો દિવસ, રાત્રે ૧૧ વાગ્યા સુધી સ્ફૂર્તિ રહેતી હોય છે. અને જો ૧૦-૨૦ મિનિટ આરામ ન કરે તો આખો દિવસ બેચેની રહે. ભણવા બેસે તો પણ મનની એકાગ્રતા ન આવે. આ બધા કારણોસર બપોરે ઉંઘવાનો એકાંતે નિષેધ કરવો ય શક્ય નથી. માત્ર ૧૦-૨૦ મિનિટ આરામ કરવાથી રાત્રે ૧૦-૧૧ વાગ્યા સુધી પ્રસન્નતા સાથે આરાધના થતી હોય તો લાભ-નુકસાનનું ગણિત માંડીને ૧૦-૨૦ મિનિટ આરામ કરવાની રજા આપવી પણ પડે.

એટલે પહેલો માર્ગ આ જ કે જો સ્ફૂર્તિ રહેતી હોય, ઝોકા ન આવતા હોય તો બપોરે ન જ ઉંઘવું. પણ ન ઉંઘવાને કારણે બેચેની રહેતી હોય, ઝોકા આવતા હોય તો ૨૦ મિનિટ આરામ કરી શકાય. વધુ આરામ ન કરવો. આજુ બાજુમાં રહેલા સંયમીને સૂચન કરી દેવું કે તેઓ બરાબર ૨૦ મિનિટ પછી ઉઠાડી દે.

૮૨. હું સવારે પાત્રા પોરિસી સમયસર ભણાવીશ. બહુ મોડી-વહેલી નહિ ભણાવું.

સૂર્યોદય પછી પોણો પ્રહર પસાર થાય ત્યારે પાત્રા પોરિસી આવે અને રાત્રે સૂર્યાસ્ત બાદ એક પ્રહર પસાર થયા બાદ સંથારા પોરિસી ભણાવવાનો આચાર સંભળાય છે. મોડી-વહેલી પાત્રા-પોરિસી ભણાવનારને શાસ્ત્રકારોએ(૫૫) એક કલ્યાણકનું પ્રાયશ્ચિત્ત આપેલ છે.

ઘણા મહાત્માઓ આ બાબતમાં એવા કટ્ટર હોય છે કે ચાલુ વિહારમાં જેવો પાત્રાપોરિસીનો સમય થઈ ગયો હોવાની ખબર પડે કે તરત જ ત્યાં જ રસ્તા ઉપર યોગ્ય સ્થાને બેસી, પોરિસી ભણાવી પાત્રાપ્રતિલેખન કરીને પછી જ વિહાર કરે.

કેટલાંકો પોરિસી તો સમયસર ભણાવે પણ પાત્રા પ્રતિલેખન ગમે ત્યારે કરે. દા.ત. સ્થાને પહોંચવાની અડધો કલાકની વાર હોય અને પોરિસી આવી જાય તો ત્યાં જ પોરિસી તો ભણાવી લે પણ પછી પાત્રા પ્રતિલેખન ન કરે. સ્થાને ગયા બાદ ત્યાં પાત્રાનું પ્રતિલેખન કરે. (રસ્તામાં પાત્રાઓ ખોલવા-બાંધવાનો કંટાળો હોવાથી)

પાત્રા પોરિસીનો મુખ્ય આચાર તો પાત્રા પ્રતિલેખન કરવાનો જ છે. માત્ર પોરિસી જ ભણાવે અને પાત્રાઓનું પ્રતિલેખન ન કરે તો એનો સાર સિદ્ધ થતો નથી.

સમયસર પાત્રા પોરિસી ભણાવવા માટે ઘડિયાળ રાખવાની કોઈ જ જરૂર નથી. ઘડિયાળ ન હોવાને કારણે થોડું મોડુ-વહેલું થાય એ ચાલે પણ એ માટે ઘડિયાળની વિરાધના ન સ્વીકારાય. ઉપાશ્રયમાં રહેલી ઘડિયાળ દ્વારા કે શ્રાવકાદિને પુછીને સમય જાણી શકાય છે. પડછાયા ઉપરથી પણ સમય જાણી શકાય, પણ એ શીખવું પડે.

પોરિસી વખતે એક સંયમી મોટેથી બુમ પાડી બધાને જાણ કરે તો ખૂબ સરસ.

૮૩. હું દર્પણમાં, પાણીમાં, સ્ટીલની પરાતમાં મારું મુખ જોઈશ નહિ.

સંયમી સંયમમાં લીન બનીને પોતાના બાહ્ય દેખાવ-ઓળખને એવી તો ભુલી ગયો હોય કે કોઈક એ સંયમીને એનો જ સંસારીપણાનો ફોટો બતાવે. તો પણ એ સંયમી પોતાને જ ન ઓળખી શકે અને પુછી બેસે કે "આ કોનો ફોટો છે ?"

પણ આવી અંતર્મુખતા પ્રગટેલી હજી સુધી જોવા મળી નથી. 'પાંચમો આરો છે' એટલે એ ટોચકક્ષાની અંતર્મુખતાની અપેક્ષા પણ ન રખાય. પણ પોતાના રૂપ ઉપર સંયમીને એવો રાગ હોય કે જેના કારણે ગૃહસ્થોના ઘરોમાં ગોચરી વહોરવા જાય અને છાની રીતે દર્પણમાં મોઢું જોઈ લે તો એ ભયંકર બાબત કહેવાય. કો'ક સંયમી વળી દર્પણ પોતાની પાસે રાખતા હોય તો એને તો ઉપદેશ પણ આપવાનો કોઈ અર્થ નથી.

દર્પણની જેમ ચોક્ખા પાણીમાં, નવી સ્ટીલની પરાતોમાં રૂપદર્શન કરી શકાતા હોય છે. આ ઘોર પાપ સમજીને સંયમીએ એનાથી દૂર રહેવું જોઈએ.

એક મુમુક્ષુ યુવાન મને કહે કે, "સાહેબ ! પોતાનું મોઢું જોવું, જોયા કરવું, એમાં રાગ કરવો એ પાપ છે એમ માનીને મેં દર્પણમાં મોઢું જોવાનું છોડી દીધું છે. સ્નાન કર્યા બાદ વાળ ઓળવા માટે પણ દર્પણનો ઉપયોગ કરતો નથી. વગર દર્પણે કાંસકા દ્વારા ગમે તેમ વાળ ઓળી લઉં છું. પરમાત્માની

આજ્ઞા માથે ચડાવવા રૂપે કેસરનો વિશાળ, ચકમકતો ચાંદલો કરવાનું મને ખૂબ ગમે. મને એમાં ખૂબ જ હર્ષ થાય છે. એ ચાંદલો વ્યવસ્થિત કરવા માટે દર્પણમાં જોવું આવશ્યક બને છે. પણ ત્યારે મોઢાનું રૂપ જોવાઈ જવાનું પાપ ન થઈ જાય તે માટે ખેસનો આઠપડવાળો મુખકોષ બનાવી છેક આંખ સુધી એવી રીતે બાંધુ કે કપાળ અને આંખ સિવાય કંઈ ન દેખાય. એટલે મને મારા રૂપ ઉપર રાગ ન થાય."

સંસારમાં રહેલા મુમુક્ષુમાં જો આવી સમજણ અને વૈરાગ્ય હોય તો પછી મહાવ્રતધારી, સંસારત્યાગી, મહાવૈરાગી આત્માની તો અધ્યાત્મદશા કેવી ઉજ્જવળ હોય ?

એટલે જ્યાં પોતાના મુખના દર્શન થવાની શક્યતા પડી હોય ત્યાં એક ઝાટકે આંખ ખેંચી લેવી જોઈએ. માટે જ ઉપાશ્રયોમાં સ્ટીલની પરાતો ન વપરાય તો ઘણું સારું. દર્પણ હોય તો એ કઢાવી નાંખવા જોઈએ અથવા એના ઉપર કાગળ ચોંટાડી દેવા જોઈએ કે જેથી પ્રતિબિંબ ન દેખાય.

**૮૪. હું ધાર્મિક ફોટાઓના આલ્બમો પણ જોઈશ નહિ.**

સંયમીઓ કોઈના લગ્ન વિગેરેના આલ્બમો તો ન જ જોતા હોય એટલે એનો નિષેધ કરવાની જરૂર નથી. પણ પોતાના કે બીજાઓની દીક્ષાના ફોટાઓનો આલ્બમ, કોઈકની મોટી તપશ્ચર્યા પ્રસંગના ફોટાઓનો આલ્બમ, ઉપધાન-છ'રીપાલિત સંઘ વિગેરે સંબંધી આલ્બમો, સિદ્ધચક્રપૂજનના આલ્બમો વિગેરે આલ્બમો પણ જોવા જોઈએ નહિ.

ભલે આ આલ્બમો ધાર્મિક પ્રસંગના છે. પણ આવા પ્રસંગે ઉપસ્થિત થનારા ભાઈઓ અને બહેનો પુષ્કળ શણગાર સજીને, સારા-સારા કપડા પહેરીને જ આવેલા હોય છે અને આલ્બમોમાં બહેનો તથા ભાઈઓ બધાયના ફોટાઓ એકસાથે હોય છે. એ ફોટાઓ જોનારા સંયમીને બ્રહ્મચર્યની પરિણતિ મલિન થવાની શક્યતા ઘણી છે. શાસ્ત્રકારો ભીંત ઉપર રહેલા કોઈપણ વિજાતીયના ફોટાને જોવાની ના પાડે છે.[૧૨] ધગધગતા સૂર્ય સામેથી જેમ દૃષ્ટિ પાછી ખેંચી લઈએ એમ સ્ત્રીના ફોટા ઉપરથી દૃષ્ટિ ખેંચી લેવાની આજ્ઞા કરે છે. તો શણગારવાળા, રૂપવાળા વિજાતીયના ફોટાઓ શી રીતે જોઈ શકાય ?કહેવાતા ધાર્મિકપ્રસંગના આલ્બમોમાં માત્ર ભગવાનના ફોટા કેટલા ? એમાં ભગવાન તો હોય કે ન હોય પણ ભાઈ-બહેનોના ફોટાઓ તો હોય જ છે.

એટલે "આ તો કોઈકના દીક્ષાપ્રસંગના આલ્બમ છે" એમ વિચારીને એ જોવાનું સાહસ કોઈએ પણ કરવા જેવું નથી. ધાર્મિક આલ્બમો જોવાના બહાને અંદરની વૃત્તિઓને સંતોષ આપવાની પ્રવૃત્તિ થતી હોય તો એ નકારી શકાય એમ નથી.

આજે ય ઘણા સંયમીઓ એટલા કડક છે કે કોઈપણ ધાર્મિક પ્રસંગના આલ્બમને હાથ સુદ્ધાં લગાડતા નથી. શ્રાવકો હોંશે હોંશે બતાવવા આવે તો ખૂબ જ હોંશિયારી પૂર્વક એને સમજાવી દઈ દોષ સેવવાનું ટાળી દેતા હોય છે. ધન્ય છે એ વિરલ વિભૂતિઓને !

જેના સંયમ પરિણામ ખલાસ થઈ ગયા હોય, દીક્ષા છોડવાની ભાવના જેના માનસ ઉપર સવાર થઈ ચૂકી હોય એવા મહાત્માને એની દીક્ષાનો આલ્બમ દેખાડવાથી કદાચ એનો વૈરાગ્યભાવ પાછો પ્રગટી જાય એટલે એવા સંયમીને એની દીક્ષાનો આલ્બમ દેખાડવો અપવાદમાર્ગે ઉચિત લાગે છે.

**૮૫. હું ફોટાઓ પડાવીશ નહિ. મારા ફોટા પાડનારા ગૃહસ્થને અટકાવીશ. જો ન જ અટકાવી શકું તો કામળી-કપડાદિ દ્વારા મુખ ઢાંકી દેવાનો, મુખ છુપાવવાનો પ્રયત્ન કરીશ.**

કોઈક સંયમીને ફોટા પડાવવાનો ખૂબ શોખ હોય છે. સ્ટુડીઓમાં જઈને પોતાના ફોટા પડાવે અથવા ફોટોગ્રાફરને બોલાવીને જાત-જાતના ફોટા લેવડાવે. ભોળા શ્રાવકોને કહે, "તમે યાદગીરી રૂપે તમારી સાથેનો મારો ફોટો રાખો." અને એ માટે સાથે ઉભા રહી ફોટા પડાવે.

કો'કને છાપામાં પોતાના ફોટા આવે એ ખૂબ ગમે. એ માટે છાપાવાળાઓ પાસે પોતાના ફોટા પડાવે.

કેટલાકો વળી આવું તો ન કરે પણ ગૃહસ્થોના પ્રસંગોમાં જ્યારે હાજરી આપે અને ત્યાં ફોટા પડતા હોય તો ત્યારે એમાં આનંદિત થાય અને એ રીતે એ ફોટાઓની અનુમોદનાનું પાપ લગાડે.

સંયમીએ જાતે તો ફોટા ન જ પડાવવા જોઈએ. પણ સામૈયુ, દીક્ષા વિગેરે પ્રસંગોમાં શ્રાવકો ફોટા પાડતા હોય તો એમને નમ્ર છતાં સ્પષ્ટ સૂચન કરી દેવું જોઈએ કે "તમે તમારા શુભપ્રસંગની સ્મૃતિ માટે ફોટાઓ પાડો છો, એટલે એમાં અમે કંઈ કહેવા માંગતા નથી. પણ અમારા ફોટા નહિ પાડવાના." જો ગંભીરતાપૂર્વક સાચા હૃદયથી આ સૂચન કરાશે તો શ્રાવકો પણ ફોટા નહિ પાડે. અંદરખાને સંયમીઓની નિઃસ્પૃહતા બદલ આનંદ પામશે.

આમ છતાં વડીલોની હાજરી વિગેરે અનેક કારણોસર જો શ્રાવકોને ફોટા પાડતા ન અટકાવી શકાય તો પોતાનો કપડો મોઢા આગળ લાવીને કે મોઢું નીચે ઢાળી દઈને જાતે તો એ ફોટાના સકંજામાંથી બચી જ શકાય છે.

"આપણો ફોટો કોઈક પાડે, કોઈક રાખે અને એમાં આપણને આનંદ થાય, એનો બચાવ ન કરીએ" તો એમાં આપણો પોતાના ઉપરનો રાગભાવ સૂચિત થઈ જાય છે.

હા ! મહાન આચાર્ય ભગવંતો શ્રાવકાદિના ભાવોની વૃદ્ધિને માટે પોતાનો ફોટો તેઓ રાખતા હોય તો રાખવા પણ દે. પણ એ તો તે પૂજ્યોની અપાર નિઃસ્પૃહતા હોવાથી એમના માટે હજી યોગ્ય ગણાય. બીજા સંયમીઓએ આમાં પડવા જેવું નથી.

આ નાનકડા છીંડામાંથી આજે એટલું મોટું બાકોરું પડી ગયું છે કે સંયમીઓ પોતાના ફોટાઓ લેમીનેશન કરાવીને સેંકડો ગૃહસ્થોને પ્રભાવનામાં આપવા લાગ્યા છે. એ પણ એવા સંયમીઓ કે જેઓ નથી આચાર્ય કે નથી કોઈ મહાન શાસન પ્રભાવક ! અને આ રીતે ફોટાઓ તૈયાર કરાવવા, એના પૈસાઓ લઈને ભક્તોને આપવા વિગેરે ધંધા જેવી પ્રવૃત્તિમાં સંયમીઓના સંયમનું રક્ષણ શી રીતે થાય ?

જેઓ આ બધું કરતા હોય એની નિંદા કરવાને બદલે એ દોષો આપણામાં પેસી ન જાય એ માટેની કાળજી કરવી.

આવા હળાહળ કળિયુગમાં નિઃસ્પૃહી, અનાસક્ત આવા મહાસંયમીઓની તાતી જરૂર છે.

**૮૬. હું મારા ઉપર વીડિયો ઉતરવા નહિ દઉં. એને અટકાવીશ. છેવટે મુખ ઢાંકી દેવાનો પ્રયત્ન કરીશ.**

કેમેરાના ફોટાઓ કરતા પણ મોટો દોષ વીડિયોનો છે. કેમકે એમાં તો બધું જ હાલતુ ચાલતુ દેખાય. સંયમીના હાવ-ભાવ, હાસ્ય વિગેરે બધું જ વીડિયો ઉતાર્યા બાદ એની કેસેટ દ્વારા જોઈ શકાય.

અલબત્ત સંયમી તો આ ન જ જુએ પણ આ બધામાં અત્યંત બહિર્મુખતાનું પોષણ થાય. "શ્રાવકો પોતાના ભક્તિભાવથી વીડિયો ઉતારે છે, તો ઉતારવા દેવી." એવો ઉત્તર કોઈક આપતું હોય તો એ સંતોષકારક નથી. શ્રાવક પોતાના ભક્તિભાવથી આધાકર્મી બનાવીને પાત્રામાં નાંખવાનો પ્રયત્ન કરશે, તો શું એને નહિ અટકાવવાનો ? શું એણે વહોરાવેલ આધાકર્મી ગોચરી પરઠવી નહિ દેવાની ?

જેમાં આપણા સંયમને હાનિ પહોંચતી હોય એવી શ્રાવકોની ગાંડી ભક્તિનો સ્વીકાર શી રીતે કરાય ? અને એ પણ સામાન્ય સાધુઓ પણ આવો ભક્તિ સ્વીકાર કરવા લાગે તો શાસનની શી દશા થાય ?

એટલે વીડિયો ઉતારનારને અટકાવવો જોઈએ. "તારે બીજાઓની વીડિયો ઉતારવી હોય તો તું જાણે. પણ મારી વીડિયો ઉતારવી નહિ. મારા તરફ વીડિયો કેમેરા ન જોઈએ." એમ ગુસ્સો કર્યા વિના છતાં ગંભીરતાથી સ્પષ્ટ ના પાડી એને અટકાવવો.

છેવટે ગમે તે કારણસર અટકાવી શકો એમ ન હો, તો જાતને બચાવવા સાપેક્ષભાવરૂપે મોઢા આગળ કપડો, હાથ, પસીનાનો ટુકડો રાખી મુખ છુપાવવાનો પ્રયત્ન કરવો.

બાકી જો આ રીતે સંયમીઓની વીડિઓ ઉતરશે, તો આવતીકાલ એવી આવશે કે સંયમીને જ પોતાની એ વીડિયો જોવાનું મન થશે અને શ્રાવકો વીડિયો જોતા હશે તો "આ જોવામાં શું દોષ ? મારા માટે કંઈ વીડિયો શરૂ નથી કર્યો." એમ વિચારીને વીડિયોને નિર્દોષ માનીને જોતા થઈ જાય તો પણ નવાઈ નહિ રહે.

મોટા દોષોનું બીજ તો અત્યંત નાનકડો દોષ જ હોય છે. એટલે મોટા દોષો ઘુસતા અટકાવવા માટે નાના દોષોને જ ઉભા થતા અટકાવવા.

<u>૮૭. હું મારા વ્યાખ્યાનો છાપાઓમાં નહિ આપું.</u>

વ્યાખ્યાનના સુંદર પદાર્થો જો છાપાઓમાં આવે તો ઘણા લોકો ધર્મ પામે, શાસનપ્રભાવના થાય એવા લક્ષ્યથી વ્યાખ્યાનો છાપાઓમાં આપવામાં આવે છે.

આ લક્ષ્ય વાસ્તવિક છે કે કેમ ? એ ખબર પડતી નથી. પરંતુ (૧) મહારાજ સાહેબના સાક્ષાત વ્યાખ્યાનો સાંભળીને પણ જો લોકોને એવી કોઈ વિશેષ અસર ન થતી હોય તો છાપાઓના છૂટા-છવાયા લખાણો દ્વારા શું તેઓ પામી જશે ? (૨) છાપા વાંચનારાઓને રાજકારણાદિના સમાચારોમાં જે રસ હોય છે એના ૧૦૦માં ભાગનો રસ પણ આવા ધાર્મિક લખાણોમાં ખરો ? (૩) એ છાપાંવાળાઓ સામે ચાલીને આપણા વ્યાખ્યાનના લખાણ લે છે ? કે પછી આપણે પત્રકારોને ભેટ-સોગાદો આપી આપીને એ લખાણો લેવડાવવા પડે છે ? એ ભેટ સોગાદો માટે પૈસા તો સંયમીએ જ શ્રાવકો પાસેથી માંગી માંગીને ભેગા કરવા પડશે ને ?

(૪) જે લખાણ છાપવા આપીએ, એમાં ઘણીવાર તંત્રી વગેરે અમુક લખાણ કેંસલ કરી પોતાની ઈચ્છા મુજબ છાપી દેતા હોય છે. અને આમાં મહત્ત્વની બાબત પણ ક્યારેક ઉડી જાય. અર્થના અનર્થ થાય. (૫) "આ મહોત્સવ, વ્યાખ્યાનાદિની બધી વિગત છાપામાં આવશે." આવી જાહેરાત વ્યાખ્યાનમાં થાય કે એ સિવાય પણ બધાને આ વાતની ખબર પડે એટલે છાપા ન વાંચનારાઓ પણ

આ બહાને છાપા વાંચતા થાય. ધાર્મિક સાથે બીજું ય ઘણું રસથી વાંચવા મંડી પડે. (૬) સંયમીને છાપામાં આવેલા પોતાના ફોટા, લખાણના કટીંગો સંઘરી રાખવાનું, વારંવાર જોયા કરવાનું મન-પ્રવૃત્તિ થાય. રાગભાવ પોષાય.

આજે કેટલાંક સંયમીઓ પત્રકારોને ભેટ-સોગાદો અપાવડાવીને, ખુશ રાખીને વ્યાખ્યાનના અંશો છાપાઓમાં લેવડાવતા હોય છે. જેઓ એવા કોઈ વિશિષ્ટ પ્રભાવક નથી તેવા સામાન્ય સાધુઓને પણ આ રસ લાગી પડ્યો છે અને તેથી તેઓ ગમે તે રીતે પોતાના વ્યાખ્યાનનું લખાણ છાપાઓમાં અપાવડાવે છે.

શાસનપ્રભાવનાદિ થાય છે ? કે નથી થતા ? એ પછીની વાત છે. પણ આમાં સંયમીઓમાં ખોટા સંસ્કારો ઘુસે છે એ તો નકરી હકીકત છે અને એટલે જ આત્માના હિતનો ભોગ આપીને આ પ્રવૃત્તિ અપનાવી શકાય નહિ.

વળી લોકોમાં કહેવત છે કે "સજ્જનોએ દુર્જનોની મૈત્રી કે દુશ્મનાવટ બેયથી છેટાં રહેવું." છાપાવાળાઓ, પત્રકારોને સજ્જન તરીકે તો ભાગ્યે જ કોઈક ગણતું હશે. પૈસાદિ માટે તેઓ કેવા દુર્જન બની જાય એની સિલસિલાબંધ હકીકતો ઘણા અનુભવીઓ જાણે છે. આજે એ પત્રકારાદિની સાથે મિત્રતા કરીને આ છાપાઓમાં વ્યાખ્યાનાદિ અપાવીએ છીએ પણ આવતી કાલે જો કોઈપણ પ્રસંગવશાત્ તેઓ સાથે અણબનાવ બનશે. તો છાપાઓના માધ્યમે તેઓ શું જુલમ નહિ વરસાવે ? એ જ પ્રશ્ન છે.

સજ્જનો, બુદ્ધિમાનોની સજ્જનતા, બુદ્ધિમત્તા એ જ છે કે આવા દુર્જનો સાથે કોઈપણ પ્રકારનો પનારો પાડ્યા વિના એમનાથી બાર ગાઉ દૂર રહીને પોતાના કામ કર્યા કરવા.

આમાં ઘણું કહેવા જેવું છે. પણ ટુંકાણમાં એટલું જ કે આત્માર્થી સંયમીઓ આ તરફ નજર સુદ્ધાં ન નાંખે. બીજાઓ આવી પ્રવૃત્તિ કરતા હોય તો ય આત્માર્થી સંયમીઓ એ તરફ ખેંચાઈ ન જાય. પોતાની ધર્મારાધનામાં દઢ શ્રદ્ધાવાળા બને. આંતરચક્ષુથી પરમાર્થનું દર્શન કરનારા બને. બાહ્ય ભપકાઓથી અંજાઈ ન જાય.

રેલરાહતના કાર્ય, દુષ્કાળરાહતના કાર્ય વિગેરે મહાન શાસનપ્રભાવક કાર્યોને ગીતાર્થ મહાપુરુષો છાપાઓ દ્વારા પ્રજામાં પ્રસરાવીને શાસનપ્રભાવના જન્માવે તો એ યોગ્ય જ છે. આ પ્રતિજ્ઞા ગંભીર, ગીતાર્થ, પરિપક્વ આચાર્યભગવંતાદિ સંયમીઓ સિવાયના બાકીના સંયમીઓ માટે સમજવી.

**૮૮. હું મારા વ્યાખ્યાનોની ઓડિયો કેસેટ નહિ ઉતરાવું.**

પ્રાયઃ આવું જોકે બનતું જ નથી કે સંયમીઓ પોતાના વ્યાખ્યાનની કેસેટ ઉતરાવતા હોય. પણ હળાહળ કળિયુગમાં વધી રહેલા વૈજ્ઞાનિક સાધનોને જોઈને પાણી પહેલા પાળ બાંધવા જેવી આ પ્રતિજ્ઞા છે.

કોઈક શ્રાવકો વ્યાખ્યાનકારની ખૂબ પ્રશંસા કરીને કહી દે કે "સાહેબ ! આપના વ્યાખ્યાનોની જો ઓડિયો કેસેટો તૈયાર થઈ જાય તો હજારો-લાખો લોકો એ બધું સાંભળીને ઘણું પામી શકે. આપની ગેરહાજરીમાં પણ આપના દ્વારા લાખોનું કલ્યાણ થાય." અને કદાચ એ વ્યાખ્યાનકારને ઓડિયો કેસેટો

તૈયાર કરાવવાનો વિચાર આવી પણ જાય. એના માટે ટેપરેકોર્ડરની સ્વીચ જાતે શરુ કરીને કેસેટો તૈયાર કરતો પણ થઈ જાય.

કોઈક વળી અત્યંત મધુર સ્વરે ગાનારો સંયમી પોતાના ગીતોની ઓડિયો કેસેટો પણ તૈયાર કરાવી દે. અત્યંત નાનકડું મશીન પાસે રાખે. એમાં નાનકડી કેસેટ હોય. સ્વીચ દબાવતા જ બોલાતી બધી વસ્તુઓ ટેપ થતી જાય.

આ એવો તો ભીષણ કાળ છે કે જેમાં લગભગ બધા અપવાદ માર્ગો ઉન્માર્ગ બની જતા વાર લાગતી નથી.

એટલે કોઈપણ પ્રલોભનોમાં, સ્વપ્ન તુલ્ય લાભોમાં ફસાયા વિના દઢતાપૂર્વક આ પ્રતિજ્ઞા પાળવી. ભવિષ્યમાં ગમે ત્યારે પણ ઓડિયો કેસેટ નહિ જ તૈયાર કરાવવાની દઢ ટેક ધારવી.

<u>૮૯. હું મોબાઈલ વિગેરે કોઈપણ પ્રકારના ફોન કરાવીશ નહિ. જો ગાઢ કારણસર કરાવવા જ પડે તો એક ફોન દીઠ ત્રણ દ્રવ્યના એક-એક ટંક કરીશ.</u>

ત્રણ-ચાર વર્ષ પહેલાં મોબાઈલો એકેય ન હતા. છતાં સંયમીઓ મસ્તીથી જીવતા હતા અને શાસનના બધા કાર્યો થતા જ હતા. રે ! ૧૫૦-૨૦૦ વર્ષ પહેલા તો ફોન જ ન હતા અને છતાં સંયમીઓ આત્મસાધના, શાસનપ્રભાવનાદિ કરતા જ હતા.

એટલે મોબાઈલો, ફોન વિગેરે વિના ન જ ચાલે એ અસત્ય છે. ખરી હકીકત એ છે કે જેટલી સગવડો વધતી ગઈ, એટલી આપણે ભોગવતા ગયા અને આપણા સંયમના સિદ્ધાંતો તુટતા ગયા.

તેજસકાયની હિંસાવાળા આ ઈલેક્ટ્રીક સાધનોનો વપરાશ આજે તો સંયમીઓમાં પણ પરોક્ષ રીતે ચિક્કાર પ્રમાણમાં વધી ગયેલો જોવા મળે છે.

મહાનિશીથમાં તેજસકાયનો આરંભ કરનારા સંયમીઓને મિથ્યાત્વી ગણ્યા છે.

એક શ્રાવકે મને વાત કરી કે, "સાહેબ ! હું હવે જ્યારે પણ અમુક સાધુઓ પાસે જાઉં છું, ત્યારે મોબાઈલ લીધા વિના જ જાઉં છું. કેમકે હું જ્યારે પણ જાઉં ત્યારે મારી પાસે ૮-૧૦ ફોનો કરાવી દે. સાહેબ ! મોટા ભાગના ફોનો તો મને ય નકામા લાગે. મને પૈસાનો કે ફોન કરવાનો વાંધો નથી. પણ સાધુઓ આ બધું બરાબર નથી કરતા એ તો હું સમજી શકું છું. એટલે હવે અમુક સાધુઓ પાસે મોબાઈલ વિના જ જાઉં છું."

સંયમીઓની આ કેવી છાપ !

જ્યારે મોબાઈલો ન હતા, ત્યારે તો ફોન કરાવવા માટે શ્રાવકના ઘરે જવું પડતું. એટલે ખૂબ જ ઓછા પ્રમાણમાં, અત્યંત આવશ્યક હોય એટલા જ ફોન થતા. જ્યારે મોબાઈલો આવ્યા પછી ફોન કરાવવાનું પ્રમાણ અનેક ગણું વધી ગયું.

એક ગૃહસ્થે પોતાના ઉપર વારંવાર સાધુ તરફથી ફોન આવવાથી છેવટે કંટાળીને કહી દીધું કે "મહારાજને કોઈ ધંધો-પાણી નથી, નવરા છે. પણ મારે ધંધો-પાણી છે. હું નવરો નથી. કહી દેજો, મહારાજને !"

જિનશાસનના શ્રમણો પ્રત્યે અસદ્ભાવ પ્રગટાવનારી આવી પ્રવૃત્તિ કરનારા સંયમીનો છૂટકારો

શી રીતે થાય ?

ખેર ! આત્માર્થી સંયમીઓ પ્રતિજ્ઞા કરે કે "અમે કોઈપણ ફોન નહિ કરાવીએ. કોઈક કામ મોડું થશે તો ચલાવી લેશું. પણ આ ઘોર અનવસ્થાને ઉભી નહિ થવા દઈએ. આમ છતાં ગાઢ માંદગી વિગેરે અત્યંત અગત્યના કારણો આવી પડે અને ના છૂટકે ડોક્ટર બોલાવવા વગેરે માટે ફોન કરાવવા પડે તો તે વખતે પણ એના પ્રાયશ્ચિત્ત રૂપે દરેક ફોન દીઠ ત્રણ-ત્રણ દ્રવ્યના ટંક કરશું. અર્થાત્ જો ૩ ફોન કરાવવા પડે તો કુલ ત્રણ દિવસના ત્રણ ટંક એવા કરશું કે જેમાં ત્રણથી વધુ દ્રવ્યો નહિ વાપરીએ." (નવકારશી વાળાઓ દિવસના ત્રણ ટંક કરતા હોય તો એ દરેક ટંક ત્રણ-ત્રણ દ્રવ્યના કરે અને એકાસણાવાળાઓ ત્રણ એકાસણા ત્રણ-ત્રણ દ્રવ્યના કરે. જો એક જ ફોન કરાવ્યો હોય તો નવકારશીવાળાઓ કોઈપણ એક ટંક ત્રણદ્રવ્યનો કરે. અને એકાસણાવાળા એક એકાસણું ત્રણ દ્રવ્યનું કરે.)

અથવા તો પોત-પોતાની રીતે બીજું પણ પ્રાયશ્ચિત્ત - શિક્ષા ધારી શકાય છે. પણ શિક્ષા વિના તો ન જ ચાલે. નહિ તો નિષ્ઠુરતા આવી જાય.

<u>૯૦. હું ફેક્સ કરાવીશ નહિ. ગાઢ કારણસર કરાવું તો ફેક્સની સંખ્યા પ્રમાણે એટલા ટંક ત્રણ દ્રવ્ય કરીશ.</u>

૮૯માં નિયમ પ્રમાણે જ આમાં બધું વિચારી લેવું. આપણું લખેલું લખાણ એક મશીનમાં નાંખો અને અમુક નંબર લગાવો એટલે આખા ભારતમાં જ્યાં આપણે એ લખાણ પહોંચાડવું હોય ત્યાં આપણા જ અક્ષરોમાં એ લખાણ પહોંચી જાય... ઈત્યાદિ ફેક્સ અંગેની માહિતી બધા સંયમીઓ જાણતા જ હશે. એમાં ઈલેક્ટ્રીકનો ઉપયોગ હોવાથી તેજસ્કાયની વિરાધના છે.

ગાઢ કારણસર ફેક્સ કરાવવો પડે તો ત્યાં ત્રણ દ્રવ્યના ટંકવાળી કે બીજી કોઈ શિક્ષા ધારી શકાય.

<u>૯૧. હું લોચ કરાવ્યા બાદ સાબુ દ્વારા, એકલા પાણી દ્વારા કે પાણીના પોતા દ્વારા પણ મોઢું વિગેરે સાફ નહિ કરાવું. કોરા વસ્ત્રથી ઘસી ઘસીને ચોંટેલી રાખ વિગેરે કાઢી નાંખીશ. છેવટે સાબુ તો નહિ જ વાપરું.</u>

લોચ કરતી વખતે માથામાંથી લોહી નીકળતું હોય તો એને અટકાવવા માટે અને તે વખતે લોહીથી ભીના થયેલા હાથને કોરા-રુક્ષ બનાવવા માટે પુષ્કળ રાખનો ઉપયોગ કરવો પડે. એટલે લોચ પુરો થાય ત્યાં સુધીમાં તો ઘણી બધી રાખ માથા ઉપર, મોઢા ઉપર, કાનમાં પહોંચી ગઈ હોય છે. એટલે લોચ બાદ એ સ્વચ્છ કરવું જરૂરી તો છે જ. રાખ ભરેલા મુખ સાથે સંયમી બહાર નીકળે તે સારું પણ ન લાગે.

પણ આના માટે કેટલાંક મહાસંયમી મહાત્માઓ કોરો ટુકડો જ માથા ઉપર, મોઢા ઉપર ઘસી લેતા હોય છે. કાનમાં પણ ટુકડાનો છેડો નાંખી, ઘસી ઘસીને બધી રાખ સાફ કરી દેતા હોય છે. પાણીના એકપણ ટીપાનો ઉપયોગ કર્યા વિના એ સંયમીઓ બધી રાખ દૂર કરી લે છે. બિલકુલ ખરાબ ન લાગે એવું સ્વચ્છ મુખ આના દ્વારા થઈ જાય છે. બાકી તો બે-ચાર દિવસ પસાર થાય એટલે એની મેળે જ બધી રાખ દૂર થઈ જ જાય.

આ જ શ્રેષ્ઠ માર્ગ છે. શાસ્ત્રકારોએ [૫૩]વાપર્યા પછી એંઠા હાથના પંજા ધોવાની અને સ્થંડિલ વખતે પાણી વાપરવાની છૂટ આપી છે. એ સિવાય શરીરના કોઈપણ અવયવને પાણીથી ધોવાની મંજુરી ઉત્સર્ગ માર્ગે આપી નથી. એટલે લોચ પછી પાણીથી માથું વગેરે ધોવાની પ્રવૃત્તિ શાસ્ત્રમાન્ય તો નથી જ.

એટલે શક્ય હોય તો પાણીના એક પણ ટીપાનો વપરાશ કરવો ન પડે એમ ઉપર પ્રમાણે શુદ્ધિ કરી લેવી.

પણ આનાથી સંતોષ ન થતો હોય તો પછી કોરું કપડું પાણીથી ભીનું કરી એ કપડું માથા-મોઢા ઉપર ઘસવાથી પણ બધી રાખ કાઢી શકાય.

કેટલાંકો તો રીતસર પા-અડધો ઘડો જેટલું પાણી લઈ બધું સ્વચ્છ કરે. જાણે કે દર વર્ષે આવા બે સંપૂર્ણ સ્નાન જ કરી લેતા હોય એવું લાગે.

કેટલાંકો સાબુ લઈ એનું ફીણ કરી માથા ઉપર ઘસે. (શેક મળે એ આશયથી) એ સાબુ દ્વારા જ મોઢું, પીઠ વિગેરે બધું જ સ્વચ્છ કરી લે.

આ ઉચિત લાગતું નથી. આમાં તો સંયમી રૂપવાન દેખાય, વિભૂષા પોષાય. એટલે જ વધુમાં વધુ છૂટ તરીકે પાણીના પોતા દ્વારા જ સ્વચ્છતા કરવાની પ્રવૃત્તિ કરી શકાય.

સાબુ ઘસવાથી શું ફાયદો ? એ તો મને ય સમજાતું નથી. મસ્તક ઉપર શેક થાય એ માટે ગરમપાણી અને હાથથી માલિશ કરવું પર્યાપ્ત છે.

કદાચ માથા ઉપર સાબુની જરૂર હોય પણ મોઢા વિગેરે ઉપર સાબુ વાપરવાની શી જરૂર ? અને એમાં લોચવાળા સંયમીને પણ આનંદ થાય તો ?

ખરેખર તો એ ઉચિત લાગે છે કે કોરા કપડાથી કે ભીના કપડાથી માથુ વિગેરે ઘસી લીધા બાદ જો લોચ નવો નવો હોવાના લીધે માલિશની જરૂર હોય તો કડવી બદામનું તેલ, બામ, સોફ્રામાયસનની ટ્યુબ વિગેરે તે તે સંયમીની તકલીફને અનુસારે ઘસી શકાય છે.

અનુભવીઓ કહે છે કે "નવો નવો લોચ થયા બાદ જો સંયમી પોતાનું જ માત્રુ એ માથા ઉપર લગાડે, ઘસે તો એના દ્વારા ખૂબ ઝડપથી રુઝ આવી જાય. દુઃખાવો ઓછો થઈ જાય."

જેઓને લોચ ખૂબ જ કપરા પડતા હોય તેઓએ તો પોતપોતાના વડીલની સુચના પ્રમાણે પાણી-સાબુ વિગેરે બધાનો ઉપયોગ કરવો પણ પડે. પણ લોચ થયા બાદ જેઓને કોઈ દુઃખાવો વિગેરે થતા ન હોય, ખૂબ ઓછા થતા હોય તેઓએ તો શ્રેષ્ઠ વિકલ્પ જ અપનાવવા જેવો છે.

<u>**૯૨. હું શિયાળા અને ચોમાસામાં ૨૫ દિવસ પૂર્વે આખો કાપ નહિ કાઢું અને ૧૫ દિવસ પૂર્વે અડધો કાપ નહિ કાઢું.**</u>

યતિજીતકલ્પ વગેરેમાં લખ્યા પ્રમાણે તો [૫૪]સંયમીઓએ વર્ષમાં એક જ વાર કાપ કાઢવાનો છે. ચાતુર્માસ શરુ થવાની તૈયારી હોય એની પૂર્વે બધી ઉપધિનો એકવાર કાપ કાઢી લેવાતો હતો કે જેથી ભેજના વાતાવરણ વિગેરેને કારણે મલિનવસ્ત્રોમાં નિગોદાદિ થવાની વિરાધના અટકી જાય.

કાપ કાઢવાના અનેક દોષો છે.

(૧) ચોક્ખા-ધોળા વસ્ત્રો પહેરવાથી વિભૂષા સેવાય. એ વસ્ત્રાદિ ઉપર રાગ થાય. એ વસ્ત્રો

કોઈ સંયમીને આપવાનું પણ મન ન થાય.

(૨) ચોક્ખા વસ્ત્ર પહેરનારા સંયમી પ્રત્યે બીજાઓને આકર્ષણ થાય. ક્યારેક બ્રહ્મચર્યમાં મોટું નુકશાન થાય. "શરીરના રૂપ કરતા વસ્ત્રાદિની વિભૂષા દસ ગણી વધુ આકર્ષણ ઉત્પન્ન કરે છે." એમ અનુભવીઓ કહે છે. ગમે એટલા રૂપવાળી વ્યક્તિ પણ જો મેલા-ઘેલા કપડા પહેરનારી હોય તો એના પ્રત્યે કોઈને જલ્દી આકર્ષણ ન થાય. જ્યારે કદરૂપી વ્યક્તિ પણ બાહ્ય આડંબર દ્વારા આકર્ષણ ઉભું કરે છે.

(૩) અત્યારે લગભગ આધાકર્મી પાણી જ બધા સંયમીઓ વાપરે છે. જેટલા કાપ વધારે કાઢીએ એટલું વધુ આધાકર્મી પાણી વાપરવું પડે. રોજ પીવા માટે અડધો ઘડો જોઈએ, પણ કાપ માટે બે-ચાર ઘડા જોઈએ. એટલે એમાં તેજસકાયની વિરાધનાથી માંડીને બધા જ દોષો લાગે.

(૪) વારંવાર કાપ કાઢવામાં પુષ્કળ સમય બગડે. દર એક કાપ દીઠ ઓછામાં ઓછો એક કલાક થાય. આમ સમય બગડવાથી સ્વાધ્યાય વિગેરેની હાનિ થાય.

(૫) 'વિભૂષા કરનારાઓ આત્મશુદ્ધિ પામી શકતા નથી.'[૫૫] એવું ચૌદપૂર્વધર શય્યંભવસૂરિજીનું વચન છે.

આવા અનેક પ્રકારના નુકશાનો હોવાથી વારંવાર કાપ કાઢવા યોગ્ય નથી. એટલે શાસ્ત્રીય નિયમ પ્રમાણે તો વર્ષમાં એક જ વાર કાપ કાઢવો જોઈએ. પણ પૂર્વકાળના સંયમીઓ લગભગ ગામડાઓમાં રહેતા અને ગામડાના માણસો આજના શહેરી લોકો કરતા તો ૧૦૦માં ભાગની ચોક્ખાઈ પણ માંડ જાળવતા. ખેતરોમાં ખેતી વિગેરે કરનારા તેઓના કપડાઓ પણ મેલા રહેતા. આજે પણ ગામડાની પ્રજા જોઈએ તો તેઓના વસ્ત્રાદિ ચકચકાટવાળા નથી હોતા. ગામડાવાળાઓ બે-ચાર દિવસે સ્નાન કરતા, ૩-૫ દિવસે કપડા ધોતા અને એટલે જ આ બધી મલિનતાઓથી ટેવાયેલા ગામડાના રહેવાસીઓને સંયમીઓના વસ્ત્રોની મલિનતા અજુગતી લાગતી ન હતી.

બીજી વાત એ કે પ્રાચીનકાળના સંયમીઓનો વિહાર ખૂબ ઓછો હતો. તેઓ શેષકાળમાં ૮ માસ કલ્પ કરતા. અર્થાત્ આઠ જ જગ્યાએ એક-એક મહિનો રહેતા. અને એક મહિના બાદ બે-ચાર કિલોમીટરે જો બીજું માસકલ્પને યોગ્ય ક્ષેત્ર મળી જાય તો ત્યાં જ બીજો મહિનો રોકાઈ જતા. આમ આખા વર્ષમાં તેઓના માત્ર આઠ વાર વિહાર અને ખૂબ જ નાના વિહાર થતા અને આપણે પણ આજે અનુભવીએ છીએ કે વિહારમાં જ પરસેવો, ધુળ વિગેરેને કારણે કપડા વધુ મેલા થતા હોય છે. સ્થાને હોઈએ તો વસ્ત્રો મેલા ઘેલા ઓછા થાય છે.

આવા કારણોસર પ્રાચીન સંયમીઓના વસ્ત્રો પણ 'આજના કાળમાં જે રીતે વસ્ત્રો મેલા થાય છે' એના કરતા ઘણા ઓછા મેલા થતા હશે.

આજે લગભગ ઘણા સંયમીઓ ભરચક શહેરોમાં જ વિચરે છે. ગયા વર્ષે ૧૫૦૦ સંયમીઓ અમદાવાદમાં, ૧૫૦૦ બોમ્બેમાં, ૭૦૦ સુરતમાં અને ૧૦૦૦ જેટલા પાલિતાણામાં હતા. એટલે લગભગ અડધો-અડધ સંયમીઓ ત્રણ-ચાર શહેરોમાં જ ચાતુર્માસ હતા અને આ શહેરોમાં રોજે રોજ ધોયેલા, ઈસ્ત્રી કરેલા જ કપડા પહેરનારા લોકો લગભગ જોવા મળે છે. આપણી પાસે આવનારાઓ

તો પ્રાયઃ આવા છે જ. અને બીજી બાજુ આપણા વસ્ત્રો પણ ઘણા વિહાર વિગેરેને લીધે ખૂબ મેલા થાય છે. એટલે હવે જો વર્ષે એકવાર જ કાપ કાઢવાનો નિયમ પાળવા જઈએ તો લોકોમાં જૈનશ્રમણો પ્રત્યે જુગુપ્સા, નિંદા વિગેરે થવાની પુરી શક્યતા છે. 'ઉપાશ્રયમાં કચરો વાળવા આવનાર નોકરે પણ સાધુઓના મેલા-દુર્ગંધી કપડાઓથી ત્રાસ પામીને સાધુઓની નિંદા કરી છે.' એવા પ્રસંગો બન્યા છે.

એટલે જો વર્ષે એકવાર કાપ કાઢવાનો નિયમ પાળવો હોય તો [૫૬](૧) શહેરોમાં ન રહેવાનો અને [૫૭](૨) વધુ વિહારો છોડીને માસકલ્પ પદ્ધતિથી વિહાર કરવાનો આમ બે શાસ્ત્રીય નિયમ પણ પાળવા જોઈએ.

પણ જો શહેરોમાં રહેવું હોય, માસકલ્પ પદ્ધતિના વિહારોને બદલે વર્ષમાં ૫૦૦-૧૦૦૦ કિલોમીટરના વિહારો કરવા હોય તો ઉપરોક્ત બે નિયમો ન પાળનારાઓએ શાસનહીલનાદિને અટકાવવા માટે વર્ષમાં એકવાર કાપ કાઢવાના નિયમમાં પણ અપવાદ માર્ગે છૂટ લેવી આવશ્યક હોય છે.

એમાં પણ જ્યારથી ગૃહસ્થોની અવરજવર વધી છે. ત્યારથી કાપ કાઢવો કેટલાંક અંશે જરૂરી બન્યો છે.

એટલે વર્તમાનકાળને અનુસરીને આ નિયમ બનાવ્યો છે કે ચોમાસા-શિયાળામાં ૨૫ દિવસ પહેલા આખો કાપ ન કાઢવો. આ બે ઋતુમાં પરસેવો ન થતો હોવાથી કપડા બહુ મેલા થતા નથી અને થોડા મેલા હોય તો પણ પરસેવો ન થતો હોવાથી શરીરને હાનિકારક બનતા નથી. માટે ૨૫ દિવસ પૂર્વે આખો કાપ ન કાઢીએ તો એમાં વાંધો ન આવે.

પણ જે ચોવીસ કલાક પહેરવાના હોય એવા પાંગરણી ચોલપટ્ટો વિગેરે વસ્ત્રો બીજા વસ્ત્રો કરતા વધારે મેલા થતા હોય છે. તો એ વસ્ત્રોનો ૧૫ દિવસે કાપ કાઢી શકાય. આને અડધો કાપ કહેવાય. આખા કાપમાં બે કપડા, ઉત્તરપટ્ટો, ઓઘાનો સામાન વિગેરે બધું જ આવી જાય.

જો વસ્ત્રો અતિશય મેલા ન થતા હોય તો લાંબાકાળે કાપ કાઢવામાં પણ કોઈ વાંધો નથી. અમુક મહાત્માના વસ્ત્રો બે-ત્રણ મહિના સુધી પણ સામાન્ય જ મેલા થતા હોય છે. તો તે મહાત્માઓ બે મહિને કાપ કાઢે એ સારું જ છે.

ટૂંકમાં ત્રણ-ત્રણ દિવસે કે અઠવાડિયે-અઠવાડિયે કાપ કાઢીને વિભૂષા પોષવી એ પણ ખોટું છે અને [૫૮]લોકોને દુર્ગંછા, અરુચિ, અસદ્ભાવ થાય એવા પ્રકારના અતિમેલા વસ્ત્રો પહેરવા એ પણ ખોટું છે. શાસનહીલનાદિ ન થાય અને આત્માના વિભૂષાદિના ખોટા સંસ્કારો ન પોષાય એ રીતે વર્તવું જોઈએ અને એ માટે આ નિયમ વધુ ઉચિત લાગે છે.

<u>૯૩. હું ઉનાળામાં ૧૫ દિવસ પહેલા આખો કાપ અને ૭ દિવસ પહેલા અડધો કાપ નહિ કાઢું.</u>

ઉનાળામાં પુષ્કળ ગરમી, પરસેવો વિગેરેને લીધે વસ્ત્રો ઘણા મેલા થાય અને અતિ પરસેવાવાળા વસ્ત્રો પછી તો સુકાતા પણ નથી. પરસેવો ચૂસવાની એની શક્તિ ખલાસ થઈ જાય એટલે ઉનાળામાં જો ૨૫ દિવસ સુધી કાપ લંબાવીએ તો મુશ્કેલી પડે. એટલે એમાં ૧૫ દિવસની મર્યાદા નક્કી કરી છે.

ખાસ ખ્યાલ રાખવો કે ૭ દિવસે અડધો કાપ કાઢી જ લેવો કે ૧૫ દિવસે આખો કાપ કાઢી જ

લેવો એવો આગ્રહ બિલકુલ નથી. આગ્રહ એ વાતનો છે કે ૭ દિવસ પહેલા તો અડધો કાપ પણ ન જ કાઢવો. ૧૫ દિવસ પહેલા તો આખો કાપ ન જ કાઢવો. ૧૫ દિન પછી પણ જો વસ્ત્રો અતિમેલા ન થયા હોય. કોઈને દુગંછાદિનું કારણ ન બનવાના હોય તો કાપ જેટલો મોડો કાઢો એટલું સારું જ છે. એટલે કોઈ આનો ઉંધો અર્થ ન સમજે.

આજે જ્યારે શ્રમણ-શ્રમણીઓના વસ્ત્ર ઉપર નજર પડે છે, ત્યારે મોટા ભાગે ધોળા-ચોક્ખા વસ્ત્રો જોઈને આંચકો લાગે છે. એમ લાગે કે દર ત્રણ-સાત દિવસે કાપ કઢાતો હોય તો જ આટલા ચોક્ખા વસ્ત્રો હોઈ શકે. આટલી બધી વિભૂષા જોઈને ખૂબ દુઃખ થાય છે.

"વિભૂષા આત્મશુદ્ધિનો ઘાત કરનાર તાલપુટ ઝેર છે." એ શાસ્ત્રવચન શું બધા સંયમીઓ ભુલી ગયા હશે ? કે પછી શું એ વચન ઉપર વિશ્વાસ નહિ હોય ?

"સ્વયંભવસૂરિજી તો મોટી-મોટી વાતો કર્યે રાખે. બધી વાતો કંઈ સાચી થોડી હોય ?" એવી કોઈ અશ્રદ્ધા ઉત્પન્ન થઈ હશે ? કે પછી "આત્મશુદ્ધિ માટે વિભૂષાત્યાગ કરવાનો છે. પણ આત્મશુદ્ધિ કરવી જ કોને છે ?" એમ આત્મશુદ્ધિની ભાવના જ ઓલવાઈ ગઈ છે ?

સંયમીઓ સાવચેત બની બ્રહ્મચર્યાદિની રક્ષા માટે વિભૂષાત્યાગ કરવા અને એ માટે જઘન્યમાં જઘન્ય કક્ષાના એ બે નિયમોને ધારણ કરવા કટિબદ્ધ બને.

**૯૪. હું માત્ર પાણી અને ધોવાનો સોડા (ખાર) આ બે જ વસ્તુથી કાપ કાઢીશ. સાબુ-સર્ફ વિગેરે નહિ વાપરું. છેવટે ગૃહસ્થોના ઘરોમાં વપરાતા સાદા સાબુ અને સાદા પાવડર સિવાય મોંઘા સાબુ-પાવડર તો નહિ જ વાપરું.**

પ્રાચીનકાળના સંયમીઓ પાણી, ચૂનો, ખારનો ઉપયોગ કરીને જ કાપ કાઢતા. તે વખતના પ્રભાવક આચાર્ય ભગવંતોનો [૫૦]કાપ પણ આ જ વસ્તુઓથી કઢાતો. સાબુ વિગેરે હતા જ નહિ. જે બીજી વસ્તુઓ ધોબીઓ વાપરતા હશે તેનો સંયમીઓ ઉપયોગ કરતા ન હતા. હવે જો બાર મહિને જે એકવાર જ કાપ કઢાતો, એ પણ માત્ર પાણી અને ખાર = ધોવાના સોડાથી જ કાઢી શકાતો હોય તો ૧૫-૨૫ દિવસે કઢાતો કાપ તો આ બે વસ્તુઓ દ્વારા સહેલાઈથી કાઢી શકાય. એમાં થોડીક વધુ મહેનત પડે પણ અનેક દોષોથી બચી જવાય.

વર્તમાનકાળમાં એક આચાર્યશ્રીના ઘણા સાધુ-સાધ્વીજીઓ સાબુ-સર્ફાદિનો ઉપયોગ કર્યા વિના માત્ર પાણી-ખારથી જ કાપ કાઢનારા છે.

આ રીતે કાપ કાઢવામાં ફાયદો એ થાય કે (૧) સાબુ-સર્ફનો ઉપયોગ ન કરવાની જિનાજ્ઞા પળાય. 'આ જિનાજ્ઞા છે' માટે જ યોગોદ્વહનમાં સાબુ-સર્ફનો ઉપયોગ કરવામાં આવતો નથી. (૨) પાણી-ખારથી મેલ નીકળી જાય પણ કપડા ચકમકતા, આકર્ષક, ધોળા-ધબ ન જ બને. અને એ ખૂબ જ જરૂરી છે, કેમકે બ્રહ્મચર્યના ઘાતક નુકશાનો અટકે. કોઈને એ સંયમી પ્રત્યે આકર્ષણ ન થાય અને મેલ વિનાના વસ્ત્રો હોવાથી દુગંછા વિગેરે પણ ન થાય. (૩) વિહારમાં મોટા પ્રમાણમાં સાબુ-સર્ફ ઉંચકવા ન પડે. શ્રાવકો પાસેથી મોંઘા સાબુ-સર્ફ મંગાવવા ન પડે.

પણ જો આ આદર્શ આચાર પાળવો શક્ય ન બનતો હોય તો પછી એટલો નિયમ તો લેવો જ

જોઈએ કે 'મોંઘા સાબુ - મોંઘા પાવડરનો ઉપયોગ નહિ કરીએ.'

આજે ૮૦% જૈનો જે મોંઘા સર્ફ અલ્ટ્રા વિગેરે પાવડરો કદિ નથી વાપરતા એ જ પાવડરો આજે કેટલાંક સાધુઓ વાપરે છે. તેઓને એ સિવાય કોઈ પાવડર ચાલતો જ નથી.

એમ ૮૦% જૈનો જે સાબુ આખા વર્ષમાં ક્યારેય ન વાપરતા હોય, તેવા સુગંધી, ખૂબ ફીણ કરનારા, ૨૦-૪૦ રૂપિયાના સાબુઓ પણ સંયમીઓ વાપરે છે.

આ તો ઉચિત ન જ ગણાય. કપડાને ચકમકતા કે સુગંધી કરવા માટે જ ઉપયોગી આવા પાવડરો-સાબુઓ વાપરવાની શી જરૂર છે ? આપણે તો માત્ર મેલા વસ્ત્રોને ચોક્ખા કરવાના છે. ચકમકતા કે સુગંધી નહિ.

સંયમીઓ માત્ર એટલું નક્કી કરે કે ગૃહસ્થોના ઘરોમાં કપડા ધોવા માટે જે સાબુ, જે પાવડર વપરાતા હશે તે જ અમે વાપરીશું.

ખરેખર તો સંયમીઓ જે પાવડર-સાબુ શ્રાવકો પાસે દૂકાનમાંથી ખરીદીને મંગાવે છે એની જરૂર જ નથી. કેમકે બધા શ્રાવકોના ઘરે સાબુ-પાવડર હોય જ છે. એમના ઘરે જઈને યાચના કરીને સાબુ-પાવડર લઈ લઈએ તો પણ ચાલે. આમાં ક્રીત વિગેરે ઘણા દોષોથી બચી જવાય. ઘરે રહેલા સાબુ-પાવડરો વહોરાવવામાં કોઈ શ્રાવકને તકલીફ ન પડે. બજારમાંથી ખરીદીને સાબુ-પાવડર આપવાના હોય તો મધ્યમવર્ગના શ્રાવકો ય થોડોક સંકોચ તો પામે જ છે.

એટલે સાબુ-પાવડર વાપરવા જ હોય તો ગૃહસ્થોને ત્યાં વપરાતા સાદા સાબુ-પાવડર જ વાપરવાનો નિયમ લઈ મોંઘા-ઉંચી જાતના સાબુ-પાવડર ત્યાગી દેવા જોઈએ.

### ૯૫. હું મારા કાપમાં કોઈપણ વડીલ મહાત્માનું એક નાનકડું વસ્ત્ર પણ કાપ કાઢીશ.

આમ તો ગુરુ સિવાય બાકીના બધા જ નાના મોટા સાધુઓ પોત-પોતાનો કાપ જાતે જ કાઢતા હોય છે. વૃદ્ધો, ગ્લાન, ગુરુ વિગેરેના વસ્ત્રોનો કાપ વૈયાવચ્ચી સાધુઓ કાઢતા હોય છે. બધા સંયમીઓ કાપ કાઢવા વિગેરે રૂપ વૈયાવચ્ચમાં ઉત્સાહી નથી હોતા. બધાના સંયમયોગો જુદા જુદા પ્રકારના હોય છે.

એટલે બધા જ સંયમીઓ ગુરુ, ગ્લાન, વૃદ્ધાદિકના કાપ કાઢવાદિ વૈયાવચ્ચ કરે એ શક્ય નથી. પણ ઉચિત વિનય તો પ્રત્યેક સંયમીનો આચાર છે. જ્યારે કોઈપણ સંયમી પોતાનો કાપ કાઢે ત્યારે ગુરુના, વડીલના, ગ્લાનના તપસ્વીના, વૃદ્ધના કે બાલના એકાદ વસ્ત્રનો કાપ પણ ભેગો કાઢી લે તો ભક્તિ-વિનય કરવાનો લાભ મળે અને આ રીતે એક વસ્ત્રનો કાપ કાઢી આપવો કોઈને અઘરો પણ ન પડે.

વળી આવું ઔચિત્ય જોઈ ગુર્વાદિકને પણ આનંદ થાય. આ વાત સાવ નાનકડી છે પણ એની અસરો ઘણી મોટી છે. આવી રીતે એકાદ વસ્ત્રનો કાપ કાઢી આપનારા પ્રત્યે બીજા સંયમીઓનો સદ્ભાવ વધે, જે કંઈ તેના પ્રત્યે પૂર્વગ્રહ હોય, તે પણ ગળી જાય. એટલે નાનકડો પણ આ આચાર બધા સંયમીઓએ પાળવો.

જેઓ જાતે પોતાનો કાપ કાઢતા જ નથી, તેઓ માટે આ નિયમ નથી.

### ૯૬. હું મારો કાપ જાતે જ કાઢીશ. કપડા સુકવવા માટે બીજાને આપવાની છૂટ.

આવશ્યક નિર્યુક્તિમાં સંયમી માટે ખૂબ જ સુંદર શબ્દ વાપર્યો છે. "**स्वयंदासास्तपोधना:**"

તપરૂપી ધનવાળા સંયમીઓ સ્વયંદાસ હોય. અર્થાત્ પોતે જ પોતાના દાસ હોય. જેમ શેઠ કોઈપણ કામ પોતાના દાસને સોંપે. એમ સંયમીઓ પોતાનું કોઈપણ કામ પોતાના દાસને જ સોંપે. અને પોતાનો દાસ તો પોતે જ છે. એટલે એનો અર્થ એ કે સંયમી પોતાના તમામ કામ જાતે જ કરે. નાના કે મોટા કોઈપણ સંયમીને ન સોંપે.

જેઓ જેટલા સ્વાધીન રહે છે, તેઓ એટલા સુખી રહે છે. જેટલી પરાધીનતા એટલું જ દુઃખ !

આજે ઘણા મહાત્માઓ ૨૦-૨૦ વર્ષના દીક્ષાપર્યાય પછી પણ પોતાનો કાપ જાતે જ કાઢતા હોય છે. કોઈને પોતાનો કાપ કાઢવા આપતા નથી. અને આવા સ્વાધીન સંયમીઓ પ્રત્યે ગ્રુપના બાકીના સંયમીઓનો સદ્ભાવ પણ ખૂબ જ હોય છે.

એનાથી તદ્દન ઉંધુ જેઓ પોતાના વસ્ત્રો બીજાને કાપ કાઢવા માટે વારંવાર, વગર કારણે સોંપતા હોય. તેમના પ્રત્યે સંયમીઓનો સદ્ભાવ ટકતો નથી. છેવટે સંયમીઓ ઘસીને 'ના' પણ પાડી દેતા હોય છે. કે "અમે તમારું એકપણ વસ્ત્ર કાપ કાઢી નહિ આપીએ."

એક ગ્રુપમાં ગુરુના ઘણા કામ કરનારો એક સાધુ જ્યારે પણ કોઈપણ કાપ ચાલતો હોય ત્યારે ત્યાં જઈને પોતાના એક-બે વસ્ત્રો એના ફીણમાં બોળી જ દેતો હતો, એટલે પેલાને ના પાડવાનો અવસર જ ન મળે.

પણ આવું ક્યાં સુધી ચાલે ? એકવાર એ સાધુએ બીજાના કાપના ફીણમાં પોતાનું વસ્ત્ર ઝબોળી દીધું અને ગુસ્સે થયેલા બીજા સંયમીએ એ વસ્ત્ર બહાર કાઢી, ભીનું વસ્ત્ર જ પાછું આપી દઈને કહી દીધું કે "હું કાપ કાઢી આપવાનો નથી." (અલબત્ત આવું વર્તન કરવું ઉચિત નથી.)

આવા કડવા ઘુંટડા ગળવા જ ન પડે એ માટે પહેલેથી જ સ્વાધીન બનીને રહીએ તે ઘણું સારું. હા ! માંદગી વિગેરે પુષ્ટ કારણો હોય તો તે બીજા સંયમીઓ પણ સમજે. પણ નિષ્કારણ, સુખશીલતાથી જ કોઈ બીજાને વસ્ત્રો કાપ માટે આપે તો આ કાળમાં એવું સહન કરનારા ઘણા ઓછા મળે.

આ નિયમમાં કાપ કાઢતી વખતે બીજા સંયમીઓને વસ્ત્રો સુકાવવા આપવાની, કાપનું પાણી પરઠવવા આપવાની છૂટ આપવામાં આવી છે. પણ કોઈ એટલી પણ છૂટ ન રાખે તો એ સારું જ છે.

<u>૯૭. હું સાધ્વીજીઓ સાથે વાતચીત નહિ કરું.</u>

આ નિયમ સાધુઓ માટે છે. સાધુઓ કોઈપણ રીતે સાધ્વીજીઓ સાથે પરિચય સંપર્ક કરે એ શાસ્ત્રકારોને બિલકુલ માન્ય નથી. માટે જ(૯૦) આઠમ-ચૌદશના દિવસે મુખ્ય આચાર્યશ્રીને વંદન કરવા અને રોજ વાચના સિવાય સાધ્વીજીઓને સાધુઓના ઉપાશ્રયમાં જવાનો પણ નિષેધ કરેલો છે. અને વાચના તથા આઠમ-ચૌદશ મુખ્ય આચાર્યને વંદન કરવા સિવાય સાધુના ઉપાશ્રયમાં જનારા સાધ્વીજીઓને **અકાલચારી** કહ્યા છે.

(૯૧)જે આચાર્ય ભગવંતોનો સાધ્વી સમુદાય હોય. માત્ર એ જ આચાર્ય ભગવંત અને એમના સહાયક અત્યંત પીઢ, ગીતાર્થ, ગંભીર, પરિપક્વ બીજા એક-બે સાધુ સિવાય બાકીના કોઈપણ સાધુઓએ સાધ્વીજીઓ સાથે વાતચીત વિગેરે ન કરાય.

સાધ્વીજીઓ સાથે પરિચયાદિ કરનાર સાધુ ખૂબ ઝડપથી અપકીર્તિનું ભાજન બને છે.

સંબોધસિત્તરીમાં કહ્યું છે કે [૯૨]"જે વૃદ્ધ સાધુના ૩૨ દાંત પડી ગયા છે. બોખા અને વયોવૃદ્ધ છે. જેને વિકારો ઉત્પન્ન થવાની લગભગ કોઈ શક્યતા જ નથી. એવા પણ વૃદ્ધ સાધુ જે ગચ્છમાં સાધ્વીઓ સાથે વાતચીત નથી કરતા. હે ગૌતમ ! તે ગચ્છ સાચો ગચ્છ જાણજે. "

છેદગ્રંથોમાં કહ્યું છે સાધુને સંસારની સ્ત્રીઓ કરતા ઘણો વધારે ભય સાધ્વીજીઓથી છે. (આના અનેક કારણો ત્યાં બતાવેલા છે.)

સાધ્વીજીઓનો સંપર્ક ભડભડ બળતી આગ જેવો છે. એમાં પડનારો સાધુ બળીને રાખ થયા વિના ન રહે.

સાધ્વીજીઓનો સંપર્ક તાલપુટ ઝેર જેવો છે એને ખાનારો સાધુ ક્ષણવારમાં ભાવસંયમજીવનથી મરણ પામે.

રે ! એક સાધુ અને એક સાધ્વી, એક સાધુ + બે સાધ્વી, બે સાધુ + એક સાધ્વી, બે સાધુ + બે સાધ્વીને પણ એક જગ્યાએ ઉભા રહેવાની પણ છૂટ આપી નથી. તો સાધુ-સાધ્વીજીઓને પરસ્પર વાતચીત કરવાની છૂટ તો શી રીતે મળી શકે ?

આવા ઢગલાબંધ શાસ્ત્રપાઠો જોયા પછી આત્માર્થી સંયમીએ સાધ્વીજીઓના પરિચયથી બાર ગાઉ છેટા રહેવું જોઈએ.

વળી સાધ્વી-પરિચયની જરૂર જ શી છે ? સાધ્વીજીઓની બધી જવાબદારી મુખ્ય આચાર્ય ભગવંત સંભાળે જ છે. બાકીના સાધુઓએ એમાં પડવાની કે એના માટે સાધ્વીજી સાથે વાતચીત કરવાની કોઈપણ જરૂર જ નથી.

પરસ્પર સુખશાતા પુછવાની, વંદનાદિ કરવાની જો શાસ્ત્રકારો જ ના પાડતા હોય તો આપણે શાસ્ત્રકારો કરતા ય વધુ બુદ્ધિમાન બનીને સુખશાતા-વંદનાદિ કરીએ એ કેટલું યોગ્ય ગણાય ?

પરોપકારની એકમાત્ર ભાવનાવાળા, મહાગંભીર, મહાગીતાર્થ, સર્વજ્ઞતુલ્ય ચૌદ પૂર્વધરાદિના વચનો પણ જો માન્ય ન રાખવાના હોય. તો પછી આપણા પાસે જિનવચન શ્રદ્ધાન રૂપી સમ્યક્ત્વની હાજરી શી રીતે માની શકાય ?

કેટલાંકો વળી બહેન મહારાજ, ભાઈ મહારાજ વિગેરે સંબંધોને કારણે પરસ્પર વંદના-સુખશાતા કરતા હોય છે. પણ ગચ્છાચારનું વચન છે કે [૯૩]"સાધુઓ સગી બહેન કે બા સાથે પણ વાતચીત ન કરે."

ભલે એમાં નિર્દોષ ભાવ હોય, ભલે પરસ્પરના સંયમની અનુમોદનાનો જ અધ્યવસાય હોય. પણ શાસ્ત્રવચનોનું શું ? ઉભી થતી અનવસ્થાનું શું ? જોનારા લોકોમાં ઉત્પન્ન થતી જાત-જાતની શંકાનું શું ?

આમાં ઘણું કહેવા જેવું છે. પણ ટુંકાણમાં એટલી જ વાત કે પ્રત્યેક સંયમીએ નક્કી કરવું કે "સાધ્વીજીઓ સાથે વાતચીત નહિ કરું. તેઓ વંદન કરવા આવે તો નમ્રતાથી કહી દઈશ કે, "આચાર્ય ભગવંતને વંદન કરી લીધા છે, એટલે બીજાઓને વંદન કરવાની જરૂર નથી."

આ ઉત્કૃષ્ટ માર્ગ પાળવો જો કપરો પડતો હોય તો પછી સંસારી સ્વજન સિવાયના સાધ્વીજીઓ

સાથે કોઈપણ વાતચીત ન કરવાનો નિયમ લઈ શકાય.

આ જ નિયમ સાધ્વીજીઓએ સાધુઓ અંગે લેવાનો છે. તેઓ પણ નિયમ લઈ શકે કે "અમારી જવાબદારી જેમના માથે છે, એવા આચાર્યભગવંત કે એકાદ પીઢ-પરિપક્વ-ગીતાર્થ સાધુ વિના બાકીના કોઈપણ સાધુ સાથે અમે પરિચય નહિ કરીએ, વાતચીત નહિ કરીએ. જે કંઈ પ્રશ્નો હશે, એ બધા આચાર્ય ભગવંતને જ જણાવશું."

<u>૯૮. હું એકલા બહેનો સાથે વાતચીત નહિ કરું.</u>

બા-બહેન વિગેરે એકલા જ ઉપાશ્રયમાં સાધુને મળવા માટે આવે. ક્યારેક એકલી શ્રાવિકાઓ પ્રશ્નો પુછવા કે બીજા કોઈ કામ માટે ઉપાશ્રયમાં સાધુ પાસે આવે, મુમુક્ષુ બહેનો હિતોપદેશ પામવા માટે સાધુ પાસે આવે, શ્રાવિકાઓ સંસારના દુઃખોથી ત્રાસીને હૈયું હળવું કરવા માટે સાધુઓ પાસે આવે. બહેનો સાધુના વ્યાખ્યાન કે પુસ્તકાદિની અનુમોદના કરવા માટે સાધુ પાસે આવે.

આમ અનેક રીતે બહેનો સાથે વાતચીત થવાની શક્યતાઓ છે. દશવૈ.માં કહ્યું છે કે (૭૭)જે સ્ત્રીની ઉંમર ૧૦૦ વર્ષની હોય અર્થાત્ જે સ્ત્રી અત્યંત વૃદ્ધ હોય. જે સ્ત્રીના બે હાથ અને બે પગ કપાઈ ગયા હોય. જે સ્ત્રીના કાન અને નાક કપાઈ ગયા હોય. આવી પણ સ્ત્રીથી સાધુએ સાવચેત રહેવું.

જો આ વાત સાચી જ છે તો પછી યુવાન, રૂપવાન, ભક્તિવાળી શ્રાવિકા વિગેરે સાથે તો વાતચીત વિગેરે કરી જ શી રીતે શકાય ?

ભાઈઓ સાથે હોય, ભાઈઓ આગળ બેઠા હોય. બહેનો બાજુમાં દૂર બેઠા હોય, સાધુ ભાઈઓ સામે જોઈને વાતો કરતા હોય તો હજીય કદાચ ચાલે (એ પણ બધા સાધુઓ બેઠા હોય તે હોલમાં તો ન જ ચાલે. સાધુએ અલાયદા સ્થાનમાં બેસવું જોઈએ. જેથી બીજા સાધુઓને મુશ્કેલી ન થાય.) પણ એકલા બહેનો સાથે તો ધર્મોપદેશ આપવા માટે, પ્રશ્નોનો ઉત્તર આપવા માટે પણ વાતચીત કરવી યોગ્ય જણાતી નથી.

એકલા બહેનો સાથે વાતચીત કરનારા સાધુ માટે કોઈ ગમે તેવી શંકા પણ કરે.

એટલે સાધુઓએ એકલા બહેનો સાથે વાતચીત ન કરવી. (ગોચરીમાં ના-છૂટકે નીચી નજર રાખીને એકલા બહેનો સાથે વાતચીત અનિવાર્ય છે.)

આજ વાત સાધ્વીજીઓએ ભાઈઓ માટે સમજવી. એકલા ભાઈઓ સાથે કોઈપણ સાધ્વીજીઓએ વાત ન કરવી. સંસારી સ્વજનો મળવા આવેલા હોય તો પણ એમાં સ્ત્રીઓ સામે નજર રાખીને વાતચીત કરી શકાય. પણ પુરુષો સાથે વાતચીત ન કરાય. સંસારી સ્ત્રીઓની ગેરહાજરીમાં એકલા પુરુષો સાથે તો વાતચીત કોઈપણ હિસાબે ન કરાય.

<u>૯૯. હું સુર્યાસ્ત બાદ ભાઈઓ હાજર હોય તો પણ બહેનોને વિદાય આપી દઈશ. એમને ઉપાશ્રયમાં બેસવા નહિ દઉં.</u>

ભાઈઓની હાજરીમાં બહેનો બેઠા હોય અને સાધુ ભાઈઓ સામે જોઈને વાતચીત કરે એની છૂટ ૯૮માં નિયમમાં આપી. પણ સૂર્યાસ્ત બાદ તો આ રીતે પણ ન ચાલે. સૂર્યાસ્ત બાદ સાધુના ઉપાશ્રયમાં કોઈપણ બહેનોની હાજરી ન જ જોઈએ.

સાધુએ નમ્રભાવે બહેનોને કહી દેવું કે "હવે સૂર્યાસ્ત થઈ ગયો છે. એટલે તમારે બહાર નીકળી જવું પડશે."

એક તીર્થમાં પ્રભાવક પ્રવચનકાર સાધુ હાજર હતા અને મહિલા મંડળની એક બસ બરાબર સૂર્યાસ્ત સમયે ત્યાં આવી. બહેનોને સાધુની હાજરીની ખબર પડી એટલે વંદન કરવા આવ્યા પણ સાધુએ સ્પષ્ટ ના પાડી દીધી કે 'સૂર્યાસ્ત થઈ ગયો છે, હવે વંદનાદિ માટે પણ ઉપાશ્રયમાં નહિ અવાય.' છેવટે બધા બહેનો પાછા ફર્યા.

એક સાધુના પિતરાઈ ભાઈ અને ભાભી સૂર્યાસ્તને બે મિનિટની વાર હશે અને છેક બોમ્બેથી અમદાવાદ મળવા આવી ચડ્યા. તેઓ રાત્રે રોકાવાના ન હતા. પણ છતાં સંયમીએ સૂચના કરી દીધી કે "બહેન વંદન કરીને તરત બહાર નીકળી જાય."

સાધુના આવા આચારોની ખૂબ જ ગાઢ અસર શ્રાવકો ઉપર પડે છે. તેઓ અંદરખાને પ્રસન્ન થાય છે. સાધુ પ્રત્યેનો તેઓનો વિશ્વાસ દૃઢ બની જાય છે.

હવે જ્યારે સૂર્યાસ્ત બાદ ઉપાશ્રયમાં બહેનોની હાજરી જ ન ચાલે તો પછી રાત્રે ઉપાશ્રયમાં કે બહાર આંગણામાં સાધુ ભાઈ-બહેનોને વ્યાખ્યાન આપે, એ તો શી રીતે ચાલી શકે ? હજી એકલા ભાઈઓને વ્યાખ્યાન અપાય. પણ રાત્રે બહેનોને તો વ્યાખ્યાન ન જ અપાય.

આ જ નિયમ સાધ્વીજીઓએ ભાઈઓ અંગે સમજી લેવો.

આ નિયમ બધાએ વ્યક્તિગત પાળવાનો છે એટલે કે બીજા કોઈ વડીલ વિગેરેની પાસે સૂર્યાસ્ત પછી પણ બહેનો બેઠા હોય તો એમને બાકીના સંયમીઓ તો શી રીતે બહાર કાઢી શકે ? એ તો વડીલે જ પોતાની આ જવાબદારી સમજવી પડે. છતાં એ ન સમજે તો બાકીના સાધુઓએ પોતાની રક્ષા સ્વયં કરી લેવી.

એક આચાર્ય ભગવંત તો ઉપાશ્રયની સૌથી બહારના ભાગમાં પોતાનું આસન રાખતા. બધા સાધુઓને અંદરના ભાગમાં રાખતા. વચ્ચે પડદો રાખતા. કોઈપણ શ્રાવક-શ્રાવિકા આવે તો પોતે જ પચ્ચક્ખાણાદિ આપીને ત્યાંથી જ એમને વિદાય કરતા. અંદર જવા ન દેતા. જો સાધુના જ કોઈ સગા-વહાલા મળવા આવે, તો તેઓને પણ અંદર તો ન જ જવા દે. માત્ર એ સાધુને બહાર બોલાવી લેતા અને પોતાની હાજરીમાં સ્વજનો સાથે એને પાંચ-દસ મિનિટ વાતચીત કરવા દઈ પાછા એ સાધુને અંદર મોકલી દેતા. જો સ્વજનોને અંદર જવા દે તો એના કારણે બધા સાધુઓના સ્વાધ્યાયાદિમાં હાનિ થાય. આમાં તો એક જ સાધુની ૧૦ મિનિટ બગડે.

આવી સૂક્ષ્મતમ કાળજી કરનારા આચાર્ય ભગવંતો જ્યાં સુધી હશે ત્યાં સુધી આ શાસનને તેજસ્વી સિતારાઓની ભેટ મળતી જ રહેશે.

**<u>૧૦૦. હું (સાધુ) શ્રાવકોને કે વંદનાદિ સિવાય સાધુઓને પણ સ્પર્શ નહિ કરું.</u>**

ગચ્છાચારમાં [૪૫]રાત્રિના સમયે સાધ્વીજીઓની સંથારાની વ્યવસ્થાનું વર્ણન કરતી વખતે જણાવ્યું છે કે દર બે યુવાન સાધ્વીજીઓ વચ્ચે એક વૃદ્ધ સાધ્વીજીનો સંથારો હોવો જોઈએ. જો બે યુવાન સાધ્વીજીઓ આજુબાજુમાં ઉંઘે અને ઉંઘમાં ભુલથી એકબીજાને હાથ લાગી જાય તો એમાં ય ક્યારેક

નુકશાન થવાની શક્યતા છે. વૃદ્ધોનો સ્પર્શ કર્કશ હોવાથી એમાં ભુલથી હાથ લાગી જાય તો ય નુકશાન ન થાય.

આ જ વાત સાધુઓમાં પણ લાગુ પડે છે. [૯૯] અને માટે જ સાધુઓને નજીક-નજીકમાં સુવાનો નિષેધ કરાયો છે. માટે જ વર્ષો પહેલા એક ગચ્છમાં આવી વ્યવસ્થા હતી કે દર બે યુવાન સાધુઓની વચ્ચે એક પીઢ, વૃદ્ધ સાધુનો સંથારો થતો.

આનો સાર એ જ કે સાધુઓ પરસ્પર સ્પર્શાદિ કરે એ પણ શાસ્ત્રકારો માન્ય રાખતા નથી. હા ! (૧) વંદન કરતી વખતે પગના અંગુઠાને સ્પર્શીએ (૨) કોઈ સાધુનું માથું દુઃખતું હોય ત્યારે ગુરુ/વડીલની રજા લઈને તેનું માથું દાબીએ (૩) તાવવાળા કે વૃદ્ધ સાધુના પગ સખત દુઃખતા હોય તો ત્યારે પણ ગુરુ / વડીલની રજા લઈને એના પગ દાબી આપીએ.

આવા પ્રસંગોમાં સાધુ બીજા સાધુને સ્પર્શ કરે એ શાસ્ત્રીય છે. પણ આ સિવાય હસી-મજાકમાં પરસ્પર એકબીજાને સ્પર્શે, ગાલ ઉપર હાથ ફેરવે, પીઠ ઉપર ધબ્બો મારે, ધક્કો મારે... એમાં સાધુ સાધુનો સ્પર્શ કરે એ જોખમકારક અને શાસ્ત્રવિરુદ્ધ છે.

એટલે ઉપરના ગાઢ કારણો વિના સાધુએ કોઈપણ સાધુને ય સ્પર્શ ન કરવો. શ્રાવકોને સ્પર્શ કરવો પડે એ માટેનું તો કોઈ કારણ જ નથી. હજી કદાચ તપસ્વી, શ્રાવકો, મુમુક્ષુઓ વિગેરેને વાસક્ષેપ નાંખી આપવા, એમને આશીર્વાદ આપવા માટે એમના માથા ઉપર હાથ મૂકે એ શક્ય છે. પણ શ્રાવકોના છોકરાઓને સાધુ ખોળામાં બેસાડે, બે-ચાર મહિનાના છોકરાને ઉંચકે. છોકરાઓના ગાલ પંપાળે, પગ ન દુઃખતા હોય છતાં એ બધા પાસે પગ દબાવડાવે... આ પણ યોગ્ય નથી.

માંદગીના કારણે કે મોટા વિહારાદિના કારણે પગ સખત દુઃખતા હોય તો પણ જે વૃદ્ધ સાધુઓ હોય અથવા જે મોટી ઉંમરના (૪૦ ઉપરના) શ્રાવકો હોય એમની પાસે પગ દબાવડાવાય. પણ યુવાન સાધુઓ કે યુવાનો-છોકરાઓ પાસે પગ ન દબાવડાવાય.

આ જ વાત સાધ્વીજીઓએ શ્રાવિકાઓ અને સહવર્તિ સાધ્વીજીઓ અંગે સમજી લેવી.

<u>૧૦૧. હું ઝેરોક્ષ નહિ કરાવું. કારણસર કરાવું તો જેટલા પાનાની ઝેરોક્ષ કરાવું એટલા ત્રણ દ્રવ્યના ટંક કરીશ.</u>

ઈલેક્ટ્રીકથી જ ચાલતા ઝેરોક્ષ મશીનમાં કાગળો વિગેરેની ઝેરોક્ષ કરાવવામાં પુષ્કળ દોષ લાગે. આજે તો એક સારું લખાણ દસ જણને જોઈતું હોય તો એ દસ જણ જાતે લખવા તૈયાર ન થાય અને એક કાગળની સીધી દસ ઝેરોક્ષ જ કઢાવી લઈ ઝેરોક્ષ પોતાની પાસે રાખે.

એક ક્ષમાપનાપત્ર તૈયાર કરી ૨૦-૨૫ ઝેરોક્ષો કઢાવી ૨૦-૨૫ જણને મોકલવામાં આવે.

એક સાધુએ પોતાના ગુરુની વાચનાઓ ઉપર ૩૦૦ ફુલસ્કેપ ભરીને લખાણ કર્યું. એ લખાણ છપાવવા માટે મોકલવાનું હતું. સાધુને વિચાર આવ્યો કે "ક્યાંક ત્યાં પહોંચતા પહેલા આમ તેમ ખોવાઈ જાય તો ? એક ઝેરોક્ષ કોપી કઢાવીને મારી પાસે રાખું તો પછી ચિંતા ન રહે." વિનીત શિષ્યે ગુરુને પૃચ્છા કરી અને ભવભીરુ ગુરુએ કહ્યું કે "૩૦૦ પાનાની ૩૦૦ ઝેરોક્ષો કરાવવામાં કેટલી બધી વિરાધના થાય. અત્યાર સુધીમાં મેં ય ઘણા પુસ્તકોના લખાણો છાપવા મોકલ્યા છે. કદિ ખોવાયા નથી.

એવા ખોવાઈ જવાના ભયથી ૩૦૦ ઝેરોક્ષ શી રીતે કરાવાય ?"

કેવી સંયમની પરિણતિ !

હા ! જેઓ વિશિષ્ટ ગ્રંથોની રચના કરતા હોય અને એટલે પોતે લખેલા પદાર્થો અનેકોને તપાસવા માટે મોકલવાના હોય તો ત્યારે તેઓ બધાની ઝેરોક્ષ કરાવે એ અપવાદમાર્ગે માન્ય બને.

એમ આચાર્ય ભગવંતો અતિ મહત્ત્વના પ્રસંગોમાં કોઈક ગંભીર પત્રો લખે, ત્યારે એ પત્રની કોપી પોતાની પાસે સાક્ષી તરીકે રહે એ માટે ઝેરોક્ષ કરાવે એ હજી ય અપવાદ માર્ગે માન્ય બને.

પણ સામાન્ય સંયમીઓ વાત-વાતમાં ઝેરોક્ષો કરાવતા થઈ જાય એ તો ન જ ચાલે.

એક-બે પાનાનું આવશ્યક લખાણ જાતે લખી લેવું પણ એના માટે ઝેરોક્ષ કરાવવી નહિ.

આમ છતાં ઝેરોક્ષ કરાવવી જ પડે તો પછી એક-એક ઝેરોક્ષના પાના દીઠ એક એક ત્રણ દ્રવ્યના ટંક કરી શકાય.

મોટા પુસ્તક વિગેરેની ઝેરોક્ષ કરાવવી પડે તો ત્યારે ૨૦૦-૩૦૦ પાનાની ઝેરોક્ષ કરાવવાની હોવાથી ૨૦૦, ૩૦૦ ટંક તો ત્રણ દ્રવ્યના ન જ થઈ શકે. આ વખતે આંબિલ / ઉપવાસ શિક્ષા તરીકે રાખી શકાય. (ગુરુ પ્રાયશ્ચિત્ત તરીકે જે આપે તે જુદુ જ ગણાય.)

જો ત્રણ દ્રવ્યના ટંક, આંબિલાદિ કરવા ન ફાવે તો પ્રત્યેક ઝેરોક્ષ દીઠ એક બાંધી નવકારવાળી કે ૧૨ નવકાર વિગેરે કોઈપણ બાધા લઈ શકાય.

**૧૦૨. હું કોઈની પણ પાસે કોઈપણ કાર્ય માટે પૈસા નહિ માંગુ. માત્ર વ્યાખ્યાનની પાટ ઉપરથી દાનધર્મની પ્રેરણા કરીશ.**

સાધુઓની શ્રાવકોને સાધુઓથી વિમુખ બનાવનારી એવી જો કોઈ પ્રવૃત્તિ હોય તો એ છે 'પૈસા માંગવા તે.'

આજે મારી પાસે તપોવન સંસ્થા છે. એમ લગભગ દરેક પાસે કોઈને કોઈ નાની મોટી સંસ્થા, નાના-મોટા તીર્થો, નાની-મોટી યોજનાઓ છે. એ યોજનાઓના હજારો, લાખો, કરોડો રૂપિયા શ્રીમંત શ્રાવકો સિવાય તો કોણ આપે ? એટલે સંયમીઓ જે શ્રાવક ગાડીવાળો, પૈસાદાર દેખાય એને ગમે તે બહાને બોલાવે અને છેવટે પૈસાની યોજના બતાવે. ગમે તે કરીને શ્રાવક પાસેથી ઓછા-વત્તા પૈસા કઢાવે.

પ્રાચીનકાળ એ હતો કે શ્રાવકો દાનધર્મનું પાલન કરવા માટે તત્પર બની સાધુઓને વિનંતિ કરતા કે "સાહેબ ! આટલું ધન ધર્મ માર્ગે ખરચવું છે. આપ માર્ગદર્શન આપો." અને નિઃસ્પૃહ સાધુઓ શ્રાવકોની ગરજ જોઈને શાસ્ત્રાનુસારે ધન ખર્ચવાના માર્ગો દર્શાવતા.

આજે શીર્ષાસન થયું છે. સંયમીઓ પુષ્કળ ગરજ બતાવે ત્યારે માંડમાંડ, ક-મને શ્રાવકો પૈસા લખાવે. સાધુઓ પ્રત્યેની શરમ વિગેરેના કારણે ચોક્ખી ના તો તેઓ પાડી ન શકે. પણ પછી ગમે તે બહાના દ્વારા ઓછા પૈસામાં સોદો પતાવે. સાધુઓ એમ માને કે શ્રાવકોએ ભક્તિભાવથી પૈસા લખાવ્યા. પણ જ્યારે ખાનગીમાં, સાધુઓની ગેરહાજરીમાં એ શ્રાવકો શું બોલે છે ? એ સાંભળીએ ત્યારે સાચી હકીકતનું ભાન થાય.

ક-મને લખાવેલા પૈસાથી એ શ્રાવકને ય શું લાભ ? અને એવા ભાવ વિનાના ધનથી જે કાર્યો થાય એમાં શું ભલીવાર આવે ?

એક શ્રીમંત શ્રાવકને તપોવન માટે લાખ રૂપિયાનો લાભ લેવાની મેં સૂચના કરી ત્યારે એ ભાઈ કહે કે "સાહેબ ! હમણાં બોમ્બેમાં બે કરોડનો ફલેટ લીધો ત્યારથી બધી બાજુથી ઘણા મહારાજ સાહેબો મને બોલાવે છે અને પોત-પોતાના પ્રોજેક્ટમાં પૈસા લખાવવાની પ્રેરણા કરે છે. મારી શક્તિ પ્રમાણે ખર્ચું છું. પણ, સાહેબ ! ઘણા ખર્ચાઈ ગયા છે. હવે એક-બે વર્ષ વધારે પૈસા ખર્ચવા નથી."

મારે શરમાઈ જવું પડ્યું. એના મનમાં સાધુઓ માટેની છાપ કેવી ?

આજે બોમ્બેમાં સેંકડો-હજારો શ્રીમંતો શ્રીમદ્ રાજચંદ્રના રાકેશભાઈ વિગેરેની પાછળ જોડાયા છે. તેઓએ જૈન સાધુઓ સાથે છેડો લગભગ ફાડી નાંખ્યો છે. એના ઘણા કારણોમાં મહત્ત્વનું કારણ આ પણ છે કે "તેઓ જ્યારે પણ જૈન સાધુઓ પાસે જાય, ત્યારે પૈસા લખાવવાની જ વાત." કંટાળીને તેઓએ કાંટો બદલી નાંખ્યો.

એક શ્રીમંતના મોઢે સાંભળેલા આ શબ્દો કે – "સાહેબ ! જ્યાં જઈએ છીએ ત્યાં અમારી પાસેથી પૈસા કઢાવવાની જ વાત થાય છે. કોઈ અમારા આત્માની ચિંતા કરતું નથી. 'ધર્મારાધના કેવી ચાલે છે ? દોષો ઘટ્યા કે નહિ ?' એ અમને કોઈ પૂછતું નથી. શું અમે શ્રીમંત બન્યા, એ અમારો ગુન્હો છે ? કે પૈસા લખાવવા સિવાય બાકીની કોઈપણ પ્રેરણા લગભગ અમને થતી જ નથી. મેં હવે મોટાભાગના સાધુઓ પાસે જવાનું બંધ કર્યું છે."

"સ્થાનિક સંઘમાં ઉપાશ્રય, દેરાસરાદિ કાર્યો માટે લાખો રૂપિયાની જરૂર હોય અને ત્યાં ચોમાસું આવેલા સંયમીઓ પોતાના અંગત પ્રોજેક્ટ માટે લાખો રૂપિયા સંઘના શ્રાવકો પાસેથી લઈ જાય. સંઘના સ્થાનિક કાર્યોમાં કોઈ સહાય ન કરે. છેલ્લે સ્થાનિક સંઘ પુષ્કળ અસદ્ભાવ પ્રગટ કરે." આવા ય પ્રસંગો બન્યા છે.

શ્રાવકો જેમ ધંધામાં અનેક જાતના મૃષાવાદ સેવીને પૈસા કમાય છે, એમ મહાવીરના શ્રમણો અનેક બહાનાઓ હેઠળ શ્રાવકો પાસેથી કરોડો રૂપિયા કઢાવે એ તો જુલમ છે ને ?

શ્રીમંતને જોતાની સાથે જ એની પાસેથી કેવી રીતે પૈસા કઢાવવા એની જ જો વિચારણા મનમાં ચાલ્યા કરતી હોય તો એ શું એક જાતનું આર્ત-રૌદ્રધ્યાન નથી ?

લાગે છે કે કેટલાંક સંયમીઓ આ બાબતમાં માર્ગ ભૂલ્યા છે.

એક મહારાજ સાહેબે પજુસણમાં પાટ ઉપર ઉભા થઈને શ્રાવકો સામે બળજબરી પૈસા લખાવવાની શરુઆત કરી. (સંઘમાં ચાલતા તપના રસોડાના ખર્ચને પહોંચી વળવા માટે.) અને એક આગળ પડતા શ્રાવકે સંયમીનું અપમાન કરી દીધું. "હું એકપણ રૂપિયો આપીશ નહિ." હજારો માણસો વચ્ચે સંઘનો પ્રતિષ્ઠિત શ્રાવક જ્યારે ઘસીને ના પાડે ત્યારે બીજાઓ ઉપર એની શું અસર પડે ?

અલબત્ત આજે આદર્શભૂત સંયમીઓ પણ છે કે જેઓ કદિ કોઈને પણ એક રૂપિયો ખર્ચવાનો પણ આગ્રહ કરતા નથી. શ્રાવકો પુછી-પુછીને થાકે કે 'સાહેબ ! લાભ આપો.' છતાં કોઈ લાભ આપતા નથી. પૈસાની વાત કરવા માટે જેમની જીભ લકવાગ્રસ્ત બની જાય છે. જેઓ શ્રાવકોને વધુમાં વધુ એક-

બે વસ્ત્રોનો, બોલપેન કે નોટોનો લાભ આપી દે છે. પોતાના સંયમજીવનમાં ઉપયોગી થાય એ સિવાયની બીજી કોઈપણ માંગણી કરોડપતિ પાસે પણ જેઓ કરતા નથી. જેઓને પોતાના એકેય પ્રોજેક્ટ નથી. પૈસા વિના જેમના કોઈ કાર્યો અટકે એવા નથી. જેઓ વ્યાખ્યાનમાં માત્ર પ્રેરણા કરી દે છે કે "શ્રીમંતોએ પોતાની સંપત્તિ અમુક અમુક માર્ગે ખર્ચવી જોઈએ. તે તે સ્થાનોમાં સંપત્તિની ખૂબ જરૂર છે. શ્રીમંતોને ખૂબ લાભ થશે." પણ "તમારે આટલું ફંડ કરવું જ પડશે. ટ્રસ્ટીઓએ આટલા પૈસા તો લખાવવા જ પડશે." એવો લેશ પણ આગ્રહ જેઓ કરતા નથી.

આવા મહાત્માઓને કોટિ કોટિ વંદન હો ! તમામ સંયમીઓ આ જ આદર્શને જીવનમાં ઉતારે એવી હાર્દિક પ્રેરણા છે.

<u>૧૦૩. હું ટ્રસ્ટ બનાવીશ નહિ.</u>

સંયમીએ માનસિક પ્રસન્નતા અને આધ્યાત્મિક શુદ્ધિ મેળવવી હોય તો કોઈપણ સ્થાયી કામ ઉપાડવું નહિ. 'ધર્મદેશના' સિવાય સંયમીએ પોતાના માથા ઉપર કોઈપણ કામનો બોજો લેવા જેવો નથી.

તીર્થ માટે સાધર્મિકો માટે પુસ્તકો છપાવવા માટે કે બીજા અનેક કહેવાતા પ્રશસ્ત કાર્યો માટે સંયમીઓ ટ્રસ્ટ બનાવવા પ્રેરાય છે. પણ એકવાર ટ્રસ્ટ બનાવ્યા બાદ (૧) ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કંઈપણ ગોલમાલ કરે તો, (૨) ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સંયમીની જ સામે પડે તો (૩) ટ્રસ્ટ જે કામ માટે બનાવ્યું હોય એ કામ માટે જો પૈસા ઘટી પડે તો પછી પૈસા ભેગા કરવાનો મોટો બોજો માથે રહે તો સ્વાધ્યાય, ધર્મધ્યાનમાં ચિત્ત ન ચોંટે. સતત આર્તધ્યાન ચાલે. પુષ્કળ કર્મબંધ થાય.

૧૦૨મોં નિયમ એ જ પાળી શકે જે આ નિયમને ધારણ કરે. બાકી ટ્રસ્ટ બનાવી દીધા બાદ 'પૈસા માંગવા જ નહિ' એવો નિયમ તો મહાપુણ્યવાન વ્યક્તિ જ પાળી શકે.

ક્યારેક બુદ્ધિ બગડે તો ટ્રસ્ટના પૈસાનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરવાની પણ વૃત્તિ જાગે.

એટલે કોઈપણ ભોગે કોઈપણ ટ્રસ્ટના સ્થાપક ન બનવું. હા ! તે તે સ્થપાઈ ચૂકેલા ટ્રસ્ટો કોઈક માર્ગદર્શન માંગે તો શાસ્ત્રાનુસારી માર્ગદર્શન આપવામાં કોઈ વાંધો દેખાતો નથી.

<u>૧૦૪. હું કોઈપણ સંસ્થા કે તીર્થ સ્થાપીશ નહિ.</u>

જે નુકશાનો ટ્રસ્ટમાં છે, એ જ નુકશાનો સંસ્થામાં પણ છે. વધુમાં સંસ્થામાં માણસોના પરસ્પર ઝઘડાઓ, ચોરી વિગેરે ગોલમાલો, પૈસાની ખેંચ, ચેરિટી કમિશ્નરની જોહુકમી વિગેરેના કારણે સંયમી પરિણતિ ગુમાવી બેસે એવી પાકી શક્યતા છે. જેણે મુનિ મટીને મુનીમ બનવું હોય તેણે આ સંસ્થા, ટ્રસ્ટ વિગેરે સ્થાપવા.

હજી કદાચ મહાન, ગીતાર્થ સંવિગ્ન, પાપભીરુ, આચાર્ય ભગવંતો શાસનનું હિત જોઈ અપવાદ માર્ગે સંસ્થા, તીર્થ, ટ્રસ્ટાદિ કરતા હોય તો પણ બાકીના અપરિપક્વ, અગીતાર્થ સામાન્ય સાધુ-સાધ્વીજીઓએ તો આમાં બિલકુલ પડવા જેવું નથી.

<u>૧૦૫. હું વિહારમાં માણસ સાથે રાખીશ નહિ. મારી ઉપધિ જાતે ઉંચકીશ.</u>

વિહારમાં સંયમીઓ સામાન ઉંચકાવવા માટે સાઈકલવાળો માણસ રાખતા હોય છે. હવે તો

વ્હીલચેરનો વપરાશ પણ વધ્યો છે, એટલે એમાં પણ વ્હીલચેર ચલાવવા માટે સંયમીઓ માણસ રાખે છે. એનો પગાર, ગામેગામ એની ત્રણ ટાઈમ જમવાની વ્યવસ્થા, એને માટે સુવાના ગાદલા વિગેરેની વ્યવસ્થા પણ સંયમીઓએ ગોઠવી આપવી પડે. સંયમી સાથે રહેલા એ માણસો ઘાસ ઉપર ચાલે, રસ્તા ઉપર થુંકે, સંડાસમાં ઠલ્લે-માત્રુ જાય એ બધાનું પાપ સંયમીને પણ લાગે.

આ બધી મુશ્કેલીઓ અને પાપોથી બચવું હોય તો યુવાન-સશક્ત સંયમીઓએ લેશ પણ ઢીલા પડ્યા વિના પોતાની ઉપધિ જાતે જ ઉંચકવાની ટેવ પાડવી જોઈએ. એક નાનકડી નોટ પણ ગાડી દ્વારા, શ્રાવક દ્વારા આગળના સ્થાને મોકલાવી દેવાની ટેવ જેઓ પાડે છે, તેઓ ધીમે ધીમે વધુ ને વધુ સુખશીલ બની બધો જ સામાન ઉંચકનારા સાઈકલવાળા માણસને પણ રાખતા થઈ જાય છે.

કદાચ આખા ગ્રુપમાં ઘરડા સંયમીઓ, ગુરુજનો વિગેરેને માટે માણસો રાખેલા હોય એમના સામાન માટે સાઈકલ રાખી હોય તો પણ બાકીના સંયમીઓએ એનો લેશ પણ લાભ ન લેવો જોઈએ. બીજાની સાઈકલમાં પોતાની ઝોળી ચડાવી દેવી કે પાકીટ મૂકી દેવું એ બધું જ ભવિષ્યના મોટા શિથિલાચારનું કારણ છે.

વ્યક્તિગત દરેક સંયમીએ પોત-પોતાની રીતે આ નિયમ પાળવાનો છે. સાથેના સંયમીઓ નબળા હોવાથી સાઈકલાદિ દ્વારા સામાન મોકલાવતા પણ હોય. પણ શક્તિમાન સંયમીએ તો કટ્ટર જ રહેવું જોઈએ.

જો વિહારમાં ઓછું વજન ઉંચકવાની શક્તિ હોય તો પોતાની મેળે જ અત્યંત જરૂરી વસ્તુ રાખીને બાકીની બધી વસ્તુઓ કાઢી નાંખવી જોઈએ. દા.ત. કોઈક સંયમીએ વિહારમાં ચાર-પાંચ પુસ્તકો વાંચવા માટે લીધા હોય પણ ઉપાડવાની શક્તિ ન હોય, તો એણે એ પુસ્તકો સાઈકલ ઉપર ચડાવી દેવાને બદલે એક-બે પુસ્તક રાખી બાકીના પુસ્તકો કાઢી દેવા જોઈએ અને એક-બે પુસ્તકો જાતે જ ઉંચકવા જોઈએ.

૯૦ સાધુઓના એક વિશાળ ગ્રુપમાં એકપણ માણસ ન હતો. મુખ્ય આચાર્ય ભગવંતને સ્ટ્રેચરમાં ઉંચકનારા પણ સાધુઓ જ હતા, માણસો નહિ. પણ એકવાર કોઈક કારણસર વ્યવસ્થાપકે માત્ર વિહારમાં થાકેલા કો'ક સાધુનો ઘડો ઉંચકવા પુરતો એક માણસ રાખ્યો અને આચાર્યશ્રીની નજરમાં એ માણસ ચડી ગયો. એના હાથમાં સાધુનો ઘડો જોઈને ચમક્યા. એમણે ૯૦ સાધુઓને કહી દીધું કે "જો વિહારમાં માણસ રાખ્યા વિના ન ચાલે એમ હોય. તો હું સ્થિરવાસ કરીશ. મને ઉંચકનારા સાધુઓમાંથી જ એકાદ જણનો ઘડો પકડવા માટે આ માણસ રખાયો છે. એટલે નિમિત્ત હું છું. એટલે હું સ્થિરવાસ કરીશ. પણ માણસ સાથે તો વિહાર નહિ જ કરું."

આજે તો આ બધા આદર્શો દીવો લઈને શોધવા જવું પડે. અલબત્ત હજી ય કેટલાંક સંયમીઓ ખૂબ જ કટ્ટરતા સાથે આ આચારને પાળે છે જ. છતાં માણસ રાખવાનું પ્રમાણ વધતું જતું દેખાય છે.

કેટલીકવાર સાથે રાખેલા માણસો પૈસા ચોરીને ભાગી જતા હોય છે.

હમણાં જ એક ગ્રુપ જોયું કે જેમાં માત્ર ત્રણ સાધુઓ વચ્ચે ૧૨ માણસો હતા અને મોટું રસોડું સાથે હતું. કેમકે નાના મોટા ગામોમાં ૧૨-૧૨ માણસોને ત્રણ ટાઈમ જમાડવાની વ્યવસ્થા શી રીતે થાય?

આ બધો ખર્ચો છેવટે તો જૈન સંઘે જ ભોગવવો પડે ને ? એક સાધ્વીજીને પાલિતાણાથી

અમદાવાદ ડોળીમાં લાવવામાં માત્ર પગાર પેટે રૂપિયા ૩૦,૦૦૦ ચૂકવવા પડ્યા. કેમકે આઠ બહેનો ડોળી ઉંચકવા માટે રાખવી પડી. એમનો જમવા વિગેરેનો ખર્ચો તો વળી જુદો જ.

આજે તો એવા સંયમીઓ પણ છે કે જેઓ રસ્તામાં ગાડીવાળો શ્રાવક વિનંતિ કરે કે "સાહેબ! હું આપ જ્યાં જાઓ છો, ત્યાં જ જવાનો છું. આપની ઉપધિ આપી દો. ત્યાં મૂકી દેશું." તો પણ ઉપધિ આપતા નથી. ૨૦-૩૦ કિલોમીટરના લાંબા વિહારો પણ ઉપધિ સાથે રાખીને જ કરે છે.

સંયમીઓ આવા આદર્શ સાધુપણાને પોતાનામાં વિકસાવે તો સર્વત્ર આદરણીય બને. ક્યાંય દુઃખી ન થાય.

સુરતથી અમદાવાદ જવું હોય તો વધારાની ઉપધિ જો ન ઉંચકી શકાતી હોય તો સીધી અમદાવાદ કોઈક સોબત દ્વારા મોકલી આપવામાં ઓછો દોષ. પણ એ બધી વસ્તુઓ સાઈકલ સાથે રાખીને અમદાવાદ સુધી લઈ જવામાં રોજીંદી વિરાધનાથી ઘણો મોટો દોષ લાગે.

ધારો કે સાઈકલ સાથે રાખવી જ પડે તો પણ આનો અર્થ એ તો નથી જ કે સાઈકલ સાથે છે, માટે બધી ઉપધિ એના ઉપર ચડાવી દઈને ખાલી હાથે ચાલવું. જેટલી ઉપધિ ઉંચકવી શક્ય હોય એટલી ઉંચકવી. જે ઉંચકી ન શકાય એ જ સાઈકલ ઉપર મૂકાય.

<u>૧૦૯. હું દવા વિગેરેની સંનિધિ નહિ રાખુ. સાંજે એની પોટલી ગૃહસ્થને ભળાવી દઈશ અને કોઈપણ દવા વહોરીને વાપરીશ.</u>

શાસ્ત્રકારો કહે છે કે [૮૭]સાધુ માંદો પડે તો પણ દવા ન લે, ચિકિત્સા ન કરે. એ તો પોતાના આત્માની ગવેષણા કરે કે હે આત્મન્ ! તે બાંધેલા અશાતાકર્માદિને કારણે આ રોગ આવ્યો છે. હવે એવી આરાધના કર કે એ બધા કર્મો તુટી જાય. એટલે પછી રોગ એની મેળે જતો રહે. એ માટે દવા લેવી જ ન પડે.

સાધુની સાધુતા એ જ છે કે એ માંદો પડે તો પણ દવા કરે નહિ અને કોઈની પાસે પોતાની દવા કરાવે નહિ.

પણ જિનકલ્પી વિગેરેને માટેનો આ ઉત્સર્ગમાર્ગ બધા સ્થવિર કલ્પીઓ શી રીતે પાળી શકે ?

અને આજે તો સંઘયણ નબળા પડતા જાય છે. ખોરાકની પોષ્ટિકતા ખલાસ થતી જાય છે. પ્રદૂષણને લીધે રોજ અવનવા રોગોનો જન્મ થતો જાય છે. આવી પરિસ્થિતિમાં લગભગ કોઈ સંયમી એવો નહિ હોય કે જેણે એકપણ દવા (પેટ સાફ કરવા માટે હરડે સુધ્ધાં પણ) લેવી ન પડતી હોય.

ભલે ! અપવાદ માર્ગે દવા લેવાય. પણ એમાં સાપેક્ષભાવ જાળવવો જોઈએ. શાસ્ત્રકારોએ [૮૮]પ્રવાહીવસ્તુનો એકબિંદુ જેટલો પરિગ્રહ, ચૂર્ણવસ્તુનો એક રાખના કણ જેટલો પરિગ્રહ અને ઘનવસ્તુનો એક તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પરિગ્રહ કરવાની પણ ના પાડી છે. અર્થાત સૂર્યાસ્ત બાદ આટલો પણ પરિગ્રહ સંયમીએ ન રાખવો જોઈએ.

શાસ્ત્રોમાં તો એવી વ્યાખ્યા કરી છે કે [૮૯]સંનિધિદોષ સેવવાથી આત્મા નરકાદિગતિમાં સ્થાપિત થાય છે અને માટે આ દોષનું નામ સંનિધિ છે.

દિવસ દરમ્યાન જે દવાઓ લેવી પડે એ વહોરી-વહોરીને લેવી. સાંજે સૂર્યાસ્ત બાદ એ દવાઓ

ભેગી કરી શ્રાવકાદિને આપી દેવી. બીજા દિવસે સૂર્યોદય બાદ એની પાસેથી એ દવા વહોરીને પછી વાપરી શકાય.

અત્યારે તો સંયમીઓ બધી દવા સાથે જ રાખે છે. રાત્રે પણ પોતાની પાસે રાખે અને દિવસે કોઈપણ પાસે વહોર્યા વિના જ દવા વાપરી લે.

આ બે ય ખોટું છે. રાત્રે દવા સુદ્ધાં પણ પાસે ન રખાય અને દિવસે વહોર્યા વિનાની કોઈ વસ્તુ વાપરી ન શકાય.

કોઈને વળી એમ પણ થાય કે "દવાઓ પાસે રાખવામાં શું દોષ ? આ કંઈ આસક્તિકારક વસ્તુઓ થોડી છે ?"

પણ તેઓ આ વાત જાણતા નથી કે નાનકડા છીંડામાંથી જ મોટા બાકોરાઓ તૈયાર થતા હોય છે. ભૂતકાળમાં કોઈપણ વસ્તુની સંનિધિ ન કરાતી. ધીરે ધીરે "કડવી દવા રાખવામાં શું વાંધો ?" એમ વિચારીને કડવી દવાઓ રાખવાની શરુ કરાઈ. પછી "જો કે સુંઠ, ત્રિફળા, શક્તિની મીઠી ગોળી વિગેરે કડવી નથી છતાં એમાં વળી શું આસક્તિ થવાની ? હળદરનો ગાંગડો રાખવામાં શું વાંધો ?" એમ સ્વાદ વિનાની (છતાં કડવી તો નહિ જ) વસ્તુઓની સંનિધિ શરુ થઈ.

એ પછી સુંઠની ગોળીની જરૂરિયાતવાળાઓએ સુંઠ-ગોળ-ઘીની ગોળીઓની પણ સંનિધિ શરુ કરી. એ.સી.ડી.ટીવાળાઓએ ઉનાળામાં આમળાનો પાવડર પણ પાસે રાખવા માંડ્યો. અતિભયંકર ગરમીમાં શાતા મેળવવા માટે શરબત માટેની તૈયાર ગોળીઓ (કે જે પાણીમાં નાંખતા જ ઓગળી જાય, શરબત બને)ની સંનિધિ શરુ થઈ.

વાત આગળ વધી તો કેટલાંકો દિવસે લાવેલ મીષ્ટાન્નાદિ પણ રાખી મૂકવા લાગ્યા. કાજુ-દ્રાક્ષ-ખજુરના પેકેટો પણ સંયમીઓના થેલામાંથી નીકળેલા સાંભળ્યા છે.

'દોષ નાનો છે' એમ બોલનારાઓની શાસ્ત્રદૃષ્ટિ નાની છે એમ જ માનવું પડે. કેમકે શાસ્ત્રકારોની ગંભીરતાને તેઓ પીછાણતા નથી. શાસ્ત્રકારો મોટા દોષો ઉભા જ ન થાય એ માટે એના મૂળ સમાન નાનાદોષોનો જ સખત નિષેધ કરીને એને અટકાવે છે.

એટલે દવા કડવી હોય કે મીઠી... કોઈપણ વસ્તુ સૂર્યાસ્ત બાદ પાસે ન રાખવાના જ સંસ્કાર દૃઢ કરી દેવા. સંનિધિ રાખવાના નાનકડા પણ સંસ્કાર પડવા જ ન દેવા.

એમ વહોર્યા વિના વસ્તુ વાપરવાના સંસ્કાર પણ ન પડવા દેવા. કડવી દવાઓ પણ વહોરીને જ વાપરવાની કટ્ટરતા જાળવવી. અને એ માટે આ નિયમ ઉપયોગી છે.

વિહારધામમાં કોઈ શ્રાવક, મુમુક્ષુ કે માણસ એવો ન મળે કે જેને દવાની પોટલી ભળાવી શકાય તો પછી છેવટે દવાની પોટલી તૈયાર કરી મુખ્ય વડીલને સોંપી દેવી. એક જ વડીલ રાત્રે બધી દવા, પોતાની પાસે રાખે. પણ બીજા બધા ન રાખે.

રાત્રે ત્રિફળા વિગેરે લેવી પડે તો પછી એટલા પુરતી છુટ ના-છુટકે રાખવી.

<u>૧૦૭. હું કોઈપણ વસ્તુ ગુરુ/વડીલને બતાવ્યા વિના નહિ વાપરું.</u>

ગોચરી ગુરુ કે મુખ્ય વડીલને બતાવ્યા વિના વાપરે, તો ચોરીનો દોષ લાગે. પ્રભુએ આ રીતે

વાપરવાની ના પાડી હોવાથી આમાં જિનાજ્ઞાભંગનો દોષ પણ લાગે. અને એકવાર ગુરુને બતાવ્યા વિના વાપરવાના સંસ્કાર પડી જાય એટલે પછી એ દોષ આગળ વધતા આવતી કાલે આધાકર્મી વસ્તુઓ, ગુરુએ ના પાડેલી વસ્તુઓ પણ લાવી લાવીને, ગુરુથી છુપાવીને વાપરીને સંયમી અતિઘોર પાપ બાંધશે.

આહાર સંજ્ઞાને પરવશ થયેલો સંયમી શું ન કરી બેસે ? એ સવાલ છે. ભયંકર વૈરાગ્ય સાથે દીક્ષા લેનાર સંયમી પછી આહારાદિમાં લંપટ બની મોટી ભુલો કરી બેસે છે. એક સંયમી કોઈક એપાર્ટમેન્ટમાં શ્રાવકને ત્યાં પેંડા વહોરી તરત ત્યાં ઉપર અગાસીમાં જઈને પેંડા ખાઈ ગયો. શ્રાવકે નજરોનજર જોયું.

કો'ક સંયમી ઓળીમાં આંબિલની રોટલીઓની નીચે શીરો છુપાવીને લાવતો અને વાપરતો ગુરુની નજરમાં આવ્યો.

ગુરુને બતાવીને જ વાપરવાની ટેક-પ્રવૃત્તિ હોય તો ઘણા દોષોથી અટકી જવાય. એક ગુરુ તો પાતરામાં રહેલી પચ્ચીસ-ત્રીસ રોટલીઓ ઉંચી-નીચી કરીને પણ જોઈ લેતા કે એમાં ક્યાંક ઘી વિગેરે નંખાવ્યું નથી ને ?

એક સ્વર્ગસ્થ આચાર્યશ્રી તો શિષ્યે લાવેલી ગોચરી જ નહિ, પાણી પણ ખાસ જોતા. આજે કદાચ પાણી ન બતાવીએ પણ ગોચરી તો અવશ્ય બતાવવી જ જોઈએ. ગીતાર્થ-ગંભીર ગુરુ ગોચરીની વસ્તુ જોઈને એ કોને વપરાવવી ? કેટલી વપરાવવી ? વિગેરેનો નિર્ણય કરી શકે અને એટલે એ વસ્તુઓનો સદુપયોગ થાય.

દેખાડતી વખતે માત્ર પાતરું કાઢીને દેખાડીએ એ ન ચાલે. પાતરામાં નાનામાં નાની પણ જે વસ્તુઓ હોય એ નામ સાથે ગુરુને દેખાડવી પડે. દૂધ દેખાડીએ ત્યારે જો દૂધમાં ખાંડ નંખાવી હોય તો એ પણ જણાવવું પડે કે "દૂધમાં ખાંડ નાંખી છે."

ટુંકમાં ગોચરીમાં આવેલી એકપણ વસ્તુથી ગુરુ અજાણ ન રહે એ રીતે ગોચરી બતાવવી.

આ રીતે બતાવવામાં બીજો ફાયદો એ થાય કે વહોરનાર સાધુથી અજાણપણામાં કે પ્રમાદથી કોઈક સચિત્ત કે અભક્ષ્ય વસ્તુ વહોરાઈ ગઈ હોય તો ગુરુ એને જાણી લઈ પારિઠાવણી કરાવે. વાપરવા ન દે. દા.ત. પતેવડી ઉપર ઓસાવેલા વિનાના તલ ઉપરથી ભભરાવ્યા હોય. ખમણ ઉપર શિયાળામાં કોથમીર નાંખી હોય, ગુરુ એના રંગ વિગેરે ઉપરથી પકડી પાડે કે આ કોથમીર ગ્યાસ ઉપર ચડી નથી. સચિત્ત છે અને એટલે સચિત્ત ભક્ષણાદિના મોટા પાપોથી બચી જવાય.

મીઠાઈમાં ઘણા દિવસોનો માવો નાંખ્યો હોય, લાડવા વિગેરેમાં ખસખસ નાંખી હોય, તડકો આપ્યા વિનાના અજૈનના ઘરના અથાણા વિગેરે હોય, ગ્યાસ પર ચડ્યા વિનાના તલના કચરિયામાં તલના આખા દાણા હોય વિગેરે અનેક બાબતોમાં શિષ્યની વહોરતી વખતે થયેલી ભુલો ગુરુને સમ્યક્ રીતે ગોચરી દેખાડવાથી દૂર થાય અને મોટા પાપમાંથી બચાય.

ગુરુની ગેરહાજરીમાં મુખ્ય વડીલને ગોચરી બતાવવી.

ગુરુ જ ગોચરી જોવાને બદલે લઈ જવાનું કહે તો સંયમી નિર્દોષ છે. પણ ખરેખર તો ગુરુએ બરાબર બધી ગોચરી જોવી જ જોઈએ.

**૧૦૮. હું ગોચરી માંડલીમાં ગોચરી સંબંધી અગત્યની વાત સિવાય કંઈપણ બોલીશ નહિ.**

આખા દિવસમાં બધા ય સંયમીઓ મુખ્યત્વે બપોરની ગોચરી માંડલીમાં ભેગા થતા હોય છે. સાંજના પ્રતિક્રમણમાં ભેગા થાય ખરા, પણ ત્યારે શ્રાવકો વિગેરેની હાજરી પણ હોય છે. એટલે ત્યારે પરસ્પર વાતચીત ઓછી થાય. જ્યારે ગોચરી માંડલીમાં બીજું કોઈ ન હોવાથી જાત-જાતની વાતો ચાલે. એમાં ૪૮ મિનિટ થઈ જાય તો સંમૂર્ચ્છિમની વિરાધના પણ થાય અને ગોચરી માંડલીમાં બોલીએ એટલે કેટલીકવાર એંઠા મોઢે પણ બોલાઈ જાય. મુહપત્તીના ઉપયોગ પૂર્વક ગોચરીમાંડલીમાં બોલવું લગભગ શક્ય નથી.

આમાં વિકથા વિગેરે ઘણા દોષો લાગે છે. માટે ગોચરીમાંડલીમાં સદંતર મૌન ધારણ કરવું. હા ! કોઈક વસ્તુ મંગાવવી હોય, વધી પડેલી કોઈક વસ્તુ બીજાને આપવી હોય. માંડલીમાં જ પડેલી કોઈક વસ્તુ જોઈતી હોય... વિગેરે માટે બોલી શકાય. પણ એ સિવાયની કોઈપણ વાત ન કરવાની પ્રતિજ્ઞા લેવી.

(૧) આજે આ શાક ખૂબ જ તીખું આવ્યું છે. મારવાડીને ત્યાં ગોચરી ગયેલા કે ? (૨) આ મીષ્ટાન્ન તો ફલાણા ભાઈને ત્યાંથી જ લાવ્યા હશો ને ? (૩) આજે ગોચરીમાં અમુક દ્રવ્ય મળતું હતું. પણ હું ન લાવ્યો. કોઈ ન વાપરે તો ? (૪) અમુક સાધુને ગોચરી લાવતા જ નથી આવડતી. ગમે તેમ લઈ આવે છે..... આવી અનેક પ્રકારની ગોચરી સંબંધી કહેવાતી વાતો પણ ભક્તકથાના સ્વરૂપને ધારણ કરતી હોવાથી સંયમીએ એનાથી છેટા રહેવું.

ખરેખર તો સંયમીના માથે સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિનો એટલો બધો ભાર હોય કે નકામી વાતોમાં અડધી મિનિટ કાઢવી પણ એને ભારે પડતી હોય એને બદલે અડધો-એક કલાક વાતોમાં જ પસાર થાય એ ઉચિત નથી.

અનુભવીઓ તો ગોચરી માંડલીને કતલખાનું પણ કહે છે. કેમકે એમાં આસક્તિ વિગેરેને લીધે આત્માના ગુણોની કતલ થાય છે. સંયમીએ કતલખાનામાંથી વહેલામાં વહેલા બહાર નીકળી જવું જોઈએ. એને બદલે ત્યાં જ બેસીને મસ્તીથી વાતો કરનારને તો આ કતલ પ્રત્યે - ગુણનાશ પ્રત્યે કોઈ સુગ નથી એમ જ માનવું પડે.

**૧૦૯. હું ચાહ-કોફી વિગેરે વ્યસનકારક દ્રવ્યો નહિ વાપરૂં.**

જેઓને ચાહનું વ્યસન જ થઈ ગયું છે અને માટે જ ચાહ ન પીએ તો જેને સખત માથું ચડી જાય છે તેવાઓને ચાહનો ત્યાગ લગભગ શક્ય નથી.

અલબત્ત જો અતિભયંકર વ્યસન ન હોય તો ધીમે ધીમે ચાહ ઘટાડતા-ઘટાડતા સંપૂર્ણપણે ચાહ છોડી શકાય છે. શરુઆતમાં થોડીક તકલીફ પડે પણ વધુમાં વધુ એક મહિનો જો ચાહ વિના ખેંચી કાઢીએ તો પછી બધી તકલીફ દૂર થઈ જાય. માથું દુઃખવાનું પણ બંધ થઈ જાય. પણ એ માટે એક મહિના માટે થોડુંક સહન કરવાની તૈયારી રાખવી પડે.

જેઓને આવું વ્યસન નથી છતાં ક્યારેક મળે તો સ્વાદ ખાતર વાપરી લે છે. તેઓએ આ બધા દ્વારા એનો સદંતર ત્યાગ કરવા જેવો છે. શરીરને ખૂબ જ નુકશાન કરનારા આ બે તત્ત્વો છે.

આ ઉપરાંત તમાકુ ઘસવું, છીંકણી લેવી એ બધું પણ નુકશાનકારક હોવાથી એનો ત્યાગ કરવો જોઈએ.

**૧૧૦. હું દાંડો-કામળી રાખ્યા વિના ગોચરી-પાણી કોઈપણ વસ્તુ નહિ વહોરું.**

પ્રાચીનકાળમાં તો સંયમીઓ ઘરોમાંથી જ ગોચરી-પાણી લાવતા અને એટલે તેઓ તો દાંડા-કામળી સાથે જ ગોચરી-પાણી વહોરતા. આજે નીચેથી કે આજુ-બાજુમાંથી જ પાણી લાવવું હોય તો કેટલાકો દાંડા-કામળી વિના જ પાણી વહોરી લાવે છે. એમ ઉપાશ્રયમાં જ કે નજીકમાં જ રસોડું હોય તો કેટલાંકો દાંડા-પાણી વિના પણ ગોચરી વહોરે છે.

આ બાબતમાં દરેકે પોત-પોતાના ગુરુજનને પુછી લેવું. જો તેઓ આ રીતે લાવવાની રજા આપે તો એમની સામાચારીમાં આ રીતે લાવવું માન્ય હોવાથી એમાં તે તે સંયમીને દોષ ન લાગે. પણ જો ગુરુજનો એમ કહે કે "ના. ખરેખર તો દાંડો-કામળી સાથે હોવા જ જોઈએ." તો પછી એનો અર્થ એ થયો કે દાંડા-કામળી વિના વહોરવું એ અવિધિ છે અને તો પછી સંયમીઓએ આ બાધા લેવી.

કેટલાંકો '૧૦૦ ડગલાની અંદર કામળી વિના માત્ર દાંડાથી પણ ગોચરી-પાણી વહોરી શકાય' એમ પણ માને છે.

આમાં લાભ-નુકશાનની ચર્ચા કર્યા વિના એટલું જ વિચારવું કે "આ જિનાજ્ઞા છે અને એનું ઉલ્લંઘન આપણાથી ન કરાય."

**૧૧૧. હું પડિલેહણ બાદ મારો કાજો જાતે લઈ, સુપડીમાં લઈને પરઠવીશ.**

'કોઈપણ વાતમાં પરાધીનતા ન હોવી જોઈએ.' એ સિદ્ધાંતને અનુસરીને આ નિયમ છે. પડિલેહણ કર્યા પછી કેટલાંકો રાહ જોતા હોય છે કે "કોઈક સંયમી કાજો લેવા આવે તો સારું." જો તે કાજો લેવા આવે તો આનંદ થાય. પણ પછી જો એ કાજો લેવા ન આવે, ભુલી જાય તો સંક્લેશ થાય એના પ્રત્યે અસદ્ભાવ થાય. ક્યારેક પછી આદેશ પણ કરી દે કે "મારી જગ્યા ઉપરથી તમે કાજો લઈ લો." એમાં સામેવાળા સંયમીને અપ્રીતિ થાય.

એટલે આવી પરિણતિની અશુદ્ધિ જ જો થતી હોય તો એને બદલે સ્વાધીન જ બની જવું શું ખોટું? બીજા પાસે કાજો ન લેવડાવવાની બાધા જ હોય તો પછી 'બીજો કાજો લેવા આવે' એવી અપેક્ષા જ ન રહે. અને તો પછી દુઃખી થવાનો વારો ન આવે.

કોઈ સંયમી એની મેળે સામેથી કાજો લેવા આવે તો પણ નમ્રતા પૂર્વક ના પાડી દેવી કે "મારે બાધા છે." બાકી જો એકવાર કાજો લેવા દેશો અને એ રીતે પોતાનામાં બીજા પાસે કાજો લેવડાવવાના સંસ્કાર પાડશો, તો ભવિષ્યમાં ઉપર કહ્યું તેમ સંક્લેશો ઉભા થવાની શક્યતા રહેશે.

કાજો લીધા પછી સુપડીમાં જ લઈને પરઠવવાની વાત પૂર્વે કરી જ છે. વિહારમાં ઉતાવળને લીધે જો બીજાને કાજો આપવો પડે તો ત્યારે પણ વડીલની રજા તો લઈ જ લેવી.

**૧૧૨. હું રોજ ગુરુદેવનું પડિલેહણ અવશ્ય કરીશ. ગુરુદેવ ન હોય તો મુખ્યવડીલનું પડિલેહણ અવશ્ય કરીશ.**

જે ગુરુએ આપણો હાથ પકડી સંસારમાંથી ઉગાર્યા, અનંત સંસાર કાપી આપ્યો એમના વસ્ત્રોના

પ્રતિલેખનાદિ સામાન્ય કાર્યોમાં પણ જો શિષ્યો ઉપેક્ષા કરે તો એ તો ભયંકર કૃતઘ્નતા કહેવાય.

ગુરુના વસ્ત્રોનું પ્રતિલેખન એ તો સંયમજીવનની મૂડી છે. અણમોલ લ્હાવો છે.

એક સ્વર્ગસ્થ મહાન શાસનપ્રભાવક, પ્રખર વ્યાખ્યાનકાર સાધુ અનેક શિષ્યોના ગુરુ હોવા છતાં પણ પોતાના ગુરુદેવના વસ્ત્રોના પ્રતિલેખનમાં અચૂક હાજરી આપતા. જેવી પ્રતિલેખનની બુમ પડે કે તરત બધા કામ પડતા મૂકીને પહોંચી જતા. જો એમને વસ્ત્રનું પ્રતિલેખન ન મળે તો સાધુઓ ઉપર નારાજ થતા કે "તમે શા માટે મારા માટે વસ્ત્ર ન રાખ્યું ?"

જો મહાપુરુષો પણ ગુરુના પ્રતિલેખનનું આટલું મહત્ત્વ સમજતા હોય તો બાકીના સંયમીઓ શું એમાં ઉપેક્ષા કરી શકે ?

સવારે કો'ક સંયમીઓ મોડા ઉઠે એટલે પડિલેહણમાં ન પહોંચે. કો'ક વળી જાપ વિગેરે કરવા બેસે માટે પડિલેહણમાં ન પહોંચે. કો'ક વળી "ઘણા કરનારા છે. હું નહિ જાઉં તો શું વાંધો છે ?" એમ વિચારી પોતે તૈયાર હોવા છતાં ય આળસ-ઉપેક્ષા કરીને ન જાય.

ગમે તે ભોગે, ગમે તે રીતે વ્યવસ્થા કરીને પણ ગુરુના વસ્ત્રોનું પ્રતિલેખન કરવું જોઈએ. "ઘણા પડિલેહણ કરનારા છે. હું ન જાઉં તો શું વાંધો ?" એમ વિચારનારાઓએ દીક્ષા લેતી વખતે એવું કેમ ન વિચાર્યું કે "ઘણા દીક્ષા લેનારા છે. હું દીક્ષા ન લઉં તો શું વાંધો ?"

જો આત્મકલ્યાણ માટે જાતે જ દીક્ષા લેવી પડે તો આત્મકલ્યાણ માટે જાતે જ પ્રતિલેખન કરવું પડે.

ગુરુએ પોતાનું પ્રતિલેખન જાતે કરવું પડે એ તો શિષ્યો માટે શરમજનક બાબત છે.

ગુરુ નાના હોય. પદવીધર, દીર્ઘપર્યાયવાળા ન હોય તો પણ શિષ્યે એમના એક વસ્ત્રનું પ્રતિલેખન તો કરવું જ જોઈએ.

ગુરુ હાજર ન હોય તો જે વડીલ સંયમી હોય એને ગુરુતુલ્ય માનીને એમના પણ ઓછામાં ઓછા એક વસ્ત્રનું પ્રતિલેખન બે ટાઈમ કરવું જ જોઈએ.

કેટલાંકો ગુરુના પ્રતિલેખનમાં હોંશે-હોંશે દોડે. પણ વડીલના પ્રતિલેખનમાં બિલકુલ ઉપેક્ષા કરે. એ ન ચાલે. ભલે વડીલની ભક્તિ ગુરુના જેવી ન કરીએ પણ ઔચિત્યસેવન રૂપ પ્રવૃત્તિ પણ ન કરીએ એ ન ચાલે.

આ ઉપરાંત ગ્લાન, વૃદ્ધ, તપસ્વી વિગેરેના પ્રતિલેખન કરવાની પણ પ્રત્યેક સંયમીની અંગત ફરજ છે એમ સમજી લેવું.

### ૧૧૩. હું માત્રાનો પ્યાલો ઢાંકીને જ પરઠવવા લઈ જઈશ.

માત્રાનો ખુલ્લો પ્યાલો લઈ જવામાં નુકશાન એ કે (૧) જો કામળીકાળ હોય તો ઉપરથી પડતા સૂક્ષ્મ અપ્કાયના જીવો ગરમ માત્રામાં પડી કિલામણા પામે, મૃત્યુ પામે. (૨) પ્યાલો પરઠવવા જતા હોઈએ અને દાદર ઉપર શ્રાવકો ઉભા હોય કે કોઈક શ્રીમંતો ઉપાશ્રયમાં પ્રવેશતા હોય તો પ્યાલામાં માત્રુ જોઈને એમને દુગંછા થવાની શક્યતા છે. અલબત્ત, તેઓ જાણે છે કે સંયમીઓ પ્યાલામાં માત્રુ જઈને પરઠવતા હોય છે. પણ ખુલ્લા પ્યાલામાં માત્રુ જુએ એટલે જુગુપ્સા થાય. દુર્ગંધાદિને લીધે પણ એમને ચીડ ચડે.

પ્યાલો ઢાંકણથી ઢાંકેલો હોય તો પછી કોઈ વાંધો ન આવે.

જ્યાં અગાસી વિગેરે એવા સ્થાને માત્રુ પરઠવવાનું હોય કે જ્યાં સુધી પ્યાલો લઈ જતા કોઈપણ ગૃહસ્થ ભટકાઈ જવાની શક્યતા જ ન હોય અને કામળીકાળ નડતો ન હોય ત્યાં ઢાંક્યા વિના લઈ જઈએ એ હજી કદાચ ચાલી રહે.

સ્થંડિલનો પ્યાલો તો બધા ઢાંકીને જ લઈ જાય છે એટલે એ માટે કંઈપણ કહેવાની જરૂર લાગતી નથી.

**૧૧૪. હું મારા કાપનું પાણી જાતે લાવીશ. બીજા પાસે મંગાવીશ નહિ કે માંડલીનું પાણી વાપરીશ નહિ.**

કેટલાંકો કાપ તો જાતે કાઢે, પણ પાણી લેવા જવાનો કંટાળો આવવાથી કે પછી પાણી લાવવું એ હલકું કામ લાગવાથી કે બીજા કોઈ કારણસર કાપનું પાણી જાતે ન લાવે પરંતુ જે માંડલીનું ચૂનાના પાણીનું તપેલું હોય. એમાંથી જ પાણી લઈને વાપરી લે.

સંયમી એમ સમજે કે "મેં ક્યાં કોઈની પાસે મંગાવ્યું છે ?" પણ હકીકત એ છે કે તે સંયમી પાણી લઈ લે એટલે ચૂનાનું પાણી તો ઘટવાનું જ. વ્યવસ્થાપકે બીજા પાસે વધારાનું પાણી મંગાવવું જ પડે. એમાં ઘણીવાર એવું પણ બને છે કે પાણી લાવનારને જો ખબર પડે કે "પેલા સંયમીએ ચૂનાનું પાણી લીધું માટે મારે વધારે લાવવું પડ્યું" તો એને સંકલેશ થાય. વ્યવસ્થાપકને કહી પણ દે કે "આ પાણી તો એમણે જ લાવવું પડે."

આમ બીજાને અરુચિ ઉત્પન્ન કરવામાં આ સંયમી નિમિત્ત બને.

જો બીજા કોઈક સંયમીને કાપનું પાણી લાવવાનું સોંપીએ તો એમાં એને અરુચિ વિગેરે થવાની શક્યતા છે જ.

એમ માંડલીમાં પડેલું ચોકખું, પીવાનું પાણી પણ કોઈક સંયમીઓ કાપમાં લઈ લેતા હોય છે. એમાંય ઉપર મુજબ સંકલેશો થવાની પાકી શક્યતા છે.

કેટલાંકો વળી આ બધા સંકલેશમાંથી બચવા માટે માણસ-નોકર પાસે જ પાણી મંગાવી લે છે. આ તો બધા કરતા ભયંકર બાબત છે.

એટલે સંયમીએ કાપનું પાણી જાતે લાવવું.

પ્રશ્ન એ થાય કે "બીજા સંયમીઓને બે ઘડા વધારે પાણી લાવવામાં સંકલેશ થતો હોય તો શું એ તેની સાધુતા છે ? ગુરુભાઈ માટે જ બે ઘડા પાણી લાવવાનું છે ને ?"

આનો ઉત્તર એ છે કે આદર્શ તરીકે આ વાત સાચી જ છે કે "બે શું ? ૧૦ ઘડા પાણી વધારે લાવવું પડે તો પણ ભક્તિભાવ ઉછળવા જોઈએ. એમાં સંક્લેશ કરે તો તો કર્મબંધ જ થાય."

પણ બધા આદર્શો જો ધરતી ઉપર ઉતરતા હોત તો તો આ પાંચમા આરામાં ય મોક્ષ બંધ ન થાત. જીવોની પરિણતિ અનેક પ્રકારની રહેવાની. આદર્શના ધારક સંયમીઓ તો કો'ક જ મળવાના.

સામાન્યથી સંયમીઓને જ્યારે એમ લાગે કે "નિષ્કારણ મને વધારે કામ સોંપાય છે. ત્યારે જ

તેઓને સંક્લેશ થાય છે."

જો ત્રણ-ચાર સાધુ માંદા હોય તો સાજો સંયમી ઉત્સાહથી બે-ચાર કામ કરશે. વૈયાવચ્ચ કરશે. પણ બધા સાધુ સાજા હોય તો એ જ સંયમીને નાનકડું એક પણ કામ વધારે કરવામાં પ્રાયઃ સંક્લેશ થશે.

કાપ કાઢનાર સંયમીને ડૉક્ટરે વજન ઉંચકવાની ચોક્ખી ના પાડી હોય તો એવા વખતે બાકીના સંયમીઓ સામે ચાલીને ઉત્સાહથી બધું પાણી લાવી આપશે. પણ એમને દેખાય કે એ "કાપ કાઢનાર સંયમી શક્તિશાળી છે. બધું લાવી શકે એમ છે." તો પછી એક પણ ઘડો લાવવાની તૈયારી તેઓ નહિ બતાવે.

એટલે બીજા પાસે આદર્શ સાધુતાની અપેક્ષા રાખવી એના કરતા આપણી શક્તિ ન ગોપવવી એ વધુ હિતકારી છે. હા ! જેઓ પાણી લાવવા માટે શક્તિમાન ન હોય એમની વાત જુદી છે. તેઓ માટે આ નિયમ નથી.

<u>૧૧૫. હું સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં જ કરીશ.</u>

જે પ્રતિક્રમણમાંડલીમાં પ્રવેશવા માટે યોગોદ્વહન બાદ આંબિલો કરવા પડ્યા. એ પ્રતિક્રમણ માંડલીની કિંમત પછી એટલી બધી ઘટી જાય કે સંયમીઓ પોતાના સ્થાને જ પ્રતિક્રમણ કરી લે, ગમે તે કાળે પ્રતિક્રમણ કરી લે એ તો ઉચિત ન જ ગણાય.

માંડલીમાં પ્રતિક્રમણ કરીએ એટલે ઘણાની હાજરી હોવાથી ઉભા-ઉભા પ્રતિક્રમણ કરવું પડે. વચ્ચે વચ્ચે કોઈની સાથે વાતચીત ન કરાય. સૂત્રોનો આદેશ મળે તો સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક સૂત્રો બોલવા પડે. સ્તવન-સજ્ઝાયાદિ સાંભળવાનો કે બોલવાનો ય લાભ મળે.

જેઓ જુદું પ્રતિક્રમણ કરે તેઓ પ્રમાદને કારણે બેઠાં બેઠાં પણ કરે. ત્યાં તો કોઈ જોનાર કે કહેનાર છે જ નહિ કે જેનો ભય-શરમ નડે. વળી થોડુંક પ્રતિક્રમણ થાય અને કોઈ ગૃહસ્થ કે સાધુ મળવા આવે તો પ્રતિક્રમણ બાજુ પર મૂકી અડધો-એક કલાક વાતચીત પણ થાય અને ફરી પાછું બાકીનું પ્રતિક્રમણ શરુ થાય. આ રીતે પ્રતિક્રમણ જેવી ઉત્કૃષ્ટ ક્રિયા ટુકડે-ટુકડે કરવામાં ઘોર આશાતના લાગે.

જુદા પ્રતિક્રમણમાં તો મનમાં જ સૂત્રો બોલવાના હોય. એમાં કેટલા શબ્દો-અક્ષરો ખવાઈ જાય એ ય ખબર ન પડે. સૂત્રો મોઢા ઉપર ન ચડે. માટે જ કેટલાંક સંયમીઓ જ્યારે માંડલીમાં આવે ત્યારે સૂત્રોના આદેશ માંગતા ખચકાતા જોવા મળે છે.

જુદા પ્રતિક્રમણ કરે એટલે સ્તવન અને સજ્ઝાય બે મિનિટમાં પતી જાય. બધા સ્તવન-સજ્ઝાય ગદ્ય=રાગ વિના જ ચાલે. એ સંયમીઓ પ્રતિક્રમણ પછી સ્વાધ્યાય કરતા હોય તો હજી બરાબર. પણ પછી જો વાત-ચીતો કે સંથારો જ કરવાનો હોય તો શું લાભ ?

એટલે બધા કામ પડતા મૂકીને પણ પ્રતિક્રમણ માંડલીમાં પ્રતિક્રમણ કરવું.

પ્રાચીનકાળમાં તો આચાર્ય ભગવંતો પણ માંડલીમાં જ પ્રતિક્રમણ કરતા. જો તેઓ કોઈ કામમાં રોકાયા હોય તો પણ શાસ્ત્રકારોએ એમ નથી લખ્યું કે "બાકીના સાધુઓ પ્રતિક્રમણ કરી લે." પણ એમ લખ્યું છે કે [૮૦] "જ્યાં સુધી આચાર્ય ભગવંત કામ પૂર્ણ કરીને માંડલીમાં ન આવે ત્યાં સુધી બધા સાધુઓ સ્વાધ્યાયાદિ કરે. આચાર્ય ભગવંત આવ્યા બાદ બધા સાથે પ્રતિક્રમણ કરે."

હવે જો આચાર્ય ભગવંતો વિગેરે પણ માંડલીમાં જ પ્રતિક્રમણ કરતા હતા તો સામાન્ય સંયમીઓએ તો અવશ્ય માંડલીમાં જ પ્રતિક્રમણ કરવું જ જોઈએ.

સખત તાવ હોય, ગુરુ જ બધાને સ્વતંત્ર પ્રતિક્રમણ કરી લેવાનું કહે તો એ વખતે જુદુ પ્રતિક્રમણ કરાય. પણ માંડલી સિવાય પ્રતિક્રમણ કરવું હોય તો ગુરુ કે વડીલની રજા અવશ્ય લેવી.

## ૧૧૬. હું સવારે પ્રતિક્રમણ કર્યા બાદ ઉંઘીશ નહિ.

"રાત્રે ૧૨ વાગ્યા બાદ રાઈ પ્રતિક્રમણ કરી શકાય." એમ સમજીને કેટલાંક સંયમીઓ રાત્રે બે-ત્રણ-ચાર વાગે ઉઠે ત્યારે પ્રતિક્રમણ કરી લઈ પાછા ઉંઘી જાય છે અને પછી પ્રતિલેખનના સમયે ઉઠીને પ્રતિલેખન કરે છે.

આ રીતે પ્રતિક્રમણ ન કરાય, કેમકે પ્રતિક્રમણ કર્યા બાદ ઉંઘ્યા અને એમાં કુસ્વપ્નાદિ આવ્યા તો એનો કાઉસ્સગ્ગ કરવાનો તો રહી જ ગયો ને ? કેમકે સવારે ઉઠ્યા બાદ સીધું પડિલેહણ જ કરે છે. એટલે સવારના પ્રતિક્રમણ કર્યા બાદ ઉંઘાય નહિ. આ નિયમ કરવાથી હવે ગમે ત્યારે પ્રતિક્રમણ થઈ નહિ શકે. સવારે ચાર-પાંચ વાગે જ પ્રતિક્રમણ થઈ શકે કે જ્યારે પછી ઉંઘવાનું ન હોય.

પ્રતિક્રમણ પુરુ થાય અને તરત જ પ્રતિલેખન કરવાનો ટાઈમ થઈ જાય એ રીતે પ્રતિક્રમણ શરૂ કરવાનું છે.

ગાઢ માંદગીના કારણે રાઈ પ્રતિક્રમણ કર્યા બાદ પછી પણ પાછુ સંથારી જવું પડે તો એ અપવાદમાર્ગ ગણી શકાય.

## ૧૧૭. હું રાત્રે સંથારા પોરિસી ભણાવ્યા પછી જ ઉંઘીશ.

સૂર્યાસ્ત બાદ એક પ્રહર થાય ત્યારે સંથારાપોરિસી ભણાવવાનો વ્યવહાર છે. કેટલાંક ગ્રુપોમાં પ્રતિક્રમણ બાદ જ સમૂહમાં જ પોરિસી ભણાવી લેવાય છે. તે તે ગ્રુપની સામાચારી પ્રમાણે તે તે સંયમીઓને કોઈ દોષ ન લાગે. પણ જે સંયમીઓના ગ્રુપમાં રાત્રિના પ્રથમ પ્રહર બાદ પોરિસી ભણાવવાની સામાચારી છે, તેઓ માટે આ નિયમ છે. તેઓ પ્રતિક્રમણ બાદ ઉંઘ આવતી હોય તો વિચારે કે "અત્યારે ઉંઘી જાઉં, પછી પોરિસીના સમયે ઉઠીને પોરિસી ભણાવીશ."

પણ એકવાર ઉંઘ્યા પછી ક્યારેક તો સીધી રાત્રે બે-ચાર વાગે આંખ ઉઘડે. પોરિસી ભણાવવાની જ રહી જાય.

એટલે જો ઉંઘ આવતી હોય અને ઉંઘી જવું હોય તો પોરિસી ભણાવી લીધા પછી જ સંથારો કરવો. આમાં વહેલી પોરિસી ભણાવવાનો દોષ છે. પણ પોરિસી ભણાવવાની જ રહી જાય કે છેક બાર-બે વાગે પોરિસી ભણાવવી પડે એના કરતા અડધો-એક કલાક પોરિસી વહેલી ભણાવવામાં ઓછો દોષ જણાય છે.

હા ! જો બીજો કોઈ સંયમી પોરિસીના સમયે તમને જગાડી દેવાનો હોય અને એ રીતે અડધી ઉંઘમાં ઉઠીને પોરિસી ભણાવવાની તમારી તૈયારી હોય તો પછી એ બીજા સંયમીને પોરિસીના સમયે ઉઠાડી દેવાની સૂચના કરીને, પોરિસી ભણાવ્યા વિના પણ સંથારો કરી શકાય.

પણ જો આમાં શંકા હોય તો પછી વહેલી સંથારાપોરિસી ભણાવીને જ ઉંઘવામાં ઓછો દોષ

લાગે છે.

ખરેખર તો સંયમી પાસે એટલો બધો શ્લોકો, અર્થોનો પાઠ હોય કે પ્રતિક્રમણ બાદ સ્વાધ્યાય કરતા કરતા પોરિસી ક્યારે આવી જાય એની ખબર પણ ન પડે.

એવા મહાસંયમીઓ તો પોરિસીના સમયે પોરિસી ભણાવ્યા બાદ જ સંથારો કરવાના એટલે એમને કોઈ પ્રશ્ન જ નથી.

<u>૧૧૮. હું દર પંદર દિવસે / મહીને / ચાર મહિને સૂક્ષ્મ આલોચના કરીશ.</u>

ગુરુને પોતાના જીવનના નાના-મોટા, મન-વચન-કાયાના તમામ પાપો લેશ પણ કપટ કર્યા વિના, સરળ ભાવે જણાવી દેવા એનું નામ **આલોચના**. એ પછી ગુરુ એ પાપ ધોવા માટે જે તપ વિગેરે કરવા આપે એ **પ્રાયશ્ચિત્ત**. ઉપચારથી બધા આલોચનાને પણ પ્રાયશ્ચિત્ત કહે છે.

વર્તમાનકાળમાં એ શિષ્યો ધન્યાતિધન્ય છે કે જેમની પાસે પ્રાયશ્ચિત્તદાતા ગુરુ હાજરાહજુર છે અને જે ગુરુ દર પંદર દિવસે આલોચના લઈને પ્રાયશ્ચિત્ત આપે છે.

આલોચના અને પ્રાયશ્ચિત્તના કારણે જીવનમાં દોષો ઘટે છે, નવા દોષોનો પ્રવેશ અટકે છે.

'વિરતિદૂત'માં "આલોચના કેવી રીતે કરવી, કોની પાસે કરવી" વિગેરે બધી બાબતો વિસ્તારથી આપેલી જ છે. એટલે અત્યારે એ લખતો નથી. પણ ટૂંકો સાર એટલો જ કે કોઈપણ સંયમી આલોચના-પ્રાયશ્ચિત્ત વિનાનો ન જ હોવો જોઈએ. જો ગીતાર્થ-ગંભીર-મહાસંયમી ગુરુ હાજરાહજુર હોય અને દર પંદર દિવસે આલોચના આપવા તૈયાર હોય તો દર પંદર દિવસે એમની પાસે આલોચના કરવી. એમને પંદર દિવસે આલોચનાની અનુકૂળતા ન હોય તો મહિને કરવી.

એમને મહિને-મહિને પણ આલોચના આપવી ન ફાવતી હોય. અથવા તો પ્રાયશ્ચિત્તદાતા ગુરુ સાથે ન હોવાથી, દૂર હોવાથી માણસ દ્વારા કે પોસ્ટ દ્વારા આલોચના મહિને મહિને પહોંચાડવી શક્ય ન હોય. જોખમ લાગતું હોય તો પછી છેવટે દર ચોમાસી ચૌદશે તો આલોચના કરી જ લેવી જોઈએ.

ચોમાસી ચૌદશનું પ્રતિક્રમણ કરતા પહેલા ચાર મહિનાના નાના-મોટા તમામે-તમામ પાપોનું વિસ્તારથી પ્રાયશ્ચિત્ત કરી જ લેવું પડે. શાસ્ત્રકારોએ પણ [૬૫]ચોમાસી ચૌદશે આલોચના કરવાની અને અભિગ્રહો પુનઃ ધારણ કરવાની આજ્ઞા ફરમાવી છે. આમ વર્ષમાં ત્રણવાર ચાતુર્માસિક આલોચના કરવાની રહે.

વર્ષમાં ત્રણવાર પ્રાયશ્ચિત્તદાતા ગુરુને આલોચના મોકલવી અઘરી પણ ન પડે.

જેઓ મહિને મહિને આલોચના કરતા હોય તેઓએ પણ સુદ-ચૌદશથી સુદ ચૌદશ આલોચના કરવી. વદ ચૌદશથી વદ ચૌદશ નહિ. કેમકે ચોમાસી ચૌદશોમાં તો આલોચના કરવાની શાસ્ત્રાજ્ઞા છે. હવે જો વદ ચૌદશે આલોચના કરો, તો પછી મહાવદ-૧૪ની આલોચના કર્યા બાદ પાછી ૧૫ દિવસે ફાગણ સુદ-૧૪ના દિવસે આલોચના કરવી જ પડે. ચોમાસી ચૌદશે આલોચના ન કરીએ એ ન ચાલે. એટલે સુદ ચૌદશ પકડીએ તો મહિને-મહિને આલોચના થાય અને ચોમાસી ચૌદશ પણ જળવાય.

પ્રાયશ્ચિત્તદાતા ગુરુ દૂર હોય અથવા સાથે હોય તો પણ જો ચોમાશી ચૌદશે એકસાથે બધાને આલોચના આપવી એમને ફાવે એમ ન હોય, તો ચોમાશી ચૌદશના ૪-૮ દિવસ પૂર્વે પણ આલોચના

કરી શકાય અને એ ચોમાસીની આલોચના જ ગણાય.

ચાર મહિનાથી વધારે અંતર પડે એ ઉચિત લાગતું નથી. પાપોની આલોચના જેટલી મોડી કરો એટલા એના સંસ્કારો આત્મામાં ગાઢ થવાની શક્યતા ઘણી છે.

જો કોઈ ગંભીર ભુલ થઈ જાય તો એના માટે એક દિવસની પણ રાહ જોયા વિના સ્પેશ્યલ માણસને મોકલીને પણ તુરંત જ આલોચના કરવી. ગંભીર ભુલોની આલોચનામાં વિલંબ ન કરાય.

સાંવત્સરિક મહાપર્વની આલોચના પણ જરૂરી છે. અર્થાત્ અષાઢ ચૌદશથી ૫૦ દિવસના પાપોની આલોચના સંવત્સરીએ કે તેના ૫-૭ દિવસ પહેલા કરી લઈ સાંવત્સરીક પ્રતિક્રમણ પૂર્વે સંપૂર્ણ શુદ્ધ થઈ જવું.

આમ ઓછામાં ઓછી એક વર્ષમાં ચાર વાર આલોચના પ્રત્યેક સંયમીએ લેવી જોઈએ.

પણ પ્રાયશ્ચિત્તદાતા અતિગંભીર, મહાગીતાર્થ, મહા સંયમી, વિશુદ્ધ બ્રહ્મચર્યના સ્વામી હોવા અત્યંત આવશ્યક છે એ વાત ન ભુલવી.

**<u>૧૧૯. હું મારી માલિકીના પુસ્તકો, એના પોટલા રાખીશ નહિ.</u>**

મહાનિશીથસૂત્રમાં (૭૨)સુમતિ-નાગિલના દૃષ્ટાન્તમાં માત્ર એક મુહપત્તી વધારે રાખનાર સંયમીને અવંદનીય કહ્યો છે. કોઈપણ પ્રકારના પુસ્તકો સંયમી પોતાની માલિકીના રાખે એટલે પછી એ બધા પુસ્તકોની સાચવણી પોતે કરવી પડે. ૨૫-૫૦-૧૦૦ પુસ્તકો હોય એનું પોટલું બનાવી પોતાના વિહાર પ્રમાણે હેર-ફેર કરાવવું પડે. શ્રાવકો પાસે ગાડી દ્વારા મંગાવવું પડે. એ બધી વિરાધનાનો દોષ સંયમીને લાગે. શ્રાવકો પોતાની મેળે જ આવતા હોય અને એમની ગાડીમાં પુસ્તકોનું પોટલું મંગાવીએ તો પણ અનુમોદનાનો દોષ તો લાગે જ.

આજે તો મોટા શહેરોમાં વિશાળ જ્ઞાનભંડારોમાં બધી જાતના પુસ્તકો મળતા જ હોય છે. આખા ભારતમાં કુલ ૪૦૦ જેટલા ભંડારો છે. એટલે સંયમીને જ્યારે જે પુસ્તકની જરૂર પડે ત્યારે જ્ઞાનભંડારમાંથી મેળવી શકે છે. પોતાની માલિકીના પુસ્તકો રાખવાની કોઈ જરૂર જ નથી.

ચોમાસામાં વ્યાખ્યાન માટે પુસ્તકો જોઈએ, તો જે જે પુસ્તકો જોઈતા હોય તે બધા જ્ઞાનભંડારમાંથી કઢાવી ચાર મહિના પાસે રખાય અને પછી પાછાં જ્ઞાનભંડારમાં આપી દેવાય.

આમાં ખૂબ જ પ્રસન્નતા અનુભવાય. "હું પરિગ્રહી નથી. નિષ્કિંચન છું. મારી પાસે કંઈ નથી." એનો આનંદ સાચા સંયમીને ખૂબ જ હોય. જ્યારે પુસ્તકાદિના પોટલાવાળાને તો સતત એનો ભાર રહે. વિહાર થાય એટલે 'એ પોટલું કેવી રીતે ઈષ્ટસ્થાને મોકલવું' એની ચિંતા રહે. શ્રાવકને ગોતવો પડે. એને સમજાવવો પડે.

વળી એ પોટલાઓમાં જીવોની જયણા પણ શી રીતે સચવાય ? પુસ્તકોમાં ઉધઈથી માંડીને જાત જાતની જીવસૃષ્ટિ ઉત્પન્ન થાય. દર પંદર દિવસે એનું પડિલેહણ કોણ કરે ?

સંયમીઓ આઠ મહિના માટે પોતાના પોટલા સ્વજનાદિને ત્યાં મૂકાવતા હોય છે. અત્યારના કાળમાં સ્વજનોના ઘરો પણ નાના-સંકડાશવાળા હોય તો એમને પોટલાઓ ઘરે રાખવા ન પણ ગમે. ના ન પાડી શકે પણ મનમાં સંકલેશ થાય. ઘરના બાકીના સભ્યો તો બોલે ય ખરાં કે "આ શું બધું ભેગું

કર્યું છે ?....."

'વિરતિદૂત'માં આ વિશે વિસ્તૃત લેખ આપેલો છે. (**ઓળખી લો, સંયમ ઘાતક તત્ત્વોને ! એ** શિર્ષક હેઠળ) એટલે ટુંકાણમાં એટલું જ કહીશ કે વર્તમાનકાળમાં જ્ઞાનભંડારોની પુષ્કળ સગવડ હોવાથી સંયમીઓને પોતાની માલિકીના પુસ્તકો કે તેના પોટલાઓ રાખવાની કોઈ જ જરૂર નથી. થોડી ઘણી તકલીફ પડે. ભંડારમાંથી પુસ્તકો મંગાવતા એક-બે દિવસ મોડું થાય, ઈચ્છા મુજબ એક-બે પુસ્તક કદાચ ન પણ મળે.... પણ આ બધા નુકશાનો ઘણા ઘણાં ઓછા છે. એની સામે પરિગ્રહ અને એમાં થતી વિરાધનાદિના નુકશાનો અપરંપાર છે.

કેટલાંક સંયમીઓ પોતે ભણતી વખતે જે કર્મગ્રંથ વિગેરેની નોટો તૈયાર કરી હોય એના પોટલા રાખતા હોય છે. "ભવિષ્યમાં જ્યારે ભણાવવાનો અવસર આવે, ત્યારે એ નોટોના આધારે ભણાવી શકાય" એવા આશયથી કરાતો આ પરિગ્રહ ૩૦-૪૦ વર્ષ પૂર્વે હજી અપવાદમાર્ગે યોગ્ય ગણાત કેમકે તે વખતે એવા પુસ્તકો છપાયા ન હતા. આજે તો લગભગ તમામ વિષયમાં સારામાં સારા, સરળ ભાષામાં પુસ્તકો છપાઈ જ ચૂક્યા છે. ભણાવવા માટે સંયમીએ બનાવેલી નોટ કરતા વ્યવસ્થિત છપાયેલા પુસ્તકો જ સંયમીને વધુ ઉપયોગી થાય એ સ્વાભાવિક છે. એટલે હવે એ બનાવેલી નોટો સંઘરી રાખવાની કોઈ જરૂર નથી. માત્ર "મેં નોટો લખી છે, માટે રાખી મુકું" એવા ભાવથી નોટો રાખી મૂકવાનો કોઈ અર્થ નથી. એ રાગભાવ નુકશાનકારક છે.

હા ! જે ગ્રંથો ઉપર પુસ્તકો બહાર ન પડ્યા હોય એવા ગ્રંથો ઉપર જો સંયમીએ લખાણ કર્યું હોય અને એને એ સાચવે તો હજી ય બરાબર. પણ એમાં ય રાગભાવ, આસક્તિભાવ તો ખોટો જ.

મારા ગુરુદેવે સંક્રમકરણના વિશિષ્ટ લખાણવાળી એક નાનકડી પોટલી રાખેલી. પૂજ્યપાદ જંબૂસૂરિ મ.એ એકવાર એ પોટલી જોવા, શુદ્ધ કરવા માંગી અને ખોવાઈ ગઈ. જ્યારે ગુરુદેવને ખબર પડી ત્યારે બોલી ઉઠ્યા, "ભલું થયું ! ભાંગી જંજાળ. આ એક પોટલી ઉપર થોડોક રાગ હતો. હવે એ રાગ પણ જતો રહ્યો."

**૧૨૦. હું ઉપધિના પોટલા, કબાટ નહિ રાખું.**

માત્ર એક મુહપત્તી વધારે રાખવામાં જો અવંદનીયતા આવી જતી હોય તો પછી ઉપધિના પોટલા રાખનારાને કયો દોષ ન લાગે ? સંયમીઓ વાપરવાની કામળી વિગેરે સિવાય બે ત્રણ કામળીઓ, આસનો, ઓઘારિયાઓ, નિશેથીયાઓ, દોરાઓ, ટોકસાઓ, તરપણીઓ, પાત્રાઓ, નોટો, બોલપેનો વિગેરે વિગેરે કેટલીય વસ્તુઓ વહોરે, "ભવિષ્યમાં કામ આવશે." એમ વિચારી એને પોટલામાં કે બોક્સમાં ભરે અને વર્ષો સુધી એ પરિગ્રહનો બોજો માથે રાખીને ફરે એ યોગ્ય કહેવાય જ શી રીતે ?

આજે તો શ્રાવકોની, સંઘોની સાધુ-સાધ્વીજીઓ પ્રત્યેની ભક્તિ એટલી બધી વધી ગઈ છે કે ક્યારેય કોઈપણ વસ્તુની ખોટ પડતી નથી. જ્યારે જે વસ્તુ જોઈએ તે મળી રહે છે. એક બોલપેન માંગીએ અને મોંઘીદાટ દસ બોલપેન લાવીને શ્રાવકો વહોરાવે છે. ચોમાસા પૂર્વે ઢગલાબંધ શ્રાવકો સાધુ-સાધ્વીજીઓની ભક્તિ કરવા પુષ્કળ વસ્તુઓ લઈને બધે વહોરાવવા નીકળે છે.

આપણને ખોટ જ ક્યાં છે ? કે આ ઉપધિઓ ભેગી કરવી પડે. ત્યાગી આપણે બનવાનું છે, એને બદલે શ્રાવકો આ બધી વસ્તુઓ આપી-આપીને ત્યાગી બને અને આપણે બધું ભેગું કરી કરીને પરિગ્રહી બનીએ તો કર્મક્ષય વધારે કોને થવાનો ? મોક્ષમાં વહેલું કોણ જવાનું ?

વપરાતી કામળી સિવાય એક પણ કામળી વધારે રાખવાની જરૂર જ નથી. આપણે જ વ્યાખ્યાનોમાં શ્રાવકોને સંતોષનો અને ભાગ્ય ઉપર શ્રદ્ધા રાખવાનો ઉપદેશ આપતી વખતે કહીએ છીએ કે "ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાનમાં પ્રસન્નતાથી જીવો. ભાગ્યમાં હશે તો બધું મળશે. એના માટે હાય-વોય કરવાની જરૂર નથી." અને આપણે જ ભવિષ્યની ચિંતા કરીને બધું ભેગું કરીએ એ તો શી રીતે ચાલે ?

સંયમી પાસે પોટલું, પોટલી કંઈ જ ન હોય તો પછી કબાટાદિની જરૂર જ ક્યાં રહે ? આવો અકિંચન સંયમી બધાને પૂજનીય, માનનીય બની રહે.

વપરાશવાળી કામળી, કપડો વગેરે ઉપધિ જો ફાટી જવાની તૈયારી દેખાતી હોય અને ત્યારે એક કામળી, એક કપડો વિગેરે પાસે રાખીએ તો એ હજી ચાલે. પણ નિષ્કારણ વધારે ન રખાય. સાંભળવા પ્રમાણે એક સંયમી પાસે ઢગલાબંધ કામળીઓ હતી.

આપણે આવા ન બની જઈએ એની તકેદારી રાખવી.

**૧૨૧. હું બે બોલપેન + એક પેન્સીલથી વધારે બોલપેન - પેન્સીલ નહિ રાખું.**

સ્વાધ્યાય માટે, ટપાલ લખવા માટે બોલપેનની જરૂર પડે. શાસ્ત્રો વાંચતા ટીક કરવા માટે પેન્સિલની જરૂર પડે તો બે બોલપેન અને એક પેન્સિલ રાખી શકાય.

બે બોલપેન એટલા માટે કે લખાણ લખવા માટે કાળી / ભૂરી બોલપેન જરૂરી હોય અને નિશાની કરવા, હેડીંગ આપવા લાલ બોલપેનની જરૂર હોય તો એ રીતે બે બોલપેન રાખી શકાય. પેન્સિલ તો એક જ જોઈએ.

કેટલાંકને જાતજાતની બોલપેનો ભેગી કરવાનો શોખ હોય છે. એક સંયમી પાસે ઢગલાબંધ બોલપેનો છે. એનું એને ગૌરવ છે. એ ગૌરવપૂર્વક બોલે છે કે "મારી બધી બોલપેનો જુદા જુદા પ્રકારની છે. કોઈપણ બે બોલપેન એકસરખી નથી." હવે આ સંયમીની ભ્રમણાઓને તો કોણ દૂર કરી શકે ?

આમ પણ જે બોલપેનો વપરાતી ન હોય તેની સહી સુકાઈ જાય. અને પછી એ નકામી જ બની જાય. એટલે બોલપેનો ભેગી કરવામાં સંયમ દૃષ્ટિએ તો કોઈ જ લાભ નથી.

વધુ બોલપેન રાખીએ તો એને સાચવવાની મુશ્કેલી વધુ થાય. એને બદલે એક-બે બોલપેન રાખીએ તો શું વાંધો ? એમાં ક્યારેક બોલપેન ખોવાઈ જાય, ત્યારે બીજી લઈ શકાય.

બોલપેનની રિફીલ ખાલી થાય તો નવી બોલપેન મંગાવવાને બદલે એ જ બોલપેનની કંપનીની રિફીલો જ મંગાવી શકાય. એ નવી રિફીલ બોલપેનમાં નાંખીને વાપરી શકાય. જો આખી બોલપેન નવી મંગાવીએ તો જુની બોલપેન ફેંકી દેવી પડે. વળી એકલી રિફીલ સસ્તી પડે. રિફીલવાળી બોલપેન મોંઘી આવે.

આજે ઘણું લખનારા કેટલાંક સંયમીઓને સાત-સાત દિવસે રિફીલ ખાલી થઈ જતી હોય છે.

એવા સંયમીઓ એક જ બોલપેન રાખીને એક સાથે ચાર-પાંચ રિફીલ મંગાવી રાખતા હોય છે. છેલ્લે એક રિફીલ બાકી રહે ત્યારે વળી બીજી ચાર-પાંચ રિફીલ મંગાવી લે. આ ખૂબ સુંદર ઉપાય છે.

**૧૨૨. હું ૧૫/૨૦ રૂપિયા કરતા વધારે કિંમતની બોલપેન નહિ વાપરું.**

આ જમાનો એવો છે કે જેમાં કરોડ રૂપિયાની કિંમતની બોલપેન પણ મળે છે. એમ ૨૦૦, ૫૦૦ રૂપિયાવાળી પણ મળે. એ બધી બોલપેનો મુખ્યત્વે લખવામાં ઝાઝા ફર્કવાળી ન હોય પણ એનો બહારનો શો-દેખાવ જ એની કિંમતનો આધાર હોય છે. જુદી જુદી ફેશનવાળી બોલપેનોની કિંમત પણ ઘણી હોય છે.

શાસ્ત્રકારો [૭૭]૧૮ રૂપિયાની વસ્તુ વાપરનારા સંયમીને પ્રાયશ્ચિત્ત આપે છે અને જેમ જેમ મોંઘી વસ્તુ વાપરો તેમ તેમ પ્રાયશ્ચિત્ત પણ વધતું જાય. ૫૦ હજાર રૂપિયાની વસ્તુ વાપરનારનો સંપૂર્ણ દીક્ષા પર્યાય રદ કરીને મૂલ પ્રાયશ્ચિત્ત પણ આપવામાં આવે.

મોંઘી વસ્તુ રાખવામાં દોષો એ છે કે (૧) એ વસ્તુ મોંઘી હોવાથી ચોરાઈ જવાની શક્યતા ઘણી રહે અને એ ચોરાયા પછી સંયમીને નોકરો ઉપર, ગરીબ શ્રાવકો ઉપર ચોરીની શંકા પડે. ચોરી કરનાર એક હોય પણ સંયમી તો ઘણાઓમાં ચોર તરીકેની કલ્પના કરી મન કલુષિત કરે. (૨) મોંઘી - સારી વસ્તુ ઉપર રાગ ખૂબ થાય. એ કોઈને આપવાનું મન ન થાય. કો'ક સંયમી પુછ્યા વિના લઈ જાય તો એના પર ગુસ્સો ચડે. (૩) મોંઘી વસ્તુને સાચવવાની ચિંતા ખૂબ રહે. વસ્તુ સામાન્ય હોય તો મન ઉપર કોઈ ભાર ન રહે.

એક સંયમી પાસે ચશ્માઘરમાં ૧૨-૧૫ જાત-જાતની સુંદર બોલપેનો હતી. રોજ એમની પાસે પાઠશાળાના અનેક છોકરાઓ મળવા આવે, વાર્તાઓ સાંભળે. બે-ત્રણ અઠવાડિયામાં એમના ચશ્માઘરમાંથી ચાર-પાંચ સારી-સારી બોલપેનો ગાયબ થઈ ગઈ. એમને પાઠશાળાના છોકરાઓ ઉપર શંકા ગઈ. એમાં વળી એક છોકરો એવું બોલેલો કે "સાહેબ ! તમારી પાસે તો કેવી સારી સારી બોલપેનો છે ?" એટલે સંયમીને એ છોકરા પર જ શંકા ગઈ. બીજાઓને એ છોકરા અંગે પૂછ-પરછ કરી. પણ બીજાઓએ એ છોકરા માટે ખૂબ જ સારો અભિપ્રાય આપતા સંયમીએ છેવટે એ શંકા માંડી વાળી.

આમ મોંઘી બોલપેન રાખવામાં સ્વ-પર બધાને નુકશાન થવાની શક્યતા છે. માટે જ ૧૫-૨૦ રૂા. થી વધારે કિંમતની બોલપેન ન વાપરવી.

અત્યારે એક મહાત્મા રોજના ૧૦-૧૫ ફુલસ્કેપો ભરીને લખે છે. છતાં એ માત્ર ૫-૭ રૂપિયાની બોલપેનથી જ લખે છે. ૧૫-૨૦ રૂપિયાની તો પાઈલોટ વિગેરે સારામાં સારી બોલપેન આવે. આનાથી વધારે કિંમતી બોલપેનનું કામ શું છે ?

શ્રાવકો વહોરાવે તો પણ સ્પષ્ટ ના પાડીને સાદી, ઉપયોગી બોલપેનનો જ આગ્રહ રાખવો. એટલે શાસ્ત્રાજ્ઞાભંગ વિગેરે કોઈ દોષો ન લાગે.

**૧૨૩. હું રંગબેરંગી પાકિટ નહિ વાપરું :**

૨ થી ૨૩ તીર્થંકરના સાધુ-સાધ્વીજીઓને પાંચે ય વર્ણના વસ્ત્રાદિ વાપરવાની રજા હતી. પણ

(૭૭)પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ-સાધ્વીજીઓમાં એવા પ્રકારની ગુણવત્તા ન હોવાથી તેઓને માત્ર શ્વેતવર્ણના જ વસ્ત્રો વાપરવાની અનુમતિ અપાઈ છે.

આનો અર્થ માત્ર એટલો જ ન કરવો કે 'માત્ર પહેરવાના વસ્ત્રો જ સફેદ વાપરવાની આજ્ઞા છે. બાકી સંથારો-પાકિટ વગેરે તો રંગબેરંગી રાખી શકાય.'

વિભૂષા અને રાગદોષથી બચવા માટે આ રંગબેરંગી વસ્ત્રોનો નિષેધ કર્યો છે અને માટે પાકિટ વગેરે પણ શ્વેતવર્ણના જ હોવા જોઈએ.

ખરેખર તો પાકીટ અસંયમનું સાધન છે, કેમકે સીવેલી વસ્તુ સાધુથી ન વપરાય. પાકીટો તો સીવેલા હોવાથી એમાં બરાબર પ્રતિલેખન કરવું શક્ય નથી જ. માટે જ આજે કેટલાંક સંયમીઓ પોથી રાખે છે. ખુલ્લો, સીવ્યા વિનાનો મોટો ટુકડો જ રાખી એમાં પુસ્તકો વીંટીને ઉપાડે છે. જે અત્યંત અનુમોદનીય છે.

એમ કહેવાય છે કે "જૈન સંયમીને મોચી, દરજી, હજામ વગેરે અઢારમાંથી એક પણ કોમની પરાધીનતા ન હોય.' પણ હવે જો પાકીટ વગેરે સીવેલા વસ્ત્રો વાપરવાના હોય તો પછી દરજીની પરાધીનતા તો આવી જ ગઈ ને ?

કેટલાંકો વળી એમ કહે છે કે, "સફેદ પાકીટો જલ્દી મેલા થઈ જાય એટલે વાંરવાર કાપ કાઢવો પડે. જ્યારે રંગબેરંગી પાકીટો જલ્દી મેલા ન થતા હોવાથી એ વધુ સારા."

આ યુક્તિ શાસ્ત્રાનુસારી નથી લાગતી, કેમકે એ રીતે તો પહેરવાના વસ્ત્રો પણ શ્વેતને બદલે રંગબેરંગી રાખવા પડશે. શ્વેત વસ્ત્રો વધારે મેલા થવાનો ભય તો એમાં પણ છે જ ને ?

ખરી વાત એ છે કે રંગબેરંગી પાકિટો વાપરવામાં (૧) જિનાજ્ઞા ભંગ છે, (૨) રાગનું પોષણ છે, (૩) અનવસ્થાદિ દોષોને કારણે સંયમની હાનિ થાય છે. માટે શ્વેતવર્ણના જ પાકીટો વપરાય. એ મેલા ન થાય એ માટેની કાળજી રખાય અને છતાં મેલા થાય તો યતનાપૂર્વક કાપ કાઢવામાં ઓછો દોષ છે એમ લાગે છે.

ખરેખર તો તમામ સંયમીઓએ પાકીટો છોડીને પોથીની પ્રાચીન પરંપરાને જ અપનાવવી જોઈએ. એ અશક્ય કે અઘરી તો નથી જ. માત્ર દોરી વડે પોથી બાંધતા શીખવું પડે. વળી એમાં મોટો ફાયદો એ છે કે ખુલ્લા કપડારૂપ જ હોવાથી નાની-મોટી કરી શકાય. પુસ્તકો વધારે લેવા હોય તો ય વાંધો ન આવે. જ્યારે સીવેલા પાકીટો તો નાના-મોટા કરી શકાતા જ નથી. એટલે એના માપ કરતા વધારે પુસ્તકો ઉંચકવાના આવે તો મુશ્કેલી પડે જ. અને વળી રસ્તામાં જો એ થેલો ફાટી જાય તો તો પછી મોટી મુશ્કેલી થાય. બધા ચોપડા શી રીતે આગળ લઈ જવા ?

**<u>૧૨૪. હું પાકીટમાં ખાનાઓ નહિ કરાવું :</u>**

જો કે પાકીટ સીવેલું હોવાથી અશાસ્ત્રીય છે. છતાં એમાં જો કોઈપણ પ્રકારના ખાનાઓ ન રાખ્યા હોય તો એ પાકીટ ઉંધુ-ચત્તું કરીને, અંદર-બહાર કરીને વ્યવસ્થિત પ્રતિલેખન કરી શકાય અને તેથી ઘણો ઓછો દોષ લાગે. પણ પાકીટની આગળ બે ખાનાઓ, પાકીટની અંદર આજુ-બાજુમાં બે નાના ખાનાઓ... આવા ખાના વાળા પાકીટોનું પ્રતિલેખન ઘણું કપરું છે. એ ખાનાઓ નાના હોવાથી

એ ખાનાઓ અંદર-બહાર કરવા કે ઉંધા-ચત્તા કરવા ન ફાવે. માત્ર ઉપરથી નજર કરીને પ્રતિલેખન કરવું પડે. એમાં અંદર ફસાયેલા નાના-નાના જીવો ન દેખાય. એમાં પછી ડબ્બી વગેરે મૂકીએ એટલે તે જીવોની વિરાધના થાય. માટે પાકીટ રાખવું જ હોય તો પણ ખાનાઓ વિનાનું પાકીટ રાખવું.

જુદી જુદી વસ્તુઓ વ્યવસ્થિત જુદી જુદી ગોઠવવા માટે જ ખાનાઓ રખાય છે. પણ એને બદલે ભલે ને બધી વસ્તુ ભેગી રહેતી. ખાનાઓ પાડવાની વિરાધના બંધ ન કરાય ? અને આમ છતાં જો ખાનાઓ પાડવા હોય તો આગળના ભાગમાં એક મોટું ખાનું પાડી શકાય. એટલે દોરી, ચૂનાની ડબી, દવાઓ વગેરે એમાં રહે અને પુસ્તકાદિ બીજા અંદરના ભાગમાં રહે.

ટૂંકમાં ખાનાઓ રાખવા જ હોય તો એક કે બે એવા મોટા ખાનાઓ જ રાખવા કે જે ખાનાઓ ઉંધા-ચત્તા, અંદર-બહાર કરીને પ્રતિલેખન કરી શકાય. પાકીટની આજુબાજુમાં જે ખૂબ જ સાંકડા નાના ખાનાઓ કરાય છે એ તો બિલકુલ યોગ્ય નથી. બોલપેન વગેરે વ્યવસ્થિત રાખવા માટે કરાતા એ ખાનાઓ મોટી વિરાધનાના કારણ બને છે. એ ખાનાઓનું મોઢું ખૂબ જ સાંકડું હોવાથી એમાં દૃષ્ટિથી પ્રતિલેખન પણ ખૂબ જ અઘરું પડે છે.

એટલે કાં તો એકેય ખાના રાખવા જ નહિ અથવા તો મોટા એક-બે ખાના રાખવા કે જે ઉંધા-ચત્તા કરી શકાય. આ પ્રમાણેનો નિયમ ધારવો જોઈએ.

<u>૧૨૫. હું પાકીટમાં પાટીયાઓ નહિ મૂકાવું :</u>

અનવસ્થા દોષ કેટલો ભયંકર છે ? એનું સચોટ ઉદાહરણ આ પાકીટમાં વ્યવસ્થિત ગોઠવાતા પાટીયાઓ છે. પ્રાચીનકાળમાં પુસ્તકો જ ન હોવાથી પાકીટ કે પોથી કંઈ જ ન હતું. છેવટે પુસ્તકો આવ્યા એટલે ગીતાર્થોએ પોથીની (સીવ્યા વિનાનો ખુલ્લો, ચોરસ મોટો કપડો) સંમતિ આપી.

ત્યારબાદ એ બંધ-ખોલ કરવાની ક્રિયાથી કંટાળેલા સુવિધાપ્રિય સંયમીઓએ એકપણ ખાના વિનાના શ્વેતવર્ણના સીવેલા પાકીટો શરૂ કર્યા. અને અનવસ્થા આગળ વધતી જ ચાલી. વધુ સુવિધા ખાતર સંયમીઓ એમાં મોટા ખાનાઓ, પછી નાના ખાનાઓ પાડતા ગયા. અને આજે એ પરિસ્થિતિ આવી કે 'પાકીટમાં પાટીયાઓ રાખ્યા વિના પાકીટ ચોળાઈ જાય છે. સ્થિર નથી રહેતું' માટે પાકીટ વળી ન જાય એ માટે કેટલાંક સંયમીઓ આગળ-પાછળ બે મોટા અને આજુબાજુ બે નાના પ્લાસ્ટીકના પાટીયાઓ ગોઠવવા લાગ્યા. આ પાટીયાઓને કદિ તેઓ બહાર કાઢે નહિ એટલે એની અંદરના ભાગનું પ્રતિલેખન કદિ થાય નહિ. એમાં જીવો ફસાય કે મરે તો પણ ખબર ન પડે. અનાદિકાળથી લગભગ બધા જ જીવો અનુકૂળતાના જ અર્થી રહ્યા છે. એટલે વધુ ને વધુ અનુકૂળતાઓ મેળવવા જતાં આજ્ઞાભંગ, સંયમવિરાધના વગેરે ઢગલાબંધ દોષોનો વિચાર સુદ્ધાં તેઓ કરી શકતા નથી.

ગીતાર્થોએ આપેલી છૂટનો દુરુપયોગ તો શેં થાય ?

કોઈ આંગળી આપે એટલે પહોંચો શી રીતે પકડી લેવાય ?

ખેર ! જે સંયમીઓને આ વિરાધના, આજ્ઞાભંગાદિથી બચવાની તમન્ના હોય તેઓ વહેલી તકે આ શૈથિલ્યને દૂર ફગાવી દે. અને જો હજી સુધી આ શિથિલતા ઘુસી જ ન હોય તો એવો દૃઢ નિર્ધાર કરે કે કોઈપણ ભોગે આ દોષો મારા જીવનમાં હું નહિ સેવું.

મને તો આ કાળમાં પોથી વાપરનાર સંયમી દેવદૂત જેવા ભાસે છે.

**૧૨૬. હું મારા વસ્ત્રોમાં રંગબેરંગી દોરાઓ નહિ નંખાવું :**

કેટલાંક સંયમીઓ પોતાની મહુપત્તીમાં, કપડા-પાંગરણીમાં, લુણામાં, પસીનાના ટુકડા સુદ્ધામાં પણ લાલ-પીળા દોરાઓ ટંકાવતા હોય છે. આવું કરવા પાછળ શું સંયમની દૃષ્ટિએ કોઈપણ લાભ ખરો? જો ના ? તો પછી આ બધાની જરૂર શી છે ? વસ્ત્રો સારા લાગે, આકર્ષક લાગે એ માટે જ જો આ દોરાઓ નંખાતા હોય તો એ શી રીતે ઉચિત કહી શકાય ? આમાં વિભૂષાપોષણ તો છે જ, ઉપરાંત આ બધા કામ કરવા પાછળ સમયનો બગાડ પણ છે. એ દોરા નાંખતા જેટલો સમય થાય, એટલા સમયમાં તો ઘણો સ્વાધ્યાય થઈ જાય. એક જાતનું અનર્થ દંડ જેવું જ આ પાપ છે. આમાં નથી તો એવી કોઈ વિષયસુખોની પ્રાપ્તિ કે જેના માટે આ બધું કરવા મન અત્યંત તલપાપડ બને. છતાં આ કામ કરવામાં આવે તો માનવું પડે કે સંયમજીવનનો સમય પસાર કરવાના બાકીના શુભયોગો ઓછા પડી ગયા છે.

આ રીતે પોતાના વસ્ત્રોમાં દોરાઓ નાંખવા તો નહિ જ, પણ કોઈને એવી પ્રેરણા પણ ન કરવી. એક શાસનપ્રભાવક, સંયમના પક્ષપાતી ગુરુના શિષ્યે કોઈક સાધ્વીજીઓને પોતાના ગુરુના લુણાઓમાં દોરાઓ નાંખવા આપ્યા. એ સાધ્વીજીઓએ શાસનપ્રભાવક ગુરુ પાસે જઈને કહ્યું કે 'સાહેબ ! અમે તો આપની પાસેથી જ શીખ્યા છીએ કે આ દોરા નાંખવા વગેરે વિભૂષા ન કરવી. શું આજે અમારે આપના જ લુણાઓમાં દોરાઓ નાંખવા પડશે ?" ગુરુએ તરત શિષ્યને બોલાવી ઠપકો આપી ભવિષ્યમાં એવું ન કરવાની સૂચના કરી.

રે ! મહાન શાસનપ્રભાવક આચાર્ય ભગવંતો વગેરેની શોભાવૃદ્ધિ ખાતર આ દોરાઓ એમના વસ્ત્રોમાં નાંખવામાં આવે તો હજીય કદાચ શાસ્ત્રકારો માન્ય રાખે પ ખરાં. પણ બાકીના સાધુ-સાધ્વીજીઓ માટે તો આ વિભૂષા ન જ ચાલી શકે.

**૧૨૭. હું ઓઘાનો પાટો સફેદ અને કોઈપણ પ્રકારના ભરતકામ=ડીઝાઈનો વિનાનો રાખીશ:**

અત્યારે પ્રાયઃ તમામ સંયમીઓના ઓઘાના પાટાઓ લાલ જ જોવા મળે છે. શાસ્ત્રમાં શ્વેતવર્ણના જ ઉપકરણોનું વિધાન હોવાથી ઓઘાનો પાટો શ્વેત હોવો વધુ યોગ્ય લાગે છે. સફેદ રંગના જાડા વસ્ત્રો મળતા જ હોય છે. એ જ ઓઘાના પાટા તરીકે ચાલી શકે છે. આમ છતાં જો તે તે સમુદાયના સુવિહિત ગીતાર્થ આચાર્ય ભગવંતો તે તે સમુદાયના સંયમીઓને લાલ ઓઘો વાપરવાની રજા જ આપતા હોય તો તે તે સંયમીઓએ પોતાના નિશ્રાદાતાની આજ્ઞા અનુસાર કરવું.

ઓઘાના પાટામાં અષ્ટમંગલ કે એવી જાતજાતની ડીઝાઈનો રંગબેરંગી દોરાઓનું ભરતકામ કરવા દ્વારા સાધ્વીજીઓ કરી આપતા હોય છે. ગચ્છાચારમાં તો સ્પષ્ટ કહ્યું છે કે (७५)"આવા પ્રકારની ડીઝાઈનો, આકર્ષક ચિત્રો-આકારોવાળા ઓઘા કે કોઈપણ વસ્ત્રો સાધુથી ન વપરાય. એમાં રાગપોષણ વગેરે પુષ્કળ દોષો છે જ. જો શાસ્ત્રકારો વિભૂષા ન પોષાય એ માટે વર્ષે એકવાર કાપ કાઢવાની, પગ-હાથ-મોઢું વગેરે કોઈપણ અવયવો બિલકુલ ન ધોવાની વાત કરતા હોય તો પછી આવી આકર્ષક ડીઝાઈનો વગેરેની અનુમતિ તો શી રીતે આપી શકે ?

વળી આવી ડિઝાઈનો વગેરે તૈયાર કરવામાં સાધ્વીજીઓનો કેટલો બધો અણમોલ સમય ખવાઈ જાય ? આ ડીઝાઈનો તૈયાર કરવામાં તો કલાકો પણ લાગે. શાસ્ત્રાભ્યાસાદિ કરવાનો અણમોલ સમય આવા કાર્યો પાછળ વેડફાઈ જાય એ તો શી રીતે માન્ય બને ?

રજોહરણ પૂજનીય છે. એનો અર્થ એ નથી કે એને સારામાં સારો શણગારવો. પૂંજવા-પ્રમાર્જવા માટે આ જ ઓઘો પગ વગેરે ઉપર પણ લગાડાય જ છે. એટલે 'એ સંયમનું સાધન હોવાથી પૂજનીય છે' એ સાચુ. પણ એમાં આવા શણગાર કરવાની તો લેશ પણ અનુમતિ નથી. આજે પણ કેટલાંક સંયમીઓ શ્વેતવર્ણના, લેશપણ ડીઝાઈન વગેરે વિનાના, કોરા ઓઘાના પાટાઓ વાપરે જ છે.

કેટલાંકો વળી એમ કહે છે કે 'મંગલ માટે ઓઘામાં અષ્ટમંગલના ચિત્રો તો દોરવા જ પડે ને?'

એમને કોણ સમજાવે કે જિનાજ્ઞાપાલન માટે, સંયમપાલન માટે અષ્ટમંગલાદિ કંઈ જ ન કરવું એ જ મહામંગલ છે. ઉલ્ટું મંગલ કરવા માટે આ અષ્ટમંગલાદિ ચિત્રો કરવા એ તો જિનાજ્ઞાભંગ રૂપ હોવાથી મોટું અમંગળ ન બને શું ?

આમ છતાં જો કોઈક સમુદાયમાં ગીતાર્થ, સુવિહિત આચાર્ય ભગવંતોએ ઓઘામાં અષ્ટમંગલાદિના ચિત્રામણને આચાર તરીકે, સામાચારી તરીકે સ્વીકારી લીધી હોય તો પછી તે સમુદાયના સંયમીઓએ પોતાના ગીતાર્થ-સુવિહિત આચાર્ય ભગવંતને પૂછી લઈને એમના કહ્યા પ્રમાણે કરવું એ ઉચિત જણાય છે.

<u>૧૨૮. હું દાંડા ઉપર કાળો રંગ કે ભૂખરો રંગ નહિ કરાવું. માત્ર દાંડા ઉપર પોલીસ કરવાની છૂટ રાખીશ :</u>

પ્રાચીનકાળના સંયમીઓ દાંડા ઉપર પોલીસ કે રંગ વગેરે કંઈ જ કરતા ન હતા. શાસ્ત્રોમાં એવું વાંચવામાં પણ આવ્યું નથી કે, "તે સંયમીઓ દાંડાને પોલીસ કરતા હતા કે તેલ વગેરે ઘસતા હતા." એટલે ખરેખર તો દાંડાને પોલીસ કરાવવાની પણ જરૂર નથી. આજે આ પોલીસ વગેરે બધું સંયમીઓ જાતે તો કરવાના જ નથી. તેઓએ ગૃહસ્થો પાસે જ આ પોલીસ વગેરે કરાવવું પડે. અને એટલે પોતાનું કામ ગૃહસ્થ પાસે કરાવવાના કારણે સંયમીને દોષ તો લાગે જ.

વળી પોલીસવાળા દાંડા સુંવાળા, ચકમકતા લાગે અને સાવ સાદા દાંડા એવા ન લાગે. એટલે પોલીસવાળા દાંડા સૂક્ષ્મરાગનું કારણ તો બને જ.

આજે કેટલાંક સંયમીઓ સાવ સાદા દાંડા વાપરે જ છે. ચોમાસામાં નિગોદ ન થઈ જાય તે માટે ચોમાસા પૂર્વે આખા દાંડાને બરાબર ધોઈ લે છે અને એટલે પછી નિગોદ થતી નથી.

આમ છતાં પોલીસવાળા દાંડામાં નિગોદ થવાની શક્યતા ઘણી ઓછી હોવાથી નિગોદની વિરાધનાથી બચવાના એકમાત્ર ઉદ્દેશથી પોલીસ કરાવવું પડે તો હજી એટલા પુરતી છૂટ રાખી શકાય. પરંતુ એ દાંડાઓને કાળો કે ભૂખરો રંગ કરાવવાની કોઈ જરૂર લાગતી નથી. કાળા રંગવાળા દાંડામાં જીવો વગેરે સ્પષ્ટ ન દેખાતાથી વિરાધના થવાની શક્યતા છે. સાદા-પોલીસવાળા, સફેદ જેવા દાંડામાં તો જીવો બરાબર દેખાઈ જવાથી તરત જયણા કરી શકાય.

વળી સાદા દાંડામાં નિગોદ થાય તો એ સ્પષ્ટ જોઈ શકાય જ્યારે કાળા દાંડામાં તો નિગોદનો

વર્ણ જુદો પકડવો ખૂબ જ કપરો થઈ પડે. માટે દાંડા ઉપર પોલીસ સિવાય બીજો કોઈ રંગ ન કરાવવો જોઈએ.

આ જ કારણસર સીસમ વગેરેના દાંડા વાપરવા પણ ઉચિત નથી. તેનો સ્વાભાવિક રંગ જ કાળો હોવાથી તેમાં જીવ જલ્દી ન દેખાય. વળી એ દાંડાઓ વજનદાર હોવાથી પણ શાસ્ત્રકારો એનો નિષેધ કરે છે. અધિક વજનદાર વસ્તુ ઉંચકવામાં સંયમીને પોતાને જ પીડા થાય. પીડિત થયેલો સંયમી માનસિક પ્રસન્નતા ગુમાવે અને પછી બરાબર સંયમનું પાલન ન કરી શકે. (અ)માટે જ વજનદાર વસ્તુઓ કે વધારાની વસ્તુઓ રાખવાનો શાસ્ત્રકારોએ સ્પષ્ટ નિષેધ કર્યો છે.

આપણે અનુભવ પણ કરીએ છીએ કે જ્યારે ગોચરી વહોરવામાં વજન પુષ્કળ વધી ગયું હોય ત્યારે પછી ખૂબ જ ઉતાવળથી ચાલીને ઉપાશ્રયે પહોંચવું પડે છે. એમાં ઈર્યાસમિતિનો ઉપયોગ જળવાતો નથી. એમ વિહારમાં પણ ઘણું વજન ઉંચકીને ચાલવું પડે ત્યારે આર્તધ્યાન, ખેદ, કંટાળો અને તેના દ્વારા પાપકર્મનો બંધ થાય છે.

ઘણીવાર સાધ્વીજીઓના દાંડા કાળા વર્ણના જોવા મળ્યા છે. એટલે આ સૂચન આવશ્યક બન્યું છે કે સ્વભાવથી જ કાળા સીસમના દાંડાઓ કે પછી કાળો રંગ કરેલા દાંડાઓ ન વાપરવા જોઈએ.

**૧૨૯. વરસાદ ચાલુ હોય અને સમાધિ ન ટકવાથી ગોચરી વાપરવી પડે તો હું ઉપાશ્રયે ગોચરી નહિ મંગાવું. પણ જાતે ગૃહસ્થોના ઘરોમાં લેવા જઈશ :**

પ્રથમસંઘયણના સ્વામી, પ્રાચીન મહામુનિઓ ચોમાસામાં ગોચરી, ઠલ્લે, માત્રા વગેરે ક્રિયાઓ અપ્કાય, નિગોદ વગેરેની પુષ્કળ વિરાધનાઓનું કારણ જાણીને તે અટકાવવા માટે ચાર મહિનાના ચોવિહારા ઉપવાસ કરતા. ઓછી શક્તિવાળાઓ પણ શક્તિ પ્રમાણે ઉપવાસાદિ કરીને ઓછામાં ઓછી વિરાધના થાય એવી યતના કરતા.

આજે સંઘયણ છે છટ્ઠું, આમ છતાં કેટલાંક મહાત્માઓ એવા છે કે વરસાદનું એક ટીપું પણ આકાશમાંથી પડતું હોય ત્યાં સુધી ગોચરી લેવા નથી જતા. ગૃહસ્થો તો ઝરમર વરસતા ધીમા વરસાદને વરસાદ જ ન ગણે. તેમને પુછીએ તો તેઓ તો એમ જ કહે કે,"વરસાદ બંધ પડી ગયો છે." પણ મહામુનિઓ તો ઝીણવટથી બહાર જુએ અને જો છૂટા-છવાયા પણ છાંટા પડતા દેખાય તો ગોચરી ન જ જાય. ઉપવાસ, છઠ અને અઠમ પણ કરે. જ્યારે સંપૂર્ણ વરસાદ બંધ પડે ત્યારે જ ગોચરી લાવીને વાપરે. એ વખતે પણ એમને એક વાતનો ખેદ તો હોય જ કે ભલે, ઉપરના સચિત્ત વરસાદની વિરાધના નથી. પણ નીચે જમીન પર રહેલા મિશ્ર પાણીની વિરાધના તો મારા હાથે થઈ જ રહી છે."

એટલે જો શક્તિ-સામર્થ્ય-ધીરજ-સમાધિ પહોંચતી હોય તો ઉપવાસાદિ કરી લઈને પણ એક ટીપા માત્ર વરસાદની હાજરીમાં ગોચરી જવાનું ટાળવું જોઈએ.

પણ આવું સામર્થ્ય બધામાં ન હોય એ સ્વાભાવિક છે. છતાં તેઓ પણ જેટલા કલાક ખેંચી શકે એટલા કલાક તો ખેંચે જ. દા.ત. સવારે ૮ વાગે નવકારશી વાપરનારાઓ વરસાદના કારણે નવ-દસ વાગ્યા સુધી રાહ જુએ. છતાં વરસાદ બંધ ન પડે અને સમાધિ ન ટકે તો પછી ગોચરી લેવા જાય. થોડીક પણ રાહ ન જોવી એ જીવદયાના પરિણામમાં શંકા ઉત્પન્ન કરી દે છે.

મહત્ત્વની વાત હવે આવે છે કે જ્યારે આ રીતે સમાધિ ન ટકવાના લીધે ચાલુ વરસાદમાં ગોચરી વાપરવાનો વખત આવે ત્યારે કેટલાંક સંયમીઓ એમ વિચારતા હોય છે કે, "ચાલુ વરસાદમાં આપણાથી શી રીતે ગોચરી લેવા જવાય ?" એટલે તેઓ ગૃહસ્થોને જણાવી દેતા હોય છે કે વરસાદના સમયે તમારે ઉપાશ્રયમાં જ ટીફીન લઈ આવવા. અમે એમાંથી વહોરીને વાપરી લઈશું.

જો બહાર ઘરોમાં ફરવાને બદલે એક સાથે જ બધું વહોરી લેવાની સુખશીલતાને પોષવા માટે આવું કરાતું હોય તો તે ખૂબ જ વખોડવા લાયક છે.

પણ ઉપર બતાવેલી ગેરસમજને લઈને આવું કોઈક સંયમીઓ કરતા હોય તો તેઓએ આ વાત સમજવા જેવી છે કે "જો આપણે ગૃહસ્થો પાસે ઉપાશ્રયમાં જ ગોચરી મંગાવશું. તો તેઓ તો સારી-સારી વસ્તુઓ ટિફીનમાં ભરીને લાવશે, એટલે આધાકર્માદિ દોષો લાગશે. વળી તેઓ તો સ્કૂટર-ગાડીમાં જ બેસીને ઉપાશ્રયે આવવાના. એમાં તો અતિભયંકર કક્ષાની અપ્કાય વગેરેની વિરાધના થવાની જ. એ બધી આપણા નિમિત્તે થઈ હોવાથી ઘણો મોટો દોષ સંયમીને લાગે.

એને બદલે જો સંયમી સ્વયં ચાલુ વરસાદમાં પણ ગોચરી લેવા જશે તો એ બરાબર કામળી ઓઢીને જશે. પાણીમાં ઓછામાં ઓછા ડગલા મૂકવા પડે એ રીતે ખૂબ જ જયણા સાચવીને જશે. એટલે ખૂબ જ ઓછી વિરાધના એના દ્વારા થશે. અને ઘરોમાં જઈને જે નિર્દોષ લાગશે એ જ વહોરશે એટલે આધાકર્માદિ દોષો પણ એને નહિ લાગે. આમ તે સંયમીને જાતે ગોચરી જવામાં ઓછો દોષ છે. માટે જ ચાલુ વરસાદમાં ગોચરી વાપરવી જ પડે તો ગૃહસ્થો પાસે ઉપાશ્રયમાં ગોચરી મંગાવવાના બદલે જાતે જ ગોચરી લેવા જવું.

હા ! અતિ ધોધમાર વરસાદ હોય તો એમાં જો સંયમી બહાર જાય તો આખો ને આખો પલળી જાય. પાતરાઓમાં ય સચિત્ત પાણી પહોંચી જાય. સંયમી નીતરતા પાણીવાળો બનીને ઘરોમાં જાય એ તો અત્યંત બેહુદુ લાગે. વસ્ત્રોમાંથી પાણી ટપકે, ગંદા કાદવવાળા પગલાઓ પડે આ બધું અત્યંત ખરાબ લાગે. એટલે એવા ધોધમાર વરસાદમાં તો ઉપાશ્રયમાં જ ગોચરી મંગાવવી પડે. આ જે નિયમ છે, તે મંદ-ઝરમર વરસાદ માટે સમજવાનો છે.

જ્યારે આવા કારણસર ગોચરી વહોરવી પડે ત્યારે પછી જે મળે એનાથી ચલાવી લેવું. અર્થાત્ રોટલી-શાકાદિ માટે ઘણા ઘરોમાં ફરવાને બદલે ખાખરા વગેરે જે કંઈ જેટલું મળે એમાં ચલાવી લેવાની ટેવ પાડવી જોઈએ.

ટૂંકમાં ઓછામાં ઓછી વિરાધના થાય એ માટેનો યત્ન કરવો.

<u>૧૩૦. હું શિયાળા અને ચોમાસામાં પાણી ઉકાળવાનો સમય બરાબર પૂછીશ અને એ રીતે ચૂનો નાંખવામાં જાગ્રત રહીશ :</u>

ઉનાળામાં પાંચ પ્રહરનો કાળ હોવાને લીધે પાણી સૂર્યોદયના એક કલાક પહેલા ઉકાળ્યું હોય અને સંયમી સૂર્યાસ્ત બાદ પણ દોઢ કલાક બાદ તેમાં ચૂનો નાંખે તો પણ વાંધો ન આવે. પણ શિયાળા-ચોમાસામાં પાણીનો કાળ ખૂબ જ સાચવવો પડે. એમાં ય ચોમાસામાં તો એક જ સ્થાને રહેલા હોવાથી એમાં વિશેષ મુશ્કેલી ન પડે. માત્ર પાણી ઉકાળવાનો સમય જાણી લઈ એ મુજબ ચૂનો નાંખવો પડે.

આમાં 'પાણી કેટલા વાગે ઉકાળ્યું ?' એવો પ્રશ્ન ન પુછવો. પણ 'ગ્યાસ કેટલા વાગે બંધ કર્યો? ચૂલા ઉપરથી પાણીનું તપેલું કેટલા વાગે નીચે ઉતાર્યું ?' એમ પૂછવું. પાણી ઉકાળનારા માણસો અણસમજુ હોવાથી 'પાણી કેટલા વાગે ઉકાળ્યું' એ પ્રશ્નનો ઉત્તર આપવાનો આવે ત્યારે જો સાત વાગે પાણી મૂક્યું હોય તો કહે કે 'સાત વાગે ઉકાળ્યું.' અને સંયમી સાત વાગ્યાથી પાણીનો કાળ ગણે.

હકીકતમાં તો અડધો કલાક પાણી ઉકળતા થયો હોય તો સાડાસાત વાગે પાણી ઉકળેલું કહેવાય. અને એટલે સાડાસાત વાગ્યાથી જ પાણીનો કાળ ગણવાનો હોય. એટલે પ્રશ્ન આ જ પૂછવો કે, "ગ્યાસ કેટલા વાગે બંધ કર્યો ?"

શિયાળામાં ચાર પ્રહરનો પાણીનો કાળ છે. અને દિવસ ચાર પ્રહરનો જ હોય. એટલે જો સૂર્યોદય સમયે પાણી ઉકળી ગયું હોય તો સૂર્યાસ્ત થતાની સાથે જ તે સચિત્ત બની જાય. હવે સંયમીઓ તો છેક સૂર્યાસ્તની બે-ત્રણ મિનિટ બાકી હોય ત્યાં સુધી પાણી વાપરે અને સૂર્યાસ્ત થઈ ગયા બાદ પાણીમાં ચૂનો નાંખે તો સચિત્ત થઈ ગયેલા પાણીમાં ચૂનો નાંખેલો કહેવાય. આ તો ભયંકર વિરાધના કહેવાય.

એટલે (૧) શિયાળામાં સૂર્યોદય પછી અડધો કલાક બાદ જ પાણી ઉકળી રહેલું હોય, એ જ પાણી વહોરવું. એ માટે વ્યવસ્થાપકોએ સૂચના પણ કરવી પડે. (૨) જો એ શક્ય ન હોય, સૂર્યોદય વખતે કે તે પૂર્વે પાણી ઉકળી ગયું હોય તો એ પાણી તદ્દન જુદું રાખી સાંજ સુધીમાં બધું વાપરી લેવું. જે વધે એમાં વહેલો ચૂનો કરી દેવો. અને બીજીવાર મોડું ઉકળેલું પાણી જુદું રાખી એ સૂર્યાસ્ત સુધી વાપરવામાં લેવું. (૩) પાણીમાં ચૂનો કરવો, ઢોળાયેલું પાણી લૂંછવું, ઘડા-લોટ લુંછવા વગેરેમાં ગચ્છ પ્રમાણે ૧૦-૧૫ મિનિટ કે અડધો કલાક પણ થાય. તો પાણીનો કાળ જ્યારે થઈ રહેતો હોય ત્યારે → પાણીમાં ચૂનો નાંખવો, નીચે ઢોળાયેલ પાણી લુંછવું અને ઘડાદિ લુંછવા ← એ બધા જ કામો થઈ ચૂક્યા હોય એ રીતે જ પાણી કાઢવાનું કામ શરૂ કરવું. દા.ત. સૂર્યાસ્ત બાદ પાંચ મિનિટ થાય ત્યારે જ પાણીનો કાળ થઈ જતો હોય તો સૂર્યાસ્તની ૧૫-૨૦ મિનિટ પહેલા જ બધા સંયમીઓને પાતરીઓમાં છેલ્લું વાપરવાનું પાણી આપી દઈ બાકી બધું પાણી તપેલા વગેરેમાં ભેગું કરી સૂર્યાસ્ત સમયે તેમાં ચૂનો નાંખી જ દેવો. અને તે પૂર્વે જ બધા ઘડા-લોટ લુંછી લેવા. ઢોળાયેલું બધું પાણી લૂંછી લેવું. જો આમાં એક મિનિટ પણ મોડું થાય તો સચિત્તપાણીમાં ચૂનો નાંખવાનું, સચિત્તપાણી લુંછવાનું ઘોર પાપ બંધાય.

શિયાળામાં વિહારમાં ય મુશ્કેલી ઉભી થાય. સાંજના વિહારમાં સૂર્યાસ્ત સમયે પાણી વાપરી લઈએ અને હજી અડધો-એક કિલોમીટર સ્થાન દૂર હોય તો કેટલાંક સંયમીઓ સ્થાને પહોંચીને સૂર્યાસ્ત બાદ ૨૦-૨૫ મિનિટ પછી ચૂનો નાંખતા હોય છે. એ પાણી જો સૂર્યોદય બાદ અડધો-પોણો-એક કલાક મોડું જ ઉતર્યું હોય તો તો વાંધો નથી. પણ વહેલું ઉતર્યું હોય તો ભયંકર વિરાધના ચોંટે જ.

આવા વખતે જેની પાસે લોટ, તુંબડું હોય તેના એ લોટ તુંબડામાં બધું પાણી ભેગું કરી ત્યારે જ (પાણી ચૂકવ્યા પછી તરત જ, સૂર્યાસ્ત સમયે જ) તેમાં ચૂનો કરી દેવો. જો બધા પાસે ઘડા જ હોય તો પછી કોઈપણ એક ઘડામાં પાણી ભેગું કરી એમાં ચૂનો કરવો. બીજા દિવસે ત્રણવાર ચોખ્ખા પાણીથી એ ચૂનાના પાણીવાળો કરેલો ઘડો ખંગાળી લઈને પછી ચાલુ વાપરવાના પાણીમાં ઉપયોગમાં લઈ શકાય.

આ બધા માટે પાણી ઉકળવાનો સમય જાણવો અત્યંત આવશ્યક છે. "કેટલા વાગે પાણી ઉકાળનારે ગ્યાસ બંધ કર્યો" એ પાકા પાયે જાણી લેવું. અધ્ધરતાલ, ઉડાઉ જવાબો ઉપર વિશ્વાસ ન કરવો. બરાબર ચકાસણી કરીને પાકો સમય જાણી લેવો અને એ મુજબ 'એ પાણીનો કાળ સાંજે કેટલા વાગે થાય છે' એ બરાબર નક્કી કરીને બધા સંયમીઓને જણાવી દેવું.

આજે ઘણા ગ્રુપોમાં ખૂબ જ ચોક્સાઈ પૂર્વક આ બધી જ કાળજી કરાય છે. એ અત્યંત અનુમોદનીય છે. પણ કેટલાંક ગ્રુપોમાં અજ્ઞાનતા કે પ્રમાદ, ઉપેક્ષાને લીધે આ બધી કાળજી કરાતી નથી. તો તેઓ પણ આ બધા મોટા દોષો જાણીને ઝીણી-ઝીણી કાળજી કરવા માટે અત્યંત કટિબદ્ધ બને.

તમામ સંયમીઓએ કોઈપણ કાળમાં આ ટેવ પાડી જ દેવી જોઈએ કે, 'પાણી વહોરતી વખતે પાણીનો ગ્યાસ બંધ કરવાના કાળની બરાબર પૃચ્છા કરવી જ.'

અપ્કાયમાં રહેલા અસંખ્ય જીવો પ્રત્યે જેમને ખરેખર કરૂણા હશે, ભગવાનની આજ્ઞાઓ પ્રત્યે જેમને ખરેખર અપાર બહુમાનભાવ હશે, આત્મોદ્ધારની જેમને સાચી તલપ હશે તેઓ તો હોંશે હોંશે આ બધી જ કાળજીઓ કર્યા વિના નહિ જ રહે. આ બાબતમાં ઘણી કહેવાયોગ્ય બાબતો છે, પણ અત્યારે વધુ જણાવતો નથી.

<u>૧૩૧. હું વિહારમાં ચુનો, સાબુ-સર્ફ, કપડા સુકવવાની દોરી, લુંછણિયું, પ્યાલો અવશ્ય સાથે રાખીશ :</u>

સાંજના વિહાર વગેરેમાં પાણીનો કાળ થઈ જાય એ પૂર્વે ચૂનો નાંખવા માટે ચૂનો તો સાથે રાખવો જ પડે. "બીજા સંયમીઓ રાખે છે, એ લઈ લઈશ." એમ બીજાના ભરોસે ન રહેવાય. જો સાંજના વિહારમાં સ્થંડિલ જવા માટે કે ઝડપ ઓછી-વત્તી હોવાના કારણે એકલા પડી જઈએ તો પછી કોની પાસે ચૂનો મળે ? એ વખતે બધું પાણી પરઠવી દેવાનો વખત આવે. એને બદલે જો ચૂનો પાસે જ હોય તો તરત એના દ્વારા પાણી ચૂનાનું કરી શકાય.

એમ વિહારમાં લુણા વગેરે કાઢવા માટે સાબુ-સર્ફ જે ગ્રુપોમાં વપરાતા હોય, તે ગ્રુપોના સંયમીઓએ સાબુ-સર્ફ પાસે રાખવા પડે. બીજા સંયમીઓએ પાસે રાખેલા સાબુ-સર્ફની આશાથી જો અમુક સંયમીઓ સાબુ વગેરે ન રાખે તો ક્યારેક સુભૂમની પાલખી જેવું થાય. બધા જ આ રીતે એક બીજાની આશાથી સાબુ-સર્ફ ન રાખે અને છેવટે બધાએ પરેશાન થવાનો વખત આવે. (હા ! જેઓ સાબુ-સર્ફ વાપરતા જ ન હોય અથવા રોજેરોજ ગૃહસ્થો પાસેથી વહોરીને લાવતા હોય એમની વાત જુદી છે.)

વિહારમાં દોરી તો રાખવી જ પડે. શિયાળામાં સાંજના વિહારમાં અને ઉનાળામાં તો સવાર-સાંજ બે ય વિહારમાં પુષ્કળ પરસેવો થાય. એવા ચીકણા પરસેવાવાળા વસ્ત્રો ગમે ત્યાં સુકવીએ તો એને ધુળ-મેલ ચોંટે. કપડા ઘણા વધારે મેલા થાય અને આવા પરસેવા સાથે મિશ્ર થયેલો મેલ શરીરને નુકસાન કરે. વળી ગમે ત્યાં કપડા નાંખીએ તો એ જલ્દી સુકાય પણ નહિ. એટલે તમામ સંયમીઓએ પોતાની પાસે ઓછામાં ઓછી 'પોતાના વસ્ત્રો સુકવી શકાય' એટલી લાંબી દોરી તો રાખવી જ જોઈએ. એનાથી નાની દોરી ન ચાલે. શક્ય હોય તો ગચ્છની ભક્તિ માટે મોટી દોરી પણ રાખી શકાય.

આજે ગચ્છની ભક્તિ કરવાની ભાવનાવાળા કેટલાંક સુવિહિત મુનિઓ લાંબી દોરી રાખતા જ હોય છે. ઉપાશ્રયમાં વહેલા પહોંચી, લાંબી દોરી બાંધી બધાના વસ્ત્રો સુકવવાનો લાભ લેતા હોય છે. જેમ મિષ્ટાન્નાદિ વપરાવવા એ ભક્તિ છે. એમ વિહારમાં આ રીતે વસ્ત્રાદિ સુકવવામાં બીજા સંયમીઓને સહાય કરવી એ પણ શ્રેષ્ઠ ભક્તિ જ છે.

એમ ગોચરી વાપર્યા બાદ જમીન ચોખ્ખી કરવા, ઢોળાયેલું પાણી લુંછવા વગેરે માટે લુંછણિયાની જરૂર પડે જ. નાનું કે મોટું એકાદ લુંછણિયું સાથે રાખવું.

સ્થંડિલ-માત્રા માટે ઉપયોગી પ્યાલો (અને એ પ્યાલો લુંછવા માટે માતરીયું, કે જેથી પછી સંમૂર્છિમની વિરાધના ન થાય) પણ સાથે રાખવો.

આ બધી વર્તમાનકાળમાં સંયમજીવન માટે અત્યંત આવશ્યક વસ્તુઓ છે. એટલે આ તમામ વસ્તુઓ પાસે રાખવી પડે. આપણા કોઈપણ કામ માટે બીજા સંયમીને પરાધીન રહેવું પડે એ યોગ્ય નથી. **'જાત મહેનત જિંદાબાદ'** સૂત્ર બધાએ અપનાવવા જેવું છે.

હા ! જેમના અનેક શિષ્યો હોય, શિષ્યો જેમની ખડે પગે સેવા કરતા હોય એવા વિશિષ્ટ સંયમીઓ આ બધું ન રાખે એ સ્વાભાવિક છે. એ તો સુવિનીત શિષ્યોની પણ ફરજ છે કે ગુરુની ઉત્કૃષ્ટકક્ષાની સેવા કરવી.

<u>૧૩૨. હું બાંધેલી દોરી સુર્યાસ્ત સમયે છોડી જ દઈશ :</u>

દિવસ દરમ્યાન વસ્ત્રાદિ સૂકવવા માટે બાંધેલી દોરી જો સૂર્યાસ્ત સમયે છોડી ન દેવાય તો એ દોરી ઉપર માખીઓ બેસતી હોય છે, અને માખીઓ અંધારું થયા બાદ ઉડી શકતી નથી. એ જ્યાં બેઠી હોય ત્યાં જ બેસી રહે છે. હવે જો એ દોરી ઉપર માખી બેસી રહે તો રાત્રે તે દોરી ઉપર કપડા સુકવતા કે કોઈના હાથ લાગતા કે મચ્છરદાની બાંધવા જતા એ દોરી હલે અને બેઠેલી માખી જમીન ઉપર પડે, અંધારાના કારણે તે ઉડી ન શકે. જમીન પર પડેલી તે માખી ઉપર કોઈનો પણ પગ પડે અને માખી મરી જાય.

એવું પણ સાંભળ્યું છે કે ગિરોળી અથવા માખીનો વાઘ આવી દોરી પર ચાલીને એના ઉપર બેઠેલી બધી માખીઓને ખાઈ જાય છે.

આ બધી વિરાધનાઓની શક્યતા હોવાના લીધે જ સૂર્યાસ્ત સમયે, તે પહેલા કે છેવટે અજવાળામાં એ દોરી છોડી દેવી જોઈએ. અંધારું થઈ ગયા બાદ ફરી પાછી એ દોરી બાંધી શકાય કેમકે પછી માખી વગેરેની વિરાધના થતી નથી.

<u>૧૩૩. હું ઓઘામાં શુદ્ધ ઉનની દશીઓ રાખીશ :</u>

આજે લગભગ બધી વસ્તુઓ ભેળ-સેળવાળી જ મળતી હોય છે. પુંજવા પ્રમાર્જવાદિ માટે ઓઘામાં શુદ્ધ ઉનની દશીઓ શ્રેષ્ઠકક્ષાની ગણાય છે. આજે શોભાને માટે કેટલાંકો સિન્થેટીકથી મિશ્ર થયેલી દસીઓ પણ વાપરે છે. જો દશીઓ શુદ્ધ ઉનની હોય તો શિયાળામાં ગમે એટલી ઠંડીમાં પણ, ગમે એટલો ઘસારો થવા છતાંય એમાંથી અગ્નિના તણખાં ન ઝરે જ્યારે સિન્થેટિક વગેરેની ભેળસેળવાળી દસીઓમાંથી તો શિયાળામાં જરાક ઘસારો થતાની સાથે તણખાઓ ઝરતા હોય છે.

પડિલેહણ કરતી વખતે, ખમાસમણા વખતે એ દસીઓ બીજા બધા સાથે ઘસાય અને તણખાં ઝરે. આમાં તેજસકાયની વિરાધના થાય છે. એ તણખાઓ સચિત્ત જ છે. અચિત્ત નથી.

(૭૭)આ વિરાધનાથી બચવા અને જિનાજ્ઞાપાલન માટે ઉનની દશીઓ વાપરવી જરૂરી છે. ભલે એ દેખાવમાં સારી ન પણ લાગતી હોય પણ સંયમી માટે તો જે સંયમોપયોગી હોય એ જ સારું.

**૧૩૪. હું ઓઘારિયું તથા ઝોળીના ગુચ્છા+પાત્રસ્થાપન શુદ્ધ ઉનના રાખીશ :**

આ અનવસ્થા દોષથી ઘુસી ગયેલો અતિચાર છે ? કે પછી સુવિહિતગીતાર્થોએ માન્ય રાખેલો આચાર છે ? એ ખબર નથી પડતી, પણ એવું જોવા મળે છે કે ઘણા સંયમીઓ હવે ઓઘારિયા શુદ્ધ ઉનના તો નહિ જ, પણ મિશ્ર-ઉનના પણ વાપરવાને બદલે રેશમી વગેરે ઓઘારિયા રાખતા થયા છે. પાછી આ જ વાત કે એમાં રાગપોષણ, વિભૂષાપોષણાદિ અનેક દોષો લાગે છે. ભગવાને તો (૭૮)ઉનનું ઓઘારિયું વાપરવાનું કહ્યું છે. આ બધા વિભૂષાકારક પદાર્થો શી રીતે વાપરી શકાય ? સુવિહિતગીતાર્થોએ આ વાત માન્ય રાખી હોય એવું તો નથી લાગતું. પણ આ વાત સાવ સામાન્ય ગણીને તેની ઉપેક્ષા જ થઈ છે એમ લાગે છે. અલબત્ત, આ નાનકડી બાબત હોય તો પણ સંયમીઓ તો એ જ કહેવાય ને કે ? કે પ્રભુની ઝીણી ઝીણી બધી આજ્ઞાઓ પાળવા માટે તત્પર રહે. એમ ઝોળીના ગુચ્છાઓ અને તરપણી ઉપર જે બાંધવામાં આવે છે તે, પાત્રાઓ મૂકવા માટેનું પાત્રસ્થાપન પણ ગરમ જ રાખવું જોઈએ.

જેમ કામળીકાળમાં સૂક્ષ્મ અપ્કાયની વિરાધનાથી બચવા ઉનની કામળી વાપરીએ છીએ. એમ ઓઘા, ઝોળી, તરપણી ઉપર પણ ઉનનું વસ્ત્ર હોવું આવશ્યક છે.

**૧૩૫. હું શુદ્ધ ઉનની કામળી વાપરીશ :**

ઉપરના નિયમમાં બતાવેલા વસ્ત્રો કરતા કામળી તો ઘણું મોટું, આખા શરીરને ઢાંકનારું વસ્ત્ર છે. કામળીકાળમાં સૂક્ષ્મ અપ્કાયની વિરાધનાથી બચવા માટે તે કામળી મુખ્યત્વે ઉનની જ વાપરવી પડે. એ ઉન પણ શુદ્ધ ઉન્ન જોઈએ. સિન્થેટિક વગેરેના મિશ્રણવાળી કામળીમાં અગ્નિના તણખા ઝરતા અનુભવાય છે.

શુદ્ધ ઉનની કામળી થોડી ભારે પડે, કર્કશ લાગે માટે આજે કેટલાંક સંયમીઓ કોમળ સ્પર્શવાળી અને વજનમાં ખૂબ હલકી એવી ઉન સિવાયની પણ કામળીઓ વાપરે છે. એમાં ઉનનો ભાગ ખૂબ જ ઓછો કે નહિવત્ હોય છે. એમાં પ્રશ્ન એટલો જ છે કે શાસ્ત્રકારોએ શુદ્ધ ઉનની કામળી વાપરવાની જે વાત કરી છે એ સૂક્ષ્મ અપ્કાયની વિરાધના અટકાવવા માટે કરી છે. હવે જો શુદ્ધ ઉન સિવાયની બીજી બધી કામળીઓ વપરાય તો એમાં શું જીવદયા પળાય ખરી ? એમાં સૂક્ષ્મ અપ્કાયની વિરાધના અટકે ખરી ? અને જો એ વિરાધના ન અટકતી હોય તો પછી આવી કામળીઓ શી રીતે વાપરી શકાય ?

વળી બીજા પ્રકારની કામળીઓમાં શિયાળામાં તેજસ્કાયની વિરાધના પણ સ્પષ્ટ જોવા મળે છે. એટલે જો થોડીક વજન ઉંચકવાની અને થોડોક કર્કશ સ્પર્શ સહન કરવાની ક્ષમતા હોય કે ક્ષમતા કેળવી શકાતી હોય તો પછી એવી શુદ્ધ ઉનવાળી કામળીઓ જ વાપરવી જોઈએ.

આમ છતાં આ બાબતમાં ગીતાર્થ-સુવિહિત વડીલો જે જણાવે તે મુજબ કરવું. મારી દૃષ્ટિએ મને

આ નિયમ યોગ્ય લાગે છે.

**૧૩૬. હું ઓઘા માટેનું પ્લાસ્ટીક સીવ્યા વિનાનું જ વાપરીશ :**

પ્રાચીનકાળમાં પ્લાસ્ટીક ન હોવા છતાં સંયમીઓ વિહાર કરતા જ હતા. એમને "બધી ઉપધિ ભીની થઈ જવી" વગેરે પ્રશ્નો નડતા હશે કે કેમ ? એ વિચારણા કરવાને બદલે વર્તમાનમાં જે અનુભવાય છે તેની વિચારણા કરીએ તો કેટલાંક મહાત્માઓ વિહારમાં પણ ઓઘો બાંધ્યા વિના બગલમાં રાખીને જ ચાલે છે. અને તે મહાત્માઓને પરસેવો ઓછો થતો હોવાથી ઓઘો ભીનો પણ થતો નથી. પણ ઘણા મહાત્માઓ વિહારમાં ઓઘો પડી ન જાય તે માટે ઓઘાબંધનથી બાંધે છે અને એ ઓઘો પરસેવાથી એકદમ ભીનો ન થઈ જાય એ માટે એના ઉપર પ્લાસ્ટીક ચડાવે છે.

આ પ્લાસ્ટીક બે પ્રકારના હોય છે. એક પ્લાસ્ટીક લાંબી પાઈપ જેવું, સીવેલું, કાણાવાળું હોય છે અને બીજુ સીવ્યા વિનાનું સાદું હોય છે. આમાં સીવેલું પ્લાસ્ટિક ખરેખર ન ચાલે, કેમકે એ લાંબી પાઈપના જેવું ઉંડું સીવેલું હોવાથી એનું પ્રતિલેખન સમ્યક્ રીતે થઈ શકતું જ નથી. અંદર કોઈ જીવો ફસાઈ જાય તો ઓઘો નાંખવાથી તરત મરી પણ જાય. એ લાંબો ભાગ અંદર-બહાર કરી ન શકાતો હોવાથી સારી રીતે જીવદયા પાળવી શક્ય નથી. એટલે જો ઓઘા ઉપર પ્લાસ્ટીક રાખવું જ હોય તો આવું સીવેલું પ્લાસ્ટીક ન રાખવું. પણ સીવ્યા વિનાનું સીધું પ્લાસ્ટીક રાખવું. ઓઘા ઉપર ઓઘારીયાની સાથે જ એ ઓઘારીયા જેવું પ્લાસ્ટીક વીંટાળી દઈને એના ઉપર ઓઘાની નીચેની દોરી બાંધી દેવાથી એ પ્લાસ્ટીક નીકળતું નથી અને ઓઘો ભીનો થતો નથી. એ પ્લાસ્ટીક સુપ્રતિલેખિત હોવાથી વિરાધનાથી બચી શકાય છે.

ઉત્સર્ગમાર્ગે પ્લાસ્ટીકાદિ ધાતુનો વપરાશ કરી ન શકાય. છતાં આજે વિહારમાં અનિવાર્ય સંજોગોને કારણે પ્લાસ્ટીક વાપરવા પડે છે. એટલે એ અપવાદમાર્ગ સમજવો યોગ્ય લાગે છે.

**૧૩૭. હું પ્લાસ્ટીકના ઘડા અને ટોક્સી વાપરીશ નહિ :**

વર્તમાનકાળમાં પ્લાસ્ટીક ધાતુ વિશ્વ માટે એક મોટી સમસ્યા બની ચૂકી છે. પ્લાસ્ટીકની વસ્તુઓ વજનમાં હલકી હોવાથી, સસ્તી હોવાથી અને જલ્દી તુટતી ન હોવાથી ચારે બાજુ પુષ્કળ પ્રમાણમાં પ્લાસ્ટીકનો વપરાશ શરૂ તો થયો છે, પણ પ્લાસ્ટીકનું વિસર્જન કરવું ખૂબ જ કપરું થઈ ગયું છે. જેમ લાકડું કે કાગળ તો બાળવાથી રાખ થઈ જાય, એમ પ્લાસ્ટીકનું વિસર્જન સહેલું નથી. પ્લાસ્ટીકને બાળતી વખતે જે ધુમાડો નીકળે છે એ આરોગ્ય વગેરે માટે ખૂબ જ નુકસાનકારક ગણેલો છે. જે કેમિકલોમાંથી પ્લાસ્ટીક બને છે એ કેમિકલો ઘણા રોગોનું કારણ છે.

હવે પ્લાસ્ટીકના ઘડામાં ધગધગતું પાણી લાવીએ એટલે પ્લાસ્ટીકના અંશો એ પાણીમાં ઉતરવાના જ. એ આપણા પેટમાં જાય અને લાંબે કાળે અનેક મુશ્કેલીઓ ઉભી કરે. એમ પ્લાસ્ટીકની ટોક્સીઓમાં પણ ગરમ વગેરે વસ્તુઓ વહોરવામાં, વાપરવામાં આરોગ્યને નુકસાન થવાની સંભાવનાઓ પુષ્કળ છે. આવા ઘણા કારણોસર પ્લાસ્ટીકના ઘડાઓ કે ટોક્સીઓ વાપરવા ન જોઈએ.

પણ (૧) પ્લાસ્ટીકના ઘડાઓ વજનમાં ખૂબ જ હલકા હોય. (૨) માટીના ઘડાઓ તો ઘણા સાચવવા પડે. એ તુટી જવાનો ભય રહે. જ્યારે પ્લાસ્ટીકના ઘડાઓ તુટવાનો ભય નહિ. (૩) માટીના

ઘડામાં ધગધગતું ગરમ પાણી લાવીએ તો એ ઘડાઓ રીઢા થઈ જાય. પછી એ ઘડામાં પાણી ઠરે નહિ. એટલે પ્લાસ્ટીકના ઘડામાં ધગધગતું પાણી લાવી, ઠારીને પછી જ માટીના ઘડામાં ભરવામાં આવે તો એ ઘડાઓ લાંબો કાળ સુધી પાણીને ઠંડુ કરનારા રહે.

આ બધા કારણોસર કેટલાંક સંયમીઓમાં પ્લાસ્ટીકના ઘડાઓનો વપરાશ શરૂ થઈ ચૂક્યો છે.

પણ આ બધા જ લાભો કરતા આરોગ્યને પહોંચતુ નુકશાન એ મોટો ગેરલાભ સંયમીઓએ ધ્યાનમાં લેવો જોઈએ. (૧) માટીના ઘડા પણ ઓછા વજનવાળા મળે જ છે. થોડીક ટેવ પાડવી પડે. તુંબડાઓ તો વજનમાં ઘણા હલકા હોય છે. (૨) સાચવણી કરીએ તો માટીના ઘડાઓ પણ ન તુટે. લાંબોકાળ વાપરી શકાય. (૩) મોટા ગ્રુપોમાં બે-ત્રણ સંયમીઓ રીઢા ઘડા રાખે અને એમાં જ બધું પાણી લાવવામાં આવે તો બાકીના સંયમીઓના ઘડાઓ રીઢા ન થાય અને લાંબોકાળ વાપરી શકાય.

આ જ રીતે પ્લાસ્ટીકની ટોક્સીઓને બદલે લાકડાની ટોક્સીઓ વપરાય તે વધુ યોગ્ય જણાય છે. છતાં છેવટે નિશ્રાદાતા ગુર્વાદિને પુછીને યોગ્ય નિર્ણય લેવો.

<u>**૧૩૮. હું ગૃહસ્થના કે સંઘના કોઈપણ ધાબડાઓ વાપરીશ નહિ :**</u>

'સ્લીપડીસ' વગેરે રોગોની મુશ્કેલી ન હોય તો ઉનાળા-ચોમાસામાં માત્ર સંથારો જાડો કરવા, સુખશીલતા માટે ધાબડાઓ વાપરવા એ ઉચિત નથી જ. સંયમીએ એક માત્ર સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરીને ઉંઘવાનું છે. માટે જ અતિચારસૂત્રમાં **'સુતા.....અધિકો ઉપકરણ વાપર્યો'** બોલીએ છીએ.

(૧) ધાબડાનો રંગ લગભગ કાળાશ પડતો હોય છે અને એમાં જીવ ભરાયો હોય તો ય ખબર ન પડે. માટે જ ધાબડાઓ દુષ્પ્રતિલેખિત છે. વળી એ વજનદાર હોવાથી એમાં શાંતિથી નિરીક્ષણ કરતા કરતાં પ્રતિલેખન કરવું પણ ન ફાવે. (૨) કોઈપણ સંયમીઓ વિહારમાં ધાબડાઓ ઉંચકતા હોય એવું સાંભળ્યું નથી. સંઘવાળાઓ સંયમીઓ માટે જ ધાબડાઓ ખરીદે છે અને ઉપાશ્રયમાં રાખે છે. આમા ધાબડાઓ ખરીદવા, એને માટે કબાટ રાખવું, એ ધાબડાઓ દ્વારા કીડી વગેરેની વિરાધના થવી વગેરે અનેક પ્રકારના દોષો સંયમીના નિમિત્તે થવાથી સંયમીને સંયમમાં ડાઘાઓ લાગે. (૩) ધાબડા વગેરે ઉપર ઉંઘ ખૂબ સારી આવે. વધારે ઊંઘી રહેવાનું મન થાય. પ્રમાદ વધે. સુખશીલતા પણ પોષાય. જો માત્ર સંથારો જ હોય તો જેટલો થાક હોય એટલી જ ઉંઘ લેવાય. જરૂરિયાત પુરતી ઉંઘ થઈ ગયા બાદ વધુ ઉંઘવાની ઈચ્છા ન રહે. પ્રમાદ ઓછો થાય. (૪) અત્યારે ગૃહસ્થોના ઘરોમાં M.C. નું પાલન બરાબર થતું નથી. ધાબડાઓ પણ શુદ્ધ ઉનના નથી હોતા. M.C.વાળા બહેનોએ પણ એ ધાબડાઓ વાપર્યા હોય. એવા અશુદ્ધ ધાબડાઓ શી રીતે સંયમીઓ વાપરી શકે ? વર્તમાનમાં તો ગૃહસ્થોમાં અનેક પ્રકારના વિચિત્ર પાપો પ્રવેશેલા હોવાથી તેઓએ વાપરેલા, ધાબડા વગેરે વાપરવાની છૂટ આપવી કે કેમ ? એ ખૂબ જ વિચારણીય છે. (૫) એકવાર ધાબડાઓ વાપરવાના સંસ્કાર પડે એટલે પછી જ્યાં ધાબડાની વ્યવસ્થા ન હોય ત્યાં સંક્લેશ થાય. સ્કૂટરો દોડાવીને પણ ધાબડાઓ મંગાવાય. સાંજના વિહારોમાં સ્કુલ વગેરેમાં ધાબડા ન મળે તો આજુબાજુના ગામના શ્રાવકો પાસે ધાબડાઓ મંગાવવા પડે. આમાં સ્કુટરો કે ગાડીઓ ૮-૧૦ કિ.મી. દોડે. પહેલા મહાવ્રતને કેટલા કાળા ડાઘાઓ લાગે ?

પણ ધાબડાઓ વિના જ જીવવાની ટેક હોય તો ઉપરના કોઈ જ દોષ ન લાગે.

પ્રશ્ન છે, શિયાળાનો ! અતિભયંકર ઠંડી એવી તો અસહ્ય હોય છે કે ધાબડાના ઉપયોગ વિના ઉંઘ પણ ન આવે. એમાં જો વિહારમાં ખુલ્લી સ્કુલો વગેરેમાં સાંજે ઉતરવાનું થાય અને બાજુમાં નદી વગેરે હોય તો તો ઠંડી પરાકાષ્ઠાએ પહોંચે, ભલભલા સંયમીઓ સમાધિ ગુમાવી બેસે એવી ઘોર અશાતા અનુભવાય.

આના ઉપાય તરીકે નીચે પ્રમાણે વિચારણા કરી શકાય.

(૧) આજે એક એવા સંયમી છે કે જે ગમે તેવી કડકડતી ઠંડીમાં પણ માત્ર કપડો જ ઓઢે છે. ચાલુ કામળી પણ ઓઢતા નથી. નીચે સંથારા સિવાય એકપણ વસ્તુ પાથરતા નથી. એક ઘણા વિદ્વાન ગણિવર ગમે તેવી ઠંડીમાં માત્ર સંથારો જ પાથરીને ચલાવે છે. જો સત્વ ફોરવી શકાય તો ઠંડી સહન કરી લેવી પણ ધાબડાઓ ન જ વાપરવા.

(૨) કેટલાંક સંયમીઓ શિયાળાની કામળીઓ સાથે જ રાખતા હોય છે અને ઉંચકતા હોય છે. બે-ત્રણ કામળીઓ જાતે ઉંચકીને વિહાર કરે અને રાત્રે એનો વપરાશ કરે. પણ ધાબડા તો ન જ વાપરે.

(૩) શિયાળામાં બખ્તરની માફક મોટો સુતરાઉ કપડો છાતી ઉપર બરાબર બાંધીને પહેરવામાં આવે તો ઠંડી ઘણી જ ઓછી લાગે. આ કપડો એવી રીતે પહેરાય છે કે જેમાં બે ય ખભા ઢંકાઈ જાય અને છાતી પેટ વગેરેના ભાગ પણ ઢંકાઈ જાય.

આવા જો નિરવદ્ય ઉપાય અજમાવી શકાતા હોય તો ધાબડો ન જ વાપરવો જોઈએ. પણ આમ છતાં જો ધાબડો વાપરવો જ પડે તો પછી શિયાળાની કડકડતી ઠંડીવાળા બે મહિના / ત્રણ મહિના સિવાય બાકીના ૯-૧૦ મહિના તો ધાબડાનો વપરાશ ત્યાગી જ દેવો જોઈએ.

તાવ આવે તો કે ગરમ પાણીનો નાસ (બાફ) લેવો પડે તો ત્યારે ના-છૂટકે ધાબડા વાપરવાની છૂટ રાખી શકાય. પણ એ વખતે ગૃહસ્થોના ધાબડાઓ વાપરવાને બદલે સંઘના જ ધાબડાઓ વાપરવા વધુ ઉચિત જણાય છે.

દિવસ દરમ્યાન બેસવાના આસન તરીકે ધાબડાઓ ન વાપરવા. ગરમ આસન કે કામળી પાથરીને બેસી શકાય.

<u>૧૩૯. હું લુંછણિયું આગળ-પાછળ બરાબર જોયા પછી, સહેજ ખંખેર્યા બાદ જ વાપરીશ :</u>

ગોચરીમાં વાપરી લીધા બાદ કાજો કાઢવા વગેરે માટે લુંછણિયું ઘસવામાં આવે છે. આ લુંછણિયામાં દાળ-શાકના અવયવો લાગવાથી તેની સુગંધના કારણે કે બીજા પણ કોઈક કારણોસર કીડી વગેરે જીવો આવી પડતા હોય છે. જો એ લુંછણિયાને બરાબર જોયા વિના જ એના દ્વારા પાણી લુંછવાદિ પ્રવૃત્તિ કરીએ તો એ કીડીઓ પણ ભેગી ઘસાઈ જાય, મરી જાય. ઘણીવાર આવી અજયણાને કારણે ૧૦-૨૦-૨૫ કીડીઓ મરી જતી જોવામાં આવી છે. આપણો નાનકડો પ્રમાદ બીજા જીવોના મોતનું કારણ બને એ કયો સંયમી સ્વીકારી શકે ?

કોઈપણ દેશની સરકાર નાગરિકોના રક્ષણ માટે નિયમ બનાવે છે કે, "દારૂ પીને ગાડી-સ્કૂટરાદિ વાહનો ચલાવી શકાય નહિ." તો તીર્થંકરો વહાલા જીવોની રક્ષા માટે આ નિયમ બનાવે કે, "લુંછણિયું બરાબર જોયા પછી જ એનો વપરાશ કરવો" તો એ નિયમ દરેકે સ્વીકારવો જ જોઈએ.

લુંછણિયું સામાન્યથી મેલું-કાળું હોવાથી એમાં ધ્યાનથી જોવું પડે. ઉપરછલ્લી નજર પાડવાથી કંઈ જ ખબર ન પડે. પ્રતિ-લેખનનો અર્થ જ એ છે કે એના પ્રત્યેક અવયવો ખૂબ જ ધ્યાનથી જોવા.

બરાબર જોવા છતાં પણ કદાચ કોઈક જીવો ન દેખાયા હોય તો ? એટલે સહેજ ખંખેરી લઈએ તો એમની વિરાધના ન થાય.

ઘણીવાર એવું બને છે કે મોટું લુંછણિયું ધ્યાનથી જોવામાં પ્રમાદ થાય. બધા જ અવયવો સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં વાર લાગે એટલે કંટાળો કે ઉપેક્ષા પણ થાય. જો ગોચરીમાં વાપર્યા પછી માત્ર ત્યાં થોડી જ જગ્યામાં લુંછણિયું ઘસવાનું હોય કે દાળ-શાકનો ડાઘો ઘસવાનો હોય તો લુંછણિયાના છેડાનો થોડોક ભાગ બરાબર જોઈ લઈ એ જ ભાગ જુદો પકડી એના દ્વારા નીચે દાળ-શાકનો ડાઘ ઘસીને કાઢી શકાય. એ વખતે આખું લુંછણિયું જોવાની જરૂર ન પડે.

પણ કાપ વગેરેમાં ઘણું ઢોળાયેલું પાણી સાફ કરવાનું હોય ત્યારે તો આખું લુંછણિયું બરાબર જોવું જ પડે.

લુંછણિયાથી પાણી વગેરે લુંછ્યા બાદ એ લુંછણિયું ખુલ્લુ કરી સુકવી દેવું. તથા ગોચરી માંડલીમાં વપરાયેલ લુંછણિયાનો સાંજ પહેલા કાપ નીકળવો જરૂરી છે. નહિ તો રાત્રિભોજનનો અતિચાર લાગે.

**<u>૧૪૦. હું ઉંઘતી વખતે માથા નીચે વીંટીયો વગેરે કોઈપણ વસ્તુ રાખીશ નહિ :</u>**

ડાબા પડખે સુતી વખતે ડાબા હાથને જ ઓશીકું બનાવીને ઉંઘવામાં જિનાજ્ઞાભંગ થતો નથી. પણ કેટલાંકોને ગૃહસ્થપણાની ટેવ હોય કે માથા નીચે ઓશીકું રાખીને જ ઊંઘે, ઓશીકા વિના ઉંઘ ન આવે તો તેવા સંયમીઓ અહીં ઓશીકાને બદલે થાબડો, વીંટીયો, જાડી કામળી વગેરે રાખીને એના ઉપર માથું રાખીને ઉંઘે.

આમાં સુખશીલતા તો પોષાય જ છે, ઉપરાંત આ બધી વધારાની ઉપધિઓ રાખવાથી નકામો પરિગ્રહ ઘણો વધી જાય. હા ! આચાર્ય ભગવંતો વગેરે મહાપુરુષો વીંટીયો વાપરે તો હજી બરાબર. પણ બાકીનાઓએ એ વીંટીયા વગેરેનો વપરાશ ન કરાય.

લોચ કર્યા બાદ પાંચ-સાત દિવસ મસ્તક સીધું જમીન પર રાખીને કે હાથ ઉપર રાખીને સુવું પણ જો કઠિન પડે તો પછી અપવાદ માર્ગે માત્ર લોચ બાદ પાંચ-સાત દિવસ સુધી ઓશીકાનું કામ કરનાર વીંટીયો, કામળી વગેરે વસ્તુ વાપરી શકાય. પણ એ સિવાય માત્ર સુખશીલતા માટે, સારી ઉંઘ લાવવા માટે તો વીંટીયા વગેરેને મસ્તક નીચે રાખીને ન જ ઉંઘાય.

**<u>૧૪૧. હું લાઈટમાં કે એની પ્રભામાં વાંચન-લેખન કરીશ નહિ :</u>**

પ્રાચીનકાળમાં સંયમીઓ દિવસ દરમ્યાન ખૂબ શાસ્ત્રાભ્યાસ કરતા અને રાત્રે એ બધાનું પુનરાવર્તન વગેરે કરવા દ્વારા દૃઢ કરતા. એમ કહેવાનું મન થાય કે સૂર્ય ઉગે છે, તે પણ સંયમીઓ માટે હિતકારી છે, અને સૂર્ય અસ્ત પામે છે એ પણ સંયમીઓ માટે અત્યંત હિતકારી છે. જો સૂર્ય કાયમ ઉદયમાં રહેતો હોત, તો સંયમીઓ સતત નવું નવું ભણ્યા જ કરત અને જુનું ભણેલું પુનરાવર્તન ન કરત. પણ સૂર્યાસ્ત બાદ નવું ભણવું શક્ય ન બને એટલે દિવસનું ભણેલું પુનરાવર્તન થાય. આમ એ

બધા પદાર્થો દૃઢ થાય.

એટલે સૂર્યાસ્ત બાદ પુનરાવર્તન રૂપ સ્વાધ્યાય કરવો. લાઈટના પ્રકાશમાં કે તેની છાયામાં પુસ્તકો વાંચવા, પ્રતો વાંચવી એ આજ્ઞાવિરુદ્ધ છે. કેમકે એ લાઈટ વગેરેમાં તેજસ્કાયની વિરાધના પુષ્કળ છે. એમાં ય બલ્બ વગેરેની સચિત્ત ઉર્જાઈમાં વાંચન-લેખન કરીએ તો તો સાક્ષાત્ તેજસ્કાયની વિરાધના થાય. અને ઉર્જાઈની પ્રભા વગેરેમાં વાંચીએ તો સાક્ષાત વિરાધના ન થાય તો ય એ તેજસ કાય ઉપર જ ચાલતી લાઈટ વગેરેની એમાં અનુમોદના પડેલી હોવાથી અનુમોદનાનો દોષ તો લાગે જ. એ લાઈટ અચાનક બંધ થઈ જાય તો સંયમીને ખેદ થાય. "ચાલુ હોત તો આ વંચાઈ જાત." એવી ઈચ્છા થાય. એ લાઈટ પાછી આવે તો આનંદ થાય. આ બધામાં તેજસકાયની વિરાધનાની અનુમોદનાનો દોષ સ્પષ્ટ રીતે લાગી જાય છે માટે જ બલ્બ કે ટ્યુબલાઈટના પ્રકાશમાં કે એની છાયામાં પુસ્તક-પ્રત વગેરે કોઈપણ વાંચન કરવું ન જોઈએ.

આજે ઘણા સંયમીઓ એવા કટ્ટર છે કે ઉર્જાઈની પ્રભામાં નાનકડી ચબરખી પણ વાંચવા તૈયાર નથી. ગમે તેવી ટપાલ આવી હોય તો ય તેઓ સૂર્યપ્રકાશમાં કે છેવટે ચંદ્રપ્રકાશમાં જ વાંચે છે.

ભણવાની ધગશ એવી તો ન જ હોવી જોઈએ કે જેમાં ચારિત્રને હાનિ પહોંચે. વધુ ભણી-ગણી લેવા માટે ટ્યુબલાઈટની પ્રભા વગેરેનો ઉપયોગ કરવામાં મોટી મુશ્કેલીઓ એ છે કે આ પડતા ખોટા સંસ્કારો આવતી કાલે નિષ્કારણ પણ ઉર્જાઈનો ઉપયોગ કરતા કરી દેશે. અનવસ્થાનો વિચાર કરવો ખૂબ જરૂરી છે. કદાચ કો'ક સંયમી સારા આશયથી એ ઉર્જાઈ કે પ્રભાનો ઉપયોગ કરે પણ એને જોઈને બીજા બધા સંયમીઓ ખોટા સંસ્કાર જ પામવાના. તેઓ તો કારણ-અકારણ જોયા વિના ઉર્જાઈ-ટ્યુબલાઈટનો પ્રયોગ કરવાના.

૧૪૪૪ ગ્રન્થના રચયિતા, ઉત્સર્ગ-અપવાદના જ્ઞાતા હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રંથોની રચના જેવા અતિમહાન, જિનશાસનના શ્રેષ્ઠકાર્યને કરવા માટે પણ દીવો કરવા વગેરે વિરાધનાઓનો ધરાર ઈન્કાર જ કર્યો. અચિત્તપ્રકાશવાળા રત્ન દ્વારા જ એમણે ગ્રન્થનિર્માણ કર્યું. પણ "અપવાદ માર્ગે આટલા બધા ગ્રંથો લખવા હોય તો દીપક પ્રગટાવીને એના પ્રકાશનો પણ ઉપયોગ કરી શકાય." આવો વિચાર તેઓએ નથી કર્યો.

અત્યારના કોઈપણ સંયમીના શાસનપ્રભાવનાદિના કોઈપણ કાર્યો એ હરિભદ્રસૂરિજીના ૧૪૪૪ ગ્રન્થની રચનાના કાર્ય કરતા વધારે મહાન તો દેખાતા નથી જ. તો પછી તે સંયમીઓ શી રીતે ઉર્જાઈનો, પ્રભાદિનો ઉપયોગ કરી શકે ?

આમ છતાં કોઈકને આ બાબતમાં છૂટ જોઈતી હોય તો તે સંયમીને મહાસંવિગ્ન, મહાગીતાર્થ મહાપુરુષની સંમતિ, સલાહ લેવાની ખાસ ભલામણ છે.

<u>૧૪૨. હું જેટલા મેડીકલ રિપોર્ટ કઢાવું એટલા આયંબિલ અથવા એના કરતા બમણા બે દ્રવ્યના એકાસણા કરીશ :</u>

ઈલેક્ટ્રીકની શોધથી વિશ્વનો ભૌતિક વિકાસ ભલે ઘણો થયો હોય પણ ઈલેક્ટ્રીક પાછળની વિરાધનાઓએ સંયમીઓના સંયમને ઘણા ફટકા મારી દીધા છે. આજે ડગલે ને પગલે કેટલાંક સંયમીઓ

ઈલેક્ટ્રીકના સાધનોનો સાક્ષાત કે પરંપરાએ ઉપયોગ કરી રહ્યા છે. જરાક તાવ આવે એટલે બ્લડરિપોર્ટ (લોહીતપાસ) કરાવાય. એમ એક્સ-રે કઢાવવા, સોનોગ્રાફી કરાવવી વગેરે વગેરે અનેક યાંત્રિક વિરાધનાઓ કેટલાંક સંયમીઓ હિચકિચાટ વિના કરાવે છે.

માત્ર ૫૦-૬૦ વર્ષ પહેલાના મહાપુરુષો કેવા કટ્ટર સંયમી હતા ! નમસ્કાર મહામંત્રના આરાધક પંન્યાસજી મ.ને આરોગ્ય ઘણું બગડતા લોહી-તપાસ કરાવવાની ફરજ પડી તો તેમણે ડોક્ટરને સાફ કહી દીધું કે "મારે મારું લોહી ૪૮ મિનિટમાં જ પાછું જોઈએ, એ રીતે તમે પાછું આપવાના હો તો જ હું રિપોર્ટ કઢાવવા દઉં. બાકી એ લોહી તમે ગમે ત્યાં નાંખી દો અને સંમૂર્ચ્છિમની વિરાધના થાય એ મને બિલકુલ માન્ય નથી." અને જ્યારે ડોક્ટરે ૪૮ મિનિટમાં જ લોહી આપી દેવાની બાંહેધરી આપી, ત્યારે એ મહાપુરુષે લોહી-તપાસ કરવા દીધી.

આ સાંભળ્યા પછી જો આપણે સાવ નાનકડી બિમારીમાં ઝટ બ્લડ રીપોર્ટ કરાવીએ, એક્સ-રે કરાવીએ એ શું શોભાસ્પદ છે ? થોડાક દિવસ બીજી-ત્રીજી દવાઓ કરવા છતાં રોગ ન જાય, તો પછી ના-છૂટકે એ રિપોર્ટ કઢાવીએ તો હજી સાપેક્ષ પરિણામ કહેવાય.

આજે કેટલાંક સંયમીઓ એવા દેખાય છે કે મહિનામાં એક-બે રિપોર્ટ તો એમને નીકળી જ જાય. જરાક પીઠમાં દુ:ખાવો થાય તો ય એક્સ-રે કઢાવે. જરાક આંખમાં દુ:ખાવો થાય કે તરત આંખના ડોક્ટરને બતાવે. જરાક દાંતમાં કળતર થાય કે તરત દાંતના ડોક્ટરને બતાવે. શ્રીસંઘ તો સંયમી પ્રત્યેના ભક્તિભાવથી પૈસા ખર્ચવામાં કોઈ કમી રાખતો નથી. પણ આ બધા રિપોર્ટો કઢાવવામાં જે ઘોર વિરાધના થાય એનું શું ?

(૧) ડોક્ટરો પુરુષ હોય તો સાધ્વીજીઓને વિજાતીય સ્પર્શાદિ મોટા દોષો લાગે. (૨) દાંતની તપાસમાં સચિત્તપાણી વગેરેનો વપરાશ લગભગ થતો હોય છે. ડોક્ટરો સચિત્તપાણી કે તે વાળા સાધનો મોઢામાં નાંખતા હોય છે. છેલ્લે હાથ તો સચિત્તપાણીથી જ ધોતા હોય છે. (૩) તેજસ્કાયથી ચાલતા યંત્રોનો એમાં ઉપયોગ થાય જ એટલે એની વિરાધના પણ આપણા ખાતે લખાય. (૪) આજે કેટલીક જગ્યાએ એવું જોવા મળ્યું છે કે જૈન ડોક્ટરો સાધુ-સાધ્વીજીઓથી દૂર ભાગે છે. કેમકે સાધુ-સાધ્વીજીઓ જૈન ડોક્ટરો પાસે જાત-જાતના રિપોર્ટો કઢાવે, તપાસો કરાવડાવે, ઉપાશ્રયમાં જ તપાસ કરવા બોલાવે અને ડોક્ટરો જૈન હોવાથી પૈસા માંગતા શરમાય આ બધી રોજની મુશ્કેલીથી બચવા તેઓ જૈન સાધુ-સાધ્વીજીઓથી દૂર ભાગે છે. આ આપણી છાપ કેવી કહેવાય ?

જો ઉપરનો નિયમ લેવામાં આવે તો ઝટઝટ જે રિપોર્ટો, તપાસો કરાવાય છે એ બધું અટકી જાય. ના-છૂટકાના રિપોર્ટ જ કઢાવાય. અને એમાં પણ આ શિક્ષા તો ભોગવવાની જ હોય એટલે નિષ્ઠુરતાનો પ્રવેશ ન થાય.જ્યારે એમ લાગે કે "હવે રિપોર્ટ કઢાવ્યા વિના નહિ જ ચાલે." ત્યારે જ પછી સંયમી રિપોર્ટ કઢાવે.

જો આ બાધા ન હોય તો પછી બિનજરૂરિયાતના રિપોર્ટો પણ નીકળ્યા જ કરે. નિષ્ઠુરતાનો પ્રવેશ થવાથી ગુણસ્થાન જાય એ નુકસાન વધારાનું !

હા ! માત્ર વૈદ્ય પાસે નાડી-તપાસ કરાવીએ તો એમાં ઉપરનો નિયમ લાગુ ન પડે. જ્યાં

ઈલેક્ટ્રીકથી ચાલતા કોઈપણ સાધનનો વપરાશ થાય ત્યાં (ડોક્ટરી તપાસ વગેરેમાં) આ નિયમ લાગુ પાડવો. આ નિયમ જો અઘરો લાગે તો પછી સંયમીઓ પોત-પોતાની રીતે બીજી શિક્ષાઓ પણ ધારી શકે છે. (બ્લડપ્રેશર માપવામાં પણ આ નિયમ સમજી લેવો).

<u>૧૪૩. જો મને સ્થંડિલમાં કરમિયા નીકળશે તો એના ઉપર ૪૮ મિનિટ સુધી તડકો ન પડે એમ કરીશ :</u>

જેઓ બહાર નિર્દોષ ભૂમિમાં સ્થંડિલ જતા હોય તેઓને આ નિયમ વધારે લાગુ પડે. કરમિયા એ નહિ પચેલા ખોરાકમાં ઉત્પન્ન થતા જીવો છે. જેને ખાધેલો ખોરાક ન પચે, અજીર્ણ થાય તેને એ પેટમાં પડેલા ખોરાકમાં આ જીવો ઉત્પન્ન થતા હોય છે. કેટલાંકો વળી એમ પણ કહે છે કે 'ગંદા-મેલા હાથ ધોયા વિના ભોજન કરીએ તો એ મેલ પેટમાં જાય અને એનાથી પણ કરમિયાં થાય, માટે વાપરતા પહેલા હાથ બરાબર ધોઈ લેવા જોઈએ."

અહીં તો એટલી જ વાત છે કે "જો આ કરમિયા પડતા હોય તો એ અંગે શાસ્ત્રાજ્ઞા શું છે ?"

(૭૯)એ કરમિયાના જીવો ઉપર સૂર્યનો તડકો પડે તો એમને કિલામણા થાય માટે એ કરમિયા ઉપર સૂર્યનો તાપ ન પડે એની કાળજી કરવાની છે. જેઓ વહેલી સવારે કે મોડી સાંજે ઠલ્લે જતા હોય તેઓને તો સૂર્ય-તાપનો પ્રશ્ન જ નડતો નથી. પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમ્યાન સ્થંડિલ જનારાઓને જો કરમિયા પડતા હોય, તો તેઓએ છાંયડાવાળા સ્થાનમાં જ સ્થંડિલ બેસવું. એ છાંયડો ઓછામાં ઓછો ૪૮ મિનિટ તો એ સ્થંડિલ પર રહેવો જ જોઈએ. બાકી પાંચ-દશ મિનિટમાં જ સૂર્યભ્રમણને લીધે તેના ઉપર તાપ આવી જાય તો એ ન ચાલે. એટલે સ્થંડિલ ગયા બાદ જે જગ્યાએ ૪૮ મિનિટ સુધી તડકો ન આવવાનો હોય તે જ જગ્યાએ સ્થંડિલ બેસવું.

જો એવી છાંયડાવાળી જગ્યા ન મળે તો પ્રાચીન મહામુનિઓ તો ૪૮ મિનિટ સુધી ત્યાં ઉભા રહેતા, પોતાના શરીરનો છાંયડો એ કરમિયાઓને આપીને એમને દુ:ખ ન પડવા દેતા. કેવો અદ્‌ભુત જીવદયાનો પરિણામ !

પણ આજે આ રીતે ૪૮ મિનિટ સુધી શરીરનો છાંયડો આપવા જેવો જીવદયા પરિણામ કે શારીરિક ક્ષમતા પ્રાય: દેખાતી નથી.

તો આવા સંયમીઓએ જે જુના વસ્ત્રો પરઠવી દેવાના હોય એના નાના-નાના ટુકડાઓ પાસે રાખવા જોઈએ. અને સ્થંડિલ જતી વખતે એક ટુકડો સાથે લેતા જવું. એ કરમિયાવાળા સ્થંડિલ ઉપર ઢાંકી દેવો. એક લુંછણિયામાંથી ૨૫-૩૦ આવા ટુકડાઓ થાય.

ધારો કે એવા ટુકડા લીધા વિના જ સ્થંડિલ ગયા અને અણધાર્યા કરમિયા નીકળે તો પ્રાય: આવી સ્થંડિલની જગ્યાએ આસપાસ ફાટેલા વસ્ત્રોના ટુકડાઓ કે એકદમ સુકાઈ ગયેલા પાંદડા પડેલા હોય છે. **"અણુજાણહ જસ્સુગહો"** બોલી એ વસ્ત્ર કે સંપૂર્ણ સુકાઈ ગયેલા પાંદડાનો ટુકડો લઈને એ સ્થંડિલ ઉપર ઢાંકી શકાય. અથવા સૂર્યનો પ્રકાશ કરમિયા ઉપર ન પડે એ રીતે જો પત્થર આડશ તરીકે મૂકી શકાતો હોય તો છેવટે એ પણ ચાલે. પણ કંઈપણ ઢાંક્યા વિના એ કરમિયાઓને તડકામાં તપવા દેવા એ તો જીવદયાના પરિણામની ખામી સૂચવે છે.

સ્થંડિલ ઉપર પ્લાસ્ટીકની કોથળી વગેરે ન ઢંકાય, કેમકે એ તાપ રોકનાર નથી. એ તો કદાચ તાપ વધારી દે.

જેઓ પ્યાલામાં રાખમાં સ્થંડિલ જાય અને કરમિયા નીકળે તેમણે જો એ પ્યાલો બહાર પરઠવાનો હોય તો પણ અડધો કલાક બાદ પરઠવવો. એ સ્થંડિલની ઉપર રાખ ન નાંખવી. એટલા કાળમાં લગભગ કરમિયાઓ સ્વયં મૃત્યુ પામે. (મૃત્યુ ન પામે તો ય ૪૮ મિનિટ પછી સંમૂર્છિમની વિરાધનાનો પ્રશ્ન ઉભો થાય એટલે તે પૂર્વે જ એનું વિસર્જન કરવું આવશ્યક છે.) જો સ્થંડિલના કરમિયા ઉપર રાખ પડે તો સ્વભાવથી જ ગરમ રાખ કરમિયાને કિલામણા કરે જ. માટે ઉપર રાખ ન નાંખવી.

જેઓ પ્યાલામાં પાણીમાં સ્થંડિલ જાય એમણે પણ ૩૦-૪૦ મિનિટ બાદ એ પ્યાલો પરઠવવો.

જો રાખવાળો પ્યાલો વાડામાં જ મૂકવાનો હોય તો ૩૦-૪૦ મિનિટ બાદ (અને ૪૮ મિનિટ પૂર્વે) એ સ્થંડિલ ઉપર રાખ નાંખવી પડે. જો રાખ ન નાંખીએ તો વાડા સાફ કરનાર ભંગી ખુલ્લુ સ્થંડિલ જોઈને દુગંછાદિ કરે એ શક્ય છે. એટલે વાડામાં પ્યાલો મૂકવાનો હોય તો ઉપર રાખ નાંખવી જ પડે.

આ બધી ઝીણી ઝીણી કાળજીઓ તે જ કરી શકશે જેનામાં સાચા સંયમ પરિણામો પ્રગટ્યા હશે. જેમને જીવદયાનો પરિણામ નહિ હોય, કરમિયાના જીવો પ્રત્યે સહાનુભૂતિ નહિ હોય તેઓ આ બધી વાતોને નકામી જ ગણશે. ખૂબ જ અપ્રમત્તતાની અપેક્ષા રાખતી આ જિનાજ્ઞાઓ પ્રમાદમાં ખૂંપેલાઓ માટે ઘણી જ દુષ્કર થઈ પડશે.

<u>૧૪૪. મારા કોઈપણ વસ્ત્રો સુકાઈ જતાની સાથે જ "એનો છેડો પણ ઉડ્યા ન કરે" એની કાળજી કરીશ :</u>

વસ્ત્રો ભીના હોય તો એને દોરી ઉપર સૂકવવા જ પડે. પણ જ્યાં પુષ્કળ પવન આવતો હોય તેવા સ્થાન પર વસ્ત્રો ન સુકવવા. જ્યાં મંદ પવન આવતો હોય ત્યાં વસ્ત્રો સુકવવા. પુષ્કળ પવનમાં વસ્ત્રો ઘણા વધારે ઉડે અને વાયુકાયની વિરાધના ઘણી થાય. જ્યારે મંદ પવનમાં વસ્ત્રો સુકાઈ પણ જાય અને વાયુકાયની વિરાધના ખૂબ-ખૂબ ઓછી થાય.

પણ ઘણીવાર એવું જોવા મળે છે કે સંયમીઓ વસ્ત્રો સુકવી દીધા બાદ અડધો-એક-બે કલાકે પણ વસ્ત્રો ઉતારતા નથી. પાંચ-દસ કે પંદર મિનિટમાં તો પ્રાયઃ વસ્ત્ર સુકાઈ જાય. એ પછી એના દ્વારા જે કંઈપણ વાયુની વિરાધના થાય એ નકામી થાય. કાળજી તો એવી કરવી જોઈએ કે પંદરમી મિનિટે વસ્ત્ર સુકાય કે સોળમી મિનિટ પુરી થતા પહેલા વસ્ત્ર ઉતરી જ જાય. એ વાયુના જીવોની નિરર્થક વિરાધના થવા જ કેમ દેવાય ?

ક્યારેક તો સંયમીઓ રાત્રે ઊંઘતી વખતે વસ્ત્રો સુકવે કે છેક સવારે એ વસ્ત્રો ઉતારે, આખી રાત પવનમાં એ વસ્ત્રો ઉડ્યા જ કરે. વાયુકાયની પુષ્કળ વિરાધના થાય. જેમ ગૃહસ્થો પંખો ચલાવે એ ભયંકર પાપ છે, એમ સંયમીઓ વસ્ત્રોને નકામા ઉડવા દે એ પણ ભયંકર પાપ છે.

આજે એવા ય મહાસંયમીઓ છે કે તેઓ ઝોળી બાંધ્યા બાદ એના છેડાઓ થોડાક પણ ન ઉડે એ માટે ઝોળીની દોરીમાં જ એ છેડાઓ બરાબર ભેરવી દેતા હોય છે. એમ વસ્ત્રો સુકવવા બાંધેલી દોરીનો વધેલો છેડો લટકતો હોય અને પવનથી હલતો હોય તો પણ તે દોરીને વીંટી લઈને લેશપણ ન

હલવા દઈ વાયુવિરાધના અટકાવનારા સંયમીઓ પણ છે. વિહારમાં કામળી કપડાનો છેડો લટકેલો રહીને ઉડ્યા કરે તો એને બરાબર વ્યવસ્થિત કરીને બિલકુલ ઉડવા ન દેનારા સંયમીઓ પણ છે.

આમ આજે પણ સંયમના જીવંત આદર્શો વિદ્યમાન તો છે જ. એને નજર સામે લાવીને આપણે પણ એ જ પ્રમાણે જીવન જીવીએ.

ગોચરીનું લુણું પાણીમાં ધોઈને સુકવ્યા બાદ તેને તરત ઉતારી દેવાની કાળજી પણ ખાસ કરવી જોઈએ.

**<u>૧૪૫. હું મારા પુસ્તકો, નોટો વગેરેના કાગળો પવનથી ઉડ્યા ન કરે એની પુરતી કાળજી રાખીશ :</u>**

ટેબલ ઉપર પુસ્તકો, નોટો મૂકીને સંયમી ઠલ્લે જાય, ગોચરી વાપરવા જાય અને બીજી બાજુ પવનની ઝાપટથી પુસ્તકના પાનાઓ કલાકો સુધી ઉડ્યા જ કરે. એકવાર તો એક સંયમીના પ્રતના અનેક પાનાઓ ઊડી ગયા, ઉપાશ્રયની બહાર જઈ પડ્યા. કેટલાક ખોવાઈ ગયા. કેટલાંક પાણીમાં પડીને તદ્દન ભીના થઈને ફાટી ગયા. આખી પ્રતના ટુકડા થયા. આવું જો અતિમહત્ત્વની હસ્તલિખિત પ્રત માટે કે નવા લખેલા મહત્ત્વના લખાણ માટે થાય તો ? કેટલું બધું ગુમાવવું પડે ?

માટે જ પુસ્તકો એવી જગ્યાએ જ રાખવા કે પવનથી એ લેશ પણ ઉડે નહિ. અને જો પવનવાળા સ્થાનમાં જ પુસ્તકો પડ્યા હોય તો પછી પુસ્તક ઉપર ભારે વસ્તુ મૂકી દેવી જેથી પાનાઓ ન ઉડે.

મંદ પવન હોય તો જો એ પવન પૂર્વદિશામાંથી આવતો હોય તો પુસ્તક પશ્ચિમદિશાભિમુખ મૂકી શકાય. જેથી વજનદાર વસ્તુ વિના પણ એ ન ઉડે. જો પુસ્તક પૂર્વાભિમુખ હોય અને પૂર્વમાંથી જ પવન આવતો હોય તો એનું પૂઠું અને પાના ખોલ-બંધ થયા જ કરે. પણ આ બધું મંદ પવન હોય ત્યારે જ સમજવું. બાકી તો વજનદાર વસ્તુ ઉપર મૂકવી જ પડે. એ વિના ન ચાલે.

**<u>૧૪૬. માંડલી વ્યવસ્થાપક મને જે કામ સોંપે એમાં હું કદિ ના નહિ પાડું, શારીરિક મુશ્કેલી હશે તો પણ સ્પષ્ટ ના નહિ જ પાડું :</u>**

સંયમીઓમાં પરસ્પર સંક્લેશનું વાતાવરણ ઉભું થતું હોય તો એનાં અનેક કારણોમાં એક અગત્યનું કારણ એ છે કે **"માંડલીના પોતાને યોગ્ય કામ કરવામાં આળસ-પ્રમાદ-ઉપેક્ષા કરવી."** કેટલાંક સંયમીઓ અમુક કામ કરવામાં ખૂબ જ આળસુ, રસહીન હોય છે. દા.ત. કેટલાંક સંયમીઓ કદિ પાણીના ઘડા લાવે જ નહિ. એ કામ એમને નાનું, હલકું, શરમજનક લાગે. ગોચરી વગેરે કામો એમને ખૂબ સારા લાગે.

હવે જો આ રીતે સંયમીઓ પાણી લાવવાની ના પાડી દે તો પછી માંડલીનું પાણી કોણ લાવે? જે એક-બે સેવાભાવી સંયમીઓ હોય એમના ઉપર બધો બોજો આવે. અને આ રીતે પોતાના ઉપર વધારે બોજો આવવાથી એમના પણ ભક્તિભાવો ખતમ થઈ જાય.

એમ ઉનાળામાં કેટલાંક સંયમીઓ બપોરે ગોચરી જવા તૈયાર ન થાય. ત્યારે તેઓ આંબિલ ખાતેથી ઘડાઓ ભરીને ઉપાશ્રયમાં મૂકી દેવાનું જ કામ કરે.

કેટલાંકો વળી એકે ય કામ ન કરે. એમાં જ્યારે સંયમીઓ ઓછા હોય અથવા તો બે-ત્રણ

સંયમીઓ ગ્લાન હોવાથી એમના માંડલીના કાર્યો બીજાએ કરવાના હોય ત્યારે બાકીના સંયમીઓએ બે-ત્રણ કામ કરવાની તૈયારી રાખવી જ પડે. પણ એ વખતે પણ કેટલાંકો એક કામ કરીને સંતોષ માની લેતા હોય છે. દા.ત. ત્રણ સાધુઓમાં એક ઘરડા સાધુ સાંજનું પાણી કાઢતા હોય અને ત્યારે વડીલ સાધુ કહે કે "હું તો માત્ર લુણાં કાઢવાનું (ધોવાનું) કામ કરીશ." તો બાકી રહેલા એક સંયમીએ બે ટાઈમનું પાણી, બે કે ત્રણ ટાઈમની ગોચરી વગેરે કેટલા બધા કાર્યો કરવા પડે ?

એટલે એક જ કાર્ય કરવાની ટેવ યોગ્ય નથી. પ્રત્યેક સંયમીએ વિચારવું જોઈએ કે "અત્યારે ગ્રુપમાં જેટલા સાધુઓ છે અને જે રીતની પરિસ્થિતિ છે, તે પ્રમાણે મારે કેટલાં કામો, કયા કામો કરવા જોઈએ ?" અને એ પ્રમાણે તે તે કાર્યો કરવા જ જોઈએ.

જો સંયમીઓ માંડલીના કામો ન કરે, ઓછા કરે, અણગમાથી કરે તો વ્યવસ્થાપક મુંઝવાઈ જાય. વ્યવસ્થા ખોરંભાઈ જાય. પરસ્પર સંક્લેશનું વાતાવરણ સાવ નાનકડી બાબતોના કારણે ઊભું થાય. અણબનાવો અને અબોલા થાય.

જો આપણે આજે સંયમજીવનને બદલે સંસારમાં હોત તો દિવસમાં કેટલા કામો કરતા હોત ? આઠથી દસ કલાક સખત કામ કરતા હોત, અને સંયમજીવનમાં આખા દિવસ દરમ્યાન એક કલાક પણ કામ કરવાની તૈયારી ન રાખીએ તો એ શી રીતે ચાલે ? સંસારના કામો તો પ્રત્યેક સમયે પાપકર્મ બંધાવનારા હતા, જ્યારે આ સંયમજીવનના કાર્યો પ્રત્યેક સમયે પ્રચંડ કર્મક્ષય કરાવનારા છે. તો પછી શા માટે આ કાર્યોમાં ઉત્સાહ ન જાગવો જોઈએ ?

એક મુનિરાજ પંન્યાસપદવી હોવા છતાં, ૩૦ વર્ષ જેટલો દીર્ઘ દીક્ષાપર્યાય હોવા છતાં, ઘણું ભણેલા હોવા છતાં પાણીના ઘડાઓ લાવવાથી માંડીને માંડલીના કોઈપણ કામો કરવા માટે આજે પણ તૈયાર છે.

એક મુનિરાજ ભર ઉનાળામાં ૨૫-૩૦ સાધુઓને ઠંડુ પાણી વપરાવવા માટે રોજ પોતે એકલા જાતે જ ૧૦ ઘડા પાણી લાવતા, ઠારતા અને ગાળતા.

એક જ દિવસમાં ૪૦ ઘડા પાણી લાવીને ગચ્છભક્તિ કરનારા મહાત્માઓ આજે પણ વિદ્યમાન છે.

બે-ત્રણ કલાક ગોચરી માટે ભમીને ભર-ઉનાળામાં બે-બે ઝોળીઓ ભરીને માંડલીની ભક્તિ કરનારા સાધુઓ પણ આજે દૃષ્ટિગોચર થાય છે.

ભલે એવા ભક્તિભાવ ન ઉછળે, પણ ઔચિત્યનો ભંગ તો ન જ થવો જોઈએ ને ? એકવાર હજી ભક્તિ ન કરો તો ચાલે પણ ઔચિત્યસેવન તો કરવું જ પડે. અને ઔચિત્યસેવન એ છે કે માંડલીની વ્યવસ્થામાં બધી રીતે સહાયક થવું. કોઈપણ કામ કરવા માટે સદા તત્પર રહેવું. વ્યવસ્થાપકને આપણા માટે વિશ્વાસ હોવો જોઈએ કે "આને સંકટ સમયે કોઈપણ કામ સોંપીશ તો એ કરશે જ. એ કદિ મને ના નહિ પાડે."

હા ! માંદગીના કારણે કે તેવા પ્રકારના રોગોના કારણે તે તે કામ થઈ શકે તેમ ન હોય તો પણ

ઘસીને સ્પષ્ટ ના તો ન જ પાડવી. પણ વિનંતિ કરવી કે, "આ કામ હું અવશ્ય કરત જ. પણ મને આ તકલીફ છે. આપ યોગ્ય ગોઠવણ કરી આપશો ?" વિનયપૂર્વક બોલાયેલી આ ભાષામાં ગર્ભિત રીતે 'ના' હોવા છતાં લેશ પણ સંક્લેશનું વાતાવરણ નહિ થાય.

બીજી બાજુ વ્યવસ્થાપકની પણ ફરજ છે કે કાર્યની વહેંચણી ન્યાયપૂર્વક કરે. અમુક સંયમીઓને બિલકુલ કાર્ય ન સોંપવું અથવા ખૂબ જ ઓછું સોંપવું અને બીજા સંયમીઓને પુષ્કળ કામ સોંપવું, એમાં સારા સંયમીઓને પણ સંક્લેશ થવામાં નિમિત્ત બનાય છે.

એવું અનુભવાય છે કે બીજા સંયમીઓને આઠ-આઠ ઘડા પાણી લાવવાનું કહ્યું હોય અને આપણને છ ઘડા પાણી લાવવાનું કહ્યું હોય તો એ કામ અઘરું નથી લાગતું. "બધાને આઠ ઘડા આપ્યા છે" એ ભાન જાતને છ ઘડા લાવવા માટે ઉત્સાહિત કરી દે છે. પણ જો બીજાઓને બે/ચાર ઘડા લાવવાના સોંપ્યા હોય અને આપણને છ ઘડા સોંપ્યા હોય તો ત્યારે મનમાં વિકલ્પો જાગે છે. વ્યવસ્થાપક પક્ષપાતી હોવાના વિચારો જાગે છે.

એટલે કામ વધારે-ઓછું કરવું પડે એ કરતાંય અન્યાય થતો દેખાય ત્યારે સંયમીઓનું મન બગડે છે. ખરેખર તો સંયમીએ વધારે કામ મળે તો એને પણ ભક્તિ સમજી સ્વીકારી જ લેવું જોઈએ. પણ એવી વિશિષ્ટતમ પરિણતિ બધાની ન જ હોય એટલે વ્યવસ્થાપકે જ માંડલીના કાર્યોમાં ભુલથી પણ અન્યાય ન થાય એની ખૂબ જ કાળજી રાખવી.

**<u>૧૪૭. હું દર પંદર દિવસે પાક્ષિક અતિચાર, પક્ખિસૂત્ર, અજિતશાંતિ, મોટી શાંતિ, સકલાર્હતુનો પાઠ કરીશ :</u>**

નાના સંયમીઓને સકલાર્હત્ બોલવાનો અવસર ભાગ્યે જ આવે. ઘણીવાર તો એવું બને કે દીક્ષા લીધા બાદ ચાર-પાંચ વર્ષ થાય તો ય સકલાર્હત્ બોલવાનો અવસર ન આવ્યો હોય. પક્ખિ પ્રતિક્રમણમાં વડીલ સકલાર્હત્ બોલે ત્યારે ય શ્રોતાઓનો એવો એકાગ્ર ઉપયોગ હોતો નથી. એટલે ધીમે ધીમે સકલાર્હત્ ભૂલી જવાય. અને પછી જ્યારે અચાનક એ સ્તોત્ર બોલવાનો અવસર આવે ત્યારે મુંઝવણ થાય. જીભ થોથવાય. એમ ક્યારેક એકલા પ્રતિક્રમણ કરવાનો અવસર આવે ત્યારે પણ સકલાર્હત્ કાચું થઈ ગયું હોવાથી મુંઝવણ થાય. પછી ભુલો ભરેલું સકલાર્હત્ બોલવું પડે. એમાં કેટલા બધા દોષ લાગે ?

એમ પાક્ષિક અતિચાર અને પક્ખિસૂત્ર બોલવાનો અવસર પણ કેટલાંક સંયમીઓને વર્ષો સુધી આવતો નથી. અને છેવટે તેઓના આ બધા સૂત્રો કાચા થઈ જાય છે. એકવાર ચૌદશે સાંજે ઘણો લાંબો વિહાર કર્યા બાદ એક ગુરુએ શિષ્યોને કહી દીધું કે, "બધા મનમાં જ પ્રતિક્રમણ કરી લો" ત્યારે કેટલાંક શિષ્યો મુંઝાયા. એમણે ગુરુને કહ્યું કે, "અમને અતિચાર અને પક્ખિસૂત્ર પાકા નથી આવડતા." ગુરુએ સખત ઠપકો આપ્યો. ૧૫-૨૦ વર્ષના દીક્ષાપર્યાય બાદ શ્રમણજીવનના પાયાના સૂત્રો પણ જો ન આવડે, કાચા રહે તો તો હદ થઈ ગઈ !

આવા સંયમીઓને માંડલીમાં અચાનક કોઈ વડીલ આદેશ આપી દે તો તેઓ ગભરાઈ જાય અને છેવટે ના પણ પાડી દે.

ટૂંક સાર એ જ છે કે આ બધા સૂત્રો દર પંદર દિવસે પક્ખિ પ્રતિક્રમણમાં બોલવાના આવે છે અને એ બોલવાનો અવસર કોઈકને જ મળતો હોય છે. જેઓ ખૂબ ઝડપથી બોલતા હોય, સામાન્યથી એમને જ પક્ખિસૂત્ર વગેરેનો આદેશ અપાય છે. એટલે બાકીના સંયમીઓએ (૧) ક્યારેક એકલા પક્ખિપ્રતિક્રમણ કરવું પડે તોય ભુલો વિનાનું શુદ્ધ પ્રતિક્રમણ કરી શકાય તે માટે (૨) ગમે ત્યારે માંડલીમાં આદેશ મળી જાય તો ત્યારે વિના સંકોચે બોલી શકાય તે માટે ઓછામાં ઓછો દર પંદર દિવસે ઉપરના સૂત્રોનો પાઠ કરી લેવો જોઈએ. દર ચૌદશે જ આ બધા સૂત્રોનો પાઠ કરી લેવાની ટેવ પાડીએ તો ય ખૂબ સુંદર.

આજે કેટલાંક સંયમીઓ એવા જોવા મળે છે કે "માંડલીમાં આ બધા સૂત્રોનો આદેશ કદિ માંગતા જ નથી. કેમકે એમના આ સૂત્રો કાચા થઈ ગયા હોય છે."

નૂતન દીક્ષિતોએ તો સૌપ્રથમવાર આ સૂત્રો ગોખ્યા બાદ ૨-૪-૬ મહિના રોજ પાઠ કરવો અને નવકારની જેમ એ સૂત્રોને કંઠસ્થ કરી લેવા. એ પછી જ દર પંદર દિવસે આ બધાનો પાઠ કરવાનો નિયમ છે.

<u>૧૪૮. હું ખુલ્લા હોલમાં જ બેસીશ. રૂમમાં બેસવું પડે તો પણ બારણું ખુલ્લુ રાખીને બેસીશ :</u>

એવી કહેવત છે કે **"એકાંતમાં યોગીને રામ જડે અને ભોગીને કામ જડે"** સામાન્યથી સંયમીઓ ઘણા સારા હોય તો પણ અનાદિકાળના સંસ્કારો એમાં પડ્યા જ હોય છે. એમાં વળી ગૃહસ્થપણાના પણ ખોટા સંસ્કારો અંદર પડ્યા હોવાની શક્યતા ઘણી છે. આવા સંયમીઓ સારા નિમિત્તોમાં તો સાચા ભાવથી સારું જીવન જીવે જ. પરંતુ જો કોઈ ખરાબ નિમિત્તો મળે તો એ જુના ખોટા સંસ્કારો જાગ્રત પણ થાય.

માટે જ સંયમીઓએ સાવ એકાંતમાં કદિ ન બેસવું. ખુલ્લા હોલમાં કે જ્યાં બધાની નજર પડી શકે તેવા સ્થાનમાં જ સ્વાધ્યાયાદિ કરવા બેસવું.

આવા સ્થાનમાં બેઠા હોઈએ અને કર્મોદયથી કોઈક ખરાબ વિચારો જાગે તો પણ બીજા સંયમીઓની હાજરી હોવાથી કોઈપણ પાપ ન થાય. જો એકાંતમાં બેઠા હોઈએ અને કદાચ કોઈક ખરાબ નિમિત્ત આવી ચડે અથવા જાતે જ ખરાબ વિચારો જાગે તો પાપો કરી બેસાય.

માટે જ ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે,[૮૦] **"બારણા વિનાની વસતિમાં સંયમી રહે."** બારણાવાળા ઉપાશ્રયો ખરાબ વિચારોને વધારનારા છે. ત્યાં ઈંદ્રિયોને ઉન્માર્ગે જતી અટકાવવી ભારે છે. તદ્દન ખુલ્લા સ્થાનમાં પાપોની શક્યતા ઘણી બધી ઘટી જાય.

વળી કદાચ સંયમી ખરેખર તદ્દન ચોખ્ખો હોય તો પણ જો બંધરૂમમાં બેસે તો બાકીના સંયમીઓ અને શ્રાવકોને પણ શંકા પડે કે, "કોણ જાણે ? અંદર શું કરતા હશે ?" અને તેઓ મનમાં જાતજાતની કલ્પનાઓ કરે. ક્યારેક તો ચતુર શ્રાવકો વેંટીલેશન વગેરેમાંથી 'બંધરૂમમાં બેઠેલા સાધુ શું કરે છે ?' એની ચકાસણી પણ કરતા હોય છે.

સંયમીનું જીવન એવું હોવું જોઈએ કે એના સંયમ માટે કોઈને પણ કોઈપણ પ્રકારની સ્વપ્નમાં

પણ શંકા ન થાય.

પણ હોલમાં વ્યાખ્યાન બેસવાનું હોય અથવા હોલમાં શ્રાવકો વગેરેની પુષ્કળ અવરજવર, અવાજ હોવાથી ત્યાં બેસીને સ્વાધ્યાય કરવો શક્ય ન હોય... આવા કારણોસર રૂમમાં બેસવું જ પડે તો (૧) ઓછામાં ઓછા ત્રણ સંયમીઓ રૂમમાં બેસીને સ્વાધ્યાયાદિ કરે (૨) એક જ સંયમીએ બેસવું હોય તો એણે રૂમનું બારણું સંપૂર્ણ ખુલ્લું રાખવું. અર્થાત્ સ્ટોપર તો ન જ મારવી પણ બારણું આડું પણ ન કરવું. બારણું આખું ખુલ્લું રાખવું. કદાચ બહારનો અવાજ અટકાવવા માટે બારણું આડું કરવું પડે તો પણ એને સ્ટોપર તો ન જ મારવી. કોઈપણ વ્યક્તિ એ બારણું ધક્કો મારીને ખોલી શકે એવી અવસ્થામાં બારણું રાખવું.

હવે તો કેટલાંક પીઢ શ્રાવકો ઉપાશ્રય બનાવે ત્યારે એમાં રૂમ બનાવતા નથી. માત્ર પડદાઓની વ્યવસ્થા ગોઠવી દે છે જેથી ગોચરી વાપરવાદિ ક્રિયા કરી શકાય. પણ રૂમો નથી બનાવતા. આ પણ એક અનુમોદનીય બાબત છે. પણ આ વાત કેટલા જણ સ્વીકારશે ? માન્ય રાખશે ? એ પ્રશ્ન છે. અત્યારે રૂમ વિનાના ઉપાશ્રયની પ્રશંસા કરનારાઓ કેટલા મળશે ?

<u>૧૪૯. હું સાધ્વીજીઓએ લાવેલા ગોચરી-પાણી વાપરીશ નહિ અને મારા ગોચરી-પાણી સાધ્વીજીઓને આપીશ નહિ :</u>

ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે,[૮૨] "જે ગચ્છના સાધુઓ સાધ્વીજીઓએ લાવેલા ગોચરી, પાણી, પાત્રા વગેરે કોઈપણ વસ્તુઓ વાપરે છે. તે ગચ્છ ગચ્છ ન કહેવાય." આ જ વાત સાધ્વીજીઓએ સાધુઓને આશ્રયીને સમજવાની છે.

આની પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે "સાધુ-સાધ્વીજીઓનો પરસ્પર પરિચય, વાતચીત ન થાય અને તેથી બ્રહ્મચર્યની રક્ષા થાય."

સાધુઓના ઉપાશ્રયમાં સાધ્વીજીઓ પાણી લાવીને ઠારે, ગાળે, ઘડાઓ ભરીને મૂકે અથવા પોતાના ઉપાશ્રયમાં જ ઘડાઓ તૈયાર કરીને સાધુઓના ઉપાશ્રયમાં મૂકે, સાધુઓની ગોચરી માંડલીમાં સાધ્વીજીઓ એક મિનિટ માટે પણ પ્રવેશ કરે, સાધ્વીજીઓ સાધુઓને ગોચરી લાવી આપે... આ તમામ પ્રવૃત્તિઓ જો ક્યાંય પણ ચાલતી હોય તો એ જિનાજ્ઞાભંગ રૂપ સમજવી.

એક સુવિહિત ગીતાર્થ ગુરુભગવંત તો ત્યાં સુધી કહે છે કે,"ગોચરી ખૂબ વધી પડે તો પણ એ પરઠવી દેવી. સાધુ-સાધ્વીજીઓએ પરસ્પર આપ-લે ન કરવી."

પૂર્વે મેં આ વાત કરી જ છે કે સાધ્વીજીઓની જવાબદારી જેના શિરે હોય તે અત્યંત સંવિગ્ન મહાત્મા સિવાય બાકીના કોઈએ પણ સાધ્વીજીઓનો પરિચય લેશમાત્ર પણ કરવો ઉચિત નથી. ગચ્છાચારાદિ ગ્રંથોનો અભ્યાસ કરનારાઓને આ વાત એકદમ સ્પષ્ટ સમજાઈ જશે.

<u>૧૫૦. હું એકલા સાધ્વીજીઓને-એકલા બહેનોને એક ગાથા આપવા જેટલું પણ ભણાવીશ નહિ :</u>

ઉપદેશપદમાં એક ખૂબ જ સુંદર કથાનક છે કે જેમાં એક સતીસ્ત્રીને યોગ્ય ગુરુ પાસે દીક્ષા અપાવવા માટે એક દેવે યોગ્ય ગુરુની તપાસ કરવા માટે એક આચાર્ય ભગવંતની પરીક્ષા કરી. બપોરના

સમયે સાધ્વીજીનું રૂપ ધારણ કરી આચાર્યશ્રી પાસે એ દેવ ગયો અને માંગણી કરી કે, "મને અમુક ગાથાઓ આપો."

કટ્ટર જિનાજ્ઞાપાલક મહાસંયમી આચાર્યભગવંતે સ્પષ્ટ ના પાડી દીધી કે "હું એકલા સાધ્વીજીઓને એક પણ ગાથા નથી આપતો."

એક મહાન જૈનાચાર્યની પણ આવી જોરદાર આજ્ઞાપાલકતા જોઈ દેવ પ્રસન્ન થયો. એ સતી સ્ત્રીને એમની પાસે દીક્ષા લેવડાવી. આ પ્રસંગને લીધે એ આચાર્ય ભગવંતની ચોમેર ખ્યાતિ ફેલાઈ.

આજે કેટલાંક સંયમીઓ એકલા સાધ્વીજીઓને ભણાવે છે, પાઠ આપે છે, શાસ્ત્રીયપદાર્થોની ચર્ચાઓ કરે છે. એમ એકલા બહેનોને પણ ધર્મોપદેશ (!) આપે છે. એક સાધુને તો મેં ખુદ સમજાવ્યા કે "તમે એકલા જ બહેનોને વ્યાખ્યાન આપો છો એ શી રીતે યોગ્ય ગણાય ?" એ સાધુ કહે, "ભાઈઓ આવતા નથી અને બહેનો ખૂબ આવે છે એટલે એકલા બહેનોને ભણાવું છું."

આને શી રીતે સમજાવવો ? એ સાધુના વ્યાખ્યાનમાં બે-ચાર ભાઈઓ પણ આવવા તૈયાર ન થાય એવું બને ખરું ? અને જો ખરેખર એવું હોય તો એમનું વ્યાખ્યાન એકદમ દમ વિનાનું જ હશે ને? તો પછી બહેનો પણ શી રીતે પામશે ?

રે ! ખરેખર એવા ઉપદેશોથી બહેનો પામતા હોય તો પણ આવા જોખમ લેવા જેવા નથી. આત્માનું હિત જોખમાય એવી પરહિતની પ્રવૃત્તિ જિનશાસનમાં કદિ માન્ય બની નથી.

આ જ વાત સાધ્વીજીઓએ પણ સમજી લેવી. તેઓએ ભાઈઓને ભણાવાય નહિ. એમને ધર્મોપદેશ અપાય નહિ. (વર્તમાનકાળમાં હવે ભાઈઓને પાછળ બેસાડીને અને બહેનોને આગળ બેસાડીને ધર્મોપદેશ સાધ્વીજીઓ આપે છે. સંવિગ્ન-ગીતાર્થ મહાપુરુષો જો આની સંમત્તિ આપતા હોય તો એનો વિરોધ ન જ કરી શકાય. પણ માત્ર પુરુષોને ધર્મોપદેશ આપવો એ તો ઉચિત નથી જ.)

**૧૫૧. હું ગોચરી વહોરવા જઈશ ત્યારે કોઈને ધર્મોપદેશ-બાધા આપીશ નહિ :**

કેટલાંક સંયમીઓ ભક્ત વગેરેના ઘરે ગોચરી વહોરવા જાય અને પછી "કેમ ? રાત્રિભોજન નથી કરતા ને ? જિનપૂજા કરો છો ને ? જો તમે આટલા નિયમ લો, તો જ તમારે ત્યાં વહોરું, નહિ તો ગોચરી ન વહોરું." વગેરે અનેક પ્રકારના ઉપદેશો આપતા હોય છે. બળજબરીથી, નહિ વહોરવાની ધમકીના બળ ઉપર બાધાઓ લેવડાવતા હોય છે. જ્યાં ગોચરી વહોરતા પાંચ-દશ મિનિટ થાય, ત્યાં વાતચીત-ઉપદેશ વગેરે દ્વારા અડધો કલાક પણ પસાર કરી દે. એ પણ ભૂલી જાય કે "હું ગોચરી વહોરવા નીકળ્યો છું, ધર્મોપદેશ આપવા નહિ."

દશવૈકાલિક સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે [૮૩]ગોચરી ગયેલો સાધુ ગોચરી સંબંધી પૂછ-પરછ કરવા સિવાય કોઈ વાત ન કરે. કોઈને ધર્મોપદેશ આપવા જેવો લાગે તો એને ઉપાશ્રયમાં બોલાવીને ઉપદેશ આપે.

"સાધુઓએ ગોચરીચર્યામાં ઉપદેશ આપવો નહિ" આવો તીર્થંકરોનો ઉપદેશ જે સંયમીઓ નથી પાળતા, તે સંયમીઓનો ઉપદેશ શ્રાવક-શ્રાવિકાઓ સ્વીકારીને આત્મકલ્યાણ પામશે એ વાતમાં કેટલી શ્રદ્ધા કરી શકાય ? રે ! કદાચ એ શ્રાવકાદિ તો પોતાની યોગ્યતાના બળથી આત્મકલ્યાણ સાધી પણ

લેશે પણ આ રીતે આજ્ઞાભંજક બનેલા સંયમીઓના આત્મકલ્યાણ માટે પાકી શંકા થયા વિના ન રહે.

સંયમી ઘણો લાંબો વખત ગૃહસ્થોના ઘરે ઊભો રહે તો ઘરના બીજા બધા લોકોને પણ અપ્રીતિ થાય. ધર્મ ન પામેલા છોકરા-છોકરીઓ તો બોલી પણ દે કે, "આ મહારાજને બીજું કંઈ કામ છે કે નહિ? અહીં શું અડધો કલાકથી ઊભા છે. એમના કારણે અમારાથી ટી.વી. પણ ચાલુ કરી શકાતું નથી."

બીજાઓ અશ્રદ્ધા પામે એવી પ્રવૃત્તિ સંયમીની તો ન જ હોય. એટલે સંયમીઓએ ગોચરી માટે ઉપાશ્રયની બહાર નીકળ્યા બાદ ગોચરી સિવાયની બાકીની તમામ વાતો દૃઢતાપૂર્વક બંધ કરી દેવી. હજી કદાચ એકાદ મિનિટ કંઈક કહેવું પડે તો એ ક્ષન્તવ્ય બને. પણ લાંબા કાળ સુધી ગોચરી સિવાયની વાતો ન કરવી. એ માટે ગૃહસ્થોને ઉપાશ્રયમાં બોલાવવા પડે.

**<u>૧૫૨. હું હાથ દ્વારા ટેબલ-પાટ વગેરે ઉપર સંગીતધ્વનિ ઉત્પન્ન કરીશ નહિ :</u>**

સંગીતના રસિક સંયમીઓ મન પ્રસન્ન (!) કરવા હાથની આંગળીઓ અને હથેળી વડે ટેબલ-પાટ ઉપર સંગીત-ઢોલ વગાડતા હોય છે. પણ આ રીતે ઉત્પન્ન થતો શબ્દ ચૌદ રાજલોકમાં વ્યાપી જઈને વાયુની વિરાધના વગેરેનું કારણ બને છે. વળી આવા શબ્દોમાં રાગ કરવાથી પાપકર્મ બંધાય. ચોથા વ્રતનો સૂક્ષ્મ અતિચાર લાગે.

*કેટલાંકો તો વળી પિક્ચરના અતિપ્રિય ગીતો પણ ધીમા સ્વરે ગણગણતા હોય છે. આ પણ યોગ્ય નથી.

એટલે ઉપયોગદશા ધારણ કરીને ક્યારેય પણ આ રીતે સંગીત-ઢોલ વગાડવાની ક્રિયા કે ગીતો ગાવાની પ્રવૃત્તિ ન કરવી.

**<u>૧૫૩. હું ડગડગતા ટેબલ-પાટ નહિ વાપરું, એને સ્થિર કર્યા બાદ વાપરીશ :</u>**

જમીન ઊંચી-નીચી હોય અથવા પાટ-ટેબલના પાયાઓ નાના-મોટા હોય/ઘસાઈ ગયા હોય તો એ પાટ-ટેબલ જમીન ઉપર સ્થિર ન રહે અને ઊંચા નીચા થયા કરે. આવા ટેબલાદિનો ઉપયોગ કરવામાં સંયમ મલિન થાય છે. (૧) જેટલી વાર પાટલો ડગ-ડગે, એટલી વાર શબ્દ ઉત્પન્ન થાય, નિષ્કારણ ઉત્પન્ન થયેલા શબ્દથી થયેલી વાયુ વિરાધના સંયમને મલિન કરે. (૨) ચાર પાયામાંથી કોઈપણ એક પાયો / બે પાયા જમીનને અડતા ન હોય, અધ્ધર હોય અને પછી એ તરફ વજન આવતા એ પાયો નીચે અડે અને બીજો પાયો જમીનથી અદ્ધર થાય. એને 'ટેબલ-પાટ ડગડગે છે' એમ કહેવાય.

એટલે જે પાયો જમીનથી અદ્ધર હોય, એ પાયાની નીચે કોઈ કીડી વગેરે જીવ આવેલો હોય અને એ જ વખતે એ પાયા ઉપર આપણા હાથ વગેરેનું વજન પડવાથી એ પાયો જમીન પર અડે ત્યારે કીડી વગેરે જીવ મરી જવાથી વિરાધના થાય.

માટે આવા ડગડગતા ટેબલ-પાટ ન વાપરવા. પણ જો બીજા કોઈ પાટ-ટેબલ ન હોય તો પછી જમીનથી ઉંચા પાયાની નીચે કપડાનો ટુકડો વગેરે ભેરવી દઈને એને ડગડગતા બંધ કર્યા બાદ વાપરી શકાય.

**<u>૧૫૪. હું બપોરે ગોચરી વાપર્યા બાદ તરત પાત્રાઓ બાંધી લઈશ :</u>**

આ નિયમ મુખ્યત્વે એકાસણું કે સવાર-બપોર બેસણું કરનારાઓ માટે છે. ત્રણ ટાઈમ

વાપરનારાઓ છેક સાંજે સૂર્યાસ્ત સમયે જ ઝોળી બાંધતા હોય છે એટલે એમને આ નિયમનો કોઈ ઉપયોગ નથી.

શાસ્ત્રીયવિધિ પ્રમાણે તો [૮૪]પાત્રાઓ - ઝોળી લગભગ ચોથા પ્રહરની શરૂઆત બાંધવામાં આવતા. પણ આજે આ નિયમ બનાવવો પડ્યો છે કેમકે (૧) તેલ-ઘી-ગોળ વગેરે વિગઈઓના વપરાશવાળી ગોચરીના પાત્રાઓમાં એની ગંધાદિને કારણે પાત્રા ધોઈ નાંખ્યા પછી પણ માખીઓ બેસતી જોવા મળે છે. માખીઓ અનેક રોગોનું ઘર છે એ તો બધા જાણે જ છે. વિષ્ટા વગેરે ગંદા પદાર્થો પર બેસીને આવેલી માખીઓ પાત્રાઓ ઉપર બેસે, સૂક્ષ્મ અશુચિ ચોંટાડે એના દ્વારા છેવટે મેલેરિયા વગેરે થાય તો નવાઈ નહિ.

(૨) ખુલ્લા પાત્રાઓની ગંધથી આકર્ષાઈને કીડી વગેરે એમાં ભરાય એ પછી એને દૂર કરીને પાત્રાઓ બાંધવામાં ઓછી-વત્તી વિરાધના થાય.

(૩) પાત્રા મોડા બાંધવાના હોય તો સંયમીઓ છેક છેલ્લે જ બધા પાત્રાઓ ભેગા કરવા જાય ત્યાં સુધી માંડલીમાં કે ઉપાશ્રયમાં બધાના પાત્રાઓ ગમે ત્યાં પડ્યા રહે. એક-બીજાના પગમાં આવે.

આવા કેટલાંક કારણોસર આજે બપોરે ગોચરી વાપર્યા બાદ જેવું પુરિમઢનું પચ્ચક્ખાણ આવે કે તરત જ સંયમીઓએ બધા પાત્રા ભેગા કરી ઝોળી બાંધી દેવી જોઈએ.

ક્યારેક એવું બને છે કે ઝડપી વાપરનારા સંયમીઓ વાપરીને ઊભા થઈ ગયા પછી અડધો-કલાક બાદ ગોચરી માંડલી પુરી થતી હોય છે. એ વખતે જો વહેલા વાપરી ચૂકેલા સંયમીઓના પાત્રા માંડલીમાં વપરાશમાં હોય તો તે સંયમીઓ ઝોળી ન બાંધી શકે.

આવા વખતે તે સંયમીઓએ વચ્ચેનો ટાઈમ બીજા બધા કામ પતાવી કે છેવટે અડધો કલાક સ્વાધ્યાય કરીને પણ ગોચરી માંડલી પૂર્ણ થતાની સાથે તરત જ પાત્રા બાંધી દેવા. પણ બે-ચાર કલાક બાદ બાંધવાનો વિચાર ન કરવો.

**૧૫૫. હું માણસો પાસે પાણીના ઘડા મંગાવીશ નહિ, કોઈ લાવશે તો વહોરીશ નહિ :**

જેઓ વિહારમાં માણસ સાથે રાખે છે તેઓ આંબિલ ખાતેથી પાણી લાવવાનું, પાણી ઠારવાનું, પાણી ગાળવાનું બધું કામ એ માણસને સોંપી દેતા હોય છે. (અલબત્ત, કેટલાંકો જ આવું કરે છે.)

કેટલાંકો વળી માણસ સાથે નથી રાખતા તો પણ વિહારથી થાકી ગયા હોય એટલે દેરાસરના પુજારીને કે પછી શ્રાવકાદિને કહી દે કે "તમે પાણી અહીં લઈ આવો." અને ભક્તિવાળા શ્રાવકાદિઓ સંયમીની પાસે જ પાણી લઈ આવે. સંયમી બેઠા-બેઠા જ પાણી વહોરી લે.

અપવાદમાર્ગ ત્યાં જ લાગુ પડે કે જ્યાં ઉત્સર્ગમાર્ગ સેવવાની શક્તિ ન હોય.

વિહારના દસ-પંદર કિલોમીટરનો થાક લાગ્યો હોય એ વાત સાચી છે. પણ એટલા માત્રથી ૨૦૦-૫૦૦ ડગલા પાણી લાવવા માટે પણ ચાલી ન શકાય એ તો શી રીતે માની શકાય ? વળી એ જ સંયમીઓ સાંજે બીજા ૮-૧૦ કિલોમીટર ચાલે જ છે. થાકમાં પણ બાકી બધી પ્રવૃત્તિ ચાલુ જ છે, તો પાણી મંગાવવાનો દોષ શા માટે સેવવો ? અને એ અપવાદ શી રીતે બને ?

એક તીર્થક્ષેત્રમાં તો એવું જોવા મળ્યું છે કે મોટી લારીમાં ૧૫-૨૦ પાણી ભરેલા ઘડા મૂકીને

માણસ જુદા જુદા ૧૫-૨૦ સ્થાને સંયમીઓને એ પાણી આપવા જાય છે. (અત્યંત વૃદ્ધ સાધ્વીજીઓ એકલા હોય તો આ અપવાદ સ્વીકારી લેવો પડે. પણ જો આ રીતે પાણી મંગાવનારા સંયમીઓ યુવાન, માંદગી વિનાના હોય તો ?)

આ રીતે જ ધીમે ધીમે દોષ વધતો જાય છે. અને છેવટે ગોચરી-ચર્યા પણ ખતમ થાય છે, ગોચરી પણ ઉપાશ્રયમાં જ આવતી થઈ જાય છે.

એટલે જ થોડુંક સહન કરીને, થોડુંક ખેંચીને પણ સંયમીઓએ જાતે જ પાણી લાવવું. ગૃહસ્થો પાસે ન મંગાવવું.

ક્યારેક એવું બને કે સંયમીઓએ પાણી ન મંગાવ્યું હોવા છતાં અજ્ઞાની-ભક્તિમંત ગૃહસ્થો સામે ચાલીને ઉપાશ્રયમાં પાણી લઈ આવે અને કહે કે,"સાહેબ ! આ પાણી વહોરી લો. આપના માટે જ લાવેલ છે."

એ વખતે કેટલાંક સંયમીઓ એ પાણી વહોરી લે છે. "આપણે તો મંગાવ્યું નથી. એમની મેળે જ લાવ્યા છે. પછી આપણને શું દોષ ?" એવો વિચાર કરે છે અને કદાચ સૂચન કરે છે કે, "બીજી વાર નહિ લાવતા."

આ યોગ્ય નથી, કેમકે આ રીતે તો કોઈક ગૃહસ્થો પોતાની મેળે સંયમીઓ માટે આધાકર્મી બનાવે તો ત્યાં પણ સંયમીઓએ વહોરી જ લેવું જોઈએ ને ? "આપણે તો ગૃહસ્થને એ રસોઈ બનાવવાની કહી નથી. એની મેળે જ એણે બનાવી છે. તો હવે આપણને દોષ ન લાગે" એ વિચાર ત્યાં પણ લાગવો જોઈએ ને ?

પણ જેમ આવું આધાકર્મી વહોરાતું નથી. તેમ આવું ઉપાશ્રયે લાવેલું પાણી પણ ન વહોરાય. એ પાણીની જરૂર જ હોય તો પણ એને કહેવું કે "આ પાણી તારા ઘરે જ પાછું લઈ જવું પડશે. હું ઘરે આવીને જ આ પાણી વહોરીશ."

આ રીતે કરવાથી પેલો શ્રાવક પછી કદિ ઉપાશ્રયમાં પાણી નહિ લાવે. અને બાકીના સંયમીઓમાં ખોટા સંસ્કાર નહિ પડે.

બાકી જો આ રીતે લાવેલું પાણી વહોરી લેશું તો એ ગૃહસ્થ બીજી-ત્રીજી વાર પણ પાછો પાણી લાવવાનો જ. અને બધા સંયમીઓ આ રીતે વહોરાતું પાણી જોઈને સમજશે કે, "ગૃહસ્થોએ ઉપાશ્રયમાં લાવેલું પાણી વહોરી શકાય" અને કાળક્રમે એ સંયમીઓ સામેથી જ પાણી મંગાવતા થઈ જાય તો એમાં કોઈ નવાઈ નહિ રહે. એટલે જ અનવસ્થા દોષ અટકાવવા માટે પાણી ઉપાશ્રયમાં ગૃહસ્થોએ લાવી દીધું હોય તો પણ ત્યાં ન વહોરતા એના ઘરે લઈ જઈને જ વહોરવું.

**<u>૧૫૯. હું આકર્ષક ચશ્માની ફ્રેમ નહિ રાખું અને વધુમાં વધુ બે જ ચશ્માની ફ્રેમ રાખીશ :</u>**

આંખો બગડે એટલે ચશ્મા પહેરવા પડે એ સ્વાભાવિક છે. પણ એને વિભૂષા, ફેશનનું પોષણ કરનારું સાધન તો ન જ બનાવાય. ચશ્માની ફ્રેમ ગોલ્ડન કલરની રાખવામાં આવે, ૧૦૦૦-૨૦૦૦ રૂપિયાની ફ્રેમ વાપરવામાં આવે. ફ્રેમના કાચ રંગબેરંગી રાખવા, ચશ્મા ગોગલ્સ જેવા દેખાય અને જોનારાને એમ જ લાગે કે "મહારાજ સાહેબે ગોગલ્સ પહેર્યા છે." તેવા પ્રકારના ચશ્મા વાપરવા...

આ બધી બાબતો અનેક પ્રકારે નુકસાન કરનારી છે.

આપણે ગૃહસ્થોને ઉપદેશ આપીએ છીએ કે "તેઓએ એવા વસ્ત્રાદિ ન પહેરવા કે જેથી જોનારાઓને એમનામાં રાગ-વિકાર જાગે." તો આપણે પણ એ નિયમનું પાલન તો કરવું જ પડશે ને? આપણા ગોગલ્સ જેવા ચશ્માઓ જોઈને બીજાઓને સંયમી પ્રત્યે ખરાબ રાગ જાગે. આકર્ષણ થાય અથવા તો ધર્મિષ્ઠ શ્રાવકોને સંયમી પ્રત્યે અરુચિ, અસદ્ભાવ થાય એ આપણા માટે તો પાપકર્મ બંધનું જ કારણ બને ને ?

ભક્તો જેટલી ભક્તિ કરે એ બધી સ્વીકારી જ લેવી એવો તો નિયમ નથી. ભલે ને ભક્ત ૧૦૦૦-૨૦૦૦ ની ફ્રેમ વહોરાવે, મોંઘાદાટ ચશ્મા કરાવે આપણે એનો અસ્વીકાર કરીને આપણા સંયમની રક્ષા કરવી જ પડે. જે ચશ્મા આંખોની ઝાંખપની એક દવામાત્ર રૂપ છે એમને ય વિભૂષાનું સાધન બનાવી દેવું એ તો યોગ્ય શી રીતે ગણાય ?

ભલે, વજનમાં હલકી ફ્રેમ લઈએ પણ દેખાવમાં તો સાદી ફ્રેમ જ લેવી. કાળા કે કત્થઈ કલરની ફ્રેમ ચાલી શકે છે. આશરે ૩૦૦/૪૦૦ કે ૫૦૦ રૂપિયાથી વધારે કિંમતની ફ્રેમ ન વાપરવી એવી બાધા લઈ શકાય. (આમાં માત્ર ફ્રેમની જ કિંમત ગણવાની. કાચની કિંમત નહિ.)

એક ચશ્મા તૂટી જાય ત્યારે તાત્કાલિક નવા બનાવવા કપરા છે. બે-ત્રણ દિવસ લાગી જાય. એટલે તે માટે ફ્રેમ વધારાની રાખવી પડે તો ય એકથી વધારે તો ન જ રાખવી. ત્રણ-ચાર-પાંચ ફ્રેમો કોઈ પાસે રાખે એ અપરિગ્રહ મહાવ્રતને મલિન કરનાર બને છે.

<u>૧૫૭. હું વડીલો કરતા ઉંચા આસને બેસીશ નહિ :</u>

કેટલાંક છૂટછાટવાળા સંયમીઓ વડીલ મહાત્માઓની હાજરીમાં પણ પાટ ઉપર કે ખુરશી ઉપર બેસીને વાતોચીતો કરતા હોય છે. આ તો વડીલ મહાત્માની આશાતનાનું પાપ છે અને વડીલસંયમીની આશાતના એટલે પરમાર્થથી તો સંયમની જ આશાતના !

એમ ચોમાસામાં પ્રતિક્રમણ બાદ કેટલાંક નાના સંયમીઓ વહેલા ઉંઘી જવું હોય તો વડીલો નીચે બેઠા હોવા છતાં પણ પાટ ઉપર ઉંઘી જતા હોય છે. આ પણ ન ચાલે. જો કારણસર રાત્રે પ્રતિક્રમણ બાદ તરત સંથારો કરવો હોય અને વડીલો નીચે બેઠા હોય તો (૧) પાટને બદલે જમીન ઉપર સંથારો કરી સુઈ જવું. વડીલોને વિનંતી કરવી કે તેઓ પાટ ઉપર સંથારો કરતી વખતે ઉઠાડી દે. એટલે એ વખતે ઉઠીને પાટ પર સુઈ શકાય. (૨) આ રીતે અડધી ઊંઘ કરવી ન ફાવતી હોય તો વડીલોને વિનંતિ કરવી કે તેઓ પાટ ઉપર બેસે. એટલે પછી પાટ ઉપર સંથારી શકાય. (૩) વડીલોને એ રીતે પાટ ઉપર બેસવું ન ફાવે તો બળજબરી તો ન જ કરાય. છેવટે જ્યાં વડીલોની નજર ન પડતી હોય તેવા સ્થાનમાં પાટ ઉપર સંથારો કરવો. એટલે દોષ ન લાગે. (૪) એવું સ્થાન ન હોય તો છેવટે વડીલો જ રજા આપે કે,"તમે પાટ ઉપર ઉંઘો. અમે ભલે નીચે બેઠા હોઈએ. અમારી તમને રજા છે." તો પછી આ રીતે વડીલોની રજા લઈને પાટ ઉપર સંથારી શકાય. પણ એવી રજા લીધા વિના તો ન જ બેસાય.

સ્લીપડીસ વગેરે કેટલાંક વિચિત્ર રોગવાળા સંયમીઓ નીચે પલાઠી વાળીને લાંબો સમય બેસી શકવા અસમર્થ હોય છે અને માટે ગોચરી વાપરવાદિ કામ સિવાય તેઓ પાટ ઉપર કે ખુરશી ઉપર

બેસતા હોય છે. હવે આ સંયમીઓ વડીલોની સામે પણ પાટ-ખુરશી ઉપર બેસે એ તો બિલકુલ શોભાસ્પદ નથી જ. અને ચોવીસ કલાક બધા જ વડીલો આ સંયમીને માટે પોતે પણ પાટાદિ ઉપર બેસે એ ય શક્ય નથી. તો આવા સંયમીઓએ પણ વડીલોની દૃષ્ટિ ન પડે તેવા અલાયદા રૂમમાં અથવા પડદાની પાછળ જ પાટાદિ ઉપર ઉંચું બેસવું. વડીલોની હાજરીમાં તો નીચે જ બેસવું પડે.

વડીલો કરતાં વધારે મોંઘા, વધારે સારા આસન ઉપર બેસવું એ પણ દોષ જ છે. એ ન ભૂલવું.

<u>૧૫૮. હું ખુરશી પર નહિ બેસું :</u>

ખુરશી તો ઓફિસમાં કામ કરનારા ઓફિસરોને, કાર્યકરોને શોભે. સંયમી ઓફિસર નથી. ખુરશી ઉપર બેઠેલો સંયમી શોભાસ્પદ પણ નથી લાગતો. એમાં ઉદ્ધતાઈ, અહંકાર વગેરે દોષો ખુરશીના પ્રભાવથી જણાઈ આવે છે. એમાં ય સંયમી ખુરશી ઉપર, પગ ઉપર પગ ચડાવીને બેસે, સામે બીજી ખુરશી ઉપર પગ લંબાવીને બેસે. એ બધા દૃશ્યો તો યાદ આવે તો ય ધ્રુજારી છૂટે છે. સંયમી શું આવી દશામાં હોઈ શકે ? ક્યાં ટુંટીયું વાળીને કુકડાની જેમ નાનકડા સંથારા ઉપર સુનારો સંયમી ! અને ક્યાં આ આધુનિક, ફેશનેબલ રીતભાતવાળો સંયમી (?) !

આજે તો લગભગ બધે જ પ્લાસ્ટીકની ખુરશીઓ જોવા મળે છે. જ્ઞાનભંડારમાં પુસ્તક કઢાવવા જઈએ તો પણ માણસો સંયમીને બેસવા માટે ખુરશી આપે. ડોક્ટરને ત્યાં જઈએ તો ય રાહ જોવા માટે ખુરશી ઉપર બેસવાનું કહે.

આવા ગમે તે પ્રસંગો બને, સંયમીએ નીચે બેસવું, નીચે બેસી શકાય તેમ ન હોય તો ઉભા રહેવું પણ ખુરશીનો ઉપયોગ ન જ કરવો.

અપવાદમાર્ગે ખુરશી પર બેસવું પણ પડે. દા.ત. ડોક્ટરની સામે ખુરશી પર બેસવાનો વખત આવે. તથા દવાખાને ગયા અને ડોક્ટર આવવાને વાર હોય, તબિયત સારી ન હોવાથી ઉભા રહેવું શક્ય ન હોય તો પછી ના-છૂટકે ખુરશી પર બેસવું પડે.

પણ આવા ગાઢ કારણો સિવાય તો ખુરશી ઉપર ન જ બેસવું.

એમાં ય જે ખુરશીઓમાં પ્લાસ્ટીકના પાટાઓ આડા-ઉભા નાંખેલા હોય, જે ખુરશીઓ કપડાના પાટાઓથી બનેલી હોય અને એ પાટાઓમાં વચ્ચે જીવો ભરાઈ જવાની શક્યતા હોય તેવી ખુરશીઓ તો વધારે ખરાબ છે. એના કરતા આજે ચારેબાજુ જોવા મળતી, આડા-ઉભા પાટા વિનાની, એકલી પ્લાસ્ટીકની ખુરશીઓ ઓછી ખરાબ છે. કોઈ ગાઢ કારણસર ખુરશી વાપરવી જ પડે તો પણ આવી ખુરશી વાપરવામાં ઓછો દોષ છે.

<u>૧૫૯. હું ચોમાસા વિના પાટનો ઉપયોગ નહિ કરું :</u>

ગચ્છાચાર પયન્નામાં (૯૫)ખુદ આચાર્યભગવંતોને પણ શેષકાળમાં પાટ વાપરવાનો નિષેધ કર્યો છે. એના ઘણા કારણો છે. વર્તમાનમાં તો ઉપાશ્રયોમાં જે પાટો હોય છે. તે બધી સંયમીઓ માટે જ બને છે એટલે ચોખ્ખી આધાકર્મી પાટો છે. એટલે જ જેઓ પાટ વાપરે તેઓને એ પાટ બનાવવામાં જે વનસ્પતિકાય (લાકડું)ના જીવોની વિરાધના થઈ હોય, લાકડું કાપવા-છોલવામાં જે ત્રસકાય જીવોનો વિનાશ થયો હોય, પાટ તૈયાર કરવામાં જે પાણી કે અગ્નિ વગેરેનો ઉપયોગ થયો હોય તે તમામ

વિરાધનાઓની અનુમોદનાનો દોષ લાગે.

જેમ આધાકર્મી ગોચરી વાપરવામાં દોષો લાગે એમ આધાકર્મી પાટ વાપરવામાં દોષો લાગે.

પ્રાચીનકાળમાં તો સંયમીઓ ચોમાસા વખતે જાતે ગૃહસ્થોના ઘરમાંથી પાટો લાવીને વાપરતા અને ચાર મહિના બાદ પાછી આપી દેતા. એટલે તેઓને દોષ ન લાગતા. પણ આજે શું ?

ચોમાસામાં પાટ વાપરવાની જે શાસ્ત્રાજ્ઞા છે, તેની પાછળનું કારણ એ છે કે ચોમાસામાં સાપ વગેરેનો ઉપદ્રવ વધારે હોય. સાપ ઊંચી પાટ ઉપર ચડી ન શકે માટે પાટ વપરાતી... આજે તો એકે ય ઉપાશ્રયમાં એક પણ વાર સાપ નીકળે એવી સંભાવના ઘણી-ઘણી ઓછી છે. એટલે જે કારણોસર પાટ વાપરવાની હતી એ કારણો હવે દેખાતા નથી. બીજી બાજુ પાટ વાપરવામાં જુનાકાળમાં ન લાગતા ઘણા બધા દોષો આજે અનિવાર્ય બન્યા છે. જો પાટ વાપરવાની જ ન હોત તો ભારતના સંઘો ઉપર ૮૦૦૦ પાટો બનાવવાનો બોજો ન પડ્યો હોત. એક પાટ આશરે ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયાની થાય. એટલે માત્ર પાટ પાછળ શ્રી સંઘે ૮૦,૦૦,૦૦૦= એંસી લાખનો ખર્ચો કર્યો. (વળી નવી નવી પાટો બનાવવી પડે એ તો જુદી જ ગણવી.)

વળી આજે તો જમીન કરતા ઘણા ઊંચા સ્થાનમાં જ સંયમીઓને રહેવાનું હોય છે. દસ-પંદર પગથિયા ચડ્યા બાદ ઉપાશ્રયનો નીચેનો હોલ શરૂ થાય. પહેલા-બીજા માળના હોલ તો ઊંચા જ હોય. એટલે એ હોલની જમીન જ પાટનું કામ કરનારી ન બને ? એ વિચારણીય છે.

આ બાબતમાં વર્તમાનના ગીતાર્થ-સંવિગ્ન મહાપુરુષો ભેગા મળીને કોઈ નિર્ણય ન લે ત્યાં સુધી ચોમાસામાં પાટ વાપરવાનો વ્યવહાર ચાલુ જ રાખવો. પણ શેષકાળમાં તો પાટ વાપરવાનો શાસ્ત્રોએ જ નિષેધ કર્યો છે. તો એ કાળમાં તો પાટ ન જ વાપરવી જોઈએ ને ?

વર્તમાનકાળને નજર સામે રાખીને આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયજી ભગવંતો વગેરે પાટ વાપરે તો એ હજી કદાચ માન્ય ગણીએ પણ સામાન્ય સાધુ-સાધ્વીજીઓ પાટાદિનો ત્યાગ ન કરી શકે ?

આજે પણ એવા આચાર્ય ભગવંતો છે કે જે વિદ્વાન, અનેક શિષ્યોના ગુરુ હોવા છતાં પણ પાટ વાપરતા નથી.

હા ! માંદગીમાં, અતિ ભયંકર ઠંડીમાં કે એવા કોઈ ગાઢ કારણસર પાટ વાપરવી પડે તો એ જુદી વાત ! પણ એ સિવાય તો પાટત્યાગ કરી જ શકાય છે.

પાટની જેમ ટેબલો પણ સાધુઓ માટે જ બનતા હોવાથી આધાકર્મી હોય છે. એટલે ખરેખર તો એ પણ ન વપરાય. સાધુઓએ હાથમાં જ પ્રતના પાના રાખીને વાંચવાની ટેવ પાડવી પડે, છતાં જેઓ લેખનનું કામ કરતા હોય તેઓને ટેબલાદિ વિના લખવું કપરું પડે એટલે તે મહાત્માઓ લેખનાદિ માટે ટેબલ વાપરી શકે. બાકી બીજા સંયમીઓ ટેબલ ન વાપરે તો એ સારા માટે જ છે.

<u>૧૬૦. હું રોજ સાથે રહેલા તમામ વડીલ સંયમીઓને વંદન કરીશ, રહી જાય તો છેવટે સ્થાપનાજી સામે તેમને વંદન કરી લઈશ :</u>

જ્યારે બે-પાંચ સંયમીઓ જ સાથે વિચરતા હોય ત્યારે તો તેઓ પરસ્પર વંદન કરવાના જ છે. પણ ૨૦-૩૦ સંયમીઓના ગ્રુપોમાં આળસુ સંયમીઓ રોજ એક-બે-ત્રણ વંદન કરવાનું ચૂકી જતા હોય

છે. એમાં એમનો ભાવ ખરાબ નથી હોતો, પણ પોતાના કર્તવ્ય તરફ બેધ્યાન રહેવું એ પણ એક પ્રકારનો અતિચાર-મલિનભાવ તો કહેવાય જ. સાથે રહેલા તમામ વડીલ સંયમીઓને વંદન કરવા એ સંયમીની ફરજ છે, કર્તવ્ય છે. વડીલોમાં રહેલા ઉંચીકક્ષાના સંયમની અનુમોદના માટે જ આ વંદન કરાય છે. જો વંદન ન કરાય તો આપણાથી ઉંચા સંયમીઓની અનુમોદના ન કરેલી ગણાય, અને ઊંચા સંયમની અનુમોદના વિના ઊંચુ સંયમ પ્રાપ્ત શી રીતે થાય ? એટલે ઉપેક્ષા છોડીને, આળસ ફગાવી દઈને રોજ તમામ સંયમીઓને યાદ રાખી રાખીને વંદન કરવા.

આમ છતાં મોટા સમુદાયમાં ક્યારેક કોઈક સંયમી યાદ ન આવે અને એને વંદન રહી જાય તો પછી જ્યારે એ વાતની ખબર પડે ત્યારે એ સંયમીને બીજા દિવસે પણ વંદન કરી લેવા અર્થાત્ જે દિવસે જેને વંદન રહી જાય, તેના બીજા દિવસે તેને બે વંદન કરી લેવા. આ સાપેક્ષભાવને લીધે ઉપેક્ષા-પ્રમાદ અટકશે.

ક્યારેક એવું બને કે સાંજના સમયે વંદન કરવા નીકળ્યા અને કોઈક સંયમી સ્થંડિલાદિ ગયા હોવાથી ન મળ્યા. અને તરત પ્રતિક્રમણ શરૂ થતું હોવાથી માંડલા કરી લેવા જરૂરી બન્યા. તો એ વખતે સ્થાપનાજી સામે એ સંયમીને વંદન કરીને માંડલા કરી શકાય.

ક્યારેક સાંજે જ પાંચ-સાત સંયમીઓ વિહાર કરી ગયા. અમુક સંયમીઓને આ ખ્યાલ ન રહેવાથી એ વિહાર કરી ગયેલા સંયમીઓને વંદન કરવાના રહી ગયા. તો પછી તે સંયમીઓને સ્થાપનાજી સામે વંદન કરી લેવા.

આમ કરવાનું કારણ એ કે વંદનાદિ કરવામાં ઉપેક્ષા, આળસ વધતી ન જાય. જો સ્થાપનાજી સામે પણ વંદન કરવામાં ન આવે તો સંસ્કાર એ પડશે કે "સંયમીઓને વંદન રહી જાય તો પણ વાંધો નહિ. જેટલાને વંદન થાય એટલા ખરા." જ્યારે સ્થાપનાજી સામે વંદન ફરજિયાત કરવાથી સંસ્કાર એ જ પડશે કે "કોઈપણ સંયમીને વંદન રહી જાય એ ન જ ચાલે. છેવટે સ્થાપનાજી સામે પણ વંદન તો કરવા જ પડે. (દિવસ દરમ્યાન જે સંયમીઓ આપણને ભેગા થયા હોય એ જ સંયમીઓએ વંદન કરવાનો આ નિયમ છે. આપણાથી દૂર રહેલા સંયમીઓને વંદન કરવાનો આ નિયમ નથી.)

આમાં વંદન બાબતમાં જુદી જુદી સામાચારીઓ જોવા મળે છે. (૧) કેટલાંક ગ્રુપોમાં સંયમીઓ તમામ વડીલ સંયમીઓને દિવસમાં બે વાર વંદન કરે છે. (૨) કેટલાંક ગ્રુપોમાં માત્ર પદવીધર વડીલોને બે વાર વંદન કરાય છે, બાકીના વડીલોને દિવસમાં એક જ વાર વંદન કરાય છે. (૩) કેટલાંક ગ્રુપોમાં વિહાર કરીને આવેલા વડીલોને બે વંદન કરાય છે, એ સિવાય એક વંદન કરાય છે.

આવી જે કોઈપણ તે તે ગચ્છની સામાચારી હોય તે ગચ્છના સંયમીઓએ તે જ સામાચારી પ્રમાણે વર્તવું.

<u>૧૬૧. હું મારી પ્રશંસા નહિ કરું, થઈ જાય તો બે દ્રવ્યનું એક ટંક કરીશ :</u>

આધ્યાત્મિક જગતનું અધમકક્ષાનું એક પાપ છે - **સ્વપ્રશંસા.** અંદર અહંકાર દોષ સળવળતો હોય તો એ અહંકારરૂપી સાપના મોઢામાંથી નીકળતી ઝેરની પિચકારી જેવો આ સ્વપ્રશંસા દોષ છે. પુણ્યબળે વિદ્વત્તા, લેખનશક્તિ, શિષ્યસંપત્તિ, વિશિષ્ટ તપ-આરાધના, જોરદાર શાસન પ્રભાવકતાદિ

પ્રાપ્ત થયા હોય એ તો સારા માટે છે. પણ એ બધી શક્તિઓની પોતાના મોઢે બીજા સામે પ્રશંસા કરવી એ અતિ-નિમ્નકક્ષાનું પાપ છે.

કેટલાંક સંયમીઓ એવા હોય છે કોઈ ન પૂછે તો પણ પોતાની લબ્ધિ-શક્તિનું વર્ણન કરવા લાગે. (૧) મારે ૮૫ ઓળી થઈ ગઈ છે. ચાર માસક્ષમણ કર્યા છે. આંબિલો પણ બે જ દ્રવ્યના કરું છું... (૨) મારે ૪૫ આગમો વંચાઈ ગયા છે. મેં સંસ્કૃતમાં ટીકાઓ પણ લખી છે. મારા પુસ્તકો ખૂબ આદેય બન્યા છે. ચાર-પાંચ વાર ફરી-ફરી છપાવવા પડ્યા છે. હજારો લોકો મારા પુસ્તકો વાંચે છે. (૩) મારા ભક્તો ખૂબ ઉદાર છે. ચાર-પાંચ કરોડના ખર્ચે તીર્થ ઉભું થવાનું છે / જોરદાર સંઘ નીકળવાનો છે. હું જ્યાં કહું ત્યાં લાખો રૂપિયા આપી દેવા તૈયાર છે. (૪) મારે તો શિષ્યોની લાઈન લાગે છે. પુષ્કળ શિષ્યો થઈ ગયા છે. મારા વ્યાખ્યાનો સાંભળ્યા બાદ મુમુક્ષુઓ મારા સિવાય કોઈ પાસે જતા જ નથી.

આવા તો સેંકડો પ્રકારના સ્વપ્રશંસાના સ્વરૂપો છે. પ્રશમરતિકાર કહે છે કે,[(૮૪)] "જે વસ્તુનું અભિમાન=સ્વપ્રશંસા કરવામાં આવે, તે વસ્તુ ભવાંતરમાં ગુમાવી જ દેવી પડે."

ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનસારમાં કમાલનો ઉપદેશ આપ્યો છે. તેઓ કહે છે કે, [(૮૭)] આત્મન્ ! તને તારા ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા ક્ષમા, સરળતાદિ ગુણોનો અહંકાર છે ? તો તુ મૂર્ખ છે. કેમકે એ ગુણો તો બધાયમાં પડેલા જ છે. તમામ આત્માઓ અનંતગુણસંપન્ન છે. અને તને જો પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા મધુરસ્વર, સુંદરરૂપાદિનું અભિમાન હોય તો ય તું મૂર્ખ છે. આવી તુચ્છ, પારકી વસ્તુઓનું અભિમાન કયો મુનિ કરે ?

આ વિષય ઉપર ઘણું કહેવું છે. પણ ટૂંકમાં એટલું જ જણાવીશ કે જો આત્મહિત ઈષ્ટ હોય તો સૌ પ્રથમ સ્વપ્રશંસાનું પાપ છોડી દો. કોઈ ન પૂછે ત્યાં સુધી આપણા કોઈપણ ગુણો કે શક્તિનું પ્રદર્શન ન કરવું.

પણ કોઈક સામેથી પૂછે કે "શું તપ ચાલે છે ? શું ભણો છો ?" તો ત્યારે જવાબ આપવો જ પડે. એ વખતે જેટલું પૂછાયું હોય એટલો જ ઉત્તર આપવો. એમાં વધારાની કોઈ વાત ન બોલીએ તો એ ઉત્તર સ્વપ્રશંસા ન ગણાય. દા.ત. ઉપરના બે પ્રશ્નોના ઉત્તર "મારે ૮૫મી ઓળી ચાલે છે અને ઉપમિતિ વાંચું છું." એટલો જ આપવો. પણ એને બદલે "મારે સળંગ ચાર વર્ષથી આંબિલ છે. એમાં ૮૫મી ઓળી ચાલે છે. મારે બધો ન્યાય થઈ ગયો છે. ૨૫-૫૦ ગ્રંથો વાંચ્યા છે. હવે ઉપમિતિ વાંચુ છું." એવા ઉત્તરો સ્વપ્રશંસા રૂપ બને છે.

વળી આ ટૂંકા ઉત્તરમાં "દેવ-ગુરુની કૃપાથી આ સ્વાધ્યાય-તપ થાય છે." એ વાત ઉપર સાચા ભાવ સાથે વજન મૂકવું. જાતની શક્તિ અને ક્ષયોપશમને તદ્દન ગૌણ કરી નાંખવા.

આ રીતે જેઓ વ્યવહાર પાળે તેઓ 'સ્વપ્રશંસાના પાપ વિનાના છે' એમ નક્કી થાય.

ખૂબ જ સૂક્ષ્મતાથી આત્મસંપ્રેક્ષણ કરશો તો ડગલે ને પગલે આપણે સ્વપ્રશંસા રૂપ પાપનો ભોગ બની જઈએ છીએ એ દેખાશે. અને આ પ્રતિજ્ઞા લીધા બાદ દૃઢ રીતે જો એ પાપથી બચશો તો અણકલ્પિત આધ્યાત્મિક વિકાસની પ્રાપ્તિ પણ અનુભવાશે. આશ્ચર્યજનક આત્માનંદ ઉછળશે. પણ એ માટે સ્વપ્રશંસારૂપ પાપની સંપૂર્ણ તિલાંજલિ કરવી જ પડશે. આમ છતાં મોહને પરવશ થઈને સ્વપ્રશંસા

ક્યારેક થઈ જાય તો એના પ્રાયશ્ચિત્ત રૂપે બે દ્રવ્યનું એક ટંક કરી શકાય. અથવા તો એવી બીજી કોઈપણ શિક્ષા ધારી શકાય.

**૧૬૨. હું કોઈની પણ નિંદા નહિ કરું, થઈ જાય તો બે દ્રવ્યનું એક ટંક કરીશ :**

સ્વપ્રશંસા જેવું જ ભયંકર આ નિંદાનું પાપ છે. પોતાના ગુણોનો કે શક્તિઓનો અહંકાર પ્રગટ્યો હોય એટલે તે ગુણો કે શક્તિઓથી હીન આત્માઓની નિંદા થાય. તપસ્વીને જો તપ ન પચ્યો હોય તો એ નવકારશી કરનારાઓને ખાઉધરા, ખાવા માટે દીક્ષા લેનારા, સાધુતા વિનાના કહે. સ્વાધ્યાયીને સ્વાધ્યાયનું પાચન ન થયું હોય તો એ નહિ ભણેલાઓને મૂર્ખ ગણે, એમની મશ્કરી કરે, એમને તુચ્છ ગણે. વ્યાખ્યાનકારોને વ્યાખ્યાનશક્તિ ન પચી હોય તો તેઓ બીજાના સારા-નરસા વ્યાખ્યાનોની ભુલો કાઢી કાઢીને એમની નિંદા-મશ્કરી કરે. શાસનપ્રભાવકોને જો શાસનપ્રભાવના ન પચી હોય તો તેઓ બીજા શાસનપ્રભાવના નહિ કરનારાઓની નિંદા-મશ્કરી કરે કે "આ બધા નવરાં બેસી રહે છે શાસન માટે કંઈ જ કરતા નથી."

ઉપાધ્યાયજી મહારાજ તો કહે છે કે, "**निन्द्यो न कोऽपि लोके**" આ જગતમાં પાપીમાં પાપી માણસ પણ નિંદનીય તો નથી જ. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય આ ચાર જ ભાવનાઓ જીવોમાં ભાવવાની છે. નિંદા-તિરસ્કારાદિ કોઈ ભાવના શાસ્ત્રકારોએ બતાવી નથી.

કુલકમાં કહ્યું છે કે (૮૮)"શિથિલાચારીઓની પણ નિંદા-ગર્હા ન કરવી." ઉપદેશમાલામાં કહ્યું છે કે (૮૯)"વિચિત્ર જીવન જીવનારાઓની નિંદા કરનારાઓ હાથે કરીને પારકાના દુઃખે દુઃખી થવાના ધંધા કરે છે. પોતાનું સુખ ગુમાવે છે."

જે ખરાબ વસ્તુ હોય એની નિંદા થાય એવો નિયમ છે તો દરેક સંયમીઓએ એ નક્કી કરવું કે "અનાદિકાળથી આ જગતમાં ખરાબીઓ જ ઘણી રહી છે અને ભવિષ્યમાં રહેવાની છે. તો જે કાયમી વસ્તુ છે, એની નિંદા કરીને લાભ શું ? એના બદલે ગુણોની અનુમોદના જ ન કરવી !"

એટલે ગમે તેવા ખરાબ વ્યક્તિ માટે પણ કોઈની પણ પાસે ખરાબ ન જ બોલવું. "ફલાણો સંયમી ક્રોધી છે. ફલાણો સંયમી ખાઉધરો છે. ફલાણો સંયમી ખૂબ નિંદક છે." આવા કોઈપણ પ્રકારના અભિપ્રાયો કોઈપણ સંયમી માટે મોઢામાંથી ઉચ્ચારવા ન જ જોઈએ.

કેટલાંકો તો ડગલે ને પગલે આજુબાજુના સંયમીઓ માટે જાત-જાતના અભિપ્રાયો બાંધી દેતા હોય છે અને બીજાઓ પાસે એ પ્રગટ કરીને નિંદા પણ કરી દેતા હોય છે. આમાં પાપકર્મબંધ સિવાય આપણા આત્માને કોઈ જ લાભ નથી.

જો અત્યંત ખરાબમાં ખરાબ આત્માઓની પણ નિંદા ન કરવાની હોય, તો પછી જેઓ ઉત્તર ગુણોમાં થોડા-ઘણાં શિથિલાચારી હોય, સ્વભાવદોષવાળા હોય તો પણ બીજી ઘણી રીતે સારા સંયમીઓની નિંદા તો કરાય જ શી રીતે?

છતાં જો નિંદા કરવી જ હોય તો એની પણ છુટ. પણ એક શરત કે જે વ્યક્તિના દોષો બોલવા હોય, માત્ર તે જ વ્યક્તિની આગળ દોષો બોલવા. એ સિવાય બીજા કોઈપણ આગળ દોષો ન બોલવા. જે ક્રોધી હોય એને જ કહેવું કે, "તારામાં ક્રોધ છે, એને દૂર કર." પણ એ સિવાય બીજા કોઈને ન કહેવું.

બોલો, છે તૈયારી ! જો એ વ્યક્તિને ખબર પડે કે "મારા માટે અમુક સંયમીએ અમુકને આવી વાત કરી છે." તો એને કેટલો આઘાત લાગે ? એ જાત-અનુભવ કરીને નક્કી કરી લેવું. આપણા માટે કોઈક સંયમી બીજાઓ પાસે નિંદા કરે અને આપણને ખબર પડે તો કેટલો બધો આઘાત આપણને લાગે છે ? તો એ જ આઘાત બીજાઓને નહિ લાગતો હોય ? તો શા માટે બીજાઓને દુઃખ દેનારી આ નિંદાની પ્રવૃત્તિ કરવી ?

એમાં ય બીજાના મુમુક્ષુઓ પડાવી લેવા માટે બીજાના છતાં-અછતાં ઉત્તરગુણ સંબંધી દોષોને ઊભા કરીને એમને હલકા ચીતરવા એ અતિભયંકર પાપ કહેવાય.

જો મોહને પરવશ થઈને નિંદા થઈ જાય તો તેની શિક્ષા રૂપે બે દ્રવ્યનું એક ટંક કે એવી બીજી કોઈપણ શિક્ષા ધારી શકાય.

**૧૬૩. હું મારી જાતે મારો કોઈપણ શિષ્ય નહિ બનાવું. ગુરુ મને જે શિષ્ય કરી આપે એનો જ સ્વીકાર કરીશ. મારી પાસે કોઈપણ મુમુક્ષુ તૈયાર થાય તો "એ મારો શિષ્ય થાય" એવી લેશપણ અપેક્ષા વિના મારા ગુરુને જ એ સમર્પિત કરી દઈશ :**

શિષ્યો કરવા કે શિષ્યો થવા એ પાપ નથી પણ શિષ્યની લાલસા અને એ માટે કરાતા માયા-દંભ-કાવાદાવાઓ ભયંકર પાપ છે. એમાં ય વિષમકાળની બલિહારી કેવી ? કે માત્ર એક-બે-પાંચ વર્ષના દીક્ષા પર્યાયવાળાઓ પણ શિષ્યો બનાવવા માટે તલપાપડ બનતા દેખાય છે. એ માટે જૂઠ-કપટનો આશરો લેતા પણ કેટલાંક દેખાય છે.

ગુરુ તો એ જ બની શકે કે જે ગીતાર્થ હોય અને સંવિગ્ન હોય. જેઓએ ઠોસ શાસ્ત્રાભ્યાસ કર્યો જ નથી. જેઓ આચારસંપન્ન નથી તેઓ ગુરુ બનવાને લાયક જ ક્યાં છે ?

પ્રાચીનકાળમાં તો ગચ્છાધિપતિ જ ગુરુ બનતા. એક ગચ્છના ૫૦૦ સાધુઓ હોય તો એ બધાના ગુરુ માત્ર એક જ કહેવાતા "ગચ્છાધિપતિ." પણ જે નૂતનદીક્ષિત થાય તેની સાથે સંઘાટક ગોચરી કોણ જાય ? એની સાથે વિહારમાં કોણ રહે ? એની સાથે ઠલ્લે કોણ જાય ? તે વખતે તો સ્થંડિલભૂમિ, વિહાર, ગોચરી વગેરેમાં બે-બે સાધુઓ જ સાથે જતા. એકલા કોઈ જઈ ન શકતું. એટલે તે વખતે ગચ્છમાં બે-બે સાધુઓની જોડ બનાવી દેવાતી. અર્થાત્ કોઈની દીક્ષા થાય તો એની સાથે જુના એક સાધુનું નામ જોડી દેવાતું અને બે યને કહેવાતું કે તમે એક-બીજાના સંઘાટક છો. તમારે ગોચરી-પાણી-ઠલ્લે-વિહારમાં સાથે રહેવાનું. આટલી બાબતની કાળજી તમારે પરસ્પર કરવાની. મોટી મુશ્કેલી થાય તો તો આખો ગચ્છ હાજર જ છે.

ગ્રંથોમાં લખ્યું છે કે, "[૬૦]દીક્ષા વખતે સાધુને આચાર્ય અને ઉપાધ્યાય એ બેના દિગ્બંધન કરવા અને સાધ્વીજીને એ બે ઉપરાંત પ્રવર્તિનીનું દિગ્બંધન કરવું." આના ઉપરથી ખ્યાલ આવે છે કે આચાર્ય કે ઉપાધ્યાય જ ગુરુ બનતા. બીજા કોઈનું દિગ્બંધન હતું જ નહિ.

આમ ગચ્છની વ્યવસ્થા માટે દરેક સાધુઓને સંઘાટક નક્કી કરી આપવામાં આવતા. આગળ જતા એ જ સંઘાટકો હવે ગુરુ તરીકે ઓળખાવા લાગ્યા છે. આવા સંઘાટક-ગુરુઓ આજે અગીતાર્થ હોય, અસંવિગ્ન હોય છતાં શિષ્યો કરે છે અને શિષ્યોને લઈને, ગુરુને છોડીને ચારે બાજુ કરે છે. આ

કેવું ભયંકર મિથ્યાત્વ !

અને હવે કેટલાંકોને આ જ ચિંતન ચાલતા હોય છે. "મારો કોઈક શિષ્ય થઈ જાય તો સારું." એની પાછળ ઊંડે ઊંડે એક જ અભિલાષા હોય છે કે શિષ્ય થઈ ગયા બાદ મારે શાંતિ ! ક્યાંય પણ જવું હોય, ચોમાસું કરવું હોય તો એ મારે કામ આવે. ગચ્છમાં રહેવામાં મજા નથી. ઘણી માથા-ઝીક ગચ્છમાં થાય છે. કોઈ આપણને સહાય ન કરે..." અને પછી સતત આંખો શિષ્યની શોધખોળ કરતી થઈ જાય.

એમ કહેવાનું મન થાય કે "જેટલી શિષ્યાભિલાષા તીવ્ર છે. એટલી તીવ્ર જો મોક્ષાભિલાષા હોત તો નક્કી ત્રીજા ભવે મોક્ષ થઈ જાત."

શું સતત શિષ્યઝંખના સેવતા મુનિવરોને આર્તધ્યાન-રૌદ્રધ્યાનના ભયંકર પાપકર્મો ન બંધાય ?

દીક્ષા લીધી હતી, મોક્ષ માટે ! તો હવે લક્ષ્ય શા માટે બદલાઈ ગયું ? શું મોક્ષ કરતાં ય શિષ્યો વધુ સુખદાયી છે ? કે જેથી મોક્ષનું લક્ષ્ય છોડીને શિષ્યનું લક્ષ્ય બાંધી દીધું ?

શિષ્યલાલસા એવું તાલપુટ ઝેર છે કે તમામ આરાધનાઓ રૂપી દૂધને ઝેર બનાવી દેશે.

શિષ્યલાલસા પોતે તો પાપ છે જ, પણ એ અનેક પાપોની જનેતા પણ છે. (૧) ગુરુ નવા મુમુક્ષુને બીજા કોઈનો શિષ્ય બનાવી દે, તો શિષ્યલાલસાવાળાને ગુરુ માટે ભયંકર અસદ્ભાવ-તિરસ્કાર થાય. ગુરુ પક્ષપાતી લાગે. (૨) જે કોઈપણ મુમુક્ષુ દેખાય એને પોતાનો કરવા માટે સ્વાધ્યાય-ધ્યાન-ગુરુભક્તિ છોડીને કલાકો સુધી એને સમજાવવો પડે. સંયમના યોગોને ગૌણ કરવા પડે. (૩) મુમુક્ષુ જો બીજા કોઈ તરફ આકર્ષણવાળો હોય તો એનું એ આકર્ષણ તોડવા માટે બીજા સંયમીઓના દોષો ગાવા પડે. સાચા દોષો ગાય તો નિંદાનું પાપ અને ખોટા દોષો ઉભા કરીને ગાય તો નિંદા સાથે મહામૃષાવાદનું પાપ પણ લાગે. બીજું મહાવ્રત ભાંગે. (૪) આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની હોળી સળગે. (૫) બીજાઓના શિષ્ય થતા હોય તો એ વખતે એ શિષ્યના સંસાર ત્યાગ, દીક્ષાદિની અનુમોદના થવાને બદલે એના બનનારા ગુરુ પ્રત્યે ઈર્ષ્યાભાવ જાગે.

જો પ્રસન્નતા ગુમાવી દેવી ન હોય, જો ગુરુકૃપાનું બલિદાન દેવું ન હોય, જો ગુરુપારતન્ત્ર્યાદિ ગુણો ગુમાવવા ન હોય તો વહેલી તકે આ શિષ્યલાલસાને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવી જોઈએ.

એ માટે જ આ પ્રતિજ્ઞા છે. પોતાનો શિષ્ય કરવા માટે કોઈ જ પ્રયત્નો ન કરવા. એના બદલે ગુરુના સાચા શિષ્ય બનવા માટે તનતોડ મહેનત કરવી. જેઓ ગુરુને સંપૂર્ણ પરતંત્ર બનશે, ગુરુની અપૂર્વ સેવા-ભક્તિ કરશે, એમને ગુરુ તરફથી એની મેળે જ શિષ્યની ભેટ મળશે. અને ન મળે તો ય સાચા શિષ્યત્વની પ્રાપ્તિ તો થશે જ ને ? શિષ્ય મળે એના કરતા શિષ્યત્વ મળે એ અબજો ગણું વધારે મોંઘું છે. સાચા શિષ્યત્વને જોઈને પ્રસન્ન થયેલા ગુરુ આપણી બધી જ કાળજી કરશે. યોગ્યકાળે શિષ્ય પણ કરી આપશે.

એટલે આ પ્રતિજ્ઞાનો પ્રથમ ભાગ આ છે કે પોતાના શિષ્ય કરવાનો પ્રયત્ન બિલકુલ છોડી દેવો. પોતાનો શિષ્ય કરવાના વિચારથી કોઈની પણ સાથે વાતચીત ન કરવી.

પણ આપણા સંયમજીવનની સુગંધથી કે આપણે આપેલા હિતોપદેશથી જો કોઈ આકર્ષાય તો એ તો સારું જ છે. કોઈપણ આત્મા સંસાર છોડીને સાધુ બને એ ક્યાં ખોટું છે ? એટલે જો કોઈ મુમુક્ષુ

તૈયાર થાય તો તૈયાર અવશ્ય કરવો. પણ એ ગુરુને સમર્પિત કરી દેવો. ગુરુને કહેવું કે,→"ગુરુદેવ! જેમ વહોરીને લાવેલી ગોચરી ઉપર મારો કોઈ અધિકાર નથી. મેં લાવેલી ગોચરીમાંથી કોઈપણ વસ્તુ આપ કોઈને પણ આપી શકો છો. "મેં લાવેલી એ વસ્તુ મને મળવી જોઈએ." એ વિચાર પણ મારા માટે પાપ જ છે. એમ આ તૈયાર થયેલો મુમુક્ષુ એ મેં લાવેલી શિષ્યભિક્ષા છે. એના ઉપર મારો કોઈ જ અધિકાર નથી. એ મારો શિષ્ય થવો જોઈએ એવી અપેક્ષા પણ મારા માટે પાપ છે. મારી લાવેલી ગોચરીની માફક મારાથી તૈયાર થયેલો મુમુક્ષુ આપ આપની ઈચ્છા મુજબ ગમે તેને આપી શકો છો. આપ આપનો શિષ્ય કરો કે બીજાનો શિષ્ય કરો એ મારે જોવાનું જ નથી. મારો નહિ કરો તો પણ મારે લેશ પણ આડો-અવળો વિચાર કરવાનો જ નથી, કેમકે એ મુમુક્ષુ ઉપર મારો અધિકાર જ ક્યાં છે ? આપ જ એના માલિક છો." ←

પરિણતિના સ્તરની આ પ્રતિજ્ઞા જેઓ આત્મસાત કરશે તેઓ પ્રચંડ શુદ્ધિના સ્વામી બન્યા વિના નહિ રહે. ધગધગતી ખુમારી, ગુરુસમર્પણ વગેરે ગુણો એમનામાં હર્ષથી નૃત્ય કરતા સૌને દેખાશે. પણ એ બધું તો જ થશે જો આત્મા નજીકના કાળમાં મોક્ષગામી હશે.

<u>૧૬૪. ઉપાશ્રયમાં આવેલા ગૃહસ્થો ગુરુને કે વડીલને મળી લે એ પછી જ એ ગૃહસ્થો સાથે વાતચીત કરીશ :</u>

શ્રાવકો ઉપાશ્રયમાં પ્રવેશ કરે અને હજી તો મુખ્ય ગુરુ પાસે કે મુખ્ય વડીલ પાસે પહોંચે એ પહેલા જ વચ્ચે કેટલાંક સંયમીઓ એમને બોલાવે. અનેક પ્રકારની વાતો કરે. પોતાને કંઈક દવા, નોટ, સ્ટેશનરી વગેરેનું કામ હોય તો એ કામ એને સોંપે.

આ ગુરુની આશાતના છે. ઉપાશ્રયમાં આવેલા ગૃહસ્થોને પહેલા ગુરુ કે મુખ્ય વડીલ પાસે જ મોકલવા જોઈએ. એમને તેઓ મળી લે, વંદનાદિ કરી લે એ પછી બાકીના સંયમીઓ અતિજરૂરી હોય, તો શ્રાવકો સાથે વાતચીત વગેરે કરી શકે.

કેટલીકવાર તો એવું બને કે ગૃહસ્થો અગત્યના કામ માટે માંડ અડધો કલાક કાઢીને ગુરુ/વડીલને મળવા આવ્યા હોય એમાં ૧૦-૨૦ મિનિટ વચ્ચેના સંયમીઓ લઈ લે એટલે પછી એ શ્રાવકો ય કંટાળે. ગુરુ સાથેનું એમનું કાર્ય પણ ખોરંભાઈ જાય.

કદાચ ઉપાશ્રયમાં પ્રવેશેલા અજાણ્યા શ્રાવકો "ગુરુ-વડીલ ક્યાં છે ? કોણ છે ?" એ જાણતા ન હોવાથી આમતેમ જોતા હોય તો ત્યાં પણ એમને કહી શકાય કે "આ અમારા ગુરુ મહારાજ છે. અત્રે બિરાજમાન છે. એમને વંદનાદિ કરી શકાશે." જો શ્રાવકો પહેલા આપણને વંદન કરતા હોય તો તરત અટકાવીને પહેલા મુખ્ય વડીલ પાસે મોકલી દેવા જોઈએ. આ જ વિનય, ઔચિત્ય છે.

હા ! ગુરુ કે વડીલ આરામમાં હોય, ગોચરી વાપરતા હોય, બહાર ગયા હોય તો પછી શ્રાવકાદિના પ્રથમ વંદનાદિ સ્વીકારવામાં દોષ જણાતો નથી.

<u>૧૬૫. મને મળવા આવેલા ગૃહસ્થોને પણ સૌ પ્રથમ ગુરુ / વડીલ પાસે મોકલીશ, પછી જ એમને મળીશ :</u>

૧૬૪માં નિયમમાં તો ગુરુને મળવા આવેલા કે એમને એમ સાધુઓને વંદનાદિ માટે આવેલા

સ્થાનિક શ્રાવકો વગેરેની વાત હતી. પણ કોઈક સંયમી એમ સમજતા હોય કે, "જે મારા ભક્તો મને જ વંદન કરવા આવ્યા હોય. મારા બા-બાપુજી, ભાઈ-બહેન, ફુઆ-માસા-કાકા, સ્વજનો મને જ મળવા માટે આવ્યા હોય. મારા ગુરુ કે વડીલને મળવા માટે આવ્યા ન હોય તેઓ તો સીધા મારી પાસે જ આવવાના. તેઓને ગુરુ-વડીલનું કોઈ જ કામ નથી. તો એમની સાથે તો વાતચીત કરી શકાય ને ?" તો એ સમજણ ખોટી છે. સંયમીઓનો ગુરુ/વડીલ પ્રત્યેનો ઉચિત વિનય આ જ છેકે પોતાને જ મળવા આવેલા સ્વજનાદિ હોય તેઓને પણ પહેલા ગુરુ કે વડીલ પાસે મોકલવા. તેઓ ગુર્વાદિને વંદન કરી લે, ત્યાર બાદ જ ગુર્વાદિની અનુમતિ લઈ એ સ્વજનો વગેરે સાથે બેસી શકાય.

આવું કરવામાં આવે તો આવનારા સ્વજનોને પણ ઔચિત્યનો ખ્યાલ આવે. તેમને સંયમી પ્રત્યે બહુમાન જાગે કે "અમારા મહારાજ કેટલા બધા વિનયી છે ! ગુરુ-વડીલ પ્રત્યે કેવો ઉત્કૃષ્ટ આદર-ભાવ ધરાવે છે !"

આ બધું થાય કે ન થાય પણ સંયમીને પોતાને તો આવા ઔચિત્ય-સેવનથી પ્રચંડ કર્મક્ષયની પ્રાપ્તિ થયા વિના ન જ રહે.

એટલે પોતાને મળવા આવેલા સ્વજનાદિને પણ સૌપ્રથમ ગુરુ-વડીલાદિની પાસે જ મોકલી આપવાનો આ નિયમ યોગ્ય જ છે.

<u>૧૬૬. (વિજાતીયપરિચયાદિ ન થાય તે માટે) હું ગૃહસ્થોને રક્ષાપોટલીઓ આપીશ નહિ :</u>

ખેદની વાત છે કે આજે રક્ષાપોટલી રાખવાનો, બાંધવાનો આખો ઉદ્દેશ જ બદલાઈ ગયો છે. ગૃહસ્થો લગભગ સાંસારિક સુખોની દૃષ્ટિથી જ, સાંસારિક મુશ્કેલીઓ ન આવે એવી વિચારધારાથી જ રક્ષાપોટલીઓ બાંધતા થયા છે.

"મારા સમ્યગ્દર્શનાદિગુણોને ખતમ કરનારા નિમિત્તોથી આ મંત્રિત રક્ષાપોટલી મારું રક્ષણ કરશે." એવી નિર્મળભાવના, શ્રદ્ધા ઘણી ઓછી જોવા મળે છે.

૫૦-૧૦૦ વર્ષ પહેલા પ્રાયઃ સિદ્ધચક્રપૂજન વખતે બધાને રક્ષાપોટલી અપાતી એ વખતે જો સાધુઓ હાજર હોય તો તેઓ રક્ષાપોટલીને મંત્રિત કરી આપતા અને નહિ તો વિધિકારક જ રક્ષાપોટલીઓને મંત્રિત કરીને બધાને એક એક બાધા આપવાપૂર્વક રક્ષાપોટલીઓ આપતા. પણ આ સિવાય રક્ષાપોટલીઓ અપાતી ન હતી. સંયમીઓ રક્ષાપોટલી રાખતા ન હતા.

આજે તો દુકાનોમાં રક્ષાપોટલીઓ વેંચાતી મળે છે. શ્રાવકો પણ ઉપાશ્રયમાં આવેલા સંયમીઓ પાસે રક્ષાપોટલીઓ માંગતા થયા છે. શ્રાવકોને ખુશ કરવા કેટલાંક સંયમીઓ રક્ષાપોટલીઓ રાખતા અને આપતા પણ થયા છે. કેટલાંકો તો વળી અવનવી, આકર્ષક રક્ષાપોટલીઓ તૈયાર કરાવે છે.

શ્રાવકોને માટે સંયમીઓ રક્ષાપોટલી બનાવડાવે, પોતાની પાસે મોટા પ્રમાણમાં રાખે અને માંગનારા શ્રાવકોને તે આપીને ખુશ કરે, ભક્ત બનાવે એ કેટલું ઉચિત ? એ તો આજના ગીતાર્થ-સંવિગ્ન મહાપુરુષો જ નક્કી કરે.

રક્ષા પોટલીઓ આપવામાં ધીમે ધીમે બહેનોને પરિચયાદિ વધવાની મોટી શક્યતા છે.

આ રીતે રક્ષાપોટલીઓ આપનારા સંયમીઓના મનમાં શું ખરેખર એ શ્રાવકોનું હિત કરવાની

ભાવના છે ? કે એમને ખુશ કરીને ભક્ત બનાવવાની ભાવના છે ? એ પણ વિચારણીય તો છે જ.

એમ લાગે છે કે સંયમીઓ સિદ્ધચક્ર પૂજનમાં રક્ષાપોટલીઓ મંત્રી આપે એ હજી ચાલે. પણ પોતે જાતે રક્ષાપોટલી બનાવડાવે, પોતાની પાસે રાખે અને પોતે જાતે રક્ષાપોટલીઓ આપે, સાક્ષાત પોતે બાંધી આપે એ બધું શ્રમણધર્મની મર્યાદાનું ઉલ્લંઘન છે.

છતાં મહાગીતાર્થ-મહાસંવિગ્ન આચાર્ય ભગવંતોને આ અપવાદમાર્ગ લાગતો હોય અને એટલે તેઓ આ આદરતા હોય તો પણ એ સિવાય બાકીના સાધુ-સાધ્વીજીઓ માટે તો આ અત્યંત હેયકક્ષાનું જ કામ ગણાય. એવા સંયમીઓ તો દઢ નિર્ણય કરી શકે કે હું આ બાબતમાં નહિ પડું.

આજે ઘણા કટ્ટર સંયમીઓ રક્ષાપોટલી માંગનારા શ્રાવકોને નમ્ર છતાં સ્પષ્ટ ભાષામાં કહી દેતા હોય છે કે "અમે રક્ષાપોટલીઓ રાખતા નથી અને આપતા નથી." આચાર્ય ભગવંતો સિવાય કોઈપણ સંયમીઓ રક્ષાપોટલીની આપ-લેમાં ન પડે એ ખૂબ જ ઉચિત જણાય છે. આચાર્ય ભગવંતો તો મહાગીતાર્થ-મહાસંવિગ્ન હોય એટલે તેઓ ઉત્સર્ગ-અપવાદ જાણીને એમને જે યોગ્ય લાગે એ તેઓ કરી શકે.

<u>૧૬૭. હું ગુરુની કે વડીલની હાજરીમાં વાસક્ષેપ નાંખીશ નહિ છેવટે ગુરુની રજા લઈને નાંખવાની છૂટ :</u>

રક્ષાપોટલીની માફક જ વાસક્ષેપનો ઉદ્દેશ પણ આખો બદલાઈ ગયો છે. સંયમીઓ વાસક્ષેપ નાંખતી વખતે એવી ભાવના વ્યક્ત કરે છે કે "તમે જલ્દી સંસારસાગરને તરો" અને અબુધ ગૃહસ્થો એમ વિચારે છે કે "આ વાસક્ષેપથી અમને સંસારના સુખો મળશે. પૈસો વધશે, મુશ્કેલીઓ જશે." (અર્થાત્ સંસારવૃદ્ધિની અપેક્ષા રાખે છે.)

"સંયમીઓના સંયમપ્રભાવથી ભાવિત થયેલ વાસક્ષેપ મારા મસ્તક ઉપર પડશે તો મારી બધી પાપવાસનાઓ ખલાસ થઈ જશે." એવી શ્રદ્ધાથી વાસક્ષેપ નંખાવનારા શ્રાવકો કેટલા મળે ?

પણ ઉપાશ્રયમાં આવનારા લગભગ બધા ગૃહસ્થો વાસક્ષેપની માંગણી કરતા હોય છે. અને હવે તો નાના નાના સંયમીઓ પણ (ગૃહસ્થોનું હિત કરવા કે પછી પોતાના ભક્તો વધારવા કે પછી બીજા કોઈક કારણસર ?) વાસક્ષેપ નાંખતા થયા છે. એમાં વળી બહેનોને વાસક્ષેપ નાંખવાનો વખત પણ આવે, પરિચયાદિ વધે... એ બધા નુકશાનોની ભરપાઈ થઈ શકતી નથી.

કેટલાંક સંયમીઓ આ બાબતમાં પણ સ્પષ્ટ છતાં નમ્ર ઉત્તર આપતા હોય છે."અમે વાસક્ષેપ રાખતા નથી અને કદાચ મંત્રજપ માટે રાખ્યો હોય તો નિષ્કારણ વાસક્ષેપ નાંખતા નથી."

આ પ્રતિજ્ઞાનો સ્પષ્ટાર્થ આ પ્રમાણે છે.

(૧) જો મારા કરતા કોઈપણ વડીલ હાજર હોય તો મારે વાસક્ષેપ નાંખવાની જરૂર જ નથી. એ વડીલ પાસે જ વાસક્ષેપ કરાવી શકાય. એટલે વડીલની હાજરીમાં કોઈને પણ વાસક્ષેપ ન નાંખવો.

(૨) હું જ જ્યારે વડીલ તરીકે હોઉં, મારાથી મોટું કોઈ હાજર ન હોય ત્યારે પણ મોટી તપશ્ચર્યાવાળાઓને, મોટા રોગાદિથી અસમાધિસ્થ બનેલાઓને કે એવા ગાઢ કારણવાળાઓને વાસક્ષેપ કરીશ. પણ આવા કોઈ કારણ વિના વાસક્ષેપની માંગણી કરનારાઓને નમ્ર ભાષામાં નિષેધ કરી દઈશ.

"કોઈક મોટી આરાધના કરો તો વાસક્ષેપ નાંખી આપું." એવી ભાષામાં ખોટું ન લાગે તે રીતે વાસક્ષેપ નાંખવાનું ટાળીશ.

(૩) ગુરુ કે વડીલની હાજરી હોવા છતાં કોઈક મારા જ પ્રત્યેની શ્રદ્ધાથી મારા હાથે જ વાસક્ષેપની અપેક્ષા રાખે તો પ્રથમ તો એને સમજાવીને ગુરુના હાથે જ વાસક્ષેપ કરાવીશ. છતાં અતિ-આગ્રહ કરે તો ગુરુની રજા લઈને વાસક્ષેપ નાંખીશ.

વડીલ ન બનેલા સંયમીઓ આ બાબતથી સહેલાઈથી બચાવ પામી શકે છે.

આચાર્ય ભગવંતાદિઓની તો વાત જ જુદી છે.

**૧૯૮. મારા કરતા વડીલ સંયમી સાથે હોય તો હું સ્થાપનાચાર્યજી રાખીશ નહિ :**

"સ્થાપનાચાર્યજી ન રાખવા" એવી બાધા આપી શકાય ખરી ? એવો પ્રશ્ન થાય ખરો પણ ઉંડાણપૂર્વક વિચારતા એનું સમાધાન પણ મળી જશે.

"સ્થાપનાચાર્યજી=ભગવાન રાખવા એ તો સારું કાર્ય ગણાય" એવું જ ઘણા સંયમીઓ માને છે અને અપેક્ષાએ એ વાત સાચી છે. પણ (૯૧)"જેટલા સંવરના સ્થાનો છે, એટલા જ આશ્રવના સ્થાનો છે." એ શાસ્ત્રવચનના રહસ્યને પણ ઉંડાણથી સમજવું જરૂરી છે.

પ્રાચીનકાળમાં આખા ગચ્છમાં મુખ્યત્વે ગચ્છાચાર્યના એક જ સ્થાપનાજી રહેતા. તમામ સંયમીઓ એ સ્થાપનાચાર્યજી પાસે બધી ક્રિયાઓ કરતા. કોઈપણ સંયમીઓ સ્વતંત્ર સ્થાપનાચાર્યજી ન રાખતા. આનો લાભ એ થતો કે કોઈપણ ક્રિયા કરવા માટે ગુરુની પાસે આવવું પડતું, કેમકે સ્થાપનાજી તો ગુરુ પાસે જ હોય અને ગુરુની પાસે ક્રિયા કરવામાં આળસ, પ્રમાદ, ઉપેક્ષાદિ દોષો ન સેવાતા. ઈરિયાવહિ વગેરે ક્રિયાઓ વિધિસર થતી. બધા સંયમીઓ માંડલીમાં જ પ્રતિક્રમણ કરતા.

આજે જેની પાસે પોતાના સ્વતંત્ર સ્થાપનાજી છે, એ સંયમી તો ઈરિયાવહિ વગેરે ક્રિયાઓ પોતાના સ્થાને જ કરી શકે ગુર્વાદિ પાસે જવું ન પડે. અને પોતાના સ્થાને તો બેઠા બેઠા ઇરિયાવહિ કરે તો ય તેને કોઈનો ભય તો ન જ રહે. એટલે ધીમે ધીમે ક્રિયાઓમાં વેઠ ઉતારવાના સંસ્કારો પડે. આજે જ્યારે વિશાળ ગચ્છમાં દૃષ્ટિ ફેરવીએ છીએ ત્યારે ક્યાંક ક્યાંક આવા દશ્યો નજરે પડે છે. પોતાના ભગવાનની પાસે બેઠા-બેઠા, ભગવાનની સન્મુખ પણ થયા વિના ઈરિયાવહિ કરનારા સંયમીઓ દેખાય છે.

એમ સ્વતંત્ર સ્થાપનાજી હોવાથી સંયમીઓ માંડલીને બદલે જુદું પ્રતિક્રમણ કરતા થયા. એમાં ય ક્રિયાઓમાં વેઠ ઉતારે. માંડલીમાં તો બધાની હાજરી હોવાથી સહજ રીતે સુંદર ક્રિયા થાય.

આમ સ્વતંત્ર સ્થાપનાજી રાખવાથી (૧) ગુરુ સન્મુખ જવાદિ વિનય ઘટ્યો. (૨) માંડલીના પ્રતિક્રમણમાં ખાડાઓ પડવા લાગ્યા. (૩) ક્રિયાઓમાં વેઠ ઉતરવા લાગી.

આ બધું જોઈને આ નિયમ બનાવવો જરૂરી લાગ્યો.

જે સંયમીની સાથે ગુરુ કે વડીલ હાજર હોય અને એમના સ્થાપનાજી સાથે હોય તેણે સ્વતંત્ર સ્થાપનાજી રાખવાની કોઈ જરૂર જ નથી. હા ! જેઓ પદવીધર હોય, અથવા સ્વયં સૌથી મોટા વડીલ હોય તો પછી તેઓ ભલે સ્થાપનાજી રાખે. પણ બાકીના નાના સંયમીઓ સ્વતંત્ર સ્થાપનાજી ન રાખે

એ યોગ્ય ભાસે છે.

હા ! ગુરુ કે વડીલ જ કોઈક કારણોસર સ્વતંત્ર સ્થાપનાજી રાખવાનું જણાવે તો પછી કોઈ દોષ નથી. પણ તે સંયમીએ ઉપરના દોષો ઘુસી ન જાય એની સંપૂર્ણ કાળજી કરવી રહી.

**૧૬૯. જે સ્થાનેથી ગૃહસ્થોના ઘરમાં દૃષ્ટિ પડે તે સ્થાને હું બેસીશ નહિ :**

(૯૨)સંયમીઓની વસતિ અસંસક્ત હોવી જોઈએ. અર્થાત્ જ્યાં વિજાતીયનું રૂપ ન દેખાય, વિજાતીયના શબ્દો પણ ન સંભળાય, વિજાતીયની અવર-જવર પણ ન હોય એવો ઉપાશ્રય હોવો જોઈએ.

પણ પ્રાચીનકાળની આ શાસ્ત્રીય વ્યવસ્થા આજે તો સ્વપ્ન બની ગઈ છે. ટી.વી.-ટેપરેકોર્ડરના આ જમાનામાં આજુબાજુમાં વાગતા ગીતો-સંગીતો લગભગ બધા ઉપાશ્રયોમાં સંભળાતા હોય છે. પિક્ચરો જોઈને આવેલા સંયમીઓને એ ગીતના શબ્દો દ્વારા પિક્ચરના દશ્યો પણ યાદ આવે અને એનાથી નુકસાન પણ થાય.

એમાં ય શહેરોના ઉપાશ્રયોમાં તો આજુબાજુમાં નજીકમાં જ મોટા બિલ્ડીંગો, ઘરો હોય. 'ઘરોમાં રહેલા ટી.વી. વગેરેના દશ્યો સ્પષ્ટ દેખાય' એટલા નજીક તે ઘરો હોય છે. એમાં બહેનો કામ કરતા હોય.. ઈત્યાદિ પણ દેખાય. આ બધી પરિસ્થિતિમાં નિર્મળ પરિણામ ટકાવી રાખવા મોટા રૂસ્તમોને પણ ભારે પડે એ સ્વાભાવિક છે.

એટલે પ્રથમ વિકલ્પ તો એ જ છે કે આવા રૂપ-શબ્દથી સંસક્તસ્થાનોમાં રહેવું જ નહિ. આવા ઉપાશ્રયોમાં ઉતરવું જ નહિ. પણ જ્યારે મોટા ભાગે બધે જ આ દશા ઉભી થઈ છે ત્યારે આવા તમામ ઉપાશ્રયો છોડી દેવા એ પ્રાયઃ શક્ય નથી.

તો એ વખતે આ માર્ગ અપનાવવો કે ઉપાશ્રયમાં જે બારી-બારણા વગેરેના સ્થાનથી ગૃહસ્થોના ઘરોમાં નજર પડતી હોય તે બારી-બારણા બંધ જ રાખવા. ત્યાં બેસવું જ નહિ. જે બીજા સ્થાનો હોય ત્યાં જ બેઠક રાખવી.

એક મહાન, ગીતાર્થ, સુવિહિત આચાર્ય ભગવંત તો જ્યાં આવા બારી-બારણા હોય કે જેમાંથી ગૃહસ્થોના ઘરોના દશ્યો દેખાય ત્યાં ભીંત જ ચણાવડાવતા. તેઓ માનતા કે આ ભીંત ચણાવવામાં જે દોષ છે એના કરતા સંયમીના પરિણામો ખલાસ થઈ જવામાં મોટો દોષ છે.

આજે પણ એવા બારી-બારણાઓના સ્થાને ભીંત ચણાવી દેવાય તો એમાં ઓછો દોષ લાગે. પણ એ શક્ય ન બને તો એ બારી-બારણા કાયમ બંધ રાખવા અથવા છેવટે એવા સ્થાનોમાં ન બેસવું એ યોગ્ય છે.

સંયમી જો આવા સ્થાનમાં બેસીને સ્વાધ્યાયાદિ કરે તો કાં તો ઘરોમાં રહેલા લોકોની સંયમી ઉપર નજર પડે, એમાં ય સતત નજર પડવાથી એ લોકોને જ ખરાબ વિચાર આવે. અથવા સંયમીની જ જાણે-અજાણે એ ઘરોમાં નજર પડવાથી, ટી.વી. વગેરે દશ્યો દેખાવાથી ખરાબ વિચારો જાગે.

એવું સાંભળ્યું છે કે 'બોમ્બેમાં એક સંયમી ઉપાશ્રયમાં બેઠા બેઠા ટી.વી. ઉપરની બધી સિરિયલો જોતા હતા.'

આ બધા નુકશાનો ખૂબ જ ભારે પડે એવા છે. એક સંયમી સંયમપરિણામ ગુમાવી શિથિલાચારી બને અને પાછો સાધુવેષ રાખીને સાધુ તરીકે ફરે એટલે એ જેટલો કાળ જીવે એટલો કાળ એ શાસનને માટે નુકસાનકારી બને, કેમકે એના દ્વારા શિથિલાચારનો, ખોટા વિચારોનો જ ફેલાવો થાય. એટલે ક્યાંય આવા દોષો ઘુસી ન જાય તેની કાળજી અતિ-આવશ્યક છે.

જ્યાંથી ગૃહસ્થોના ઘરમાં દૃષ્ટિ પડે એ સ્થાન વધારે હવા-ઉજાસવાળું હોય, સ્વાધ્યાય માટે અનુકૂળ હોય તો પણ એ સ્થાનને છોડી જ દેવું. ઉપાશ્રયના બાકીના સ્થાનોમાં બેસવું.

**૧૭૦. હું સારી ગોચરીની પ્રશંસા કે ખરાબ ગોચરીની નિંદા કરીશ નહિ :**

મોક્ષાર્થી આત્મા માત્ર શરીરને ટકાવવા માટે જ જ્યારે વાપરતો હોય ત્યારે એને વળી "ગોચરી સારી કે ખરાબ" એવો ભેદ જ ક્યાંથી હોય ? ગોચરીના રાગ-દ્વેષાદિ પાંચે ય દોષો વિનાનો મહાત્મા કોઈપણ વસ્તુને સારી કે ખરાબ જોતો જ નથી.

છતાં એવા મહામુનિઓ ઘણા ઓછા હોય. સામાન્યથી ગોચરી વાપરવામાં રાગ-દ્વેષ, અનુકૂળ-પ્રતિકૂળના વિચારો અનુભવસિદ્ધ જોવા મળે છે. સારી વસ્તુ મળે તો આનંદ થાય છે. ખરાબ વસ્તુ મળે તો મોઢું બગડે છે. સારા દ્રવ્યો વધારે વપરાય છે. પ્રતિકૂળ દ્રવ્યો મંગાવ્યા કરતા પણ ઓછા વપરાય છે.

રોટલીઓ ગરમાગરમ, પાતળી, ખૂબ મોણવાળી હોય તો ખોરાક દોઢો-બમણો થાય અને જાડી, લુખ્ખી, ચાવવી પડે એવી રોટલી હોય તો ખોરાક અડધો-પોણો થઈ જાય છે. એમ શાક, દાળ વગેરે બધામાં ડગલે ને પગલે અનુકૂળતા અને પ્રતિકૂળતાના માનસિક ચિંતનો લગભગ ચાલતા જ હોય છે.

આમ છતાં "આ માનસિક સંજ્વલનકક્ષાના પાપો છે" એમ સમજીને હજી એનાથી ચારિત્ર ઘાત ન પણ માનીએ. પણ પાત્રામાં અણભાવતી વસ્તુ આવી પડે અને ગુસ્સાથી શબ્દો નીકળી પડે — આ તદ્દન નકામી વસ્તુ છે. બિલકુલ સ્વાદ નથી. આવી વસ્તુઓ વહોરવાની જ નહિ / આ દાળ તો સખત તીખી છે. બમણું મરચું નાંખ્યું લાગે છે / આ શાકમાં તેલનો ડબો જ ઉંધો વાળી દીધો છે/ આ રોટલીઓ કાચી છે. બરાબર પાકી નથી. — આવા ગોચરીની નિંદાસ્વરૂપ વચનો નીકળી પડવા એ ઘણો વધારે દોષ છે. મન ચંચળ હોવાથી એને કાબુમાં ન રાખી શકાય એ હજી સમજાય. પણ વાણી ઉપરનો કાબુ પણ જતો રહે એ આંતરિક દોષોની પરાકાષ્ઠાની નિશાની છે.

એ જ રીતે — આ કઢી તો શીખંડ જેવી છે / આ રોટલીઓ ખૂબ મોણ વાળી હોવાથી અત્યંત અનુકૂળ પડે છે વાપરવાની મજા આવે છે / આ દાળની મીઠાશ તો જુઓ ! ચોખ્ખા-શુદ્ધ અનાજમાંથી આ દાળ પકાવેલી લાગે છે ! — વગેરે રૂપ ગોચરીની કોઈપણ વસ્તુ માટે સારા વચનો બોલવા એ ગોચરીની પ્રશંસા નામનું પાપ છે.

રાગ પૂર્વક વાપરીને માનસિક પાપ તો કરી જ લીધું. હવે એની પ્રશંસા કરીને એ પાપને નિકાચિત કરવાની ભુલ કાં કરો ?

ખાતી વખતે રાગ-દ્વેષ ન રોકી શકાતા હોય તો પણ કમસે કમ એની નિંદા-પ્રશંસાથી તો છૂટકારો મેળવવો જ જોઈએ. જાત ઉપર ધિક્કાર થવો જોઈએ કે "જે વિષયસુખોને ભૂંડા માન્યા, લોકોને

ઉપદેશ્યા એમાં જ હું આસક્ત બની ગયો ! મારી દીક્ષા શું આ માટે છે ?"

મહાપુરુષો ગોચરી માંડલીને કતલખાનું કહે છે. એમાં તો જલ્દી વાપરી લઈ, કંઈપણ બોલ્યા વિના બહાર નીકળી જવું. આખો દિવસ ગોચરી સંબંધી કોઈપણ વસ્તુ માટે કોઈપણ ચર્ચા-વિચારણા ન કરવી એ જ શ્રેયસ્કર છે.

**૧૭૧. હું જે ટપાલ લખું એ અને મારી ઉપર જે ટપાલ આવે તે ગુરુ / વડીલને વંચાવીશ - એ પછી જ મોકલીશ / વાંચીશ :**

ગાઢ કારણસર જે પત્રો લખવા પડે એ ગુરુ કે વડીલને વંચાવ્યા વિના ન મોકલાય. પત્ર લખવામાં કંઈપણ ભુલ થતી હોય તો ગુરુ / વડીલ એ તરફ ધ્યાન દોરી શકે. આપણા સંયમને ડાઘ લગાડે એવું કંઈપણ લખાણ થયું હોય તો ગુરુ તેને અટકાવી શકે.

વળી ગુરુથી શિષ્યની કોઈપણ વાત ખાનગી ન જ હોવી જોઈએ. ગુરુ ન જાણતા હોય એવી પ્રવૃત્તિ શિષ્ય કરે એ લાંબે કાળે એના માટે નુકશાનકારી બને.

એ જ રીતે કોઈનો પણ પત્ર આવે તો સૌ પ્રથમ ગુરુને જ આપી દેવો. ગુરુ જ એ કવર ફાડી, પત્ર કાઢી, વાંચીને શિષ્યને આપે.

જો સંયમીઓ ગુરુ / વડીલ પ્રત્યેની આવા પ્રકારની પરતંત્રતા કેળવી લે તો એમના જીવનમાં ઘણા દોષો પ્રવેશ કરતા અટકે. ગુરુને પત્ર વંચાવવાનો ન હોય તો પછી પત્રમાં ગમે તેવી ભાષામાં પણ સંયમી લખે. એમાં ક્રોધથી કર્કશભાષા પણ લખે તો મજાક-મશ્કરીના શબ્દો ય લખે. જેને પત્રો લખવાની જરૂર ન હોય એને પણ લખે. જ્યારે ગુરુને વંચાવીને પત્રો મોકલવાના હોય તો આડું-અવળું કંઈપણ લખવાની હિંમત ન ચાલે. સીધી-સાદી ભાષામાં અત્યંત જરૂરિયાત પુરતા જ પત્રો લખાય. નકામા પત્રવ્યવહારો આપમેળે બંધ થાય.

જેમ સમજુ શ્રાવક કોઈને ને કોઈને પોતાના માથે રાખે છે. એમ સંયમી સામાન્યથી નિશ્રા વિનાનો ન હોય. નિશ્રા એટલે પારતન્ત્ર્ય, સમર્પિતભાવ. કશું ખાનગી ન હોય. આવા જ સાધુની ભિક્ષા સર્વસંપત્કરી બને છે.

**૧૭૨. હું ગૃહસ્થો પાસે સીધી કોઈપણ વસ્તુ મંગાવીશ નહિ, પણ ગુરુ / વડીલ દ્વારા જ એ વસ્તુ મેળવીશ :**

આ નિયમ મહત્વનો છે. આજે સંયમીઓને માંદગીના કારણે દવાઓ મંગાવવી હોય, ઉપધિ તરીકેના વસ્ત્રો મંગાવવા હોય, બામની બોટલ, વિહારમાં ફાટી જતી ચામડી માટેની ક્રીમ વગેરે મંગાવવું હોય, હરડે-ત્રિફળા વગેરે આયુર્વેદિક ઔષધિઓ મંગાવવી હોય, સાથે રાખેલા માણસ વગેરેને પૈસા અપાવવા હોય, મળવા આવેલા સ્વજનાદિને જમાડવાની વ્યવસ્થા કરવાની હોય... આવા અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે. એ વખતે સંયમીઓ ગુરુ કે વડીલને જાણ કર્યા વિના બધું પોતાની મેળે જ પતાવી દે એ બિલકુલ ઉચિત ન ગણાય.

કોની પાસે વસ્તુઓ મંગાવવી, કેટલી કિંમતની મંગાવવી, કેવી રીતે અને ક્યારે મંગાવવી આ બધી હોંશિયારી ગુરુ-વડીલો પાસે હોય. બાકીના સંયમીઓ આમાં ઘણી ગફલત કરી બેસે. દા.ત. એક

ગામમાં એક સંયમીએ બહારગામથી આવેલા એ જ ગામના યુવાન પાસે ૪૦૦, ૫૦૦ રૂપિયાની દવાઓ મંગાવી. નોકરી કરીને પોતાનું ગુજરાન માંડ ચલાવતો એ યુવાન ભક્તિભાવ, ઔચિત્યને લીધે ૫૦૦ રૂપિયાની દવા લઈ આવ્યો. મંગાવનાર સંયમી ત્યારે ન દેખાતા યુવાને ગુરુને જઈને દવા આપી, ગુરુ સ્તબ્ધ થઈ ગયા. દવાની કિંમત પુછી, યુવાનની હાલત પુછી અને ત્યાંના શ્રીમંતો પાસે તેને ૫૦૦ રૂપિયા અપાવી દીધા. સંયમીને બોલાવીને ઠપકો આપ્યો કે "આવા યુવાન પાસે આટલી મોંઘી દવાઓ મંગાવાતી હશે ? બિચારાના ભાવ શું ટકે ?"

એમ અજ્ઞાની સંયમી કોઈક શ્રાવક પાસે વસ્ત્રો ખરીદીને મંગાવે. જ્યારે હોંશિયાર ગુરુ કાપડના વેપારી શ્રાવકને જ વસ્ત્રની વાત કરે. એ વેપારી માટે એટલું કપડું તો સાવ મામુલી ગણાય. જ્યારે બીજાને એ કાપડ ખરીદવામાં પૈસાનો વ્યય થતો દેખાય. કદાચ ભારે પણ પડે.

૧૦ સાધુઓના એક ગ્રુપમાં આજે પણ આ નિયમ પળાય છે કે કોઈપણ સંયમી એક રૂપિયાની વસ્તુ પણ જાતે મંગાવતો નથી. ગુરુને જ કહે છે અને ગુરુ એ વસ્તુઓ મંગાવી આપે છે.

વળી અપરિપક્વ સંયમીઓ શ્રાવક પાસે સીધી વસ્તુ મંગાવે અને તે ના પડે અથવા ભક્તિભાવ ઓછો દેખાડે તો સંયમી ગુસ્સે થઈને ગમે તેમ બોલી નાંખે, પેલાના ભાવપ્રાણ ખલાસ થઈ જાય. રે ! એ સાધુઓ પાસે આવતો બંધ થઈ જાય એટલી હદે એને ઠપકારી દે. દા.ત. એક સાધુએ અમુક ગ્લાન સાધુ માટે એકસાથે પાંચ ઈંજેક્શન એક શ્રાવક પાસે મંગાવ્યા. શ્રાવક એક જ ઈંજેક્શન લાવ્યો અને કહ્યું કે,"આ ઈંજેક્શન તો ફ્રીઝરમાં મૂકી રાખવા પડે. એટલે એક સાથે લાવીએ તો બાકીના ચાર સાચવવા પડે. એટલે જ્યારે જોઈએ ત્યારે ફરી મને કહેજો. હું એક એક લાવી આપીશ." અપરિપક્વ સંયમીએ ટ્રસ્ટીઓને એ પ્રતિષ્ઠિત શ્રાવક માટે ફરિયાદ કરી કે,"એ કંજુસ છે. પૈસા ખરચવાનો જીવ ચાલતો નથી." આ વાત ટ્રસ્ટીઓ દ્વારા શ્રાવકના કાને પહોંચી. એને ખૂબ જ આઘાત લાગ્યો. પોતાની બદનામી થતી જોઈ એને સાધુ પ્રત્યે પુષ્કળ અસદ્ભાવ થયો.

વળી આ રીતે ગુરુને પૂછ્યા વિના વસ્તુઓ મંગાવવી એ મોટી સ્વચ્છંદતા છે. અત્યારે સંયમ માટેની વસ્તુઓ મંગાવનારો આ સ્વચ્છંદી સંયમી આવતી કાલે શોખ માટેની વસ્તુઓ પણ મંગાવશે જ. પણ ગુરુ કે વડીલ દ્વારા જ વસ્તુઓ મંગાવવાની હશે તો તેઓ ખોટી-નકામી વસ્તુઓ મંગાવવાનો નિષેધ કરી સંયમીના સંયમની રક્ષા કરશે.

એટલે નાનકડી સોંય, સાબુ કંઈપણ મંગાવવું હોય, સંયમીઓએ ગુરુ કે વડીલને જ એ કામ સોંપવું. છેવટે એ વસ્તુ મંગાવવાની એમની રજા લીધા બાદ એ વસ્તુઓ મંગાવવી. પણ ગુરુ / વડીલને ખબર જ ન રહે એવી રીતે તો વસ્તુ ન જ મંગાવાય (ગુરુ ગેરહાજર હોય, ત્યારે વડીલની રજા લેવાની છે.)

<u>૧૦૩. જો મારી નાની કોઈપણ વસ્તુ ખોવાય તો બે દ્રવ્યનું એકાસણું કરીશ અને મોટી કોઈપણ વસ્તુ ખોવાય તો એક આંબિલ કરીશ :</u>

સંયમીની પોતાની વસ્તુઓ ખોવાઈ જાય એ હજી નાનો દોષ છે. એના કરતાં વધુ મોટો દોષ એ છે કે કેટલાંક સંયમીઓ પોતાની મેળે જ પોતાની વસ્તુ નાંખી દેતા હોય છે. નવો કપડો લઈને કેટલાંક

જૂનો કપડો રખડતો મૂકી દે. નવું આસન લઈને જૂનું આસન ગમે ત્યાં નાંખી દે. લુંછણિયું, ચોલપટ્ટો, થેલો વગેરે જે વસ્તુ અણગમતી થઈ જાય અને નવી લેવાનું મન થાય એ જુની વસ્તુઓ ઉપાશ્રયમાં મૂકીને જતા રહે. કેટલાંક ઉપાશ્રયોમાંથી આખાને આખા કપડાઓ, ચોલપટ્ટાઓ, તરપણીના દોરાઓ, ટોક્સીઓ સંયમીઓના ગયા પછી ભેગા થતા જોયા છે.

સંયમીએ પોતાના તમામ ઉપકરણો બરાબર સાચવવા જ પડે. જો ઉપકરણ ખોવાય તો એ ઉપકરણનો બીજા સંસારીઓ તો ખોટા-ખરાબ-અસંયમના કામમાં જ ઉપયોગ કરવાના. એ બધાનો દોષ સંયમીને લાગે.

એટલે સંયમીએ પોતાની વસ્તુ ખોવાઈ ન જાય એની કાળજી રાખવી. જો ખોવાઈ જાય તો બરાબર તપાસ કરવી. એક સંયમીની સુપડી ઉપાશ્રયમાં રહી ગઈ. વિહાર કરીને ૩-૪ કિ.મી. ગયા બાદ યાદ આવ્યું. તો સુપડી લેવા જાતે પાછા ફર્યા. ૬-૭ કિ.મી.નો વધુ વિહાર કર્યો પણ વસ્તુ ખોવાવા તો ન જ દીધી.

એક બે સંયમીઓ એક ઠેકાણે તરપણી ભુલી ગયા. બે કિલોમીટર વિહાર કર્યા બાદ યાદ આવતા ગુરુએ બંનેને તરપણી લેવા પાછા મોકલ્યા.

વસ્તુ ભૂલી જવાય તો એની તપાસ કરવા ગૃહસ્થોને મોકલાય નહિ. એમાં તો ક્યારેક વધારે મોટો દોષ સેવાય. ભુલાઈ ગયેલી સુપડી લેવા માટે ગૃહસ્થોને મોકલીએ તો એ સ્કુટર ઉપર જશે. ૮-૧૦ કિ.મી.ની સ્કુટર દ્વારા ભયંકર વિરાધના થશે. સુપડી ખોવાઈ જવા કરતા આ મોટો દોષ કહેવાય. એમ ખોવાઈ ગયેલી વસ્તુ માટે ફોન કરાવવો એ ય ઉચિત નથી.

એક સંયમીગ્રુપ જુના સ્થાને દોરી ભુલી ગયું. ફોન કરીને ત્યાંના શ્રાવકને દોરી આપવા આવવા કહ્યું. એ શ્રાવક દોરી છોડી, દોરી લઈ સ્કુટર ઉપર આગળના ગામમાં સંયમીઓને દોરી આપવા નીકળ્યો, એક્સીડન્ટ થવાથી રસ્તામાં જ મરી ગયો. શું થાય ? એના ઘરવાળાઓ તો એમ જ વિચારે ને કે સંયમીઓનું કામ કરવા જતાં મૃત્યુ થયું.

જો શક્તિ હોય, સમય હોય તો ભુલાઈ ગયેલી વસ્તુ લેવા જાતે જ જવું જોઈએ. પણ જો શક્તિ-સમય ન હોવાથી વસ્તુ લેવા ન જઈ શકાય તો સ્કુટર દોડાવવા વગેરે રૂપ મોટી વિરાધના ન કરાવાય. એ વખતે એ વસ્તુ ખોવાઈ ગયા બદલ પ્રયાશ્ચિત્ત લેવું અને વધુમાં શિક્ષા રૂપે બે દ્રવ્યનું એકાસણું, આંબિલાદિ કરવું. કેટલીકવાર વિહાર સિવાય પણ ઉપાશ્રયમાં વસ્તુઓ ખોવાઈ જતી હોય છે દા.ત. દોરો ખોવાઈ જાય, લુણું ખોવાઈ જાય.. ક્યારેક તો આખાને આખા કપડા પણ ખોવાઈ જાય. કોઈકવાર બોલપેન, પુસ્તકાદિ ય ખોવાઈ જાય.

જેઓ જાણી જોઈને પોતાની વસ્તુ ઉપાશ્રયમાં મૂકીને જતા રહે એમના પરિણામ વધુ મલિન હોવાથી એમને વધુ પ્રાયશ્ચિત્ત આવે. આવી નિષ્ઠુરતા વહેલી તકે દૂર કરવી જોઈએ.

ઘણી બધી કાળજી કરવા છતાં જો વસ્તુ ખોવાય તો એની પાકી શોધ કરવી અને છતાં ન મળે તો પણ છેવટે નિયમમાં બતાવ્યા પ્રમાણે શિક્ષાનો સ્વીકાર કરવો. જો કોઈપણ પ્રકારની શિક્ષા નહિ રખાય તો ધીમે ધીમે નિષ્ઠુરતા, ઉપેક્ષા ઘુસી જશે.

દોરો, બોલપેન, લુણ્ણુ વગેરે નાની વસ્તુ ગણવી. જ્યારે કપડો, કામળી, થેલો વગેરે મોટી વસ્તુ ગણવી. (ખોવાયાનું જે પ્રાયશ્ચિત્ત આવે એ વધારાનું કરવું જ પડે.)

**૧૭૪. જો મારાથી કોઈપણ પાત્રુ-ઘડો તુટે તો હું બે દ્રવ્યનું એકાસણું / આંબિલ કરીશ :**

પાત્રા, ઘડાદિ ઉપકરણોનો ગમે તેમ ઉપયોગ કરવામાં આવે તો એ તુટી જવાની શક્યતા રહે છે. પણ આ ઉપકરણો ખૂબ જ કાળજીપૂર્વક મૂકવામાં આવે તો તુટતા નથી.

તુટેલા ઉપકરણો સ્વાસ્થ્ય, સંયમાદિને નુકસાન પહોંચાડનારા ગણાયા છે. માટે જ [૯૩]કોઈપણ ઉપકરણ અપવાદમાર્ગે ત્રણવાર સાંધવાની છૂટ છે. ચોથીવાર જો તિરાડ પડે તો પછી એ પરઠવીને બીજું જ ઉપકરણ લેવાનું જણાવેલ છે.

પાત્રા કે તરપણી ઉભા-ઉભા લુંછીએ અને એ હાથમાંથી પડી જાય તો એ તુટી જાય. એમ ઘડા જમીન પર મૂકતી વખતે કાળજી ન રાખે અને ધડ્ દઈને મૂકે તો પણ એ તુટી જાય કે તિરાડ પડે. જ્યારે પણ આ રીતે પાત્રા-તરપણી-ઘડાદિ તુટે, તિરાડ પડે ત્યારે જો ફરી સાંધી શકાય એવા ઓછા પ્રમાણમાં તુટ્યા હોય તો બે દ્રવ્યનું એકાસણું કરવું. અને જો ફરી સાંધી ન શકાય એવા મોટા પ્રમાણમાં તુટી ગયા હોય તો આંબિલ કરવું. છેવટે પોતાની અનુકૂળતા, શક્તિ પ્રમાણે કોઈપણ શિક્ષા ધારી લેવી.

**૧૭૫. હું પાત્રા-તરપણી નીચે બેસીને જ લુંછીશ, ઉભા ઉભા લુંછીશ નહિ :**

ઉભા ઉભા પાત્રા-તરપણી લુંછતી વખતે જો ભુલેચૂકે એ હાથમાંથી પડી જાય તો એના બે ટુકડા જ થાય. છેવટે મોટી તિરાડ તો પડે જ. જ્યારે બેસીને કે ઉભડગ પગે, હાથને જમીનથી નજીક રાખીને લુંછવામાં આવે અને કદાચ એ છટકે તો પણ એ જોરથી ન અથડાવાથી તુટી ન જાય અથવા તો નાની તિરાડ પડે.

વળી ઉભા-ઉભા પાત્રાઓ લુંછવા એ અસંયમની ક્રિયા છે. એટલે હવે પાત્રા-તરપણી પડે કે ન પડે, તુટે કે ન તુટે એ રીતે લુંછનારાને કર્મબંધ થવાનો જ, જ્યારે બેસીને લુંછનારાથી કદાચ પાત્રુ તુટી જાય તો પણ તેણે જયણાપાલન કરેલું હોવાથી કર્મબંધ ન થાય. પાત્રુ તુટવા છતાં કર્મક્ષય થાય.

**૧૭૬. હું કોઈપણ વસ્તુ ફેંકીશ નહિ કે ઘસડીશ નહિ :**

ગોચરીમાં સામસામે બેઠેલા સંયમીઓને લુણાની આપ-લે કરવી હોય તો એકાસણાદિને લીધે ઉભા થઈ શકે એમ ન હોવાથી લુણા હવામાં ફેંકીને એક-બીજાને આપે.

કોઈક ભક્તિ (!) વાળા સંયમીઓ દૂરથી બીજાના પાત્રામાં મીઠાઈના ટુકડા વગેરે પણ નાંખતા જોયા છે. એ ભોજનની વસ્તુ કાં તો સીધી પાત્રામાં પડે અથવા પાત્રાની બહાર જમીન ઉપર પડે. રજકણો ઢોળાય.

કેટલાંક સાહસિક સંયમીઓ તો લાડવા, મીઠાઈ વગેરેના ટુકડાઓ બોલની માફક નાંખે અને કેચ કરે.

અતિસાહસિક સંયમીઓ તો નાની-મોટી પાત્રીઓ પણ હવામાં ઉછાળીને બીજા સંયમી તરફ નાંખે. એ પકડી લે તો ઠીક, નહિ તો પાત્રી તુટી જવાની સંપૂર્ણ શક્યતા હોવા છતાં આ સંયમીઓને કોઈ ભય ન લાગે.

પડિલેહણ કરેલા કપડા વગેરે પણ નાખંનાખ કરતા સંયમીઓ દેખાયા છે.

જાણે કે ક્રીકેટમેચના શોખીન સંયમીઓ દીક્ષા લઈને એ શોખ અહીં પુરો કરતા હોય એવું લાગે.

આ બિલકુલ ચાલી ન શકે. રે ! અજૈનો પણ અન્નદેવતાને ફેંકવામાં ઘોર પાપ માને છે. તો સંયમીઓ આવી ખાવાની વસ્તુઓ હવામાં નાંખે, જમીન ઉપર ઢોળાય તેની પરવા ન કરે એ તો શી રીતે ચાલે ?

એમ પાત્રા, તરપણી, લુણા, બોલપેન, વસ્ત્રો વગેરે તમામ વસ્તુઓ માટે આ વાત સમજી લેવી.

કોઈપણ ભોગે વસ્તુઓ ફેંકવી નહિ. બે-પાંચ ડગલા ચાલીને એ વસ્તુ હાથોહાથ આપવી. ગોચરી માંડલીમાં ઉભા થઈ શકાય તેમ ન હોય તો બીજા સંયમી દ્વારા એ વસ્તુ પહોંચાડવી. પણ દીક્ષા લીધા બાદ અહીં ક્રિકેટ મેચની પ્રેક્ટીસ કરવી બિલકુલ શોભાસ્પદ નથી.

**૧૭૭. દેરાસરમાં ઓછામાં ઓછી ત્રણ સ્તુતિ રાગમાં બોલવી અને ઉવસગ્ગહરં સિવાયનું કોઈપણ એક સ્તવન રાગમાં બોલવું :**

"દેવાધિદેવ અનંતોપકારી છે" એવું પ્રત્યેક સંયમીઓ માનતા હોવાથી તેઓ તો પરમાત્મભક્તિમાં ભાન ભુલીને કલાકો સુધી અરિહંતભક્તિ કરતા જ હોય. પણ કાળની કે કાળજાની બલિહારી એવી છે કે કેટલાંકોને દેરાસરમાં બિલકુલ ભાવ જાગતા નથી. દેરાસરમાંથી જલદી ભાગી છૂટવાનું મન થાય છે. કેટલાંકો તો વળી એક પણ સ્તુતિ બોલ્યા વિના સીધું ચૈત્યવંદન કરે અને સ્તવન તરીકે ઉવસગ્ગહરં બોલીને બે જ મિનિટમાં દેરાસરમાંથી બહાર નીકળી જાય.

દીક્ષાજીવનમાં સંયમયોગ પ્રધાન છે એ વાત સાચી. પણ હૃદયની આવી શુષ્કતા, પરમાત્મા પ્રત્યે લાગણીનો અભાવ, પ્રભુ સાથે પાંચ મિનિટ વાતો કરવાની અધ્યાત્મિક શક્તિનો અભાવ એ તે આત્મામાં ઈર્ષ્યા, ક્રોધ, અહંકારાદિ અનેક કીડાઓને જન્મ આપી દેશે.

ઘણીવાર એવું બને છે કે શરૂઆતમાં સ્તુતિ બોલવાના ભાવ ન હોય પણ આ બાધાને કારણે રાગમાં સ્તુતિ બોલવામાં આવે ત્યારે મનમાં ભીનાશ પેદાશ થવા લાગે છે. અને ક્યારેક તો શરૂઆતમાં એક પણ સ્તુતિ બોલવાની ઈચ્છા ન હોવા છતાં પાછળથી એવો ભાવ જાગે કે ૨૫-૩૦ સ્તુતિઓ બોલવા છતાં પણ મન ધરાય નહિ. માટે જ આ નિયમ બનાવ્યો છે.

ભલે, ભાવ ન જાગતા હોય, ભલે ઉતાવળ હોય છતાં ય ત્રણ સ્તુતિઓ રાગ સહિત અવશ્ય બોલવી અને નાનકડું પણ સ્તવન રાગ સહિત બોલવું. એમાં મન-આત્મા તલ્લીન બને એવા પ્રયત્ન કરવા, પ્રભુને જ એ માટે પ્રાર્થના કરવી. આવું કરવાથી નક્કી શુભભાવો જાગશે, આત્મા ભીનાશને પામશે અને એટલે આત્મામાં રહેલા દોષો રૂપી મેલ પોચા પડશે. એ પછી સ્વાધ્યાય-સંયમાદિ યોગોથી એ દોષોનું ધોવાણ સાવ જ સરળ થઈ પડશે.

તપોવન સ્તુતિમાલામાં શ્રેષ્ઠ ભાવોથી ભરપૂર ૯૦ થી ૧૦૦ સ્તુતિઓ છે. એ કે તમને જે ગમે તે સ્તુતિઓ બોલવી. જેના જેમાં ભાવ ઉછળે એ સ્તુતિઓ તેને માટે સારી ગણાય. એ જ વાત સ્તવનમાં પણ સમજી લેવી.

१७८. हुं रोज रात्रे संथारो करती वखते दिवस दरम्याननी आराधना-विराधनाओनो हिसाब करीश :

ઉપદેશમાલાકાર કહે છે કે, [૯૪]"જે સંયમીઓ રોજે રોજ આ હિસાબ નથી માંડતા કે "આજે મેં કેટલી આરાધના કરી ? કેટલો વિરાધનાત્યાગ કર્યો ?" તે બિચારાઓ શી રીતે આત્મહિત કરશે ?"

દશવૈકાલિકકાર મહાપુરુષે પણ [૯૫]દિવસ દરમ્યાનની આરાધના-વિરાધનાની વિચારણા રોજેરોજ કરવાની ખાસ પ્રેરણા કરી છે.

સંથારો પાથરી દીધા બાદ સુતા પહેલા સંથારામાં બેસીને પાંચ-દસ મિનિટ માટે આ ચિંતન કરી શકાય. "સવારે ઉઠ્યા ત્યારથી માંડીને અત્યાર સુધી મેં શું કર્યું ? શું મેં બે કલાક વધારે ઊંઘ લીધી ? પ્રતિક્રમણ બેઠા-બેઠા કર્યું ? સવારે ગાથાઓ ગોખી ? ગપ્પા માર્યા ? ઠઠ્ઠા-મશ્કરી કરી ? માંડલીના કામમાં વેઠ ઉતારી ? ગોચરીના દોષો સેવ્યા ? અરિહંતભક્તિમાં લીનતા આવી ? ગુર્વાદિકની ભક્તિ કરી કે અવિનય કર્યો ?... આવી બધી વિચારણા કરી લેવી. એમાંય પોતાને જે દોષો વધારે સતાવતા હોય એ અંગે ખાસ વિચારણા કરવી કે "એ દોષોમાં હું આજે કેટલો ફસાયો ?"

રોજેરોજ કરાતા આ ચિંતનની જબરદસ્ત તાકાત છે. જો દોષો સેવાયા હોય તો એના પ્રત્યે પશ્ચાત્તાપ થવાથી એ અનુબંધવાળા ન બને. આરાધના કરવાનો ભાવ-શક્તિ વૃદ્ધિ પામે. માત્ર પાંચ-દસ મિનિટની આ આરાધના જીવનપરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે.

કેટલાંકોને 'હું પાપી છું, સાધુજીવન હારી ગયો છું.' એવા વિચારો સતત ચાલવાથી પણ ઉત્સાહ, ઉલ્લાસ તુટી ગયો હોય છે. પણ રોજીંદી આરાધનાની પણ વિચારણા કરવાથી ઉલ્લાસ, ઉત્સાહ વધે. 'હું પણ આટલી આરાધના તો કરું છું. મારા જીવનમાં પણ આટલા જમા પાસા છે' એવો ભાવ એનામાં વધુ સારું સંયમ પાળવાનો ઉલ્લાસ પ્રગટાવી દે.

એટલે રોજેરોજ સંથારો કરતી વખતે (કે છેવટે જે સમય અનુકૂળ હોય તે સમયે) આ હિસાબ નોંધી દેવો જોઈએ.

૧૭૯. હું રોજેરોજના અતિચારો સાંજે આલોચનાબુકમાં નોંધી લઈશ :

આલોચના મહિને, ચાર મહિને કરવાની હોય એટલે કેટલાંક સંયમીઓ જ્યારે આલોચના કરવાનો સમય થાય ત્યારે આલોચના-પત્રક લઈને એ વાંચે. એ વાંચતા જે જે ચાર મહિનામાં સેવાયેલા અતિચારો યાદ આવે તે બધા આલોચનામાં લખે અને પછી એનું પ્રાયશ્ચિત્ત કરે.

આમાં શું નુકશાનો છે ? એ જોઈએ.

(૧) આજની વાત આવતીકાલે ભુલી જઈએ એવા આજના ક્ષયોપશમ છે. તો ચાર મહિના બાદ આલોચના લખતી વખતે ચાર મહિના દરમ્યાન સેવાયેલા બધા અતિચારો તો શી રીતે યાદ આવે? મહત્ત્વના અતિચારો ય કેટલીકવાર ભુલાઈ જાય. ચાર મહિનામાં જેટલા અતિચારો સેવ્યા હોય એના માંડ દશમા ભાગના અતિચારો યાદ આવે અને એના આલોચના - પ્રાયશ્ચિત્ત થાય. બાકીના ૯૦ ભાગના પાપોની આલોચના પણ ન થાય અને એટલે જ એનો પશ્ચાત્તાપ પણ ન થાય. એટલે એ પાપોના સંસ્કારો નબળા પડવાને બદલે ગાઢ બને. પરિસ્થિતિ એવી સર્જાય કે આલોચના કરવા છતાં

દોષ સેવન વધતું જ જાય. સંયમ સુધરવાને બદલે બગડતું જ જાય.

(૨) જે પાપની આલોચના ઝડપથી થાય એ પાપ વૃદ્ધિ પામતું અટકે. અલબત્ત, આલોચના ચાર-ચાર મહિને કરતા હોઈએ તો પણ જો રોજેરોજ એની ટુંકી નોંધ કરાય તો ય એની મન-આત્મા ઉપર ઘેરી અસર પડે. રોજેરોજ પાપ કરવું અને રોજેરોજ એની નોંધ કરવી એ શક્ય ન જ બને. રોજેરોજની નોંધ પાપને ઘટાડી દે, પાપના સંસ્કારોને ઘટાડી દે. (અપવાદમાર્ગે જે દોષસેવન કરાય એ તો પરમાર્થથી પાપ જ નથી. એટલે એની અત્રે વિચારણા નથી.)

એટલે આલોચના ભલે ચાર મહિને કરીએ પણ રોજ સાંજે આલોચના બુકમાં દિવસના અતિચારોની નોંધ કરી દેવી. જ્યારે ચાર મહિને આલોચના લખીએ ત્યારે આલોચનાબુકમાં નોંધેલા અતિચારો પ્રમાણે વિસ્તારથી આલોચના લખી શકાય. આમ ઘણા બધા પાપોની આલોચના થાય એટલે પાપના સંસ્કારો ઘણા નબળા પડે.

<u>૧૮૦. હું નખ સમારીને એને ચુનામાં ઘસીને પોટલી બનાવી રેતીમાં દાટી દઈશ. પણ ગમે ત્યાં નાંખીશ નહિ :</u>

નખ વધે તો એમાં મેલ ભરાય અને એ વાપરતી વખતે પેટમાં જાય એટલે રોગાદિ પણ થાય. ઉપરાંત નખ વડે ખણજ ખણવામાં આવે તો લોહી નીકળે.[૭૭] કોઈને વંદનાદિ કરતા જો ભુલથી નખ જોરથી વાગી જાય તો બીજાને પણ લોહી નીકળે. પગના નખ મોટા હોય અને એમાં જો ધુળ-મેલ ભરાય તો આંખોને નુકશાન થાય. હાથના નખ મોટા હોય તો સ્થંડિલ ગયા બાદ શુદ્ધિ કરતી વખતે અશુચિ-અવયવો નખમાં ભરાય. જે વાપરતી વખતે પેટમાં જાય. આ બધા કારણસર નખ સમારવાની અને એ માટે નીલકટર રાખવાની રજા શાસ્ત્રકારોએ આપેલી છે.

હા ! નખને વિભૂષા માટે વિશેષ પ્રકારનો આકાર આપવાદિનો તો નિષેધ જ કર્યો છે.

એ નખમાં મેલ ભરાયેલો હોય અને એટલે જો સમાર્યા બાદ ચૂનામાં ન ઘસીએ તો ૪૮ મિનિટમાં એમાં સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ થાય. માટે એ નખોને ચૂનામાં ઘસી લેવા પડે. એ ઘસ્યા પછી પણ જો ગમે ત્યાં નાંખીએ તો ચકલી વગેરે જીવો એ નખ ખાઈ જાય અને એનાથી એને ગળા વગેરેમાં ઘણી પીડા થાય. આ કારણસર નખ છૂટા ન નંખાય. પણ નાનકડા કપડાના ટુકડામાં નખ નાંખી એને રક્ષાપોટલી જેટલી પોટલીરૂપે બાંધીને રેતી વગેરેની નીચે પરઠવવા જોઈએ. એટલે કોઈ વિરાધના ન થાય.

આમ તો રેતીની નીચે નાંખવાના હોય તો એને પોટલીમાં બાંધવાની જરૂર નથી. પણ રેતી ગમે ત્યારે ઊંચી નીચી થાય અને નખ બહાર આવી જાય તો ચકલી વગેરેની વિરાધના શક્ય છે. માટે પોટલી બાંધવી.

કાપ કાઢ્યા બાદ તરત નખ સમારવામાં આવે તો કાપમાં નખનો બધો મેલ નીકળી ગયો હોવાથી ચૂનો કરવાની આમ તો જરૂર ન રહે, છતાં શંકા રહે તો ચૂનો કરી લેવો.

નખ સમારતી વખતે એકપણ નખ આમ તેમ ઉડી ન જાય એની બરાબર કાળજી કરવી. એક પણ નખ ખોવાય તો સંમૂર્ચ્છિમની વિરાધના વગેરે દોષો લાગે.

**૧૮૧. શક્યતા હોય તો હું આર્દ્રાનક્ષત્ર સુધીમાં ચોમાસાના સ્થાનની નજીકના ૨૦ કિ.મી.ના સ્થાનમાં પહોંચી જઈશ :**

શાસ્ત્રકારોએ અષાઢ સુદ પુનમથી કારતક સુદ પુનમ સુધી એક જ સ્થાને રોકાવાની આજ્ઞા કરી, વિહાર બંધ કરાવ્યો. એની પાછળનો મુખ્ય ઉદ્દેશ આ હતો કે ચોમાસામાં વરસાદના કારણે ચારેબાજુ પાણી, નિગોદ, વનસ્પતિ, ત્રસજીવો વગેરેનો ઉત્પાત હોય. એમાં વિહાર કરવામાં આવે તો ચિક્કાર વિરાધના થાય. આ વિરાધનાથી સંયમ મલિન ન થાય એ માટે [૬૭](શેષકાળમાં એક મહિનાથી વધારે એક દિવસ પણ ન રહેવાની આજ્ઞા કરનારા) શાસ્ત્રકારોએ એક સ્થાને ચાર મહિના રહેવાની આજ્ઞા કરી.

એટલે આ આજ્ઞા પાછળનો આશય તો સૌ કોઈ જાણે જ છે. છતાં આજે વ્યવહાર એવો ચાલે છે કે "ચાર મહિના વિહાર ન કરવો. અષાઢી પુનમ પહેલા ચોમાસાના સ્થાને પહોંચી જવું."

ચોમાસું બોમ્બે હોય અને છેક છેલ્લા ૧૫-૨૦ દિવસોમાં સુરત-અમદાવાદથી નીકળીને બોમ્બે પહોંચનારાઓ પણ જોયા છે. એમાં કેટલાંય વિહારો વરસાદમાં થાય. ચાલુ વિહારમાં વરસાદ પડે. વરસાદ બંધ પડ્યા પછી ય ભીના રસ્તા ઉપર, નિગોદવાળા રસ્તા ઉપર લાંબા લાંબા વિહારો કરવા પડે. એમાં જો લારી, ગાડી સાથે હોય તો એના દ્વારા ત્રસકાયની વિરાધના પારાવાર થાય.

ચાર મહિના વિહાર ન કરવાની આજ્ઞા પળાય છે એ તો સારું છે. પણ એ આજ્ઞા જે આશયથી કરવામાં આવી છે એ આશય ભાંગી નાંખવામાં આવે તો જિનાજ્ઞાપાલન ગણાય ખરું ? પ્રાચીનકાળમાં અષાઢથી કારતકનો સમય વરસાદના સમય તરીકે હશે માટે એને ચાતુર્માસ બનાવાયું. હવે જો આજે બોમ્બે વગેરેમાં વહેલો વરસાદ થઈ જતો હોય. જેઠસુદ-વદમાં જ મેઘલાઓ વરસી જતા હોય તો પછી એ વરસાદ શરૂ થતા પૂર્વે જ ચાતુર્માસ ક્ષેત્રની નજીકના સ્થાનમાં પહોંચી જ જવું જોઈએ. ચાતુર્માસક્ષેત્રથી વધુમાં વધુ ૨૦ કિ.મી. દૂરના સ્થાન સુધીમાં પહોંચી જઈએ તો બે-ત્રણ દિવસમાં જ ચાતુર્માસ પ્રવેશના સ્થાને પહોંચી શકાય. વિહારોની ચિક્કાર વિરાધના અટકે.

બાકી છેક અષાઢી પુનમ સુધી પણ લાંબા લાંબા વિહારો કરવામાં આવે તો એ શાસ્ત્રરહસ્યની સમજણ સાચી શી રીતે કહેવાય ? ચાર મહિના વિહાર ન કરવાની આજ્ઞા કટ્ટરતાથી પાળવી અને એના કરતા ઘણી વધુ ચડિયાતી આજ્ઞા — વરસાદમાં-નિગોદમાં વિહાર ન કરવાની — ન પાળીએ તો એ કેવું વિચિત્ર લાગે ?

સાંભળવા પ્રમાણે આજે પણ એક ગચ્છ એવો છે કે જેના તમામ સાધુ-સાધ્વીજીઓ આર્દ્રાનક્ષત્ર સુધીમાં ચાતુર્માસક્ષેત્રની નજીક પહોંચી જાય છે. જો આ વાત સાચી હોય તો એ અત્યંત અનુમોદનીય છે. આ સાચી શાસનરક્ષા-શાસનપ્રભાવના છે.

આર્દ્રાનક્ષત્ર પહેલા પ્રાયઃ વરસાદ પડતો નથી. ત્યાર બાદ વરસાદ પડતો હોય છે. તો તમામ સંયમીઓએ બધા કાર્યક્રમો એ રીતે જ ગોઠવવા જોઈએ કે જેથી આર્દ્રાનક્ષત્ર સુધીમાં ચાતુર્માસક્ષેત્રમાં પહોંચી જવાય.

મુંબઈમાં લગભગ આર્દ્રાનક્ષત્ર પૂર્વે જ વરસાદ શરૂ થઈ જાય છે. આ બધામાં 'વિરાધના અટકે' એ મુખ્ય આશય જળવાય એ પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

પણ સંયમીઓ ગુરુને પરતંત્ર જ હોય અને ગુરુ ગમે તે કારણસર આવી રીતે વિહાર કરવાની અનુમતિ ન આપે અને ગુરુના વચન પ્રમાણે છેલ્લા દિવસોમાં પણ વિહાર કરવો પડે તો પછી એમાં નિયમ તુટી ન જાય એ માટે એમાં આ શબ્દ મૂક્યો છે કે 'શક્ય હોય તો...' અર્થાત્ ગાઢ કારણોસર મોડા વિહાર કરવો પડે તો જુદી વાત. પણ સામાન્ય સંજોગોમાં તો વરસાદ પ્રારંભ પૂર્વે ચાતુર્માસક્ષેત્રની નજીકમાં પહોંચી જવું એ જ વધુ ઉચિત છે. શત્રુંજય ગિરિરાજ ઉપર એક વરસાદ પડ્યા બાદ પ્રાયઃ ઢગલાબંધ નિગોદ થઈ જાય છે. નિગોદ થઈ ગયા બાદ સંયમીઓ ત્યાં યાત્રા કરે તો 'સંયમયાત્રા મહાયાત્રા' સૂત્રને બાધા પહોંચે છે. એટલે નિગોદ થયા બાદ યાત્રા ન કરવી સંયમીઓને હિતકારી છે.

અર્થાત્ જ્યાં જે સંયમી પોતાની ઈચ્છા પ્રમાણે આર્દ્રાનક્ષત્ર પહેલા ચાતુર્માસક્ષેત્રમાં પહોંચી શકતો હોય, તેમાં ગુર્વાદિની સંમતિ હોય તેઓએ તો તે રીતે પહોંચી જ જવું. જે મોટા સંયમીઓ ચાતુર્માસાદિ કરતા હોય છે તેઓને તો એમની અનુકૂળતા મુજબ જ વિહાર કરવાનો હોય છે. ગુરુ પણ એમાં સંમત હોય છે. તો તેઓ આ નિયમ પાળી શકે.

જેઓ અત્યારે નાના છે, તેઓ ભવિષ્યની દૃષ્ટિએ અત્યારથી આ નિયમ માટે દૃઢ બને. જેથી જ્યારે પણ તેમની અનુકૂળતા પ્રમાણે વિહાર કરવાનો વખત આવે ત્યારે તેઓ સંયમને પ્રધાન બનાવીને આ સુવિહિત માર્ગ અપનાવી શકે.

<u>૧૮૨. હું રોજ એક રોટલી / એક ખાખરો સંયોજના કર્યા વિના વાપરીશ :</u>

(૯૮)રોટલી-શાક, દાળ-ભાત વગેરે ભેગા કરીને ખાનારા સંયમીઓને ઉપવાસાદિના કડક પ્રાયશ્ચિત્ત શાસ્ત્રકારોએ બતાવ્યા. વારંવાર સંયોજનાદોષ સેવનારાઓને ગચ્છમાંથી બહાર કાઢી મૂકવાની કડક શિક્ષા પણ બતાવી.

પણ એ કાળ હવે તો ચોથા આરાનો જ કાળ સમજવો રહ્યો. આજે એ બધું જાણે કે પ્રથમ સંઘયણના આચાર રૂપે જ ભાસવા લાગ્યું છે, કેમકે કાયમ સંયોજના વિના જ ગોચરી વાપરનારા મહાત્માઓ આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલા ય માંડ હશે.

સકારણ કે નિષ્કારણ પણ આ દોષ હવે ઘર કરી ગયો છે અને પ્રત્યેક દીક્ષિતો પ્રથમ જ દિવસથી આ મોટા દોષનો ભોગ બનીને મૃત્યુના છેલ્લા દિવસ સુધી એ દોષને પરવશ રહે છે.

ન ગમે તો ય આ હકીકત સ્વીકાર્યા વિના છૂટકો જ ક્યાં છે ? પણ "સંયોજના વિના જ વાપરવાની ભગવાનની આજ્ઞા છે." એ પરિણામને જીવંત રાખવા માટે આપણે એટલું તો કરી શકીએ કે જેટલા ટંક વાપરીએ, એ દરેક ટંકમાં એક ખાખરો, એક રોટલી, એક ભાખરી શાક-દાળ-ચુંદાદિ કોઈપણ સાથે ભેગી કર્યા વિના વાપરીએ. એમાં કોઈ મુશ્કેલી પણ ન પડે. અને આ જિનાજ્ઞા પ્રત્યેનો સાપેક્ષભાવ લેશતઃ જળવાઈ રહે.

હા ! જેનું સત્ત્વ ઉછળે તેઓ તો કાયમ માટે બધી જ ગોચરી સંયોજના વિના વાપરતા થઈ જાય એ શ્રેષ્ઠ જ છે. પણ અલ્પસત્ત્વવાળા સંયમીઓ આવા નાનકડા નિયમ દ્વારા મહાન જિનાજ્ઞા પ્રત્યેનો

આદરભાવ તો પ્રગટ કરી જ શકે છે ને ?

દિવસમાં જેટલા ટંક વાપરીએ એ દરેક ટંકમાં એક-એક રોટલી-ખાખરો સંયોજના વિના વાપરવો. છતાં બે જ રોટલી-ખાખરાના ખોરાકવાળા જેઓને આ નિયમ પણ કપરો (!) પડતો હોય તેઓ છેવટે આખા દિવસમાં એક રોટલી-ખાખરો સંયોજના વિના વાપરીને આ નિયમ પાળી શકે છે.

૧૮૩. હું કોઈપણ સંયમીની વસ્તુ એની રજા લીધા વિના લઈશ નહિ, વાપરીશ નહિ :

આમ તો તમામ સંયમીઓને સૂક્ષ્મ અદત્તાદાનવિરમણ મહાવ્રત છે જ. નાનામાં નાની વસ્તુ પણ સંયમી પાસે એના માલિકની રજા વિનાની તો ન જ હોય. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે [૯૯]દાંતમાં ભરાયેલા કણ સાફ કરવા માટે રસ્તામાં પડેલી ઘાસાદિની સળી પણ સંયમી માંગ્યા વિના ન લે. (છેવટે તે ક્ષેત્રના દેવની પણ અનુમતિ તો લે જ.) એટલે એ દૃષ્ટિએ આ બાધા ત્રીજા મહાવ્રતની બાધામાં આવી જ જાય છે.

પણ ગમે તે કારણસર આજે કેટલાંક સંયમીઓના મનમાં એવો ભાવ પડેલો લાગ્યો છે કે "પૈસા વગેરે વસ્તુઓ જ ન ચોરાય. લોકોમાં જે વસ્તુઓ માલિકની રજા વિના લેવાથી ચોરી ગણાતી હોય તે જ વસ્તુઓ આપણે માલિકની રજા લઈને લેવી પડે. બધી વસ્તુઓ માટે આ નિયમ નથી."

આવું એટલા માટે લાગે છે કે તે કેટલાંક સંયમીઓ બીજા સંયમીઓની વસ્તુઓ એને પુછ્યા વિના લેતા-વપરાતા દેખાય છે. દેરાસરાદિ જવું હોય તો પોતાનો દાંડો શોધીને લેવાને બદલે જેનો દાંડો હાથમાં આવે તે લઈને નીકળી જાય છે. એમ ચોલપટ્ટો-કપડો-કામળી-આસન વગેરે જ્યારે જે જોઈએ, ત્યારે એ વસ્તુઓ જેની મળે એની વગર પુછ્યે લઈને વાપરવા લાગે છે.

આમાં ઘણા ગેરલાભ છે : (૧) એ સંયમી પોતાનો દાંડો વગેરે વસ્તુ ન દેખાવાથી બધે શોધે. મનમાં ખેદ પામે. એટલો એનો સમય બગડે. એને જે કામ માટે દાંડાદિ વસ્તુની જરૂર હોય એ કામ ખોરંભાઈ જાય. (૨) જ્યારે એને ખબર પડે કે અમુક સંયમી મારી વસ્તુ લઈ ગયો છે. ત્યારે એના પ્રત્યે સંક્લેશ થાય. કદાચ પરસ્પર બોલાચાલી પણ થાય. (૩) આવી રીતે વગર પુછ્યે વસ્તુ લઈ જનારા માટે આખા ગચ્છમાં એવી ખરાબ છાપ પડે કે પછી તો જ્યારે કોઈપણ વસ્તુ ખોવાય ત્યારે એ જ સંયમીનું નામ બોલાય. બધા બોલે કે "એ પેલો સંયમી જ લઈ ગયો હશે." (૪) ત્રીજા મહાવ્રતમાં અતિચાર તો લાગે જ.

એટલે જ સંયમીએ દરેક કાર્યમાં પોતાની જ વસ્તુ વાપરવી જોઈએ. જ્યાં બીજાની વસ્તુ લેવાની આવશ્યકતા ઉભી થાય ત્યાં એની રજા લઈને જ વસ્તુ લેવી. કદાચ એ વસ્તુનો માલિક સંયમી હાજર ન હોય અને એ વસ્તુની તાત્કાલિક જરૂર હોય તો પછી આજુબાજુમાં બીજા સંયમીને પણ કહી દેવું કે "હું ફલાણાની વસ્તુ લઈ જાઉં છું. એ આવે એટલે કહેજો કે જેથી એ શોધ્યા ન કરે."

૧૮૪. હું રાત્રે ૬/૭ કલાકથી વધારે ઉંઘ લઈશ નહિ :

પ્રાચીનકાળમાં દીર્ઘ દીક્ષાપર્યાયવાળા સ્થવિરો વગેરે માત્ર ત્રણ કલાક જ નિદ્રા લેતા. **समयं गोयम ! मा पमायए** એ પ્રભુના ઉપદેશને એક-એક ક્ષણ ધર્મધ્યાનમાં પસાર કરીને સાર્થક કરતા. ઉંઘ એ ભયંકર પ્રમાદ છે, અને માટે જ પ્રભુએ સાડાબાર વર્ષ સુધી લગભગ ઉંઘ લીધી જ નથી. આપણે તો શરીરને આરામ મળે અને વધુ વેગથી સંયમારાધના કરી શકાય એ માટે જ ના-છુટકે ઉંઘ લેવાની છે.

શાસ્ત્રકારો કહે છે કે [100]જાગનારાઓના બુદ્ધિ-ભાગ્ય પણ જાગતા રહે છે. એની વિદ્યા નાશ પામતી નથી. જ્યારે ઉંઘનારાઓના બુદ્ધિ-ભાગ્ય પણ ઉંઘી જાય છે. તેમની વિદ્યા નાશ પામે છે.

ઉંઘનારાઓ કોઈપણ પુરુષાર્થ કરવાના જ નથી. અને અપુરુષાર્થીને ભાગ્યોદય ભાગ્યે જ થાય. વળી ઉંઘનારાઓ શાસ્ત્રાભ્યાસાદિ ન કરી શકે. માટે એમની વિદ્યા પણ નાશ પામે.

એવું પણ સાંભળ્યું છે કે સામાન્યથી ૨૪ કલાક દરમ્યાન રાત્રે ૬ કલાકની ઉંઘ પર્યાપ્ત છે. એટલો આરામ લેવાથી શરીરનો બધો થાક ઉતરી જાય છે. ૬ કલાક પછી વાસ્તવિક નિંદ્રા નથી હોતી. પણ તંદ્રાવસ્થા, આડા-અવળા સ્વપ્નોવાળી દશા હોય છે. જો ૬ કલાકની ઉંઘ બાદ તરત ઉઠી જવામાં આવે તો અત્યંત સ્ફૂર્તિ, પ્રસન્નતા અનુભવાય. એને બદલે ૭-૮ કલાકની ઉંઘ કરવામાં આવે તો ૬ કલાક પછીની ઉંઘના સમયમાં સ્વપ્નો, વિચારો વગેરેને લીધે મનને સખત થાક પડે. પરિણામે ૭-૮ કલાક બાદ ઉઠીએ ત્યારે સ્ફૂર્તિ તો ન લાગે. પણ માથું ભારે-ભારે લાગે. ઝોકા આવે.

એમ ૬ કલાક પછીની ઉંઘના સમયમાં શરીરમાં વાયુ-કફ વગેરે ઉત્પન્ન થવા લાગે. એટલે સાત-આઠ કલાક ઉંઘ્યા પછી ઉઠનારાના પગ વગેરે વાયુના કારણે સખત જકડાઈ જાય. ઉભા થવાનું મન ન થાય. ખમાસમણા આપવાનો પણ કંટાળો આવે. કેટલાંકો એમ સમજે કે, "હજી ઉંઘ ઓછી થઈ છે, માટે માથું ભારે થયું છે અને પગ દુઃખે છે." હકીકત એ છે કે ઉંઘ જરૂરિયાત કરતા વધારે થઈ ગઈ છે માટે આ મુશ્કેલીઓ ઉભી થઈ છે.

આ બધું તો અનુભવ કરવાથી વધારે સમજાશે. સંયમીઓ માત્ર એક અઠવાડિયું આવો પ્રયત્ન કરે કે રાત્રે ૧૦ વાગે કે ૧૧ વાગે સંથારો કર્યા બાદ સવારે ૪ કે ૫ વાગે ઉઠી જ જાય. ૬ કલાકથી એક મિનિટ પણ વધારે ઊંઘ ન થવા દે. તો તેમને આ અનુભવ થશે. અને જ્યારે શરીર અને મન બે ય સ્ફૂર્તિવાળા હોય ત્યારે આરાધનાનો ઉલ્લાસ બમણો થઈ જાય.

બાકી કેટલાંક સ્વાધ્યાયાદિ વિનાના સંયમીઓ શિયાળામાં ૮/૯ વાગે ઉંઘીને છેક સવારે ૬ વાગે ઉઠતા હોય છે. નવ-નવ કલાકની ઉંઘ લેતા હોય છે. તેમને તો વાયુ-કફ વગેરે ઘણા થાય, શરીર જકડાઈ જાય, અનેક પરેશાની થાય તો એમાં કોઈ જ નવાઈ નથી. રાત્રે ગોખેલી ગાથાઓનો પાઠ થાય, વાંચેલા-ભણેલા પદાર્થોનું ચિંતન થાય, છેવટે સ્તુતિ-સ્તવનો પણ ભાવવાહી સ્વરે-મંદસ્વરે બોલીને એમાં લીન થવાય. પણ વધુ ઉંઘ લઈને સમય પસાર કરવો ઉચિત જણાતો નથી.

<u>૧૮૫. મારા ગુરુ આવતા દેખાય કે ઉભા થાય કે તરત હું મારા સ્થાને ઉભો થઈ જઈશ. એમના દર્શન થતાની સાથે જ મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' બોલીશ :</u>

કેટલાંક સંયમીઓને આ વાતનો ખ્યાલ જ નથી કે દેરાસર-સ્થંડિલભૂમિથી ગુરુ આવતા દેખાય અથવા રૂમ વગેરેમાંથી બહાર આવતા દેખાય ત્યારે તરત શિષ્યે પોતાના સ્થાને ઉભા થઈ જ જવું જોઈએ. ગમે તે સ્થાનેથી શિષ્યને ગુરુ ઊભેલા દેખાય અને શિષ્ય બેસી રહે એ ગુરુ પ્રત્યેનો અવિનય કહેવાય.

માત્ર ઉભા થઈએ તે ન ચાલે. મસ્તક નમાવી મત્થએણ વંદામિ બોલવું જોઈએ. જેટલીવાર આ રીતે ગુરુ પર દૃષ્ટિપાત થાય એટલીવાર મત્થએણ વંદામિ બોલવું. દા.ત. ગુરુ દેરાસર જઈ ઉપાશ્રયમાં

આવે એટલે શિષ્ય 'મત્થએણ વંદામિ' કરે. એમ ગુરુ સ્થંડિલ જઈને આવે ત્યારે પણ શિષ્ય 'મત્થએણ વંદામિ' કરે. શિષ્ય બહારથી પાણી લઈને આવે, ઉપાશ્રયમાં પ્રવેશ કરતા જ ગુરુ પર નજર પડે એટલે મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' કરે. વળી બીજીવાર પાણી લેવા જાય, પાછો આવે, પાછા ગુરુ દેખાય, પાછા મત્થએણ વંદામિ કરે.

કેટલાંક શિષ્યો તો એવા કે ગુરુ આવતા દેખાય તો ય પોતાના સ્થાન પર ઉભા ન થાય. રે ! ગુરુ છેક એની પાસે આવીને એની જ સાથે કંઈક વાતચીત કરે ત્યારે પણ કેટલાંક શિષ્યો પણ બેઠા બેઠા જ ઉભેલા ગુરુ સાથે વાતો કરે. કેટલાંકો વળી શ્રાવકો સાથે વાતચીતમાં મશગુલ હોય અને એ વખતે ગુરુ કોઈપણ કારણસર સ્થાન ઉપરથી ઉભા થાય, આમ તેમ જાય છતાં એ શિષ્યો ઉભા ન થાય.

ગુરુ ઉભા હોય અને શિષ્યો બેઠેલા હોય એ લોકોત્તર શાસનનો ભયંકર કક્ષાનો ગુરુ-અવિનય છે. શાસ્ત્રકારોએ (૧૦૭)ગોચરી માંડલીમાં એકાસણું કરવા બેસી ગયેલા સંયમીઓને પણ ગુરુ-આવતા દેખાય કે તરત ઉભા થઈ જવાની આજ્ઞા કરી છે અને એમાં એકાસણાનો ભંગ ન થાય એમ જણાવેલું છે. એના ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે આ આચાર નાનો-સૂનો નથી.

ગુરુ ઉપાશ્રયમાં ૧૦-૧૫ મિનિટ વાપર્યા બાદ આંટા મારતા હોય તો પણ એ વખતે તમામ શિષ્યો પોતાના સ્થાને ઉભા રહીને સ્વાધ્યાયાદિ કરતા આજે પણ એક ગચ્છમાં જોયા છે. હા ! ગુરુ જ એ વખતે આદેશ કરે કે બધા બેસી જાઓ. મારે તો આરોગ્ય માટે ૧૦-૧૫ મિનિટ આંટા મારવાના છે. એટલો ટાઈમ ઉભા રહેવાની જરૂર નથી. બધા સ્વાધ્યાય કરો." તો પછી શિષ્યો બેસી શકે છે.

**<u>૧૮૬. મારા સ્થાન ઉપર કોઈપણ વડીલ આવે તો હું ઉભો થઈ જઈશ. એમને આસન આપીશ :</u>**

ગુરુનો વિનય સાચવનારા સંયમીઓ જો પોતાનાથી દીક્ષાપર્યાયમાં મોટા, બાકીના વડીલોનો વિનય ન જાળવે તો એ ઉચિત નથી. અલબત્ત ગુરુનો જેવો વિનય કરીએ એવો વિનય બાકીના વડીલોનો નથી કરવાનો. વડીલો ઉભા થાય એટલે નાના સંયમીઓએ ઉભા થવાની જરૂર નથી. વડીલ આંટા મારતા હોય એટલે બાકીના સંયમીઓએ ઉભા રહેવાની જરૂર નથી. પણ પર્યાયમાં મોટા સંયમી જો આપણી જ પાસે આવીને કંઈપણ પુછે, વાતચીત કરે તો ત્યારે આપણે ઉભા થવું જ જોઈએ. એ વખતે એમની સાથે બેઠા-બેઠા વાત ન કરાય.

અદ્વિતીય સંસ્કૃતનૂતન ટીકાઓ રચનારા વર્તમાનકાળના એક મહાવિદ્વાન સંયમી કહેતા કે "હું મારાથી દીક્ષાપર્યાયમાં એક દિવસ પણ મોટા સાધુનો વિનય બરાબર સાચવતો. એ સાધુ મારા સ્થાને આવે તો ઉભો થઈ તરત આસન આપતો. આ વિનયાદિના પ્રતાપે જ આજે મારામાં આટલી શક્તિ ઉત્પન્ન થઈ છે."

વળી આવો વિનય જોઈને બીજા સાધુઓને આપણા પ્રત્યે લાગણી-સદ્ભાવ પ્રગટે. આપણી પાસે આવવાનું મન થાય. આપણા પ્રત્યેની લાગણીના કારણે આપણી સાચી વાત સ્વીકારવા તૈયાર થાય. આમ અનેક લાભો થાય.

માત્ર આ લૌકિક લાભો મેળવવા માટે આ વિનય નથી કરવાનો. પણ આ વિનય આત્મામાં લઘુતા-નમ્રતાદિ ગુણોને પુર-બહારમાં ખીલવે છે. પુષ્કળ કર્મક્ષય કરી આપે છે. માટે આ વિનય

આદરવાનો છે.

એ મોટા વડીલ આપણી સરખી ઉંમરના હોય, માત્ર એકાદ મહીનો જ દીક્ષા પર્યાયમાં મોટા હોય, આપણા પરમમિત્ર હોય અને એટલે એમની સાથે વાતચીતમાં છૂટછાટ પણ હોય. અને માટે તે ઉભા ઉભા વાતો કરતા હોય અને આપણે નિઃસંકોચ એમની સાથે બેઠા બેઠા વાતો કરતા હોઈએ તો આવી મિત્રતા શાસનને માન્ય નથી. જે મિત્રતા શાસ્ત્રીય આચારો-વિનયોનું ભંજન કરાવે એવી મિત્રતાને શી રીતે માન્ય રાખી શકાય ?

**<u>૧૮૭. ગોચરી માંડલીમાં અને પ્રતિક્રમણ માંડલીમાં હું ક્રમ પ્રમાણે જ બેસીશ :</u>**

ગમે ત્યાં વાપરવા બેસી જવું એ સંસ્કાર કે પ્રવૃત્તિ તિર્યંચોમાં હોય, જૈન શ્રમણમાં ન હોય. માંડલીમાં રત્નાધિકના ક્રમ પ્રમાણે જ બેસવાની વ્યવસ્થા તમામ ગચ્છોમાં એક સરખી રીતે પ્રવર્તે છે. એમાં રત્નાધિકોનો વિનય, બહુમાન સચવાય એ મુખ્ય ઉદ્દેશ છે. નાના સંયમીઓ રત્નાધિકો કરતા આગળ બેસી જાય તો તો એમાં રત્નાધિકોનો અવિનય થાય જ.

કેટલીકવાર તો રોજેરોજ આ રીતે નાનાઓને આગળ કે ગમે તેમ બેસતા જોઈને રત્નાધિકોને સંક્લેશ પણ થાય. ક્યારેક સંભળાવી પણ દે કે "તમે બધા વિનય-ઔચિત્ય શીખ્યા નથી કે શું ?"

જેમ નાનાઓએ રત્નાધિકો કરતા આગળ નથી બેસવાનું. તેમ રત્નાધિકોએ નાનાઓ કરતા પાછળ પણ નથી બેસવાનું. અર્થાત્ અતિનમ્ર કેટલાંક રત્નાધિકો એમ વિચારે કે "આપણે ભલે ને નાના કરતા પાછળ બેસીએ. એમાં શું વાંધો ? એ નાનાઓ પણ છેવટે તો સંયમી જ છે ને ? ભલે ને તેઓ મારી આગળના સ્થાને બેસતા."

આ વિચારમાં લઘુતા, નમ્રતા ચોક્કસ છે પણ વિવેક નથી. આ રીતે તો પછી એ વડીલો નાનાઓને વંદન પણ કરવા લાગે તો ?

નાનાઓ પ્રત્યે વડીલો પણ ગુણાનુરાગી બને એ સારું જ છે. પણ વ્યવહાર-આચાર-પરંપરાનું પાલન તો બરાબર કરવું જ પડે. દા.ત. કોઈક વડીલને નાના સાધુ બે-ત્રણ દિનથી વંદન ન કરે તો વડીલ એમ વિચારે કે "આમ પણ મારા કરતા એ વધારે ગુણિયલ છે. ભલે ને વંદન ન કરે." તો આ વિચાર અપેક્ષાએ સારો છે. પણ આ રીતે વ્યવહાર તુટી જાય. વડીલે પ્રજ્ઞાપનીય નાના સાધુને કહેવું જોઈએ કે 'મહાત્મન્ ! મારે વંદનની જરૂર નથી. પણ તમારા જેવા ગુણિયલ મહાત્મા વડીલોને વંદન ચૂકી જાય તો તમારો વાસ્તવિક વિકાસ રૂંધાય. આચારવ્યવસ્થા ખોરંભાય."

એમ માંડલી વ્યવસ્થામાં પણ વડીલો છેક છેલ્લે બેસવાની માનસિક તૈયારી ભલે રાખે. પણ એને પ્રવૃત્તિમાં ન ઉતારાય. પોતાને યોગ્ય સ્થાન ઉપર જ તેઓએ બેસવું જોઈએ. અને નાનાઓ આગળ બેસતા હોય તો નમ્રતાથી કહેવું કે મહાત્મન્ ! તમારો નંબર અહીં ન આવે. તમારે પાછળ જવું પડશે."

એટલે આ નિયમમાં બે ય કાળજી કરવાની છે. વડીલોની આગળ બેસાઈ ન જવાય એની અને નાનાઓથી પાછળ બેસાઈ ન જવાય તેની.

હા ! ક્યારેક એમાં ભુલ થઈ પણ જાય. પણ એ પ્રત્યે ઉપેક્ષા ન કરાય. ક્યારેક એવું બને કે એક સ્થાને પાત્રા-આસન-દવા વગેરે લઈને બેસી ગયા. અને વાપરવાનું શરૂ કરતા પહેલા જ ખ્યાલ

આવ્યો કે "મારે સામે બેસવું પડે. મારું સ્થાન ક્રમ પ્રમાણે સામે આવે છે." તો ત્યારે બધું લઈને સામે જવાનો કંટાળો આવે અને સંયમી ત્યાં જ બેસી રહે એ ન ચાલે. માંડ એક મિનિટ આ સ્થળાંતરમાં લાગે. એટલા માટે ઉપેક્ષા, પ્રમાદ ન કરાય.

એટલે પ્રતિક્રમણ અને ગોચરી બે ય માંડલીમાં બેસવાનો ક્રમ બરાબર જાળવવો.

**૧૮૮. કોઈપણ સંયમીઓ વિહાર કરીને પધારતા હોય તો જો પહેલેથી સમાચાર મળે તો હું ઓછામાં ઓછો ૧૦૦ ડગલા સામે લેવા જઈશ. દોરી બાંધી આપી એમના વસ્ત્રો સુકવીશ :**

સમુદાયની સામાચારી પ્રમાણે બીજા સમુદાયના સંયમીઓને ખમાસમણાવાળું વંદન ન કરાય એ કબુલ. એમની સાથે ગોચરી-પાણી ન કરાય એ કબુલ. પણ ઔચિત્ય-સેવન પણ ન કરાય એવું તો કોણ કબુલ રાખશે? એ પરસમુદાયના મહાત્માઓ પ્રત્યે વાત્સલ્ય ભાવ પણ ન રખાય, તે કોણ સ્વીકારશે?

ગુણાનુરાગકુલકમાં કહ્યું છે કે [૧૦૨]"પરસમુદાયમાં પણ જે સંવિગ્ન-બહુશ્રુત મુનિઓ હોય. તેઓની પણ અનુમોદના કરજો. માત્ર ઈર્ષ્યાથી પ્રેરાઈને અનુમોદના બંધ ન કરશો."

જે મૂલગુણોમાં ભ્રષ્ટ થઈ ચૂકેલા હોય અને એની પાકી ખબર આપણને હોય તેઓનો વિનયાદિ ન કરીએ એ હજી બરાબર. પણ જેઓ માટે મૂલગુણોની ભ્રષ્ટતાનો આપણી પાસે નિર્ણય નથી તેવા કોઈપણ મહાત્માઓ પધારે તો સામે લેવા જવું જ જોઈએ. પા-અડધો કિલોમીટર લેવા જઈએ, એ દેખાય એટલે "પધારો, પધારો" કહીએ. એમની ઉપધિ-ઘડો-દાંડો વગેરે લઈ લઈએ. એમને તરત ગોચરી અંગેની પૃચ્છા કરીએ... વગેરે લોકોત્તર ઔચિત્યસેવનના લાભો અપરંપાર છે.

સમાચાર ન હોવાથી આપણે સામે લેવા ન જઈ શકીએ અને સંયમીઓ ઉપાશ્રયમાં પ્રવેશ કરતા દેખાય તો ત્યારે તરત ઉભા થઈ 'પધારો' કહી આવકારવા. એમની ઉપધિ ઉતારવી. દોરી બાંધીને એમના વસ્ત્રો સૂકવી આપવા.

કેટલાંકો તો એવા પણ જોયા છે કે "સંયમીઓ ઉપાશ્રયમાં પ્રવેશ કરતા દેખાય તો ઉભા તો ન જ થાય પણ 'પધારો' પણ ન કહે. ન તો એમની ઉપધિ ઉતારે કે ન તો એમના વસ્ત્રો સુકવી આપે."

આપણા ગ્રુપના, આપણા ગચ્છના કે પરગચ્છના કોઈપણ સંયમીઓ આવે એ બધા સાથે ઔચિત્યસભર, લાગણીસભર, મધુરશબ્દોથી ઝળહળતો વ્યવહાર જો કરવામાં આવશે તો સાધર્મિક વાત્સલ્ય નામનો સમ્યગ્દર્શનનો આચાર પળાયેલો થશે. સમ્યગ્દર્શન નિર્મળ બનશે. પરસ્પરના કોઈક પૂર્વગ્રહો બંધાયા હશે તો ઓગળી જશે. આંખોમાં ઝેરને બદલે અમી નીતરશે. ગચ્છભેદ રહેવા છતાં, મતભેદ + સામાચારી ભેદ રહેવા છતાં મનભેદ નહિ રહે.

સાવ સામાન્ય દેખાતો આ નિયમ હકીકતમાં અતિ-અતિ મહત્ત્વનો છે. માત્ર પાંચ-દશ મિનિટનું આ ઔચિત્યસેવન આધ્યાત્મિક વિકાસમાં કયા ચમત્કારો નહિ સર્જે ? એ જ એક પ્રશ્ન છે.

એટલે લેશ પણ આળસ, પ્રમાદ કર્યા વિના, ગચ્છભેદને જોયા વિના હૃદયના અપૂર્વોલ્લાસ સાથે આ નિયમનું પ્રત્યેક સંયમી પાલન કરે એવી ખાસ ભલામણ છે.

**૧૮૯. હું સ્ટેપલર વાપરીશ નહિ કે રાખીશ નહિ :**

[૧૦૩]વસ્ત્રો સીવવા માટે સોંય રાખવાની રજા શાસ્ત્રકારોએ આપી છે. એમ વસ્ત્ર ફાડવા માટે

કાતરની અને નખ કાપવા માટે નીલકટરની છૂટ પણ શાસ્ત્રકારોએ આપી છે, પણ આ બધી વસ્તુઓ બધા સંયમીઓએ નથી રાખવાની. નાનકડા ગચ્છમાં ગુરુ કે ગુરુએ જવાબદારી સોંપેલ સાધુ આ બધી વસ્તુઓ રાખે અને બાકીનાઓ જરૂર પડે ત્યારે તેનાથી જ કામ ચલાવી લે.

ગચ્છ મોટો હોય અને એકાદ સોંય વગેરેથી ચાલી શકે એમ ન હોય તો વધારે સોંય વગેરે રખાય ખરી પણ લોખંડાદિ ધાતુઓની બનેલી સોંય, કાતર, નીલકટર ગુરુ રાખે અને લાકડાની સોંય, કાતર વગેરે બાકીના સંયમીઓ રાખે. બાકીના સંયમીઓ ધાતુની સોંય રાખી ન શકે.

પણ આજે તો લાકડાની સોંય, કાતર જોવા મળતી જ નથી. આ બધા સાધનો લગભગ ધાતુના જ જોવા મળે છે. આ બધા સાધનો બીજા સંયમીઓને રાખવાની ના પાડવાનું કારણ એટલું જ છે કે તે સંયમીઓ અપરિપક્વ હોવાથી કદાચ ક્યારેક આ સાધનોનો હિંસા માટે ઉપયોગ કરી બેસે. અથવા તો આવા સાધનો વાપરવા-સાચવવાની આવડત ન હોવાથી અજાણતા પણ એના દ્વારા કોઈક નુકશાનો થઈ જાય. લાકડાની સોંય કે કાતર ધાતુની સોંય વગેરે કરતા ઓછી નુકસાનકારક બને એટલે ના-છૂટકે તેની છૂટ આપવામાં આવી છે.

શક્ય હોય તો આખા ગ્રુપમાં માત્ર એક જ સંયમી આ બધી વસ્તુ રાખે અને બાકીના તમામ સંયમીઓ આવી કોઈપણ વસ્તુ ન રાખે એ ખૂબ યોગ્ય ગણાય.

પણ છતાં આ વસ્તુઓ રાખવી હોય તો પણ જરૂરિયાત પુરતા જ સંયમીઓ રાખે. જ્યારે પણ આ વસ્તુઓની જરૂર પડે ત્યારે ગૃહસ્થોના ઘરોમાંથી મળી જ જાય છે. એનો વપરાશ કરીને પાછી આપી શકાય છે.

અહીં નવા જમાનાની વસ્તુ સ્ટેપલરની બાધા લેવાની વાત છે. સ્ટેપલર એ અનિવાર્યસાધન નથી. બે છૂટા પાનાને ભેગા કરવા વગેરે માટે સ્ટેપલર વપરાય છે. પણ એને બદલે એ બે પાનાઓમાં કાણા પાડીને દોરા વડે બાંધી શકાય છે. (ઓઘાની દશીનો દોરો પણ તાત્કાલિક કામમાં આવી શકે છે.) સ્ટેપલરની પીન ધાતુની અને વાગે તેવી તીક્ષ્ણ હોય છે. અને પાના છૂટા કર્યા બાદ એ ફેંકી જ દેવાય છે. એ કોઈને વાગી જવાથી નુકસાન પણ થાય.

એટલે પાનાઓ ભેગા કરવા કે ટપાલનું કવર બંધ કરવા માટે સ્ટેપલરનો ઉપયોગ ઉચિત નથી જણાતો. ટપાલના કવર તો ગુંદરાદિ દ્વારા બંધ કરી જ શકાય છે. એના માટે સ્ટેપલર શા માટે વાપરવું પડે ?

સોંય, કાતર વગેરે સાધનો એવા છે કે જે કાયમી ઉપયોગમાં આવે અને લગભગ અનિવાર્ય છે. જ્યારે સ્ટેપલરમાં તો એક પીન વપરાઈ ગયા બાદ બીજીવાર એ પીન ફરી વાપરી શકાતી નથી. એના બદલે ટાંકણી હજી ઓછી ખરાબ, કેમકે એક જ ટાંકણીનો ઉપયોગ તો વારંવાર થઈ શકે છે.

આધુનિક સાધન, વિરાધનાનું કારણ સ્ટેપલર સંયમીઓએ ન વાપરવું.

<u>૧૯૦. હું ગમે તેવી ગરમીમાં પણ કોઈપણ વસ્તુને પંખા તરીકે વાપરીશ નહિ :</u>

પસીનાનો ટુકડો સહેજ ખંખેરીને કે હલાવીને પવન ઉત્પન્ન કરવાની પણ જો શાસ્ત્રકારોની ના હોય તો પછી ઉનાળામાં જાડા પુંઠા વડે પવન વીંઝવો, એ યોગ્ય શી રીતે હોઈ શકે ?

કોઈકને આશ્ચર્ય પણ થશે કે "શું સાધુઓ આવી રીતે પુંઠા વગેરેથી પવન વીંઝે છે ખરા ? આ તો બને જ નહિ."

પણ કળિયુગની ભીષણ તાકાતને ન જાણનારા એમને ક્યાં ખબર જ છે કે આજે કેટલાંક સંયમીઓ ઈલેક્ટ્રીકથી ચાલનારા, ભયંકર હિંસાના કારણભૂત એવા ટેબલફેનથી માંડીને મોટા મોટા પંખાઓનો પણ ઉપયોગ કરે છે. એક શ્રાવકે એક ઉપાશ્રયમાં રાત્રિનું જે દૃશ્ય જોયું એમાં એણે પ્રત્યેક સંયમી પાસે પોત-પોતાનો સ્વતંત્ર નાનકડો ટેબલફેન (ઈલેક્ટ્રીકથી ચાલતો પંખો) જોયો.

સુખશીલતાદિ દોષો કેટલી હદની શિથિલતાઓ ઘુસાડી દેશે એની કલ્પના કરવી દુષ્કર છે. એટલે "પાણી પહેલા બાંધી પાળ" એ ન્યાયે અત્યારે કોઈપણ પ્રકારના પંખાદિ ન વાપરનારા સંયમીઓ પણ મનને દૃઢ બનાવી દે કે "ભવિષ્યમાં ગમે તેવા નિમિત્તો આવે, ગમે એટલી ગરમી પડે, બધું સહન કરીને પણ આ રીતે ઈલેક્ટ્રીક પંખા તો નહિ જ, પણ પુંઠાના પંખા કે વસ્ત્રોના પંખા પણ હું બિલકુલ વાપરીશ નહિ."

**૧૯૧. હું મારી કોઈપણ વસ્તુ ઉજઈમાં કે કામળીકાળમાં ખુલ્લા આકાશમાં રહેવા દઈશ નહિ :**

જેમ જાતે ઉજઈમાં ન જવાય, ઉજઈમાં ઉભા ન રહેવાય. જેમ જાતે કામળી કાળમાં ખુલ્લા આકાશમાં ન જવાય, એમ આપણી ઉપધિ પણ ઉજઈ વગેરેમાં ન રખાય. બહારથી ઉજઈ આવતી હોય તો આપણે તો દૂર થઈ જઈએ છીએ કે કામળી ઓઢી લઈએ છીએ. પણ આપણી કોઈપણ વસ્તુ ઉજઈમાં પડી રહે તો આપણા ઉપકરણ દ્વારા ઉજઈની વિરાધના થાય એનો દોષ આપણને લાગે જ.

એટલે દાંડો, સંથારો, દંડાસન, ઝોળી વગેરે તમામ વસ્તુઓ એવા જ સ્થાને રાખવી કે જ્યાં ઉજઈ ન આવે અને જો ઉજઈ આવે તો ત્યાંથી એ વસ્તુઓ હટાવી દેવી.

એ જ રીતે કામળી કાળમાં ખુલ્લા આકાશમાં પ્યાલો વગેરે ન મૂકવો. ખુલ્લા આકાશમાં દોરી બાંધી હોય તો કામળી કાળ પૂર્વે છોડીને અંદર લઈ લેવી પડે. પાતરાઓ સુકવવા મૂક્યા હોય તો ય કામળી કાળ પૂર્વે અંદર લઈ જ લેવા પડે. આવી બધી બાબતમાં કાળજી કરવી.

**૧૯૨. હું ગાઢ કારણ વિના કામળી ઓઢીને પણ ઉજઈવાળા સ્થાને કે કામળીકાળમાં ખુલ્લા આકાશમાં નહિ ઉભો રહું :**

કામળી ઓઢવા માત્રથી ઉજઈની બધી વિરાધના અટકી જાય છે એવી કોઈની માન્યતા હોય તો એ ખોટી છે કેમકે કામળી પહેરવા છતાં મોઢું, હાથ-પગ વગેરે ભાગો ઉપર તો કામળી આવી જ નથી. એટલે એ ભાગો ઉપર સીધી ઉજઈ પડે અને ઉજઈના જીવોની વિરાધના થાય.

એટલે "ઉજઈમાં કે કામળીકાળમાં કામળી પહેરીને જવાય." એવું કોઈ ન માની લે. કામળી પહેરીને પણ ઉજઈમાં કે કામળીકાળમાં ન જ જવાય. પણ જ્યારે સ્થંડિલ માટે કે એવા ગાઢ કારણસર ઉજઈમાંથી પસાર થવું પડે કે કામળીકાળમાં બહાર જવું પડે ત્યારે વિરાધના ઓછી થાય એ માટે કામળીનો વપરાશ કરવાનો છે. કામળીથી સંપૂર્ણ વિરાધના અટકી શકતી નથી.

કેટલાંક સંયમીઓ રાત્રે કામળી ઓઢીને અગાસીમાં અડધો-એક કલાક ઉભા રહેતા હોય છે. ત્યાં ખુલ્લામાં ઉભા રહીને વાતચીત કરતાં હોય છે. એમ કેટલાંકો ઉજઈસ્થાનમાં કામળી ઓઢીને વાતોચીતો



3

કરતા હોય છે.

ખરેખર તો આ બેમાંથી એકેય વસ્તુ બરાબર નથી.[૧૭૪] ઉજઈમાં એક અક્ષર બોલવાની પણ શાસ્ત્રોમાં ના પાડી છે. તો ઉજઈમાં ઉભા રહી વાત-ચીત શી રીતે કરી શકાય ?

એટલે ગાઢ કારણ વિના ઉજઈવાળા સ્થાને કે કામળીકાળમાં ખુલ્લા સ્થાને એક મિનિટ પણ ઉભા ન રહેવાય.

<u>૧૯૩. જ્યારે ડોળી કે વ્હીલચેરમાં જ બેસીને બધા વિહારો કરવાનો અવસર ઉભો થશે ત્યારે હું સ્થિરવાસ કરીશ :</u>

વિહાર કરવાની તાકાત ખલાસ થઈ જાય તો સંયમીએ યોગ્ય સ્થાને સ્થિરવાસ કરી દેવો એવી શાસ્ત્રાજ્ઞા છે. શાસ્ત્રોમાં સંગમ આચાર્ય, અર્ણિકાપુત્ર આચાર્ય વગેરેના દૃષ્ટાન્તો આવે જ છે કે તેઓ સેંકડો શિષ્યોના ગુરુ હોવા છતાં, શાસનપ્રભાવક હોવા છતાં વિહારશક્તિ ખલાસ થતાની સાથે જ સ્થિરવાસ રહી ગયા હતા.

આજે જે આચાર્યભગવંતો વગેરે શાસનના કાર્યો કરે છે એ બધા ડોળી કે વ્હીલચેરનો ઉપયોગ કરે છે એને વર્તમાન-ગીતાર્થો અપવાદમાર્ગ તરીકે હજી ગણી લે. પણ એ સિવાયના સાધુ-સાધ્વીજી ભગવંતોમાં મોટા પ્રમાણમાં ડોલી-વ્હીલચેરનો ઉપયોગ વધ્યો છે એ શું અપવાદમાર્ગ ગણી શકાય ?

એક ભણેલા ગણેલા અજૈન માણસે મને કહ્યું કે, "હું રોજ મારા ગામથી સ્કુટર ઉપર નોકરી કરવા નવસારી જાઉં છું. લગભગ રોજ તમારા ધર્મના સાધુ-સાધ્વીઓ મને રસ્તા ઉપર દેખાય છે. એમાં કેટલાંકોને માણસો ઉંચકીને લઈ જતા હોય છે અને કેટલાંકો વ્હીલચેરમાં જતા હોય છે. તમે એ ડોળી ઉંચકનારા અને વ્હીલચેર ચલાવનારાઓને પૈસા આપતા જ હશો. પણ એ બિચારા માણસોને આમાં કેટલો ત્રાસ પડતો હશે. મને એ નથી સમજાતું કે શું આવી રીતે બીજાઓને ત્રાસ આપવો યોગ્ય છે ? પૈસા માટે તેઓ તો ઢોર મજુરી કરવા તૈયાર થાય પણ જૈન સાધુ-સાધ્વીઓને આ શોભે ખરું ?"

નવસારી પાસેના પાણશીલા ગામના રહેવાસી એ ભાઈની વાત સાંભળી હું ચોંકી ગયો. આવા તો લાખો લોકો આ ડોળી-વ્હીલચેરને જોઈને કોણ જાણે શું વિચાર કરતા હશે ?

બીજા શું વિચારે છે ? એની પરવા ન કરીએ તો ય આ ડોળી-વ્હીલચેરમાં સંયમની વિરાધના તો પુષ્કળ છે જ. જે માણસો સાથે રાખવા પડે તે માણસો દ્વારા થતી વનસ્પતિ-કાચાપાણી-ત્રસકાય વગેરેની વિરાધનાનો દોષ તો આપણને જ લાગે ને ?

વળી સંઘ ઉપર એ ડોળી વગેરેના ખર્ચાનો કેટલો મોટો બોજો !

માટે જ સંયમીઓએ આ નિયમ લેવો જોઈએ કે સ્થિરવાસ પસંદ કરીશ પણ ડોળી-વ્હીલચેર નહિ.

હા ! રસ્તામાં જ માંદા પડી જવાથી બે-પાંચ દિવસ માટે ડોળી-વ્હીલચેરનો ઉપયોગ કરવો પડે એ હજી અપવાદ માર્ગ ગણાય કેમકે સાજા થઈ ગયા પછી તો પાછો ચાલીને જ વિહાર કરવાનો છે.

પણ ઘડપણના કારણે, વિચિત્ર રોગના કારણે એવી પરિસ્થિતિ ઉભી થાય કે કાયમ માટે ડોળી-વ્હીલચેર વાપરવી પડે ત્યારે તો આ નિયમ પ્રમાણે સ્થિરવાસ જ યોગ્ય છે.

મહાસંયમી એક આચાર્યભગવંત તો વ્હીલચેરનો સખત વિરોધ કરે છે. "ડોળી માટેના ગમે એટલા પૈસા ખર્ચો, પણ વ્હીલચેર ન વાપરો" એમ તેઓશ્રી જણાવે છે.

સાધ્વીજીઓ કહે છે કે, "ડોળીવાળા માટે પુષ્કળ પૈસાની વ્યવસ્થા અમે ક્યાંથી કરીએ ? અમારી પાસે ક્યાં એવા ભક્તો છે ? વ્હીલચેર હોય તો એકપણ માણસ રાખ્યા વિના અમે જાતે પણ ચલાવી શકીએ, કોઈ ખર્ચો ન થાય."

પણ આ વ્હીલચેરમાં આવતીકાલે મશીન લાગી જવાનો મોટો ભય છૂપાયેલો છે. એટલે ડોળી કે વ્હીલચેર બેય નો વપરાશ બંધ કરીને સ્થિરવાસ કરવો વધુ યોગ્ય છે.

પણ સ્થિરવાસ કરવામાં નીચેની મુશ્કેલીઓ નડે છે. (૧) સ્થિરવાસ ક્યાં કરવો ? ગામડાઓમાં ઘરો નબળા છે. સાધ્વીજીનો કાયમી ભાર ઉપાડવા તેઓ તૈયાર ન થાય. બીજી બાજુ શહેરોમાં સંઘો સાધ્વીજીઓને કોઈપણ ઉપાશ્રયમાં સ્થિરવાસ રહેવા દેતા નથી.

(૨) એક સાધ્વીજી સ્થિરવાસ રહે તો સાથે એમની સેવા કરનારા સાધ્વીજીઓએ પણ સ્થિરવાસ કરવો પડે. એમના સંયમ-સ્વાધ્યાયાદિનો મોટો પ્રશ્ન ઉભો થાય.

આવા કેટલાંક કારણોસર સાધુ-સાધ્વીજીઓ સ્થિરવાસ રહેવા તૈયાર નથી. આ બાબતમાં યોગ્ય નિર્ણય તો ગીતાર્થ આચાર્ય ભગવંતો જ કરી શકે. છતાં એવું લાગે છે કે

(૧) હજી એવા ઢગલાબંધ મધ્યમ ગામડાઓ છે કે જ્યાંના જૈનો સાધ્વીજીઓને છેલ્લે સુધી સાચવી શકે એટલા સુખી તો છે જ. અને તે ગામડાઓમાં હવે મોટી હોસ્પિટલો વગેરે પણ છે જ. અને દરેક ગામડાઓમાં બે-ત્રણ ઘરો તો એવા ભક્તિભાવવાળા મળી જ જાય કે જેઓને બરાબર સમજાવવામાં આવે, સાધ્વીજીની સેવાના લાભો દેખાડવામાં આવે તો ચોક્કસ તેઓ સેવા કરવા તૈયાર થાય. અલબત્ત શહેરો કરતા આ ગામડાઓમાં સારવાર-સગવડ ઓછી મળવાની. પણ જો ભાવસંયમ જાળવાતું હોય તો એ અગવડ-અલ્પ સારવાર શું ઓછાદોષવાળી અને માટે જ સ્વીકાર્ય ન બને ?

(૨) એ ગામડાઓમાં એ સ્થિરવાસ સાધ્વીજી સાથે એમના બે-ચાર શિષ્યાઓને કાયમી સાથે રહેવું પડે તો પણ ગામડાઓમાં સંયમની કાળજી થવાની શક્યતા ઘણી છે.

(૩) અમદાવાદ વગેરે મોટા શહેરોમાં રહેવું હોય તો પણ ત્યાં એક-બે કિલોમીટરના અંતરે નવા નવા સંઘો હોય છે. માત્ર અમદાવાદમાં ૨૦૦ જેટલા સંઘો છે. તે તે સંઘમાં માસ-માસ રહેવામાં આવે તો વર્ષમાં નવ સંઘમાં રહેવાસ થાય. આમ ૧૫-૨૦ વર્ષ અમદાવાદમાં રહી શકાય અને સ્થિરવાસ હોવા છતાં અસ્થિરવાસ જેવું જ થાય.

આ માટે ત્યાંના સંઘોને તૈયાર કરવા પડે.

ખરી હકીકત એ છે કે સાધ્વીજીઓને હવે શહેરો છોડવાની ઈચ્છા ઓછી દેખાય છે. ત્યાં ગોચરી-પાણીની અનુકૂળતા વગેરેને કારણે હવે અપમાનાદિ સહન કરીને પણ તેઓ રહે છે.

બાકી મારી દૃષ્ટિએ શ્રેષ્ઠમાર્ગ આ જ છે કે જો વૃદ્ધ સાધ્વીજીઓ વગેરે ગામડામાં સ્થિરવાસ માટે તૈયાર હોય તો ગુજરાત-મહારાષ્ટ્રમાં એવા સેંકડો ગામડાઓ મળી રહે કે જેમાં શ્રાવકો સમૃદ્ધ પણ હોય અને સાધ્વીજીઓને સારી રીતે સાચવવા માટે તૈયાર પણ હોય. એ શ્રાવકોને પ્રોત્સાહિત કરવાનું કામ

આચાર્યભગવંતો સહેલાઈથી કરી શકે છે.

શક્ય બને અને આતમ જાગે તો ખૂબ ગંભીરતાપૂર્વક વિચારીને આ લખાયેલો નિયમ સંયમીઓએ ધારણ કરવા યોગ્ય છે.

**૧૯૪. હું જાહેરમાં કોઈપણ સંઘ કે ટ્રસ્ટીની વિરુદ્ધમાં બોલીશ નહિ :**

જો વર્તમાનકાળમાં સંયમીઓ પણ જાતજાતના દોષોવાળા હોઈ શકે તો પછી સંસારમાં રહેલા ટ્રસ્ટીઓ વગેરે વિચિત્ર હોય એમાં કોઈ આશ્ચર્ય ન પમાય. આપણી કોઈક વાતો સંઘ કે તેના કેટલાંક ટ્રસ્ટીઓ ન પણ માને. એમાં તેઓનો સ્વાર્થ, કામ કરવામાં આળસ વગેરે દોષો પણ કામ કરતા હોય છતાં કોઈપણ ભોગે વ્યાખ્યાનની પાટ ઉપર કે ચાર-પાંચ માણસોની સામે એમની વિરુદ્ધમાં ન જ બોલાય. અસહિષ્ણુ એ સંઘ કે શ્રાવકોને ખબર પડે કે સાધુઓએ અમારા વિરુદ્ધમાં વાત કરી. એટલે તેઓને સાધુસંસ્થા પ્રત્યે અસદ્ભાવ થાય. દુશ્મનાવટ થાય. એ પણ સાધુઓની નિંદા કરી પુષ્કળ પાપકર્મ બાંધે.

એક સાધુએ જાહેરમાં કહ્યું કે "આ સંઘનાં ટ્રસ્ટીઓ હીજડા છે." ટ્રસ્ટીઓ ખૂબ ક્રોધે ભરાયા. ગુસ્સે થયેલા એક ટ્રસ્ટીએ ઉભા થઈને સાધુનું બાવડું પકડી લીધું. "મહારાજ ! ખબરદાર, જો આવું બોલ્યા છો તો ?" અને વાતાવરણ ખૂબ જ ડહોળાઈ ગયું.

ક્ષમા એ તો સાધુનો પ્રથમ ધર્મ છે. જો આપણે ૨૨ પરિષહો સહન કરવાના છે, તો ટ્રસ્ટીઓની ભુલો, સંઘની ભુલોને સહન ન કરી શકીએ ? એ કડવા ઘુંટડા ગળી ન શકીએ ? એમની ભુલોનું ભાન હોવા છતાં મીઠાશથી વર્તન કરીને સંક્લેશના વાતાવરણને ઉભું થતું અટકાવી ન શકીએ ?

ભવિષ્યમાં ભલે એ ટ્રસ્ટી કે સંઘ સાથે કદિ પનારો ન પાડીએ પણ વર્તમાનમાં તો કોઈપણ ભોગે એમની સાથે ન જ બગાડીએ. અને બગડવાનું કારણ એક જ છે, આપણા દ્વારા એમના માટે બોલાતા અપશબ્દો !

જો આ નિયમ લઈ લઈએ તો આ ધરતીકંપ થતો અટકી જાય.

સંઘ કે ટ્રસ્ટી આપણી કોઈ યોજના પાર ન પાડે. સંઘમાં કોઈ આરાધના કરાવવા માટે તૈયાર ન થાય, કોઈક પ્રોગ્રામ માટે પૈસા ખરચવા તૈયાર ન થાય, કદાચ ખાનગીમાં આપણી વિરુદ્ધમાં બોલે અને એની આપણને ખબર પડી જાય, આપણી ઈચ્છાપ્રમાણેનું બેંડ ન મંગાવે કે સામૈયું ન કરે અને આ બધા કારણોસર એ સંઘ કે ટ્રસ્ટીઓ માટે આપણે જાહેરમાં કે બે-ચાર માણસ વચ્ચે જેમ તેમ બોલીએ તો શું એ આપણી અગંભીરતા, અપરિપક્વતા, અસહિષ્ણુતા ન કહેવાય ?

(દેવદ્રવ્યભક્ષણ વગેરે અતિમોટા દોષો સેવનારા ટ્રસ્ટીઓ જો જાહેરમાં ઠપકો આપવાદિથી જ સન્માર્ગે વળે તેમ હોય તો એ અંગે ગીતાર્થ સંયમી ઉચિત લાગે એ કરી શકે.)

**૧૯૫. હું મારી માલિકીવાળો ફ્લેટ રાખીશ નહિ :**

"આભ ફાટ્યું છે ત્યાં હવે થીગડું દેવા ક્યાં જવું ?" એવી આ બાબતમાં હાલત છે. સુરત-અમદાવાદમાં સેંકડોની સંખ્યામાં સંયમીઓએ પોતાની માલિકીની ફ્લેટ કરી લીધા હોવાના સમાચાર છે. યુવાન દીકરીને દીક્ષા આપતી વખતે જ શ્રીમંત પિતાએ એના માટે ફ્લેટ ખરીદી રાખ્યો અને એના

વૈયાવચ્ચ માટે ટ્રસ્ટ બનાવી દીધું. "ભવિષ્યમાં મારી દિકરીને બિલકુલ મુશ્કેલી ન પડે ?" એમ વિચારીને !

એક વૃદ્ધ બહેને દીક્ષા લીધી. એના કેટલાંક ચડાવાના પૈસા ભેગા કરીને સમાજના વડીલોએ એમના વૈયાવચ્ચાદિ માટે ફલેટની વ્યવસ્થા કરી દીધી.

એક મુહપત્તી પણ જે સંયમીઓથી વધારે ન રખાય તેઓ આખોને આખો ફલેટ પોતાની માલિકીનો રાખી લે એ કેટલો ભયંકર દોષ કહેવાય ?

અને આ ફલેટના નુકસાન કેટલા ? (૧) કાયમી ત્યાં જ રહેનારા એ સંયમીઓને આજુબાજુ રહેનારા શ્રાવકો ગોચરી-પાણી ક્યાં સુધી વહોરાવશે ? તેઓ કંટાળશે અને ભક્તિ બંધ કરશે. અધર્મ પામશે. (૨) ગોચરી-પાણીની દુર્લભતા થવાથી કદાચ સંયમીઓ એ ફલેટમાં જ એક બાઈ કે માણસ રાખી રસોડું શરૂ કરાવી દે તો નવાઈ નહિ. (૩) બહાર ઠલ્લે-માત્રુ પરઠવવાની મુશ્કેલીના કારણે કદાચ ફલેટના જ સંડાસનો ઉપયોગ સંયમી શરૂ કરી દેશે તો ? આવા પ્રસંગો ય બનતા સાંભળ્યા છે.

હવે જો સંયમી પાસે ફલેટ હોય, રસોડું હોય, ટ્રસ્ટાદિ દ્વારા પૈસા હોય તો પછી સંસારી અને સંયમીમાં વેષ સિવાય તો કોઈ ફર્ક જ ન રહ્યો.

કેટલાંક સંયમીઓ ગભરાય છે કે "આપણું કોઈ પુણ્ય નથી ? આપણે ઘરડા થશું ત્યારે આપણને કોણ સાચવશે ? કોણ રાખશે ? ક્યા ઉપાશ્રયમાં સ્થિરવાસ કરવા દેશે ? આપણો જ પોતાનો ફલેટ હોય તો પછી કોઈ મુશ્કેલી ન પડે." અને એ ભયથી પ્રેરાઈને ફલેટ ખરીદે છે.

પણ એ સંયમીઓને શું સાચા સંયમધર્મ ઉપર વિશ્વાસ નથી ? જો તેઓ ભગવાનની આજ્ઞાને વફાદાર રહીને કોઈપણ જાતનો પરિગ્રહ કર્યા વિના જીવશે તો એ જિનાજ્ઞાપાલનના જ પ્રભાવે એમને એવું પુણ્ય બંધાશે કે જ્યારે એમને જેની જરૂર પડશે ત્યારે એમને તે મળી જ રહેશે. ઘડપણમાં સાચવનારા શિષ્યો અને રહેવા માટેનો ઉપાશ્રય પણ મળી જ રહેશે તો હજારો રૂપિયાની દવાઓ પુરી પાડનારા શ્રાવકો પણ સામેથી ધસી આવશે.

જિનાજ્ઞા પર દૃઢ શ્રદ્ધા રાખીને જો આ પાપ સમૂળગું ફેંકી દેવામાં આવે તો નક્કી માનજો, કદિ કોઈ તમે કલ્પેલી મુશ્કેલીઓ નહિ આવી પડે.

ઉલ્ટું જિનાજ્ઞાભંગ કરીને ફલેટો રાખવાની પ્રવૃત્તિમાં પડશું તો એનાથી એવા વિચિત્ર કર્મો બંધાશે કે કદાચ ફલેટ હશે, બધી વ્યવસ્થા હશે પણ સાચી સમાધિ નહિ હોય. અસમાધિકરણ દ્વારા શી રીતે સદ્ગતિ પમાશે ?

હજી બે જ દિવસ પહેલા સમાચાર જાણ્યા કે સાધ્વીજીએ શ્રાવકો પાસેથી પૈસાઓ ભેગા કરીને ફલેટ તો ખરીદી લીધો અને પછી કેટલાક કાળ બાદ ગમે તે કારણસર સરકારી કાગળો ઉપર સહી કરીને એ ફલેટ વેંચ્યો અને મળેલા પૈસા પોતે રાખી લીધા.

શું આવું અધઃપતન થાય તેવું ઈચ્છો છો ? જો ના. તો પછી એના નિમિત્તથી શા માટે છેટા ન રહેવું ?

શ્રીમંત ભક્તો, સ્વજનો ફલેટ લઈ આપવાની વાત કરે તો પણ સ્પષ્ટ ના પાડીને કહી દેવું

જોઈએ કે "શ્રીસંઘ અમારી કાળજી કરનારો બેઠો છે. અમારું સંયમ, અમારી આરાધના જ અમારી રક્ષા કરશે. અમે આવા ફ્લેટ ખરીદવાદિ કાર્યોમાં બિલકુલ પડવાના નથી. ફરીવાર આવી વાત ન કરશો."

જો ફ્લેટ લેવાઈ જ ગયા હોય તો એ લાગતા વળગતા સંઘોને પાછા સોંપી દેવા જોઈએ.

**૧૯૬. હું ક્યાંય શરતી ચોમાસા કરીશ નહિ :**

જે સંયમીઓ પાસે નાના મોટા પ્રોજેક્ટ હોય અને પૈસા ભેગા કરવાના હોય તેઓ ચાતુર્માસની વિનંતિ કરવા આવેલા શ્રાવકોને જો એમ કહે કે,"જો તમે અમુક લાખ રૂપિયા મારા પ્રોજેક્ટમાં આપવાના હોય, તો તમારે ત્યાં ચોમાસું કરીએ." તો એ કેટલું બેહુદું કહેવાય ? શ્રાવકોને તો એમ જ લાગે કે અમે અહીં વેપાર-ધંધો કરવા આવ્યા છીએ ? પૈસા આપીને ચાતુર્માસની ખરીદી કરવા નીકળ્યા છીએ ? અને પૈસાના માટે ચાતુર્માસ કરનારા આ સંયમીમાં શું અમને તારવાની સાચી ભાવના કે બુદ્ધિ હોઈ શકે ખરી ? તો આમનું ચોમાસું શી રીતે કરાવાય ?"

ક્યારેક સંઘો ના-છૂટકે એ વાત સ્વીકારી પણ લે છે. પણ અંદરખાને ખૂબ દુઃખી થાય છે તો કેટલાંક માથા ફરેલ શ્રાવકો તો ખુલ્લેઆમ કહી દે કે "મહારાજા સાહેબ ! કોઈપણ શરત વિના ચોમાસું કરવું હોય તો કરો. અમે ઉપાશ્રય ખાલી રાખશું. પણ આવા લે-વેચના ધંધાપૂર્વકના ચોમાસા અમારે નથી કરાવવા."

આમાં સંયમીની કિંમત કેટલી રહે ?

વળી શરતી ચોમાસા કરનારા સંયમીઓ માટે સંઘો એવા ઉદ્વેગવાળા બને છે કે લાંબાકાળે બધા સંઘો બોલતા સંભળાય કે "અમુક મહારાજને તો અમારે ચોમાસું લાવવા જ નથી, કેમકે એ તો પૈસા માંગીને ચોમાસા કરે છે." અને એવા મહાન પ્રભાવક સંયમીઓને કોઈ સંઘે વિનંતિ ન કરી હોય એવું ય બન્યું છે. સંયમીએ સામેથી એ સંઘમાં ચોમાસું જવાની વાત કરી. છતાં એ સંઘે બહાના કાઢીને ચોમાસું રદ કરાવી દીધું.

એ જ રીતે "તમે અમુક આરાધના કરાવવાના હો તો જ ચોમાસું કરીશ / મારા ચોમાસામાં તમારે ચારમાસનું રસોડું કરવું પડશે. કેમકે મારા મહેમાનો ઘણા હોય / મારો ચાતુર્માસિક ખર્ચ અમુક લાખનો છે. એટલું ફંડ તમારે કરી લેવું પડશે." આવી કોઈપણ પ્રકારની શરતો ન કરાય.

આજે પણ એવા ઘણા વિદ્વાન શાસનપ્રભાવક મુનિરાજો છે કે જેઓ વિનંતિ કરવા આવેલા શ્રીસંઘને કહી દે છે કે "તમારે કાયમી રસોડું કરવાનું નથી. હું કોઈ ભક્તોને બોલાવતો નથી. જે થોડા-ઘણા શ્રાવકો વંદનાદિ માટે આવે એની વ્યવસ્થા તો એની મેળે જ થઈ જતી હોય છે. એની ચિંતા તમારા માથે નથી. વળી સંઘમાં આરાધના કરાવવી કે નહિ ? તપ કરાવવો કે નહિ ? એ બધું તમારે નક્કી કરવાનું. તમારી ઈચ્છા નહિ હોય તો આપણે કોઈ સંઘગત રસોડાવાળો તપ કરાવશું નહિ. હું મારી આરાધના માટે ચોમાસું કરું છું. એમાં સંઘની આરાધના થતી હોય તો એનો મને આનંદ છે. પણ મારું મુખ્ય કામ માત્ર ધર્મોપદેશ આપવાનું અને એમાં તપાદિની પ્રેરણા કરવાનું છે. મારો કોઈ પ્રોજેક્ટ નથી. એટલે તમે નિશ્ચિંત બની જજો."

આવા સુંદર શબ્દો સાંભળીને એ સંઘ કેટલો આનંદ પામે ? કદાચ નિઃસ્પૃહ મહાત્માના

ચાતુર્માસમાં જ સૌથી વધુ ધનવ્યયાદિ થાય તો ય નવાઈ નહિ.

આવો આદર્શ આપણે સૌ કેળવીએ.

**૧૯૭. હું મારા ચાતુર્માસ પ્રવેશમાં કોઈને બોલાવીશ નહિ :**

ભક્ત શ્રાવકો પોતાના ભક્તિભાવથી પ્રેરાઈને પોતાની મેળે સંયમીના ચાતુર્માસ પ્રવેશમાં હાજરી આપવા બહારગામથી આવે તો એમાં સંયમીને કોઈ જ દોષ નથી. પરંતુ સંયમી જો પત્રિકાઓ મોકલીને, પત્રો લખીને, ફોન કરાવીને ભક્તોને કે સ્વજનોને જણાવે કે, "અમુક દિવસે મારો પ્રવેશ છે. અહીં બધી જમવાદિની વ્યવસ્થા છે. તમારે ખાસ આવવાનું છે." તો એ તો બેહદ નિષ્ઠુરતા કહેવાય.

એ ભક્તો ગાડીમાં જે પુષ્કળ હિંસા કરીને આવે, તેનું પાપ કોને લાગે ? આમાં પહેલા મહાવ્રતની નિર્મળતા શી રીતે ટકે ?

કેટલાંકો તો પ્રવેશમાં આખી ને આખી બસો જ બોલાવે. એ જોઈને સીસકારા નીકળી જાય છે. "હે ભગવાન ! તારા અણગારોની રક્ષા કરજે." એમ શબ્દો સરી પડે છે.

આજે એવા કેટલાં ય સંયમીઓ છે કે જેઓ બીજાઓને તો ઠીક ! પણ પોતાના સગા બા-બાપુજી-ભાઈ-બહેનને પણ આખા વર્ષ દરમ્યાન ટપાલ સુદ્ધાં પણ લખતા નથી. પોતાનો ચાતુર્માસ પ્રવેશ ક્યાં છે ? ક્યારે છે ? વગેરે કોઈપણ વાત જણાવતા જ નથી. 'બા-બાપુજી પોતાની મેળે તપાસ કરીને પહોંચે કે ન પહોંચે' એની આ અંતર્મુખ સંયમીઓને કોઈ પરવા નથી.

સંસારત્યાગ તો ખરેખર આવા મુનિવરોનો સાચો કહેવાય. જો સ્વજનો, ભક્તો પ્રત્યેનો સ્નેહ હૃદયમાં અકબંધ હોય અને એ માટે ભયંકર મોટી વિરાધનાઓનો ભય પણ ખતમ થઈ જતો હોય તો એ સંસારત્યાગને શી રીતે અનુમોદવો ?

સંયમી માટે તો જિનાજ્ઞા એ જ મા-બાપ છે. જિનાજ્ઞા એ જ સ્વજન છે. જિનાજ્ઞા એ જ અત્યંત ઉપાદેય છે. સાચા સંયમીને જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને કંઈપણ મેળવવું ન જ ખપે.

[૧૦૫]ઉપદેશમાલામાં માતા-પિતા, સ્વજનો, ભક્તો વગેરેને પુષ્કળ નુકસાન કરનારા કહ્યા છે. તેઓ આપણી રત્નત્રયીના ચોરટાઓ છે. કેવી ભયંકર છતાં તદ્દન સાચી ઉપમા !

જો ખરેખર સંસાર ખરાબ લાગ્યો હોય તો આ સ્વજનાદિરાગ રૂપ ભાવસંસારને છોડી દેવો અને એ પછી તો આવી રીતે ચાતુર્માસ પ્રવેશમાં કોઈને બોલાવવાની પ્રવૃત્તિ શી રીતે થઈ શકે ?

**૧૯૮. હું મારા ચાતુર્માસપ્રવેશની કે તપના પારણાદિ અંગેની પત્રિકાઓ છપાવીશ નહિ :**

ચાતુર્માસ પ્રવેશની પત્રિકાઓ કોના માટે બનાવવામાં આવે છે ? જ્યાં પ્રવેશ કરવાનો છે, ત્યાંના સ્થાનિક લોકોને તો દેરાસરના બોર્ડ ઉપરની જાહેરાત દ્વારા જ પ્રવેશદિવસ, સ્થાન, સમયાદિની ખબર પડી જ જવાની છે.

હવે જે બહારગામના લોકો છે. તેઓને બોલાવવાની જરૂર સાધુઓને તો છે જ નહિ. અને ટ્રસ્ટીઓને પણ પ્રવેશ ઉપર બહારગામનાઓને બોલાવવાની જરૂર નથી. તો પછી કોના માટે આ પત્રિકાઓ છે ?

વળી આ પત્રિકાઓ ટ્રસ્ટીઓ સ્વયં મોકલે છે કે સંયમીઓ જે એડ્રેસો આપે એ જ એડ્રેસ ઉપર

પત્રિકાઓ મોકલાય છે ? જો બીજો વિકલ્પ હોય તો એમાં તો સંયમીને પુષ્કળ દોષ લાગવાનો જ અને ટ્રસ્ટીઓ પોતાની મેળે તો કોઈ પત્રિકા મોકલતા દેખાતા નથી.

બાકી જો સંયમી જાતે પત્રિકાઓ ઉપર એડ્રેસો લખે, ટિકીટ લગાડે અને ટ્રસ્ટીઓને પોસ્ટ કરવા આપે તો એ કેટલું યોગ્ય ગણાય ?

ચોમાસાની વિરાધનાથી બચવા માટે જ ચાતુર્માસ કરાય છે. એના પ્રવેશાદિમાં પત્રિકાઓ છપાવવા દ્વારા, બહારગામથી લોકોને બોલાવવા દ્વારા જો મોટી વિરાધનાઓ ઊભી કરાતી હોય તો ચાતુર્માસ કરવાનો અર્થ જ ક્યાં સર્યો ?

કેટલાંક સંયમીઓ તો ટ્રસ્ટીઓને સ્પષ્ટ સૂચના કરી દેતા હોય છે કે "ખબરદાર ! અમારા પ્રવેશની કોઈપણ પત્રિકાઓ છપાવી છે તો !" ધન્ય છે આ મહામુનિઓના સંયમને !

હા ! કોઈ શ્રાવકો પોતાની મેળે જ પ્રવેશ ઉપર આવે તો એમાં સંયમીની બિલકુલ અનુમોદના ન હોવાથી તેને કોઈ દોષ લાગતો નથી.

આ જ વાત તપના પારણા માટેની છે. તપના પારણા ઉપર સંયમી પોતે બધાને ટપાલો કે પત્રિકાઓ દ્વારા બોલાવે તો ઉપર બતાવેલી વિરાધનાઓ થવાની જ. માટે જ સંયમીના પારણાની ખબર સંયમીઓ સિવાય કોઈને ન પડવી જોઈએ.

આદર્શ સાધુનું દૃષ્ટાન્ત બતાવું.

સળંગ ૨૫૦૦ આંબિલ કરી ચૂકેલા સાધુએ આઠમના દિવસે ઉપવાસ કર્યો. સાધુઓ સમજ્યા કે "આ તપસ્વી દર પાંચતિથી ઉપવાસ કરે જ છે." એટલે નવાઈ જેવું કંઈ ન લાગ્યું. પણ નોમના દિવસે બપોરે બાર વાગે સંયમી જાતે ગોચરી લઈ આવ્યો, ગુરુને બતાવીને કહે,"હે ગુરુદેવ ! આજે મારે ૧૦૦મી ઓળીનું પારણું છે." ગુરુદેવ સ્તબ્ધ થઈ ગયા. રડી પડ્યા. ખૂબ આશિષ આપ્યા.

૧૦૦મી ઓળીના પારણાની ખબર સાક્ષાત્ ગુરુ કે ગુરુભાઈઓને પણ ન હોય એ કેવી અજોડ નિઃસ્પૃહતા કહેવાય !

કેટલાંકો એમ કહે છે કે, "આપણા તપના પારણાની પત્રિકાઓ છપાવવી જ જોઈએ. એ બહાને સ્વજનો વગેરેને એ તપાદિની અનુમોદના કરવાની તક મળે. તેઓ પારણા પર પધારે અને જાતજાતના નિયમો પણ લે. એ રીતે એમને ધર્મમાં આગળ વધવાની તક મળે. આવા નિમિત્તો દ્વારા જ એમને ધર્મ તરફ વાળી શકાય. આપણા તપ નિમિત્તે એમને અનેક બાધાઓ આપી શકાય. માટે સંયમીઓએ તપના પારણા જાહોજલાલી પૂર્વક જ કરવા જોઈએ. એમાં સંયમીની ભાવના માત્ર પરોપકાર કરવાની જ હોવાથી, લેશ પણ ખરાબ ભાવ ન હોવાથી એને કોઈ દોષ ન લાગે."

આનો ઉત્તર શું આપવો ? આ અંગે ખૂબ લંબાણથી લખવું પડે એમ છે. એટલે એ લંબાણ ન કરતા ટુંકાણમાં એટલું જ કહીશ કે "આ ઉચિત લાગતું નથી. સંયમી તદન અજાણ્યા જ તપ અને તેના પારણા કરે એ જ એના માટે અત્યંત હિતકારી અને શોભાસ્પદ છે." બાકી જો શ્રાવકો ઉપર ઉપકાર કરવા માટે આ બધું કરી શકાતું હોય તો પછી શ્રાવકો ઉપર ઉપકાર કરવા એમણે ભક્તિભાવથી બનાવેલી આધાકર્મી ગોચરી વહોરી લઈને એમની ભાવવૃદ્ધિ ન કરવી જોઈએ ? ગોચરી વહોરવા જઈએ

ત્યારે ઘરે ઘરે 'તમે અમુક નિયમ લો, તો જ વહોરું' એ રીતે ઉપદેશ આપી-આપીને એમને નિયમો ન આપવા જોઈએ ?

રે ! આગળ વધીને વિદેશમાં વસનારાઓના હિત માટે વિમાનમાં બેસીને પરદેશ પણ ન જવું જોઈએ ?

ખેર ! આ અંગે ગીતાર્થ-સંવિગ્નો જે નિર્ણય આપે તે પ્રમાણ. બાકી હાલના તબક્કે તો સંયમી સ્વયં પોતાના તપના પારણાની પત્રિકાઓ કરાવે, મહોત્સવો રખાવે એ મને ઉચિત દેખાતું નથી. શ્રાવકો પોતાની મેળે કંઈપણ કરે તો એમાં સંયમીને દોષ નથી. છતાં આ વિષયમાં દરેક સંયમીએ પોતાના સંવિગ્ન-ગીતાર્થ ગુરુભગવંતોને પુછીને તેમના કહ્યા પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી.

<u>૧૯૯. હું પ્રતિક્રમણમાં સ્પષ્ટ ઉચ્ચાર સાથે **નમોઽસ્તુ વર્ધમાનાય** સ્તુતિ બોલીશ :</u>

નિર્વિઘ્ને પ્રતિક્રમણ નામની શ્રેષ્ઠ ક્રિયા પૂર્ણ થવાના આનંદ બદલ, આ શાસન આપણને આપનારા પરમકૃપાળુ, પરમપિતા પરમાત્મા મહાવીરદેવના અસીમ ઉપકારને યાદ કરીને એ દેવાધિદેવની સ્તુતિ રૂપે આ **નમોઽસ્તુ** કે **સંસારદાવા** રૂપી ત્રણ સ્તુતિઓ બોલાય છે. શાસ્ત્રકારો લખે છે કે [૧૦૪]આવશ્યક ક્રિયા કરવાથી સંયમીનો આનંદ ખૂબ વધ્યો છે અને વધી રહ્યો છે. એ દર્શાવવા માટે પહેલી ગાથા અલ્પઅક્ષરવાળી અને મંદસ્વરે બોલવાની છે. બીજી ગાથા વધુ અક્ષરવાળી અને મધ્યમસ્વરે બોલવાની છે. અને ત્રીજી ગાથા સૌથી વધારે અક્ષરવાળી અને ઉત્કૃષ્ટ સ્વરે બોલવાની છે.

શ્રમણ ભગવાન મહાવીરદેવ પ્રત્યેની કૃતજ્ઞતા ભાવનાના અતિરેકથી આંખમાંથી હર્ષાશ્રુઓ વહી રહ્યા હોય અને એ સ્તુતિઓ બોલાતી હોય એ સંયમી માટેની ધન્યપળો છે.

પણ આજે એ ભાવનામાં ઓટ આવી છે કે કેમ ? ક્યારેક એવું જોવા મળે છે કે વડીલ **નમોઽસ્તુ** ગાથા બોલી રહે પછી ૨૦-૨૫ સંયમીમાંથી માંડ પાંચ-દસ સંયમી એ બોલે. બાકીનાઓ મૌન બેસી રહે. એ સ્તુતિ બોલવાનો ઉલ્લાસ જ એમનામાં ન દેખાય.

દેવાધિદેવ પ્રત્યેની આપણી સદ્ભાવના ઘટી છે કે પછી આ બાબતનો ઉપયોગ-ખ્યાલ જ નથી?

અલબત્ત, શાસ્ત્રમાં લખ્યું છે એ પ્રમાણે પ્રતિક્રમણાદિ મહાનક્રિયાઓ કરવાથી ખૂબ હર્ષોલ્લાસ પ્રગટ્યો હોય અને આત્માના અધ્યવસાયો ખૂબ ઉછળા મારતા હોય તેવા આત્માઓ તો આજે વિરલ જ જોવા મળે છે. છતાં આસન્નોપકારી ભગવાન મહાવીર દેવ પ્રત્યેનો સદ્ભાવ પ્રગટ કરવા માટે કમસેકમ આ સ્તુતિઓ તો સ્પષ્ટ ઉચ્ચાર સાથે હાથ જોડી ભગવાનને યાદ કરી ભાવપૂર્વક બોલવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

સાધ્વીજીઓએ આ જ વાત **સંસાર દાવાનલ** સ્તુતિ માટે સમજવાની છે.

<u>૨૦૦. હું પ્રતિક્રમણ બાદ શ્રાવકો પાસે કોઈપણ પ્રકારની સ્તુતિઓ બોલાવવાનો આગ્રહ રાખીશ નહિ કે વધારાની કોઈપણ ક્રિયાનો ઉમેરો કરીશ નહિ :</u>

સામાન્યથી એવો નિયમ છે કે કોઈપણ કાર્ય જેટલું વધારે લંબાતુ જાય એટલો એમાં ઉત્સાહ, ઉલ્લાસ ઘટતો જાય. એમાં વેઠ પણ ઉતરતી જાય. કલાકમાં એક કાપ કાઢવાનો હોય તો એમાં ઉલ્લાસ રહે. પણ પાંચ-છ ગ્લાન સાધુઓનો પાંચ-છ કલાકમાં કાપ કાઢવાનો આવે ત્યારે ઉલ્લાસ નબળો પડે.

જલ્દી જલ્દી કરવાની કે વેઠ ઉતારવાની પ્રક્રિયા વધતી જાય.

પ્રાચીનકાળમાં પ્રતિક્રમણ ક્રિયા ખૂબ નાની હતી. [(૧૦૭)]નમોઽસ્તુની ત્રણ સ્તુતિઓ બોલાય એટલે પ્રતિક્રમણ પૂર્ણ થઈ જતું. પણ ધીમે ધીમે સ્તવન, સજ્ઝાય, શાંતિ ઉમેરાઈ. ગીતાર્થ-સંવિગ્ન મહાપુરુષોએ આનો ઉમેરો કર્યો છે અને એમાં કોઈએ વિરોધ નથી કર્યો એટલે એ ક્રિયાઓ-સૂત્રો આજે ભારતના તમામ સંઘો માન્ય રાખે છે. પણ એક વાત તો નક્કી કે આ રીતે પ્રતિક્રમણની ક્રિયા દોઢી-બમણી થઈ ગઈ.

વધારે મુશ્કેલી એ થઈ કે જે ખરેખરી પ્રતિક્રમણ ક્રિયા છે કે જેનું સૌથી વધુ મહત્વ છે એની કિંમત ઘટી અને સ્તવન-સજ્ઝાયની કિંમત વધી. સામાન્યથી આપણે પણ જોઈએ છીએ કે નમોઽસ્તુ પહેલાની ક્રિયામાં આપણો આનંદ-ઉલ્લાસ કેટલો ? અને સ્તવન-સજ્ઝાયમાં કેટલો ? સ્તવન-સજ્ઝાય ખૂબ લંબાવીને પણ બોલીએ જ્યારે મૂળક્રિયા ઝડપથી પતાવીએ.કોઈ સાધુને ચાર થોય બાકી રહી ગઈ હોય તો એ 'અબ્ભુટ્ઠિઓ' ખામીને ઝડપથી પ્રતિક્રમણ કરી, ચાર થોય કરી પાછો સ્તવનમાં ભેગો થઈ જાય. પણ એને એ ઉપયોગ ન આવે કે "નમોઽસ્તુ સુધી હું માંડલી સાથે પ્રતિક્રમણ કરું અને પછી મારી સ્વતંત્ર ચાર થોયો કરવા છૂટો પડી જઈશ, કેમકે ખરું પ્રતિક્રમણ નમોઽસ્તુ સુધીનું છે."

ખરેખર તો સંયમીના મનમાં આ પદાર્થ દઢ હોવો જ જોઈએ કે નમોઽસ્તુ સુધીની પ્રતિક્રમણની ક્રિયા તો માંડલીની સાથે જ કરવી જોઈએ. કદાચ કારણસર મારે માંડલીથી છૂટા પડવું પડે તો પણ શક્ય હશે ત્યાં સુધી નમોઽસ્તુ સુધીની ક્રિયા તો માંડલીની સાથે જ કરીશ."

છતાં આજે જેમ ચાલે છે એમ ચલાવી લઈએ તો ય એક વાત વિચારવા જેવી છે કે હવે લગભગ દરેક સંઘોમાં પ્રતિક્રમણ બાદ **અરિહા શરણં, સમરો મંત્ર** વગેરે જાત-જાતની સ્તુતિઓ બોલાતી સાંભળવા મળે છે. એ સ્તુતિઓ ખરેખર એકદમ ભાવવાહી જ છે.

પણ મુશ્કેલી એ છે કે એ સ્તુતિઓ પણ જાણે કે પ્રતિક્રમણનો જ એક ભાગ હોય એ રીતે બોલવાનો આગ્રહ રખાય છે. એ સ્તુતિ બોલ્યા વિના પ્રતિક્રમણ પારી ન શકાય એ રીતનો આગ્રહ-પ્રવૃત્તિ કેટલાક સંઘોમાં જોવા મળે છે. જો આ રીતે ચાલે તો તો વર્ષો જતા આવી સ્તુતિઓ દ્વારા પ્રતિક્રમણ વધારે મોટું બની જવાનું. દા.ત. પહેલા સમરો મંત્ર... બોલાતું. હવે અરિહા શરણં બોલાતું સંભળાય છે અને એમાં પાછી નવી ગાથા ઉમેરાઈ છે કે **"જગમાં જે જે...."** એ પછી તાજેતરમાં જ વળી બીજી એક નવી ગાથા ઉમેરાઈ છે. કેટલાંક સંઘોમાં તો પાંચ-દશ મિનિટ ચાલે એટલી બધી સ્તુતિઓ પ્રતિક્રમણ બાદ અવશ્ય બોલાવાય છે.

આ બધું શ્રાવકો પોતાની મેળે વધારતા હોય એ સંભવિત નથી લાગતું. તે તે સંયમીઓને તે તે સ્તુતિ ગમી હશે અને એણે પોતાના સ્થાનના શ્રાવકો પાસે એ બોલાવવાની શરૂ કરાવી હશે. બેયના ભાવ સારા છે, વિચાર કોઈનો ખરાબ નથી. પણ લાંબાકાળે આમાંથી ઉત્પન્ન થનારી મુશ્કેલીનો વિચાર કરવો જરૂરી છે.

એક જગ્યાએ પ્રતિક્રમણ બાદ સ્તુતિ શરૂ થઈ ત્યારે જ કેટલાંક શ્રાવકોએ સામાયિક પારવાનું શરૂ કરી દીધું. સંયમીએ એમને અટકાવ્યા કે "સ્તુતિ બાદ જ સામાયિક પારવાનું." સમજુ શ્રાવકો પ્રતિક્રમણ

બાદ એ સંયમીના ગુરુ પાસે ગયા અને જણાવ્યું કે, "શું આ વ્યાજબી છે ? આ સ્તુતિઓ બોલવી જ પડે તેવું ફરજિયાત છે. અમારે કોઈપણ કારણસર ઉતાવળ હોય અથવા સ્તુતિ બોલવાના ભાવ ન હોય તો અમે ન પણ બોલીએ." ગુરુએ એમની વાત સ્વીકારી સંયમીને ઠપકો આપ્યો.

બીજી વાત એ કે લગભગ બધા ગ્રુપોમાં પોતપોતાના ગુરુઓની સ્તુતિ બોલાવવાનો વ્યવહાર દેખાય છે. અનંતોપકારી ગુરુનું સ્મરણ-સ્તવના કરીએ એ તો સારું જ છે. પણ સંઘના શ્રાવકોએ પણ એ સ્તુતિ બોલવી જ પડે એવો આગ્રહ તો આપણાથી ન જ રખાય ને ? એ રાખીએ એમાં ય મુશ્કેલી કેવી થાય ? તે જોઈએ.

કોઈક સંયમીઓ પોતાના ગુરુની સ્તુતિઓ બોલાવવાની શરૂ કરાવે અને એમનો વિહાર થયા પછી બીજા સંયમીઓ ત્યાં આવે, તેઓ શ્રાવકોને જુની સ્તુતિ બોલતા અટકાવે અને કહે કે, "તમે અમારા ગુરુની સ્તુતિ બોલો." આ રીતે શ્રાવકો ય મુંઝાય. જુના સંયમી પ્રત્યે વધુ સદ્ભાવવાળા શ્રાવકો જુની સ્તુતિ જ બોલવાનો આગ્રહ રાખે. તો મધ્યસ્થ શ્રાવકો નવા સંયમીના કહ્યા પ્રમાણે નવી સ્તુતિ બોલવાની વાત કરે. શ્રાવકોમાં પરસ્પર ઝઘડા ઉભા થાય.

હમણાં જ એક જગ્યાએ જોયું કે નવા આવેલા સંયમીઓએ પ્રતિક્રમણ પૂર્ણ થતાની સાથે જ પોતાના ગુરુની સ્તુતિઓ બોલવાની શરૂ કરી દીધી. પ્રતિક્રમણ માટે આવેલા ત્રીસ-ચાલીસ શ્રાવકોમાંથી કેટલાંક શ્રાવકો ગુસ્સે થયા. "આપણે જે રોજ સ્તુતિઓ બોલીએ છીએ એ ન બોલીને આ બીજી સ્તુતિઓ કેમ બોલી શકાય ?" સમજુ શ્રાવકોએ માંડ માંડ એ બધાને શાંત રાખ્યા.

બધાને પોતપોતાના ગુરુ વહાલા હોય અને હોવા જ જોઈએ. પણ એનો અર્થ એ તો નથી જ કે બીજાઓ ઉપર પણ આપણે આપણી ભાવનાઓને લાદી બેસાડીએ. સંઘોમાં તો તમામ ગચ્છના સાધુ-સાધ્વીજીઓ આવતા જ હોય છે. તેઓ જો બધાના ગુરુઓની સ્તુતિ બોલવા જાય તો એમને તો ઘણું મોટું પ્રતિક્રમણ થઈ જાય અને કોઈપણ એકાદની બોલવા જાય તો બાકીના સંયમીઓ સાથે સંક્લેશ થાય.

એના બદલે જો સંયમીઓ જ આ નક્કી કરે કે, "તે તે સંઘમાં આપણે કોઈપણ નવી સ્તુતિઓ બોલાવવાનો રિવાજ શરૂ કરાવવો નહિ. આપણને આપણા ગુરુ વહાલા છે તો આપણે એમની સ્તુતિ ચોક્કસ બોલશું પણ એ સંઘ પાસે બોલાવવાનો, સંઘની સ્તુતિઓ રદ કરાવીને આપણી સ્તુતિઓ બોલાવડાવવાનો પ્રયત્ન કદિ નહિ કરીએ. કેમકે સંઘના શ્રાવકો મારા ગુરુને જ માત્ર ગુરુ નથી માનતા. તેમને તો બધા જ સાધુઓ વહાલા ગુરુઓ છે. તેઓ કહેશે જ કે જો તમારા ગુરુની સ્તુતિ બોલાય તો અમારા પણ વહાલા ગુરુઓની સ્તુતિ બોલો. આ વાત શું બધા કબુલ રાખી શકશે ? જો ના. તો પછી મારે પણ તેઓ પાસે મારા ગુરુની સ્તુતિ બોલવાનો આગ્રહ ન જ રાખવો જોઈએ."

આશ્ચર્ય તો એ વાતનું છે કે –

પોતપોતાના ગુરુ પ્રત્યેના બહુમાનથી ખૂબ જ ભાવથી ગુરુસ્તુતિ બોલનારા સંયમીઓ જ્યારે બીજા સમુદાયના કોઈક ગુરુઓની સ્તુતિ જાહેરમાં બોલાતી હશે ત્યારે તેઓ એ સ્તુતિ ભાવથી બોલશે? મસ્તક નમાવી ભાવથી વંદન કરશે ? કે પછી "એ તો અમારા ગુરુ નથી. પારકા ગચ્છના છે. તેઓમાં

અમુક દોષો છે." એમ વિચારીને મૌન રહેશે ? મસ્તક નહિ નમાવે ? અને જો આવું કરતા હોય તો પછી તેઓમાં ગુણોનો અનુરાગ છે ? કે વ્યક્તિનો રાગ છે ? એ પણ વિચારવું તો પડશે જ ને ?

વળી પારકા ગચ્છના ગુરુમાં દોષો યાદ આવે છે પણ એ તો દરેક ગુરુઓ છદ્મસ્થ હોવાથી બધામાં ઓછા-વત્તા દોષો છે જ. જે ગુરુઓ મૂલગુણોમાં ભ્રષ્ટ થયેલા જણાયા ન હોય તે તમામની હાર્દિક અનુમોદના કરવી જ જોઈએ.

માટે જ ગુણાનુરાગ કુલકમાં કહ્યું છે કે, "પારકા ગચ્છમાં રહેલા સંવિગ્ન-બહુશ્રુત આચાર્યાદિની પ્રશંસાદિને તું માત્ર ઈર્ષ્યાદિના કારણે મૂકી ન દેતો."

જો વ્યક્તિરાગને બદલે ગુણરાગ હોય તો જ્યાં જે ગુણ દેખાય ત્યાં તે ગુણની અનુમોદના થયા વિના ન જ રહે. આપણી જુની પેઢીના મહાપુરુષો જુદા જુદા પ્રકારના અનેક ગુણોથી વિભૂષિત હતા. તો એમની સ્તુતિ-સ્તવના કરવામાં કોઈપણ સંયમીને શું વાંધો આવે ? મારા ગુરુની સ્તુતિ જ થવી જોઈએ, અને મારા ગુરુની સ્તુતિ થવી જ જોઈએ. આવો કોઈપણ પ્રકારનો આગ્રહ કેટલો યોગ્ય ગણાય?

ખેદ તો એ વાતનો છે કે સંયમીઓ પોતપોતાના ગુરુને આગળ લાવવા, એમને મહાન બનાવવાના પ્રયત્નો કરવામાં અનંતોપકારી શ્રમણ ભગવાન મહાવીરદેવને તો વિસરી જ ગયા. 'એમની સ્તુતિ થવી જ જોઈએ' એવો આગ્રહ ક્યાંય દેખાતો નથી જ. 'મારા ગુરુનું નામ આવવું જ જોઈએ.' એવો આગ્રહ દેખાયો પણ "કોઈપણ પત્રિકામાં તીર્થાધિપતિ મહાવીરસ્વામીનું નામ હોવું જ જોઈએ" એવો આગ્રહ નથી દેખાતો. ત્યાં તો ચોવીશમાંથી કોઈપણ ભગવાનનું નામ ચલાવી લઈએ. પરમાત્માને ઓછા-વત્તા વિશેષણ આપેલા હોય તો ય તેના તરફ ધ્યાન સુદ્ધાં ન જાય અને પોત-પોતાના ગુરુનાં નામ માટે, એમના વિશેષણો માટે સખત આગ્રહ રાખીએ એ શું કંઈક અનુચિત થતું નથી લાગતું ?

"બધા ભગવાન તો સરખા જ છે ને ? પછી મહાવીર સ્વામીનું નામ આવે કે બીજા ભગવાનનું નામ આવે. શું ફર્ક પડે છે ?" એમ બોલનારાઓ આ વાત વિચારશે કે "બધા ગુરુઓ પણ ગુરુ તરીકે સરખા જ છે. પછી મારા ગુરુનું નામ આવે કે બીજા ગુરુનું નામ આવે. શું ફર્ક પડે છે ?"

"બધા ગુરુ સરખા હોય તો પણ મારા અનંત ઉપકારી તો મારા ગુરુ જ છે. માટે જ મારા ગુરુ કરતા કોઈ વધુ સારા ગુરુ હોય તો પણ મારા માટે તો મારા ગુરુ જ વધુ આદરણીય બને ને ?" આવો જો કોઈ બચાવ કરે તો એણે એ પણ વિચારવું પડશે કે "બધા તીર્થંકરો સરખા હોવા છતાં આપણા અનંત ઉપકારી તો પ્રભુ મહાવીરસ્વામી જ છે. એટલે આપણે એમના નામનો, એમના ઉત્તમોત્તમ વિશેષણોનો આગ્રહ રાખવો જ જોઈએ."

બાકી પ્રત્યેક સંયમીઓ ગંભીર બનીને વિચારે કે ઉપધાન, પ્રતિષ્ઠા, અંજનશલાકા, છ'રી પાલિત સંઘ વગેરે વગેરે તમામ અનુષ્ઠાનો આપણને તો ભગવાન મહાવીરદેવે બતાવ્યા છે. માટે જ કોઈપણ પ્રસંગમાં, કોઈપણ પત્રિકામાં સારામાં સારા પાંચ-સાત વિશેષણો સાથે ભગવાન મહાવીરદેવનું નામ મોટા અક્ષરે હોવું જ જોઈએ. એને બદલે આખી પત્રિકામાં, આખા પ્રસંગમાં પ્રભુવીરનું નામ બિલકુલ લેવામાં ન આવે, લખવામાં ન આવે, યાદ પણ કરવામાં ન આવે એ શું એ ઉપકારી પ્રત્યેનો ઉપેક્ષાભાવ

ન કહેવાય ?

વળી અજૈનો તો જૈનોના ભગવાન તરીકે મહાવીરસ્વામીને જ ઓળખે છે. આદિનાથ, પાર્શ્વનાથને નહિ તેઓની હાજરીમાં બાકીના ભગવાન વગેરેની જય, જાહોજલાલી થાય એમાં 'તેઓને શું વિચાર આવશે' એની આપણે કલ્પના કરી ?

મૂળ વાત એટલી જ છે કે આપણે કોઈપણ સંઘમાં પ્રતિક્રમણ બાદ કોઈપણ નવી સ્તુતિ, નવી ક્રિયા ન જ ઘુસાડીએ કે જેથી વિખવાદ, સંક્લેશ, મારું-તારું ની બુદ્ધિ ઉત્પન્ન થાય. આપણા ગુરુભગવંતની સ્તુતિ આપણે સાધુ-સાધ્વીઓ જ બોલીએ. શ્રાવકો પાસે એનો આગ્રહ ન રાખીએ.

આમ છતાં જો સ્તુતિ વગેરે બોલાવવી હોય તો સામાયિક પરાઈ ગયા પછી જ બોલાવીએ. જેથી જે ગૃહસ્થોને બોલવાની ભાવના હોય તે બોલે અને જેને ઉતાવળ હોય, સ્તુતિ બોલવાની ભાવના ન હોય તે ન બોલે. તેઓ ઉપર આપણે ફરજિયાત સ્તુતિ બોલવાનો ભાર ન લાદીએ.

આ જ રીતે પ્રતિક્રમણ બાદ શ્રાવકોને પણ સંથારોપોરિસી સંભળાવવાનો આગ્રહ ન રાખવો. સામાયિક પરાઈ ગયા બાદ કહી શકાય કે, "જે શ્રાવકોએ સંથારા પોરિસી ભણાવવી હોય તેઓ ભણાવી શકે છે."

ટૂંકમાં મૂળ પ્રતિક્રમણ વિધિમાં કોઈપણ પ્રકારનો ઉમેરો હવે આપણે ન કરવો જોઈએ. સામાયિક પરાઈ ગયા પછી જે ઉચિત લાગે તે વિચારી શકાય.

**<u>૨૦૧. હું લીધેલા નિયમો / દર પાંચમ-આઠમ-ચૌદશે એકવાર વાંચી જઈશ :</u>**

ઘણા બધા નિયમો લીધા હોય એટલે કેટલીકવાર એના ગાઢ સંસ્કાર ન પડ્યા હોવાને કારણે ભુલાઈ જાય. "મેં કઈ મીઠાઈની બાધા રાખી છે ? કેટલા દિવસની છૂટ છે ?" ઇત્યાદિ ઘણી બાબતોમાં ક્યારેક ગોટાળા થઈ જાય. પણ સુદ પાંચમ અને દર આઠમ-ચૌદશના દિવસે એ નિયમો ધ્યાનથી વાંચીએ તો આપણો આચાર યાદ આવે. કંઈક ભૂલચૂક થતી હોય તો ફરી આત્મા જાગ્રત બને.

ખરેખર તો જે નિયમો આપણે લીધા હોય કે ન લીધા હોય તે તમામ નિયમો મહીનાના પાંચ દિવસ ધ્યાનથી વાંચી લેવા જોઈએ. ભાવના જાગ્રત થાય તો વધુ સારા આચાર પાળી શકાય. શાસ્ત્રકારોએ [૧૦૮]લીધેલી પ્રતિજ્ઞાઓનું રોજ સ્મરણ કરવાની આજ્ઞા ફરમાવી જ છે. પણ ઘણા બધા નિયમો હોવાથી રોજ વાંચવા ન પણ ફાવે તો છેવટે આ પાંચ દિવસ વાંચવાનો નિયમ અપનાવી શકાય.

**<u>૨૦૨. હું જપ કરવા માટે રેશમી-રંગીન ચોલપટ્ટો, અત્તરાદિ રાખીશ નહિ :</u>**

ઓઘનિર્યુક્તિ, ધર્મસંગ્રહ વગેરે જે ગ્રંથોમાં સંયમીઓના ઝીણામાં ઝીણા લગભગ તમામ આચારોનું નિરૂપણ કરી દીધેલું દેખાય છે ત્યાં સંયમી 'જપ માટે વધારાનો ચોલપટ્ટો વગેરે રાખે' એવું નિરૂપણ જોવા મળ્યું નથી. પ્રાયઃ કોઈપણ ગ્રન્થમાં જપ કરવા માટે વધારાનો ચોલપટ્ટો રાખવાનું વિધાન હજી સુધી જોવામાં આવ્યું નથી. છતાં આજે કેટલાંક સંયમીઓ જપ માટે તદ્દન ચોખ્ખો, વધારાનો ચોલપટ્ટો રાખતા દેખાય છે. એ ચોલપટ્ટાનો જપ સિવાય કદિ ઉપયોગ કરાતો નથી. 'જપ એ વિશિષ્ટ સાધના છે, માટે એ વખતે તદ્દન ચોખ્ખા વસ્ત્રો જ જોઈએ. સ્થંડિલ-માત્રુવાળા વસ્ત્રો ન ચાલે' એવું આ ચોલપટ્ટાદિ રાખવા પાછળનું ગણિત છે.

જો આ વાત શાસ્ત્રમાં નથી દેખાતી તો કોણે શરૂ કરી ? એ પ્રશ્નનો ઉત્તર એવો ભાસે છે કે યતિઓએ આ જપ કરવા માટે વધારાના ચોખ્ખા વસ્ત્રો રાખવાની વાતો કરી હોવી જોઈએ. અને યતિઓનો એ આચાર અત્યારે પણ વ્યાપક બન્યો હોવો જોઈએ. બાકી સંવિગ્નોની પરંપરામાં આ પહેલેથી હોય એમ લાગતું નથી, કેમકે

(૧) આ રીતે વધારાની ઉપધિ રાખવામાં પાંચમા મહાવ્રતમાં અતિચાર લાગે છે. 'અપવાદ માર્ગે વધારાના વસ્ત્રો રાખવામાં કોઈ દોષ નથી' એ વાત સાચી. પણ આ અપવાદ માર્ગે વધુ વસ્ત્ર રાખવા માટે જે કારણો બતાવ્યા છે એમાં જપાદિ માટે ચોલપટ્ટા વધારે રાખવાની વાત હજી સુધી વાંચી કે સાંભળી નથી.

(૨) જપ કરવો જ હોય તો રોજીંદા વપરાશના વસ્ત્રો પહેરીને કરી શકાય છે. જેમ પ્રતિક્રમણાદિ સર્વોત્કૃષ્ટ ક્રિયાઓ પણ રોજીંદા સ્થંડિલ-માત્રુમાં વપરાતા વસ્ત્રો પહેરીને કરીએ જ છીએ, એમ જપ પણ કેમ ન થાય ? જો ગણધર ભગવંતોએ રચેલા અજોડ, અપૂર્વ, અદ્વિતીય સૂત્રો પણ રોજીંદાવસ્ત્રો પહેરીને સંયમીઓ બોલી શકતા હોય તો એ જ વસ્ત્ર દ્વારા જપ કેમ ન થઈ શકે ? 'જપ વધુ મહાન અને પ્રતિક્રમણ ક્રિયા ઓછી મહાન છે' એમ કહી શકાય ખરું ?

(૩) જો અત્યંત પ્રાચીન આચાર્યભગવંતો વગેરે જપ માટેના ધાતુના યંત્રો રાખતા હોત, એ માટે જુદા ચોલપટ્ટાદિ રાખતા હોત તો શાસ્ત્રોમાં એનું વર્ણન શા માટે નથી ? રાત્રિના ત્રીજા પ્રહરમાં આચાર્ય ભગવંતો પન્નવણાદિ ગ્રંથોના પદાર્થોનું ધ્યાન-ચિંતન કરે એ વાત આવે છે. આચાર્ય ભગવંતો સતત સૂત્રાર્થચિંતનમાં મગ્ન હોવાની વાત આવે છે, પણ જપમાં લીન હોવાની વાત સાધ્વાચાર નિરૂપક શાસ્ત્રોમાં શા માટે નથી દેખાતી ?

તો શું પ્રાચીન આચાર્ય ભગવંતો જપાદિ નહિ કરતા હોય ? સૂત્રાર્થચિંતન એ જ એમનો મોટો જપ હશે ?

વળી [૧૦૯] સંયમીઓને ધાતુની વસ્તુ વાપરવાનો નિષેધ છેદગ્રંથોમાં જોવા મળે છે. આમાં અપવાદ માર્ગે જ્યારે ધાતુની વસ્તુઓ વાપરવાની છૂટ આપવામાં આવી ત્યારે ઝેર ઉતારવાદિ કારણો બતાવ્યા છે. પણ 'જપાદિ કરવા માટે ધાતુના યંત્રો અપવાદ માર્ગે રખાય.' એવું નિરૂપણ કર્યું નથી.

આવી અનેક બાબતો વિચારતા એમ જણાય છે કે પુષ્કળ જપ, જપ માટે ધાતુના યંત્રો, જપ માટે ચોલપટ્ટાઓ આ બધું અતિ-પ્રાચીન પરંપરામાં નહિ હોય પણ યતિઓ દ્વારા આ બધું શરૂ કરાયું હશે.

હા. કલિકાલસર્વજ્ઞશ્રી, શ્રી મહોપાધ્યાયજી વગેરે મહાપુરુષોએ વિશિષ્ટ સિદ્ધિઓ મેળવવા ખાતર જપ કર્યા હોવાના પ્રસંગો સંભળાય છે. પણ એ વિશિષ્ટ આત્માઓએ વિશેષ પ્રસંગને અનુસારે આ કરેલું જણાય છે.

સાધુઓ માટે નવકારવાળી રાખવાની વાત પણ ઓઘનિર્યુક્તિ વગેરે પ્રાચીન ગ્રંથોમાં દેખાતી નથી. પરંતુ યતિજીતકલ્પ વગેરેમાં નવકારવાળી ખોવાઈ જવાદિનું પ્રાયશ્ચિત આપેલું દેખાય છે. એના પરથી પણ એવું લાગે છે કે તે અમુક સમયમાં ગીતાર્થસંવિગ્ન ભગવંતોએ કારણસર નવકારવાળી

વગેરેની શરૂઆત કરી હશે.

આ બધા મારા વિચારો મેં જણાવ્યા.

છતાં વર્તમાન ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓ જો જપને પ્રતિદિન કર્તવ્ય તરીકે શાસ્ત્રાનુસારી માનતા હોય અને એ માટે નવકારવાળીને શાસ્ત્રાનુસારી માનતા હોય, 'વધારાના ચોલપટ્ટા રાખવા' એ પણ માન્ય કરતા હોય, રે ! કદાચ એ માટે ધાતુના યંત્રોને શાસ્ત્રાનુસારી માનતા હોય તો પણ

(૧) રત્નોની, સ્ફટિકની, ચાંદીની માળાઓ રાખવી શું સાધુઓ માટે યોગ્ય ખરી ?

(૨) સિદ્ધચક્રયંત્રાદિ પ્રાચીન યંત્રો સિવાય બાકીના જાતજાતના અનેક પ્રકારના યંત્રો રાખવા એ શું સંવિગ્ન મહાત્માઓ માટે યોગ્ય છે ?

(૩) માત્ર વધારાના ચોલપટ્ટા જ નથી રખાતા. પણ એ ચોલપટ્ટા રેશમી, રંગબેરંગી, સુગંધી રાખવા... એ બધું શું સંવિગ્ન મહાત્માઓ માટે યોગ્ય છે ?

કોઈક વળી એવો પણ બચાવ કરે છે કે, 'શાસનરક્ષા-શાસનપ્રભાવના માટે દેવોને પ્રસન્ન કરવા જરૂરી છે. અને માટે આ બધું અપવાદ માર્ગે કરી શકાય.'

એની સામે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ અપવાદમાર્ગની છૂટ અત્યંત સંવિગ્ન-ગીતાર્થ આચાર્ય ભગવંતાદિઓને જ મળી શકે? કે સામાન્ય સાધુઓ પણ આ બધી છૂટ લઈ શકે ?

આજે નાના નાના સંયમીઓ પાસે પણ જાત-જાતના યંત્રો જોવા મળે છે. જેઓને શાસ્ત્રનો, પોતાના સંયમજીવનનો કોઈ વિશિષ્ટ બોધ નથી. તેઓ શાસ્ત્રાભ્યાસાદિ મહત્વના અનુષ્ઠાનો છોડીને કલાકો સુધી જપ કરવા બેસે છે. એ જોઈને વિચાર આવે છે કે "આ સંયમીઓ સમ્યગ્જ્ઞાન વિના શી રીતે આત્મશુદ્ધિ મેળવશે ?"

પક્ખિસૂત્રમાં આપણે ક્ષમા માંગીએ છીએ કે 'આ સેંકડો શાસ્ત્રો શક્તિ-બલ વગેરે હોવા છતાં મેં ન વાંચ્યા, પરાવર્તન ન કર્યા, પૃચ્છાદિ ન કરી એની ક્ષમા માંગુ છું.' આનો અર્થ એ તો સ્પષ્ટ છે કે સંયમીઓએ ઓછી-વત્તી શક્તિ પ્રમાણે શાસ્ત્રાભ્યાસ કરવો જરૂરી છે.

હવે એ સંયમીઓ વધારાના ચોલપટ્ટા રાખે, એ રંગબેરંગી રાખે, એ રેશમી રાખે, એને ચોક્ખા રાખવા માટે દર ૫-૭ દિવસે તેનો કાપ કાઢે. એ જપના યંત્રો માટે લાલ રંગના ભપકાદાર થેલા વગેરે કે પાકીટ વગેરે રાખે, એ ભાર ઉંચકવા માણસ રાખે. આ બધું કેટલું ઉચિત ? એ ગીતાર્થ મહાપુરુષો જ નક્કી કરે.

વાત તો હવે ઘણી આગળ વધી છે. 'જપ માટે સોનાની ચેન પણ કેટલાંક સંયમીઓ રાખે છે.' એવું સાંભળવા મળ્યું છે. જપ વખતે મોંઘાદાટ અત્તરનો વપરાશ પણ શરૂ થયો છે. જપ માટે હોમ-હવન પણ થવા લાગ્યા છે. સેંકડો પુષ્પોની વિરાધના જપ માટે સંયમીઓ દ્વારા કરાવાઈ રહી હોય' એવું પણ સાંભળ્યું છે, જોયું છે. જપના સ્થાનમાં વિશિષ્ટ-સુગંધી ધૂપો અને કદાચ દીપકો પણ કરાવાઈ રહ્યા છે. અત્તર નાંખવાની જરૂર ન પડે એવા સ્વભાવથી જ સુગંધી એવા મોંઘાદાટ વસ્ત્રો જપ માટે વાપરવાના શરૂ થઈ ચૂક્યા છે.

જોઈ લો, આ અનવસ્થાનો હાહાકાર ! સુતરનો સાદો એક ચોલપટ્ટો પણ વધારે ન રાખવાની આજ્ઞામાં છૂટ મૂકી અને આજે એ અનવસ્થા પરાકાષ્ઠાને પામી રહી છે. હવે રત્નોની માળાઓ, મણિની માળાઓ પણ સંયમીઓ વાપરતા થયા છે.

અને છતાં આ સંયમીઓ સમેતશિખરાદિ તીર્થોની રક્ષા કરી શક્યા ખરા ? કતલખાનાઓ બંધ કરાવી શક્યા ? ગર્ભપાતો અટકાવી શક્યા ખરા ?

ઘણી વાત કરવાની હોવા છતાં હવે એ ન કહેતા ટુંકમાં એટલું જ જણાવીશ કે સંયમીઓ નમસ્કારમહામંત્ર કે મહાસંવિગ્ન-મહાગીતાર્થ ગુરુઓ વડે સામેથી સહર્ષ અપાતા મંત્રો સિવાય બીજા કોઈપણ મંત્રજપાદિમાં ખેંચાઈ ન જાય. અને આ જે કંઈ પણ જપ કરે એ રોજીંદા વસ્ત્રો પહેરીને કરે. એ માટે કોઈપણ વસ્ત્રો વધારે ન રાખે. છેવટે સાદા વસ્ત્રો વધારામાં રાખે. સુતરની કે સુખડની માળા સિવાય કોઈપણ ભભકાદાર માળાઓ ભેગી ન કરે, ન વાપરે. ગુરુમહારાજ સામેથી કોઈક યંત્ર આપે, રાખવાનું કહે તો રાખે. બાકી જાતે એકપણ યંત્ર ન રાખે, એની તપાસ સુદ્ધા ન કરે. એમ ગુરુ જે કોઈ ફોટાઓ રાખવાનું કહે તે જ ફોટા રાખે એ સિવાય વધારાના, પોતાની ઈચ્છાથી એક પણ ફોટા ન રાખે.

એ મહાત્માઓ તો ધન્ય છે કે જેઓ પાસે વધારાના કોઈ જ વસ્ત્રો નથી. કોઈ યંત્રો કે ભગવાનના ય ફોટા સુદ્ધાં નથી. રે ! નવકારવાળી પણ નથી. આંગળીના વેઢા ઉપર જ જેઓ ગુરુદત્ત જપ કરે છે. વધુમાં વધુ સુતરની માળા ઉપર જપ કરે છે. અને એ ગુરુદત્ત જપ કરીને સ્વાધ્યાયાદિમાં લીન બને છે.

એટલે બાધાનો સાર આ છે કે રેશમી-રંગીન ચોલપટ્ટો ન રાખવો. માળા રાખીએ તો સુખડ-સુતર સિવાયની ન રાખવી. અત્તર-ધૂપ-પુષ્પ-દીપકાદિ કોઈપણ વસ્તુનો વપરાશ કરવો નહિ. છતાં આ બાબતમાં પોતાના સદ્ગુરુજનોની રજા લઈને બધું કરી શકાય.

<u>૨૦૩. ઉપાશ્રયમાં જ્યાં સુધી મારા કરતા વડીલ મહાત્માને બેસવાની જગ્યા-ટેબલાદિની જરૂર હોય ત્યાં સુધી હું જગ્યા-ટેબલાદિ લઈશ નહિ :</u>

વિહાર કરીને ઉપાશ્રયમાં પહોંચતાની સાથે જ કેટલાંક સંયમીઓ સારામાં સારી જગ્યાએ પોતાનું સ્થાન જમાવી દે. ટેબલ વગેરે લઈને એના ઉપર પોતાનો થેલો મૂકી એની માલિકી (!) કરી લે. વડીલો મોડા આવે ત્યારે એમને માટે બેસવા લાયક કોઈ જગ્યા ન હોય, પ્રકાશ-પવન વિનાની જગ્યાએ વડીલોએ બેસવું પડે. એમને ટેબલાદિની જરૂર હોય છતાં બધા ટેબલ નાના સંયમીઓએ લઈ લીધા હોવાથી તેઓએ ટેબલ વિના જ ચલાવવું પડે. એ વખતે વડીલોને નાનાઓ પ્રત્યે સંક્લેશ પણ જાગ્રત થાય. વડીલ જો કડક હોય તો તો નાનાઓને સારી જગ્યાએથી હટાવી પોતે ત્યાં બેસી જાય. એના પુસ્તકાદિને બાજુ પર મૂકી એનું ટેબલ પોતે લઈ લે. નાનાએ આ અપમાનાદિ સહન કરવા પડે.

પણ વડીલનું કંઈ વર્ચસ્વ ન હોય, વડીલ ઠંડા સ્વભાવના હોય તો આ બધું વર્તન ન ગમવા છતાં મુંગા રહી બધું સહન કરે.

આ બધું શું નાના સંયમીઓ માટે યોગ્ય ગણાય ? આમાં વડીલો પ્રત્યેનો વિનય જ ક્યાં છે ?

આમાં કેટલી બધી સ્વાર્થવૃત્તિ ભરેલી પડેલી છે ?

સંયમીએ ઉપાશ્રયમાં પહોંચ્યા બાદ આ ઉપયોગ મૂકવો જ જોઈએ કે મારા કરતા એક દિવસ પણ મોટા વડીલને જે સ્થાને બેસવાની ઈચ્છા હોય એ સ્થાન હું પડાવી નહિ લઉં. હું એમને જ એ સ્થાન આપી દઈશ. મારા વડીલોને બધા સ્થાન મળી રહે. પછી જે જગ્યા બચે એમાં હું મારું આસન રાખીશ.

એમ મારા કોઈપણ વડીલને જ્યાં સુધી ટેબલની જરૂર હોય ત્યાં સુધી હું ટેબલાદિ નહિ લઉં. મારી પાસે હશે તો પણ વડીલને જ આપી દઈશ.

હા ! વડીલની એ ફરજ ખરી કે એમને જો ટેબલ માત્ર ભગવાન મૂકવા કે જપાદિ કરવા જોઈતું હોય અને નાના સંયમીને લખાણ કરવાદિ માટે જોઈતું હોય તો વડીલ એ ટેબલ નાનાને આપી દે. કેમકે ભગવાન તો બીજી કોઈપણ જગ્યાએ મૂકી શકાય. જપનો સામાન નાના પાટલાદિ ઉપર પણ રાખી શકાય. જ્યારે લખવાનું કામ તો અમુક પ્રકારના ટેબલ ઉપર જ થઈ શકે.

પણ આ બધી અપેક્ષા નાનાએ નથી રાખવાની. નાના સંયમીઓની પોતાની ફરજ આ જ કે ઉપાશ્રયમાં રહેલી કોઈપણ વસ્તુ જો વડીલ ઈચ્છતા હોય તો એ વસ્તુ પોતે ન લેતા વડીલને જ આપે. વડીલો જે વસ્તુ ન લે, બાકી રહે તે જ વસ્તુ પછી નાના વડીલો લે.

જો નાના સંયમીઓ આ વિનય આચરે તો વડીલનો એમના પ્રત્યે ખૂબ આદર-સદ્ભાવ પ્રગટે. ગ્રુપનું વાતાવરણ અત્યંત રમણીય બની જાય.

ખ્યાલ રાખવો કે ૪૯ વર્ષના દીક્ષાપર્યાયવાળો સંયમી પણ ૫૦ વર્ષના દીક્ષા પર્યાયવાળા કરતા નાનો જ ગણાય. બધાએ આ આચાર પાળવો જરૂરી છે.

ખેદની વાત છે કે કેટલાંક સાધુઓ ઉપાશ્રયમાં પહોંચી વડીલોની જગ્યાદિની ચિંતા તો નથી જ કરતા પણ મુખ્ય આચાર્ય ભગવંતાદિની જગ્યાદિની પણ ચિંતા કર્યા વિના પોતાની જ ચિંતા કરનારા હોય છે. આચાર્યભગવંતે ગમે ત્યાં બેસવું પડે, ગમે તેવી વસ્તુથી ચલાવી લેવું પડે એ તો શિષ્યો માટે શરમજનક વાત છે.

### ૨૦૪. હું ઉપાશ્રયમાં બહેનોને કચરા-પોતા કરવા આવવાની ના પાડીશ :

સાધુઓના ઉપાશ્રયમાં કચરા-પોતા કરવા માટે રોજ એકવાર કે બે વાર બહેનો આવે અને અડધો કલાક સાધુની હાજરીમાં જ કચરા-પોતા કરે એ બધું સાધુ માટે ઉચિત નથી. 'કામવાળી બહેનમાં શું ખરાબ વિચાર આવે ?' એવું કહેનારાઓ મોહરાજની તાકાતને અને શાસ્ત્રકારોના હૃદયને પીછાણતા જ નથી. 'દશવૈ.માં હાથ-પગ-આંખ-કાન વિનાની ડોસી સાથે પણ પરિચયાદિ કરવાનો નિષેધ શા માટે કર્યો હશે ?' એ વિચારવું જોઈએ.

ખરેખર તો સાધુઓના ઉપાશ્રયમાં બહેનો કે ભાઈઓ સાધુ માટે કચરા-પોતા કરવા આવે એમાં સાધુઓને જ બધી વિરાધનાનો દોષ લાગે. સાધુઓએ જ વ્યવસ્થિત કાજો લઈ ઉપાશ્રય ચોક્ખો રાખવો પડે. છતાં એ શક્ય ન હોય અને ઉપાશ્રયમાં બીજાઓ પાસે સાફ કરાવવાની જરૂર પડતી હોય તો પણ બહેનો તો આ કામ માટે ન જ જોઈએ. વર્તમાનના શ્રાવકો શાસ્ત્રબોધ, સાધ્વાચારબોધ વિનાના હોવાથી

આવી કોઈ કાળજી કરતાં નથી. એટલે હવે આ જવાબદારી સંયમીઓના માથે આવે છે.

હમણાં જ એક નાનકડા શહેરમાં અત્યંત ધુળવાળો ઉપાશ્રય સાફ કરવા આવેલા બહેનને મુખ્ય સાધુએ કહી દીધું કે,"અમારો ઉપાશ્રય સાફ કરવાનો નથી." બહેને જઈને ટ્રસ્ટીઓને વાત કરી. ટ્રસ્ટીઓ આવ્યા. સાધુએ કહ્યું કે,"કોઈ ભાઈ ઉપાશ્રય સાફ કરનાર હોય તો ભલે. નહિ તો અમારે આવો ધુળીયો ઉપાશ્રય ચાલશે." સાધુની કટ્ટરતા જોઈ શ્રાવકોએ તરત જ એક ભાઈની વ્યવસ્થા કરી ઉપાશ્રય સ્વચ્છ કરાવડાવ્યો.

આપણે જો ટ્રસ્ટીઓને એમ કહીએ કે "કોઈક ભાઈને મોકલો" તો તેઓ ઘણા બહાનાં કાઢે. 'માણસો મળતા નથી...વગેરે' પણ ઉપર જે રીતે સાધુએ નમ્રતા સાથે છતાં સ્પષ્ટ વિધાન કર્યું કે 'અમારે ધુળીયો ઉપાશ્રય ચાલશે' એટલે ટ્રસ્ટીઓએ જ પોતાની મેળે એ વ્યવસ્થા ગોઠવી દીધી. અને કદાચ એવી વ્યવસ્થા ન ગોઠવાય તો સાધુઓએ એવો ઉપાશ્રય નિભાવી લેવો પડે. છેવટે જેટલો ભાગ વાપરવાનો હોય એટલો ભાગ જાતે જ સાફ કરીને વાપરવો પડે. બાકી ઢીલાશ કરશું તો લાંબા કાળે પરિણામ સારા નહિ આવે.

સાધ્વીજીઓએ પુરુષને આશ્રયીને આ પ્રતિજ્ઞા સમજવી. જ્યારે વડીલો હાજર હોય ત્યારે નાના સંયમીઓ તો બહેનોને ના પાડવાની સત્તા શી રીતે હાથમાં લઈ શકે ? એટલે વડીલોની હાજરીમાં જો વડીલોને સમજાવીને-કહીને બહેનોને કચરા-પોતા માટે આવતા અટકાવી શકાતા હોય તો એ સારા માટે જ છે. પણ ન અટકાવી શકે તો એ વખતે નાનાઓને આ બાધાનો ભંગ ન ગણાય એમ જાણવું. પોતાની સત્તા, વડીલપણું હોવા છતાં જો બહેનોને ન અટકાવે તો જ આ બાધાનો ભંગ ગણાય.

<u>૨૦૫. હું મોડામાં મોડો સુર્યાસ્ત સમયે તમામ સંયમીઓને વંદન કરવા નીકળી જઈશ. વંદનના ખમાસમણા પંચાંગપ્રણિપાત દઈશ :</u>

સાથે રહેલા તમામ સંયમીઓને દિવસમાં ઓછામાં ઓછા એકવાર તો વંદન કરવાનો વ્યવહાર તમામ સમુદાયોમાં જોવા મળે છે. પણ 'આ વંદન ક્યારે કરવા ?' એવો કોઈ નિશ્ચિત સમય પ્રાયઃ કોઈપણ સમુદાયમાં જોયો નથી. અને એટલે કેટલાંક સંયમીઓ છેક રાત્રે અંધારામાં વંદન કરવા નીકળતા દેખાય છે. મોટા સમુદાયમાં બે-ચાર વંદન બાકી રહેવાથી મોડા કરવાના થાય એ તો હજી બને. પણ તમામે તમામ વંદનો અંધારામાં જ કરવા, એમાં ઉભા થયા વિના જ બધા ખમાસમણા આપવા. ખમાસમણામાં બે ઘુંટણ સિવાય મસ્તક કે હાથ જમીનને ન અડાડવા, અબ્ભુટ્ઠિઓ વગેરે સૂત્ર સ્પષ્ટ ઉચ્ચાર વિના, ઘણા શબ્દો ખાઈ જવા પૂર્વક બોલવા...વગેરે ઘણી અવિધિઓ ક્યાંક ક્યાંક જોવા મળે છે.

વડીલોને વંદન એમના સંયમની અનુમોદના માટે છે. હવે જો એમાં ઉપેક્ષા, વેઠ, અવિધિ ભળે તો સંયમની, વડીલોની આશાતના કર્યાનો દોષ લાગે. એમાં લાભ કંઈ ન થાય. વળી સંયમની અનુમોદના ન કરનારો, આશાતના કરનારો જીવ સ્વયં શી રીતે શુદ્ધ સંયમને પામે ?

કોઈપણ સંયમીને વંદન કરતી વખતે આપણા હૃદયમાં તેમના પ્રત્યે સદ્ભાવ ઉછળતો હોય, ભાવપૂર્વક ઉભા થઈ થઈને પંચાંગ પ્રણિપાત ખમાસમણા દેવાતા હોય, કોઈપણ શબ્દો ખાઈ ગયા વિના

(ભલે ઝડપી તો પણ) સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક શબ્દો બોલાતા હોય અને એ વંદનનો સમય પ્રકાશવાળો હોય, એક-બીજાના મુખ સ્પષ્ટ જોઈ શકાય તેવો હોય તો આ વંદન વ્યવહાર વર્તમાનકાળની દૃષ્ટિએ અત્યંત પ્રશંસનીય બને. થાકને કારણે બધા ખમાસમણા ઉભા થઈ-થઈને ન અપાય તો ય બેઠાં-બેઠાં પણ પાંચ અંગો (બે હાથ+બે ઘુંટણ+માથુ) જમીનને બરાબર અડાડવાદિ ક્રિયામાં તો એ થાક પ્રતિબંધક નથી જ બનતો.

અકાળે, અવિધિથી વંદન કરવાથી વડીલોને પણ અરુચિ થાય. 'આ વંદન ન કરે તો સારું' એવા ય ભાવ થાય. પરસ્પર મૈત્રીભાવ ઘટે. ગમે એટલી મીઠી વાતો કરનારો સંયમી પણ જો વંદનમાં ગોટાળા કરતો હોય તો વડીલોના મનમાં એની 'બોલકણો' તરીકેની છાપ ઊભી થવાની શક્યતા ઘણી છે. બુદ્ધિ તો બધા પાસે છે. બધા સાચા-ખોટાના વિવેક કરવાની સામાન્ય બુદ્ધિ તો લગભગ ધરાવે જ છે.

જ્યારે યોગ્યકાળે-વિધિપૂર્વક વંદન કરનારો સંયમી ઓછું બોલીને પણ વડીલોના મનમાં સ્થાન જમાવી શકશે. એના પ્રત્યે વડીલોને લાગણી-સદ્ભાવ વૃદ્ધિ પામશે.

એટલે દિવસે જ બધાને વંદન થઈ જાય તો શ્રેષ્ઠ. છેવટે સૂર્યાસ્ત થતાની સાથે જ તમામ વડીલોને વંદન કરવા નીકળો તો ય લગભગ અજવાળામાં બધાને વંદન થઈ જાય. નિયમ એ જ છે કે સૂર્યાસ્ત સમયે તો વંદન માટે નીકળી જ જવું. પણ પછી બે-ત્રણ વડીલ આમતેમ ગયા હોવાથી એમને અજવાળામાં વંદન ન થાય થોડુંક મોડું થાય તો ય આ પ્રતિજ્ઞા તુટતી નથી.

છેક અંધકારમાં વંદન કરવા નીકળવાનો અતિજઘન્યકક્ષાનો અનુચિત આચાર અટકાવવા સૂર્યાસ્ત સમયે જ વંદન કરવા નીકળી જવાનો આ નિયમ બનાવ્યો છે. બાકી ખરેખર તો થોડોક સ્વાધ્યાય ગૌણ કરીને બપોરે પ્રતિલેખનાદિ બાદ તરત જ બધાને વંદન કરવા એ જ શ્રેષ્ઠ માર્ગ છે. એમાં ય જ્યારે સાંજનો વિહાર હોય ત્યારે તો વિહાર પૂર્વે જ બધાને વંદન કરી લેવા. સાંજે વિહાર બાદ સંયમીઓ સ્થાને મોડા પહોંચે, થાકીને પહોંચે એ વખતે વંદન લેવા-કરવા ન ફાવે. એક વડીલે તો આ રીતે વંદન કરનારાને સ્પષ્ટ સંભળાવી દીધું કે, "મારે તમારા વંદનની જરૂર નથી. તમારે જરૂર હોય તો વહેલા વંદન કરી લેવા.'

સૌ સંયમીઓ આ બાબતમાં ગંભીર બને.

<u>૨૦૯. હું ભીંત વગેરેને ટેકો દઈને બેસીશ-કે ઊભો રહીશ નહિ :</u>

ઓઘનિર્યુક્તિ વગેરે [૧૫૦]ગ્રંથોમાં ભીંત-થાંભલા વગેરેને ટેકો દઈને બેસવાનો સ્પષ્ટ નિષેધ કરેલો છે. એના અનેક કારણો છે.

(૧) ભીંત ઉપર કીડી, ગરોળી, કરોળીયા વગેરે ત્રસજીવોની અવરજવર ચાલુ હોવાની પાકી શક્યતા છે. એટલે પુંજીને ટેકો લઈને બેસીએ તો પણ પાછળથી એ જીવો ત્યાં આવે અને આપણી પીઠ-માથાદિ દ્વારા એમની વિરાધના થવાની શક્યતા ઘણી રહે.

(૨) જો ટેકો લેવાનું સાધન ભીંત વગેરે નબળા હોય, જુના થઈ ગયા હોય તો ક્યારેક તુટી પણ જાય. એના આધારે બેઠેલો સંયમી પણ પોતાનું બેલેન્સ ગુમાવી દે, પડી જાય.

(૩) ટેકો દઈને બેસનારમાં એની મેળે જ પ્રમાદ વૃદ્ધિ પામે. ધીરે ધીરે તે પગ લાંબા કરે.પછી

શરીર લાંબુ કરે. છેવટે સુઈ જાય. વળી આવી અવસ્થામાં વાંચનાદિમાં એકાગ્રતા પણ ન આવે. ઝોકાઓ વધુ આવે. ટેકા વિના બેસનારને આવા ખોટા પ્રમાદ જાગ્રત ન થાય. એને અભ્યાસાદિમાં એકાગ્રતા પણ ખૂબ આવે.

(૪) ટેકો દઈને બેસનારનો કમરનો ભાગ લગભગ વળેલો જ હોય. પરિણામે લાંબે કાળે કમરના દુઃખાવા થવાની શક્યતા છે. જ્યારે ટેકો વિના બેસનારાઓ ટટ્ટાર પણ બેસતા હોય છે. અને વૈજ્ઞાનિકો કહે છે કે ટટ્ટાર બેસનારોને પ્રાયઃ કમરના દુઃખાવા થતા નથી.

જે વાત ટેકો લઈને બેસવામાં છે એ જ વાત ટેકો લઈને ઉભા રહેવામાં છે. કબાટ, ભીંત, દરવાજો વગેરેના ટેકે ઉભા રહેવું એ સંયમી માટે ઉચિત નથી. કેટલાંકો તો વળી પ્રતિક્રમણાદિ વખતે પણ થાંભલા, ભીંત વગેરેનો ટેકો લઈને ઉભા રહેતા હોય છે. પરિપક્વ સંયમીએ પ્રમાદપૂર્વક આ દોષથી દૂર રહેવું જોઈએ.

તાવ-અતિ થાક વગેરે ગાઢ કારણોસર આમાં અપવાદ સેવવાની છૂટ રાખી શકાય.

<u>૨૦૭. હું ઘડિયાળ રાખીશ નહિ, સેલવાળી ઘડિયાળને અડીશ નહિ, કોઈપણ સ્થાનમાં ઘડિયાળ મૂકાવીશ નહિ :</u>

પ્રાચીનકાળમાં ઘડિયાળો હતી જ નહિ. સંયમીઓ સૂર્ય-ચંદ્રના ભ્રમણ વગેરે દ્વારા સમય જાણી લઈ એ પ્રમાણે પ્રવૃત્તિ કરતા. શ્રાવકો બે ઘડીનું સામાઈક કરવા માટે 'ઘડી' નામનું સાધન રાખતા. પણ એમાં ઉપરના ભાગમાંથી નીચેના ભાગમાં સતત ધૂળ પડ્યા જ કરે એટલે એમાં વાયુકાયની વિરાધના થાય અને એટલે એવા સાધનો સંયમીઓ માટે ઉચિત ન હતા.

વૈજ્ઞાનિકોએ ચાવીથી ચાલનારી ઘડિયાળો શોધી. શરૂઆતના વર્ષોમાં શ્રાવકો ઉપાશ્રયમાં પોતાના સામાયિકાદિનો સમય જોવા એ ચાવીથી ચાલતી ઘડિયાળો મૂકાવતા. સંયમીઓ એ ઘડિયાળ દ્વારા જ સમય જાણી લેતા, પણ પોતાની પાસે ઘડિયાળ ન રાખતા કે પોતે જાતે ઉપાશ્રયાદિમાં ઘડિયાળ ન મૂકાવતા.

પણ અનવસ્થા દોષે અહીં પણ પોતાનો પરચો બતાવ્યો. રોજેરોજ ચાવીઓ આપવી પડે એટલે કંટાળેલા શ્રાવકોએ નવી શોધાયેલી, સેલથી ચાલનારી ઘડિયાળો રાખવા માંડી. એમાં ય સંયમીને હજી સુધી દોષ ન હતો. પણ વિહારના સ્થાનો વગેરે અનેક જગ્યાએ તો ઘડિયાળો ન હતી અને તેથી ઘડિયાળથી જ સમય જાણવા કેળવાયેલા સંયમીઓ ઘડિયાળ વિનાના ઉપાશ્રયોમાં મુંઝાવા લાગ્યા. એમણે તેવા સ્થાનોમાં શ્રાવકોને કહીને ઘડિયાળો મૂકાવવા માંડી.

એમ મોટા ઉપાશ્રયમાંનીચે ઘડિયાળ હોય, ઉપર ન હોય અથવા હોલમાં ઘડિયાળ હોય અને રૂમમાં ન હોય.. આ વખતે ઉભા થઈને થોડુંક ચાલીને ઘડિયાળ જોવા જવાથી કંટાળેલા કેટલાંક સંયમીઓ ઉપરના હોલ, રૂમ વગેરેમાં પણ સ્વતંત્ર ઘડિયાળ મૂકાવવા લાગ્યા. અને માટે જ કેટલાંક ઉપાશ્રયોમાં ૫-૧૦ ઘડિયાળો પણ જોવામાં આવી છે.

પણ એ સેલવાળી ઘડિયાળોની કાળજી કોણ કરે ? સેલ બંધ થઈ જાય, ઘડિયાળ વહેલી-મોડી થાય એ બધાથી સંયમીઓને મુશ્કેલી પડવા માંડી. એટલે છેવટે સંયમીઓએ ઓઘામાં જ રહી જાય તેવી

નાનકડી, પોતાની માલિકીની ઘડિયાળો રાખવા માંડી. કોઈ વળી સવારે ઉઠવા માટે ઉપયોગી થાય એ માટે એલાર્મવાળી ઘડિયાળો રાખવા લાગ્યા.

પણ 'બાવાજીની લંગોટી' જેવો ઘાટ ઘડાયો. હવે પ્રશ્ન એ ઊભો થયો કે 'રાત્રે અંધારામાં તો ઘડિયાળના કાંટા દેખાતા નથી તો શું કરવું ?' એટલે સંયમીઓએ ઘડિયાળમાં ચકમકતા રેડિયમ નંખાવવાના શરૂ કરી દીધા. કો'ક સંયમીઓએ તો વળી રેલ્વે સ્ટેશનો ઉપર હોય છે તેવી ઈલેક્ટ્રીકથી ચાલતી અને ઘોર અંધારામાં પણ દૂરથી દેખાતી એવી ઘડિયાળો ઉપાશ્રયમાં મૂકાવડાવવાની શરૂઆત કરી.

હજી આટલું ઓછું હોય એમ કેટલાંકોએ રીતસર કુકડા વગેરેનો અવાજ કરીને આપણને ઉઠાડતી અત્યંત ફેન્સી ઘડિયાળો પણ રાખવા માંડી.

આજે પરિસ્થિતિ એવી સર્જાણી કે (૧) 'ઘડિયાળ પાપ છે' એ માન્યતા લગભગ ખતમ થઈ. (૨) ઘણા બધા સંયમીઓ પોત-પોતાની પાસે ઘડિયાળ રાખવા લાગ્યા. વડીલ પાસે ઘડિયાળ હોય છતાં તે જ ઘડિયાળ દ્વારા ટાઈમ જાણી લેવાને બદલે અનેક નાના સંયમીઓ જુદી જુદી ઘડિયાળ રાખતા થયા. (૩) મુમુક્ષુ અત્તરવાયણા કરવા જાય ત્યાં શ્રાવકો માથે તિલક કરી 'દીક્ષા બાદ ઉપયોગી થાય તે માટે' નાનકડી ઘડિયાળ ભેટ આપવા લાગ્યા.

હાય ! માત્ર સમય જાણવા માટે સંયમને કેટલાં ડાઘાઓ લગાડવા પડ્યા ? (૧) ઘડિયાળમાં કાંટાઓ સતત ફર્યા જ કરે, એના દ્વારા વાયુકાયની વિરાધના થાય, કેમકે સચિત્તવાયુકાય ઘડિયાળની અંદરના ભાગમાં પણ છે જ. તલવારથી કોઈકનું માથું કપાય એમ એ કાંટાઓથી વાયુકાયના જીવો કપાય. (૨) જો ઘડિયાળ ઈલેક્ટ્રીકથી ચાલતી હોય તો તેજસ્કાયની ચોવીસકલાક માટેની વિરાધના ચોંટે. જો ઘડિયાળ સેલથી ચાલતી હોય તો ય એ સેલ તૈયાર કરવામાં ય તેજસ્કાયની ભરપૂર વિરાધના થયેલી હોવાથી એ બધાની અનુમોદનાનો દોષ લાગે. (૩) નિષ્કારણ વધારાની ઉપધિ રાખવાથી પરિગ્રહ નામનો દોષ લાગે. નાનકડી ઘડિયાળના નાનકડા કવરો દુષ્પ્રતિલેખિત છે. એમાં નાના જીવો ફસાઈ જવાથી વિરાધના થવાની શક્યતા ઓછી નથી. (૪) ઘડિયાળ બગડે તો એનું રીપેરીંગ કરાવવા ગૃહસ્થોને સોંપવી પડે. એ રીપેરીંગ કરવામાં પણ ઈલેક્ટ્રીકનો ઉપયોગ થાય. એ બધી વિરાધના સંયમીને લાગે.

તમામ વિરાધનાઓ ત્યાગી એકમાત્ર આરાધના કરવાના શ્રેષ્ઠ લક્ષ્યથી સંયમ સ્વીકાર્યું અને હવે ચોવીશ કલાકની વિરાધનાના સાધનો છેક ઓઘામાં ચોંટાડી દીધા. આ શું નાનો-સૂનો અપરાધ છે ?

ધન્યવાદ છે એ વર્તમાન સંયમીઓને કે જેઓ ઘડિયાળ રાખતા નથી. કોઈની ઘડિયાળને સેલવાળી હોવાને લીધે અડતાં પણ નથી. વગર ઘડિયાળે વર્ષોના વર્ષો જેઓના સંયમજીવનના પસાર થઈ ચૂક્યા છે.

છ મહાત્માઓ એક સ્થાને ચાતુર્માસ હતા. ઉપરના જે હોલમાં તેઓ રહેતા ત્યાં પહેલેથી એક ઘડિયાળ હતી જ. સંયમીઓ એ જોઈને કામ કરતા. પણ મહિના બાદ ઘડિયાળ બંધ પડી, નવા સેલની જરૂર પડી. ૨૦ વર્ષના પર્યાયવાળા વડીલ સંયમીથી માંડીને છ ય સંયમીઓ નવો સેલ નંખાવવાનું

કહેવા-વિરાધના ઊભી કરવા તૈયાર ન હતા. બધા મૌન રહ્યા. અને એ રીતે આખું ચાતુર્માસ પૂર્ણ કર્યું. જરૂર પડે ત્યારે નીચેના વ્યાખ્યાનહોલમાં જઈ ત્યાંની ઘડિયાળમાં સમય જોઈ લેતા.

કોટિ કોટિ વંદન હો એ મહાત્માઓને કે જેઓએ વિરાધનાનો આટલો બધો ગભરાટ આત્મસાત કર્યો છે.

જાતે ઘડિયાળ રાખવી તો નહિ જ. પણ કોઈક પાસે ઘડિયાળ હોય તો એ સેલવાળી હોવાથી તેજસકાયના સંઘટ્ટાના ભયથી એનો સ્પર્શ પણ ન કરવો. વગર અડે એમાં સમય જોઈ શકાય.

એમ ઉપાશ્રયમાં ક્યાંય પણ નવી ઘડિયાળ મૂકાવવી નહિ. જો પહેલેથી જ ઘડિયાળ હોય તો એમાં સમય જોઈ લેવો. પણ એ બંધ પડી હોય તો એમાં સેલ બદલાવવા નહિ. નીચેના સ્થાનેથી ઉપર પણ લાવવી નહિ. જેવી પરિસ્થિતિ હોય એવી પરિસ્થિતિમાં નભાવી લેવું. નવી પરિસ્થિતિ ઊભી ન કરવી.

એક સંયમી તો કહે કે, "મને આ ઘડિયાળના કાંટાઓ કસાઈના છરા જેવા લાગે છે. એ છરાઓ પંચેન્દ્રિયને કાપે છે તો આ કાંટા રૂપી છરાઓ વાયુકાયના જીવોને કાપે છે. આ ઘોર પાપસાધનને હું કદિ ન સ્વીકારું.'

વર્તમાનકાળમાં લાભાલાભ જોઈ મહાગીતાર્થ-મહાસંવિગ્ન આચાર્યભગવંતો વગેરે ઘડિયાળ રાખતા હોય કે કોઈને એની અનુમતિ આપતા હોય તો ય બાકીના સંયમીઓએ આ પાપ આદરવાની કોઈ આવશ્યકતા નથી. એમાંય જ્યારે ગ્રુપના કોઈપણ એક સાધુ પાસે ઘડિયાળ હોવા છતાં બીજાઓ પણ એ ઘડિયાળ રાખે ત્યારે તો એ વધારે મોટો દોષ કહેવાય.

કેટલાક સંયમીઓ ચાવીવાળી ઘડિયાળ રાખે છે. વિહારમાં જ્યારે અત્યંત જરૂર પડે ત્યારે એ ઘડિયાળને જરૂર પૂરતી ચાવી આપે છે. સવારે ઉઠવાદિ માટે એ ઘડિયાળની જરૂર પડે અને પછી એની મેળે જ ઘડિયાળ બંધ પડી જાય. આમ ચાવીવાળી ઘડિયાળમાં જ્યારે જેટલો સમય ઘડિયાળ જોવાની જરૂર હોય ત્યારે તેટલા જ સમય પુરતી વિરાધના થાય. જ્યારે સેલવાળી ઘડિયાળમાં તો કાયમી વિરાધના થયા જ કરે. આ દૃષ્ટિએ વિચારીએ તો સેલવાળી ઘડિયાળ કરતા ચાવીની ઘડિયાળમાં ઓછી વિરાધના છે. પણ બે ય પાપનું સાધન તો કહેવાય જ.

<u>૨૦૮. હું ઉપાશ્રયમાં મચ્છરો ભગાડવા માટે ધૂપ-ધુમાડો કરાવીશ નહિ :</u>

સુખશીલતા જ્યારે રૂંવાડે રૂંવાડે પોતાનું સ્થાન જમાવી દે ત્યારે ષડ્જીવ નિકાયની રક્ષા કરવાની પોતાની ફરજ સંયમી ચૂકી જાય છે. પ્રદૂષણ વગેરેને લીધે આજે લગભગ તમામ સ્થાનોમાં ઓછા વત્તા મચ્છરો હોય જ છે. ગૃહસ્થો તો પોતાના ઘરોમાં પંખા નીચે સુતા હોવાથી કે તેવા પ્રકારના મચ્છરનાશક સાધનોનો ઉપયોગ કરતા હોવાથી એમને મચ્છરનો ત્રાસ ન લાગે એ શક્ય છે. પણ પંખાદિ વિનાના ઉપાશ્રયોમાં તો એનો ત્રાસ ઓછા-વત્તા અંશમાં પણ રહે જ છે.

આમાં ભવભીરું સંયમીઓ ડાંસ-મચ્છરના ચટકાઓ સહન કરી લે છે પણ કોઈપણ વિરાધના કરાવતા નથી. કેટલાંકો વળી મચ્છરની વિરાધના પણ ન થાય અને પોતાને સહન પણ ન કરવું પડે એ માટે મચ્છરદાની વાપરે છે. કાયમ સાથે જ રાખે છે.

પણ [૧૧૧] જેઓ મચ્છરો દૂર કરવા આખા ઉપાશ્રયમાં ધૂપ કરાવે છે તેઓના જીવદયાના પરિણામ અંગે વિચાર કરવાની ખાસ જરૂર પડે છે. એક તો અગ્નિ પેટાવીને જ એ ધૂપ કરાવી શકાય એટલે એમાં તેજસકાયની પુષ્કળ વિરાધના થાય. ઉપરાંત એ ધૂમાડા દ્વારા મચ્છરો વગેરેને પુષ્કળ ત્રાસ થાય, કદાચ મરી પણ જાય. આમ ત્રસકાયની પણ ઘણી વિરાધના થાય. વળી એ અગ્નિ પેટાવવા અને ધુમાડો ફેલાવવા માટે પુંઠા વગેરેથી જોર-જોરથી વીંઝવું પડે અને એમાં વાયુકાયની ચિક્કાર વિરાધના થાય.

વાત તો હવે ત્યાં સુધી આગળ વધી કે કેટલાંક સંયમીઓ મચ્છરનાશક ઈલેક્ટ્રીક સાધનો પણ વાપરે છે. આખી રાત ઈલેક્ટ્રીક દ્વારા એ મશીન ચાલે. મચ્છરો મરે કે ન મરે પણ ઈલેક્ટ્રીકની ચિક્કાર વિરાધના સંયમીના માથે ચોંટે.

ડાંસ-મચ્છરના ચટકાઓ સહન કરી લઈને પણ આવી કોઈ જ વિરાધના ભવભીરુ સંયમીએ કરાવવી નહીં. જો આ પરિષહ સહન કરી ન શકાય અથવા તો આખી રાત ઉંઘ ન આવવાથી તબિયત બગડી જવાદિ ડર રહે તો છેવટે વધુમાં વધુ કાયમ સાથે રાખેલી મચ્છરદાનીનો ઉપયોગ હજી ચાલે. પણ ઉપરની વિરાધનાઓ કોઈપણ ભોગે ન ચાલે.

કેટલાંક ભક્ત શ્રાવકો સંયમીના કહ્યા વિના પણ ઉપાશ્રયમાં ધૂપ-ધૂમાડા કરાવતા હોય છે. તે વખતે સંયમી એમ વિચારે કે 'મેં તો એને ધૂપ કરવાનું કહ્યું નથી. એ એની જાતે કરે તો મારે શું વાંધો?' એ ન ચાલે. કેમકે ઉપાશ્રયમાં એ ધૂપ સંયમીઓ માટે જ થાય છે. આપણા નિમિત્તે થઈ રહેલી એ વિરાધનાનો સ્પષ્ટ નિષેધ કરવો એ આપણી ફરજ બની રહે છે.

<u>૨૦૯. હું ઉપાશ્રયમાં કચરા-પોતા કરાવીશ નહિ. સંયમી નિમિત્તે સંઘ કચરા-પોતા કરાવતો હશે તો એની ના પાડીશ :</u>

બહેનો પાસે કચરા-પોતા ન કરાવવાનો નિયમ બ્રહ્મચર્યની રક્ષા નિમિત્તે આગળ બતાવી દીધો છે. પણ હકીકત એ છે કે ઉપાશ્રયમાં સંયમી ભાઈ કે બહેન કોઈની પણ પાસે કચરા-પોતા ન જ કરાવી શકે.

એ નોકરો ઝાડુ દ્વારા જ કચરો કાઢે. અને શાસ્ત્રોમાં લખ્યું છે કે 'સાવરણી, ઘંટી, માટીનો ઘડો, ચૂલો, ખંડણી-દસ્તો આ પાંચ વસ્તુ ગૃહસ્થોના ઘરમાં રહેલા પાંચ કતલખાના છે. એમાં જીવોની કતલ થાય છે.' અર્થાત્ આ ઝાડુ વગેરે કર્કશ હોવાથી એના દ્વારા કચરો કાઢવામાં કીડીઓ મરવાની, એમને કિલામણા થવાની પાકી શક્યતા છે જ. જો ગૃહસ્થ માટે પણ એ સાવરણી કતલખાનું છે. તો સંયમી પોતાના માટે એ સાવરણી દ્વારા કચરો શી રીતે કઢાવી શકે ?

વળી આ રીતે કચરો કાઢવા આવનાર નોકરો સંયમીઓની સારી-સારી વસ્તુઓ જોઈ આકર્ષાય છે અને ચોરીઓ પણ કરે છે. બોલપેનો, નોટો, ઘડિયાળો, બામ વગેરે ચોરાઈ ગયાના પ્રસંગો પણ બને જ છે.

એ નોકરને આ કામ બદલ પૈસા મળે, એનો સંસાર ચાલે, આમ આપણા નિમિત્તે અસંયતનું પોષણ થવાથી આપણને મોટો દોષ લાગે.

કચરા પછી પોતા કરાવવામાં તો વધારે દોષ છે. જો તે નોકરો એક ડોલ પાણી ઉકાળી ઉકાળેલા પાણીથી પોતા કરે તો એ પાણી ઉકાળવાની બધી વિરાધના આપણને લાગે. અને જો કાચા પાણીમાં જ ફિનાઈલ વગેરે નાંખીને પોતા કરે તો સચિત્તપાણીની ભયંકર વિરાધના, ક્યારેક એ પાણીનો સંઘટ્ટો થવો વગેરે દોષો ય લાગે.

વળી આ કચરા-પોતા થતી વખતે ઉપધિ હટાડવી પડે, સંયમીએ પણ સ્થાન બદલવું પડે... આ બધામાં સ્વાધ્યાયાદિનો વ્યાઘાત થવાની વાત ખુદ શાસ્ત્રકારોએ નોંધી છે. અને માટે જ [૧૧૫]જ્યાં મહિનામાં એક જ વાર કચરા-પોતા થતા હોય ત્યાં પણ એટલો ટાઈમ સ્વાધ્યાયનો વ્યાઘાત થવાનો દોષ દેખાડી શાસ્ત્રકારોએ ત્યાં માસકલ્પ કરવાનો ઉત્સર્ગમાર્ગે નિષેધ ફરમાવેલો છે. (અલબત્ત, આવી વાતો હવે સંયમીઓને પણ હાસ્યાસ્પદ લાગવા લાગી છે, શાસ્ત્રકારોની ગૂઢરહસ્ય ભરેલી વાતો સંયમીઓને ય હાસ્યાસ્પદ લાગે એ તો કળિયુગની જ બલિહારી કહેવાય ને ?)

એટલે ઉપાશ્રય ધુળવાળો હોય તો પણ નોકર પાસે કચરો કઢાવવાને બદલે સંયમી જાતે જ દંડાસનાદિ દ્વારા એ ધૂળ દૂર કરી દે તો એ શ્રેષ્ઠ માર્ગ છે. આમાં એક જ સંયમી આખા ઉપાશ્રયની બધી ધૂળ કાઢવામાં કંટાળી થાકી જાય એવી શક્યતા જો હોય તો એનો વિકલ્પ એ છે કે દરેક સંયમી પોતાના વપરાશની જગ્યા પોતે જાતે જ સાફ કરી લે. આ રીતે બધાને ઓછી-ઓછી જગ્યા સાફ કરવાની આવે અને એટલે એમાં મુશ્કેલી ન પડે. ઉપાશ્રય એની મેળે સાફ થઈ જાય. કોઈ પણ સંયમીને ભાર ન પડે.

આપણે કોઈને કચરા-પોતાનું ન કહ્યું હોય છતાં જો સામેથી કોઈ કચરા-પોતા કરવા આવે તો પણ ત્યાં સમજી જ લેવું પડે કે આ કચરા-પોતા સંયમીઓ માટે જ થાય છે. એટલે આપણા નિમિત્તે આ વિરાધના હોવાથી આપણને દોષ લાગે જ. માટે ત્યાં ના પાડવી જ પડે કે, "અમારે કચરા-પોતા કરવાની જરૂર નથી."

સાધુ આવે ત્યારે જ જે ઉપાશ્રય સાફ કરતા હોય તે ઉપાશ્રય સાધુ માટે જ સાફ કરાય છે એ હકીકતનો ઈન્કાર શી રીતે થઈ શકે ?

"અમારે ઉપાશ્રય ગંદો થોડો રખાય ? અમારું ખરાબ દેખાય. અમે કંઈ તમારા માટે કચરા-પોતા નથી કરાવતા' આવી શ્રાવકોની મીઠી વાતોની સચ્ચાઈ તટસ્થ મનથી પકડવી. બાકી જો મનમાં સુખશીલતાના સંસ્કાર હશે તો આવી વાતો સો ટચના સોના જેવી સાચી લાગી જ જવાની. આ તો આત્મનિરીક્ષણ આત્મસાક્ષિક જ કરવાનું છે.

છતાં જો કચરો કઢાવવો જ પડે. તો ય પોતું તો ન જ કરાવવું. કેમકે કચરો નીકળી જવાથી ઉપાશ્રય ચોખ્ખો થઈ જાય છે. હવે કપડા-શરીર મેલા થવાનો કોઈ ભય રહેતો નથી. આમ પોતા અંગેની મોટી વિરાધનાઓથી બચી શકાય.

સંયમીઓ ઉપાશ્રયમાં હોય કે ન હોય છતાં જ્યાં કાયમી કચરા-પોતા થતા જ હોય એવા સ્થાનોમાં સંયમીને વિરાધનાનો દોષ ન લાગે એમ મને ભાસે છે.

<u>૨૧૦. હું મારા નામના પેડ-સ્ટીકરો છપાવીશ નહિ અને રંગબેરંગી-મોંઘા પેડો વાપરીશ નહિ :</u>

જ્યારે પત્રો લખવા એ જ પાપ છે ત્યારે પત્રો લખવા માટે પેડ રાખવા એ તો શાસ્ત્રીયદૃષ્ટિએ

પાપ ગણાવાનું જ. વર્તમાનકાળની દૃષ્ટિએ આવશ્યક પત્રો લખવા માટે પેડની જરૂર પડે તો ગૃહસ્થોના ઘરોમાંથી કે છેવટે ગૃહસ્થો દ્વારા બજારમાંથી પેડ મેળવી શકાય છે. એમાં નાનકડો દોષ છે.

પણ કેટલાંકો પોતાના નામના જ પેડો છપાવડાવે છે. આ પેડો બનાવવામાં યાંત્રિક સાધનોનો ઉપયોગ થતો હોવાથી તેજસકાયની વિરાધનાથી માંડીને ઘણા દોષો છે. વળી સેંકડોની સંખ્યામાં પેડો બનાવડાવવા, એ અનેક સાધુઓને ભેટ આપવા, શ્રાવકોને ય પહોંચાડવા એ શ્રમણધર્મના આચારોની મર્યાદાનું ઉલ્લંઘન થતું લાગે છે.

એટલે આવશ્યક પત્રો લખવા પેડ રાખવું જ પડે તો ય પોતાના નામના પેડ છપાવવા નહિ. એ જ રીતે કેટલાંકો પોતાના નામ-એડ્રેસવાળા સ્ટીકરો પણ છપાવે છે. ક્યાંય પણ પત્ર લખે ત્યારે સામેવાળાને પત્ર લખવાનું સરનામું જણાવવા માટે ભેગું આ સ્ટીકર મોકલી દેવામાં આવે છે. ક્યારેક તો પાંચ-દસ સ્ટીકરો પણ સાથે મોકલાય છે.

આ સ્ટીકરો છપાવવામાં પણ યાંત્રિક સાધનોનો ઉપયોગ હોવાથી પુષ્કળ તેજસકાય વગેરેની વિરાધના છે જ. એટલે એ ન છપાવાય એ જ સારું છે. બોલપેનથી નામ-એડ્રેસ લખતા કેટલીવાર લાગે?

કેટલાંકો વળી એમ કહે છે કે, "અમારે ઘણા પત્રો લખવા પડે છે, બધામાં વારંવાર ક્યા એડ્રેસ લખીએ ? એના કરતા સ્ટીકર ચોંટાડી દઈએ તો આ લખવાની પંચાત મટે."

એમણે એ વિચારવું જોઈએ કે (૧) એડ્રેસો લખવાના કંટાળા માત્રથી અસંખ્ય તેજસકાયના જીવોને મોતને ઘાટ ઉતારવાનું પાપ શી રીતે થવા દેવાય ? (૨) જો આટલા બધા પત્રો લખવાનો કંટાળો નથી આવતો, સમય મળે છે તો એ દરેક પત્રોમાં માત્ર એક-બે લીટી એડ્રેસ લખવામાં શા માટે કંટાળો લાવવો ?

સંયમી આધુનિકતાને બદલે પ્રાચીનતાને અપનાવે એ એના માટે શોભાસ્પદ છે. માટે સ્ટીકરાદિ પણ ન છપાવવા.

કેટલાંકો આ લેટરપેડ-સ્ટીકર છપાવવા તો નથી. પણ મોંઘામાં મોંઘા પેડ વાપરતા હોય છે. જે પેડના પાના ગુલાબી, લાલ વગેરે રંગબેરંગી હોય, એકદમ આકર્ષક હોય, પ્રત્યેક પાનાઓ ઉપર આકર્ષક ચિત્રો હોય.. એવા પેડનો વપરાશ સંયમીઓને શોભતો નથી.

અત્યંત ઓછી સેનાવાળા નાદિરશાહે ભારતના રાજવીઓને પરાજય આપ્યો ત્યારે એને ય આશ્ચર્ય થયું. પણ જે વખતે એણે જોયું કે એક ગ્લાસ પાણી લાવવા માટે ભારતના રાજવીઓની ૫-૧૦ દાસીઓ દોડી, પાછી આવતી વખતે કેટલીક નૃત્ય કરતી, આડંબર કરતી આવી... એક ગ્લાસ પાણી લાવવાના કામમાં મોટા ભપકાઓ જોઈ નાદિરશાહને ખ્યાલ આવી ગયો કે "ભારત કેમ હાર્યું ?"

આપણી હાલત ભારતના રાજવીઓ જેવી તો નથી ને ? કો'કને અગત્યના સમાચાર જણાવવાદિ માટે પત્રો લખવા પડે પણ એ માટે આવા આકર્ષક, સુગંધીદાર, ચિત્રભરપૂર, અવનવા પેડ વાપરીએ એ આપણા પણ ભપકા તો નથી ને ?

એક શ્રાવક સાધુ પાસે ટકાઉ-સાદુ પેડ લઈને આવ્યો. સાધુએ જવાબ દીધો, "આવા પેડને તો અમે હાથ પણ ન લગાડીએ." પેલા શ્રાવકના મનમાં શું અસર થાય ? એક રૂપિયો પણ નહિ કમાનારા

સાધુઓનો આ રોફ ? પેડ ન લેવું હોય તો ય ઠાવકાઈથી નિષેધ કરી શકાત. એના બદલે 'અમે તો હાથ પણ ન લગાડીએ' એવા શબ્દો બોલવા એ શોભાસ્પદ ખરાં ?

આજે મહાસંયમી કેટલાંક સંયમીઓ પત્રો લખવા પડે તો ય પેડ ન રાખે પણ પોતાના ઉપર જે પત્રો આવ્યા હોય એની જ પાછળની ખાલી જગ્યામાં લખાણ કરી એ જ પત્ર પરત મોકલે. અથવા પત્રિકા વગેરેના ખાલી ભાગનો ઉપયોગ કરી લે.

આવો ઘોર સંવેગ ન પ્રગટે અને માટે જ પેડ રાખવું પડે તો પણ આટલું તો નક્કી કરી શકાય કે સાદા, સફેદ, સસ્તા પેડ વાપરીશ. શ્રાવકો મોંઘા, રંગબેરંગી લાવે, વહોરાવે, વિનંતિ કરે તો પણ સ્પષ્ટ ના પાડી દેવી કે અમારે સાદા પેડ જ ચાલે. આવા મોંઘા-રંગબેરંગી-આકર્ષક પેડો વાપરવામાં અમને પ્રાયશ્ચિત્ત આવે.

વળી કેટલાંકો પેડના પાનાઓની એક જ બાજુ લખતા હોય છે. બીજી બાજુ લખતા હોતા નથી. પણ આ યોગ્ય નથી. નકામો બગાડ શા માટે થવા દેવો ? હા ! પાના એકદમ પાતળા હોવાથી અક્ષરો એકદમ ઉપસી જતા હોય તો ભલે એકબાજુ લખીએ, પણ સામાન્યથી પેડના પાના એકદમ પાતળા નથી હોતા. તો એની પાછળની બાજુનો ઉપયોગ કરી શકાય. વળી અડધું જ પાનું લખાણ થાય તો આખું પાનું ફાડી ન નાંખવું. જેટલું લખાણવાળું પાનું હોય એટલું જ અડધું પાનું ફાડી એ મોકલી શકાય. બાકીના ભાગનો બીજીવાર ઉપયોગ થઈ શકે.

ધારો કે ૧૫ લીટીનું પાનું છે. ૧૦ લીટી લખવાની છે. હવે જો એક જ બાજુ ૧૦ લીટી લખીએ તો એ ૧૦ લીટી જેટલું પાનું ફાડીને મોકલવું પડે. એમાં પાછળનો ભાગ તો ખાલી જ રહી ગયો હોય ને એટલો બગાડ થયો કહેવાય. એટલે ખરેખર તો આગળની બાજુ પાંચ લીટી અને પછી પાછળની બાજુ ૫ લીટી લખી એ પાંચ લીટી જેટલો જ પાનાનો ભાગ ફાડીને મોકલી શકાય. બાકીનો ૧૦ લીટી જેટલો ભાગ આપણી પાસે જ રહે.

આ રીતે જો કરકસરપૂર્વક પેડનો ઉપયોગ કરીએ તો અત્યારે જો વર્ષે પાંચ પેડ વપરાતા હશે તો એને બદલે ૨-૩ પેડ જ વપરાશે. વિરાધના ઘટશે. વળી આ રીતે વાપરીએ તો કાગળની પારિઠાવણી પણ ઘણી જ ઘટી જાય.

કેટલાંક સંયમીઓ પત્રો મોકલવા માટે તદ્દન નવા કવર બગાડવાને બદલે જુના આવેલા કવરો, જુની પત્રિકાના કવરોમાં જ પત્રો બીડીને મોકલી દેતા હોય છે. જુનું લખાણ છેંકી નવું એડ્રેસ-ટીકીટ ચોંટાડી દેતા હોય છે.

"જો ઓછામાં ઓછી વિરાધના થાય તો સારું." એવો ભાવ પ્રગટશે તો આવા અનેક પ્રકારના જયણાના વિકલ્પો મનમાં ઉપસ્થિત થયા વિના નહિ રહે.

<u>૨૧૧. હું ઉપાશ્રયમાં ખીલીઓ નહિ ઠોકાવું :</u>

ઉપાશ્રયમાં દોરી બાંધવા માટે ભીંત વગેરે ઉપર ખીલીઓ ઠોકેલી હોય તો અનુકૂળ રહે. દોરી ઝડપથી બંધાય. એમ મચ્છરદાની વગેરે બાંધવા માટે પણ ખીલીઓ ઉપયોગી થાય. આ કારણસર સંયમીઓ ઉપાશ્રયમાં અમુક અમુક સ્થાને શ્રાવકોને સુચના કરીને ખીલીઓ ઠોકાવતા હોય છે.

આ ઉચિત નથી. (૧) આપણા નિમિત્તે સુથાર વગેરે દ્વારા ભીંતમાં ખીલી ઠોકાય એમાં આપણને દોષ લાગે. (૨) એ ખીલી ઉપર ભમરાઓ ઘર બનાવે, ક્યારેક નિગોદ પણ થાય આ બધી વિરાધનાઓનો દોષ સંયમીને લાગે.

કોઈપણ ઉપાશ્રયમાં દોરી બાંધવા માટે કંઈક તો મળી જ રહે. થોડીક મુશ્કેલી પડે પણ 'દોરી બાંધવાનું સાધન ન જ મળે' એવું પ્રાયઃ બનતું નથી. એટલે આપણી વધારે સુવિધા માટે ખીલીઓ ઠોકાવવી અને એની કાયમી વિરાધના ઉભી કરવી એ સંયમી માટે યોગ્ય નથી.

છતાં જો ચોમાસાના ચાર મહિના દરમ્યાન એવી કોઈપણ ખીલી ઠોકાવી હોય તો એ સ્થાન છોડતા પહેલા એ બધી ખીલી કઢાવી લેવી. જેથી આપણા ગયા બાદ એ ખીલી દ્વારા થનારી ભમરા વગેરેની કોઈપણ વિરાધના સંયમીને ન લાગે. શેષકાળમાં તો એક સ્થાને વધુ રહેવાનું ન હોવાથી પ્રાયઃ શેષકાળમાં કોઈપણ સંયમીઓ ખીલી ઠોકાવતા નથી.

**૨૧૨. હું ઉપાશ્રયમાં કોઈપણ પ્રકારના ફોટાઓ મૂકાવડાવીશ નહિ :**

બૃહત્કલ્પસૂત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે [૧૧૩]"જે સ્થાનમાં કોઈપણ પ્રકારના ચિત્રો કે ફોટાઓ હોય ત્યાં ઉત્સર્ગમાર્ગે સંયમીઓ રહી ન શકે." માત્ર વિજાતીયના ખરાબ ફોટાઓ જ નહિ, પણ ભગવાનના કે ગુરુના પણ ફોટાઓ ઉપાશ્રયમાં શાસ્ત્રદષ્ટિએ ન ચાલે.

જો ઉપાશ્રયમાં બહેનોના કે સાધ્વીજીઓના ફોટા હોય તો સાધુઓને બ્રહ્મચર્યમાં નુકસાનો થવાની શક્યતા છે. એ વાત હું મારી મતિથી નથી કરતો પણ શાસ્ત્રકાર ભગવંતો આ વાત કરે છે.

જો ઉપાશ્રયમાં ભગવાનના કે આચાર્યભગવંતોના ફોટા હોય તો સાધુઓને બ્રહ્મચર્ય સંબંધમાં તો કોઈ વાંધઓ ન આવે. પણ સાધુઓ એ ચિત્રને ધ્યાનથી જુએ. એ ચિત્ર ખૂબ જ સુંદર હોય તો પરસ્પર વાતચીત કરે કે,"આ ખૂબ જ સુંદર ચિત્ર છે. કેટલો અદ્‌ભુત દેખાવ છે ?' અને એ રીતે આ વિષય ઉપર શરૂ થયેલી વાત અડધો-પોણો કલાક પણ ચાલે. બધા સંયમીઓ પોત-પોતાના અભિપ્રાયો આપે. "આના કરતાં ય જોરદાર ફોટો અમુક સ્થાને હતો. એ તમે જુઓને ? તો આને ભુલી જાઓ..." કોઈક વળી કહે કે "આ ફોટો કોઈએ ચિત્રકામ કરી દોરેલો છે ? કે કેમેરા દ્વારા સાક્ષાત ફોટો પાડેલો છે ?" કોઈક વળી કહે,"ફોટો આમ તો સારો છે. પણ કલરીંગ નથી. જો કલરવાળો હોત તો દેખાવ સારો આવત..."

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે આ બધી ચર્ચાઓ, વિચારણાઓમાં સંયમીઓનો અમૂલ્ય સમય વેડફાઈ જાય. આ ચર્ચામાં રત્નત્રયીની વૃદ્ધિ તો થતી નથી. ઉલ્ટું ક્યારેક પરસ્પર ઝઘડા થઈ જતા હોય છે. માટે જ ઉપાશ્રયમાં આવા કોઈપણ પ્રકારના ફોટા ન જોઈએ.

આપણે કદાચ એમ કહીએ કે "ઉપાશ્રયમાં જો ભગવાનના કે ગુરુના ફોટા હોય તો બધાને દર્શનનો લાભ મળે..." પણ શાસ્ત્રકારોએ શા માટે એવી છૂટ ન દેખાડી ? એ પણ વિચારવું પડશે ને?

દીર્ઘદષ્ટા શાસ્ત્રકાર ભગવંતોની આંખે જોઈએ તો તેઓને આ રીતે ફોટાઓ મૂકાવવામાં દોષ દેખાયો છે. અને માટે આપણે પણ એમને અનુસરીએ તો એમાં આપણું એકાંતે હિત જ છે ને ?

વળી માત્ર 'સ્વાધ્યાય બગડે છે.' એટલો જ દોષ આ ફોટો મૂકાવવા પાછળ નથી. બીજા અનેક દોષો છે.

(૧) મહોપાધ્યાયજી મ. પ્રત્યેના સદ્‌ભાવને લીધે એક મુનિરાજે ઉપાશ્રયમાં તેઓશ્રીના જીવનચરિત્રને લગતા ૧૦-૧૨ ફોટાઓ ભીંત ઉપર જડાવ્યા. (બધાને દર્શનનો લાભ મળે તે માટે.) બે-ત્રણ વર્ષ બાદ એ ફોટાના લાકડાના ભાગ ઉપર ચિક્કાર ઉધઈઓ થઈ. એ ફોટાના સહારે હજારો ઉધઈઓની ઉત્પત્તિ થવામાં નિમિત્ત તો એ મુનિરાજ જ બન્યા ને ? ભલે એમનો આશય ખરાબ ન હતો પણ આ મોટો દોષ કોના માથે ?

(૨) ઢગલાબંધ ઉપાશ્રયોમાં અનેક સંયમીઓ અનુભવ કરતા જ હશે કે ફોટાની આડશમાં ગિરોળીઓ રહેતી હોય છે અને જીવોને પકડી-પકડીને ખાતી હોય છે. આપણા મૂકાવેલા ફોટાઓ ગિરોળી જેવા હિંસક જંતુઓનું નિવાસસ્થાન બની જાય છે. આ બધા દોષો ફોટો મૂકાવનાર સંયમીને લાગે કે નહિ ? કેટલાંક સ્થાને તો આ ફોટાઓની પાછળ ચકલી-કબુતરના માળાઓ પણ બંધાયેલા દેખાયા છે. એમાં તે તિર્યંચો ઘર બનાવે, ભોગ ભોગવે, ઈંડા થાય, ઈંડા તૂટે ય ખરા. કદાચ ઈંડાના બચ્ચાઓ થાય અને એને ખાવા બિલાડીઓ આવે. બચ્ચાને સ્વાહા કરી જાય. આ બધું થતું અનુભવાયું જ છે.

(૩) સંયમીએ મુકાવેલા એ ફોટાઓ ઉપર ધુળ લાગે ત્યારે નોકરો ઝાટકી-ઝાટકીને સાફ કરે, કાચાપાણીથી એને ધુએ... આ બધી વિરાધના શું ફોટો મૂકાવનાર સંયમીના સંયમને મલિન ન કરે?

માત્ર "બીજાઓના ફોટા છે. તો મારા ગુરુનો ફોટો કેમ નહિ ?" એવા વિચારોથી ફોટાઓ મૂકાવવા અથવા તો ગુરુ પ્રત્યેના ભક્તિભાવથી પણ ઉપરની શાસ્ત્રકારોની વાતોનો વિચાર કર્યા વિના ફોટા મૂકાવવા એ શાસ્ત્રાજ્ઞા ભંગ કહેવાય કે નહિ ? એ વાત દરેક સંયમીઓ તટસ્થ મનથી વિચારે.

એ વાત સંયમીઓ ધ્યાનમાં લે કે આપણે સર્વવિરતિધર છીએ. આપણને આવી બધી વિરાધનાઓ ન પરવડે. મોટા લાભ થતા હોય તો અપવાદમાર્ગે હજી કોઈક વિરાધનાઓ માન્ય બને. પણ આ ફોટાઓ મૂકાવવા પાછળ શું એવા કોઈ લાભ આપણા સંયમને થાય છે ?

દેરાસરો બનાવવા, ઉપાશ્રયો બનાવવા,... આ બધા કાર્યો ગૃહસ્થોના છે. તેઓ સાવદ્ય યોગો સેવીને પણ એના દ્વારા મોટા લાભ મેળવે એ એમના માટે યોગ્ય છે. પણ આ માર્ગ અત્યંત પાપભીરુ સંયમીઓ શી રીતે અપનાવી શકે ?

"શ્રાવકો સ્નાનાદિ દોષો સેવીને પણ પૂજા કરી મોટા લાભ મેળવે તો સાધુઓ પણ સ્નાનાદિદોષો સેવી જિનપૂજા કરી મોટા લાભ ન મેળવી શકે ?" એ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે સાધુ સાધુ એટલા માટે જ થયો છે કે એને પાપોનો અત્યંત ભય છે. લેશ પણ હિંસા થાય એ એને ધ્રુજાવી દે છે. "સંસારમાં ડગલે ને પગલે હિંસા થાય છે" એ જોઈ એણે દીક્ષા લીધી. હવે આવા અત્યંત પાપભીરુ શ્રમણને તો જિનપૂજાદિ કરવા માટે સ્નાનાદિ કરવામાં મનમાં અત્યંત દુઃખ થાય. ભક્તિના ભાવો ઉછળવાની વાત તો બાજુ પર રહે પણ 'હું પાપ કરું છું...' એ વિચારોથી એ પરેશાન થઈ જાય. આવી ભૂમિકાવાળો સંયમી એ પૂજા વગેરે કરવા દ્વારા કંઈ લાભ ન પામે. માટે એ પૂજાદિ ન કરે એ જ યોગ્ય છે. વળી પૂજાનું ફળ સર્વવિરતિ એ પામી ચૂક્યો છે. જે મેળવવા માટે પૂજા હતી એ મળી ગયું હોવાથી એને પૂજાની જરૂર નથી.

આ જ વાત અહીં લાગુ પડે છે. શ્રાવકો ભગવાનના કે ગુરુના ફોટાઓ બનાવડાવે, ઘરમાં મૂકી

દર્શનાદિ કરી પુણ્ય કમાય. પણ સંયમીઓ તો વિચારે જ કે "આ ફોટાઓ બનાવડાવવામાં, ઉપાશ્રયાદિમાં મૂકાવવામાં અઢળક વિરાધનાઓ થાય છે. મને કોઈપણ ભોગે આ વિરાધનાઓ ન ખપે." અને એટલે સંયમી પોતે તો આ ફોટાઓ મૂકાવવાનું, રાખવાનું, આપવાનું કામ ન જ કરે.

જેને આવા પાપોનો ભય ન હોય એ સંયમી બનવાને લાયક નથી. પાપોનો અત્યંત ભય, જીવદયાનો ટોચ કક્ષાનો કોમળ પરિણામ એ સંયમી બનવાની પાત્રતા છે. જેને સ્નાન કરવામાં, હિંસાના સ્થાનોમાં ધ્રુજારી ન થાય એ જો સંયમ સ્વીકારે તો અહીં પણ એ હિંસાસ્થાનોમાં પ્રવૃત્તિ કરવાનો જ. એને દીક્ષા આપતા વિચાર કરવો પડે. એમ ફોટાઓ મૂકાવવામાં ઉપર કહ્યા પ્રમાણેની વિરાધનાઓ જાણ્યા બાદ સંયમી એનાથી પાછો હટી જાય.

હવે તો સંઘોમાં ફોટાઓ મૂકાવવા બાબતમાં પણ અનેક ઝઘડાઓ થાય છે. નવા આવેલા સંયમીઓ જુના ફોટાઓ ઉતરાવે, નવા પોતાના ગુર્વાદિના ફોટાઓ મૂકાવડાવે, તે તે ઉપાશ્રયોમાં પોતાનું આધિપત્ય સ્થાપવાનો પ્રયત્ન કરે. સંઘમાં કેટલાય ફાંટાઓ પાડે...હાય ! હૈયુ રડી ઉઠે છે. ક્યાં શાસ્ત્રકારોએ વર્ણવેલા ભગવાન મહાવીર દેવના શ્રમણ-શ્રમણીઓના મુઠ્ઠી ઉંચેરા સંયમ પરિણામો ! અને ક્યાં આ મારું-તારુંની ભાવનાવાળા, મમત્વ-અહંકારભાવગર્ભિત મલિન પરિણામો !

'બીજાઓ પોતાના ગુરુના ફોટાઓ મુકાવે તો અમે કેમ ન મૂકાવીએ ?' આ પ્રશ્ન કરનારને માત્ર એટલું જ કહેવું છે કે બીજાઓ ભુલ કરે એટલે આપણે પણ ભુલ કરવી ? બીજાઓ જિનાજ્ઞાવિરુદ્ધ વર્તન કરે એટલે આપણે પણ આજ્ઞાવિરુદ્ધ વર્તન કરવું ?

કોઈકને વળી એવો ભય હોય છે કે 'બીજાઓ પોતાના ગુરુના ફોટાઓ મૂકાવે અને અમે ન મૂકાવીએ તો ધીમે ધીમે એ ઉપાશ્રયો એમના થઈ જાય. અમારું નામ, અમારા ગુરુનું નામ કોઈ ન લે.'

આ ભય સાચો હોય તો પણ આ ભય સંયમીને ન શોભે. સંયમી તો કટ્ટર બનીને જિનાજ્ઞા પાળે. એના પરિણામરૂપે એને અણકલ્પિત લાભો મળશે જ. સવાલ છે, જિનાજ્ઞા પ્રત્યેની દઢ - અવિહડ શ્રદ્ધાનો !

શ્રાવકો પોતાની મેળે ઉપાશ્રયોમાં ફોટાઓ મૂકતા હોય તો પણ એમને જિનાજ્ઞા તો દેખાડવી જ પડે કે, "ઉપાશ્રયમાં ફોટાઓ ન રખાય." શ્રાવકો પોતાના ઘરે ફોટાઓ રાખે તો એમના માટે ઉચિત હોવાથી એનો નિષેધ ન કરાય.

શાસ્ત્રને નજર સામે રાખી, વર્તમાન પરિસ્થિતિને ચકાસીને મારા ક્ષયોપશમ પ્રમાણે મેં આ પદાર્થ લખ્યો છે. છતાં સંવિગ્ન-ગીતાર્થ મહાપુરુષો બહુમતીથી જે નિર્ણય કરે એ મને સંપૂર્ણ માન્ય છે. આ પદાર્થ પર મારો કોઈ દઢ આગ્રહ નથી. પણ વર્તમાન સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો અને પ્રત્યેક સંયમીઓ તટસ્થ બનીને આ પદાર્થો ઉપર, શાસ્ત્ર વચનો ઉપર વિચાર કરે.

"આ પદાર્થ કેટલા સંયમીઓ અપનાવશે ? અને આ નિયમ લેશે ?" એ મને ખબર નથી. પણ વાસ્તવિક પદાર્થ જણાવવો એ મારી એક માત્ર ફરજ સમજીને મેં લખેલ છે.

<u>૨૧૩. જે કામ મારાથી થઈ શકે તે કામ હું ગૃહસ્થોને સોંપીશ નહિ :</u>

સંયમી પોતાના તમામ કાર્યો જાતે જ કરે. પોતાના કરતા નાના કે મોટા બીજા કોઈપણ સંયમીને

પોતાનું નાનકડું કામ પણ ન સોંપે. સંપૂર્ણ સ્વાવલંબી બનીને જ જીવે. હવે જો સંયમીને પણ કામ ન સોંપાય તો તપેલા લોખંડના ગોળા જેવા ગૃહસ્થોને તો કોઈપણ કામ શી રીતે સોંપાય ?

છતાં આજની પરિસ્થિતિ વિચારીએ કે દૂકાનમાંથી દવા લેવા માટે સંયમી ન જ જઈ શકે. ડોક્ટરને બોલાવવા હોય તો ગૃહસ્થને કહેવું પડે. સ્ટેશનરી જોઈતી હોય તો ગૃહસ્થ પાસે મંગાવવી પડે. આમ અનેક કાર્યો એવા થઈ પડ્યા છે કે જે સંયમી જાતે ન કરી શકે. જાતે કરવા જાય તો ઉચિત પણ ન દેખાય. ત્યારે એ કામો ગૃહસ્થોને ભળાવવા પડે છે.

પણ જે કામો સંયમી પોતે કરી શકતો હોય એ તો ગૃહસ્થોને ન જ સોંપાય ને ? વંદન કરવા આવેલા શ્રાવકને સંયમી કહે કે, "જુઓ, આ બે ચોપડી સામે બેઠેલા સંયમીને આપી દો." અથવા "આ પાણીનો ઘડો નીચે લઈ જાઓ" અથવા "આ ટેબલ ત્યાં મૂકી આવો." ... આવા ઢગલાબંધ કામો એવા છે કે જે કામો સંયમી જાતે જ કરી શકતો હોવા છતાં પ્રમાદ, ઉભા થવાની આળસ વગેરેને લીધે ગૃહસ્થોને સોંપી દેતો હોય છે.

હવે તો સંયમીઓ વિહારમાં ઉપધિ ઉંચકવાનું કામ પણ ગૃહસ્થને સોંપે, સ્થાને પહોંચ્યા બાદ પાણીના ઘડાઓ ઉંચકી લાવવાનું કામ પણ ગૃહસ્થને સોંપે, સંથારો પાથરવાનું કામ પણ ગૃહસ્થને સોંપી દે... હવે ગોચરી વહોરી લાવવાનું કામ પણ ગૃહસ્થને સોંપાઈ જાય તો એ નવાઈ નહિ રહે.

૨૦૦-૫૦૦ ડગલામાં જ ભંડાર હોય તો સંયમી જાતે જઈને પુસ્તકો કઢાવી શકે એને બદલે ગૃહસ્થને આદેશ કરે એ પણ ઉચિત દેખાતું નથી.

ટૂંકમાં જ્યાં એમ લાગે કે "આ કામ સંયમી ન કરી શકે, કરે તો સારું ન લાગે (દુકાન ઉપર ઉભો રહીને સંયમી દવાઓ લેતો હોય એ અજુગતું લાગે.) તેવા કામો ભલે ગૃહસ્થને સોંપવા પડે. પણ જે કામ સંયમી સ્વયં કરી શકે તે કામ માત્ર પ્રમાદ, આળસાદિને કારણે ગૃહસ્થને ન સોંપાય.' એ આ બાધાનો સાર છે.

<u>૨૧૪. હું ગુરુની સહર્ષ રજા વિના કોઈપણ પુસ્તક છપાવીશ નહિ કે મેગેઝીન શરૂ કરીશ નહિ :</u>

ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓ લોકો ઉપર ઉપકાર કરવા માટે પુસ્તકો છપાવે. મેગેઝીન ચલાવે એ બેશક અપવાદ માર્ગે શાસ્ત્રમાન્ય બને, કેમકે એમાં ખરેખર અનેક જીવો ઉપર ઉપકાર થતો હોય છે.

પણ આવા સુપાત્ર મહાત્માઓના પુસ્તકો-મેગેઝીનો છપાતા જોઈને હવે તો નાના નાના સંયમીઓને પણ આ બધી ચાનક લાગે છે. જેઓને એવો કોઈ વિશેષ શાસ્ત્રબોધ નથી, તેઓ છેવટે કંઈ નહિ તો સ્તુતિઓની, સ્તવનોની, ભક્તામર કે કલ્યાણમંદિરની ચોપડીઓ છપાવી એમાં પોતાના નામ અને ફોટાઓ મૂકી દેતા હોય છે.

આજે જિનશાસનમાં એવો કોઈ ધણી દેખાતો નથી કે જે આવી બાબતોને લાલ આંખ કરીને અટકાવે. સેંકડોની સંખ્યામાં સ્તુતિ-સ્તવનોની ચોપડીઓ છપાઈ ચૂકી છે કે જે ચોપાડીઓ લગભગ ઘણી ખરી સરખી હોય છે.

જો આ ચોપડીઓનો ખૂબ જ ઓછો ઉપયોગ થતો હોય તો બહેતર છે કે એ છપાવવી જ નહિ.

એટલે સંયમીઓએ પ્રથમ તો આ ચોપડી છપાવવા વગેરે કોઈપણ પંચાતમાં પડ્યા વિના

આત્મસાધના કરવી. પણ છતાં કોઈને કોઈક પુસ્તક છપાવવાની ઈચ્છા થાય તો એણે પોતાના ગીતાર્થ-સંવિગ્ન ગુરુની રજા લેવી. એ ગુરુ ગીતાર્થ-સંવિગ્ન હોવાથી બરાબર વિચારશે કે 'આ પુસ્તક છપાવવું કે નહિ ?' જો એમને એમ લાગે કે, "આ છપાવવા જેવું નથી" તો ના પાડી દેશે. અને આ રીતે ખોટા પુસ્તકો છપાતા અટકશે.

કેટલાંક સંયમીઓ ગુરુ-વડીલને પૂછ્યા વિના ભક્તોના જોર ઉપર ચોપડીઓ છપાવી દે છે. કેટલાંકો વળી ગુરુ-વડીલને પૂછે તો ખરાં પણ એ પુછવાની ઢબ એવી હોય કે ગુરુ-વડીલે હા પાડવી જ પડે. ગુરુ ના પાડે તો સામે અનેક દલીલો કરે અને ગમે તે રીતે ગુરુ પાસે હા પડાવે. ગીતાર્થ-સંવિગ્ન ગુરુ છેલ્લે કંટાળીને શિષ્યની સમાધિ ખાતર રજા આપી પણ દે. પણ આ બધું શિષ્ય માટે તો ઉચિત નથી જ.

ગુરુ સહર્ષ રજા આપે તો જ પુસ્તક છપાવવું. ગુરુ પાસે જીદ કરીને, દલીલો કરીને હા પડાવવી અને પછી એમ કહેવું કે 'મેં ગુરુની રજા લઈને પુસ્તક છપાવ્યું છે' એ હકીકતમાં ભયંકર માયાચાર છે.

જો સેંકડો-હજારો સંયમીઓ આ નિયમ લે અને સાચા ભાવથી પાળે તો ઘણી ખોટી ચોપડીઓ છપાતી બંધ થઈ જાય. જૈન સંઘના લાખો રૂપિયા વેડફાતા અટકે. ઘણી બધી વિરાધનાઓ અટકી જવાથી સંયમીના સંયમને ઓછા ડાઘા લાગે. સંયમ મલિન બનતું અટકે.

જે પુસ્તકો છપાવાય એમાંય પોતાના ફોટાઓ તો ન જ મૂકાવાય.

<u>૨૧૫. હું કોઈપણ દીક્ષા મહોત્સવ સંઘથી છૂટા પાડીને નહિ કરાવું. તથા એ મહોત્સવની આવક સ્થાનિક સંઘના ટ્રસ્ટીઓને સોંપાવડાવીશ :</u>

આજે લગભગ નાની-મોટી કોઈપણ દીક્ષામાં બે-પાંચ-દસ લાખની આવક થતી હોય છે. દીક્ષા થતા પહેલા જ ગંભીરતાપૂર્વક સંયમીઓ આ વિચારણા કરી લેતા હોય છે કે 'આ આવક ક્યાં લઈ જવી?' એમાં જેઓ બધી આવક પોતાના પ્રોજેક્ટમાં લઈ જવા માંગતા હોય તેઓ સ્થાનિકસંઘથી છૂટા પડે. જુદા સ્થાનમાં દીક્ષા કરી ચડાવાની બધી આવક પોતાની ઈચ્છા પ્રમાણે વાપરે. એક રૂપિયો પણ સ્થાનિક સંઘને ન આપે.

આ બધું ઉચિત નથી. આ રીતે સ્થાનિક સંઘ અને સંયમીઓ વચ્ચે મતભેદ, બોલાચાલી અણબનાવ થતા હોય છે. વળી આમ સંઘથી છૂટા પડીને સ્વાર્થ સાધવા એ સંયમી માટે યોગ્ય ન જ ગણાય.

કોઈ વળી એમ કહે છે કે, "સંઘના ટ્રસ્ટીઓ આ બધી આવક ક્યાંય વાપરતા જ નથી. બધી ભેગી કર્યા કરે છે. આથી જ બહાર દીક્ષા કરીએ છીએ કે જેથી એ બધી આવક ખર્ચાઈ જાય. પડી ન રહે." આ બચાવ યોગ્ય નથી. ખરેખર જો આવું હોય તો ટ્રસ્ટીઓને બોલાવીને કહી શકાય કે "તમે આ રીતે પૈસા ભેગા કર્યા કરો એ બરાબર નથી. તમારે પૈસા ખર્ચી જ દેવા પડે. અમે એમ નથી કહેતા કે અમે કહીએ ત્યાં તમે ખર્ચો. તમે જ્યાં ઈચ્છો ત્યાં તમે ખર્ચો. પણ એક પણ રૂપિયો ભેગો ન કરવો. આ શરત સાથે આપણે દીક્ષા મહોત્સવ અત્રે કરીએ."

સંપૂર્ણ નિઃસ્પૃહતા ભરેલી આ વાત સાંભળીને ટ્રસ્ટીઓ પણ યોગ્ય નિર્ણય કરશે જ. અને એ રીતે સંઘમાં જ દીક્ષા કરવી યોગ્ય છે.

કેટલાંકો વળી દીક્ષા તો સંઘમાં જ કરે પણ પછી એની આવક અંગે સંઘ સાથે વિવાદ-ઝઘડા કરે. "૫૦% રકમ અમને જ આપવી પડશે" એવી જીદ ભરેલી શરત કરે. સંઘ ન માને તો ચઢાવા બોલનારા ભક્તોને સમજાવી દે કે તમારે એ રકમ અમારી સૂચવેલી જગ્યાએ જ ભરવી. એ પછી સંઘના ટ્રસ્ટીઓ ઉઘરાણી કરે છતાં ચડાવા બોલનારાઓ ત્યાં પૈસા ન આપે... વગેરે પુષ્કળ સંક્લેશ જનક પ્રસંગો બને.

શ્રમણ ભગવાન મહાવીરદેવના શાસનનો શણગાર એવો જૈન અણગાર આવા કપટો, ખટપટ, જીદ, કદાગ્રહ, જુદાઈ વગેરેનો ભોગ બને એ અત્યંત શોચનીય બાબત છે. સંયમી તો નિઃસ્પૃહ, સરળ હોય. ચોખ્ખા મનવાળો હોય. આવકની રકમની પોતાને આવશ્યકતા હોય તો સંઘના ટ્રસ્ટીઓને જ કહે કે, "દીક્ષા અહીં સ્થાનિક સંઘમાં જ થશે. અને આવકની તમામ રકમ ઉપર કાયદેસર તમારી જ સત્તા છે. પણ મારે અમુક રકમ જરૂરી છે. તમે જો અમુક ટકા રકમ અમુક સ્થાને ફાળવી આપો તો ખૂબ સારું. બાકી માલિક તમે હોવાથી હું કોઈ આગ્રહ રાખતો નથી."

આથી ચોખ્ખી-ચટ વાત સાંભળી ટ્રસ્ટીઓ પણ આનંદ પામે અને ઉચિત રકમ ફાળવી આપે. આ સંઘના ટ્રસ્ટીઓ કંઈ અભવ્યો, નિષ્ઠુર, હૃદય વિનાના નથી. પણ સંયમીઓ જો વિચિત્ર વર્તન કરે તો પછી તેઓ બમણું વિચિત્ર વર્તન કરવા પ્રેરાય છે. સંયમીઓ નિઃસ્પૃહ, સરળ બને તો તેઓ પણ સજ્જન બનીને સજ્જનતા દાખવે છે.

છતાં એમાં સંયમીની ઈચ્છા ક્યારેક પૂર્ણ ન થાય અથવા તો ઓછી વત્તી પૂર્ણ થાય તો પણ આ રીતે પ્રવૃત્તિ કરવામાં જ સંયમીની શોભા છે.

સાર એ જ કે દીક્ષાદિ પ્રસંગો કોઈપણ સ્થાનિક સંઘની નિશ્રા હેઠળ જ ઉજવવા. સંઘથી છૂટા પડીને નહિ અને આવકની રકમ અંગે કોઈ પણ શરત, જીદ ન કરવી. સંઘના ટ્રસ્ટીઓને માલિક માનીને પછી ઉચિત વાત કરી શકાય.

**<u>૨૧૬. હું ઉભા-ઉભા ગોચરી કે પાણી નહિ વાપરું :</u>**

જે સંયમીઓને એકાસણા-બેસણાદિ હોય તેઓ તો બેસીને જ વાપરવાના હોવાથી તેઓને આ નિયમ લેવાની જરૂર ન પડે. પરંતુ જેઓ છુટ્ટી નવકારશી કરે છે. તેઓમાં ધીમે ધીમે એવા ખોટા સંસ્કારો ઘુસતા દેખાયા છે કે તેઓ નાની-મોટી વસ્તુઓ ઊભા ઊભા પણ વાપરે. બેઠા બેઠા વાપરતા જ કંઈક યાદ આવે તો મોંઢામાં કોળીયો ચાવતા-ચાવતા જ ઉભા થઈને કોઈક કામ પતાવીને પાછા વાપરવા બેસી જાય.

એમ કેટલાંકો એઠું મોઢું ચોખ્ખું કરવા ઉભા ઉભા જ એકાદ ઘુંટડો પાણી વાપરી લેતા હોય છે. કોઈક વળી ઉભા-ઉભા પાતરી ભરીને પાણી ય વાપરે.

અલબત્ત છુટ્ટી નવકારશી હોવાથી પચ્ચક્ખાણનો ભંગ ન થાય એ વાત સાચી. પરંતુ સંયમી આ રીતે ઊભા-ઊભા વાપરે, અથવા ખાતો-ખાતો ઉભો થાય, ઉભા-ઉભા પાણી વાપરે આ બધા આચારો વ્યવહારમાં સારા દેખાતા નથી. આપણે શ્રાવકોને સમજાવતા હોઈએ છીએ કે "તમે એકાસણાદિ ન કરી શકો તો ભલે, પણ દિવસના ચોક્કસ ટંક તો નક્કી કરો. દિવસમાં ત્રણ કે ચાર વારથી વધારે નહિ વાપરવું. અને મુઠ્ઠસી, ગંઠસી વગેરે પચ્ચક્ખાણો લઈને વધુમાં વધુ વિરતિમાં તો આવો."

શું આ ઉપદેશ સંયમીઓએ સ્વયં ન પાળવો જોઈએ ? બેસણું ભલે ન થઈ શકે પણ ત્રણ જ ટંક વાપરવું એ તો થઈ શકે ને ? ચાર કે પાંચ ટંક તો છેવટે થઈ શકે ને ? એની પ્રતિજ્ઞા કરી મુઠ્ઠસીના પચ્ચક્ખાણ ન કરાય ? આ રીતે કરશો તો ઉભા-ઉભા વાપરવાનું આપમેળે જ બંધ થઈ જશે.

'અમે તો પાંચ મહાવ્રત લઈ લીધા છે. હવે અમારે ક્યાં નવી વિરતિ લેવાની જરૂર છે ?" આવો જવાબ કોઈ આપતું હોય તો એણે શ્રાવકોના મોઢે એ જવાબ સાંભળવાની અને સ્વીકારવાની તૈયારી રાખવી પડશે કે "અમે અણુવ્રતો લઈ લીધા છે. હવે ટંક, સંખ્યા, મુઠ્ઠસી ન કરીએ તો અમને શું વાંધો? અમારી પાસે દેશવિરતિ છે જ."

ત્યાં જો એને એવું કહેવાનું હોય કે "તારે સર્વવિરતિ તો પામવી છે ને ? માટે આ બાધાઓ કર." તો પછી શાસ્ત્રકાર ભગવંતો પણ આ સંયમીને કહેશે કે,"તારે ઉપર-ઉપરના સંયમસ્થાનો નથી પામવા? જો પામવા હોય તો તું પણ આ બધા ઉત્તરગુણોને ધાર."

શ્રાવકો જ્યારે સંઘજમણમાં બેસીને જમાડવાને બદલે 'બુફે' કરે છે ત્યારે આપણે વિરોધ કરીએ છીએ અને કહીએ ય ખરાં કે 'ઉભા ઉભા ખાવાનું તો પશુઓને શોભે."

આ વાત આપણે પણ ભુલી ન જઈએ એ જરૂરી છે.

<u>૨૧૭. હું કામળીકાળમાં કામળીની અંદર સુતરાઉ કપડો નાંખ્યા બાદ જ એ કામળી વાપરીશ. સુતરાઉ કપડા વિનાની કામળી નહિ વાપરું :</u>

બૃહત્કલ્પસૂત્રમાં જે પાઠ આપવામાં આવ્યો છે એનો અક્ષરશઃ અનુવાદ આ પ્રમાણે છે કે [૧૧૪]→ એક ઔર્ણિક=ઉનનો કપડો અને બે સૂતરના કપડા એમ ત્રણ કપડા લેવા. જો ત્રણેય કપડા સૂતરના કે ઉનના લે તો માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે. પહેરતી વખતે પણ જો એક ઉનનો કપડો (કામળી) ઓઢે તો માસ લઘુ. શરીરની સાથે સાક્ષાત સ્પર્શ થાય એ રીતે ઉનનો કપડો પહેરે અથવા બે સુતરના કપડાની વચ્ચે ઉનનો કપડો... એ રીતે પહેરે તો પણ માસ લઘુ.

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે અંદર રાખવાનું સુતરાઉ વસ્ત્ર બહાર પહેરતો અને બહાર પહેરવાનું ઉનનું વસ્ત્ર અંદર પહેરતો સંયમી વસ્ત્ર વાપરવાની વિધિનો ભંગ કરે છે. અને માટે માસલઘુને પામે. માટે સુતરાઉ કપડો અંદર પહેરવો અને ઉનનો બહાર.←

આ શાસ્ત્રપાઠ પ્રમાણે સુતરાઉ કપડો નાંખેલી કામળી વાપરવાનો વિધિ જણાય છે. છતાં કેટલાંક સંયમીઓ માત્ર કામળી પહેરતા પણ જોવાયા છે. જો તે તે ગચ્છની સામાચારી જ એવા પ્રકારની હોય કે 'કપડા વિનાની કામળી વપરાય' અને એ ગચ્છની સામાચારી તે તે પ્રાચીન મહાપુરુષોએ પ્રવર્તાવેલી હોય તો એ સંયમીઓ માટે જુદી વાત. પરંતુ જે ગચ્છની સામાચીર કપડો નાંખેલી જ કામળી વાપરવાની છે તેઓ પણ જો પ્રમાદાદિને લીધે કપડો ન નાંખે અને એકલી કામળી વાપરે તો એમને શાસ્ત્રાજ્ઞાભંગ, સામાચારીભંગ વગેરે દોષો લાગે જ.

ખ્યાલ રહે કે,"માત્ર કામળીકાળમાં જ કામળીમાં કપડો નાંખવો" એવી વાત નથી. "કામળીકાળ સિવાય એકલી કામળી વાપરી શકાય" એવું ઉપરના પાઠમાં લખ્યું નથી. ઉલ્ટું "જો એકલી કામળી વાપરો તો એ વધુ મેલી થાય"... ઈત્યાદિ દોષો બતાવેલા છે એટલે કામળીકાળમાં કે તે વિના



5

પણ કામળી કપડા વિના ન વપરાય.

કેટલાંકો કામળી કાળમાં તો કપડો નાંખેલી કામળી વાપરે પણ ઉપાશ્રયમાં આરામ કરતી વખતે ઠંડીમાં એકલી કામળી પણ ઓઢી લે. શિયાળામાં સીધી શરીર સાથે કામળી બાંધનારા-પહેરનારા પણ દેખાયા છે. આ ઉચિત નથી. માટે જ આ નિયમ જરૂરી છે.

ટૂંકમાં 'કામળીનો સીધો સ્પર્શ શરીરને ન થવો જોઈએ' એ આનો સાર છે. જે ગચ્છોમાં એકલી કામળી વાપરવાની અનુમતિ છે, તેઓનો એ પાછળનો કોઈક ચોક્કસ અભિપ્રાય હશે જ. છતાં તેઓ ઉપરના પાઠનો પણ વિચાર કરે. જ્યાં સુધી તે તે ગચ્છના સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષો નિર્ણય-બદલી ન કરે ત્યાં સુધી તે ગચ્છના તમામ સંયમીઓએ ગચ્છની સામાચારી પ્રમાણે વર્તવું એ જ યોગ્ય છે. તેઓએ આ નિયમ વાંચીને પણ પોતાના ગચ્છની સામાચારી છોડીને મતિભેદ ઊભો ન કરવો. તેઓ પોતાના નિશ્રાદાતા ગીતાર્થ આચાર્ય ભગવંતોને પુછીને યોગ્ય કરે.

કેટલાંકોને એવી ય શંકા છે કે [૧૧૫]"આ કામળી પહેરવાની શી જરૂર છે ?" તેઓને જણાવવાનું કે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે "દિવસના પહેલા છેલ્લા પ્રહરમાં અને આખી રાત સતત સૂક્ષ્મ અપ્કાય સર્વત્ર પડી રહ્યો હોય છે." એટલે ખુલ્લા આકાશમાંથી પસાર થવું હોય ત્યારે એ સૂક્ષ્મ (અહીં સૂક્ષ્મ એટલે સૂક્ષ્મનામકર્મવાળો અપ્કાય નહિ, પરંતુ અપ્કાય તરીકે અનુભવી ન શકાય તેવો અવ્યક્ત અપ્કાય) અપ્કાયની વિરાધના અટકાવવા કામળીની જરૂર છે.

એટલે પ્રમાદ, આળસ છોડી સંયમીઓ ઉપાશ્રયમાં કે બહાર કપડા વિનાની કામળીનો વપરાશ ન કરે. (જ્યારે કામળીકાળ ન હોય, ત્યારે એકલી કામળી ખભા ઉપર નાંખી શકાય. કેમકે ત્યારે ખભા ઉપર સુતરાઉ કપડો હોવાથી કામળી સીધી શરીરને સ્પર્શતી નથી.)

•

## ૭. પરમોપકારી શ્રીસંઘ ઉપર અપકાર શી રીતે કરાય ?

શ્વેતાંબર સમ્પ્રદાયના આશરે ૧૦,૦૦૦ જેટલા સંયમીઓ ભારતભરમાં ફેલાયેલા છે. જે સંયમીઓ એક પૈસો પણ કમાતા નથી. જેઓનો પોતાનો સંપૂર્ણ જીવનનિર્વાહ શ્રીસંઘ ઉપર જ નભે છે. નથી આ સંયમીઓ પાસે પોતાનું ઘર કે નથી આ સંયમીઓ પાસે પોતાનું રસોડું ! એની પ્રત્યેક જરૂરિયાતો શ્રીસંઘ પુરી કરે છે.

૧૦,૦૦૦ સાધુ-સાધ્વીજીઓનો ભોજનનો વાર્ષિક ખર્ચ કેટલો ? એમના માટે જે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે એનો વાર્ષિક ખર્ચ કેટલો ? દસ હજાર સંયમીઓના વસ્ત્ર-પાત્રાદિનો વાર્ષિક ખર્ચ કેટલો ? તેઓની દવાઓ, ઔષધો, ઓપરેશન, ડોક્ટરોની ફી, વિહારના માણસો અને સાઈકલોનો ખર્ચ, ડોળી વગેરેનો ખર્ચ કેટલો ? સંયમીઓની ગોચરીનો ખર્ચ કેટલો ?

એ ખર્ચની પાકી ગણતરી તો શી રીતે મંડાય ? પણ અંદાજે વર્ષના ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા શ્રીસંઘ સાધુ-સાધ્વીજીઓ પાછળ ખરચતો હશે. ભારતભરમાં ફેલાયેલા સાધુ-સાધ્વીજીઓના સ્થાનકો-ઉપાશ્રયોની જો કિંમત ગણીએ તો અબજો રૂપિયા શ્રીસંઘે સાધુ-સાધ્વીજીઓના નિવાસ સ્થાન માટે ખર્ચી નાંખ્યા હોવાનો ખ્યાલ આવશે.

શું ક્યારેય એવું બન્યું ખરું કે ખાવાનું ન મળવાના કારણે કોઈ સાધુ-સાધ્વીઓ ભુખ્યા રહ્યા હોય?

શું ક્યારેય એવું સાંભળ્યું ખરું કે પૈસાની સગવડ ન થવાના કારણે સાધુ-સાધ્વીઓની દવા-ઓપરેશન ન થઈ શક્યા અને માટે તેઓ કાળધર્મ પામ્યા ?

શું ક્યારેય એવું બન્યું ખરું કે રહેવાની જગ્યા ન મળવાના કારણે સાધુ-સાધ્વીઓએ રસ્તા ઉપર રાત પસાર કરવી પડી ?

શું ક્યારેય એવું બન્યું ખરું કે કોઈપણ જૈનઘરમાં સાધુ-સાધ્વીજીઓને પ્રવેશતા અટકાવવામાં આવ્યા અને એમ કહેવામાં આવ્યું કે "તમે બહાર ઉભા રહો. તમે અજાણ્યા છો. એટલે તમારા ઉપર અમને વિશ્વાસ નથી. બહારથી જ જે કામ હોય તે બોલો."

ભારતના હજારો ઉપાશ્રયોમાં સંયમીઓ બેરોકટોક પ્રવેશ કરી શકે, લાખો-કરોડો રૂપિયાના એ વિશાળ ઉપાશ્રયોમાં દિવસો અને મહિનાઓ સુધી રહી શકે એ ઉપકાર કોનો ?

ભારતના કોઈપણ જૈનના ઘરમાં કોઈપણ ઓળખાણ-પિછાણ વગર કોઈપણ સંયમી પ્રવેશી શકે અને જરૂરિયાતની વસ્તુઓ પામી શકે એ ઉપકાર કોનો ?

જે ડોક્ટરોને દેખાડવા માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે. હજારો રૂપિયા ખરચવા પડે. એવા મોટા ડોક્ટરો પાસે કોઈ રાહ જોયા વિના, પૈસાની પરવા કર્યા વિના કોઈપણ સંયમી રોગચિકિત્સા કરાવી શકે એ ઉપકાર કોનો ?

પોતાનો ઘરખર્ચ ચલાવવામાં કરકસર કરનારા શ્રાવકો સંયમીઓ માટે લાખો રૂપિયા પણ ખર્ચતા વિચાર ન કરે એ સંઘ કેટલો મહાન !

આપણે એમને પાપી કહીએ, સંસાર સુખમાં લંપટ બનેલા કહીએ, પૈસા પાછળ પાગલ બનેલા કહીએ અને એવી કેટલીય બાબતો સંભળાવીએ છતાં આપણને પૂજનીય, વંદનીય, માની સદૈવ નતમસ્તક રહેતો એ સંઘ કેટલો મહાન !

નવસારીના એક કરોડપતિ જૈન શ્રાવકે કોઈક નવી બનતી હોસ્પિટલમાં રૂપિયા ૨૧ લાખનું દાન આપ્યું. અને જ્યારે ખુશ થયેલા હોસ્પિટલના ટ્રસ્ટીઓએ એમની સરાહના કરી ત્યારે એ ભાઈએ કહ્યું, "આ દાન આપ્યા બાદ મારી તમારી પાસે એક જ અપેક્ષા છે કે અમારા કોઈપણ જૈન સાધુ-સાધ્વીઓની સારવાર તમારે મફતમાં કરવી. એમના માટે કાયમી એક રૂમ અલાયદી રાખવી." આ શ્રાવકોનો આપણા પ્રત્યેનો કેવો ગજબ સદ્ભાવ !

પેલી એક ગામની મધ્યમવર્ગની શ્રાવિકા ! ઉપાશ્રયમાં રહેલા સાધુઓને રોજ નવકારશી સમયે દૂધ વહોરાવવા માટે પોતાના બાલુડાઓને દૂધ આપવાનું બંધ કરતી (કેમકે વધારે દૂધ લાવવું આર્થિક રીતે પરવડે એમ ન હતું.) એ શ્રાવિકાનો સાધુઓ માટે કેવો આશ્ચર્યજનક ભોગ !

બોમ્બે પાસે એક્સીડન્ટ થવાથી મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા સાધ્વીજીનો સારવાર ખર્ચ ૫ થી ૧૦ લાખ થવાની શક્યતા જણાઈ. એ માટે મેં બોમ્બેના સંઘોને જણાવ્યું તો બોમ્બેના જુદા જુદા સંઘો તરફથી કુલ ૧૭ લાખ જેટલી રકમની બાંહેધરી મળી. અને સંઘોએ જણાવ્યું કે "હજી જેટલા રૂપિયા જોઈએ એટલા અમને કહેજો. સાધુ-સાધ્વીજીઓ માટે અમારી તિજોરીઓ ખુલ્લી છે."

ઓફિસમાં સેંકડો માણસો ઉપર આધિપત્ય ભોગવનારા કરોડપતિઓ અને અબજોપતિઓ જ્યારે આપણી સામે ધુળવાળી જમીન ઉપર ઘુંટણ સ્થાપીને વંદન કરે, સુખશાતા પૂછે ત્યારે શું આશ્ચર્ય નથી લાગતું ?

લાંબા વિહારોમાં ગોચરીની મુશ્કેલી હોય તો સવાર-બપોર-સાંજ ત્રણ ટાઈમ આપણા માટે ગોચરી લાવવા ગાડીઓ દોડાવનારા, આપણને લેશ પણ અગવડ નહિ પડવા દેનારા એ શ્રીસંઘને જોઈને શું કોઈ સંવેદન નથી થતું ?

આપણા વિચિત્ર વર્તનોને હસતે મોંઢે સહન કરનારા, આપણને આપણા માટે કદિ ફરિયાદ ન કરનારા અને એમની ભક્તિમાં નાની-મોટી ખામી જોઈને આપણા તરફથી અપાતા કડવા ઠપકાઓને ગળી જનારા એ શ્રીસંઘને જોઈને મનોમન વંદન કરવાની ભાવના નથી જાગતી ?

જ્યારે કો'કના ઘરે વહોરવા જઈએ અને નાના બાલુડાઓ જીદ કરીને પોતાના હાથે પાત્રામાં વહોરાવે, કોઈને હાથ પણ ન અડાવવા દે અને વહોરાવીને આનંદ પામે ત્યારે આંખમાંથી હર્ષના આંસુ શું નથી છલકાતા ? "ધન્ય છે આ શ્રાવકોને ! જેઓએ પોતાના બાળકોમાં કેવા સુંદર સંસ્કારો સીંચ્યા છે !" એવા વિચાર માનસપટ ઉપર શું ઉપસ્થિત નથી થતા ?

જરાક આંખો ઉઘાડીને જોવામાં આવે, જરાક હૈયુ વિશાળ બનાવીને વિચારવામાં આવે, જરાક સંવેદનશીલતાને આત્મસાત્ કરીને શ્રીસંઘનો આપણા માટેનો ભોગ સ્મરણ કરવામાં આવે તો ખરેખર આ સંસારમાં ખુંપેલો, પાપોમાં રગદોળાયેલો કહેવાતો શ્રાવકસંઘ વંદનીય લાગશે.

તો હવે એ પણ વિચારીએ કે તેઓ શા માટે આપણી પાછળ આટલો બધો ભોગ આપે છે ? નથી તો આપણે એમનું કોઈ કામ કરનારા નોકરો ! કે નથી તો આપણે એમની ઈચ્છાઓ પુરી કરી આપનારા કલ્પવૃક્ષો ! છતાં કોઈ ખોટી અપેક્ષાઓ વિના આપણા ઉપર ઉપકારોની હેલી વરસાવનાર એ સંઘની આપણી પાસે શું અપેક્ષા છે ?

ધારો કે એમની આપણી પાસે કોઈ અપેક્ષા ન હોય છતાં એ સંઘ માટે આપણી ફરજ શું છે ?

સમજદાર શ્રાવકોને જો આ પ્રશ્ન પુછવામાં આવે તો તેઓ કહેશે કે,"સાહેબ ! માનવભવ પામ્યા છતાં અમે સંસારમાં ખુંપીને ઘણું ગુમાવી ચૂક્યા છીએ. જ્ઞાન-દર્શન-ચારિત્રને પામવાને બદલે અમે માત્ર ધન પાછળ દોટ મૂકી છે. આપ સંસારત્યાગી છો ! મોક્ષમાર્ગના મુસાફર છો ! આપની જે કંઈપણ ભક્તિ કરીએ છીએ એની પાછળ અમારી આપની પાસે એક જ અપેક્ષા છે કે આપ અમને સાચા માર્ગે લઈ જાઓ. અમારી રત્નત્રયી વૃદ્ધિ પમાડી આપો. અમારું ખરું ધન અમને મેળવી આપો. બસ સાહેબ ! એ સિવાય આપની પાસે અમારી કોઈ જ અપેક્ષા નથી."

એટલે એ વાત તો નક્કી છે કે આપણા ઉપર ઉપકારોની હેલી વરસાવનાર શ્રીસંઘ પ્રત્યે આપની ફરજ એ જ છે કે આપણે "એમનો આત્મા મોક્ષમાર્ગમાં આગળ વધે, વધુને વધુ ધર્મિષ્ઠ બને" એવી પ્રવૃત્તિ કરવી.

આપણી પ્રત્યેક પ્રવૃત્તિ, આપણા પ્રત્યેક વચનો એવા જ હોવા જોઈએ કે જેમાં શ્રીસંઘના સભ્યોનો આત્મા વધુ ને વધુ નિર્મળતાને પામતો જાય.

જો આમ થાય તો જ આપણે એમના ઉપકારની સામે પ્રત્યુપકાર વાળી આપેલો કહેવાય.

કદાચ આપણે એમને મોક્ષમાર્ગ તરફ આગળ ધપાવી ન શકીએ અને એ રીતે એમના ઉપર ઉપકાર ન કરી શકીએ તો કંઈ નહિ, પણ આપણા નિમિત્તે તેમના ઉપર અપકાર તો કોઈપણ ભોગે ન જ થવો જોઈએ.

ભલે તેઓ આપણા દ્વારા વધુ ધર્મી ન બને પણ મેળવેલો ધર્મ પણ આપણા દ્વારા ગુમાવી દે તો? એ તો ન જ થવું જોઈએ ને ?

મારે એટલું જ કહેવું છે કે ઉપકારીના ઉપકારને બરાબર યાદ રાખીને એ ઉપકારી ઉપર સમય આવે ત્યારે પ્રત્યુપકાર કરે એ કૃતજ્ઞ કહેવાય. છેવટે ઉપકારી ઉપર અપકાર તો કદિ ન જ કરે એ પણ કૃતજ્ઞ કહેવાય. પણ ઉપકારી ઉપર અપકાર કરે એ કૃતઘ્ની કહેવાય. અને કૃતઘ્નતા જેવો કોઈ મોટો દોષ નથી.

એટલે આપણી બધાની બે ફરજ બને છે : (૧) આપણા કોઈપણ સંયમી દ્વારા શ્રાવક-શ્રાવિકાઓની ધર્મભાવનાની વૃદ્ધિ જ થવી જોઈએ. આપણી પ્રવૃત્તિ-વચન એમની ધર્મભાવનાને વધારનારા જ હોવા જોઈએ. (૨) જો એ શક્ય ન હોય તો ય આપણી કોઈપણ પ્રવૃત્તિ દ્વારા એમની ધર્મભાવના ઘટવી તો ન જ જોઈએ.

તો હવે આપણે એ નક્કી કરવું પડશે આપણી એવી કોઈ પ્રવૃત્તિ છે ? કે જેનાથી શ્રાવક-શ્રાવિકાઓની ધર્મભાવના ખલાસ થતી હોય ? તેઓ પામેલો ધર્મ પણ ગુમાવી દેતા હોય ?

એવી પ્રવૃત્તિઓ-વચનો અટકાવી દઈને શ્રાવક સંઘ ઉપર અપકાર કરનારા બનતા અટકીએ.

શ્રાવકસંઘની ધર્મભાવનાઓનો વિચ્છેદ કરનારી આપણી પ્રવૃત્તિઓ કઈ હોઈ શકે ? એ સમજવા માટે મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજના જ શરણે જઈએ.

સાડા ત્રણસો ગાથાના સ્તવનની સાતમી ઢાળમાં તેઓશ્રી ફરમાવે છે કે **જુદા જુદા થાતા હોવે સ્થવિરકલ્પનો ભેદ. ડોલાયે મન લોકના, હોવે ધર્મ ઉચ્છેદ.**

ઓ મુનિવરો ! તમે ગચ્છમાંથી છૂટા પડી એકલા-અટુલા ન વિચરશો, કેમકે સંયમીઓ જેટલા છૂટા છૂટા વિચરશે. તેટલા એમના આચારોના ભેદ વધશે. બધાના આચારો જુદા જુદા પ્રકારના થશે. અને આવા આચારભેદો જોઈને લોકોના મન ડોલવા લાગશે કે, "સાચું શું ? ક્યો આચાર સાચો ? અમને કંઈ સમજણ જ નથી પડતી."

અને આ રીતે શંકાશીલ બનેલા તેઓની સાધુઓ પ્રત્યેની, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જશે. તેઓ પછી સાધુઓનો વિશ્વાસ ગુમાવી બેસશે. પરિણામે ધર્મનો ઉચ્છેદ થશે.

જો બધા સાધુઓનો આચાર એકસરખો હોય તો એમને એમાં દઢ શ્રદ્ધા બેસશે, પરિણામે તેઓની ધર્મભાવના, ધર્મારાધના વધતી જ જશે.

સર્વજ્ઞતુલ્ય મહોપાધ્યાયજીએ ખૂબ જ માર્મિક વાત કરી છે. જાણે કે ત્રણસો વર્ષ પૂર્વેના એમના વચનો આજે પણ સાક્ષાત દેખાઈ રહ્યા છે.

સાધુઓમાં આજે આચારભેદ તો માઝા મૂકી રહ્યો છે. કેટલાંકો વ્હીલચેર અને કદાચ જરૂર પડે તો ગાડીનો પણ ઉપયોગ કરે છે. તો કેટલાંકો ડોળીમાં બેસવાની ય સખત ના પાડે છે.

કેટલાંકો આધાકર્મી, ઉપાશ્રયમાં લાવેલી ગોચરી બિન્ધાસ્ત વહોરે છે અને વાપરે છે. કેટલાંકો નાનામાં નાના દોષો સામે ય કટ્ટરતાથી ઝઝૂમે છે.

કેટલાંકો સૂર્યાસ્ત બાદ રાત્રે પણ એકલા સાધ્વીજીઓ, બહેનો સાથે નિર્ભય બનીને વાતો કરે છે. તો કેટલાંકો ભર દિવસે પણ એકલા બહેનો કે સાધ્વીજીઓને ઉપાશ્રયમાં પ્રવેશ પણ કરવા દેતા નથી.

કેટલાંકો એકાદ ફોન કરાવવાનો વખત આવે તો ય ૧૦૦ વાર વિચાર કરે છે એમની જીભ જ ફોન કરવાનું કહેવા માટે ઉપડતી નથી. તો કેટલાંકો ફોન, ફેક્સ, ઈ-મેઈલ ઢગલાબંધ સંખ્યામાં માત્ર કરાવતા નથી, કરતા પણ થઈ ગયા છે.

કેટલાંકો 'વધુમાં વધુ સંખ્યામાં સંયમીઓએ સાથે રહેવું જોઈએ' એવું માને છે અને મોટાભાગે પાળે છે. તો કેટલાંકો એકાકી વિહારને સાહસિકતા સમજતા અને આચરતા થઈ ગયા છે.

આ તો મોટા આચારભેદો છે. એવા બીજા કેટલાંય નાના-મોટાં આચાર ભેદો એવા છે કે શ્રાવકો આ બધું જોઈને ડગલે ને પગલે મુંઝાય છે. ગભરાટ-શરમને કારણે પુછવાની હિંમત ગુમાવી બેઠા છે અને મનમાં જ એમ નિર્ણય કરી ચૂક્યા છે કે "જેણે જેમ કરવું હોય એમ કરવા દેવું. આપણે તેમાં કચકચ ન કરવી. આપણે જે મહારાજ આવે એમને ગોચરી-પાણીની વ્યવસ્થા કરી આપવી. બસ, બાકી નાની-મોટી પંચાતમાં પડવું નહિ."

જેમ ઉચ્છૃંખલ છોકરાઓથી કંટાળેલા મા-બાપો છોકરાઓને કંઈપણ ટકોર સુધ્ધાં કરતા નથી.

એમને ભગવાન ભરોસે છોડીને પોતાનો માર્ગ બદલી નાંખે છે. એમ આપણા ખીણ જેટલા મોટા આચાર ભેદોથી આ શ્રાવકસંઘ મુંઝાઈ ગયો છે. અને એણે હવે આ બાબતમાં ઉપેક્ષા જ કરવા માંડી છે.

હવે કોઈપણ સાધુને એની ભુલ બદલ ઠપકો આપનાર શ્રાવકો લગભગ કોઈ રહ્યા નથી.

હજી ૭૫-૧૦૦ વર્ષ પૂર્વે સુરતના એક શ્રાવક નેમચંદ મેલાપચંદ ઝવેરી પોતાના ઉપાશ્રયમાં આવેલા તમામ નાના મોટાં સાધુઓને ભાવથી વંદન કરતા અને જો કોઈ સાધુ છાપા વગેરે વાંચતો હોય તો નમ્ર છતાં કરડાકી ભરેલી ભાષામાં પૂછતા કે "શું તમારા ૪૫ આગમો વંચાઈ ગયા છે ? કે તમને આ છાપાઓ વાંચવાનો સમય મળે છે ?"

છે કોઈ આજે એવા શ્રાવકો ! કે જેઓ છાપાઓ તો ઠીક, પણ ખરાબ મેગેઝીનો વગેરે વાંચતા સાધુને અટકાવે, ઠપકો આપે ?

ક્યારેક તો શ્રાવકો પણ પરાકાષ્ઠાની મુંઝવણ અનુભવે ત્યારે હૈયાવરાળ ઠાલવે છે કે "સાહેબ! તમે આમ કરવાનું કહો છો અને બીજા મહારાજ બીજું કરવાનું કહે છે. અમારે શું કરવું ? કોની વાત માનવી ? તમે બધા એક સરખા આચાર-ઉચ્ચારવાળા બનો તો અમને પણ ધર્મ કરવાનો ઉત્સાહ જાગે. આ તો તમારા કહેવા પ્રમાણે અમે કંઈક કરીએ અને બીજાઓ આવીને અમને ખોટા-જુઠા સાબિત કરી દે. અમે તો હેરાન થઈ જઈએ છીએ."

સંતિકરં, તિથિ, નવાંગી ગુરુપૂજન વગેરે કેટલાંક પ્રશ્નોને લઈને સાધુઓ વચ્ચે જે મતભેદો પડ્યા. વાદને બદલે જે ઝઘડાઓ, સંક્લેશો, મારા-મારી, આક્ષેપબાજી, પત્રિકાબાજી, છાપાબાજીઓ થઈ. એમાં સંઘ છિન્નભિન્ન થઈ ગયો. ૧૦૦ વર્ષથી ચાલતા તિથિ વગેરે પ્રશ્નોને લીધે સંઘની શક્તિનો સદુપયોગ ન થઈ શક્યો.

જરાક સાંભળો તો ખરા ! અજૈનોના મોઢામાંથી નીકળતા જૈનો માટેના શબ્દો ! "આ ચોમાસું આવ્યું. એમાં પજુસણ આવ્યા. હવે આ વાણિયાઓ ચાર મહિના લડશે, ઝઘડશે અને પછી પાછા ભેગા થઈને જમશે." જિનશાસનના સભ્યો માટે અજૈનોના મોઢામાં આવા શબ્દો સાંભળી શું આઘાત નથી લાગતો ? આ કંઈ કલ્પેલા નહિ, પણ સગા કાને સાંભળેલા શબ્દો છે.

આશ્ચર્ય તો એ છે કે આખા ભારતમાં ૮૯ કરોડ હિંદુ પ્રજા ફેલાયેલી છે. દરેક સ્થાને તેઓના જુદા જુદા પંચાગો નીકળે છે. છતાં તેઓના જન્માષ્ટમી, રામનવમી, દિવાળી વગેરે દિવસોમાં ક્યારેય મતભેદ પડેલો જોવા મળ્યો નથી. તેઓએ એવું જોરદાર સમાધાન કર્યું છે કે કદિ એ મતભેદ ઉભો ન થાય.

જ્યારે સ્યાદ્વાદના સિદ્ધાંતના ઠેકેદાર આપણે મુખ્યત્વે માત્ર ગુજરાતમાં ફેલાયેલા હોવા છતાં તિથિ વગેરે પ્રશ્નોમાં કોઈ સંપૂર્ણ સમાધાન છેલ્લા ૧૦૦ વર્ષથી લાવી ન શક્યા.

સામાચારી ભેદ હોય, મતભેદ હોય, વિચારભેદ હોય એ સમજી શકાય છે પણ આ ભેદો એવા તો ન જ હોવા જોઈએ ને ? કે જેના કારણે જિનશાસનની મશ્કરી થાય. જૈનધર્મ માટે જેમ તેમ બોલાય.

હવે તો આ આચારભેદ, પ્રરૂપણાભેદ માત્ર ગચ્છ-ગચ્છ પુરતો નથી રહ્યો. પણ એક જ ગચ્છના ૧૦-૧૫ જુદા જુદા ગ્રુપો હોય તો તેઓમાં પણ આચારભેદ-પ્રરૂપણાભેદ પડવા લાગ્યો છે. હજી ઉંડા

જાઓ તો એક-એક ગ્રુપના પણ નાના-નાના બે-બે, ત્રણ-ત્રણ સાધુઓના ગ્રુપો પડવા લાગ્યા, એમાં ય આચારભેદ પડવા લાગ્યો.

હદ તો એ આવી છે કે હવે તો વ્યક્તિએ વ્યક્તિએ આચારભેદ શરૂ થવા માંડ્યો છે. ત્રણ સાધુનું સાવ નાનકડું ગ્રુપ હોય તેમાં એ ત્રણેયના આચારોમાં આંખે ઉડીને વળગે એવી ભિન્નતા જોવા મળે. એક સાધુ બહેનો સાથે બિલકુલ વાત ન કરે. બીજો સાધુ કલાકો સુધી વાતો કરે. ત્રીજાનો વળી કોઈક ત્રીજો જ આચાર હોય. હોંશિયાર શ્રાવકો ય સમજી જાય કે આ ત્રણે ય સાધુઓની દિશાઓ જુદી જુદી છે. ઠાવકાઈથી મૌન ધારણ કરી મનમાં બોલતા હોય છે કે, "આ ત્રણમાં પણ જો એકતા નથી. પરસ્પર આચારભેદાદિ છે. તો તેઓમાં સાચો ધર્મ શી રીતે હશે ? તેઓ અમને એક થઈને રહેવાની વાત શું સમજીને કરતા હશે ?"

મૈત્રીભાવના આરાધક એક સ્વર્ગસ્થ આચાર્યદેવ વ્યાખ્યાનમાં આંસુ સાથે બોલી ઊઠ્યા હતા કે "શ્રાવકો ! તમે અમને આપવામાં, અમારી સેવા-ભક્તિ કરવામાં કોઈ જ કમીના રાખી નથી. એ જોઈને મને હર્ષના આંસુ ટપકે છે. પણ એ સાથે પશ્ચાત્તાપના આંસુ ટપકે છે કે અમે તમને શું આપ્યું ? માત્ર ઝઘડાઓ, વિખવાદો જ આપ્યા ? અમે તમારા ઉપકારનો સાચો બદલો ન વાળી શક્યા ? તમારું નિમક ખાઈને પણ અમે નિમકહલાલ ન બની શક્યા ?"

કેટલી બધી ચોટદાર વાત !

દરેક સંયમી પહેલા પોતાની જાતને નીચેના પ્રશ્નો પૂછે.

(૧) શું આ શ્રાવક-શ્રાવિકાસંઘનો આપણા ઉપર મોટો ઉપકાર છે એવું આપણને લાગે છે ? એ વાત આપણે અંતરથી સ્વીકારીએ છીએ ? કે પછી આપણું મન "શ્રાવક-શ્રાવિકાઓને સુપાત્રદાનાદિ ધર્મ કરવામાં સહાયક બનીને અમે એમના ઉપકારી છીએ." એવી વક્રતાનો ભોગ બનેલું છે ?

(૨) "કોઈપણ હિસાબે મારે આ ઉપકારી શ્રાવકસંઘ ઉપર મારા દ્વારા અપકાર નથી જ થવા દેવો. મારે કૃતઘ્ની નથી જ બનવું." એવું આપણા સાડા ત્રણ કરોડ રૂંવાડા પોકાર કરે છે ?

(૩) શું શ્રમણ ભગવાન મહાવીરદેવનું શાસન ખરેખર વહાલું છે ? એ શાસનની જયપતાકા ગગનમાં લહેરાય, કરોડોના મુખમાં જિનશાસન માટે મધુર શબ્દોની સરવાણી ફુટે એ આપણે અંતરના ય અંતરથી ઈચ્છીએ છીએ ?

(૪) "મારા દ્વારા કોઈપણ અનવસ્થા ન જ થવી જોઈએ." આવું હૈયામાં ધરબાયેલું છે ?

જો હા ! તો પછી આપણે સૌ દૃઢ નિશ્ચયવાળા બનીએ કે આચારભેદ જેટલો ઓછો થાય એટલા પ્રયત્નો કરીએ.

સામાચારીભેદને લઈને અમુક આચારભેદ તો રહેવાનો જ. અને એને શાસ્ત્રકારોએ પણ સંમતિ આપી છે. પણ જે બાબતોમાં તમામ ગચ્છોને પરમાત્માની એક સરખી આજ્ઞા લાગુ પડતી હોય. જે આચારો તમામ ગચ્છોને માન્ય બનતા હોય. જે આચારો પાળવામાં પોત-પોતાના ગચ્છની સામાચારીનો કોઈ ભંગ ન થતો હોય તેવા આચારોમાં જો બધા સંયમીઓ એક મતવાળા બની જાય. બધા સંયમીઓ એક સરખો આચાર પાળતા થઈ જતા હોય તો શ્રાવકસંઘ ઉપર આપણા દ્વારા મોટો ઉપકાર કરેલો

ગણાશે.

આ પુસ્તક લખવા પાછળનું એક પ્રયોજન આ પણ છે કે આ ૨૦૦ જેટલા નિયમો જેટલા સંયમીઓ સ્વીકારશે તે બધામાં તો આચારપાલનમાં ઘણી બધી સમાનતા આવશે જ. અને પરિણામે આચારભેદથી થનારા નુકસાનો અટકશે.

અલબત્ત, બધા સંયમીઓ બધા નિયમો સ્વીકારવાના નથી જ. કેટલાંકો જ બધા નિયમો સ્વીકારશે. કેટલાંકો ઘણા ઓછા પણ સ્વીકારે. પણ જેટલા અંશમાં આચારની સમાનતા થશે એટલા અંશમાં તો લાભ થશે જ. એટલા અંશમાં તો નુકસાન અટકશે જ. દા.ત. તિથિ બાબતમાં જો તમામ ગચ્છોનો એક સરખો આચાર થઈ જાય. તો તિથિના આચારભેદને લીધે જે નુકસાનો થતા હતા (પરસ્પર નિંદા, એકબીજાની વાતોને તોડી પાડવી, શ્રાવકોને પોતાના તરફ ખેંચવા.....વગેરે) તે તો અટકી જ જાય. હા ! બાકીના આચારભેદથી થનારા નુકશાનો ઉભા રહે.

બધી બાબતોમાં સંપૂર્ણ સફળતા તો ખુદ તીર્થંકરો પણ નથી પામતા. ચૌદ રાજલોકના સર્વજીવોને તારવાની એમની ઈચ્છા ક્યાં પૂર્ણ થઈ ? રે ! અનંતમાં ભાગ જેટલા જીવોને ય એ માંડ તારી શક્યા છે. કરોડ રૂપિયા કમાવાની ઈચ્છાવાળો માણસ એક રૂપિયો કમાય એના જેવી આ વાત છે કે સર્વજીવોને તારવાની ઈચ્છાવાળા તીર્થંકરો માંડ અતિ નાની સંખ્યાના જીવોને જ તારી શકે છે.

એટલે કોઈપણ કાર્યમાં એનો ઉદ્દેશ સંપૂર્ણ સિદ્ધ થાય જ એવો નિયમ તો નથી જ. પણ એમાં જેટલી વધુ સફળતા મળે એટલું લાભમાં જ છે ને ?

જો બધા જ કે ઘણા સંયમીઓ એકાસણા કરતા થઈ જાય તો ?

જો બધા જ કે ઘણા સંયમીઓ વિજાતીયનો પરિચય સંપૂર્ણ છોડી દે તો ?

જો બધા જ કે ઘણા સંયમીઓ ઈલેક્ટ્રીકના તમામ સાધનોનો સાક્ષાત્ કે પરંપરાએ વપરાશ બંધ કરી દે તો ?

જો બધા જ કે ઘણા સંયમીઓ મહીને-મહીને કાપ કાઢતા થઈ જાય તો ?

જો બધા જ કે ઘણા સંયમીઓ સખત સ્વાધ્યાય કરવા લાગી પડે તો ?

જો બધા જ કે ઘણા સંયમીઓ ગુરુનો પડતો બોલ ઝીલનારા બની જાય તો ?

આવી સેંકડો કલ્પનાઓ કેટલો બધો આનંદ આપનારી છે ! એકપણ કલ્પના જો ખરેખર ધરતી ઉપર અવતરે તો જિનશાસનની રોનક કેવી પલટાઈ જાય ?

જેઓ આ ભાવનાઓ ભાવશે તેઓ 'એ ભાવના સફળ ન બને તો ય' માત્ર એ નિર્દોષ-શુભ ભાવનાના પ્રતાપે પ્રચંડ કર્મક્ષય અને પુષ્કળ પુણ્યબંધ તો સાધી જ લેશે. આ લાભ પણ ક્યાં નાનો છે?

બીજી બાજુ આ પણ જરૂર વિચારશો કે અરિહંતોની ભાવના ભલે સંપૂર્ણ સફળ ન થઈ. છતાં એનાથી એમને તો કોઈ નુકશાન નથી જ થતું. તેઓ તો એ ભાવનાના પ્રતાપે સર્વોત્તમ ધર્મસામ્રાજ્યના મહારાજા બનીને મોક્ષે સિધાવી ગયા. એમ એ ભાવનાને સાકાર કરવા તેઓએ જે આજ્ઞાઓ કરી તે આજ્ઞાઓ જેમણે સ્વીકારી તેઓ પણ સિદ્ધપદ પામ્યા. પણ જેઓએ એ આજ્ઞાઓની ઉપેક્ષા કરી. "ઘણા

બધા લોકો આ જિનાજ્ઞાઓ નથી જ પાળતા ને ? એમ હું ય ન પાળું તો મારું શું બગડી જવાનું છે ? જે બધાનું થશે એ જ મારું થશે." એવી ભાવનાને પરવશ બનીને જેઓ જિનાજ્ઞાભંજક બન્યા. તેઓ પોતાના અનંત સંસારને અટકાવી શક્યા નથી.

એમ સંયમીઓ ખૂબ સુંદર આચાર-વિચારોથી સંપન્ન બની સ્વ-પરનું કલ્યાણ કરનારા બને એવા એક માત્ર ઉદ્દેશથી મેં આ પુસ્તક લખ્યું. મને તો મારી શુભ ભાવનાના પ્રતાપે પુષ્કળ કર્મક્ષય અને પ્રચંડ પુણ્યબંધ પ્રાપ્ત થશે જ.

જેઓ આ વાંચીને એ નિયમોને અપનાવશે. તેઓ આ જિનાજ્ઞાઓની આરાધનાઓના પ્રતાપે નિશ્ચિત આત્મકલ્યાણ સાધનાર શુદ્ધિ અને પરકલ્યાણમાં સહાયક પુણ્યબંધને પામશે.

પણ જેઓ એમ વિચારશે કે "બધા સંયમીઓ ક્યાં આ નિયમોને પાળે છે ? ઘણા ય સંયમીઓ આ નિયમો પાળ્યા વિના જ સંયમજીવન જીવે છે ને ? તો અમે પણ એ રીતે જ જીવીએ તો શું વાંધો ? જે બધાનું થશે એ જ અમારું થશે ? નાહકનો આ નિયમોનો બોજો ઉપાડીને શા માટે પરેશાન થવું ?"

તેઓની રક્ષા તો એમની ભવિતવ્યતા જ કરી શકે. તેઓ માટે અત્યંત કરૂણાભાવના ધારણ કર્યા વિના કોઈ છૂટકો જ નથી.

•



# ૮. છેવટે જિનાજ્ઞાના કટ્ટર પક્ષપાતી બનીએ....

પ્રચંડ સત્ત્વ ન ઉછળવાના કારણે આ નિયમો ધારણ કરવા મન તૈયાર ન થાય અને વર્ષોથી જે જીવન જીવી રહ્યા છીએ એમાં સહેજ પણ ફેરફાર કરવાની મન ધરાર ના પાડી દે એ આ વિષમકાળના સામ્રાજ્યમાં શક્ય છે.

માટે જ તો ઉપદેશમાલાકારે કહ્યું છે કે [૧૧૫]"ષટ્ખંડનું સામ્રાજ્ય ભોગવતો ચક્રવર્તી પોતાના સર્વોત્તમ વૈષયિક સુખોને લાત મારીને પળવારમાં દીક્ષા લઈ લે એ શક્ય છે. પણ દીક્ષા બાદ સુખશીલતાને લીધે શિથિલાચારી બનેલા, આજ્ઞાભંજક બનેલા સંયમીઓ પછી શિથિલાચારને-સુખશીલતાને છોડી દે એ તો લોઢાના ચણા ચાવવા જેવી વાત છે."

એટલે જો શૈથિલ્યના કાદવામાં ખૂંપેલો આત્મા બહાર ઉછળી પડવા સમર્થ ન બનતો હોય તો તેઓ માટે પણ આત્મહિત માટેનો છેલ્લો એક રસ્તો બાકી છે. એ છે **જિનાજ્ઞા કટ્ટર પક્ષપાત !**

આચારાંગસૂત્રમાં કહ્યું છે કે શિથિલાચાર એ પ્રથમ બાલતા (મૂર્ખતા) છે. એ પ્રથમ બાલતાવાળો આત્મા સંયમ ગુમાવે. જ્યારે એ શિથિલાચારનો બચાવ, વાસ્તવિક જિનાજ્ઞાના કટ્ટર પક્ષપાતનો અભાવ એ બીજી બાલતા છે. બીજી બાલતાવાળો આત્મા સમ્યગ્દર્શન પણ ગુમાવી દે.

જો પ્રથમ બાલતા ત્યાગી ન શકાય તો છેવટે બીજી બાલતા તો ત્યાગીએ જ. આ પુસ્તક વાંચ્યા પછી "સાચી જિનાજ્ઞાઓ કઈ છે ?" એ તો લગભગ ખબર પડી જ જવાની. તો પછી સાડા ત્રણ કરોડ રૂંવાડેથી બોલીએ કે "આ જ જિનાજ્ઞા છે. અમારો આ આચાર ખોટો છે. અમારી શિથિલતા છે."

બોલીએ કે "વિગઈઓ ન વાપરવાની જ જિનાજ્ઞા છે. રોજે રોજ નિષ્કારણ વિગઈ વાપરનારાઓ પાપશ્રમણ છે. છતાં અમે રોજ વિગઈ વાપરીએ છીએ. આસક્તિ છોડી શકતા નથી."

બોલીએ કે "વિભૂષા તો સંયમજીવન માટે તાલપુટ ઝેર સમાન છે. છતાં અમે મલિન કપડા પહેરી શકતા નથી. અને વારંવાર કાપ કાઢીએ છીએ. અમારો આ આચાર તદ્દન ખોટો છે. અવિભૂષિત સંયમીઓ જ સાચા જિનાજ્ઞાપાલક છે."

બોલીએ કે "આ અંધારાના વિહારો, સાઈકલો-લારીઓ-વ્હીલચેરો-માણસો વગેરે બધું જ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ છે. ગાઢકારણસર કરાય તો હજી ય બરાબર, પણ સુખશીલતાદિના કારણે પ્રવેશી ચૂકેલા આ પાપ છે. ધન્ય છે એ મહાત્માઓ ! જે આ બધા દોષોથી દૂર રહેલા છે."

આવા સેંકડો શિથિલાચારો સેવવા છતાં આપણે સાચો આચાર તો એ શ્રાવકોને બતાવીએ જ. જેથી ભગવાનની સાચી આજ્ઞાનું એમને ભાન થાય. તેઓ સાચા અર્થમાં ધર્મના આરાધક બની શકે.

આચારભેદ નાબૂદ થાય એ તો શ્રેષ્ઠતમ ઇતિહાસ ગણાશે. પણ કદાચ આચારભેદ નાબૂદ ન થાય તો છેવટે પ્રરૂપણાભેદ તો ન જ રહેવો જોઈએ. જો આ ૨૦૦ જેટલા નિયમો રૂપી જિનાજ્ઞાઓને જાણીને તમામ સંયમીઓ એ અંગેની એક સરખી પ્રરૂપણા કરે તો ય શ્રીસંઘ ઉપર પ્રત્યુપકાર કરેલો ગણાશે. આવા સંયમીઓ ભાવ સંવિગ્નપાક્ષિક બનીને આત્મકલ્યાણ સાધશે.

પણ આ ય સહેલું નથી હોં ! પોતાના શિથિલાચારને ખુલ્લા કરવા, પોતાની અસાધુતાને જાહેર

કરવી એ તો લોઢાના ચણા ચાવવાનું કામ છે. આવી પ્રરૂપણા બાદ ભક્તો કદાચ ભાગી જાય કે ઓછા થઈ જાય. શિષ્યો થતા બંધ થઈ જાય, લોકોનો સદ્ભાવ એ શિથિલો પ્રત્યે ઘટી જાય. સર્વત્ર સંવિગ્નોની બોલબોલા થાય. આ બધું પચાવી જવું એ સહેલું છે જ ક્યાં ?

માટેસ્તો મહોપાધ્યાયજીએ આ રીતે [૧૧૭]આત્મનિંદા અને પરપ્રશંસાને દુર્ધરવ્રત કહ્યું છે.

જરાક કલ્પના તો કરો કે હોંશે હોંશે આપણને દીક્ષા આપનારા બા-બાપુજી, ભાઈ-બહેન વગેરેની સામે આપણે આપણી શિથિલતાનો એકરાર કરી શકશું ? કહી શકશું ? કે, "અમે ખાવામાં આસક્ત બનીને ખૂબ મીઠાઈ વાપરીએ છીએ. દોષિત ગોચરી વહોરીએ છીએ..." આ હિંમત કોની ચાલશે ?

પણ આ અહંકાર ઓગાળી નાંખવાનો એક સરળ ઉપાય પણ છે હોં !

૧૪૪૪ ગ્રંથના રચયિતા, સૂરિપુરંદર ભગવાન હરિભદ્રસૂરિ મહારાજ કહેતા હતા કે, "હું સંવિગ્નપાક્ષિક છું. અર્થાત્ હું શિથિલ છું. યથાશક્તિપણ ભગવાનની આજ્ઞા પાળતો નથી."

અદ્વિતીયશાસનપ્રભાવક, કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજ કહેતા હતા કે "અનાદિકાલીન કુસંસ્કારોની લપડાકો ખાઈને હું ય હતાશ બન્યો છું. તું રક્ષક છતાં હું લુંટાયો છું. શું કરવું? કંઈ સમજાતું નથી. ઓ પ્રભો ! મારા જેવો કરૂણાપાત્ર જીવ આ સંસારમાં કોઈ નથી. મારા પર દયા કર."

લઘુહરિભદ્ર, હજારો બેનમૂન ગ્રન્થરત્નોના નિર્માતા, શાસ્ત્રોના રહસ્યોના જ્ઞાતા મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહેતા કે, "અમે પ્રમાદી છીએ. ભગવાનની આજ્ઞાઓ પાળવા અસમર્થ છીએ. ભગવાનની તમામ આજ્ઞાઓ પાળવાની એક માત્ર અજોડ ઈચ્છા એ જ અમારા માટે ભવજલધિજહાજ છે."

મહાયોગી, આત્માનંદી આનંદઘનજી કહેતા કે, [૧૧૮]"પ્રભો ! મારું મન કાબુમાં રહેતું નથી. એ ગમે ત્યાં ભાગે છે. એની ચંચળતા અને મારી નિષ્ફળતા જોઈને હવે તો મને એમ જ થાય છે કે "મન કાબુમાં આવી શકે છે." એ વાત તદ્દન ખોટી છે. "આપે મનને કાબુમાં લીધું છે." એ વાત ઉપર પણ મને વિશ્વાસ બેસતો નથી. આ ભગવાને ભાખેલા ચારિત્રમાર્ગ ઉપર ચાલવાની વાત તો દૂર રહી, એના ઉપર પગ મૂકવાની પણ મારી કોઈ હેસિયત નથી, કોઈ તાકાત નથી."

જો આવા મહાપુરુષો નિષ્કપટ બની પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરી શકતા હોય, પોતાના દોષોનો સ્વીકાર કરી શકતા હોય, પોતાના નાના દોષોને પણ મેરુ જેવા બનાવીને એના માટે ઘોર પશ્ચાત્તાપ કરી શકતા હોય અને એમાં એમને એમની મોટાઈ નડતર રૂપ ન બનતી હોય, અહંકાર આડો ન આવતો હોય તો આપણે તો કોણ ? આપણામાં શી મહાનતા છે ? કે જેના અહંકારથી સ્વદોષદર્શન થતું નથી. સ્વદોષ-એકરાર થતો નથી. સ્વદોષનો બચાવ કરવાનું મન થાય છે.

ભલે સંવિગ્નપાક્ષિકનો વ્યવહાર અત્યારે નથી ચાલતો પણ નિશ્ચયથી તો સંવિગ્નપાક્ષિકતાનો સ્પર્શ કરી જ શકાય છે ને ?

આપણી શાસનભક્તિ એટલે [૧૧૯](૧) વિધિકથન (૨) વિધિરાગ (૩) વિધિની ઈચ્છાવાળાઓને વિધિમાર્ગમાં સ્થાપવો અને (૪) અવિધિનો સ્પષ્ટ નિષેધ.

જો જીવનમાં આચારપાલન ન હોય તો આ ચાર વસ્તુ તો છેવટે અપનાવીએ જ. (૧)

વિધિમાર્ગનું નિરૂપણ કરીએ. સર્વત્ર "જિનાજ્ઞા શું છે ? પરમાર્થ શું છે ?" એ કહીએ. (૨) એ વિધિમાર્ગ ઉપર અતિશય બહુમાનભાવ ધારીએ. (૩) 'આપણે શિથિલ હોઈએ એટલે આપણા આશ્રિતોને પણ શિથિલતામાં ખૂંપવા દેવા' એવું કદિ ન થવા દઈએ. આપણી શિથિલતાનો અંશ પણ આશ્રિતોમાં ઘુસવા ન દેતા તેઓને સાચા વિધિમાર્ગમાં સ્થાપિત કરીએ. (૪) આપણે અવિધિ આચરતા હોઈએ તો પણ સખત અવિધિખંડન કરીએ. લેશ પણ અવિધિ પરનો આપણો ઢળાવ ન થવા દઈએ.

વિધિમાર્ગ એટલે જિનાજ્ઞા. આ ૨૦૦ નિયમો પણ એ જિનાજ્ઞારૂપ જ છે.

એટલે સાર એ જ આવ્યો કે જો શ્રી સંઘના પરમોપકારનો બદલો વાળવો હોય, આત્મોદ્ધાર કરવો હોય તો (૧) સૌ પ્રથમ તો આ તમામ નિયમો કે શક્તિ મુજબ ઓછા-વત્તા નિયમો સ્વીકારીને સ્વયં આચારસંપન્ન, વિધિપાલક બનીએ, (૨) અશક્તિ કે પ્રમાદાદિને કારણે નિયમો ન લઈ શકીએ તો ઉપર મુજબ એ નિયમોની અર્થાત્ જિનાજ્ઞાઓની કટ્ટરતાપૂર્વક પ્રરૂપણા કરીએ. ઘોર પશ્ચાત્તાપથી આપણા પાપમલ ધોઈએ.

પ્રથમ વિકલ્પ સ્વીકારનારાઓ સાચી સર્વવિરતિને પામીને વહેલી મુક્તિ પામશે. બીજો વિકલ્પ સ્વીકારનારાઓ સમ્યગ્દર્શન ટકાવી રાખીને મોડી પણ મુક્તિ તો પામશે જ.

ઉપસંહાર :

દર ચોમાસી ચૌદશે આ નિયમો ગુરુ પાસે લેવા. ચાર-ચાર મહિના માટે આ નિયમો લેવા. બીજી ચોમાસી ચૌદશ આવે ત્યારે જુના લીધેલા નિયમોમાં જે કોઈ ફેરફાર કરવા હોય એ કરી ફરી એ નિયમો લેવા. ગુરુને વંદન કરી ભાવપૂર્વક ચાર-ચાર મહિના માટેના આ નિયમો લેવાના છે.

એ નિયમો લીધા બાદ ચાર મહિના દરમ્યાન કોઈપણ નિયમમાં કારણસર છૂટ જોઈતી હોય, અપવાદ સેવવો હોય તો ત્યારે પોતાની મેળે એ છૂટ-છાટ ન લેવી. પણ ગુરુને પૂછી, એમની અનુમતિ લઈ એ છૂટ લઈ શકાય. આ નિયમોમાં આ વાત સમજી જ લેવી કે સદ્ગુરુની અનુમતિ લઈ એમાં ફેરફાર કરી શકાશે.

અંતે શ્રમણસંસ્થા પ્રત્યેના ભારોભાર બહુમાનભાવથી પ્રેરાઈને, જિનશાસન પ્રત્યેની કૃતજ્ઞતાથી પ્રેરાઈને આ પુસ્તક લખ્યું છે. એમાં કોઈની પણ નિંદા કરવાનો રૂંવાડામાં ય વિચાર નથી. જ્યાં પણ કંઈક કડક ભાષામાં લખાયું હશે ત્યાં એ ખરાબ પદાર્થનું જ ખંડન કર્યું છે. કોઈપણ વ્યક્તિ પ્રત્યેના દ્વેષથી એક અક્ષર પણ લખ્યો નથી.

રે ! આ ૨૦૦ નિયમોમાંથી હું પણ ક્યાં બધી બાબતો પાળું છું ! એટલે જે નિયમો હું નથી પાળતો તેમાં હું ય દોષી છું. મેં માત્ર જિનાજ્ઞા બતાવવાનું કામ કર્યું છે. એમાં જો મારો નંબર ન હોય તો હું ય અપરાધી છું જ.

પણ હું અમુક જિનાજ્ઞા નથી પાળતો એટલે એ જિનાજ્ઞાઓ મારે બીજાઓને બતાવવી પણ નહિ એ શું યોગ્ય છે ? સસૂત્ર પ્રરૂપણા કરવી એ આત્મકલ્યાણ માટેનો મારો આરાધનામાર્ગ છે.

આમ છતાં પુસ્તક દ્વારા કોઈને લેશ પણ દુઃખ થયું હોય તો એની ભાવભરી ક્ષમાપના ચાહું છું.

**वंदे वीरम् ।**

# ૯. શાસનપતિ, ત્રિલોકગુરુ, આસન્નોપકારી, દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરદેવને કદિ ન ભુલીએ !

મને નીચેના પ્રશ્નોના ઉત્તરો પાઠવો કે

(૧) આજે જે શાસનને પામીને આપણે હજારો સંયમીઓ આત્માનું અનંતભવોનું ભ્રમણ કાપી રહ્યા છીએ. એ અલબેલું શાસન આપણને આપ્યું કોણે ?

(૨) આખા ય જીવન દરમ્યાન એક પૈસો પણ કમાવા જવું ન પડે, કોઈ ધંધો-નોકરી કરવા ન પડે, કોઈની પગચંપી કરવી ન પડે અને છતાં ખુમારીથી, મસ્તીથી સુંદર સંયમજીવન જીવી શકાય એવી અદ્ભુત વ્યવસ્થા આપણને કોણે બતાવી ?

(૩) જે છ'રી પાલિત સંઘો, ઉપધાનો, ઉજમણાઓ, માસક્ષપણાદિ તપશ્ચર્યાઓ, તીર્થયાત્રાઓ, રથયાત્રાઓ, દેરાસરો, તીર્થો વગેરેને લીધે શ્રી જૈનસંઘ અત્યંત શોભી રહ્યો છે, ચેતનવંતો દેખાઈ રહ્યો છે એ તમામ આરાધનાઓ આપણને કોણે આપી ?

(૪) જે સંયમજીવન પામી આપણે લોકમાં પૂજ્ય બન્યા, જે શાસ્ત્રોનો અભ્યાસ કરી આપણે વિદ્વાન બની પરમસુખનો ઓછો-વત્તો રસાસ્વાદ પામ્યા જે નિર્મળતમ આચાર પાળી બધાયને પ્રિય બન્યા એ સંયમ, શાસ્ત્રો, આચાર વ્યવસ્થા આપણને કોણે આપ્યા ?

એનો ઉત્તર એક જ છે - દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરે !

અલબત્ત બધા તીર્થંકરો પરસ્પર ગુણવત્તાની દૃષ્ટિએ સમાન છે. પણ આપણા ઉપર સૌથી વધુ ઉપકાર શાસનપતિ પ્રભુ વર્ધમાનનો જ છે. આ વાતનો કોણ નિષેધ કરી શકે ?

બધા પંચમહાવ્રતધારી ગુરુજનો ગુરુતત્ત્વરૂપે સમાન હોવા છતાં જે ગુરુજને આપણો હાથ ઝાલી આપણા ઉપર વધુ ઉપકાર કર્યો હોય એ ગુરુજન બીજા બધા ગુરુઓ કરતા આપણા માટે વધુ આદરણીય બને જ છે ને ?

તો જે પ્રભુ માટે શાસ્ત્રકારોએ વારંવાર 'આસન્નોપકારી' શબ્દ વાપર્યો છે, એ પ્રભુ વર્ધમાન આપણા સૌ માટે વિશેષ આદરણીય કેમ ન બને ?

જેમ આપણે આપણા ગુરુજનને આપણા માટે વધુ મહાન પૂજનીય ગણીએ તેમાં બીજાઓનો અપલાપ કરવાની લેશ પણ ભાવના નથી. અને એવો દોષ પણ લાગતો નથી.

તેમ બીજા બધા જ ભગવાન કરતા શાસનપતિ પ્રભુવીરને આપણે સર્વત્ર સૌ પ્રથમ સ્થાન આપીએ, એમને વધુ આદર આપીએ તો એ એકદમ યોગ્ય જ છે ને ?

અત્યાર સુધીમાં છ'રી પાલિત સંઘોની, ઉપધાનોની, ચાતુર્માસિક-આરાધનાની, નૂતન જિનમંદિર નિર્માણની... ઘણી પત્રિકાઓ એવી જોવા મળી કે જેમાં ક્યાંય ખૂણે-ખાંચરે પણ સાવ નાનકડા અક્ષરોમાં પણ પ્રભુવીરના નામનો ઉલ્લેખ સુધ્ધાં ન હતો. ખૂબ આઘાત લાગતો, આ પરિસ્થિતિ જોઈને. આજે કોઈ શ્રાવક

કરોડો રૂપિયાનું જિનમંદિર બનાવતો હોય અને એની પત્રિકામાં પોતાના માતા-પિતાનું નામ ન લેખે તો સમાજ એને ચોક્કસ ઠપકો આપે કે 'ભાઈ ! આટલું મોટું મંદિર સ્વદ્રવ્યથી બનાવે છે. છતાં એની પત્રિકામાં માતા-પિતાનું નામ નથી લખ્યું ? તારામાં કંઈ ઔચિત્ય-વિવેક છે કે નહિ ?"

પરમપિતા પરમાત્મા મહાવીરદેવના નામ વિનાની પત્રિકાઓ છપાવનારાઓને શું આ ઠપકો આપવા માટે શ્રીસંઘ હકદાર નથી ?

મોટા મહોત્સવોના સ્થાનમાં ઘણીવાર મોટા-મોટા બેનરો લગાડેલા જોયા. જેમાં ગુરુજનો, આચાર્ય ભગવંતો વગેરેની મહાનતાઓનું વર્ણન કરવામાં આવેલું વાંચવા મળતું. પણ આઘાત એ વાતનો લાગ્યો કે એ વિશાળમંડપોમાં ૧૫-૨૦ વિશાળ બેનરોમાં પરમાત્મા મહાવીરદેવનું નામ, ઉલ્લેખ સુદ્ધા જોવા ન મળ્યો.

શંખેશ્વર પાર્શ્વનાથ અને દાદા આદિનાથના મંત્રનો પુષ્કળ જપ કરનારા, એ તીર્થોની યાત્રા માટે ખૂબ જ તલપાપડ બનનારા, એમના ફોટાઓ પોતાની પાસે રાખી રોજ દર્શન-વંદન કરનારા, બીજાઓને શંખેશ્વર પાર્શ્વનાથ અને શત્રુંજયદાદાની આરાધના કરવાની પુષ્કળ પ્રેરણા કરનારા અનેક શ્રાવકો-સંયમીઓ પણ મેં જોયા. આ બધુ તો સારું, પણ તેઓ જાણે કે પરમાત્મા મહાવીરદેવને ભુલી જ ગયા હોય અને માટે એમને દિવસમાં કદિ યાદ પણ ન કરતા હોય એવી પરિસ્થિતિ જોઈ આંખમાંથી બે ટીપા ટપકી પડ્યા.

ઘર દેરાસરોમાં કે સંઘ દેરાસરોમાં પ્રભુવીર મુળનાયક તરીકે ભાગ્યે જ જોવા મળ્યા. પ્રાયઃ સર્વત્ર પાર્શ્વનાથ ભગવાન, આદિનાથ ભગવાન, શાંતિનાથ ભગવાન વગેરે પ્રભુપ્રતિમાઓનો અતિશય આગ્રહ જોવા મળ્યો. મનમાં જરાક ખટકો ઉત્પન્ન થયો. 'શું ભગવાન મહાવીરના શાસનમાં એમનું જ વિસ્મરણ!'

અન્ય પરમાત્માઓ પ્રત્યે અતિશય ભક્તિવાળા, બેજોડ શ્રદ્ધાવાળા, વાતે-વાતે તે તે પરમાત્માનું નામ લેનારા શ્રાવકો-સાધુઓ દેખાયા. પણ એવી ભક્તિ, એવી શ્રદ્ધા, એવો અગાધ બહુમાનભાવ પ્રભુવીર પ્રત્યે ભાગ્યે જ કોઈનામાં ઝળહળાટ કરતો દેખાયો. પ્રશ્ન થયો કે "આ કેવો ઉપેક્ષાભાવ ?"

મારું મન તો પોકાર કરી કરીને કહે છે કે આપણે જેના સંતાન છીએ, જેના શાસનમાં જીવીએ છીએ, જેના અનંત ઉપકારના ભાર હેઠળ દબાયેલા છીએ એ પરમાત્મા મહાવીરદેવનું વિસ્મરણ કોઈકાળે ન થઈ શકે. આપણા પ્રત્યેક વિશિષ્ટ કાર્યોમાં ઉત્તમ વિશેષણો સાથે પ્રભુવીરનો ઉલ્લેખ અવશ્ય હોવો જ જોઈએ. કોઈપણ પત્રિકાઓ છપાય એમાં સૌ પ્રથમ મોટા અક્ષરે, ઉત્તમ વિશેષણો સાથે પ્રભુવીરનું નામ ચમકવું જ જોઈએ. મોટા સંઘોમાં અનેક બેનરો તૈયાર થતા હોય તો એમાં એક મોટું બેનર માત્ર પરમાત્મા મહાવીરદેવના સર્વોત્તમ વિશેષણોથી ભરપૂર તૈયાર થયેલું હોવું જોઈએ.

આપણી ઓળખ મહાવીરદેવના સંતાન તરીકે જ હોવી જોઈએ.

દરેક સંઘોમાં દર વર્ષે બે-ચાર રથયાત્રાઓ તો નીકળતી જ હોય છે. એ રથયાત્રા હજારો અજૈનો જોતા હોય છે. એ બધા માત્ર એટલું જ સમજે છે કે 'આ જૈનોનો કોઈ તહેવાર છે.' પણ એ રથયાત્રામાં ભગવાન મહાવીરદેવની ઓળખ એ અજૈનોને થાય એવા બેનરો, એવા લખાણો, એવા ચિત્રો હોય તો નક્કી પ્રભુવીર પ્રત્યે તેઓના મનમાં સદ્ભાવ જન્મ્યા વિના ન રહે. ઘણી રથયાત્રાઓમાં પોત-પોતાના ગુરુજનોના વિરાટ ફોટાઓ બગીમાં મૂકાયેલા જોયા છે. પણ એક પણ પ્રભુવીરના ફોટાવાળી બગી ન દેખાઈ. ત્યારે દુઃખ

તો થયું કે, "શું આ રથયાત્રામાં એક બગી પ્રભુવીરના પણ વિરાટ ફોટાવાળી હોત તો એ વધુ શોભાસ્પદ ન બનત ?"

મને એવું સ્પષ્ટ રીતે મહેસૂસ થાય છે કે ઉપરની મેં કરેલી વાતો એ પ્રભુવીર પ્રત્યેની આપણી માત્ર ભક્તિ નથી. પણ આ તો આપણી ફરજ, ઔચિત્ય છે. ભક્તિભાવથી તો આના કરતાંય અનેકગણી ચડીયાતી (છતાં શાસ્ત્રીય) રીતે પ્રભુને સર્વત્ર આગળ કરવા જ જોઈએ.

બાકી એ વાત તો નિશ્ચિત છે કે પરમપિતા મહાવીરદેવની જે સાધના છે, એમના જીવનમાં જે આંખે ઉડીને વળગે એવા અનેક પ્રસંગો વણાયેલા છે, એમના જીવનના પ્રત્યેક પ્રસંગોમાંથી વિશ્વને જે સંદેશ મળી રહ્યો છે એ બધું જોતા પરમાત્મા મહાવીરદેવ આપણા હૃદયસિંહાસનને શોભાવનાર રાજાધિરાજ બન્યા વિના ન જ રહે.

અલબત્ત, આજે ય કેટલીક વિરલ વ્યક્તિઓ એવી જોવા મળી છે કે જેઓ પ્રભુવીરને જ પોતાનું સર્વસ્વ માનનારી છે.

જન્મવાંચનના દિવસે સેંકડો-હજારો લોકો જન્મવાંચન બાદ પારણું ઝુલાવી રહ્યા હતા. એ વખતે મારી નજર એક પૌષધમાં રહેલા યુવાન ઉપર પડી. એ ચોધાર આંસુએ રડી રહ્યો હતો અને ખૂબ જ હર્ષથી એ પારણું ઝુલાવવાના પ્રસંગને નિહાળી રહ્યો હતો. એ જોઈ મારી આંખમાં પણ આંસુ ધસી આવ્યા. પ્રસંગ પૂર્ણ થયા બાદ એ યુવાનને બોલાવી રડવાનું કારણ પૂછ્યું. એ વખતે એના મુખમાંથી નીકળેલા શબ્દો → "મહારાજ સાહેબ ! મારા ભગવાન મહાવીરદેવ પાછળ હજારો લોકો ગાંડાતૂર બનીને નાચતા હતા. હર્ષથી પ્રભુવીરને હિંચોળતા હતા. મારા પ્રભુવીરને હજારો લોકો ચાહે, એમને હિંચોળવા પડાપડી કરે એ મારા માટે તો કેટલો બધો આનંદનો દિવસ કહેવાય ! હું તો ઈચ્છું છું કે માત્ર જૈનોના જ નહિ પણ વિશ્વના પ્રત્યેક માનવના રોમેરોમમાં પ્રભુવીરનો વસવાટ થાય. સાહેબ ! હું તો આનંદથી રડતો હતો." ←

પ્રભુવીર પ્રત્યે અતિશય બહુમાનવાળા એક શ્રાવકને કોઈકે કહ્યું કે "તું જે પ્રભુવીરને બહુ માને છે. એમના જીવનમાં સેંકડો ઉપસર્ગો આવ્યા છે. એટલે એના ભક્ત બનનારાના જીવનમાં સેંકડો ઉપસર્ગો આવ્યા વિના ન રહે. તું પ્રભુવીરનો ભક્ત બનીને નકામી આફત નોંતરે છે."

ગંભીરપણે કહેવાયેલા આ શબ્દોની સામે એ શ્રાવકે ખુમારી ભરેલો પ્રત્યુત્તર વાળ્યો કે, "પ્રભુવીરના જીવનમાં અનેક ઉપસર્ગો આવ્યા એ વાત જેટલી સાચી છે, એટલી જ વાત આ ય સાચી છે કે પ્રભુવીર એકપણ ઉપસર્ગોમાં હાર્યા નથી. ઉલ્ટુ ઉપસર્ગો દ્વારા જ પુષ્કળ કર્મો બાળીને તેઓએ પોતાની સિદ્ધિ મેળવી છે. તો તું સાંભળી લે, પ્રભુવીરના ભક્તોના જીવનમાં ઉપસર્ગો આવે તો તેઓ ય પ્રભુવીરના પ્રભાવે એ ઉપસર્ગોમાં કદિ ન હારનારા, સદૈવ જીતનારા જ બનશે. એટલે એવો ભય તું મને ન દેખાડીશ."

આપણે સૌ પરમપિતા પરમાત્મા મહાવીરદેવને હૃદયથી ઓળખીએ, એમના પ્રત્યે અતિશય બહુમાનવાળા બનીએ અને એમણે કરેલા ઉપકારોની સામે આપણી ફરજ કદિ ન ચૂકીએ એવી સૌને હાર્દિક પ્રેરણા છે. એ માટે એક નિયમ સૌ કોઈ લઈ શકે છે :

(૧) જ્યારે મોટા ભાગની બધી જ ધાર્મિક પત્રિકાઓ સંયમીઓની નજર હેઠળ જ તૈયાર થાય છે,

ત્યારે તે દરેક પત્રિકામાં પોત-પોતાના ગુરુજન, સ્થાનિક પરમાત્મા વગેરે બધાના નામ લખાતા પહેલા **"ચરમતીર્થપતિ, આસન્નોપકારી, અનંતકરૂણાનિધાન, પરમગુરુ સર્વજીવવત્સલ, પરમપિતા દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરદેવના ચરણકમલમાં અનંતશઃ વંદન."** આવું કે આવા પ્રકારનું બીજું કોઈક પ્રભુવીરનું અક્ષરદેહે વિશિષ્ટ સ્મરણ થાય.

(૨) જે કોઈપણ પુસ્તકો છપાય એ પ્રત્યેક પુસ્તકોમાં પ્રભુવીરે ભાખેલા પદાર્થો જ આપણે લખતા હોવાથી એ પુસ્તક છપાવામાં તેઓશ્રીનો ઉપકાર છે જ. એટલે એ પ્રત્યેક પુસ્તકમાં પણ વિશિષ્ટ રીતે પ્રભુવીરનું અક્ષરદેહે સ્મરણ થાય.

(૩) કોઈપણ પ્રસંગમાં શાસનદેવ વગેરેની જય બોલાય એ પૂર્વે સૌ પ્રથમ પરમાત્મા મહાવીરદેવના નામની જય બોલાય. શ્રાવક-શ્રાવિકાઓના મનમાં આ વાત દઢ થવી જરૂરી છે કે "પ્રભુવીરને વિસરી જઈને આપણે બીજા કોઈને વધુ માન-સન્માન આપીએ, એ ઉચિત દેખાતું નથી."

(૪) આપણા જે પ્રસંગો અજૈનો જોવાના હોય (રથયાત્રાદિ) એમાં કોઈક વિશિષ્ટ રીતે પ્રભુવીરનો ઉલ્લેખ આવશ્યક છે. (રેલરાહત, ભૂકંપરાહત, દુષ્કાળરાહત વગેરે કાર્યો પણ આમાં આવે) અજૈનો જૈનોના ભગવાન તરીકે પ્રભુ મહાવીરને ઓળખે છે, બીજા ભગવાનોને નહિ. એ ધ્યાન રાખવું.

(૫) દેરાસરમાં રોજ પ્રભુવીરની એક સ્તુતિ બોલવી. (વીરઃ સર્વસુરા... આ સ્તુતિ જ સૌ કોઈ બોલે તો એ ખૂબ સુંદર ગણાય.)

(૬) ચૈત્ર સુદ તેરસ વગેરે પ્રભુવીરના કલ્યાણક દિવસો વિશિષ્ટ રીતે ઉજવાય એવી શાસ્ત્રાનુસારી પ્રેરણા કરવી. હમણાં જ એક જગ્યાએ જન્મકલ્યાણકના દિવસે જૈનોના ૪૦૦ અને અજૈનોના ૬૦૦ એમ હજાર ઘરોમાં શ્રીસંઘે લાડવાની પ્રભાવના કરી. એક ખ્રિસ્તીનો સંઘની પેઢી પર ફોન આવ્યો કે આજે કેમ અમારે ત્યાં લાડવા ?" અને સંઘસભ્યે જણાવ્યું કે, "અમારા મહાવીરસ્વામી ભગવાનનો જન્મ દિવસ છે." એ ખ્રિશ્ચન આશ્ચર્ય પામ્યો, "તમારા ભગવાનના જન્મદિવસે અમને-અજૈનોને પણ લાડવા ? શું તમારો પ્રભુ પ્રત્યેનો બહુમાનભાવ !" આવું જો દરેક સંઘમાં વિશિષ્ટ આયોજન થાય તો અત્યંત અનુમોદનીય છે. અલબત્ત સંયમીઓએ પોતાની સંયમમર્યાદા જાળવીને જ ઉચિત ભાષામાં જ આ પ્રેરણા કરવી ઘટે.

(૭) દેરાસરમાં મૂળનાયક તરીકે ભલે રાશિ વગેરેને અનુસરીને બીજા ભગવાન રખાય. પણ પ્રત્યેક દેરાસરમાં શાસનપતિ પ્રભુવીરની એક પ્રતિમા તો હોવી જ જોઈએ. અને એ પ્રતિમા બીજી બધી પ્રતિમાઓ કરતાં કંઈક અલગ તરી આવે એવી રીતે જો રખાય તો મારી દૃષ્ટિએ ખૂબ સુંદર ગણાય. દા.ત. એ પ્રતિમાની પાછળ ભીંત ઉપર **'શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર દેવ'** આટલું લખાણ વિશિષ્ટ રીતે લખવામાં આવે તો એ પ્રતિમા બીજી બધી પ્રતિમાઓથી અલગ તરી આવે, કેમકે બીજી પ્રતિમાઓ ઉપર સામાન્ય રીતે જ નામ લખાયેલું હોય.

(૮) પજુસણ એ પરમાત્મા મહાવીરદેવના શાસનનું સર્વોત્કૃષ્ટ પર્વ છે. એ આખુ ય પર્વ પ્રભુવીરની મુખ્યતાવાળું છે. એમાં ય આરાધનાની દૃષ્ટિએ સંવત્સરીનો દિવસ ઉત્કૃષ્ટ હોવા છતાં ઉલ્લાસની દૃષ્ટિએ જન્મવાંચનનો દિવસ ઉત્કૃષ્ટ બની રહે છે. કેમકે એ દિવસે પ્રાયઃ નાના-મોટા તમામ જૈનો હર્ષોલ્લાસ સાથે

જન્મવાંચનનો ઉત્સવ ઉજવતા હોય છે. ચૈત્ર સુદ તેરસ કે જે પ્રભુના જન્મકલ્યાણકનો દિવસ છે. તે દિવસે શ્રીસંઘ જેટલો ઉલ્લાસમાં હોય એના કરતા અનેકગણો ઉલ્લાસ, ઉમંગ જન્મવાંચનના દિવસે જોવા મળે છે. બધા સુંદર વસ્ત્રો પહેરે, મીઠું ખાય અને ખવડાવે.

આમ આ દૃષ્ટિએ વિચારીએ તો જન્મવાંચનનો દિવસ આખા ય વર્ષમાં ધાર્મિક દૃષ્ટિએ તમામ જૈનો માટે સૌથી વધુ ઉલ્લાસ-ઉમંગનો દિવસ બની રહેલો દેખાય છે.

છતાં આ કેવી ઘોર વિટંબણા ?

પ્રાયઃ તમામ સંઘોમાં એ દિવસે ૧૪ સુપન ઝૂલાવવામાં આવે છે, છેલ્લે પ્રભુનું પારણું ઝૂલાવવામાં આવે છે. પણ આશ્ચર્ય કેવું ? કે લગભગ તમામ સ્થળે સૌથી વધુ મોટો ચડાવો લક્ષ્મીદેવીને ઝૂલાવવાનો થાય છે. બાકીના સ્વપ્નો તો ઠીક, પણ ભગવાન મહાવીર દેવના પારણાં સંબંધી ચડાવાઓ પણ લક્ષ્મીદેવીના ચડાવા કરતા ઓછી રકમના હોય છે.

શું આ શ્રમણ ભગવાન મહાવીરદેવની આશાતના ન કહેવાય ? જૈન શ્રાવકો ભગવાનને બદલે લક્ષ્મીદેવીને વધારે મહાન ગણે એ શું મિથ્યાત્વ ન કહેવાય ? અને સંયમીઓની શું આ ફરજ નથી કે 'શ્રાવકોના આ મિથ્યાત્વને દૂર કરવું, સાચી સમજણ આપવી."

કોઈ વળી એમ કહે છે કે, "લક્ષ્મીદેવીનો ચડાવો મોટી રકમમાં જાય તો વાંધો શું છે ? દેવદ્રવ્યની વૃદ્ધિ જ થાય છે ને ?"

પણ આ શું ઉચિત લાગે છે ખરું ? પ્રભુવીરનું અવમૂલ્યન થાય એ રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ શું શાસ્ત્રકારો માન્ય રાખે ખરા ?

જે પ્રભુવીરનો પ્રસંગ છે, એમની જ એ જ પ્રસંગમાં આશાતના એ કેવી રીતે ચલાવી લેવાય ?

કોઈ શ્રીમંત એમ કહે કે, "દેરાસરમાં મૂળનાયક ભગવાનના સ્થાને લક્ષ્મીદેવીને મૂકો અને આજુબાજુ પ્રભુની પ્રતિમાઓ રાખો અથવા મૂલનાયકની બાજુમાં લક્ષ્મીદેવીને સ્થાપો તો હું ૧૦ કરોડ રૂા. દેવદ્રવ્યમાં આપું.' તો શું આ વાત માન્ય બને ખરી ?

વળી આ કંઈ એકાદ સંઘમાં જ બનતો પ્રસંગ નથી. પણ લગભગ દરેક સંઘમાં આ પરિસ્થિતિ નિહાળી છે કે "લક્ષ્મીદેવીનો ચડાવો પ્રભુવીરના પારણા કરતા મોટી રકમનો હોય છે."

પ્રભુવીર પ્રત્યે અત્યંત અનુરાગી એક યુવાને મને એક વાત કરી કે, "સાહેબ ! મારી પાસે લાખો રૂપિયાના ચડાવા લેવાની શક્તિ નથી. બાકી જો હું કરોડપતિ હોત તો જેટલી રકમમાં લક્ષ્મીદેવીનો ચડાવો જાય, એના કરતા દોઢી-બમણી રકમથી જ હું પારણાના ચડાવાની શરૂઆત કરત. લોકોની આંખો ઉઘાડી દેત કે લક્ષ્મીદેવી કરતા પ્રભુવીર અનંતગણા મહાન છે."

આ સાંભળ્યા પછી મને આ વિચાર આવ્યો કે આપણે જે સંઘમાં હોઈએ તે સંઘમાં જન્મવાંચનના દિવસે શ્રીસંઘને જોરદાર પ્રેરણા કરીએ કે, "લક્ષ્મીદેવીના ચડાવા કરતા પ્રભુવીરના પારણાનો ચડાવો મોટી રકમમાં જ જવો જોઈએ." શ્રીસંઘને લક્ષ્મી=ધનની નુકશાનકારિતા અને પ્રભુવીરની આભને આંબતી મહાનતા સમજાવીએ. શ્રીસંઘ તો રત્નોની ખાણ છે. સાચી સમજણ અને સાચી પ્રેરણા પામ્યા પછી એવા

શ્રીમંતો તૈયાર થશે જ કે લક્ષ્મીદેવીના ચડાવાની રકમ કરતા વધારે રકમથી જ પારણાના ચડાવાની શરૂઆત કરશે. અને જો આવું થશે તો હજારો જૈનોના મનમાં સાચા સુંદર સંસ્કારો પડશે. લક્ષ્મી કરતા પ્રભુવીરને વધુ-ઘણું વધુ મહત્ત્વ આપતા થશે.

('લક્ષ્મીદેવી પ્રભુના ૧૪ સુપનમાંનું એક સુપન છે.' એવા સદ્દ્ભાવથી એ સુપનનો ચડાવો લેવામાં તો લાભ જ છે. પણ શું અત્યારે લક્ષ્મીનો ચડાવો આ ભાવથી લેવાય છે ખરો ?)

આ ફરજ આપણી-સંયમીઓની છે.

જો સંયમીઓ જ લક્ષ્મીદેવીના ચડાવા વખતે બધાને હોંશે હોંશે પ્રેરણા કરે, હસી-મજાકમાં એ ચડાવાને વધુ મહત્ત્વ આપે તો મારી દૃષ્ટિએ આ ઉચિત નથી દેખાતું.

શ્રાવકો આપણી વાત સ્વીકારે કે ન સ્વીકારે પણ એમને આ સમ્યગ્માર્ગની પ્રરૂપણા ભારપૂર્વક કરવી એ જવાબદાર પ્રત્યેક સંયમીની ફરજ બની રહે છે એમ મારું મંતવ્ય છે.

જો શ્રીમંતો સંયમીઓની પ્રેરણાથી લાખો-કરોડો રૂપિયા ખર્ચી દેતા હોય, તો આ નાનકડી પ્રેરણા શું તેઓ ન સ્વીકારે ? પણ સંયમીઓના મનમાં બીજા બધા કાર્યોની જેટલી મહત્તા પડી છે એટલી જ મહત્તા આ કાર્યની સમજાશે ત્યારે જ તે ખરા હૃદયથી પ્રેરણા કરી શકશે. અને ત્યારે અવશ્ય એ પ્રેરણા ઝીલાશે.

ઉપરની આઠ બાબતો ઉપર પ્રત્યેક સંયમી તટસ્થ મનથી વિચારણા કરે. અને એની વાસ્તવિકતાને સમજીને એનો સ્વીકાર કરે એવી મારી હાર્દિક પ્રેરણા છે. એ પ્રેરણા સ્વીકારવી કે ન સ્વીકારવી એ તો સૌની ઈચ્છાની વાત છે.

આ આઠેય બાબતો શ્રાવકોને પણ સારી રીતે સમજાવાય એ જરૂરી છે. તમામ જૈનોને પ્રભુવીર પ્રત્યે સદ્દ્ભાવ છે જ. માત્ર અજ્ઞાનતાને કારણે ઔચિત્ય-વિવેક ચૂકી જવાય છે. જો સમ્યક્ બાબતનો ખ્યાલ આવે તો આ બાબતમાં સૌ કોઈ સહર્ષ તૈયાર થાય જ, કેમકે પ્રભુવીર સૌને વહાલા તો છે જ. જરૂર છે માત્ર સાચી સમજણની, માર્ગદર્શનની.

•

# १०. परिशिष्ट

(१) पुष्टालम्बनमाश्रित्य दानशालादि कर्म यत् । तत्तु प्रवचनोन्नत्या बीजाधानादिभावतः । बहूनामुपकारेण नानुकम्पानिमित्ततां । अतिक्रामति तेनात्र मुख्यो हेतुः शुभाशयः ।

— બત્રીશી-બત્રીશી - ૧/૫-૬

**અર્થ :** પુષ્ટ કારણને આશ્રયીને દાનશાળાદિ જે કાર્યો કરાય, તે તો જિનશાસનની ઉન્નતિ=પ્રશંસા દ્વારા બીજાઓમાં બીજાધાનાદિ કરાવનાર હોવાથી ઘણા લોકોને ઉપકારી થાય છે માટે તે દાનશાળાદિ અનુકંપાનું નિમિત્ત બની રહે છે. આમ અહીં શુભ આશય એ જ મુખ્ય કારણ છે.

(२) विहितानुष्ठानरतस्य तत्वतो योगशुद्धिसचिवस्य । भिक्षाटनादि सर्वं परार्थकरणं यतेर्ज्ञेयम् ।

—ષોડશક-૧૩/૫

**અર્થ :** શાસ્ત્રોક્ત અનુષ્ઠાનમાં લીન, પરમાર્થથી યોગશુદ્ધિવાળા સંયમીના ભિક્ષાટનાદિ તમામ કાર્યો પરોપકારકરણ છે.

(३) यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते, स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् । बध्नात्यपि तदेवालम् । — અષ્ટકપ્રકરણ-૨૩-૧-૨

**અર્થ :** જે આત્મા અનાભોગથી પણ શાસનમાલિન્યમાં વર્તે છે, તે આત્મા બીજા જીવોને મિથ્યાત્વનું કારણ બનતો હોવાથી પોતે પણ તે જ સમયે મિથ્યાત્વ બાંધી શકે છે.

(४) अत एव न यो धर्तुं मूलोत्तरगुणानलम् । युक्ता सुश्राद्धता तस्य न तु दम्भेन जीवनम् ।

— અધ્યાત્મસાર

**અર્થ :** માટે જ જે મુલોત્તરગુણોને ધારવા સમર્થ ન હોય, તેને સુશ્રાવકતા યોગ્ય છે. પણ દાંભિકજીવન નહિ.

(५) वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ कारवे ने य । — ઉપદેશમાળા ગાથા - ૫૧૬

**અર્થ :** સંવિગ્નપાક્ષિક વંદન કરે ખરો, વંદન લે નહિ, બધાને કૃતિકર્મ કરે પણ પોતે સંવિગ્નો પાસે કૃતિકર્મ ન કરાવે.

(६) न क्षमं हि मुमुक्षूणां क्षणमपि निरभिग्रहाणामवस्थातुं, न चाभिग्रहा ग्रहणमात्रत एव फलदायिनो भवन्ति, किन्तु परिपालनया । — ઉપદેશરહસ્ય - ૭૩

**અર્થ :** મુમુક્ષુઓ માટે એક ક્ષણ પણ અભિગ્રહો-નિયમો વિના રહેવું યોગ્ય નથી. વળી અભિગ્રહો એ સ્વીકારી લેવા માત્રથી ફલદાયક નથી બનતા. પણ પાલન કરવા દ્વારા અભિગ્રહો ફળદાયક બને છે.

(७) एते च द्रव्यादयश्चतुर्विधा अप्यभिग्रहास्तीर्थकरैरपि यथायोगमाचीर्णत्वान्मोहमदापनयन-प्रत्यलत्वाच्च गच्छवासिनां तथाविधसहिष्णुपुरुषविशेषापेक्षया महत्याः कर्मनिर्जरायाः निबन्धनं प्रतिपत्तव्याः। — ગચ્છાચાર - ૭૪

**અર્થ :** આ દ્રવ્યક્ષેત્રાદિ ચાર પ્રકારના અભિગ્રહો તીર્થંકરોએ પણ ઉચિત રીતે આચરેલા છે. આ અભિગ્રહો મોહમદને દૂર કરવા માટે સમર્થ છે. તેથી તેવા પ્રકારના સમર્થ પુરુષવિશેષની અપેક્ષાએ

ગચ્છવાસીઓને મોટી કર્મનિર્જરાનું કારણ બને છે.

(૮) **तथा च भगवांश्चरमदेहतया कर्मवशितायामपि तथाविधविनेयानुग्रहाय जानानोऽपि विचित्रान भिग्रहान् गृहीतवान् ।** – યોગશતક -૧

**અર્થ :** પરમાત્મા ચરમશરીરી હોવાથી એમને તો બધા કર્મો વશ હતા, છતાં પણ બધું જાણતા હોવા છતાં તેવા પ્રકારના ભાવિ શિષ્યો ઉપર ઉપકાર કરવા માટે એમણે વિચિત્ર અભિગ્રહો-નિયમો ગ્રહણ કર્યા.

(૯) **एकं तावत्स्वतश्चारित्रापगमः, पुनरपरानुद्युक्तविहारिणोऽपवदत इत्येषा द्वितीया बालता ।**

– આચારાંગ-૧૮૯

**અર્થ :** પોતાના ચારિત્રનો વિનાશ=શિથિલાચાર એ પ્રથમ બાલતા છે અને એમાં વળી ઉદ્યુક્તવિહારી=સદાચાર સંપન્ન, સંવિગ્ન મહાત્માઓની નિંદા કરવી એ બીજી બાલતા=મૂર્ખતા છે.

(૧૦) **મુનિગુણરાગે પુરા શૂરા, જે જે જયણા પાળે જી. તે તેહથી શુભભાવ લહીને કર્મ આપણા ટાળેજી.** - સવાસો ગાથાનું સ્તવન ઢાળ-૭

**અર્થ :** શિથિલાચારી સાધુઓ પણ જો સંવિગ્નમુનિઓના ગુણોના ખૂબ અનુરાગી હોય. એમાં શૂરવીર હોય તો તેઓ જે કંઈપણ થોડી ઘણી જયણા પાળે. તેના દ્વારા તેઓ શુભ ભાવને પામીને પોતાના કર્મોને ખતમ કરે.

(૧૧) **तए णं से भगवं गोयमे छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ, बिइयाए पोरिसीए झाणं झायइ, तइयाए पोरिसीए....।** – ઉપાસકદશાંગ સૂત્ર અધ્યયન-૧

**અર્થ :** ભગવાન ગૌતમ છઠના પારણાના દિવસે પહેલી પોરિસીમાં સ્વાધ્યાય (સૂત્રપોરિસી) કરે છે. બીજી પોરિસીમાં ધ્યાન (અર્થપોરિસી) કરે છે. ત્રીજી પોરિસીમાં શાંત ચિત્તે મુહપત્તી પ્રતિલેખન કરે છે.

(૧૨) **गोअमा ! पवज्जादिवसप्पभिईए जहुत्तविणओवहाणेणं जे केई साहू साहूणी वा अपुव्वनाणगहणं न कुज्जा तस्स सुअं विराहिअं । सुत्तत्थोभयं सरमाणे एगग्गचित्ते पढमचरमपोरिसीसु दिआ राओ अनाणुगुणिज्जा से णं गोअमा ! नाणकुसीले णेए । जस्स य गुरुअनाणावरणोदएण अहोनिसं पहोसेमाणस्स न संवच्छरेणवि सिलोगद्धमवि थिरपरिचिअं भविज्जा, तेणावि जावज्जीवं सज्झायसीलाणं वेआवच्चं तहा अणुदिणं अड्ढाइज्जे सहस्से पंचमंगलाणं सुत्तत्थोभए सरमाणे एगग्गमाणसे पहोसिज्जा।**

– મહાનિશીથસૂત્ર (યતિજીતકલ્પ-૨૦૯)

**અર્થ :** જે સાધુઓ કે સાધ્વીજીઓ દીક્ષા દિવસથી માંડીને શાસ્ત્રોક્ત યોગોદ્વહનપૂર્વક નવા નવા જ્ઞાનનું ગ્રહણ ન કરે તેઓ શ્રુતના વિરાધક બને. સૂત્ર, અર્થ, ઉભયને યાદ કરતા, એકાગ્રચિત્તવાળા બનીને દિવસે અને રાત્રે પ્રથમ-ચરમ પોરિસીમાં જેઓ પરાવર્તન ન કરે તેઓ જ્ઞાનકુશીલ જાણવા. જેઓને ભારે જ્ઞાનાવરણીયના ઉદયને લીધે દિવસ-રાત ગોખવા છતાં પણ જો એકવર્ષે પણ અડધો શ્લોક સ્થિર-પરિચિત ન થાય, તેણે પણ આખી જિંદગી સ્વાધ્યાયશીલ મહાત્માઓની વૈયાવચ્ચ કરવી અને રોજ ૨૫૦૦નવકાર એકાગ્ર મનથી અર્થચિંતનપૂર્વક ગણવા. (બોલવા).

(૧૩) **जस्संतिए धम्मपयाइं सिक्खे, तस्संतिए वेणइयं पउंजे । सक्कारए सिरसा पंजलीओ, कायग्गिरा भो ! मणसा य निच्चं ।** – દશવૈકાલિક-અધ્યયન-૯ ઉદ્દેશો-૧, ગાથા-૧૨

**અર્થ :** જેમની પાસે ધર્મપદો શીખીએ, તેમની પાસે વિનય કરવો, મસ્તકે અંજલિપૂર્વક કાયા-વાણી

અને મનપૂર્વક હંમેશા એમનો સત્કાર કરવો.

(૧૪) **अकयसमोसरणस्स उ वक्खाउणुचियत्ति उस्सग्गो ।** – સામાચારી પ્રકરણ ગાથા-૭૯

**અર્થ :** 'સ્થાપનાચાર્યજીનું આસન=સ્થાન ગોઠવ્યા વિના વ્યાખ્યાન આપવું અનુચિત છે." એ ઉત્સર્ગમાર્ગ છે.

(૧૫) **नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सचित्तकम्मे उवस्सए वत्थए ।** – બૃહત્કલ્પસૂત્ર ઉદ્દેશો-૧, સૂત્ર-૨૦

**અર્થ :** સાધુઓને કે સાધ્વીજીઓને ચિત્રવાળા=ફોટાવાળા ઉપાશ્રયમાં રહેવું ન કલ્પે. (એ ચિત્ર-ફોટો પુરુષનો હોય કે સ્ત્રીનો હોય કોઈપણ ન ચાલે. એ વાત ત્યાં ટીકામાં વિસ્તારથી બતાવી છે. 'ભગવાનનો કે ગુરુનો ફોટો પણ ઉપાશ્રયમાં ઉત્સર્ગમાર્ગે નિષિધ્ધ છે.' એ પદાર્થ શાસ્ત્રજ્ઞાતાઓને ખબર જ હશે.)

(૧૬) **स्वाध्यायादिनियोगात् = पापश्रुतावज्ञाप्रधानजिनागमाध्ययनादिविशिष्टप्रयत्नात् ।**

– ઉપદેશરહસ્ય-૯૩.

**અર્થ :** સ્વાધ્યાયાદિનો નિયોગ એટલે જેમાં પાપશ્રુતોની ખૂબ અવજ્ઞા છે તેવા જિનાગમાધ્યયનાદિમાં વિશિષ્ટ પ્રયત્ન. (અહીં સ્વાધ્યાયને પાપશ્રુતોના તિરસ્કારની પ્રધાનતાવાળા શાસ્ત્રાભ્યાસરૂપ બતાવેલ છે. અર્થાત્ જ્યાં પાપ શ્રુતોનો તિરસ્કાર નથી. છાપા-મેગેઝીનો પણ વંચાય છે તે શાસ્ત્રાભ્યાસ સ્વાધ્યાય ન બને.)

(૧૭) **यावन्ति अक्षराणि लिखति, तावन्ति चतुर्लघूनि ।** – યતિજીતકલ્પ - ૨૧૩.

**અર્થ :** સંયમી જેટલા અક્ષરો લખે, એટલા ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે.

(૧૮) **कंदप्पकुक्कुईया तह सीलसहावहासविगहाइं । विम्हाविंतो परं कंदप्पं भावणं कुणइ ।**

– ઉત્તરાધ્યયન ૩૬-૧૭૨૬

**અર્થ :** અટ્ટહાસ્ય, કાયાની વિચિત્ર ચેષ્ટાઓ, બીજાને હાસ્યાદિ કરાવનારા વચનો વગેરે વડે બીજાઓને આશ્ચર્ય પમાડનાર, હસાવનાર સંયમી કાંદર્પિકભાવનાવાળો કહેવાય.

(૧૯) **सावज्जाणवज्जाणं वयणाणं जो ण याणइ विसेसं । वोत्तुंपि तस्स न खमं, किमंग पुण देसणं काउं ?** – દશવૈકાલિક નિર્યુક્તિ-૨૩, હારિ.ટીકા

**અર્થ :** સાવદ્ય અને નિરવદ્ય વચનોના ભેદને જે સાધુ જાણતો નથી. તે અગીતાર્થને તો બોલવું પણ યોગ્ય નથી. તો પછી દેશના આપવાની તો વાત જ ક્યાં છે ?

(૨૦) **ગીતારથ, જયણાવંત, ભવભીરુ જેહ મહંત. તસ વયણે લોકે તરીયે, જેમ પ્રવહણથી ભરદરિયે. બીજો તો બોલી બોળે, શું કીજે નિર્ગુણ ટોળે ? ભાષાકુશીલનો લેખો, જન મહાનિશીથે દેખો.**

- સાડા ત્રણસો ગાથાનું સ્તવન - ઢાળ-૪, ગાથા ૫-૬

**અર્થ :** ગીતાર્થ, યતનાવંત, ભવભીરુ અને મહંત (નિઃસ્પૃહતાદિ અનેક ગુણોથી યુક્ત) એવા સાધુના વચનો દ્વારા આ સંસાર તરાય. જેમ વહાણ દ્વારા દરિયો તરાય. બીજા સાધુઓ તો દેશના આપીને શ્રોતાઓને સંસારમાં ડુબાડે છે. એવા નિર્ગુણી સાધુઓના ટોળા ભેગા થાય તો ય શું લાભ ? મહાનિશીથમાં આવા અપાત્ર વ્યાખ્યાનકારોને ભાષાકુશીલ કહ્યા છે.

(૨૧) **साग्निवसतौ चोपकरणप्रतिलेखने मासलघु...साग्निवसतौ प्रस्खलने पतने वा चतुर्लघु, षड्जीवनिकायविराधनानिष्पन्नं च ।** – યતિજીતકલ્પ-૫૦

અર્થ : તેજસકાયવાળા સ્થાનમાં ઉપકરણોનું પ્રતિલેખન કરીએ તો માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે... તેજસકાયવાળા સ્થાનમાં સ્ખલના પામીએ કે સૂત્ર-અર્થ કંઈપણ બોલીએ, હોઠ ફફડાવીએ તો ચતુર્લઘુ પ્રાય. આવે અને ષડ્જીવનિકાયની વિરાધના થાય તો એ સંબંધી પ્રાયશ્ચિત્ત વધુ આવે. (અહીં તેજસકાયવાળા સ્થાનમાં વસ્ત્રો હલાવવાનો, બોલવાનો સ્પષ્ટ નિષેધ જણાય છે.)

(૨૨) **प्रमोदमासाद्य गुणैः परेषां येषां मतिर्मज्जति साम्यसिन्धौ । देदीप्यते तेषु मनःप्रसादो गुणास्तथैते विशदीभवन्ति ।** – શાન્તસુધારસ-પ્રમોદ ભાવના

અર્થ : બીજાઓના ગુણો જોઈને પ્રમોદ ધારણ કરી જે આત્માઓ સમતાસાગરમાં ડુબકી મારી દે છે, તેઓમાં માનસિક પ્રસન્નતા ઝળહળી ઉઠે છે અને તે ગુણો એનામાં ખીલી ઊઠે છે.

(૨૩) **इन्दियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा । तम्मुत्ति-तप्पुरक्कारे, संजए इरियं रीए ।**

– ઉત્તરાધ્યયન-૨૪, ગાથા-૯૪૩

અર્થ : પાંચેય ઈન્દ્રિયોના અર્થોને તથા પાંચે ય પ્રકારના સ્વાધ્યાયને છોડીને માત્ર ઈર્યાસમિતિમાં જ એકાગ્ર બનીને સંયમી ચાલે.

(૨૪) **परस्परं हस्तावलगिकया व्रजन्ति, अथवा 'संलग्गिरीति' युगलिता व्रजन्ति ।**

– ઓઘનિર્યુક્તિ-૧૬૫

અર્થ : (ગામમાં પહોંચેલો ગીતાર્થ સાધુ ત્યાં રહેલા ગચ્છના સાધુઓની બાહ્ય પ્રત્યુપેક્ષણા કરે છે. એમાં જો ઉપરની વસ્તુઓ દેખાય તો એ સાધુઓ દોષવાન ગણ્યા છે. તે વસ્તુઓમાંની કેટલીક) સ્થંડિલાદિ માટે જતા સાધુઓ પરસ્પર એકબીજાને હાથ અથડાઈ જાય એટલા નજીક-નજીક ચાલતા હોય અથવા તો ભેગા=એક લાઈનમાં ચાલતા હોય. (આ બધું ખોટું છે. આવી રીતે ન ચલાય.)

(૨૫) **एताश्चारित्रगात्रस्य जननात्परिपालनात्संशोधनाच्च साधूनां मातरोऽष्टौ प्रकीर्तिताः ।**

– યોગશાસ્ત્ર-પ્રકાશ-૧-૫૯

અર્થ : આ આઠ સમિતિઓ સાધુઓના ચારિત્રરૂપી શરીરને જન્મ આપનાર, જન્મેલા ચારિત્ર બાળકને પાળનાર અને એને શુદ્ધ કરનાર હોવાથી આઠ માતા કહેવાય છે.

(૨૬) **साधुं चेतसि प्रणिधाय यत्क्रियते भक्तादि, तदाधाकर्म ।** – પિંડનિર્યુક્તિ-૧૦૭

અર્થ : જૈન સાધુને મનમાં ધારીને જે ભોજનાદિ બનાવવામાં આવે તે આધાકર્મ કહેવાય.

(૨૭) **अधोगतिनिबन्धनं कर्म अधःकर्म, तथा हि भवति साधूनामाधाकर्म भुञ्जानानामधोगतिः तन्निबन्धन प्राणातिपाताद्याश्रवेषु प्रवृत्तेः ।** – પિંડનિર્યુક્તિ-૧૧૦

અર્થ : દુર્ગતિના કારણભૂત જે ક્રિયા તે અધઃકર્મ કહેવાય. આધાકર્મી ગોચરી વાપરનારા સાધુઓની દુર્ગતિ થાય છે કેમકે એ ગોચરી વાપરવામાં દુર્ગતિના કારણભત હિંસા વગેરેમાં પ્રવૃત્તિ થાય છે. માટે આધાકર્મી ગોચરીને અધઃકર્મ પણ કહેવાય.

(૨૮) **भगवतो अरिट्ठनेमिस्स अन्तेवासी छब्भायरो अणगारा चोद्दसपुव्वी चउण्णाणोवगया एगंतस्सरिसगा नीलुप्पलप्पगासा सिरिवच्छंकियवच्छा बत्तीसलक्खणधरा पव्वज्जदिवसादारब्भ छट्ठंछट्ठेणं अनिक्खित्तेणं तवोकम्मेणं विहरंति, ते पढमाए पोरिसीए सज्झाएत्ता बीतियाए झाणं झाइत्ता तइयाए पोरिसीए तिहिं संघाडगेहिं बारवतीए अडंति ।** – આવશ્યક નિર્યુક્તિ-૭૨૪ મલયગિરિ ટીકા.

**અર્થ :** ભગવાન નેમિનાથના શિષ્યો, છ ભાઈઓ હતા. તેઓ ચૌદપૂર્વી, ચાર જ્ઞાનના ધણી, પરસ્પર એક સરખા રૂપવાળા, નીલકમળ જેવી કાંતિવાળા, શ્રીવત્સથી અંકિત છાતીવાળા, બત્રીસલક્ષણવાળા હતા. દીક્ષા દીવસથી માંડીને છઠ્ઠના પારણે છઠ્ઠ સતત કરતા હતા. પારણાના દિવસે પહેલી પોરિસીમાં સ્વાધ્યાય અને બીજી પોરિસીમાં ધ્યાન કરીને ત્રીજી પોરિસીમાં ત્રણ સંઘાટકરૂપે દ્વારકામાં ફરતા હતા.

(૨૯) **एका वा द्वे वा भिक्षायां गच्छतः, एष सर्वोऽप्यविधिरुच्यते ।** – બૃહત્કલ્પસૂત્ર નિર્યુક્તિ-૪૧૧૨

**અર્થ :** એક કે બે સાધ્વીજી ભિક્ષામાં જાય, આ બધો જ અવિધિ કહેવાય છે.

**याऽर्धोरुकदीर्घनिवसन्यादिभिः सुप्रावृता निर्गता, सा केनचिद् धर्षितुमारब्धाऽपि पदावपि यावत् संरक्षिता भवति । तिसृणां च संयतीनां बोलेन शिष्टो जनो भूयान् मिलतीति शेषः ।**

**અર્થ :** જે સાધ્વીજી અર્ધોરુકાદિ વસ્ત્રો વડે અત્યંત પ્રાવૃત થયેલા છતાં ગોચરી ગયેલા હોય. તેવા ગોચરી ગયેલા સાધ્વીજીને કોઈક પરેશાન કરે તો ત્રણ સાધ્વીજીઓના અવાજથી ઘણા શિષ્ટ લોકો ભેગા થાય. (અહીં ત્રણ સાધ્વી ગોચરી જવાની વાત સ્પષ્ટ જણાય છે.)

(૩૦) **जे भिक्खु रत्तिं असनं वा पानं वा खाइमंवा साइमं वा पडिग्गाहेत्ता दिया भुंजति, भुजंतं वा सातिज्जति ।** – નિશીથસૂત્ર-ઉદ્દેશો-૧૧, સૂત્ર-૭૩૧

**અર્થ :** જે સાધુ કે સાધ્વીજી રાત્રે (સૂર્યોદય પૂર્વે) અશનાદિ વહોરીને દિવસે (સૂર્યોદય બાદ) વાપરે કે વાપરનારાને અનુમોદે (એને પ્રાયશ્ચિત્ત આવે)

(૩૧) **तथा-हुण्डं विषमसंस्थितं यत् समचतुरस्रं न भवति...यत्स्थाप्यमानं ऊर्ध्वं तिष्ठति, वालितं पुनः प्रलुठति... । एतानि अपलक्षणतया अधारणीयानि ।** – યતિજીતકલ્પ-૨૦૧

**અર્થ :** જે પાત્રુ (ઘડો વગેરે પણ પાત્રુ જ ગણાય.) વિષમ સંસ્થાનવાળુ હોય. (અર્થાત્ સમચતુરસ્ર ન હોય. જેની ઉંચાઈ અને પહોળાઈ સરખી હોય તે સમચતુરસ્ર ગણ્યું છે. આપણા પાત્રા લગભગ એવા હોય છે. ઘડો એવો નથી.) જે જમીન ઉપર સ્થાપીએ, તો ઉભું રહે પણ વાળીએ તો પ્રલુઠે=હાલમ-ડોલમ થાય તેવું પાત્રુ ન ચાલે. (ઘડો આવો જ છે.)

(૩૨) **स भिक्षुः यदि पूर्वस्यां दिशि संखडिं जानीयात्ततः अपरदिग्भागं गच्छेत्, अथ प्रतीचीनां जानीयात् ततः प्राचीनं गच्छेत्...कथं गच्छेत् - सङ्खडिमनादरयन्नित्यर्थः ।** – આચારાંગ શ્રુતસ્કંધ-૨, ચૂલિકા-૧, ઉદ્દેશો-૨

**અર્થ :** તે સાધુ જો જાણે કે પૂર્વ દિશામાં સંખડિ=જમણવાર છે. તો પશ્ચિમદિશામાં જાય. જો એમ જાણે કે પશ્ચિમદિશામાં છે, તો પૂર્વદિશામાં જાય. સંખડિનો અનાદર કરતો જાય.

(૩૩) **एतेनैवोपवासादे वैंयावृत्त्यादिघातिनः नित्यत्वमेकभक्तादेर्जानन्ति बलवत्तया ।** – બત્રીશ-બત્રીશી ૨/૧૬

(ઉપદેશપદના કર્તા હરિભદ્રસૂરિજી મહારાજા) ભાવનાજ્ઞાન વડે એમ નિશ્ચય કરે છે કે ઉપવાસ વગેરે તપો વૈયાવચ્ચ, સ્વાધ્યાયદિના ઘાતક છે. એટલે એના કરતા એકાસણા બલવાન=લાભકારી છે. અને માટે શય્યંભવસૂરિજીએ એને નિત્ય તપ કહ્યો છે. (ઉપદેશ રહસ્ય શ્લોક ૧૦૭-૧૦૮માં આની ચર્ચા છે. આ પદાર્થ ઉપદેશપદમાંથી લેવામાં આવ્યો છે.

(૩૪) **चउछट्ठट्ठमऽकरणे अट्ठमिपक्खचउमासवरिसेसु । लहु गुरु लहुगा अवंदणे चेइसाहूणं ।**

– યતિજીતકલ્પ-૨૩૧

**અર્થ :** આઠમ અને ચૌદશમાં ઉપવાસ ન કરે, ચોમાસીમાં છટ્ઠ ન કરે અને સંવત્સરીએ અઠ્ઠમ ન કરે તો ક્રમશઃ લઘુમાસ, ગુરુમાસ અને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. (અર્થાત્ આ દિવસોમાં ઉપવાસાદિ કરવા જ પડે. જ્ઞાનપંચમી વગેરેના ઉપવાસ પરંપરાથી આવેલા જાણવા.)

(૩૫) **अयमभिप्राय:- यद्यपि क्षैरेयीप्रमुखाणि द्रव्याणि साक्षाद् विकृतयो न भवन्ति, किन्तु विकृतिगतान्येव, निर्विकृतिकानामपि कल्पन्ते, तथापि उत्कृष्टानि एतानि द्रव्याणि भक्ष्यमाणान्यवश्यं मनोविकारमानयन्ति शान्तानामपि, न च कृतनिर्विकृतिकानामेतेषु भक्ष्यमाणेषु उत्कृष्टा निर्जरा सम्पद्यन्ते, तस्मादेतानि न गृह्यन्ते इति ।** – પ્રવચનસારોધ્ધાર દ્વાર નં.-૪ ગાથા ૨૩૫

**અર્થ :** આ અભિપ્રાય છે કે જો કે ખીર વગેરે દ્રવ્યો સાક્ષાત્ વિગઈ નથી. પણ નિવીયાતા છે. અને એટલે નીવીવાળાને પણ કલ્પે છે. તો પણ ઉત્કૃષ્ટ આ દ્રવ્યો જો ખાવામાં આવે તો અવશ્ય માનસિક વિકારોને ઉત્પન્ન કરે, ભલેને પછી એ આત્માઓ શાંત કેમ ન હોય ? વળી નીવીના પચ્ચક્ખાણવાળાઓ આ નીવીયાતાઓ વાપરે તો એમાં એમને ઉત્કૃષ્ટ નિર્જરા ન થાય. માટે આ નીવીયાતાઓ ગ્રહણ કરાતા નથી.

**जो पुण विगइचायं काऊणं खाइ निध्धमहुराइं । उक्कोसदव्वाइं तुच्छफलो तस्स सो नेओ ।**

**અર્થ :** જે આત્મા વિગઈઓનો ત્યાગ કરીને પછી સ્નિગ્ધ અને મધુર એવા આ નીવીયાતા દ્રવ્યો વાપરે તેનો વિગઈત્યાગ તુચ્છફળવાળો જાણવો.

(૩૬) **प्रलम्बते-नैरयिकादिकां गतिं प्रति लम्बते येन भुक्तेन जीव: तत्प्रलम्बम् । तद् दशधा, तद्यथा मूले कंदे खंधे तया य साले पवालपत्ते य, पुप्फे फले अ बीए पलंबसुत्तम्मि दसभेआ ।**

– યતિજીતકલ્પ-૧૭૨-૧૭૩

**અર્થ :** જે ખાવાથી જીવ નારક, તિર્યંચ ગતિ પ્રત્યે આલંબન કરનારો બને (અર્થાત્ તે દુર્ગતિમાં જાય) તે પ્રલંબ કહેવાય. તે દશ પ્રકારે છે. (૧) મૂળ, કંદ, સ્કંધ (થડ), ત્વચા (થડની છાલ), ડાળી, પલ્લવ, પાંદડા, પુષ્પ, ફળ, બીજ (અહીં માત્ર કેરી વગેરે ફળો જ પ્રલંબ નથી. પણ ભીંડા વગેરે પણ પ્રલંબ ગણાય છે અને એમાં રહેલા બીજ અત્રે બીજ રૂપે લીધા છે. વિશેષ જાણકારી માટે ગીતાર્થપુરુષોને પૃચ્છા કરવી.)

**स आचार्योऽवमकाले तोसलिप्रभृतिके प्रचुरप्रलम्बे देशे गत्वा गीतार्थेनाऽऽत्मना वा क्षेत्रद्वयं प्रत्युपेक्ष्य ययो: शुद्धं भक्तं लभ्यते न प्रलम्बमिश्रितमित्यर्थ: तयो: क्षेत्रयो- पृथग् द्वावपि वर्गौं स्थापयति।**

– બૃહત્કલ્પસૂત્ર - ભાષ્ય - ૧૦૬૪

**અર્થ :** તે આચાર્ય દુકાળમાં તોસલિ વગેરે ઘણા પ્રલંબ(લીલોતરી)વાળા દેશમાં જઈને ગીતાર્થ દ્વારા કે સ્વયં બે ક્ષેત્રોની તપાસ કરી જે બે ક્ષેત્રમાં પ્રલંબના મિશ્રણ વિનાનું શુદ્ધભક્ત મળે ત્યાં સાધુ-સાધ્વી એ બે વર્ગને છૂટા-છૂટા સ્થાપિત કરે. (અહીં દુકાળમાં જ પ્રચુર પ્રલંબવાળા દેશમાં જાય છે. અર્થાત્ એ સિવાય પ્રચુર પ્રલંબવાળા દેશમાં જતા નથી. તથા ત્યાં પણ જ્યાં પ્રલંબના મિશ્રણ વિનાનું ભોજન મળે ત્યાં જ રહે છે. અર્થાત્ પ્રલંબ ઓછું વપરાતું હોય, ન વપરાતું હોય તેવા ક્ષેત્રને શોધે છે. પ્રલંબ એટલે મૂળથી માંડીને બીજ સુધીની ૧૦ વનસ્પતિ લેવાની છે.)

(૩૭) **हस्तेन यत्प्रलम्बानामादानं तद्ग्रहणम्, यत्पुनर्मुखे प्रवेशनं स प्रक्षेपक: । तत्र प्रथमभङ्गे एकस्मिन्ग्रहणे प्रक्षेपके च प्रत्येकं मासलघु । द्वितीयभङ्गे एकस्मिन्ग्रहणे मासलघु, प्रक्षेपस्थाने यावत: प्रक्षेपकान् करोति तावन्ति मासलघूनि ।** – બૃહત્કલ્પસૂત્ર-ભાષ્ય-૯૮૧

અર્થ : હાથ વડે ફળનો સ્વીકાર એ ગ્રહણ અને એનો મુખમાં પ્રવેશ કરાવવો એ પ્રક્ષેપક તેમાં એકવાર હાથમાં લે અને એકવાર મુખમાં નાંખે (બે દ્રાક્ષ એક સાથે લઈ એક જ સાથે મુખમાં નાંખી) તો ગ્રહણનો એક લઘુમાસ અને પ્રક્ષેપકનો બીજો લઘુમાસ. એક ગ્રહણ અને અનેક પ્રક્ષેપક કરે તો જેટલા પ્રક્ષેપક એટલા લઘુમાસ. (સક્કરજન એકવાર હાથમાં લઈ ૧૦વાર મુખમાં નાંખી એના ટુકડા કરી ખાય. અથવા ગ્લાસ હાથમાં લઈ ૧૦-૧૫ ઘુંટડે એ રસ પીએ...)

(૩૮) **हे नोदक ! निर्दयतामेवानिच्छन्तो वयं विदशनमपि नेच्छाम:... । विदसना नाम आसादेंतो थोवं थोवं खायइ ।...अचित्तेऽपि विदशना प्रतिषिध्धा ।** – બૃહત્કલ્પ ભાષ્ય-૯૮૩-૯૮૪

અર્થ : (મોઢામાં પ્રલંબના જેટલા કોળિયા નાંખો, એટલા પ્રાયશ્ચિત્ત આવે. એટલે ઓછામાં ઓછા કોળિયા કરવા. અર્થાત્ પ્રલંબ વાપરવા જ પડે તો ૧૦ કેરીના ચીરીયાના ૧૦ કોળીયા કરવાને બદલે ૩-૪ ચીરીયા એક સાથે મોઢામાં નાંખી-નાંખીને બે-ત્રણ કોળીયા જ કરવા એવું શાસ્ત્રકારોએ કહ્યું. શિષ્યે પ્રશ્ન કર્યો કે એક સાથે વધારે મોટો કોળીયો મોઢામાં નાંખો એ નિર્દયતા ન કહેવાય ?) હે શિષ્ય ! નિર્દયતાને જ ન ઈચ્છતા અમે વિદશન પણ ઈચ્છતા નથી. વિદશન એટલે સ્વાદ માણતો-માણતો થોડું થોડું ખાય. - અચિત્ત એવા મીઠાઈ વગેરે દ્રવ્યમાં પણ વિદશનાનો નિષેધ છે. (અર્થાત્ મીઠાઈના પણ મોટા મોટા કોળીયા મૂકી ઓછા કોળીયામાં પતાવવું.)

(૩૯) **एवमनयैव दिशा दशमादिकमुत्तरोत्तरक्षपणं वर्धयता तावन्नेतव्यं यावत्षण्मासक्षपणं करोतु, यद्यावश्यकयोगा न परिहीयन्ते, मा च प्रलम्बं गृहृणातु ।** – યતિજીતકલ્પ-૧૭૩

અર્થ : પૂર્વે બતાવેલી પદ્ધતિ વડે ચાર ઉપવાસાદિ તપ વધારતા વધારતા છેક છ મહિનાના ઉપવાસ કરવા પડે તો કરવા પણ પ્રલંબ ન લેવા. હા ! આવશ્યક યોગોની હાનિ ન થતી હોય ત્યારે જ આ વાત સમજવી.

(૪૦) **ओदनमण्डकयवक्षोदकुल्माषराजमुद्गचवलकचवलिकावृतचणकसामान्यचणकनिष्पावतुवरीमसूर मुद्गाद्यलेपकृदाहारे गृहीते सति एक: पात्रस्य मध्ये कल्पो, द्वितीयो बहि: तृतीयस्तु सर्वत्रेति कल्पत्रयरूपो जघन्य:, शाकपेयायवागूकोद्रवौदनरुद्धमुद्गदाल्यादिसौवीरतीमनाद्यल्पलेपकृदाहारे गृहीते सति द्वौ कल्पौ पात्रस्य मध्ये, ततो द्वौ बहि:, तत एक: सर्वत्रेति कल्पपञ्चकरूपो मध्यम:, तथा दुग्धदधिक्षैरेयीतैलधृतगुडपानकादि बहुलेपकृदाहारे गृहीते कल्पत्रयं मध्ये ततो द्वौ बहि: ततो द्वौ सर्वत्रेति कल्पसप्तकरूप उत्कष्ट: इति वृद्धवाद: ।** – ગચ્છાચારપયન્ના - ७२

અર્થ : ઓદન, મંડક (લુખી રોટલી વગેરે) જવનો ભૂકો...અલેપકૃત આહાર ગ્રહણ કરીએ તો વાપર્યા બાદ પાત્રાની મધ્યમાં (અંદર) એક કલ્પ (પાણી વડે ધોવું) બીજો કલ્પ પાત્રાની બહાર અને ત્રીજો કલ્પ આખાય પાત્રામાં કરવો.

જો શાક, રાબ, દાળ વગેરે અલ્પ લેપકૃત વસ્તુ લીધી હોય તો વાપર્યા બાદ પાત્રાની મધ્યમાં બે કલ્પ, બે કલ્પ પાત્રાની બહાર અને એક કલ્પ આખા પાત્રામાં. એમ ત્રણ કલ્પ કરવા.

જો દૂધ, દહીં, ખીર, તેલ, ઘી, ગોળપાણી વગેરે બહુલેપકૃપ આહાર હોય તો પછી પાત્રાની મધ્યમાં ત્રણ કલ્પ, બહાર બે કલ્પ અને સર્વત્ર બે કલ્પ એમ સાત કલ્પ કરવા. આ પ્રમાણે વૃદ્ધવાદ છે.

(૪૧) **कवलत्रयप्रमाणो भुक्तावशेष: संलेखनकल्प: कर्तव्य:, यदा तु त्रिकवल प्रमाण: संलेखन कल्पो न भवति, तदाऽपर्याप्यमाणेऽन्यदपि तस्मिन्पात्रके भक्तं प्रक्षिप्य ततस्त्रीन् कवलान् स्थापयति ।**

**भुक्ता: सन्त: संलिह्य पात्रकाणि पुनश्च प्रथमं कल्पं ददाति कलुषोदकेन... ।** – ઓઘનિર્યુક્તિ-૫૮૪

**અર્થ :** વાપર્યા પછી બાકી રહેલા ત્રણ કોળીયાનો સંલેખનકલ્પ કરવો. (અર્થાત્ ત્રણ કોળીયા પ્રમાણ ભોજન એ પાત્રામાં ઘસી ઘસીને પાત્રા સ્વચ્છ કરવા એમ જણાય છે.) જો ત્રણ કોળીયા પાત્રામાં ન હોય, તો માંડલીમાંથી બીજુ ભક્ત (ભોજન) તે પાત્રામાં નાંખી ત્રણ કોળીયા સ્થાપવા. (એક-એક કોળીયા દ્વારા ત્રણવાર પાત્રાને ઘસીને ચોખ્ખું કરવું.) વાપર્યા બાદ પાત્રાને સંલેખન કરીને (આંગળી દ્વારા, કોળીયાથી ઘસવા દ્વારા) પછી કલુષપાણી વડે પ્રથમ કલ્પ આપે. (પાત્રુ ધુએ)....

**प्रतिग्रहं = भाजनं संलिख्य = प्रदेशिन्या निरवयवं कृत्वा, अलेपमर्यादया = अलेपं संलिह्य**
– દશવૈકાલિક અધ્યયન-૫, ઉદેશો-૨, ગાથા-૧

**અર્થ :** ભાજનને પ્રદેશિની=પહેલી આંગળી વડે અવયવ વિનાનું=ચોખ્ખું કરીને, લેપ ન રહે એ રીતે સ્વચ્છ કરીને....

(૪૨) **एवमुक्तेन सता गुरुणा दत्ते सति तेभ्यः प्राघूर्णकादिभ्यो यच्छेषं तद् भुञ्जीत गुरुणाऽनुज्ञाते सति ।** – ઓઘનિર્યુક્તિ-૫૨૪.

**અર્થ :** (ગોચરી વહોરી લાવ્યા બાદ શિષ્ય ગુરુને ગોચરી બતાડે અને એમાંથી મહેમાનો વગેરેને ઉચિત વસ્તુ આપવા જણાવે) આ પ્રમાણે શિષ્ય વડે કહેવાયેલા ગુરુ લાવેલી ગોચરીમાંથી મહેમાન વગેરેને ઉચિત વસ્તુઓ આપે. એ પછી જે વધે એ ગોચરી લાવનાર સાધુ ગુરુ વડે અનુજ્ઞા થયે છતે વાપરે. અર્થાત્ ગુરુ વાપરવાની રજા આપે પછી વાપરે.

(૪૩) **अणिगूहियबलविरिएण साहुणा ताव जेण होयव्वं । अब्भत्थणा ण कज्जा तेण विणा कज्जमुक्किट्ठं । अब्भत्थणं वि कुज्जा गेलन्नाईहिं कारणेहिं तु । रायणियं वज्जित्ता ।**

– સામાચારી પ્રકરણ ૧૧-૧૨

**અર્થ :** સાધુએ અવશ્ય અનિગૂહિત બલવીર્યવાળા થવાનું છે. અને માટે જ ઉત્કૃષ્ટ કામ વિના બીજા સાધુને પોતાનું કામ કરી આપવાની પ્રાર્થના ન કરવી. પરંતુ માંદગી વગેરે કારણો આવી પડે તો રત્નાધિક સિવાય બીજાઓને પોતાનું કામ કરી આપવાની પ્રાર્થના કરાય. (અહીં રત્નાધિક સિવાયના સાધુઓને પણ માંદગી વગેરે કારણોમાં જ કાર્ય સોંપવાની વાત છે. એનો અર્થ એ જ કે તેવા વિશિષ્ટ કારણ વિના તો નાનાઓને પણ કામ ન સોંપાય.)

(૪૪) **वाससिसिरेसु वाओ बहिआ सीओ गिहेसु तु स उण्हो । विवरीओ पुण गिम्हे दिअराइ सत्थमन्नुन्नं । एमेव देहवाओ बाहिरवायस्स होइ सत्थं तु । विअणादिसमुत्थो वि अ सउप्पत्ती सत्थमन्नस्स।**

– યતિજીતકલ્પ - ૫૦

**અર્થ :** ચોમાસા અને શિયાળામાં બહાર ઠંડો પવન અને ઘરોમાં=બંધ સ્થાનમાં ગરમ પવન હોય. ઉનાળામાં બહારનો પવન ગરમ હોય અને અંદરનો પવન ઠંડો હોય. એમ દિવસ-રાતનો પવન પણ જાણવો. આ બધા પરસ્પર શસ્ત્ર બને. એ જ રીતે શરીરનો વાયુ (ઓડકાર, વાછૂટ) બહારના વાયુનું શસ્ત્ર બને. પંખા વગેરેથી ઉત્પન્ન થયેલો વાયુ પણ બીજાને માટે શસ્ત્ર બને.

**घर्माभिभूतो निलयाभ्यन्तराद् बहिर्निर्गच्छति । पूर्वकृतछिद्रेषु वायुं प्रतिसेवते... ऊष्णं वा भक्तपानं फूत्करोति ।** – યતિજીતકલ્પ-૫૦.

**અર્થ :** ગરમીથી પરેશાન થયેલો સાધુ ઉપાશ્રયમાંથી બહારના ભાગમાં આવે. ઉપાશ્રયમાં જે પહેલેથી

જ કાણાઓ=બારીઓ વગેરે હોય ત્યાં જઈને સંયમી પવન ખાય, ગરમ ભોજન-પાણીને ફુંક મારીને ઠંડુ કરે. ઉપાશ્રયના બારણા કે બારી વગેરે પવન ખાવા માટે ઉઘાડે... (આ બધામાં જુદા જુદા પ્રાયશ્ચિત્ત આપેલ છે.)

(૪૫) **चारित्रार्थं तु यस्योपसम्पदं गृहीतवांस्तस्य चरणकरणक्रियायां सीदन्त्यां ( गणान्तरसङ्क्रमणं भवति ) अत्र चतुर्भंगी भवति । १. गच्छः सीदति नाचार्यः, २. आचार्यः सीदति न गच्छः, ३. गच्छोऽप्याचार्योऽपि सीदति, ४. न गच्छो नाऽप्याचार्यः । तत्र प्रथमभङ्गे गच्छे सीदति गुरुणा स्वयं वा नोदना कर्तव्या, कथं गच्छः सीदेत् ? इति चेदुच्यते-साधवः प्रत्युपेक्षणां काले न कुर्वन्ति, ....दण्डकं निक्षिपन्त आददतो वा न प्रत्युपेक्षन्ते, न प्रमार्जयन्ति...। यस्तु गच्छमाचार्यमुभयं वा सीदन्तं स्वयं भणनन्यैश्च भाणयन्नेवं जानाति एते भण्यमाना अपि नोद्यमं करिष्यन्ति, तदोत्कर्षतः पक्षमेकं तिष्ठति,...अथ नोद्यमानो गच्छो गुरुरुभयं वा भणेत् - तव किं दुःखम् ? यदि वयं सीदामस्तदा वयमेव दुर्गतिं यास्यामः, तदेवंविधेऽसद्ग्रहे तेषां परिणते परित्यागो विधेयस्ततश्चान्यं गणं सङ्क्रामति ।**

– ગુરુતત્ત્વવિનિશ્ચય ઉલ્લાસ-૩, ગાથા-૩૭

**અર્થ :** ચારિત્રને માટે એક ગચ્છ છોડીને બીજા ગચ્છમાં જવાનું શી રીતે થાય ? એ બતાવે છે કે જે આચાર્યની નિશ્રા સ્વીકારી છે, તે આચાર્ય કે તેમનો ગચ્છ ચરણ-કરણની ક્રિયાઓમાં સીદાતો હોય તો પછી એ ગચ્છ છોડી બીજા ગચ્છમાં જવું પડે. આમાં ચાર વિકલ્પ છે. (૧) ગચ્છ શિથિલ છે, પણ આચાર્ય શિથિલ નથી. (૨) આચાર્ય શિથિલ છે, પણ ગચ્છ શિથિલ નથી. (૩) ગચ્છ અને આચાર્ય બે ય શિથિલ છે. (૪) બે ય શિથિલ નથી. આમાં માત્ર ગચ્છ સીદાતો હોય ત્યારે આ નિશ્રાવર્તી સાધુ જાતે ગચ્છને હિતશિક્ષા આપે અથવા ગચ્છના ગુરુ દ્વારા અપાવડાવે.

ગચ્છ સીદાય એટલે શું ? તે બતાવે છે. - સાધુઓ યોગ્ય કાળે પ્રતિલેખન ન કરે... દાંડો મૂકતા કે લેતા દાંડાદિનું પ્રતિલેખન, પ્રમાર્જન ન કરે....

જે સાધુ ગચ્છને, આચાર્યને કે ઉભયને સીદાતા જોઈને જાતે એમને હિતશિક્ષા આપવા છતાં એમ જાણે કે 'આ લોકો ગમે એટલું સમજવા છતાં પણ ઉદ્યમવાન નહિ બને." તો પછી વધુમાં વધુ ૧૫ દિવસ રહે પછી નીકળી જાય.

જો હિતશિક્ષા આપતો ગચ્છ કે ગચ્છાચાર્ય આ નિશ્રાવર્તી સાધુને કહે કે,"તને શું દુઃખ થાય છે ? જો અમે શિથિલ હશું તો અમે જ દુર્ગતિમાં જશું. (તું તારી રીતે જીવ ને ?) "તો આવા પ્રકારનો ખોટો આગ્રહ જોઈ તે ગુરુ-ગચ્છનો ત્યાગ કરવો. અને બીજા ગચ્છમાં જવું.

(૪૬) **मुहपत्ती रयहरणं दुन्नि निसेज्जा य चोल कप्पतिगं । संथारुत्तरपट्टो, दस पेहाऽणुग्गए सूरे ॥**

– યતિદિનચર્યા - ૬૦

**અર્થ :** મુહપત્તી, ઓઘો (પાટો+દસી બેય ભેગા), બે નિષધા (ઓઘરિયું+નિષેથિયું), ચોલપટ્ટો, ત્રણ કપડા (બે કપડા+કામળી), સંથારો, ઉત્તરપટ્ટો આ દશ વસ્તુ સૂર્ય ઉગ્યા પહેલા પ્રતિલેખન કરવી. દાંડાના પ્રતિલેખન વખતે સૂર્યોદય થવો જોઈએ. (આ રોજીંદી પ્રતિલેખન વિધિ છે. ઓઘો આખો ખોલ્યા વિના બે નિષધા અને ઓઘાનું પ્રતિલેખન રહી જવાથી શાસ્ત્રાજ્ઞાભંગનો દોષ લાગે.)

(૪૭) **पडिलेहणं कुणंतो मिहो कहं कुणइ, जणवय कहं वा । वाएइ च पच्चक्खाणं देइ य सयं पडिच्छइ वा । पुढवि-आउक्काए तेऊवाऊवणस्सइ तसाणं । पडिलेहणापमत्तो छण्हं वि विराहओ होइ ।**

– ઉત્તરાધ્યયનસૂત્ર - અધ્યયન-૨૬, ગાથા-૧૦૩૫-૩૬

**અર્થ :** પ્રતિલેખન કરતી વખતે પરસ્પર વાતો કરે, જનપદ કથા કરે. વાચના, પચ્ચક્ખાણ આપે કે સ્વયં લે. આ રીતે પ્રતિલેખનામાં પ્રમત્ત બનનારો મુનિ પૃથ્વી વગેરે ષટ્કાયનો વિરાધક બને.

(૪૮) **आवश्यकादिवैयर्थ्यं च तेषां (संविग्नपाक्षिकाणां) स्ववीर्यानुसारेण शक्यं स्वाचारं प्रकुर्वतां न भवति ।...चेतसः अर्थाद्युपयोगाच्च श्रद्धामेधाद्युपपत्तेः ।** – બત્રીશી-બત્રીશી-૩/૨૪

**અર્થ :** (શિથિલાચારી સંવિગ્નપાક્ષિકો પ્રતિક્રમણાદિ ક્રિયા કરવા છતાં પાપત્યાગ તો કરતા નથી. તો અકરણનિયમ ન આવવાથી તેમના પ્રતિક્રમણો વ્યર્થ ન કહેવાય ? એવી શંકાનું સમાધાન આપે છે કે) પોતાના ઉલ્લાસ પ્રમાણે શક્ય એવા સ્વ-આચારને કરનારા તેઓના પ્રતિક્રમણાદિ યોગો નિષ્ફળ નથી. (એમાં એક કારણ એ છે કે) એ ક્રિયાઓ વખતે તેમના મનનો સૂત્રાર્થાદિમાં ઉપયોગ હોવાને લીધે તેઓ શ્રદ્ધા, મેધા, ધીરજ વગેરેવાળા હોય છે અને માટે સર્વથા તેમની ક્રિયાઓ વ્યર્થ ન બને.

(૪૯) **लध्धिल्लियं च बोहिं अकरिंतो, अणागयं च पत्थितो । अन्नं दाइं बोहिं लब्भिहिसि कयरेण मुल्लेण ?** – ઉપદેશમાળા-૨૯૨

**અર્થ :** તને જે આ ભવમાં બોધિ=જિનશાસન=જૈનધર્મ મળ્યો છે. એને તો તું બરાબર આચરતો નથી. અને 'આવતા ભવમાં મને જિનશાસન મળો' એવી પ્રાર્થનાઓ કરે છે. પણ મુગ્ધ ! તું એ તો વિચાર કે આવતા ભવમાં કયા મૂલ્ય વડે તું બોધિને=જિનશાસનને પામીશ ? (આજે યથાશક્તિ જૈનધર્મને આદરે તો પુણ્યધનની કમાણી કરી આવતાભવમાં એ ધનના પ્રતાપે શાસન મળે. પણ અત્યારે શિથિલ બની જૈનધર્મને ન આદરે તો પુણ્યધન વિના પરભવમાં બોધિ ન મળે.)

(૪૯) **और्णिकं च अन्तः परिभुज्यमानं मलीमसं भवति, तत्र च पनकः संपद्यते ।** – બૃહત્કલ્પ ઉદ્દેશો-૨, સૂત્ર-૨૪, ગાથા-૩૬૬૬

**અર્થ :** ઉનનું વસ્ત્ર (કામળી) જો અંદરની બાજુ વાપરવામાં આવે. (કપડા વિના) તો શરીરનો પરસેવો વગેરે લાગવાથી મેલું થાય, અને તેમાં નિગોદ થાય.

**प्रावृण्वन्नपि यद्येकमौर्णिकं प्रावृणोति ततः मासलघु ।** – બૃહત્કલ્પસૂત્ર-નિર્યુક્તિગાથા-૩૬૬૫

**અર્થ :** જો માત્ર એકલા ઉનના વસ્ત્રને ઓઢે તો માસલઘુપ્રાયશ્ચિત આવે.

(૫૦) **दिवसस्य चतुर्ष्वपि यामेषु, निशायाः पुनः प्रथमे चरमे वा यामे चतस्रो निद्राः - निद्रा निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचलालक्षणाः, तासामासेवने प्रत्येकं लघुमासः ।** – યતિજીતકલ્પ

**અર્થ :** દિવસના ચારમાંથી કોઈપણ પ્રહરમાં ઉંઘીએ તો તથા રાત્રિના પહેલા કે છેલ્લા પ્રહરમાં ઉંઘીએ તો એ સાધુને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે. નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા કે પ્રચલા-પ્રચલા એમ ચારમાંથી કોઈપણ નિદ્રા લેવામાં આ પ્રાયશ્ચિત્ત છે. (અર્થાત્ બેઠા બેઠા ઉંઘીએ તો પણ પ્રાયશ્ચિત્ત આવે.)

(૫૧) **प्रतिलेखनाकाले स्फिटिते एकं कल्याणकं प्रायश्चितं भवति ।** – ઓઘનિર્યુક્તિ-૧૭૪

**અર્થ :** પ્રતિલેખન કરવાનો શાસ્ત્રીયકાળ પસાર થઈ જાય (અને પ્રતિલેખન એ સમયે કરવાનું રહી જાય) તો એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આવે.

(૫૨) **चित्तभित्तिं न निज्झाए नारीं वा सुअलंकिअं । भक्खरंपिव दट्ठुणं दिट्ठिं पडिसमाहरे ।** – ઓઘનિર્યુક્તિ-૧૭૪

**અર્થ :** ભીંત ઉપર ચિત્રાયેલ નારીના ચિત્રને ન જુએ, એમ જીવતી અલંકૃત નારીને પણ ન જુએ.

ભુલથી એ સ્ત્રીચિત્રાદિ ઉપર નજર પડે તો સૂર્યને જોઈને દૃષ્ટિ પાછી ખેંચી લે એમ દૃષ્ટિ પાછી ખેંચી લેવી.

(૫૩) **तत्र देशस्नानं द्विधा-आचीर्णं अनाचीर्णं च । आचीर्णं यत्साधुभिराचर्यते । अनाचीर्णं तद्विपरीतं । आचीर्णमपि द्विविधं - कारणे निष्कारणे च । यत्कारणे तदपि द्विधा-भक्तामर्षे लेपे च । तत्र भक्तामर्षे लेपकृता हस्तौ लिप्तौ ततस्तौ मणिबन्धं यावद् धाव्येते यत् । लेपे पुनरिदं-अस्वाध्यायिकमूत्रपुरीषादिना यावन्मात्रः शरीरावयवक्षलनादिः खरण्टितस्तावन्मात्रः स धाव्यते यत् । भक्तामर्षे च यत्स्नानं तदाचीर्णं, शेषं सर्वमपि अनाचीर्णं ।** – યતિજીતકલ્પ-૨૦૫

**અર્થ :** દેશસ્નાન બે પ્રકારે છે. આચીર્ણ અને અનાચીર્ણ. સાધુઓ વડે જે આચરાય તે આચીર્ણ. એનાથી વિપરીત તે અનાચીર્ણ. આચીર્ણ પણ બે પ્રકારે છે. કારણસર અને નિષ્કારણ. એમાં જે કારણસર છે. તે પણ બે પ્રકારે છે. (૧) લેપકારી અશનાદિ દ્વારા બે હાથ લેપાય, ખરડાય એટલે તે બે હાથ મણિબંધ સુધી (લગભગ ગૃહસ્થો હાથ ઉપર ઘડિયાળ બાંધે ત્યાંથી થોડાક પહેલાના ભાગ સુધી) ધોવાય. (૨) અસજ્ઝાય કરી દેનારા મૂત્ર-સ્થંડિલાદિ વડે શરીરના પગ વગેરે અવયવો જેટલા ખરડાયા હોય એટલા ધોવાના.

આ સિવાયના સ્નાન નિષ્કારણમાં ગણાય. ભક્તામર્ષ અને લેપ (ઉપર કહ્યા તે) આ બે સિવાયના બધા સ્નાનો અનાચીર્ણ છે. (સાધુથી ન થાય.)

(૫૪) **वर्षारम्भकालं विना यदुपधिप्रक्षालनं तदकालधावनं, तच्च साधूनां न कल्पते । अनेकदोषसंभवात् ।** – યતિજીતકલ્પ, ગાથા-૨૧૪

**અર્થ :** વર્ષાઋતુની શરૂઆત થાય તે કાળ વિના બીજા કોઈપણ કાળે જે ઉપધિનું પ્રક્ષાલન કરવામાં આવે તે ઉપધિપ્રક્ષાલન (કાપ) અકાળે કરાયેલ ગણાય. અનેક દોષ લાગતા હોવાથી આ પ્રક્ષાલન=કાપ સંયમીઓને ન કલ્પે.

(૫૫) **विभूसा इत्थिसंसग्गो पणीअं रसभोअणं । नरस्सऽत्तगवेसिस्स विसं तालउडं जहा ।**

– દશવૈકાલિક અધ્યયન-૮, ગાથા-૫૭

**અર્થ :** આત્મગવેષક સાધક માટે = આત્માની ચિંતા કરનાર માટે આ ત્રણ વસ્તુ તાલપુટ ઝેર છે. (૧) વિભૂષા (૨) સ્ત્રીસંપર્ક, સ્ત્રીપરિચય (૩) વિગઈવાળું ભોજન, માલ-મલીદા.

(૫૬) **एतासु ( चम्पामथुरावाराणसीकाशीश्रावस्त्यादिराजधानीषु ) किल साधवः उत्सर्गतो न प्रविशन्ति, तरुणरमणीयपण्यरमण्यादिदर्शनेन मनःक्षोभादिसम्भवात्, मासस्यान्तर्द्विस्त्रिर्वा प्रविशतां तु आज्ञादयो दोषाः ।** – સ્થાનાંગસૂત્ર-૭૧૮ નવાંગીટીકાકારની ટીકા

**અર્થ :** આ ચંપા, મથુરા વગેરે ૧૦ રાજધાનીઓમાં સાધુઓ ઉત્સર્ગમાર્ગે પ્રવેશ કરતા નથી. (પ્રવેશ પણ ન કરે તો ત્યાં રહેવાની વાત તો છે જ ક્યાં ?) એક મહીનામાં બે કે ત્રણવાર પ્રવેશ કરનારા સાધુઓને આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના દોષો લાગે. કેમકે સ્ત્રી વગેરેના દર્શનથી મન ચંચળ બને.

**दसरायहाणीगहणा सेसाणं सूयणा कया होइ । मासस्संतो दुगतिग ताओ अइंतंमि आणाई ।**

**दोषाश्चेह=तत्थावेसित्थिविवाहरायमाईसु होइ सइकरणं । आउज्जगीयसद्दे इत्थीसद्दे य सविियारे ।**

– નિશીથભાષ્ય

**અર્થ :** મૂલસૂત્રમાં દશ રાજધાની બતાવેલી છે. પણ એના દ્વારા બાકીના પણ મોટા શહેરો સમજી લેવા એક માસની અંદર બે કે ત્રણ વાર આ નગરીઓમાં પ્રવેશનારાને આજ્ઞાભંગાદિ દોષો લાગે.

(૧) યુવાનસ્ત્રીઓ દેખાય (ગોચરી વગેરેમાં) (૨) વેશ્યા સ્ત્રીઓ દેખાય. (૩) લગ્નાદિ પ્રસંગો ઉજવાય. (૪) રાજા, મંત્રી, શેઠિયાઓના ભભકાદિ દેખાય તથા આ બધાનું સ્મરણ થાય. (૫) વાજીંત્રો અને મધુર ગીતના શબ્દો સંભળાય. (૬) વિકારવાળા સ્ત્રીશબ્દો સંભળાય. માટે આ શહેરોમાં ન જવું.

(૫૭) **से गामंसि वा जाव पुडभेयणंसि वा सपरिक्खेवंसि अबाहिरियंसि कप्पइ निग्गंथाणं हेमंतगगिम्हासु एक्कं मासं वत्थए ।** – ગચ્છાચારપયન્ના ગાથા-૨૩

**અર્થ :** ગામ, નગર વગેરે જે સપરિક્ષેપવાળા હોય (કિલ્લાની અંદર અને બહાર એમ બે જગ્યાએ લોકોનો વસવાટ હોય એવા સ્થાનો સપરિક્ષેપવાળા જાણવા. અમદાવાદ શહેર વગેરેમાં આવું છે.) ત્યાં સાધુઓ શિયાળા-ઉનાળામાં અંદરના સ્થાનમાં એક માસ રહી શકે (અને પછી બહાર એક માસ રહે. આમ સાધુઓને માસકલ્પ વિહાર બતાવ્યો છે.)

**पूर्वपश्चिमा: साधवो नियमात् ऋतुबद्धे मासे मासेन विहरन्ति । मध्यमानां पुनरनियम:, कदाचिन्मासं पूरयित्वाऽपि निर्गच्छन्ति कदाचित्तु देशोनपूर्वकोटिमप्येकत्र आसते ।** – બૃહત્કલ્પસૂત્ર

**અર્થ :** પહેલા છેલ્લા તીર્થંકરના સાધુઓ અવશ્ય શેષકાળમાં (આઠ મહિના) માસ-માસ વડે વિહાર કરતા. (અર્થાત્ એક સ્થળે એક માસ રહે, પછી નજીકના જ માસકલ્પયોગ્ય ક્ષેત્રમાં બીજો એક માસ રહે એ રીતે ૮ માસ કુલ ૮ ક્ષેત્રમાં રહે. નાના-નાના આઠ વિહાર કરે. પછી નવમાં ક્ષેત્રમાં ચોમાસું કરે.)

(૫૮) **तेनाऽपि ( शुष्केनाऽपि पथा ) न गन्तव्यं, यद्यसौ धूलीबहुलो भवति मार्ग:, किं कारणं ? यतो धूलीबहुलेनापि पथा गच्छतस्ते एव दोषा:, के च ते ? संयमविराधना आत्मविराधना च, तत्रात्म विराधना अक्ष्णोर्धूलि: प्रविशति, निमज्जनश्रान्तश्च भवति । उपकरणं मलिनीभवति, तत्र यद्युपकरण क्षालनं करोति असामाचारी, अथ न क्षालयति प्रवचनहीलना स्यात् । अतो रजोरहितया तु गन्तव्यम् ।**

– ઓઘનિર્યુક્તિ-૨૩

**અર્થ :** સુકા રસ્તે પણ ન જવું, જો એ રસ્તો પુષ્કળ ધુળવાળો હોય તો કેમકે તે રસ્તે જવામાં પણ તે જ (ભીના રસ્તા જેવા જ) દોષ છે. તે ક્યા છે ? તે બતાવે છે. સંયમવિરાધના અને આત્મવિરાધના. તેમાં આંખમાં ધુળ પ્રવેશે તે આત્મ વિરાધના તથા ધુળમાં ખૂંપી જવાથી થાકે એ પણ આત્મવિરાધના. તથા ઉપકરણ=ઉપધિ=વસ્ત્રો મલિન થાય. હવે જો તે વસ્ત્રો ધુએ તો અસામાચારી કહેવાય. (કેમકે શેષકાળમાં કાપ ન કાઢવો એ સામાચારી છે.) અને જો વસ્ત્રોનો કાપ ન કાઢે તો પ્રવચનહીલના થાય. માટે ધુળ વિનાના રસ્તે જવું. (અહીં તટસ્થબુદ્ધિથી સંયમીઓ વિચારે કે ધુળીયા રસ્તે જવામાં વસ્ત્રો મેલા થાય છે. અને એ ધોવા એ ય મંજુર નથી તો એનાથી શાસનહીલના થાય એ પણ મંજુર નથી. માટે જ ધુળ વિનાના રસ્તે જવાનું ફરમાન કર્યું છે. હવે ધુળના રસ્તે જવાથી વસ્ત્રો જેટલા મલિન થતા હોય એટલા જ કે એનાથી વધારે મેલા વસ્ત્રો જો સંયમીના હોય તો શું કરવું ? કાપ કાઢીને સામાચારી ભાંગવી ? કે શાસનહીલના થવા દેવી ? વસ્ત્રો મેલા ન થાય તો તો આ બે માંથી એક પણ દોષ સેવવો ન પડે. પણ વસ્ત્રો મેલા થાય પછી તો બેમાંથી કોઈપણ એક દોષ તો લાગવાનો જ. તો હવે જે દોષ નાનો હોય એ જ સ્વીકારવો પડે ને ? 'શાસનહીલના નાનો દોષ ? કે કાપ ન કાઢવા રૂપ સામાચારીનો ભંગ એ નાનો દોષ ?" એ સંયમીઓ જાતે જ નક્કી કરે.

એકવાર સાદા-ચોખ્ખા વસ્ત્રો પહેરી ધુળિયા રસ્તે વિહાર કર્યા બાદ એ કેટલા મેલા થાય છે એ ધ્યાનમાં લેવું. અને પછી એવા કે એના કરતા વધુ મેલા જે વસ્ત્રો દેખાય એ શાસ્ત્રકારોની દષ્ટિએ શાસનહીલનાનું કારણ બને કે નહિ ? એ સ્વયં વિચારવું.)

(૫૯) **क्षारप्रक्षेपे समलमपि जलं प्रसन्नतामाभजति, प्रसन्नेन च जलेन प्रक्षाल्यमानानि आचार्यादि वासांसि सुतेजांसि जायन्ते । तत एतदर्थमपि क्षारप्रक्षेपो न्याय्यः ।** – પિંડનિર્યુક્તિ - ૩૮

**અર્થ** : પ્રથમ વરસાદનું અચિત્ત થયેલું પાણી ભેગું કરી એમાં ક્ષાર=ચૂનો નાંખવો, કેમકે ક્ષાર નાંખવાથી એ મેલું પણ પાણી સ્વચ્છ થઈ જાય છે. (ધુળાદિ વાળુ તે પાણી હતું. તે ધૂળ બેસી જવાદિ કારણસર સ્વચ્છ થાય.) અને એ સ્વચ્છ પાણી વડે ધોવાતા આચાર્યાદિના વસ્ત્રો તેજવંત બને છે. તેથી આ માટે પણ પાણીમાં ક્ષાર નાંખવો. (આચાર્યાદિના વસ્ત્રો પણ ચૂનો નાંખેલા વરસાદના પાણીથી ધોવાની વાત આમાં સ્પષ્ટ દેખાય છે. બીજા કોઈ દ્રવ્યોના ઉપયોગની વાત લખી નથી.)

(૬૦) **ताः संयत्यः पाक्षिकक्षामणार्थमागच्छन्ति, स्वाध्यायार्थं वा अयं कालः, शेषस्तु अकालः। तस्य साधोर्वासः कालचारिश्रमणीयुक्तेषु भवतीति । अथ कालचारिसंयतीयुताः साधवो न सन्ति ततः पार्श्वस्थादिषु वसति, न च वसत्यकालचारिसंयतीयुक्तेषु ।** - ઓઘનિર્યુક્તિ

**અર્થ** : તે સાધ્વીજીઓ પાક્ષિક ખામણા કરવા માટે (ચૌદશે) અથવા સ્વાધ્યાય માટે સાધુના ઉપાશ્રયમાં આવે છે. આ કાળ છે. બીજો બધો અકાળ છે. વિહાર કરીને ગયેલો સાધુ કાલચારિસાધ્વીઓવાળા સાધુઓના ગચ્છમાં રહે. જો ત્યાંના સાધુઓ કાલચારિસાધ્વીવાળા ન હોય, પણ અકાલચારિસાધ્વીવાળા હોય તો એ આગંતુક સાધુ તેમની સાથે ન રહે પણ પાસસ્થાદિની સાથે રહે. (અકાલચારિસાધ્વીવાળો ગચ્છ બીજા બધા સુંદર આચારોવાળો છે, છતાં ત્યાં રહેવાનો નિષેધ કરેલ છે.)

(૬૧) **आचार्यश्च संयतीवर्तापकः प्रथमभङ्गवर्ती अनुज्ञातः, न शेषभङ्गत्रयवर्ती । ते चामी भङ्गाः (१) सहिष्णुरपि भीतपरिषदपि...। तत्रेन्द्रियनिग्रहसमर्थः संयतीप्रायोग्यक्षेत्रवस्त्रपात्रादीनामुत्पादनायां प्रभविष्णुः सहिष्णुरुच्यते । यस्य तु सर्वोऽपि साधुसाध्वीवर्गो भयान्न कामप्यक्रियां करोति स भीतपरिषत्। तत्र प्रथमभङ्गे वर्तमानः संयतीपरिवर्तने समुचितः, शेषेषु त्रिषु भङ्गेषु वर्तमानो नानुज्ञातः । यदि परिवर्तयति तदा चतुर्गुरुकाः । यतो द्वितीयभङ्गे आत्मना सहिष्णुः परमभीतपरिषत्तया स्वच्छन्दप्रचाराः सत्यो यत्किमपि ताः करिष्यन्ति तत्सर्वमयमेव प्राप्नोति । तृतीयभङ्गे तु स्वयं असहिष्णुतया तासामङ्गप्रत्यङ्गादीनि दृष्ट्वा यदाचरति तन्निष्पन्नम् ।चतुर्थभङ्गे द्वितीयतृतीयभङ्गदोषांश्चाप्नोति ।** – યતિજીતકલ્પ-૨૧૬

**અર્થ** : ચારભાંગાવાળા આચાર્યોમાંથી પહેલા ભાંગાવાળા આચાર્ય સાધ્વીગણને સાચવનારા બની શકે. બીજાઓને પ્રભુએ સાધ્વીગણ સાચવવાની રજા નથી આપી. તે ચાર ભાંગા આ પ્રમાણે છે : (૧) સહિષ્ણુ પણ છે અને ભીતપરિષદ પણ છે... તેમાં પોતાની પાંચેય ઇન્દ્રિયોનો નિગ્રહ કરવામાં સમર્થ (કટ્ટર બ્રહ્મચારી) તથા સાધ્વીયોગ્ય ક્ષેત્ર, વસ્ત્ર, પાત્રા, વગેરે મેળવી સાધ્વીજીઓને પૂરા પાડવામાં સમર્થ તે સહિષ્ણુ કહેવાય. તથા જેના ભયથી આખોય સાધુ-સાધ્વી વર્ગ કંઈ પણ અકાર્ય ન કરે, ગભરાય તે આચાર્ય ભીતપરિષદ કહેવાય.

જો આ સિવાયના બીજા આચાર્ય સાધ્વીગણના સાચવનારા બને તો એમને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે, કેમકે બીજા ભાંગાવાળા આચાર્ય જાતે તો સહિષ્ણુ છે. પણ (ખૂબ ઠંડા હોવાથી) એમનાથી સાધુ-સાધ્વીઓ ગભરાતા ન હોવાથી સાધ્વીજીઓ સ્વચ્છંદ પ્રચારવાળી બને અને તેણીઓ જે કંઈપણ દોષો સેવે એ બધાનું પાપ આ આચાર્યને લાગે.

ત્રીજા ભાંગાવાળા આચાર્ય પોતે અસહિષ્ણુ હોવાથી સાધ્વીપરિચયથી આત્મહિત જ ગુમાવી બેસે. ખરાબ વિચારાદિમાં ફસાય. એમને એ બધાનું પ્રાયશ્ચિત્ત આવે.

ચોથા ભાંગાવાળા આચાર્યને બીજા-ત્રીજા બે ય પ્રકારના ભાંગાના દોષો લાગે.

(૬૨) जत्थ च अज्जासमं थेरावि न उल्लवंति गयदसणा । न च झायंति इत्थीणं अंगोवंगाइं तं गच्छं । – સંબોધસિત્તરી

**अर्थ :** જે ગચ્છમાં બત્રીસ દાંત વિનાના વૃદ્ધ સાધુ પણ સાધ્વીજી સાથે વાતચીત ન કરતા હોય, સ્ત્રીઓના મુખાદિને જોતા ન હોય તે ગચ્છ કહેવાય.

(૬૩) **जत्थ य एगा समणी, एगो समणो य जंपए सोम ! निअबंधुणावि सद्धिं, तं गच्छं गच्छगुणहीणं** । – ગચ્છાચારપયન્ના-ગાથા-૧૦૯

**अर्थ :** હે સૌમ્ય ! જે ગચ્છમાં એક સાધ્વીજી પોતાના ભાઈ સાથે પણ વાત કરે કે એક સાધુ પોતની બહેન સાથે પણ વાત કરે, એ ગચ્છ ગચ્છગુણથી હીન જાણવો.

(૬૪) **हत्थपायपलिच्छिन्नं कन्ननासविगप्पियं । अवि वाससयं नारीं बंभयारी विवज्जए ।**

– દશવૈકાલિક, અધ્યયન-૮

**अर्थ :** જે સ્ત્રીના હાથ-પગ કપાઈ ગયા છે, કાન-નાક કપાઈ ગયા છે. એવી ૧૦૦ વર્ષની ઉંમરની સ્ત્રીને પણ બ્રહ્મચારી સાધુ ત્યાગે. (એની સાથે પરિચયાદિ ન કરે.)

(૬૫) **जत्थ य थेरी, तरुणी, थेरी तरुणी अ अंतरे सुअइ । गोअम ! तं गच्छवरं वरनाणचरित्तआहारं। ...तरुणीनां निरन्तरं शयने हि परस्पर...स्पर्शनेन पूर्वक्रीडितस्मरणादिदोषः स्यात्** । – ગચ્છાચાર પયન્ના-૧૨૩.

**अर्थ :** જે ગચ્છમાં સાધ્વીજીઓ એક વૃદ્ધા, એક યુવાન, એક વૃદ્ધા... એ રીતે સંથારા કરે છે. હે ગૌતમ ! તે શ્રેષ્ઠગચ્છ ઉત્તમજ્ઞાન-ચારિત્રનો આધાર છે.... યુવાન સાધ્વીજીઓ જો બાજુબાજુમાં સંથારો કરે તો પરસ્પર હસ્તાદિસ્પર્શ થવાથી પૂર્વક્રીડિત સ્મરણાદિ દોષો લાગે.

(૬૬) **तत्र भुक्तभोगस्य आसन्नस्य स्वपतोऽन्यसाधुसंस्पर्शात्पूर्वक्रीडितानुस्मरणं भवति यदुत अस्मद्योषितोऽप्येवंविधः स्पर्श इति, अभुक्तभोगस्याप्यन्यसाधुसंस्पर्शेन सुकुमारेण कौतुकं स्त्रियं प्रति भवति** । – ઓઘનિર્યુક્તિ-૨૨૮

**अर्थ :** ભુક્તભોગી સાધુ બીજા સાધુની નજીકમાં ઉંઘે તો બીજા સાધુના સંસ્પર્શથી તેને પૂર્વક્રીડિતસ્મરણ તેને થાય કે મારી પત્નીનો પણ આવો સ્પર્શ હતો. અભુક્તભોગીને પણ બીજા સાધુના સુકુમારસ્પર્શથી કૌતુક થાય. તેથી બે હાથનું આંતરું છોડી સુવાથી આ દોષોનો ત્યાગ થાય છે.

(૬૭) **तेगिच्छं नाभिनंदेज्जा, संचिक्खऽत्तगवेसए । एवं खु तस्स सामन्नं जं न कुज्जा न कारवे।**

– ઉત્તરાધ્યયનસૂત્ર અધ્યયન-૨

**अर्थ :** સંયમી માંદો પડે તો ય ચિકિત્સાને ન ઈચ્છે. પરંતુ આત્માની ગવેષણા કરે. (મારા પાપોથી આ રોગ છે..) આજ એનું સાધુપણું છે કે એ ચિકિત્સા કરે નહિ, બીજા પાસે કરાવે નહી.

'(૬૮) **नो कप्पति निग्गंथाण वा निग्गंथीण वा परिवासिअस्स आहारस्स जाव तयप्पमाणमित्तमवि भुइप्पमाणमित्तमवि तोयबिंदुप्पमाणमित्तमवि आहारं आहारित्तए, नन्नत्थ आगाढेसु रोगायंकेसु'ति । एतद्वृत्तिदेशो यथा-त्वक्प्रमाणमात्रं नाम तिलतुषत्रिभागमात्रं तच्चाशनस्य घटते, भूतिप्रमाणमात्रं सक्तुकादीनां तोयबिन्दुप्रमाणमात्रं पानकस्य....** । – ગચ્છાચારપયન્ના-ગાથા-૭૨

**अर्थ :** તેવા પ્રકારના આગાઢ રોગ-આતંકાદિ પરિસ્થિતિ છોડીને સાધુ-સાધ્વીજીઓને સૂર્યાસ્ત બાદ પોતાની પાસે રાખેલ આહારનો ત્વચા પ્રમાણ, રાખપ્રમાણ કે પાણીના ટીપા પ્રમાણ પણ આહાર વાપરવો ન

કલ્પે. અપવાદમાર્ગે ગાઢ રોગાદિ હોય તો (રાત્રે રાખેલા આહારાદિ દિવસે) વાપરવા કલ્પે.

આ બૃહત્કલ્પસૂત્રની ટીકાનો એક ભાગ આ પ્રમાણે છે. ત્વચાપ્રમાણમાત્ર એટલે તલના ફોતરાના ત્રીજા ભાગ પ્રમાણ માત્ર. આ પ્રમાણ અશનનું સંભવી શકે. ભૂતિપ્રમાણમાત્ર=રજકણપ્રમાણમાત્ર આ સાથવાદિનું (જવનો લોટ) સંભવે. પાણીના બિંદુપ્રમાણ માત્ર. આ પાનસ્વરૂપ વસ્તુનું સંભવે.

(૬૯) **संनिधीयतेऽनयाऽऽत्मा दुर्गताविति संनिधिः घृतगुडादीनां संचयक्रिया ।** – દશવૈકાલિક સૂત્ર-અધ્યયન-૩, ગાથા-૩, હારિ. ટીકા

**અર્થ :** જે દોષ સેવવાથી આત્મા દુર્ગતિમાં સારી રીતે સ્થાપિત કરાય તે સંનિધિ, ઘી-ગોળ વગેરેનો સંચય (રાત્રે પાસે રાખવાની) કરવાની ક્રિયા.

(૭૦) **एवं सूर्यास्तमयानन्तरं यदि निर्व्याघातो = गुरुः क्षणिकः आस्ते, ततः सर्वे एवावश्यं = प्रतिक्रमणं कुर्वन्ति, अथ श्राद्धधर्मकथादिना व्याघातो गुरोर्जातः = अक्षणिकत्वं, ततः पश्चाद्गुरुरावश्यकभूमौ संतिष्ठते । शेषास्तु साधवो यथाशक्त्याऽऽपृच्छय गुरुं स्वस्थाने स्वस्थाने यथारत्नाधिकतयाऽऽआवश्यकभूमौ तिष्ठन्ति, किमर्थं ? सूत्रार्थगुणनानिमितं तस्यामावश्यकभूमौ कायोत्सर्गेण तिष्ठन्ति । –** ઓઘનિર્યુક્તિ-૬૩૬

**અર્થ :** આમ સૂર્યાસ્ત બાદ તરત જો ગુરુ કોઈક કામમાં વ્યગ્ર ન હોય તો ગુરુ સહિત બધા સંયમીઓ પ્રતિક્રમણ કરે. હવે જો ગુરુ શ્રાવકોને ધર્મકથાદિ કરતા હોવાથી કામમાં હોય તો ગુરુ એ કામ પૂર્ણ થયા બાદ પ્રતિક્રમણભૂમિમાં આવીને બેસે. ત્યાં સુધી બાકીના સાધુઓ ગુરુને પુછીને પ્રતિક્રમણ માંડલીમાં રત્નાધિકના ક્રમ પ્રમાણે પોતપોતાના સ્થાનમાં શક્તિ મુજબ ઉભા રહે. શા માટે ? એ કહે છે કે સૂત્રાર્થનું પુનરાવર્તન કરવા માટે પ્રતિક્રમણમાંડલીમાં કાયોત્સર્ગ વડે ઉભા રહે. (અર્થાત્ કાઉસ્સગ્ગ મુદ્રામાં રહી સ્વાધ્યાય કરે.)

(૭૧) **पक्खिचाउम्मासे आलोयणा नियमसो दायव्वा । गहणं अभिग्गहाण च पुव्वगहिए णिवेएउं ।**

– આવશ્યકનિર્યુક્તિ.

**અર્થ :** પાક્ષિક દિવસે અને ચાતુર્માસિક દિવસે અવશ્ય આલોચના આપવી તથા પૂર્વે લીધેલા અભિગ્રહો ગુરુને નિવેદન કરીને ફરી અભિગ્રહોનો સ્વીકાર કરવો.

**कालः पुनरेतस्याः पक्षादिः = अर्धमासादिः, आदिशब्दात् चतुर्मासादिग्रहः, वर्णितः जिनैः प्रायो = बाहुल्येन । प्रायोग्रहणं यदैव विशिष्टमपराधमापन्नस्तदैवालोचनां कदाचित्करोति ग्लानत्वोत्थितो दीर्घाध्वगतादिर्वा न पक्षादिकमपेक्षते इत्येतदर्थसूचनार्थं । किं सर्वस्यालोचनायाः पक्षादिः कालः ? इत्यत्राह । विशिष्टाया = विशेषवत्याः, सामान्या पुनरावश्यकद्वये प्रतिदिनं विधीयत एव ।**

**અર્થ :** આ આલોચના કરવાનો કાળ પ્રાયઃ ૧૫ દિવસ, ચાર મહિના વગેરે છે. એમ જિનેશ્વરોએ કહ્યું છે. પ્રાયઃ શબ્દ એટલા માટે કે સાધુ જ્યારે વિશિષ્ટ અપરાધને પામે ત્યારે તો રાહ જોયા વિના ત્યારે જ આલોચના કરી લે. માંદગીમાંથી ઉભો થયેલો સાધુ કે લાંબા વિહારાદિ કરીને આવેલો સાધુ (માંદગી કે વિહાર સંબંધી વિશિષ્ટ અપરાધોની આલોચના માટે) પક્ષ, ચતુર્માસની રાહ ન જુએ. **પ્રશ્ન :** શું બધી આલોચનાનો કાળ પક્ષાદિ છે ? **ઉત્તર :** ના. વિશેષ આલોચનાનો આ કાળ કહ્યો. સામાન્ય આલોચના તો રોજ બે પ્રતિક્રમણમાં કરાય જ છે.

(૭૨) **तओ भणियं नाइलेणं - भद्दमुह सुमई । इत्थं जइऽलंघणिज्जवक्कस्स भगवओ**

**वयणमायरेयव्वं, जं चेत्थ कयाइ न विसंवएज्जा, नो णं बालतवस्सीण चेट्ठिअं, जओ णं जिणिंदवयणेणं नियमओ ताव कुसीले इमे दीसंति, पव्वज्जाए पुण गंधंपि नो दीसइ एएसिं, जेण पिच्छ पिच्छ ताव एयस्स साहुणो बिइज्जियं मुहणंतयं दीसइ.... । वरं सूणो जस्स णं सुहुममवि नियमवयभंगं नो भविज्जा, एसो पुण नियमभंगं करेमाणो केण उवमिज्जा । ता वच्छ सुमई भद्दमुह ! न एरिसकत्तव्वायरणाओ भवंति साहू। एतेहिं च कत्तव्वेहिं तित्थअरवयणं सरेमाणो को एतेसिं वंदणगमवि करिज्जा ।**

— મહાનિશીથસૂત્ર-અધ્યયન-૪

**અર્થ :** પછી નાગિલે કહ્યું કે, "ભદ્રમુખ, સુમતિ ! આ પ્રમાણે અલંઘનીયવાક્યવાળા ભગવાનનું વચન આચરવું જોઈએ. કેમકે જિનવચનમાં ક્યારેય પણ વિસંવાદ ન હોય. પરંતુ બાલતપસ્વીઓની ચેષ્ટાનો આદર ન કરવો. કેમકે જિનેન્દ્રના વચન પ્રમાણે તો આ સાધુઓ અવશ્ય કુશીલ દેખાય છે. આ સાધુઓમાં દીક્ષાની તો ગંધ પણ દેખાતી નથી. કેમકે જો જો આ સાધુની પાસે બીજી મુહપત્તી દેખાય છે....! કસાઈ સારો કે જેને સૂક્ષ્મ પણ નિયમ-વ્રતનો ભંગ નથી થતો. નિયમભંગને કરનારો આ સાધુ તો કોની સાથે સરખાવાય ? તેથી હે વત્સ સુમતિ, ભદ્રમુખ ! આવા કાર્યો આચરવાથી તે સાધુ ન કહેવાય. આવા કાર્યો વડે તો (કાર્યો જોઈને) જિનવચનને યાદ કરનારો ક્યો આત્મા આ સાધુઓને વંદન પણ કરે ?

(૭૩) **१८ रूपकमूल्ये वस्त्रे लघुमासः, २० रूपके चतुर्लघु, १०० रूपके चतुर्गुरु, २५० रूपके षड्लघु, ५०० रूपके षड्गुरु, सहस्त्ररूपके छेदः, दशसहस्त्ररूपके मूलं, पञ्चाशत्सहस्त्ररूपकमूल्ये अनवस्थाप्यं, लक्षरूपकमूल्ये पाराञ्चिकम् ।** – યતિજીતકલ્પ-૧૯૩

**અર્થ :** ૧૮ રૂપિયાવાળા વસ્ત્રમાં લઘુમાસ, ૨૦ રૂપિયાવાળામાં ચતુર્લઘુ, ૧૦૦ રૂપિયાવાળામાં ચતુર્ગુરુ, ૨૫૦ રૂપિયાવાળામાં ષડ્લઘુ, ૫૦૦ રૂપિયાવાળા વસ્ત્રમાં ષડ્ગુરુ, એક હજાર રૂપિયાવાળામાં છેદ, દશ હજારમાં મૂલ, પચાસહજારમાં અનવસ્થાપ્ય, અને લાખ રૂપિયાનું વસ્ત્ર વાપરનાર સંયમીને પારાંચિક પ્રાયશ્ચિત્ત આવે. (ઉપલક્ષણથી તમામ વસ્તુમાં આ સમજી લેવું. અલબત્ત પ્રાચીનકાળના રૂપિયા પ્રમાણેનું આ ગણિત છે.)

(૭૪) **वर्धमानविनेयानां हि रक्तादिवस्त्रानुज्ञाने वक्रजडत्वेन वस्त्ररञ्जनादिषु प्रवृत्तिरतिदुर्वारैव स्यादिति न तेन तदनुज्ञानं, पार्श्वशिष्यास्तु न तथेति रक्तादीनामपि ( धर्मोपकरणत्वं ) तेनानुज्ञातमिति भावः।**

– ઉત્તરાધ્યયન સૂત્ર - અધ્યયન-૨૩, ગાથા-૮૭૭, શાન્ત્યાચાર્ય ટીકા

**અર્થ :** શ્રી વર્ધમાનસ્વામીના શિષ્યોને લાલ વગેરે વસ્ત્રોની રજા આપવામાં આવે તો તેઓ વક્ર અને જડ હોવાથી તેઓ જાતે જ સફેદ વસ્ત્રાદિને લાલ રંગથી રંગવા માંડે. એમને અટકાવવા ભારે પડે. તેથી તેમને લાલાદિવસ્ત્રની રજા નથી. પાર્શ્વનાથ શિષ્યોને આવું નથી. માટે તેઓને લાલ વગેરે વસ્ત્રોની પણ ધર્મોપકરણ તરીકે રજા અપાયેલી છે.

(૭૫) **हे गौतम ! आर्या उचितं श्वेतवस्त्रं विवर्ज्य विविधवर्णानि विविधचित्राणि वा वस्त्राणि सेवते, उपलक्षणत्वात् पात्रदण्डाद्यपि चित्ररूपं सेवते, सा आर्या न व्याहृता न कथिता ।**

– ગચ્છાચારપયન્ના-૧૧૨.

**અર્થ :** હે ગૌતમ ! સાધ્વીજી ઉચિત શ્વેતવસ્ત્રને છોડીને જુદા જુદા વર્ણોવાળા અથવા જુદા જુદા ચિત્રોવાળા વસ્ત્રો વાપરે. પાત્રા, દાંડા પણ જાતજાતના રૂપવાળા વાપરે તો એ સાધ્વીજી સાધ્વીજી ન કહેવાય.

तथा चित्राणि पञ्चवर्णगुल्लादिरचनोपेतानि रजोहरणानि सेवन्ते - धारयन्ति स्वच्छन्दाः श्रमण्यः ।

– ગચ્છાચારપયન્ના-૧૨૧

**અર્થ :** સ્વચ્છંદ સાધ્વીજીઓ લાલ વગેરે પાંચ વર્ણોવાળા ગુલ્લા (ગોળાકાર ડિઝાઈન વગેરે) વગેરેની રચનાવાળા ઓઘાને વાપરે. (અર્થાત્ આવી રચનાવાળા ઓઘા વાપરનારા સાધ્વીજી સ્વચ્છંદ સાધ્વીજી ગણાય.)

(૭૬) **प्रमाणातिरिक्तं वस्त्रं वहत आत्मन एव भारो भवति ।** – બૃહત્કલ્પસૂત્ર-ઉદ્દેશો-૩, ગાથા-૩૯૦૦

**અર્થ :** શાસ્ત્રીયપ્રમાણ કરતા મોટા વસ્ત્રને વહન કરતા સાધુને પોતાને જ ભાર લાગે. (માટે એ ભાર ન થવા દેવા માટે એવા વસ્ત્ર ન વાપરવા.)

(૭૭) **यथाऽस्याभिप्रेतं स्यात्, तथा प्रज्ञापयन् यथाछन्दो भवति । तत्स्वरूपं चेदं ।...किं कक्खडफासाहि उण्णदसिआहि खोमिआ चेव मिउफासा भवन्तु ।** – યતિજીતકલ્પ - ૨૨૧

**અર્થ :** જેમ પોતાને ગમે, એમ પ્રરૂપણા કરતો સાધુ યથાચ્છંદ હોય. (શાસ્ત્રાનુસારે ન બોલે.) તેનું સ્વરૂપ આ છે... (તે સાધુ કેવી ઉત્સૂત્રપ્રરૂપણા કરે ? તે બતાવે છે.) આ કર્કશસ્પર્શવાળી ઉનની દશીઓ વડે શું કામ છે ? કોમળ સ્પર્શવાળી સુતરની દશીઓ જ ઓઘામાં હોવી જોઈએ. (આ ઉત્સૂત્રપ્રરૂપણા છે અર્થાત્ 'સાધુઓએ ઉનની જ દશી ઓઘામાં રાખવાની છે' એ નિશ્ચિત થાય છે.)

**रजोहरणपञ्चकस्य अनन्तरोक्तस्य परिपाटिकया ग्रहणं भवति । उत्परिपाट्या तु ग्रहणे आपद्यते मासिकं लघुकम् । का पुनः परिपाटिः इत्याह - यथाकृतादिभेदात्त्रिविधं यदौर्णिकं, तत्प्रथमतो ग्रहीतव्यम्। यथाकृतादिलाभचर्यः प्राग्वद् द्रष्टव्यः । अथौर्णिकं न प्राप्यते तत औष्ट्रिकादीनामपि चतुर्णां यथाक्रमं ग्रहणं धारणं वा कर्तव्यम् ।** – બૃહત્કલ્પસૂત્ર ઉદ્દેશો-૨, સૂત્ર-૨૫, ગાથા-૩૯૭૬-૭૭

**અર્થ :** હમણાં જ કહી ગયેલા પાંચ પ્રકારના રજોહરણ=ઓઘાનું ક્રમશઃ ગ્રહણ થાય. ક્રમનું ઉલ્લંઘન કરીને ગ્રહણ કરવામાં લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે. 'એ ક્રમ કયો છે ?' તે બતાવે છે કે 'ઉનનો ઓઘો યથાકૃત, અલ્પપરિકર્મ, બહુ પરિકર્મ એમ ત્રણ પ્રકારનો છે. સૌ પ્રથમ ક્રમશઃ આ ત્રણ ગ્રહણ કરવા. (યથાકૃતાદિની ચર્ચા પૂર્વવત્ જાણવી). જો આમાંથી કોઈપણ પ્રકારનો ઉનનો ઓઘો ન મળે તો પછી ઔષ્ટ્રિકાદિ (ઉંટના વાળમાંથી બનેલા) ચાર ઓઘાનું ક્રમશઃ ગ્રહણ અથવા ધારણ કરાય.

(૭૮) **पात्रस्थापनं कम्बलमयं यत्र पात्रकाणि स्थाप्यन्ते ।...गोच्छकः कम्बलखण्डमयः पात्रोपरि देयः ।** – ધર્મસંગ્રહ ગાથા-૯૬

**पात्रस्थापनगोच्छकपात्रप्रतिलेखनीनां च प्रमाणं....अत्र द्वे ( पात्रस्थापन गोच्छके ) ऊर्णामये ।**

– ધર્મસંગ્રહ ગાથા-૯૬

**અર્થ :** પાત્રસ્થાપન કંબલમય (ઉનની કામીના ટુકડારૂપ) હોય કે જેની ઉપર પાત્રા મૂકાય. ગુચ્છો પણ કામળીના ટુકડારૂપ જ છે. જે પાત્રાની ઉપર મૂકાય છે. ....પાત્રસ્થાપન અને ગોચ્છક ઉનના હોય છે.

**रजोहरणपट्टकस्यौर्णिकी निषद्या गुणनया एकत्वसंख्यायुक्ता, प्रमाणेन च हस्तप्रमाणा, तावत्प्रमाणयैव सौत्रिकया प्रच्छादकनिषद्यया सहिता भवति ।** – બૃહત્કલ્પનિર્યુક્તિ-૩૯૮૧

**અર્થ :** રજોહરણના પાટાની ઉનની નિષદ્યા સંખ્યાથી એક, પ્રમાણથી એક હાથની અને એટલા જ

પ્રમાણની અંદરની રજોહરણને ઢાંકનારી સુતરાઉ નિષધાથી યુક્ત હોય છે.

(૭૯) **कृमिसंसक्तोदरः यद्यसौ साधुर्भवेत्, ततो वृक्षछायायां निर्गतायां व्युत्सृजति, अथ छाया न भवति, ततश्च व्युत्सृज्य मुहूर्तमात्रं तिष्ठेद्, येन ते कृमयः स्वयमेव परिणमन्ति ।** – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૧૮૫

**અર્થ :** કરમિયાવાળા પેટવાળો જો સાધુ હોય, તો એ વૃક્ષની નીકળેલી છાયામાં જ સ્થંડિલ બેસે. હવે જો છાયા ન મળે તો સ્થંડિલ ગયા બાદ એક મુહૂર્ત સુધી ત્યાં ઉભો રહે. (પોતાના શરીરનો છાંયડો આપે.) જેથી તે કરમિયાઓ જાતે જ મૃત્યુ પામે.

(૮૧) **मनोहरं चित्तघरं मल्लधूवेण वासिअं । सकवाडं पंडरुल्लोअं, मणसावि न पत्थए । इंदियाणि उ भिक्खुस्स तारिसंमि उवस्सए दुक्कराइं निवारेउं कामरागविवड्ढणे ।** – ઉત્તરાધ્યયન સૂત્ર-અધ્યયન-૩૫, ગાથા-૧૪૪૭-૪૮

**અર્થ :** મનોહર ચિત્રગૃહ હોય, પુષ્પો કે ધુપથી સુગંધિત સ્થાન હોય, બારણાવાળું હોય, સફેદ ચંદરવાવાળું હોય.. આવા સ્થાનને સંયમી મનથી પણ ન ઈચ્છે. કેમકે કામરાગને વધારનાર આવા પ્રકારના ઉપાશ્રયમાં સાધુની ઈન્દ્રિયો ઉન્માર્ગે જતી અટકાવવી દુષ્કર છે.

(૮૨) **जत्थ अज्जालद्धं पडिग्गहमाईवि विविहमुवगरणं । परिभुज्जइ साहूहिं, तं गोयम ! केरिसं गच्छं ।** – ગચ્છાચારપયન્ના ગાથા-૯૦

**અર્થ :** જે ગચ્છમાં સાધ્વીજીઓએ મેળવેલ-લાવેલ પાત્રા, ભોજન, વસ્ત્રાદિ વિવિધ ઉપકરણ સાધુઓ વાપરતા હોય. હે ગૌતમ ! એ વળી ગચ્છ કેવો ?

(૮૩) **गोचरप्रविष्टेन सता स्वाचारं पृष्टेन तद्विदाऽपि न महाजनसमक्षं तत्रैव विस्तरतः कथयितव्य इति । अपि तु आलये, 'गुरवो वा कथयन्ति' इति वक्तव्यम् ।** – દશવૈકાલિક-અધ્યયન-૬, હારિ.ટીકા.

**गोअरग्गपविट्ठो उ, न निसीएज्ज कत्थइ । कहं च न पबंधेज्जा, चिट्ठित्ता ण व संजए ।**

– દશવૈકાલિક-અધ્યયન-૫, ઉદ્દેશો-૨, ગાથા-૮.

**અર્થ :** ગોચરી માટે ગયેલો સાધુ 'કોઈ એને સાધ્વાચાર પુછે' તો પોતે જાણતો હોવા છતાં એ મહાજનની આગળ (પુછનારાની આગળ) ત્યાં જ વિસ્તારથી ન કહે પરંતુ ઉપાશ્રયમાં આવ્યા બાદ કહે અથવા તો તેઓને કહેવું કે,'મારા ગુરુજન તમને આ આચાર કહેશે.'

ગોચરી ગયેલો સંયમી ક્યાંય બેસે નહિ. ઉભો રહીને પણ લાંબી વાતો ન કરે.

(૮૪) **साधुः सञ्ज्ञां व्युत्सृज्यागतः पुनः चतुर्थप्रहरं ज्ञात्वा अवतीर्णं ततः किं करोतीत्यत आह-प्रत्युपेक्षणां करोति, अथासौ चरमपौरुषी नाद्यापि भवति, ततोऽप्राप्तां चरमपौरुषीं मत्वा स्वाध्यायं तावत्करोति, यावच्च चरमपौरुषी प्राप्ता ।...पुनश्च गोच्छको यः पात्रकस्योपरि दीयते, पच्छा पडिलेहणीयं पत्ताबंधो, पडलाइं, रयत्ताणं, पत्तयं चेव ।** – ઓઘનિર્યુક્તિ-૬૩૦

**અર્થ :** સાધુ સ્થંડિલ જઈને પાછો આવે પછી ચોથો પ્રહર શરૂ થયેલો જાણી શું કરે ? તે કહે છે કે પ્રતિલેખન કરે. પરંતુ જો હજી પણ ચોથો પ્રહર શરૂ ન થયો હોય તો પછી ચોથી પોરિસી ન આવેલી જાણી સ્વાધ્યાય ત્યાં સુધી કરે જ્યાં સુધી ચોથી પોરિસી આવી જાય. (આટલું કહ્યા બાદ પ્રતિલેખનની વિધિ બતાવી છે એમાં) પછી પાત્રાની ઉપર જે મૂકાય છે તે ગુચ્છો પ્રતિલેખન કરે. પછી પાત્રાબંધ=ઝોળી, પલ્લા, રજસ્ત્રાણ, પાત્રા પ્રતિલેખન કરે. (અહીં જણાય છે કે ચોથો પ્રહર શરૂ થયા બાદ જ પાત્રાદિનું પ્રતિલેખન કરાય છે.)

(૮૫) भयवं ! केहि लिंगेहिं सूरिं उम्मग्गपट्ठियं वियाणिज्जा छउमत्थे, मुणी तं मे निशामय ।... पीठकं-फलकं आदिशब्दात्पट्टिकादयस्तत्र प्रतिबद्धः, कारणं विनाऽपि ऋतुबद्धकाले तत्परिभोजीत्यर्थस्तं।

– ગચ્છાચારપયન્ના ગાથા-૯-૧૦

**અર્થ :** ભગવન્ ! છદ્મસ્થજીવ કયા ચિહ્નો વડે ઉન્માર્ગગામી આચાર્યને જાણે ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે કે 'તું મને સાંભળ... ફલક, પટ્ટિકાદિ (પાટ-પાટ લાદિ)માં પ્રતિબધ્ધ એટલે કે જે કારણ વિના પણ શેષકાળમાં પાટ-પાટલાદિ વાપરે (તે ઉન્માર્ગગામી આચાર્ય કહેવાય.) (અલબત્ત, આ ઉત્કૃષ્ટ માર્ગ બતાવ્યો છે.)

(૮૬) जात्यादिमदोन्मत्तः पिशाचवद् भवति दुःखितश्चेह । जात्यदिहीनतां परभवे च निःसंशयं लभते । – પ્રશમરતિ-૯૮

**અર્થ :** જાતિ વગેરેના અભિમાનથી ઉન્મત્ત બનેલો આત્મા આ ભવમાં પણ પિશાચની જેમ દુઃખી થાય અને નક્કી પરભવમાં (જે જાતિ શ્રુતાદિનો મદ હોય તે) જાતિ વગેરેની હીનતાને પામે.

(૮૭) शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः । अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ।

– જ્ઞાનસારઃ ૧૮મું અષ્ટક-ગાથા-૬

**અર્થ :** મહામુનિને શુદ્ધ એવા અનંતજ્ઞાનાદિ પર્યાયો તમામ આત્મામાં એક સરખા જ જણાયેલા હોવાથી પોતાનામાં અહંકારનું કારણ ન બને. (અર્થાત્ પોતાના જ્ઞાનાદિનો મદ ન થાય.) અને રૂપ, વાક્છટા વગેરે અશુદ્ધપર્યાયો તો તુચ્છ હોવાથી એનો પણ અહંકાર ન થાય.

(૮૮) पासत्थाइसु अहुणा संजमसिढिलेसु मुक्कजोगेसु । नो गरिहा कायव्वा नेव पसंसा सहामज्झे।

– ગુણાનુરાગકુલક

**અર્થ :** વર્તમાનકાળમાં સંયમશિથિલ, શુભયોગરહિત, પાસત્થાદિઓની સભામાં નિંદા ન કરવી, પ્રશંસા ન કરવી.

(૮૯) जइ ता जणसंववहारवज्जियमकज्जमायरइ अन्नो । जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ । – ઉપદેશમાલા-૭૧

**અર્થ :** કોઈક આત્મા લોકના સમ્યગ્ વ્યવહાર વિનાના એવા અકાર્યને આચરે છે. પણ જે બીજો આત્મા એ લોક વિરુદ્ધ અકાર્ય કરનારને નિંદે છે. તે તો બીજાના દુઃખે દુઃખી થાય છે. (અર્થાત્ નકામો જાતે પરેશાન થાય છે.)

(૯૦) द्रव्यादौ प्रशस्ते तस्य आचार्येणात्मनो वामपार्श्वे स्थापितस्य व्रतारोपणरूपोपस्थापना यथाविधि विधेया । ततो दिग् निबध्यते द्विविधा त्रिविधा वा । तत्र साधोर्द्विविधा - आचार्यस्योपाध्यायस्य च । व्रतिन्यास्त्रिविधा । तद्यथा-आचार्यस्योपाध्यायस्य प्रवर्तिन्याश्च । – યતિજીતકલ્પ-૩૨

**અર્થ :** દ્રવ્ય, ક્ષેત્ર, વગેરે સારા હોય ત્યારે આચાર્યે પોતાની ડાબીબાજુ ઉપર રાખેલા નૂતનદીક્ષિતને મહાવ્રતોની આરોપણારૂપ વડીદીક્ષા આપવી. પછી એને દિગ્બંધન કરી આપવું. એ બે અથવા ત્રણ પ્રકારે છે. તેમાં સાધુને બે પ્રકારનું છે. આચાર્ય અને ઉપાધ્યાય (અર્થાત્ આ બેનું જ દિગ્બંધન હતું. ત્રીજું કોઈ નામ નહિ.) જ્યારે સાધ્વીજીને ત્રણ દિગ્બંધન હોય. આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીનું.

(૯૧) जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा । – આચારાંગસૂત્ર-અધ્યયન-૪

અર્થ : જે આશ્રય=કર્મબંધના સ્થાનો છે તે જ પરિશ્રવ=કર્મક્ષયના કારણો છે. એમ જે પરિશ્રવો છે તે જ આશ્રયસ્થાનો છે.

(૯૨) **विषयशब्दश्रवणादीनि च मोहोदयनिमित्तानि प्रतिबध्यशय्यादौ भवेयुः । अतस्तत्र न स्थातव्यम् ।...भावप्रतिबध्धा ( शय्या ) पुनश्चतुर्विद्या प्रस्रवणप्रतिबध्धा, स्थानप्रतिबध्धा, रूपप्रतिबध्धा, शब्दप्रतिरूपप्रतिबध्धा च.....स्थानं यत्र स्त्रियस्तिष्ठन्ति, तेन प्रतिबद्धा, यत्र वसतिस्थितैः स्त्रीरूपं दृश्यते, सा रूपप्रतिबद्धा । यत्र वसतिस्थितैः स्त्रीणां भाषाभूषणरहस्यशब्दाः श्रूयन्ते सा शब्दप्रतिबध्धा ।**

– યતિજીતકલ્પ-૮૩

અર્થ : ખરાબ શબ્દોનું શ્રવણ વગેરે મોહોદયના નિમિત્ત છે. અને એ પ્રતિબદ્ધશય્યામાં= સંસક્તવસતિમાં હોય છે. માટે પ્રતિબદ્ધશય્યામાં ન રહેવું.... ભાવપ્રતિબદ્ધ શય્યા ચાર પ્રકારે છે. (૧) પ્રશ્રવણપ્રતિબદ્ધા (૨) સ્થાનપ્રતિબધ્ધ (૩) રૂપપ્રતિબધ્ધ (૪) શબ્દપ્રતિબધ્ધ... જે ઉપાશ્રયમાં બહેનો હોય તે સ્થાનપ્રતિબધ્ધ. જે ઉપાશ્રયમાં રહેલા સાધુઓને સ્ત્રીરૂપ દેખાય તે રૂપપ્રતિબધ્ધ. જે વસતિમાં રહેલા સાધુઓને સ્ત્રીઓના ભાષા, ભૂષણ, રહસ્યના શબ્દો સંભળાય તે શબ્દપ્રતિબધ્ધ.

(૯૩) **जे भिक्खू पायस्य एक्कं तुडियं तड्डेइ, तड्डेंतं वा साइज्जइ । जे भिक्खू पायस्स परं तिण्हं तुडियाण तड्डेइ, तड्डेंतं वा साइज्जइ ।** – નિશીથસૂત્ર-ઉદેશ-૧, સૂત્ર ૪૧-૪૨.

અર્થ : જે ભિક્ષુ પાત્રાને એક થીગડું કરે અથવા કરતાને અનુમોદે (તેને પ્રાયશ્ચિત્ત આવે) જે ભિક્ષુ પાત્રાને ત્રણથી વધારે થીંગડા કરે, કરતાને અનુમોદે (તેને પ્રાયશ્ચિત્ત આવે). (અહીં કારણસર પણ ત્રણવાર થીગડાની છૂટ. થીગડા કરવા ન પડે એ માટે પાત્રા ન તૂટે તેની કાળજી કરવી જ પડે.)

(૯૪) **जो नवि दिणे दिणे संकलेइ, के अज्ज अज्जिआ मि गुणा । अगुणेसु य नवि खलिओ, कह सो करिज्ज अप्पहियं ।** – ઉપદેશમાલા-૪૮૦

અર્થ : જે સંયમી રોજેરોજ હિસાબ નથી માંડતો કે "આજે મેં ક્યા ગુણો મેળવ્યા ? ક્યા દોષોમાં સ્ખલના ન પામ્યો ?" તે સંયમી શી રીતે આત્મહિત કરશે ?

(૯૫) **जो पुव्वरत्तावररत्तकाले संपेहए अप्पगमप्पएणं, किं मे कडं किं च मे किच्चसेसं किं सक्कणिज्जं न समायरामि ।** – દશવૈકાલિક ચૂલિકા-૨, ગાથા-૧૨.

અર્થ : જે સંયમી પૂર્વરાત્રિ-અપરરાત્રિમાં સ્વયં આત્માને સમ્યક્ નિહાળે છે કે, "આજે મેં શું કર્યું ? શું કરવાનું બાકી છે ? શું શક્ય છતાં નથી કરતો ?... (આ પ્રમાણે કરનાર સંયમી આત્મહિત પામે.)

(૯૬) **तत्र जघन्यं उपग्रहोपधिं तावदाह....'नखहरणी' यया नखा उद्घ्रियन्ते ।** – બૃહ.નિ.- ૪૦૯૬

અર્થ : સ્થવિરકલ્પિકોની જઘન્ય ઉપધિને બતાવે છે... નખરદનિકા=નીલકટર કે જેના દ્વારા નખોનો ઉધ્ધાર કરાય. (અર્થાત્ વધેલા નખો સમારાય.)

(૯૭) **वासावासविहारे चउरो हवंतउणुग्घाया । आणाइणो य दोसा विराहणा संजमायाए । छक्कायाण विराहण, आवडणं विसमखाणुकंटेसु । वुब्भण अभिहण रुक्खोल्ल सावय तेणे गिलाणे य ।**

– બૃહત્કલ્પસૂત્ર નિર્યુક્તિ-૨૭૪૨

અર્થ : ચોમાસામાં વિહાર કરે એને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. આજ્ઞાભંગાદિ દોષો લાગે. તથા સંયમ+આત્માની વિરાધના આ પ્રમાણે. ષટ્કાય વિરાધના, વિષમસ્થાન + ઠુંઠા + કાંટા વગેરેમાં પડી જવાય,

પાણીમાં તણાઈ જવાય. નદી વિ.ના પ્રતિબંધ નડે. વૃક્ષ ઉપર ચડવું પડે. સર્પાદિનો ભય, ચોરનો ભય, માંદા પડાય, માટે ચોમાસામાં વિહાર ન કરાય.

**वर्षाकाले किल प्रथमवृष्टौ जातायां सत्यां दिनत्रयं यावत्सूक्ष्माङ्कुराः अन्तर्मुहूर्तमात्रकाल-मनन्तकायरूपाः प्रायः सर्वत्र भूतले प्रतिक्षणं प्रादुर्भवन्तो भवन्ति । ते च दुर्लक्ष्यतया परिहर्तुं दुःशकाः, अतस्तदानीं तद्विराधनाभीरवो गृहीतपौषधाः गृहीतसामायिकाश्चोपासकाः दिनत्रयं यावत्तत्परिहाराय यथाशक्ति यतन्ते ।** –શ્રાદ્ધજીતકલ્પ-૯૯

**અર્થ :** વર્ષાકાળમાં પહેલા વરસાદ પડે એટલે અન્તર્મુહૂર્તકાલ અનંતકાયરૂપ રહેનારા એવા સૂક્ષ્મ અંકુરાઓ ત્રણ દિવસ સુધી સર્વત્ર પૃથ્વી ઉપર પ્રત્યેક ક્ષણે ઉત્પન્ન થતા હોય છે. તે દુર્લક્ષ હોવાથી તેનો પરિહાર કરવો શક્ય નથી. માટે એ ત્રણ દિવસ તેની વિરાધનાના ભયવાળા શ્રાવકો તે સૂક્ષ્મ અંકુરાઓની વિરાધના અટકાવવા માટે સામાયિક-પૌષધ લઈને યથાશક્તિ યત્ન કરે છે. (સાધુઓ માટે પણ આજ વિધાન છે.)

(૯૮) **वसतेर्बहिरेव भिक्षामटन् साधू रसगृद्ध्या दुग्धदध्योदनादीनां द्रव्याणामनुकूलद्रव्यैः सह संयोजनं रसविशेषोत्पादनाय यत्करोति, सा बाह्या संयोजना । अभ्यन्तरा पुनर्यद् वसतावागत्य भोजनवेलायां संयोजयति सा च त्रिधा-पात्रे कवले वदने च । ..... रसगृद्ध्या च बाह्यद्रव्याणां संयोजनां कुर्वन् आत्मनो ज्ञानावरणीयादिकर्मपुद्गलसमूहैः सह संयोजनां करोतीति निषिध्धा संयोजना ।.....तस्यां च संयोजनायां क्रियमाणायां चतुर्गुरु प्रायश्चित्तं साधोः स्यात् ।** – યતિજીતકલ્પ-૧૬૫

**અર્થ :** ઉપાશ્રયની બહાર જ ભિક્ષા માટે ફરતો સાધુ રસની આસક્તિથી દૂધ, દહીં વગેરે દ્રવ્યોનું (ખાંડ વગેરે) અનુકૂળ દ્રવ્યો સાથે સંયોજન વિશેષ રસને ઉત્પાદન કરવાને માટે કરે તે બાહ્ય સંયોજના. જ્યારે ઉપાશ્રયમાં આવીને વાપરતી વખતે જે સંયોજના કરે. તે અભ્યન્તર. તે ત્રણ પ્રકારે છે. પાત્રામાં, કોળીયામાં (હાથમાં) અને મુખમાં.... રસગૃદ્ધિથી બાહ્ય દ્રવ્યોની સંયોજનાને કરતો સંયમી આત્માને જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોના સમૂહો સાથે સંયોજિત કરે છે. માટે આ સંયોજના નિષિધ્ધ છે... તે સંયોજના કરનારને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

**यथा काक उच्चित्योच्चित्य विष्ठादेर्मध्याद् वल्लादि भक्षयति, एवमसावपि, अथवा विकिरति काकवदेव सर्वं, तथा काकवदेव कवलं प्रक्षिप्य मुखे दिशो विप्रेक्षते, तथा शृगाल इवान्यत्रान्यत्र प्रदेशे भक्षयति । सुरभि यद् तीमनं ओदनादिना सह मिश्रीभूतं तत्र द्रवं प्रक्षिप्य यो निर्यासः संजातस्तत्पिबनं, यत्तद् द्रवितरसमुच्यते । तथाऽधस्तादुपरि च यद् विपर्यासीकृतं भुङ्क्ते, तदेतत्परामृष्टं । अयमेष भोजनेऽविधिः ।.....यस्तु विधिगृहीतमविधिभुक्तं काकशृगालादिरूपं भक्तं ददाति, योऽपि गृह्णाति । तयोर्द्वयोरपि निर्धारणं क्रियते......।** – ઓઘનિર્યુક્તિ-ભાષ્ય-૨૯૯-૩૦૦.

**અર્થ :** જેમ કાગડો વિષ્ટામાંથી વાલના દાણા વગેરે ચૂંટી-ચૂંટીને ખાય એમ આ સંયમી પણ. (પાત્રામાંથી સારી વસ્તુ ચૂંટી ચૂંટીને ખાય.) અથવા કાગડાની જેમ બધું વેરે. તથા કાગડાની જેમ મોઢામાં કોળીયો નાંખીને આજુબાજુ જુએ તથા શિયાળની જેમ અન્ય અન્ય પ્રદેશમાં ખાય. (અર્થાત્ બધી રોટલી એક સાથે ખાવાને બદલે, એક રોટલી-પછી દાળ-પછી રોટલી-પછી શાક... એમ વાપરે.) ભાત વગેરે સાથે મિશ્ર થયેલ જે તીમનાદિ (વઘારાદિ) સુગંધી દ્રવ્ય હોય તેમાં દ્રવ (દાળાદિ) નાંખીને તેને પીએ તે દ્રવિતરસ કહેવાય. તથા પાત્રામાં રહેલી વસ્તુ ઉંચીનીચી કરીને વાપરે તે પરામૃષ્ટ. આ બધી ભોજન સંબંધી અવિધિ છે. જે સાધુ વિધિથી લાવેલી છતાં આ બધી અવિધિથી વાપરેલી (વધી પડેલી ચોખ્ખી) ગોચરી બીજાને આપે, અને જે એને

ગ્રહણ કરે એ બે બંને ગચ્છમાંથી કાઢી મૂકવા. જો પશ્ચાત્તાપ કરે, તો ફરી આ પાપ ન કરવાની બાંહેધરીપૂર્વક પ્રાયશ્ચિત્ત આપી ગચ્છમાં રાખે.

(૯૯) **दंतसोहणमाइस्स अदत्तस्स विवज्जणं ।** – ઉત્તરાધ્યનસૂત્ર-મૃગાપુત્રીયાધ્યયન

**અર્થ :** દાંતને સાફ કરવાની સળી માત્ર પણ આપ્યા વિનાની સંયમી ન લે.

**दुक्करं खलु भो णिच्चं अणगारस्स भिक्खुणो । सव्वंपि से जाइयं होइ, नत्थि किंचि अजाइयं ।**

**અર્થ :** અણગાર સાધુને આ આચાર અત્યંત દુષ્કર છે કે તેની પાસે તમામ વસ્તુ માંગીને લાવેલી જ હોય. માંગ્યા વિનાની ન હોય.

(૧૦૦) **जागरह ! नरा निच्चं, जागरमाणस्स वड्ढते बुध्धी । जो सुवति ण सो धण्णो, जो जग्गति सो साया धण्णो । सीयंति सुवंताणं अत्था पुरिसाण लोगसारत्था । तम्हा जागरमाणा विधुणह पोराणयं कम्मं ।** – બૃહત્કલ્પ ભાષ્ય - ૩૩૮૧-૮૨

**અર્થ :** હે માણસો ! તમે કાયમ જાગતા રહો. જાગનારાની બુદ્ધિ વધે. જે ઉંઘે છે તે ધન્ય નથી. જે સદા જાગે છે તે ધન્ય છે. ઉંઘનારા પુરુષના લોકમાં સારભૂત વિદ્યાદિ અર્થો સીદાય છે. તેથી જાગતા રહીને જુના કર્મોને ખતમ કરો.

(૧૦૧) **गुरोरभ्युत्थानार्हस्याचार्यस्य प्राघुर्णकस्य वाऽभ्युत्थानं, तमाश्रित्यासनत्यजनं, गुर्वभ्युत्थानं । ततोऽन्यत्र । गुरूणामभ्युत्थानार्हत्वादवश्यं भुञ्जानेनाऽप्युत्थानं कर्तव्यमिति न ( एकाशन ) प्रत्यारव्यानभङ्गः ।** – પ્રવચનસારોદ્ધાર ગાથા-૨૦૩ની ટીકા

**અર્થ :** અભ્યુત્થાનને યોગ્ય ગુરુ કે મહેમાન આવે તો ઉભા થવું, અર્થાત્ તેમને જોઈને આસન છોડી દેવું એ ગુરુ-અભ્યુત્થાન (તે વિના=તેની છૂટ) ગુરુ અભ્યુત્થાનને માટે યોગ્ય હોવાથી એકાસણું કરતા, વાપરતા સાધુએ પણ અવશ્ય ઉભા થવું જ. ત્યાં એકાસણાનો ભંગ ન થાય.

(૧૦૨) **जउ सगच्छि परगच्छे संविग्गा बहुस्सुआ मुणिणो । तेसिं गुणाणुरागं मा मुंचसु मच्छरप्पहओ ।** – ગુણાનુરાગ કુલક.

**અર્થ :** સ્વગચ્છ કે પારકાગચ્છમાં જે સંવિગ્ન, બહુશ્રુત મુનિઓ છે. તેઓના ગુણો પ્રત્યેના અનુરાગને માત્ર ઇર્ષ્યાના કારણે ત્યાગી દેવાનું કામ તું ન કર.

(૧૦૩) **सूती पिप्पलओ नहच्छेयणं कण्णसोहणं उवगहितोवगरणं । एते य एक्केका गुरुस्स भवंति, सेसा तेहिं चेव कज्जं करेंति । महल्लगच्छं व समासज्ज अणायसा = अलोहमया वंससिंगमयी वा सेससाहूणं एक्केका भवति ।** – નિશીથસૂત્ર-ઉદ્દેશો-૧, સૂત્ર-૧૪, ભાષ્ય-૬૬૨-૬૬૩

**અર્થ :** સોંય, કાતર, નીલકટર, કર્ણશોધિકા આ ઔપગ્રાહિક ઉપકરણ છે. આ ચારેય (એક-એક જ) ગુરુની પાસે હોય. બાકીના સાધુઓ એના વડે જ કામ ચલાવે. અથવા તો જો મોટો ગચ્છ હોય તો બાકીના સાધુઓ પાસે લોખંડની નહિ પરંતુ વાંસાદિની સોંય વગેરે એક-એક હોય.

(૧૦૪) **( साग्निवसती ) तयोः करणे पुनः ( सूत्रपौरूष्यर्थपौरूष्योः करणे ) अग्निविराधना ।**

– યતિજીતકલ્પ-૫૦

**અર્થ :** અગ્નિ=ઉજઈવાળા ઉપાશ્રય=સ્થાનમાં સૂત્રપોરિષી અર્થ પોરિષી કરવામાં અગ્નિની વિરાધના થાય. (ઉજઈમાં એકપણ અક્ષર બોલીએ તો અગ્નિવિરાધના થાય.)

(૧૦૫) **माया पिया च भाया, भज्जा पुत्ता सुही य नियगा य । इह चेव बहुविहाइं कांति भयवेमणस्साइं ।** – ઉપદેશમાળા -૧૪૪

**અર્થ :** માતા-પિતા-ભાઈ-ભાર્યા-પુત્ર-મિત્રો અને બીજા સગાસ્નેહીઓ અહીં જ બહુવિધ ત્રાસ અને વિરોધ-અંટસ ઉભા કરે છે.

(૧૦૬) **प्रतिक्रमणे च समापिते तिस्रः स्तुतयः स्वरेण छन्दसा च प्रवर्धमाना दातव्याः ।**

– બૃહત્કલ્પનિર્યુક્તિ-૪૪૯૬

**અર્થ :** પ્રતિક્રમણ પૂર્ણ થાય એટલે **નમોઽસ્તુ** વગેરે ત્રણ સ્તુતિઓ સ્વર=અવાજ અને છંદથી વર્ધમાન (છતી) બોલવી.

(૧૦૭) **एवं प्रवर्धमानाः स्तुतीः पठन्ति मङ्गलार्थमिति, ततः कालस्य प्रत्युपेक्षणार्थं निर्गच्छति ।**

– ઓઘનિર્યુક્તિ-૬૩૮

**અર્થ :** આ પ્રમાણે વધતી સ્તુતિઓને (નમોઽસ્તુને) બોલે. તે મંગલ માટે બોલે. ત્યારબાદ કાલના પ્રતિલેખન માટે નીકળે. (અહીં 'નમોઽસ્તુ" સુધીનું જ પ્રતિક્રમણ બતાવેલ છે. આનાથી પ્રાચીનવિધિ જણાઈ આવે છે.)

(૧૦૮) **तम्हा णिच्चसतीए बहुमाणेणं च अहिगयगुणम्मि पडिवक्खदुगंछाए, परिणइआलोयणेणं च । तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य । उत्तरगुणसध्धाए य एत्थ सया होइ जइयव्वं । एवमसंतो वि इमो जायइ जाओ वि ण पडइ कयाई । ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ।** – પંચાશક-૧, ગાથા-૩૬-૩૭-૩૮

**અર્થ :** તેથી (૧) લીધેલા વ્રતો-નિયમોને રોજ યાદ કરવા (૨) સ્વીકારેલાગુણ=નિયમ, સમ્યક્ત્વાદિમાં બહુમાન કરવું (૩) પ્રતિપક્ષ=દોષો પ્રત્યે દુગંછા કરવી (૪) દોષો-ગુણોના વિપાકનો વિચાર કરવો. (૫) તીર્થંકરભક્તિ અને (૬) સુસાધુસેવા કરવી. (૭) ઉત્તરગુણોમાં શ્રદ્ધા કરવી. આ રીતે લીધેલા વ્રતમાં યત્ન કરવો. આમ કરવાથી અવિદ્યમાન એવો પણ ગુણસ્થાનપરિણામ પ્રગટ થાય અને પ્રગટ થયેલો હોય તો પતન ન પામે. તેથી બુધ્ધિમાને આ છ વસ્તુમાં અપ્રમાદ કરવો. (અહીં રોજ વ્રતોનું સ્મરણ કરવાની વાત છે.)

(૧૦૯) **जे भिक्खू अयपायाणि वा तंबपायाणि वा...वइरपायाणि वा करेइ । करेंतं वा सातिज्जति।...इमे आयसंजमविराधना दोसा । पमाणातिरित्ते भारो भवति, अधवा भारभया न विहरति ।....**

– નિશીથસૂત્ર ઉદેશો-૧૧, સૂત્ર-૬૫૯

**અર્થ :** જે ભિક્ષુ લોખંડના પાત્રો, તાંબાના પાત્રો... વજના પાત્રો કરે, કે કરનારાને અનુમોદે... (તે પ્રાયશ્ચિત્તને પામે) આ આત્મ-સંયમવિરાધના-દોષો છે. આ વધારે પાત્રાઓ રાખે એટલે ભાર લાગે. અથવા તો ભાર લાગવાના ભયથી વિહાર ન કરે. (અલબત્ત આમાં ધાતુના પાત્રાનો ઉલ્લેખ છે. પણ ઉપલક્ષણથી ધાતુની કોઈપણ વસ્તુ વાપરવાનો નિષેધ સમજાય છે. માટે જ યોગોદ્વહનમાં ધાતુની વસ્તુઓ વપરાતી નથી.)

(૧૧૦) **अवष्टम्भः स्तम्भादौ न कर्तव्यः, यतः प्रत्युपेक्षितेऽपि तत्र पश्चादपि अनवरतं त्रसाः प्राणा भवन्ति । ततश्च तत्र प्रत्युपेक्षणा न शुद्ध्यति ।** – ઓઘનિર્યુક્તિ-૩૨૩.

**અર્થ :** થાંભલા વિગેરે ઉપર ટેકો ન દેવો. કેમકે પ્રતિલેખન કરાયેલા એવા પણ થાંભલાદિ ઉપર પછી પણ સતત ત્રસ જીવો હોય છે. તેથી ત્યાં પ્રત્યુપેક્ષણા શુદ્ધ થતી નથી.

(૧૧૧) एषा सपरिकर्मा वसतिः मूलगुणैरुत्तरगुणैश्च । एषा नियमेनाविशोधिकोटिरन्येऽपि चोत्तरगुणा वसतेर्विद्यन्ते । तैः कृता विशोधिकोटिः । केऽतेऽन्ये उत्तरगुणाः ? इत्यत आह ...धूपिता-अगुरुप्रभृतिभिः, वासिता-पटवास कुसुमादिभिः । उद्योतिता-अन्धकारे अग्निकायेन कृतोद्योता ।

– યતિજીતકલ્પ - ૧૬૭-૧૭૭.

**अर्थ :** આ સપરિકર્મ વસતિ બે રીતે થાય. મૂલગુણોથી સપરિકર્મ અને ઉત્તરગુણોથી... આ વસતિ નિયમથી અવિશોધકોટિ છે. બીજા પણ ઉત્તરગુણો વસતિના છે. તેના વડે કરાયેલ વસતિ (તે દોષવાળી વસતિ) વિશોધિકોટિ ગણાય. તે કયા ઉત્તરગુણો (દોષો) છે ? તે કહે છે... અગુરૂ વિગેરે ધૂપ વડે ધૂપિત કરાયેલ, સુગંધી દ્રવ્ય-પુષ્પાદિ વડે સુગંધિત કરાયેલ, અંધકારમાં અગ્નિકાય વડે પ્રકાશિત કરાયેલ... (આ બધી વસતિઓ ઉત્તરગુણો વડે અશુદ્ધ છે. આમાં ઉતરવું ન કલ્પે. આ દોષો દૂર થાય પછી રહેવું કલ્પે કેમકે વિશોધિકોટિ છે.)

(૧૧૨) **इह प्रथमे भङ्गे या ( प्राभृतिका = बहुकरिकया प्रमार्जनम्, उदकेन च्छटकप्रदानम्,.... ) मासस्यान्ते क्रियते, इति कृत्वा च्छिन्नकालिका, तत्राप्यपराह्न एव विधीयमानत्वाद् नियता, अमुकपुरुषकर्तृकत्वेन च निर्दिष्टा । तस्यां कृतायां प्रथमतः प्रविष्टास्ततो मासकल्पं कृत्वा यदि व्रजन्ति । कथं ? इत्याह - तस्याः प्राभृतिकाकरणवेलाया अर्वाग् निर्गच्छतां सा प्राभृतिका निर्व्याघाता मन्तव्या, सूत्रार्थव्याघाताभावात्, कल्पते तस्यां वस्तुमिति भावः । शेषा द्वितीयादयो भङ्गाः क्वापि कथञ्चित्सव्याघाता इति कृत्वा तेषु न कल्पते ।** – બૃહત્કલ્પસૂત્ર-ઉદ્દેશો-૧ માસકલ્પપ્રકૃત-સૂત્ર-૧ ગાથા-૧૬૮૭

**अर्थ :** ઝાડુ વડે કચરો કાઢવો, પાણી છાંટવું આ પ્રાભૃતિકા કહેવાય. એમાં પહેલા ભાંગામાં જે પ્રાભૃતિકા માસને અંતે કરાતી હોવાથી છિન્નકાલિકા છે. તેમાં પણ સાંજે જ કરાતી હોવાથી **નિયત** છે. અને અમુક જ પુરુષ આ કરતો હોવાથી નિર્દિષ્ટ છે. તે પ્રાભૃતિકા કરાયે છતે પ્રથમ પ્રવેશેલા અને પછી માસકલ્પને કરીને પ્રાભૃતિકાકરણના કાળ પહેલા જ નીકળી જનારાઓને તે પ્રાભૃતિકા "નિર્વ્યાઘાત" જાણવી. કેમકે સૂત્રાર્થનો વ્યાઘાત થતો નથી. આવી વસતિમાં રહેવું કલ્પે. બાકીના જે ભાંગાઓ છે તે ક્યાંય પણ કોઈપણ રીતે સૂત્રાર્થના વ્યાઘાતવાળા હોવાથી તેમાં રહેવું ન કલ્પે. (આનો સ્પષ્ટાર્થ આ પ્રમાણે - ધારો કે એક ઉપાશ્રયમાં દર મહિનાની પહેલી તારીખે જ કચરા-પોતા થાય છે તો એ **છિન્નકાલિકા** કહેવાય. પણ મહિનામાં વધારેવાર, ગમે તે તારીખે કચરા-પોતા થાય તો એ અછિન્નકાલિકા ગણાય. તથા ત્યાં પહેલી તારીખે પણ સાંજે જ કચરાપોતા થાય છે. પણ સવાર-બપોર નહિ. તો એ **નિયત** કહેવાય. જો સવાર-બપોર ગમે ત્યારે થતા હોય તો એ **અનિયત** કહેવાય. તથા એ કચરા-પોતા અમુક ચોક્કસ વ્યક્તિ જ કરે છે. તો એ નિર્દિષ્ટા કહેવાય. અનિશ્ચિત વ્યક્તિ કરે તો એ અનિર્દિષ્ટ કહેવાય. એમાં પ્રથમ ભાંગો એટલે છિન્નકાલિકા, અનિયતા, નિર્દિષ્ટા પ્રાભૃતિકા આવે. આમાં પહેલી તારીખે સાંજે કચરા પોતા થયા અને એ પછી સાધુઓ પ્રવેશ્યા. અને બીજા મહીનાની પહેલી તારીખે સવારે/બપોરે નીકળી ગયા. આમ માસકલ્પ થઈ ગયો. એ દરમ્યાન ઉપાશ્રયમાં કચરા-પોતા ન થયા. જો થાય તો સૂત્રાર્થનો વ્યાઘાત થાય. સ્વાધ્યાય બગડે. કેમકે ઉપધિ ઉંચકવી, પોતાદિ થાય ત્યારે રાહ જોવી વિગેરે કરવું પડે... વધુ વિસ્તારથી જાણવું હોય તો ગીતાર્થ ગુરુ ભગવંતને પૃચ્છા કરવી. બાકીના બધા ભાંગાઓમાં ઓછા વત્તા અંશમાં સૂત્રાર્થવ્યાઘાત થતો હોવાથી ઉત્સર્ગમાર્ગે એ ભાંગાઓ વાળી વસતિ ન કલ્પે.)

(૧૧૩) **नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सचित्तकम्मे उवस्सए वत्थए ...निर्दोषे वा सदोषे**

**वा सचित्रकर्मणि प्रतिश्रये तिष्ठतामाज्ञादयो दोषा: ।...तरुगिरि नदी समुद्दो, भवणा वल्ली लयावियाणा च। निद्दोस चित्तकम्मं पुन्नकलस सोत्थियाई य ।...** – બૃહત્કલ્પસૂત્ર-ઉદ્દેશો-૧-સૂત્ર-૨૦ ગાથા-૨૪૨૮-૨૯

**અર્થ :** સાધુ કે સાધ્વીઓને ચિત્રકર્મવાળા ઉપાશ્રયમાં રહેવું ન કલ્પે... નિર્દોષચિત્રવાળા કે દોષિતચિત્રવાળા ઉપાશ્રયમાં રહેતા સાધુઓને/સાધ્વીઓને આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના દોષો લાગે. વૃક્ષ, પર્વત, નદી, સમુદ્ર, ભવન, વલ્લી, લતાવિતાન, પુર્ણકલશ, સ્વસ્તિક આ બધા ચિત્રકર્મો નિર્દોષ ચિત્રકર્મ કહેવાય. (છતાં એવા ચિત્રવાળા ઉપાશ્રયમાં રહેનારને આજ્ઞાભંગાદિ દોષો બતાવ્યા છે. "આમાં ભગવાનનો ફોટો..." એવું ક્યાં લખ્યું છે ? ..... એમ કોઈને પ્રશ્ન થાય. પણ આની વિસ્તૃત ટીકા વાંચવાથી બધો ખ્યાલ આવી જશે.)

(૧૧૪) **एक: और्णिक: कल्पौ द्वौ वा सौत्रिको प्रत्येकं ग्रहीतव्यौ । अथ त्रीनपि कल्पान् सौत्रिकान् और्णिकान् वा गृह्णाति, ततो मासलघु । प्रावृण्वन्नपि यद्येकमौर्णिकं प्रावृणोति तत: एवमेव मासलघु । 'अन्तर्वा' शरीरानन्तरितं 'मध्ये वा' सौत्रिकयोर्मध्यभागे यद्यौर्णिकं प्रावृणोति तदाऽपि मासलघु । इदमेव भावयति - अभ्यन्तरपरिभोग्यं - सौत्रिकं कल्पं बहि: कुर्वन् = प्रावृण्वन्, बहि:परिभोग्यं वा - और्णिकमभ्यन्तरं कुर्वन् परिभोगव्यत्यासं करोति, तत्र चापद्यते मासिकं लघुकम् । यत: एवमत: सौत्रिकं कल्पमन्त: प्रावृणुयात्, और्णिकं तु बहि: । एष विधिपरिभोग उच्यते ।** – બૃહત્કલ્પભાષ્ય-૩૯૯૫-૯૬

**અર્થ :** એક ઉનનો, બે સુતરાઉ એમ ત્રણ કપડા લેવા. જો ત્રણેય કપડા સુતરાઉ કે ઔર્ણિક જ લે તો માસલઘુ. પહેરતા પણ જો એક માત્ર ઔર્ણિક પહેરે તો માસલઘુ. શરીર સાથે સાક્ષાત્ અથવા બે સુતરાઉની વચ્ચે ઔર્ણિક પહેરે તો પણ માસલઘુ. આ જ વાત કરે છે. અંદર વાપરવાનું સૌત્રિક વસ્ત્ર બહાર વાપરતા અથવા બહાર વાપરવાનું ઔર્ણિક વસ્ત્ર અંદર વાપરતા પરિભોગવિધિનો ભંગ થાય છે. તેમાં લઘુમાસ આવે. માટે સૌત્રિક કપડો અંદર ઓઢવો. ઉનનો કપડો બહાર. આ વિધિપરિભોગ કહેવાય છે.

(૧૧૫) **अत्थि णं भंते ! सया समियं सुहुमे सिणेहकाये पवडइ ? हंता अत्थि । से भंते ! किं उड्ढे पवडइ ?.... उड्ढे वि, अहे वि, तिरिए वि पवडइ ।** – ભગવતીસૂત્ર-૫૭

**सपरिमाणं न बादराप्कायवदपरिमितमपि, अथवा सदा = सर्वर्तुषु, समितमिति = रात्रौ दिवसस्य च पूर्वापरयो: प्रहरयो: । तत्रापि कालस्य स्निग्धेतरभावमपेक्ष्य बहुत्वमल्पत्वं चावसेयमिति । ( नवांगीटीकाकारनी टीका )**

**અર્થ :** હે ભંતે ! સદા સૂક્ષ્મ સ્નેહકાય પડે છે ? **ઉત્તર :** હા. **પ્રશ્ન :** તે ઉપર પડે છે ?... **ઉત્તર :** ઉપર પણ પડે છે. નીચે પણ પડે છે. તીર્છો પણ પડે છે...

**ટીકાર્થ :** સપરિમાણ, નહિ કે બાદર અપ્કાયની જેમ અપરિમિત પણ. **અથવા** સદા = સર્વ ઋતુઓમાં સમિત = આખી રાત અને દિવસના પહેલા છેલ્લા પ્રહરમાં (આ સૂક્ષ્મ સ્નેહકાય પડે.) તેમાં પણ કાળની સ્નિગ્ધતા-રુક્ષતાને આશ્રયીને સૂક્ષ્મકાયની બહુતા-અલ્પતા જાણવી.

**पढमचरिमाउ सिसिरे, गिम्हे अध्धं तु तासि वज्जेत्ता । पायं ठवे, सिणेहाइरक्खणट्ठया पवेसे वा। लेपितपात्रं बहिर्न निवेशयेत्, स्नेहादिरक्षणार्थायेति । सूक्ष्म: स्नेहकाय इति, अप्कायविशेष इत्यर्थ: ।**

– ભગવતીસૂત્ર-૫૭ની ટીકા.

**અર્થ :** શિયાળામાં પહેલો છેલ્લો પ્રહર છોડીને અને ઉનાળામાં પહેલો અડધો અને છેલ્લો અડધો પ્રહર

છોડીને પાત્રાનું સ્થાપન કરે. સ્નેહાદિના રક્ષણને માટે પ્રવેશ કરાવે. (પાત્રુ અંદર લઈ લે.) .... લેપિત માત્રને બહાર ન મૂકે. કેમકે સ્નેહાદિનું રક્ષણ કરવાનું છે. સૂક્ષ્મ સ્નેહકાય એટલે વિશેષ પ્રકારનો અપ્કાય છે.

(૧૧૬) **अवि नाम चक्कवट्टी चइज्ज सव्वंपि चक्कवट्टीसुहं । न य ओसन्नविहारी दुहिओ ओसन्नयं चयइ ।** – ઉપદેશમાલા-૨૫૫.

**અર્થ :** ચક્રવર્તી ચક્રવર્તીના તમામ સુખોને છોડી દે. પણ શિથિલાચારી, દુઃખી આત્મા શિથિલતાને ન છોડે.

(૧૧૭) **આપ હીનતા જે મુનિ ભાખે, માન-સાંકડે લોકે જી. તે દુર્ધરવ્રત તેહનું ભાખ્યું જે નવિ ફુલે ફોકે જી.** – સવાસો ગાથાનું સ્તવન ઢાળ-૭.

**અર્થ :** આ લોકમાં જે મુનિ માનને સાંકડુ-અલ્પ કરી પોતાની હીનતાને વર્ણવે તે તેનું દુર્ધરવ્રત ભાખ્યું છે. જે ફોગટ ફુલાતો નથી. તે તેનું દૂર્ધરવ્રત છે. (આ સંવિગ્નપાક્ષિકો મુનિગુણરાગથી ભરેલા હોય છે.)

(૧૧૮) **દુરારાધ્ય મન તે સાધ્યું. તે આગમથી મતિ જાણું. આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું.** – આનંદઘન ચોવીશી-કુંથુજિનસ્તવન

**અર્થ :** "પ્રભુ ! તેં દુઃખેથી વશમાં લવાય તેવું આ મન વશમાં આણ્યું છે." એ વાત મેં આગમમાંથી જાણી છે. પણ પ્રભુ ! એ વાત હું તો જ સાચી માનું જો આપ મારું મન વશમાં આણી આપો.

**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.** – આનંદઘન ચોવીશી-અજિતજિન સ્તવન.

**અર્થ :** જો આગમ પ્રમાણે મોક્ષમાર્ગરૂપ વસ્તુની વિચારણા કરીએ તો એ માર્ગ ઉપર પગ મૂકવાની પણ મારી શક્તિ નથી.

(૧૧૯) **विधिकथनं विधिरागो विधिमार्ग स्थापनं विधीच्छूनां । अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः, प्रसिध्धा नः ।** – અધ્યાત્મસાર-અનુભવાધિકાર

**અર્થ :** (૧) વિધિકથન (૨) વિધિરાગ (૩) વિધિની ઈચ્છાવાળાને વિધિમાર્ગમાં સ્થાપવા. (૪) અવિધિનો નિષેધ કરવો. આ ચાર પ્રકારની અમારી પ્રવચનભક્તિ પ્રસિદ્ધ છે.

**परिशिष्टं संपूर्णम्**

•

# वन्दे वीरं

ટીન એજરોમાં વધતી જતી
ગુનાખોરીને ડામવાનો સમાજ માટે
એક માત્ર વિકલ્પ

# બે તપોવનોમાં પ્રવેશ

## તપોવનની વિશિષ્ટતા

* ધોરણ પાંચથી બારનું શૈક્ષણિક સંકુલ
* S.S.C. અને H.S.C. બોર્ડમાં TOP-TEN માં નંબર
* સ્કેટીંગ - કરાટે - યોગાસન - વક્તૃત્વ - અભિનય નૃત્ય સંગીત વગેરે અનેક શક્તિઓનો સર્વાંગીણ વિકાસ
* ૫૦ કમ્પ્યુટરો યુક્ત કમ્પ્યુટર સેંટરની અદ્યતન લેબ.
* ગુજરાતી માધ્યમના અંગ્રેજીમાં અસ્ખલિત બોલે તેવી તૈયારી માટે સ્પેશ્યલ અંગ્રેજીના સ્પોકન ક્લાસ.

## તપોવનની બાળક

* મમ્મી-પપ્પાથી દૂર ગુરુકુળમાં રહીને અભ્યાસ કરતો હોવાથી જાતે નિર્ણયો લેતો નૈતિક હિંમતવાળો બને છે.
* ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે મજબૂત બને છે.
* મમ્મી-પપ્પાની સેવા કરનારો, વડીલોનો વિનયી બનશે.

સંપર્ક સૂત્ર

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર પો. સુઘડ જિ. ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૪૬૯૦૧-૨-૩

**નવસારી તપોવન સંપર્ક**

મો.: ૯૮૨૪૧૭૫૫૫૮ (ધરણેન્દ્રભાઈ)
મો.: ૯૮૨૫૧૧૮૩૪૫ (રમેશભાઈ ચાવાલા)

**સાબરમતી તપોવન સંપર્ક**

મો.: ૯૪૨૬૫૦૫૮૮૨ (રાજુભાઈ)
મો.: ૯૪૨૬૦૬૦૦૯૩ (લલિતભાઈ)

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના

સોપાન સર કરવાના લક્ષને વરેલા

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભકત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શકિતમાન બનવા સાથે ગુણવાન બને છે.**

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

## દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !

આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

**અમારા યુવાનો તથા તપોવની**

**બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.**

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.

(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.

(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.

(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૩૨૭૬૨૭૩

## સમર્પણ

ઓ દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર દેવ ! આ અલબેલુ, અણમોલ, અવર્ણનીય, જિનશાસન મને આપીને તેં જે સીમાતીત ઉપકાર મારા ઉપર કર્યો છે, એ ઉપકારના સ્મરણ માત્રથી એક આંખમાંથી ટપકી પડતા હર્ષાશ્રુ તારા ચરણે ધરું છું. તો આવું જિનશાસન અને તારા જેવો નાથ પામ્યા છતાં હું પ્રમાદને વશ થઈ તારી આજ્ઞાઓ ન પાળી શક્યો, અતિચારોથી ખરડાયેલું આ સંયમજીવન જીવ્યો, એ બદલ પશ્ચાત્તાપના અશ્રુ તારા ચરણે ધરું છું. ઓ કૃપાવંત ! આ બે અશ્રુઓ રૂપી જલ દ્વારા આપના ચરણોનું જ નહિ, મારા પાપમલનું પણ પ્રક્ષાલન થાય અને તેં ભાખેલા શ્રમણજીવનને મારા રોમેરોમમાં સમાવી દેનારો બનું એવી અનરાધાર કૃપાવૃષ્ટિ વરસાવજે.

હે ત્રિશલાનંદન ! હે જગદ્‌ગુરુ ! હે વિશ્વકલ્યાણકર ! હે પતિતપાવન ! હે શાસનસંસ્થાપક ! હે પરમકરુણાધારક !

**શ્રમણ ભગવાન મહાવીર દેવ !**

તેં ભાખેલો સર્વવિરતિધર્મ રૂપ સર્વોત્તમમોક્ષમાર્ગ મારામાં અને અનેક સંયમીઓના અણુ-અણુમાં સમાઈ જાય એ એકમાત્ર ભાવનાથી લખાયેલ આ પુસ્તક તારા કરકમલમાં સાદર-સબહુમાન-સસ્નેહ સમર્પિત કરું છું.

- પં. ચન્દ્રશેખરવિજયજી

